॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## નમૂનારૂપ ઉકેલપત્રો


| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ઉકેલપત્ર - ૧ | પાના નં. | ૧ | થી | ૨૯ |
| | ઉકેલપત્ર - ૨ | પાના નં. | ૩૦ | થી | ૭૭ |
| (૨) | ઉકેલપત્ર - ૧ | પાના નં. | ૭૮ | થી | ૧૦૬ |
| | ઉકેલપત્ર - ૨ | પાના નં. | ૧૦૭ | થી | ૧૪૭ |
| (૩) | ઉકેલપત્ર - ૧ | પાના નં. | ૧૪૮ | થી | ૧૭૫ |
| | ઉકેલપત્ર - ૨ | પાના નં. | ૧૭૬ | થી | ૨૧૬ |
| (૪) | ઉકેલપત્ર - ૧ | પાના નં. | ૨૧૭ | થી | ૨૫૦ |
| | ઉકેલપત્ર - ૨ | પાના નં. | ૨૫૧ | થી | ૨૭૪ |
| (૫) | ઉકેલપત્ર - ૧ | પાના નં. | ૨૭૫ | થી | ૩૧૨ |
| | ઉકેલપત્ર - ૨ | પાના નં. | ૩૧૩ | થી | ૩૩૯ |

# પ્રસ્તાવના

- ➡ સત્સંગ શિક્ષણ પરીક્ષા પ્રાજ્ઞ-દ્વિતીય ખંડમાં સામાન્યતઃ પુછાતા પ્રશ્નોને આધારે અભ્યાસક્રમનાં મૂળ પુસ્તકોમાંથી કેટલાક પ્રશ્નોના ઉત્તરો આ પુસ્તકમાં પ્રશ્નપત્રના રૂપમાં જ આપેલા છે.
- ➡ આ પુસ્તકમાં પ્રાજ્ઞ-દ્વિતીય ખંડના પ્રશ્નપત્ર-૧ અને પ્રશ્નપત્ર-૨ના કુલ ૧૦ ઉકેલપત્રોનો સમાવેશ કરેલ છે.
- ➡ સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પુછાતા પ્રશ્નના ગુણ પ્રમાણે ઉત્તરનું લખાણ કેવું, કેટલું અને કેવી શૈલીથી કરવું તેની રીત અત્રે આપેલી છે.
- ➡ સાંપ્રદાયિક જ્ઞાનની દૃઢતા માટે તથા પરીક્ષામાં પૂર્ણ સફળતા પ્રાપ્ત કરવા માટે અભ્યાસક્રમનાં જીવનચરિત્રો તથા પુસ્તકોનો યથાર્થ અભ્યાસ કરવો અનિવાર્ય છે.
- ➡ આ ઉકેલપત્રોને અનુસરવાથી પરીક્ષામાં પ્રશ્નના ઉત્તર લખવામાં ઘણી સરળતા રહેશે.

આશા રાખીએ કે પ્રાજ્ઞ દ્વિતીય ખંડના તમામ પરીક્ષાર્થીઓ માટે આ પુસ્તક માર્ગદર્શકરૂપ બની રહે.

- સંપાદકીય



# પુસ્તકની રૂપરેખા

**પ્રશ્નપત્ર-૧**

પ્રશ્ન-૧ (અ)માં કોર્સના વચનામૃતના આધારે પુછાતા સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર કેવી રીતે નોંધ લખવી. તેના નિદર્શન માટે કુલ - ૨૫ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ આપેલી છે.

પ્રશ્ન-૧ (બ)માં પુછાતા વચનામૃતનાં અવતરણો અત્રે જુદાં આપેલાં છે. આ અવતરણોને તેના વચનામૃત ક્રમાંક સાથે કંઠસ્થ કરવા. અત્રે આપેલાં ૩૪ અવતરણોમાંથી કોઈ પણ પાંચ પુછાશે.

પ્રશ્ન-૧ (ક)માં કંઠસ્થ કરેલાં અવતરણો અને અભ્યાસક્રમના વચનામૃતને આધારે આપેલ વિષયમાંથી કોઈ એક વિષય પર વચનામૃતના ક્રમાંક સાથે બે અવતરણો લખવાનાં રહેશે. પરીક્ષામાં મહદ્અંશે પુછાતા વિષયોના ઉત્તર તેના અવતરણ નંબર દ્વારા અત્રે દર્શાવેલા છે.

પ્રશ્ન-૨ (અ, બ, ક)માં અભ્યાસક્રમમાં આવતી 'સ્વામીની વાતો'ને આધારે આપેલ પ્રશ્નના એક વાક્યમાં જવાબ, ખાલી જગ્યા અને વિસ્તૃત નોંધનો સમાવેશ અહીં કરેલ છે.

પ્રશ્ન-૩ (અ, બ)માં ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્રના કોર્સના ઉદ્‌ગીથને આધારે પુછાતા નિબંધોને અનુલક્ષીને કુલ ૩૫ નિબંધ સરળ શબ્દોમાં અત્રે સવિસ્તાર આપેલા છે.

**પ્રશ્નપત્ર-૨**

પ્રશ્ન-૧ (અ, બ, ક, ડ)માં 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ' પુસ્તકને આધારે પુછાતા પ્રશ્નોના ઉત્તરોનો અહીં સમાવેશ કરેલ છે.

પ્રશ્ન-૨ (અ, બ)માં 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના જીવન ચરિત્રના કોર્સને આધારે કુલ ૩૬ નિબંધ સરળ શબ્દોમાં સવિસ્તાર આપેલા છે.

પ્રશ્ન-૩માં પુછાતા નિબંધ માટે મુખ્ય પરીક્ષા અગાઉ લેવાતી પૂર્વ કસોટીમાં પુછાયેલા વિષયો પર નિબંધ તૈયાર કરવા. જેમાંથી કોઈપણ એક વિષય પર અને અન્ય ત્રણ નવીન વિષયો પર નિબંધ પુછાશે, જેમાંથી કોઈ પણ નિબંધ લખવાનો રહેશે.

# અભ્યાસક્રમનાં પુસ્તકો

**પ્રશ્નપત્ર-૧**

૧. **વચનામૃત** (૪૦ ગુણ)

ગઢડા મધ્ય - ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

કારિયાણી - ૧૦, ૧૧, ૧૨

૨. **સ્વામીની વાતો** (૨૦ ગુણ)

પ્રકરણ - ૩ (વાત નં. ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨)

૩. **ભગવાન સ્વામિનારાયણ (નવી આવૃત્તિ)** (૪૦ ગુણ)

ભાગ-૧, ઉદ્‌ગીથ - ૧ થી ૨૨

ભાગ-૨, ઉદ્‌ગીથ - ૧ થી ૬

**પ્રશ્નપત્ર-૨**

૧. **પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ : સંક્ષિપ્ત જીવન ચરિત્ર (લેખક : મોહનભાઈ પટેલ)** (૪૦ ગુણ)

૨. **અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી : વિસ્તૃત જીવન ચરિત્ર** (૪૦ ગુણ)
**(આવૃત્તિ : માર્ચ, ૨૦૦૦)**
**ભાગ ૧, પાન નં. ૧ થી ૫૫૧, પરિશિષ્ટ-૩ પાના નં. ૫૮૩ થી ૫૯૯, ભાગ-૨, પાના નં. ૨૮૦ થી ૪૧૭, પરિશિષ્ટ-૧ પાના નં. ૪૧૮ થી ૪૩૦, પરિશિષ્ટ-૩ પાના નં. ૪૫૫ થી ૪૬૪, પરિશિષ્ટ-૪ પાના નં. ૪૬૫ થી ૪૭૩**

૩. **સામાન્ય જ્ઞાન નિબંધ** (૨૦ ગુણ)



## પરિશિષ્ટ

## વચનામૃતનાં અવતરણો

**પ્રશ્નપત્ર-૧, પ્રશ્ન-૧ (બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતના ક્રમાંક ટાંકો.** **(૧૫ ગુણ)**

૧. માટે જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય, તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. (કા.૧૦)

૨. અને જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી. (કા.૧૦)

૩. અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે 'તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ.' (કા.૧૦)

૪. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમજ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (કા.૧૧)

૫. તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે, ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમજ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. અને એ ભક્તના હૃદામાંથી આંખ્યનું મટકું ભરીએ એટલી વાર છેટે રહેતા નથી. (કા.૧૧)

૬. જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદામાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. (કા.૧૨)

૭. અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત

સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી. (કા.૧૨)

૮. એવી રીતે આત્મસુખે કરીને માંહીલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી. (ગ.મ.૨)

૯. વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપાદષ્ટિએ કરીને જુએ જે, 'આ બીચારો વૈરાગ્યરહિત છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. (ગ.મ.૭)

૧૦. અને ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે, કેમ જે, વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાની ઇન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે. (ગ.મ.૧૧)

૧૧. માટે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનનો ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (ગ.મ.૧૧)

૧૨. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહેજે જિતાઈ જશે. (ગ.મ.૧૩)

૧૩. માટે ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપ જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે. અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે. (ગ.મ.૧૩)

૧૪. અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે. અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ.૧૩)

૧૫. આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ. અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. (ગ.મ.૧૩)

૧૬. 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.' એમ જાણજો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે. (ગ.મ.૧૩)

૧૭. માટે વૈરાગ્યનું બળ હોય અથવા ન હોય તો પણ જો ઇન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરના નિયમમાં રાખે તો જેમ તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જિતાય છે તે થકી પણ નિયમવાળાને વિશેષે વિષય જિતાય છે. માટે પરમેશ્વરના બાંધેલ જે નિયમ છે તેને જ અતિ દઢ કરીને રાખવા. (ગ.મ.૧૬)

૧૮. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહજે જ રહે અને એકલી ધર્મનિષ્ઠા રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે, તે કારણપણા માટે બુદ્ધિવાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દઢપણે રહેશે. (ગ.મ.૧૬)

૧૯. 'એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.' અને એ જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી. (ગ.મ.૨૨)

૨૦. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે. (ગ.મ.૨૨)

૨૧. અને અમારી પ્રકૃતિ એમ છે જે, 'થોડીક વાતમાં કુરાજી પણ ન થઉં અને થોડીક વાતમાં રાજી પણ ન થઉં.' અને જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું, ત્યારે રાજીપો ને કુરાજીપો થાય


BAPS

છે. પણ કોઈના કહ્યા સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થતો નથી. (ગ.મ.૨૮)

૨૨. 'જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું', એ જ મારે વિષે મોટો ગુણ છે. અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહિ. (ગ.મ.૨૮)

૨૩. અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને જો અમારી પાસે છે તો પણ લાખ ગાઉ છેટે છે. અને અમને તો નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. (ગ.મ.૩૩)

૨૪. તેમ ઇન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ. માટે હવે તો વિષયની આસક્તિને ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ. (ગ.મ.૪૭)

૨૫. માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમને ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તો પણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તો પણ સુખ ન થાય. (ગ.મ.૫૧)

૨૬. માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડાં દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. (ગ.મ.૫૧)

૨૭. અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે અને જેટલું માયિક પદાર્થમાત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે. (ગ.મ.૫૫)

૨૮. અને ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે, અને વાણી તે ભગવાનના યશને જ ગાય, અને હાથ તે ભગવાનના ભક્તની સેવા-પરિચર્યાને જ કરે, અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે. (ગ.મ.૫૫)

૨૯. ચાર વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વમાં એ જ વાર્તા છે જે, 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.' અને ભગવાનના જે સાધુ છે તે ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે. (ગ.મ.૫૯)

૩૦. અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે, કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (ગ.મ.૫૯)

૩૧. અને જેને પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ. (ગ.મ.૫૯)

૩૨. જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઇષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા.' તો તે તત્કાળ પરમહંસ થાય એવાં જેનાં લક્ષણ હોય, તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો. (ગ.મ.૬૧)

૩૩. અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તો પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય. (ગ.મ.૬૧)

૩૪. ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. (ગ.મ.૬૩)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર-૧

સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૧૮)**

નોંધ : વિષય વસ્તુને પૂરતો ન્યાય આપવા માટે અભ્યાસક્રમ સિવાયના વચનામૃતની નોંધ પણ લઈ શકાય છે.

**(૧) આંબલીના કચૂકાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત - (કારિ. ૧૨)**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કારણ શરીર ટાળવાની વાત એક સરળ દૃષ્ટાંત આપી સમજાવે છે.

જેમ આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ તે બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય પછી તેને અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય છે ને પછી હાથમાં લઈને ચોળે તો જુદી થાય.

તેમ આ કારણ શરીર અને જીવને નિત્ય સંબંધ છે, અનાદિનો સંબંધ છે. કારણ શરીર એ જીવની માયા છે. તે વજસાર જેવી છે ને જીવને જન્મ મરણ કરાવે છે. તે માયાથી જીવ કેવી રીતે મુક્ત થાય ? આનો ઉપાય બતાવતા શ્રીજીમહારાજ કહે છે, ‘ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની જેમ જુદું થાય છે.’

**ભગવાનનું ધ્યાન અને વચન એટલે શું ?**

યોગીજી મહારાજ આનો અર્થ કરતા કહે છે,

(૧) ધ્યાન એટલે ભગવાનના મહિમાનો વિચાર

(૨) વચન એટલે પ્રત્યક્ષ ભગવાન અને સંત જે જે આજ્ઞા કરે તે પ્રમાણેનું વર્તન.

આ કારણ શરીર રૂપ વાસના કેવી રીતે ટળે ? તેનો ઉપાય શ્રીજીમહારાજે વચનામૃતમાં બતાવ્યો છે.

વચ.ગ.પ્ર.૬૦ પ્રમાણે આત્મનિષ્ઠાની દૃઢતા, ભગવાનનું અતિશય માહાત્મ્ય અને પંચવિષયનું તુચ્છપણું હોય તો વાસના ટળે.

વચ.સા.૧ પ્રમાણે આત્મનિષ્ઠા અને ભગવાનનું માહાત્મ્યે સહિત જ્ઞાન હોય તો વિષયાસક્તિ ટળે.

વચ.સા.૫ પ્રમાણે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો વાસના ટળે. વાસના-વિષયાસક્તિ ટાળવા માટે આવશ્યક આત્મનિષ્ઠા અને ભગવાનના મહિમાનો વિચાર કેવી રીતે સિદ્ધ થાય ? તેનો ઉત્તર આપતાં શ્રીજીમહારાજ કહે છે, 'સંતનો સમાગમ કરવાથી જીવને ભગવાનનો મહિમા સમજાય છે.' (ગ.પ્ર.૫૧)

સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે એ જ આત્મસત્તા રૂપે વર્તે છે. (ગ.મ.૫૧)

આમ, સંતનો સમાગમ અને સંતની આજ્ઞાનું પાલન એ જ કારણ શરીર ટાળ્યાનો ઉત્તમ ઉપાય છે. આ ઉપાય દ્વારા અનેક મુમુક્ષુઓ કારણ શરીરના ભાવથી રહિત થયા છે.

◆ સદ્. વિજ્ઞાનદાસ સ્વામીએ મન, કર્મ અને વચને ભગતજી મહારાજનો સમાગમ કર્યો અને ગમે તેવા વિકટ સંજોગોમાં પણ દેહનાં સુખ-દુઃખ કે માન-અપમાનને ગણકાર્યા વિના ભગતજી મહારાજની આજ્ઞાનું યથાર્થ પાલન કર્યું તો પોતે કારણ શરીરથી રહિત થઈ બ્રહ્મસ્થિતિને પામ્યા.

◆ કામદોષથી પીડાતા ઉપેન્દ્રાનંદ સ્વામીએ જ્યારે ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો અને તેમની આજ્ઞાનુસાર ગાર લીપવાની સેવા કરી તો પોતે વાસનાથી મુક્ત થયા.

આમ, અનંત સાધન કરવા છતાં જે કારણ શરીરરૂપ માયા ન ટળે તે સંતના સમાગમ અને તેમની આજ્ઞાના પાલનથી જ્યારે પરમેશ્વરનું સ્વરૂપ ઓળખે, તેનું ધ્યાન કરે અને વચનને હૃદયમાં ધારે ત્યારે માયા ટળે છે.

**(૨) ભગવત્સ્વરૂપ સંબંધી વાર્તા જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.**

પૃથ્વી પર જેમ પાણીનો પાર નથી તેમ વાણી કહેતા શબ્દો, જ્ઞાનનો પણ પાર પમાય તેવો નથી. એટલે જ તો ચાણક્યએ પોતાની બુદ્ધિનું મંથન કરી એક વાત કરી કે 'અનન્તશાસ્ત્રં બહુલાશ્ચ વિદ્યા ।'

અનંત પ્રકારનાં શાસ્ત્રો અને ઘણા પ્રકારની વિદ્યા છે એમાંથી શું ગ્રહણ કરવું ? એમાં આપણી બુદ્ધિ વામણી પડે એમ છે. અરે, સારરૂપ ગ્રંથ જ વાંચતા હોઈએ છતાં પણ એને યથાર્થ સમજવા એક અલૌકિક દૃષ્ટિની જરૂર છે, એ આપણી માયિક દૃષ્ટિ કે બુદ્ધિનો વિષય જ નથી. માટે શાસ્ત્રોમાં લખ્યું હોય તો



પણ એ સત્પુરુષ દ્વારા જ આપણને યથાર્થ સમજાય છે. જેમ ગમે તેવું સારું બીજ હોય પરંતુ નિર્મળ ને ફળદ્રુપ જમીન જ તેને યથાર્થ વિકસાવી શકે, તેમ ભગવત્સ્વરૂપની વાતનું બીજ સારામાં સારું હોય પરંતુ સત્પુરુષરૂપી નિર્મળ ને ફળદ્રુપ જમીન જ યથાર્થ રીતે ઓળખાવી શકે.

મહારાજ વચ.ગ.પ્ર.૬૬માં કહે છે : "શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી."

- ◆ સત્સંગમાં આપણે શુકમુનિ સ્વામીને તો જાણીએ જ છીએ કે જે શ્રીજીમહારાજનો જમણો હાથ કહેવાતા હતા. મહારાજની અખંડ સેવામાં રહેનારા હજૂરી સેવક હતા. વચનામૃત સંપાદનમાં પણ મુખ્ય સંતોમાંના એક એમણે જાતે જ વચ.મ.૯નું સંપાદન કરેલું પરંતુ વરતાલમાં આચાર્યના મેડે ગુણાતીતાનંદ સ્વામીએ વચ.મ.૯નું નિરૂપણ કર્યું, ત્યારે શુકાનંદ સ્વામી બોલી ઊઠ્યાઃ 'આ વચ. લખ્યું મેં, શોધ્યું મેં પણ સમજાયું તો આજે જ.'
- ◆ મહારાજના સ્વરૂપસંબંધી અનેક પદો અને શાસ્ત્રો રચનારા સદ્. બ્રહ્માનંદ સ્વામી તથા સદ્. પ્રેમાનંદ સ્વામીને પણ અ.મૂ. ગુણાતીતાનંદ સ્વામીએ ટકોર કરી, "કુંજલીલાને છોડી શ્રીજીલીલામાં રાચો."
- ◆ નડિયાદના ખ્યાતનામ સાક્ષર અને જૂના મંદિરના ટ્રસ્ટી શ્રી દોલતરામ કૃપાશંકર પંડ્યા કેટલાંય વર્ષોથી વચનામૃત તો વાંચતા જ હતા પરંતુ શાસ્ત્રીજી મહારાજે જ્યારે સમજાવ્યું ત્યારે બોલી ઊઠ્યા, "તમારા ભક્તો તમારી સુવર્ણની મૂર્તિ પધરાવશે. અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સાચો છે."
- ◆ બાહરીનના શીખ સત્સંગીબંધુ શ્રી જસબીરસીંગ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને કહે છે : 'મૈં આપ કે પ્રસંગ સે હી ગ્રંથસાહેબ કા રહસ્ય સમજ પાયા હૂં.'

આમ, આપણે ગમે તેવા બુદ્ધિશાળી હોઈએ પણ ભગવાનના સ્વરૂપની વાત સમજવા તો સત્પુરુષની જરૂર પડે જ.

**(૩) દરિદ્રીનું દૃષ્ટાંત અને તેનું હાર્દ (ગ.મ. ૭)**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ દરિદ્રીનું દૃષ્ટાંત આપતાં કહે છે : 'જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય સ્વભાવ ટળે નહિ. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારાં સારાં ભોજન ને વસ્ત્ર ઇચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઇચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા દુર્લભ છે.'

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછયું જે 'જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'વૈરાગ્યહીન હોય તે તો કોઈ

મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિ કરીને જુએ જે આ બીચારો વૈરાગ્યરહિત છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે માટે એના એ સર્વે વિકાર ટળો.' તો તત્કાળ ટળી જાય ને સાધને કરીને તો બહુ કાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે.

આ દૃષ્ટાંતમાં દરિદ્રીના ઠેકાણે વૈરાગ્યહીન ભક્ત છે અને સારાં સારાં ભોજન-વસ્ત્રની જગ્યાએ સાધુતાના ગુણ છે. જેનામાં વૈરાગ્ય ન હોય તે ઘણો પ્રયત્ન કરે પણ સાધુતાના ગુણ આવતા નથી. એનો ઉપાય મહારાજ બતાવે છે કે કોઈક મોટા સંતની અતિશય સેવા અને આજ્ઞામાં મંડ્યા રહેવું.

યોગીજી મહારાજ કહેતા 'મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંત હતા છતાં મહારાજે કોઈક મોટા સંત કહ્યા એટલે કે આ વચનામૃતમાં ગુણાતીતાનંદ સ્વામીની વાત કરે છે.'

મહારાજે કહ્યું, **અતિશય સેવા કરે તો વિકાર ટળે.**

અતિશય સેવા અર્થાત્

(૧) ગજા ઉપરાંતની સેવા, (૨) નિર્દોષ જાણવા. (યોગીગીતા)

**(૧) ગજા ઉપરાંતની સેવા :**

ઉપનિષદમાં સત્યકામ જાબાલિનું આખ્યાન આવે છે. સત્યકામ જાબાલિએ ગુરુને રાજી કરવા માટે હદ ઉપરાંત સેવા કરી, ગુરુએ આપેલી ૪૦૦ ગાયોમાંથી ૧૦૦૦ ગાયો થઈ ત્યાં સુધી એણે જંગલમાં અનેક વિઘ્નો વચ્ચે સેવા કરી. આથી ગુરુની કૃપાદૃષ્ટિ થવાથી એને બ્રહ્મજ્ઞાન થયું અને દેહના ભાવ ટળી ગયા.

જેતલપુરની વેશ્યા કામવાસનાથી પીડાતી હતી. પરંતુ ભગવાન સ્વામિનારાયણે આપેલા ૧ મણ ઘઉં આખી રાત જાગીને દળ્યા. એટલું જ નહિ, પણ હાથમાં ફોડલા પડ્યા છતાં જાતે જ દળ્યા. આવી સેવા કરવાથી ઘઉંની સાથે એની વાસના પણ દળાઈ ગઈ.

દેવાનંદ સ્વામીએ પણ પોતાની પંક્તિમાં લખ્યું છે,

*'માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધીના તાપ.'*

**(૨) નિર્દોષબુદ્ધિ :**

શ્રીજીમહારાજે મ.૫૨, પ્ર.૨૪માં વાત કરી છે કે ભગવાનને અને મોટાપુરુષને નિષ્કામી, નિર્માની, નિર્દોષ સમજે તો પોતે નિર્દોષ થઈ જાય.

ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢમાં એક નાગર ભક્તે પત્તરમાં રોટલો ને છાશ જમતા જોયા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીના નિઃસ્વાદીપણાની અંતરમાં



પ્રતીતિ થઈ અને પોતે પણ રસાસ્વાદથી મુક્ત બન્યા.

વિકાર ટાળવાનો બીજો ઉપાય છે : **પરમેશ્વરની આજ્ઞાનું યથાર્થ પાલન.**

ઉપેન્દ્રાનંદ સ્વામી સર્વગુણે સંપન્ન હતા. પરંતુ નિષ્કામીપણું દૃઢ નહોતું થયું. આથી તેમણે ગુણાતીતાનંદ સ્વામીને આ દોષથી મુક્ત અરજ કરી. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી તેઓ જૂનાગઢ આવ્યા ને સ્વામીની આજ્ઞાથી એકવાર મેડી પર ગાર કરી, ત્યારે સ્વામીએ દૃષ્ટિ કરીને એમની કામવાસના ખેંચી નાખી.

આમ, ગમે તેવા વિકારો હોય અને વૈરાગ્ય ન હોય તોપણ જો મોટાપુરુષની આજ્ઞા ને સેવામાં મંડ્યા રહીએ તો આ વિકારો ટળી જતા હોય છે અને દરિદ્રપણું દૂર થાય છે.

**(૪) હરિજનની સર્વ ક્રિયા તે ભક્તિરૂપ છે.**

એક જ ક્રિયા બે માણસ કરે છે પરંતુ તે બંને ક્રિયાને એક સરખી ન કહેવાય. જેમ કે, કોઈક હોટેલમાં એક રસોયો રસોઈ બનાવે અને ઘરમાં માતા રસોઈ બનાવે. તે ક્રિયા એક સરખી થઈ પણ બંનેમાં ભાવ જુદા છે. રસોયાની રસોઈમાં કેવળ પૈસા કમાવાનો સ્વાર્થ છે. જ્યારે માતાની રસોઈમાં પુત્ર પ્રત્યેનો પ્રેમ સમાયેલો છે. તેવી જ રીતે વિમુખની ક્રિયા અને ભગવાનના ભક્તની ક્રિયામાં તફાવત રહેલો છે. કારણ, વિમુખ જીવ કેવળ વિષયભોગ, અહંકારથી ધંધો-નોકરી-ખેતી કરે છે, જ્યારે ભગવાનનો ભક્ત મનુષ્યદેહના નિર્વાહ માટે તો કરે જ, પણ સાથે સાથે તે કર્મને ભગવાનને સમર્પણ કરીને, ભગવાનની પ્રસન્નતા માટે, ભગવાનની કૃપા સમજીને અને ભગવાનની સેવામાં એનો ઉપયોગ કરવા માટે કરતો હોય છે. આથી એની ક્રિયા એ ભક્તિરૂપ કહેવાય છે.

- શિવલાલ શેઠ ૯ લાખના આસામી હતા. મોટી પેઢી ચાલતી, પણ ભગવાનને સંભારીને ક્રિયા કરતા તો તેમના કર્મ ભક્તિરૂપ ગણાયા.
- ગોરધનભાઈ દુકાન ચલાવતા પણ 'હસ્તે સ્વામિનારાયણ' કહીને ધંધો કરતા તો તેમની ક્રિયા ભક્તિરૂપ કહેવાય છે.
- જેતલપુરની ગણિકાએ અનાજ દળવાનું કામ કર્યું હતું જે કેટલાય માણસો વર્ષોથી કરે છે. પણ એણે ભગવાનને રાજી કરવા માટે કર્યું તો એ જ કાર્ય ભક્તિરૂપ ગણાઈ ગયું.
- આજે દુનિયામાં કેટલાય ઘાટીઓ વાસણ ઉટકે છે. પરંતુ તેનાથી એમને આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત થતી નથી. જ્યારે યોગીજી મહારાજને કોઈએ પૂછ્યું, આપની આવી ઉચ્ચ સ્થિતિ કેવી રીતે થઈ ? ત્યારે યોગીજી મહારાજે જણાવ્યું હતું કે 'વાસણ ઊટકવાથી.' કારણ એમની ક્રિયા એ ભક્તિરૂપ થઈ હતી.

**ક્રિયા ભક્તિરૂપ થાય કઈ રીતે ?**

જો આપણે ક્રિયા ભગવાન અને સ્વામીને રાજી કરવાના ભાવથી કરીએ તો એ ક્રિયા ભક્તિરૂપ થાય છે.

- યોગીજી મહારાજ જૂનાગઢમાં હતા ત્યારે પત્તરને કલાઈ કરવાનું કામ કરતા, દરેક પત્તરને કલાઈ થાય, પછી પોતે જુએ અને બાજુમાં ભગવાનભાઈ નામના ભક્ત બેઠા હતા, તેને બતાવીને યોગીજી મહારાજ પૂછે, 'આ જુઓ, સ્વામી રાજી થાશે ને ?' હંમેશાં સ્વામીને રાજી કરવાના ભાવથી જ યોગીજી મહારાજ ક્રિયા કરતા તો એમની ક્રિયા ભક્તિરૂપ થઈ ગઈ.
- શાસ્ત્રીજી મહારાજ મંદિર બંધાવતા ત્યારે એક સંત માળા ફેરવતા હતા, ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે અત્યારે પથરા ફેરવો તો માળા ફેરવવા જેવું જ છે. આમ, મોટા સંતની રુચિમાં ભળીને કાર્ય કરીએ તો કાર્ય ભક્તિરૂપ હોય છે. ભગવાનના ભક્તો આવી રીતે કાર્ય કરે છે, તેથી તે ભક્તિરૂપ ગણાય છે.

આવી રીતે કાર્ય કરવાનો લાભ એ છે કે એ કાર્ય બંધન ન કરે ને મોક્ષ કરનારું થઈ રહે.

મોટા મોટા સમાજસેવકોએ કાર્યો કર્યાં છે પણ મનધાર્યાં કર્યાં છે. વળી, ભગવાનને રાજી કરવા માટેનો હેતુ રાખ્યો નહોતો. તેથી એમને એ કાર્યો શાશ્વત સુખ આપી શક્યા નથી. જ્યારે મીરાંબાઈ, નરસિંહ મહેતા, ૫૦૦ પરમહંસો જેવા ભક્તો ભગવાનને રાજી કરવા માટે કાર્ય કરતાં હતાં તો એમનાં પદોમાં આપણને આનંદના સાગર હિલોળતા દેખાય છે.

**(૫) બે સેનાનું દૃષ્ટાંત (ગ.મ. ૧૨)**

શ્રીજીમહારાજે સેનાના દૃષ્ટાંત દ્વારા શૂરવીર અને કાયર ભક્તની મનોદશાનું ચિત્રાત્મક વર્ણન આ વચનામૃતમાં કર્યું છે.

રણમેદાનમાં શૂરવીર સૈનિકોને વિજય મેળવવો અને નિશાન સર કરવું - આ એક જ ધ્યેય હોય છે. તેને મરવાનો ભય કે પ્રલોભનો ડગાવી શકતાં નથી. જ્યારે કાયર સૈનિકને સતત મરવાની બીક રહે છે. તેને સ્થૂળ પદાર્થોની પ્રાપ્તિ અને પોતાની સુરક્ષા ઉપર જ તાન હોય છે.

આવા જ ભેદ અધ્યાત્મમાર્ગે ચાલનારા સાધકમાં પણ પડે છે. વળી, અધ્યાત્મ માર્ગ તો અતિ કઠિન છે. એટલે જ તો બાહ્ય શત્રુ સામે જીત મેળવનારા સિકંદર, રાવણ, કંસ બધા કામ, ક્રોધ અને લોભરૂપી અંતઃશત્રુઓ સામે હાર્યા છે.

અધ્યાત્મ પથ પર કાયર અને શૂરવીર બે પ્રકારના ભક્ત હોય છે.

દેહાભિમાની એવા જે ભક્ત તે કાયરને ઠેકાણે છે. જો સત્સંગમાં સુખ મળશે



તો રહીશું અને દુઃખ પડશે તો નહિ નભાય - એવી માન્યતા તેઓ ધરાવે છે. આવા કાયર ભક્તની મનોદશાને વાચા આપતા નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે,

*'કાયર મનમાં કરે મનસૂબા, રહેશું ઊભા આસપાસ,*
*એમ કરતાં જો ચડી ગયા ચોટે, તો તરત લેશું મુખે ઘાસ.'*

આવી વૃત્તિને લઈને જ આજે સત્સંગમાં પ્રગટ કલ્યાણ હોવા છતાં સત્સંગના નિયમ-વર્તમાન આકરા પડતાં કાયર વ્યક્તિ સત્સંગમાં સારધાર પાર પડી શકતા નથી.

ભગવાનના **શૂરવીર ભક્ત**નાં લક્ષણ મહારાજ જણાવે છે.

**(૧) ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા :**

સ્પષ્ટ અને દૃઢ ધ્યેયવાળા શૂરવીર ભક્ત વિકટ પરિસ્થિતિ કે વિઘ્નો હોવા છતાં પાછા પડતા નથી.

નરસિંહ મહેતાને નાતબહાર કર્યા, પત્ની ગુજરી ગયાં, દીકરીને સાસરામાં અપાર દુઃખ આવ્યું છતાં ભક્તિમાં મોળા પડ્યા નથી.

શ્રીજીમહારાજના ૫૦૦ પરમહંસોને ઠેર ઠેર અપમાન, તિરસ્કાર અને માર સહન કરવો પડ્યો. વળી, મહારાજે આકરા પ્રકરણ ફેરવ્યા છતાં કેવળ એક અક્ષરધામ સામે નજર હતી તો પોતે ડગ્યા નહિ.

**(૨) પ્રલોભનમાં અટવાય નહિ :**

બ્રહ્માનંદ સ્વામીની કવિત્વ શક્તિથી પ્રભાવિત થઈ ગાયકવાડ સરકારે તેમને રાજકવિ તરીકે આવકાર્યા. વળી, બ્રહ્માનંદ સ્વામીને તો મહારાજ સાથે રાનરાન અને પાનપાન થવાનું હતું, રઝળપાટ હતો છતાં તેઓએ કહેવરાવ્યું,

*'મૈં ઢાઢી મહારાજકો, હાજર હુકમ હજૂર*
*ગાયો જશ ગોવિંદકો, ઔર પાયો ધન ભરપૂર.'*

**(૩) માન-અપમાનમાં સ્થિર રહે :**

ભગતજી મહારાજ અને યોગીજી મહારાજ કે જેમનું અસંખ્યવાર અપમાન થયું, તિરસ્કાર થયો છતાં પણ પોતાના કાર્યને મૂક્યું નથી.

**(૪) શરીર રોગી રહે કે નિરોગી છતાં સ્થિર રહે :**

મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજના ગુરુ જેવા - વળી, મહારાજને વિષે અનન્ય નિષ્ઠા છતાં આજીવન ક્ષય રોગ મટ્યો નહિ. પરંતુ કોઈ દિવસ તેમની ભક્તિમાં ઓટ આવી નથી.

**(૫) દેહ જીવો કે મરો છતાં દૃઢ રહે :**

ઉપલેટાના વેરાભાઈ સત્સંગી બન્યા પછી એક જ વર્ષમાં પોતાના ૨૨ કુટુંબી

ધામમાં ગયા તોપણ તે ન ડગ્યા.

આમ, ભગવાનના શૂરવીર ભક્ત દેહનાં સુખ કે દુઃખમાં પણ ધીરજ રાખે છે. એવા ભક્તથી ઈન્દ્રિયો-અંતઃકરણ થર થર ધ્રૂજે છે. એટલે જ તો મહારાજે વચ.લો.૨માં આવા શૂરવીર ભક્ત પર પ્રસન્નતા દર્શાવી છે.

**પ્રશ્ન.૧(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો. (૧૫)**

૧. માટે જેનો સંગ કર્યા થકી........ત્યાગ કરવો.
૨. એવી રીતે આત્મસુખે કરીને........પરાજય થતો નથી.
૩. અને એ અક્ષરાતીત........લીન થાય છે.
૪. માટે જેટલા ત્યાગી છે........પણ સુખ ન થાય.
૫. ભગવાન ને ભગવાનના જે સંત........બળ આવે છે.

**પ્રશ્ન.૧ (ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક શોધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો. (૪)**

**૧.** શ્રીહરિએ કહેલો સ્વમહિમા - અવતરણ નં. ૧૬, ૨૨
**૨.** નિશ્ચય - અવતરણ નં. ૩૧ અને ગ.મ.૬૧

- ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તે અતિશય દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાખે તોય પણ સંશય પડે નહિ. એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય. (ગ.મ.૬૧)

**('સ્વામીની વાતો'ને આધારે)**

**પ્રશ્ન.૨(અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો. (૬)**

**૧.** સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ?
- જો સત્પુરુષને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો આવે જ નહિ.

**૨.** સારામાં સારું શું છે ?
- સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે તેથી કાંઈ સારું નથી ને તેથી કાંઈ સારું સમજવાનું નથી.

**૩.** ભગવાન કોના પર રાજી, રાજી ને રાજી જ છે ?
- જે નટની માયાના વચનામૃત મુજબ મહારાજનું સ્વરૂપ નિર્દોષ સમજે, તેવી જ રીતે સંતનું સ્વરૂપ પણ સમજે, ભગવાનની આજ્ઞા પાળે અને રૂડા સાધુનો સંગ રાખે તેની ઉપર.

**૪.** મનુષ્યભાવ આવવાનાં ચાર કારણો કયા છે ?
- લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત - તેણે કરીને મનુષ્યભાવ આવે છે.

**૫.** કારણ દેહ ક્યારે જિતાયો જાણવો ?
- નિદ્રા ને આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જિતાણું જાણવું.

**૬.** ખરેખરો સત્સંગ ક્યારે થયો કહેવાય ?
- બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામી એવા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય, ત્યાં સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ ત્યારે સત્સંગ થાય છે.

**પ્રશ્ન.૨(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો. (૭)**

૧. . .....................નો અભિપ્રાય તો જણાય જ નહીં.
(ભગવાનનો, મોટાનો, પ્રતિષ્ઠિતનો)

૨. જ્યારે .................. નોખા પડે છે, ત્યારે અધર્મનો પ્રવેશ થાય છે.
(સાધુ હરિભક્ત, આચાર્ય-સદ્‌ગુરુઓ, એકબીજાનાં મન)

૩. ........................ હરિજન ઉપર મહારાજને બહુ હેત, તે પોતાનું સુખ દેવા મહારાજે મુને રાખ્યો છે.
(સોરઠ દેશના, કાઠિયાવાડના, હાલારના)

૪. ગમે તેવો ........................... હોય તેને પણ દેશકાળાદિક આઠ ફગાવી નાખે છે.
(અંતર્દૃષ્ટિવાળો, સમજણવાળો, દૃઢતાવાળો)

૫. સત્સંગ મળ્યો છે પણ .................. વિના કોઈને ગમ પડતી નથી.
(નિયમ, વાંચન, સમાગમ)

૬. હું ............................ પ્રગટ થયો છું ને આ સર્વે કમળ ખીલીને મારા સામું જોઈ રહ્યા છે.
(પૂર્ણપુરુષોત્તમ, સદ્‌ગુરુરૂપી સૂર્ય, અવતારનો અવતારી)

૭. ............................ ને દર્શને કરીને સમાધિ જેવું સુખ વરત્યા કરે, એવાના દુકાળ છે.
(નિરંજનાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી)

**પ્રશ્ન.૨(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો. (૧૦)**

**(૧) વાતો કરવી તે શ્રેષ્ઠ છે.**

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પુછાવ્યા. તેમાં એક તો ધ્યાન કરવું, બીજું આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી તે, ચોથું ભગવાનની વાતું કરવી. એ ચારેમાં અધિક કોણ છે ? તે કહો.' પછી મહારાજે કહ્યું જે, 'વાતું જ અધિક છે.' તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત દહાડો સોપો જ પડતો નથી. જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.'(૩/૫૬)

ગુણાતીતાનંદ સ્વામીની વાતોનો મહિમા અનેરો છે.

સ્વામી કહે છે :

૧. 'આ તે કાંઈ વાતુ છે ! આ તો અમૃત છે !'

૨. 'આવી વાતું બીજે ક્યાંય નથી. આ તો અક્ષરધામની વાતું છે, ભગવાનની છે, નારાયણની છે.'

૩. 'આ વાતું ફરીને જન્મ થવા દે તેવી નથી.'

હજારોનાં હૃદયની આ સહજ અનુભૂતિ છે. અક્ષરધામ સુધી પહોંચવાનાં પગથિયાં જેવી આ એક-એક વાતો એ ખરેખર અક્ષરધામની વાતો છે.

શ્રીજીમહારાજની આજ્ઞાને સ્વામીએ યથાર્થ ઝીલી હતી. જૂનાગઢના સભામંડપને તેમણે બ્રહ્મપડછંદાથી સદા જાગતો અને ગાજતો રાખ્યો.

ગુણાતીતાનંદ સ્વામીની વાતો બળપ્રેરક છે. જડમાં પણ જીવન પ્રગટાવે તેવું તેમના શબ્દોમાં જોમ છે. હતાશમાં પણ હામ પૂરે તેવું તેમાં તેજ છે.

કોઈપણ મુમુક્ષુને સાચા ભાવથી સત્સંગ કરવાની લગની લગાડી દે એવી અદ્‌ભુત વાતો છે. વળી, શ્રીજીમહારાજને પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં આવતાં અન્ય ત્રણ સાધનથી એકલું પોતાનું જ રૂડું થાય, જ્યારે વાતો કરવામાં પોતાનું ને સામેની વ્યક્તિનું, એમ બંનેનું રૂડું થાય છે. માટે વાતો કરવી તે શ્રેષ્ઠ છે.

**(૨) શ્રીજીમહારાજનું સર્વોપરીપણું :**

અક્ષરબ્રહ્મ અનાદિકાળથી માયા પર છે. તેઓ પરબ્રહ્મની સૌથી વધુ નિકટતમ છે. આથી તેમને જ પુરુષોત્તમનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખ હોય તે સ્વાભાવિક છે. ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર હોવાથી તેઓ જ શ્રીજીમહારાજના સ્વરૂપને યથાર્થ જાણે અને અન્યને સમજાવી શકે.

શ્રીજીમહારાજના સ્વમુખના શબ્દો ટાંકીને સ્વામી કહે છે : મહારાજ બોલ્યા જે, 'હું અનિરદેશથી આવ્યો છું, કહેતાં હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને સુગાળવો છું...' (૩/૪૭)



સ્વામી કહે છે : 'મહારાજને પુરુષોત્તમ જાણવા અને આ સાધુને અક્ષર જાણવા.' આ બે વાત નથી સમજાઈ તે કેવો છે ? તો બધું શીખ્યો હોય પણ એક રામ નામ બોલતા ન શીખ્યો તો બીજું બધું શીખેલું ધૂળમાં મળી જાય તેમ મહારાજનું સર્વોપરીપણું સમજવું આટલું અગત્યનું છે. (૩/૩૮)

ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજનું સર્વોપરીપણું છડેચોક પ્રવર્તાવેલું. 'સમજશે એ પાત્ર અને નહિ સમજે એ કુપાત્ર' એમ કહી તેઓએ આ વાતો કરવામાં પાછો પગ વાળ્યો નહોતો.

શ્રીજીમહારાજના પ્રાગટ્યની વાત કરતાં સ્વામી કહે છે : વૈરાટ બ્રહ્માએ પચાસ વરસ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી શ્રીજીમહારાજનાં ચરણારવિંદની સ્તુતિ કરી ત્યારે પૃથ્વી પર આવ્યા છે. (૩/૪૬)

પોતે એવા સર્વોપરી ભગવાન છે. આ પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. એમ આ વાતમાં સમજાય છે.

વળી, સ્વામી કહે છે : બીજા અવતારે કારણ શરીરના ભાવ ટાળીને કલ્યાણ કર્યા નથી. માટે જ ગોલોક અને વૈકુંઠલોકમાં કજિયા જોવા મળે છે. જ્યારે મહારાજ તો કારણ શરીર ટાળીને કલ્યાણ કરે છે.(૩/૫૫)

આવા મહારાજને અવતારાદિકની સરખામણીમાં સર્વોપરી કેમ ન કહેવા ?

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'જુઓને સર્વોપરી મહારાજ ને સર્વોપરી આ સાધુ ને સર્વોપરી આ સ્થાન. તેને વિશે દુઃખ રહેશે ત્યારે કિયે ઠેકાણે દુઃખ ટળશે ? નહિ જ ટળે. માટે જેને સુખિયા થાવું હોય એને આ બરાબર કોઈ નથી.'(૩/૭૦)

સત્સંગના મહિમાની વાત કરતાં સ્વામી કહે છે, 'પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે. તે કરતાં તો આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે. તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ?'(૩/૭૨)

આમ, અવતારાદિક કરતાં શ્રીજીમહારાજ સર્વોપરી છે.

પરંતુ આ વાત સમજવી ખૂબ અઘરી છે. સત્સંગ થયા પછી આ સમજવું કઠણ પડે છે. એનો ઉલ્લેખ કરતાં ૩/૫૦માં સ્વામી કહે છે, 'બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં અટકે છે.'

**'ભગવાન સ્વામિનારાયણ'ના આધારે :**

**<u>નવી આવૃત્તિ</u>**

**ભાગ ૧ : ઉદ્‌ગીથ ૧ થી ૨૨, ભાગ ૨ : ઉદ્‌ગીથ ૧ થી ૬**

**પ્રશ્ન.૩(અ) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) નીલકંઠવર્ણીનું વ્યક્તિત્વદર્શન :**

નીલકંઠવર્ણીનાં ૭ વર્ષ ૧ માસ ને ૧૧ દિવસના આ વનવિચરણ દરમ્યાન તેમનો એક ગુણ જો ઊડીને આંખે વળગે એવો હોય તે એ છે એમની નિર્ભયતા. નીલકંઠવર્ણી અને નિર્ભયતા એ જાણે પરસ્પર સમાનાર્થી શબ્દ ન બની ગયા હોય એવો અનુભવ નીલકંઠવર્ણીની વનવિચરણ યાત્રાને પગલે પગલે આપણને થયા વગર રહેતો નથી.

નીલકંઠવર્ણી બદરિનાથના રસ્તે આગળ વધતા હતા. રસ્તામાં શ્રીપુર શહેર આવ્યું. પરંતુ શહેરની વસતિમાં ન જવાની ઇચ્છા ધરાવતા વર્ણીએ ગામ બહાર એક મઠના ઓટલા ઉપર જ પડાવ નાંખ્યો. એ મઠના મહંતે બાલાજોગીને વિનંતી કરી કે અત્યારે રાત્રિનો સમય છે અને જંગલી હિંસક પશુઓનો અહીં સતત ભય હોય છે, માટે આપ આશ્રમમાં પધારો કાં વસતિમાં જઈને રહો.

નીલકંઠવર્ણી કહે અમને મૃત્યુનો ડર નથી અને વસતિમાં જતા નથી. મહંતે ખૂબ આગ્રહ કર્યો છતાં વર્ણી એકના બે ન થયા. મહંતે આને જોગીહઠ જાણી દયા ખાઈને મઠનાં બારણાં બંધ કરી દીધાં ને થોડી જ વારમાં ધરતી ધ્રુજાવતો મોટો કેસરી સિંહ ગર્જના કરતો વર્ણી તરફ આવ્યો પણ નિર્ભયમૂર્તિ વર્ણીએ તો એક તસુ જેટલું પણ હલ્યા વગર પોતાની દિવ્ય દૃષ્ટિની વૃષ્ટિ સિંહ પર કરી કે સિંહ નિશ્ચેતન થઈ સમાધિ સુખ ભોગવતો વર્ણી આગળ આવી લપાઈને બેસી ગયો.

આવા તો કેટકેટલાયે પ્રસંગોમાં નીલકંઠવર્ણીની નિર્ભયપ્રતિભા આપણને જણાયા વગર રહેતી નથી.

નીલકંઠવર્ણીની પ્રેરણાના પીયૂષ પાતી બીજી પ્રતિભા છે એમની ધ્યેયનિષ્ઠાની.

ડગલું ભર્યું તે ન હટવું, ન હટવું નો ગુંજારવ. જેના જીવનમાંથી આપણને સંભળાયા કરે છે એવા વર્ણીના જીવનમાં સત્તા, સંપત્તિ અને સુંદરી એ ત્રણે વિષયોએ આ નિષ્ઠાને ડગાવવાના પ્રયત્ન કર્યા છતાં ફાવ્યા નથી.

શ્રીપુરના મહંતે નીલકંઠવર્ણીની નિર્ભયતા અને ઐશ્વર્ય જોયા ને પોતાના વાર્ષિક એક લાખની આવકવાળા મઠની મહંતાઈનો સ્વીકાર કરવા વિનંતી કરી. પરંતુ અનંત જીવોનાં કલ્યાણ કરવાનો સંકલ્પ લઈને નીકળનાર વર્ણીને આ સત્તા અને સંપત્તિમાં બંધાવું નહોતું તેથી આ દરખાસ્તનો અસ્વીકાર કરી વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા.

નીલકંઠવર્ણી આગળ ચાલતા વંશીપુરમાં આવ્યા. શિકાર માટે આવેલા વંશીપુરના મહારાજા વર્ણીની આકર્ષક મનોહારી મૂર્તિ જોઈ તેમાં તલ્લિન થઈ ગયા. તેમણે ભક્તિભાવથી પોતાના મહેલમાં પધારવા વિનંતી કરી. વર્ણી પણ આ પ્રેમી ભક્તની ભક્તિને વશ થઈ તેમના મહેલમાં ગયા. ઈલા-સુશીલા નામની બે કુંવરીઓ વર્ણીની સેવામાં રહેતી એ પણ શુદ્ધભાવે ભક્તિ કરતી. રાણી પણ વર્ણીથી ખૂબ પ્રભાવિત થયેલાં. અરે ! એમણે તો પોતાની કુંવરીઓને આ વર્ણી સાથે જ પરણાવવાનો નિર્ણય પણ લઈ લીધો. રાજાએ પણ પોતાની સત્તા-વ્યવહાર વર્ણીને સોંપવાનું નક્કી કર્યું. પરંતુ વર્ણીને જાણ થતાં અર્ધ રાત્રિએ કોઈને ખબર ન પડે તેમ સત્તા, સંપત્તિ અને સુંદરીનો ત્યાગ કરીને ધ્યેયનિષ્ઠ નીલકંઠે પોતાના ધ્યેયને વળગીને યાત્રા આગળ ચાલુ રાખી.

સહનશીલતા પણ વર્ણીનો એક આગવો ગુણ હતો. નીલકંઠવર્ણીની આ યાત્રા દરમ્યાન એમણે સહન કર્યા સિવાય બીજું કાંઈ કરવાનું જ નહોતું. વર્ણીએ પોતાની સાથે કોઈ પ્રકારનાં કપડાં, ખાવાનું, પાણીની વોટરબેગ કે સ્લીપીંગ બેગ કે પગમાં કોઈ સારા બૂટ-ચંપલ કાંઈ જ લીધું નહોતું. તેથી સ્વાભાવિક રીતે ઠંડી, ગરમી, વરસાદ, ભૂખ, તરસ, કાંટા-કાંકરા એમને સહન કરવાં પડતાં.

નીલકંઠવર્ણી શ્રીપુરથી આગળ ચાલ્યા તે બદરિનાથ, કેદારનાથ, નરનારાયણના આશ્રમમાં અને એથી પણ આગળ માનસરોવર સુધી યાત્રા કરી. પરંતુ વિશેષતા એ હતી કે, દરિયાઈ સપાટીથી ૧૨૦૦ ફૂટ ઊંચે આવેલાં આ યાત્રા સ્થળો શિયાળામાં બરફાચ્છાદિત હોય છે. અને વર્ણીની યાત્રા આ જ ગાળામાં ચાલતી હતી. આ બરફમાં ટ્રેકીંગ કરવા વર્ણી પાસે કોઈ એવાં વિશિષ્ટ વસ્ત્રો, બૂટ કે એ માટેનાં સાધનો નહોતાં. દિશા જોવા હોકાયંત્ર કે રાત્રે વિશ્રામ માટે બંધ ટેન્ટ પણ નહોતાં. સફેદ બરફમાં સૂર્યનો પ્રકાશ પડતા આંખો અંજાઈ ન જાય ને નુકસાન ન થાય એ માટે ગોગલ્સ પણ નહોતા. છતાં આવાં વિઘ્નો સહન કરીને વર્ણી આગળ વધ્યા. પુલહાશ્રમના રસ્તે જતા સતત ૩ દિવસ ભૂખ-તરસ વેઠવા પડ્યા. ભૂતપુરી જતાં વનમાં ૪-૪ દિવસ સુધી અન્ન જળ ન મળતાં વર્ણી બેશુદ્ધ (બેભાન) થઈ ગયા હતા. જ્યાં શંકર-પાર્વતી સાથવો લઈને સેવા માટે આવ્યાં હતાં. ગુજરાતમાં સુરતમાં નિર્વાણ અખાડાના મહંતે ભૂખ્યા વર્ણીની અવહેલના કરી ત્યારે પણ વર્ણી ૩ દિવસના ઉપવાસી હતા.

આમ, યાત્રા દરમ્યાન નીલકંઠવર્ણીએ ઠંડી, ગરમી, ભૂખ-તરસ, માન-અપમાન ઘણું બધું સહન કર્યું છે.

નીલકંઠવર્ણીએ યાત્રા દરમ્યાન કેટકેટલાયને પોતાના ઐશ્વર્યનાં દર્શન પણ કરાવ્યા છે.

શ્રીપુરના મહંતને ભયંકર સિંહને એક ગરીબ ગાયની જેમ પોતાનાં ચરણોમાં આળોટતો બતાવ્યો. એટલું જ નહિ, એ સિંહ વર્ણીની પ્રદક્ષિણા કરીને, દર્શન કરી જતો રહ્યો એવું આશ્ચર્ય પણ બતાવ્યું હતું.

બુટોલપત્તનથી ઉત્તર તરફ પોખરાના માર્ગે જતા બરફ છવાયેલી ગીચ ઝાડીમાં ગોપાલયોગીનો યોગ થતા અષ્ટાંગયોગ ખૂબ જ થોડા સમયમાં સિદ્ધ કરી પોતાના ઐશ્વર્યનાં દર્શન કરાવેલા.

વર્ણી ફરતાં ફરતાં નેપાળના રસ્તે આગળ વધ્યા. ત્યાં એમને ખબર મળ્યા કે નેપાળનો રાજા રણબહાદુરસિંહ પોતાના પેટના દર્દની યોગ્ય દવા ન કરનાર સંતો, બ્રાહ્મણો, પૂજારીઓને જેલમાં નાંખી દે છે. વર્ણી આ નિરપરાધી પવિત્ર પુરુષોને છોડાવા ત્યાં જાય છે અને પ્રસાદીનું પાણી રાજાને પીવડાવી એના પેટનું અસાધ્ય દર્દ મીટાવી દે છે અને નિર્દોષ સાધુ-સંતોને જેલમાંથી છોડાવે છે.

આટલી બધી સામર્થીવાળા હોવા છતાં વર્ણીએ એક સામાન્ય જીવની અસામાન્ય સેવા પણ કરી છે.

વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા સેવકરામ નામનો વિપ્ર રસ્તામાં મળ્યો હતો. તેને લોહીખંડ પેટબેસણું થઈ ગયું હતું. વર્ણી એની સેવા કરવા તૈયાર થઈ ગયા. એના માટે કેળનાં પાનની પથારી કરી. એના માટે રસોઈ બનાવે. અરે, એણે બગાડેલી પથારી ને કપડાં પણ પોતે સાફ કરતા. પોતાની પાસે પૈસા હોવા છતાં પણ સેવકરામ ભૂખ્યા વર્ણીને ભોજન માટે પૈસા આપતો નહી, છતાં પણ વર્ણીએ નિઃસ્વાર્થ ભાવે સેવા કરી.

આમ, નીલકંઠવર્ણીના જીવનમાં નિર્ભયતા, ધ્યેયનિષ્ઠા, સહનશીલતા, ઐશ્વર્ય તેમ છતાં સેવાના અદ્‌ભુત ગુણોનો સુમેળ જોવા મળે છે.

### (૨) ભારતની દુર્દશાનું કરુણ ચિત્ર

*યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત,*
*અભ્યુત્થાનમર્ધમસ્ય તદાત્માનં સૃજામ્યહમ્.*
*પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ,*
*ધર્મસંસ્થાપનાય સંભવામિ યુગે યુગે.*

ભગવાને આમ વાત કરીને દરેક યુગમાં ભારતની સંસ્કૃતિનું રક્ષણ કરવાનું વચન આપી દીધું છે.

૧૮મી સદીમાં ભારતની સંસ્કૃતિની આવી જ દુર્દશા થઈ હતી. ભારત ઉપર જાણે અધર્મરૂપી અંધકારના ઓળા ઊતરી આવ્યા હતા.

૧૮મી સદી પછીનો કાલવિસ્તાર જોઈએ. મોગલ સલ્તનત ભાંગી ગઈ હતી. અહમદશાહનો સમય બૂરી દુર્દશાનો હતો. તે સમયમાં ઇંગ્લેન્ડની ઇસ્ટ ઇન્ડિયા કંપની સરકારે ભારતમાં વેપારના નેમ નીચે સત્તાની જમાવટ કરવાની શરૂઆત કરી હતી. મુસલમાન, મરાઠા અને રાજપૂતોનાં બળો એકબીજાને ભાંગતાં હતાં. જેનો લાભ કંપની સરકારને મળતો હતો. ભારતને ખૂણે ખૂણે અસ્થિરતાનું અને ભયનું વાતાવરણ વ્યાપ્યું હતું. સત્તાની સાઠમારીમાં લોકોના જીવ અદ્ધર રહેતા અને ‘સૂંડલે ઉચાળા’ જેવી તેમની સ્થિતિ હતી. રાજકીય, આર્થિક કે સામાજિક ક્ષેત્રે સમગ્ર ભારતનું ચિત્ર ધૂંધળું હતું.

ગુજરાત અને સૌરાષ્ટ્રની ભૂમિમાં તો કેર વર્તી રહ્યો હતો. કર્નલ વોકર ઈ.સ. ૧૮૦૭માં સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે સારાયે સૌરાષ્ટ્રમાં અંધાધૂંધી અને અરાજકતા વ્યાપેલાં હતાં. દર વર્ષે ખંડણી ઉઘરાવવા આવતાં મરાઠા લશ્કરો ખુલ્લેઆમ લૂંટ ચલાવતા તેથી ગામડાંઓ અને શહેરો ઉજ્જડ બની ગયાં હતાં. લોકો પોતાની સલામતી માટે કિલ્લાબંધ શહેરો પસંદ કરતા. કંડોરણાથી રાજકોટ સુધીનાં ત્રીસ ગામડાંઓનો પ્રદેશ તો તદ્દન ઉજ્જડ થઈ ગયો હતો. અને આ અરાજકતાના વાતાવરણમાં લોકોને ખાવાના સાંસા પડી ગયા હતા. લૂંટફાટની ઝંઝાવાતમાં દરેક પોતાના પડોશીને જ લૂંટવા પ્રેરાતા.

અઢારમી સદીમાં મુસલમાન રાજ્યની પડતી થતાં સૌરાષ્ટ્રની ભૂમિને મરાઠાના લશ્કરે ખૂંદી નાખી હતી. અને બહારથી આવતાં આ ધાડાં અને અંદરો અંદરની લડાઈઓથી સૌરાષ્ટ્રની રસાળ ધરતી લોહિયાળ બની ગઈ હતી. અંદર અંદરની લડાયક કોમોએ પણ શાંતિને ફગાઈ દઈ સૌરાષ્ટ્રમાં અશાંતિના ઓળા પાથરી દીધા હતા. છતાં એ ધરતીની ફળદ્રુપતા વધતી જતી હતી, તેથી દખ્ખણની પથરાળ ભૂમિનાં ધાડાં પોતાના દેશમાં જે ન મળતું તે અહીં લૂંટવા આવતાં.

ગુજરાતમાં પણ ગાયકવાડ અને પેશ્વાના અંદર અંદરના ઝઘડાના કારણે અરાજકતા વ્યાપી ગઈ હતી. મરાઠાઓની સત્તાનો દોર ઢીલો પડતો હતો. બાજીરાવ પેશ્વાના પતન પહેલાં ગુજરાતની હકૂમત કંપની સરકાર સર કરતી જતી હતી. સને ૧૮૧૯માં પેશ્વાનું પતન થયું અને બ્રિટિશ હકૂમત ગુજરાત ઉપર શરૂ થઈ. ગાયકવાડે આ જ અરસામાં સૌરાષ્ટ્રનાં રાજ્યો પાસેથી ખંડણી ઉઘરાવવાનું કામ બ્રિટિશ સલ્તનતને સોપ્યું તેથી મરાઠા હકૂમતનો ગુજરાતમાંથી અંત આવી ગયો.

ધાર્મિક ક્ષેત્રે પણ ભારતની દુર્ગતિ ઓછી ન હતી. આ જ સમયમાં સંન્યાસીઓ પ્રજાને માર્ગદર્શન આપવાને બદલે પ્રજા ઉપર આફતનો વરસાદ વરસાવતા હતા. ભારતની ભોળી, અજ્ઞાની અને વહેમી પ્રજા તેમનામાં ગુરુભાવ

રાખી, તેમની પાસેથી અર્થ અને કામની આશા સેવી, તેમની જંગાલિયતને પોષતી હતી. આ જમાતનો ઈતિહાસ વિચિત્ર છે. ઠેઠ કાબુલથી માંડીને તિબત્તના દક્ષિણ ભાગ સુધીના પ્રદેશ ઉપર જાણે તેમણે સત્તા જમાવી હોય તેવું લાગતું હતું. આ જમાતના બાવાઓમાં ઘણા ખરા નાગા બાવાઓ હતા. તેમને ઘરબાર કે કુટુંબ ન હતાં. નદીના પ્રચંડ પૂરની જેમ જ્યાં તેમનાં ધાડાં પડતાં ત્યાં તેમનો ત્રાસ કમકમા ઉપજાવે તેવો બની રહેતો. જે ગામમાં કે શહેરમાં તેમનો મુકામ થયો હોય ત્યાંથી તે પ્રદેશના તંદુરસ્ત છોકરાઓનું તેમની જમાતમાં ભેળવવા તેઓ અપહરણ કરી જતા, શરીરે તગડા અને કાર્યમાં અચળ તેઓમાંના કેટલાક તો વેપાર પણ કરતા. જાત્રા કરવાને બહાને તેઓ નીકળતા એટલે લોકો તેમના પ્રત્યે માનથી જોતા. તેથી તેમનાં કાળાં કામની બાતમી લોકો તરફથી તે તે પ્રાંતની રાજ્ય સત્તાને મળી શકતી નહિ. ઘણી વખત તો એવું બનતું કે આકાશમાંથી ટપકી પડતા હોય તેમ તીડના ટોળાની માફક તેઓ ઉભરાતા અને તે પ્રદેશને સારી રીતે ઘમરોળીને બીજે ચાલ્યા જતા. આવી હતી સંન્યાસીઓની, હિન્દુસ્તાનના જિપ્સીઓની આ જમાત !

ધાર્મિક ક્ષેત્રે હિન્દુસ્તાનમાં તાંત્રિકો અને માંત્રિકોનું જોર ઘણું હતું. માંસ ભક્ષણ મહાયાન અને વ્યભિચારમાં પંડિતોનું પોષણ થતું. વૈદિક ધર્મનું નામ નિશાન રહેવા પામ્યું નહતું. ભક્તિનું અસ્તિત્વ જ ન હતું, 'ઈન્સાન મિટા દુંગા'ની ભાવનાનો અતિ વિઘટિત કાળ આ સમયમાં પ્રવર્તતો હતો. સર્વત્ર જાણે પોપાબાઈનું રાજ્ય હોય તેવી દુર્દશા ફેલાઈ હતી. દોંગાઈએ માઝા મૂકી હતી !

ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં પણ આ જમાતનું જોર ઓછું ન હતું. વૈદિક ધર્મના તમામ નિયમોને અવગણીને મદ્ય, માંસ અને મૈથુનમાં સૌ આસક્ત બની ગયા હતા. વામ માર્ગ, ચોળિયો માર્ગ, શક્તિ પંથ વગેરે પંથો વ્યભિચારની પ્રવૃત્તિમાં જ મોક્ષ માનતા અને મનાવતા. સમય અને સંયોગને બળે શાક્ત મત વધારે પ્રસરતો હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે સમાજની નૈતિક અધોગતિ આગળ જણાવ્યા પ્રમાણે બહુ જ હતી. વળી ગુજરાતમાં પેશ્વાના સૂબા જેવા પણ શાક્ત હતા. આથી એ મતને નામે દુરાચરણોને ખૂબ વેગ મળતો હતો. તે એટલે સુધી કે મોટે ભાગે ઉપરથી શૈવ, વૈષ્ણવ કે જૈન જણાતા છતાં અંદરથી લોકો શાક્ત આચારોને અનુસરતા થઈ ગયા હતા. આ અરસામાં મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાંથી મહાજને ૬૦ મણ માંસ કઢાવ્યું હતું. જે તેણે પ્રીતિ ભોજન માટે તૈયાર કરાવ્યું હતું. આ એક જ દૃષ્ટાંત વસ્તુસ્થિતિનું સ્વરૂપ સમજવા બસ થશે.

આવા રાજકીય અને ધાર્મિક અંધાધૂંધીના સમયમાં ગુજરાત અને સૌરાષ્ટ્રનું



નવનિર્માણ કરવાનું કામ કેટલું દુષ્કર હતું તેનો સહેજે ખ્યાલ આવી જાય છે. શ્રી સહજાનંદ સ્વામીનું મુખ્ય કાર્યક્ષેત્ર આ કપરો પ્રદેશ હતું.

ઉત્તર પ્રદેશમાં ગોંડા જિલ્લાઓ શ્રી સહજાનંદ સ્વામીનું જન્મ અને કિશોરાવસ્થા સુધીનું કાર્યક્ષેત્ર હતું. તેથી તે પ્રદેશનું આછું ચિત્ર પણ સમજવું જરૂરી છે.

ઉત્તર પ્રદેશમાં ગોરખપુર જિલ્લા સિવાય ગોંડા જિલ્લામાં બ્રાહ્મણોની વસતિ વધારે હતી. ગોંડા જિલ્લાના બ્રાહ્મણો શૂરવીરતા અને લડાયક ખમીર માટે જાણીતા હતા. તેથી ત્યાંના બિસન વંશના રાજાના લશ્કરમાં આ બ્રાહ્મણો મુખ્ય હરોળમાં હતા. અને ખાનગી વ્યવસાયમાં જમીનદારો હતા અને બીજી કોઈ કોમ કરતાં તેની પાસે જમીન વિશેષ પ્રમાણમાં હતી. અયોધ્યાના મહારાજા (તાલુકદાર) જે સકલદીપી બ્રાહ્મણ હતા તેમની પાસે અયોધ્યા જિલ્લામાં સૌથી વધુ જમીન હતી. તિવારી અને પાંડે પાસે પણ પુષ્કળ જમીનો હતી. આ જમીનોના વહીવટ માટે અને એકબીજાની જમીનોનો કબજો લઈ લેવા માટે તેમનામાં અંદર અંદર પ્રપંચો થતા, ખૂનો થતાં, લડાઈઓ થતી. બ્રાહ્મણોના આ લડાયક ખમીરે પરશુરામની ગાથાને વાચા આપી હતી. તે ઈતિહાસનું પુનરાવર્તન કરવા માટે જ જાણે તેઓ જન્મ્યા હોય તેમ તેમના વ્યવસાય ઉપરથી લાગતું.

આવા અસુરોના ત્રાસથી રક્ષણ કરવા, ભારતની સંસ્કૃતિને બચાવવા ભગવાન પોતે ધર્મ અને મૂર્તિના પુત્રરૂપે પૂર્વમાં પ્રગટ થયા. ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં એક નવું સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું. એ દિવસ હતો સંવત ૧૮૩૭નો ચૈત્ર સુદી નવમીને સોમવારનો.

### (૩) સમાધિ પ્રકરણ દ્વારા શ્રીહરિનું સર્વાવતારીપણું

*'અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવનિ પર'*

મૃતઃપાય થઈ ગયેલ ધાર્મિકતાને ફરીથી સજીવન કરવા માટે અક્ષરધામના અધિપતિ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પૃથ્વી પર પધાર્યા હતા. અત્યાર સુધી પોતાના અવતારો દ્વારા આ પૃથ્વી પર કાર્ય કરાવ્યું હતું, હવે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વયં પધાર્યા. શ્રીહરિનાં કાર્યો દ્વારા જ શ્રીહરિની સર્વોપરીતા છતી થઈ જતી. એમનાં આ વિરલ કાર્યોમાંનું એક કાર્ય હતું સમાધિ પ્રકરણ.

શ્રીજીમહારાજે અમદાવાદ પ્રકરણના પાંચમા વચનામૃતમાં કહ્યું છે,''અનેક જીવોના પ્રાણ નાડીનો સંકેલો કરાવી તત્કાળ સમાધિ કરાવવી તે બીજાથી ન થાય એ પુરુષોત્તમ નારાયણનું અસાધારણ લક્ષણ છે.''

મહારાજે બાલ્યકાળથી જ પોતાનું આ ઐશ્વર્ય ખૂલ્લું મૂકી દીધું હતું.

નાનપણમાં જ તેમણે ખેતરમાં ચકલીઓને અને ઘેર વાંદરાઓને સમાધિ કરાવી દીધી હતી.

શ્રીજીમહારાજને પુલહાશ્રમમાં તપ કરવા માટે જવું હતું પણ તેનો રસ્તો બે પહાડ વચ્ચેથી વહેતા પાણીના પ્રવાહમાંથી જતો હતો. પરંતુ એ પ્રવાહમાં તો અનેક ઝેરી સર્પો, કરચલા, ઝેરી માછલા રહેતા હતા. મહારાજે તો એ પ્રવાહમાં ઝંપલાવ્યું, પણ નીલકંઠના સ્પર્શથી જ બધા જળચરોને સમાધિ થઈ ગઈ અને મહારાજે રસ્તો પસાર કરી દીધો.

શ્રીજીમહારાજ ફરતાં ફરતાં જ્યારે શ્રીપુરમાં પધાર્યા ત્યારે મઠની બહાર સૂતેલા મહારાજ પાસે સિંહ આવ્યો ત્યારે મહારાજે દૃષ્ટિ કરીને સિંહને પણ સમાધિ કરાવી દીધી હતી. આમ, વનવિચરણમાં મહારાજે અનેક જગ્યાએ સમાધિઓ કરાવી હતી. મહારાજે લોજમાં પધારી રામાનંદ સ્વામી થકી દીક્ષા લઈ ગાદીના વારસ થયા પછી અલૌકિક સમાધિ પ્રકરણ શરૂ કર્યું હતું. જેમાં દરેકને અવતારો, પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન થતાં અને એ બધા જ મહારાજના આશ્રિત હોય તેવાં દર્શન થતાં.

મહારાજે ગાદી પર આવ્યા પછી પહેલી સમાધિ ઝરણાપરણા ગામના શીતળદાસને કરાવી હતી. શીતળદાસે સ્વામિનારાયણ નામ લીધું અને સમાધિમાં ઊતરી ગયા. સમાધિમાં તેમને શ્રીજીમહારાજની સ્તુતિ કરતાં રામાનંદ સ્વામી અને ૨૪ અવતારોનાં દર્શન થયાં. એટલું જ નહિ, પણ સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ છે એવો સંકલ્પ કરવાથી એમનાં અસંખ્યરૂપ થયાં અને અનંત મુક્તોનું તેમણે પૂજન કર્યું. આમ, શ્રીહરિએ સમાધિ દ્વારા પોતાનું પુરુષોત્તમપણું પ્રગટ કર્યું.

ત્યારબાદ મહારાજ ધોરાજી ગયા, ત્યાં કેટલાક ચાર્વાક પંથીઓ આવ્યા અને કહેવા લાગ્યા, 'ઈશ્વર છે જ નહિ. સ્વર્ગ અને નરક એ તો મિથ્યા છે.' મહારાજે એમને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા પણ તેઓ માન્યા નહિ. આથી મહારાજે એમને દૃષ્ટિ દ્વારા સમાધિમાં મોકલી દીધા. તેઓ નરકનો અનુભવ કરી ને શ્રીહરિના ચરણોમાં પડી ગયા અને તેમને શાસ્ત્રોમાં શ્રદ્ધા જન્મી.

શ્રીહરિએ પીપલાણામાં ઓઝતમાં સ્નાન કરતાં કરતાં નરસિંહ મહેતાના દીકરા રઘુનાથને સમાધિ કરાવી, તે શબની જેમ તરવા લાગ્યો. પીપલાણાથી અગતરાઈ ગયા ત્યારે એક મુસલમાનને મહારાજે સમાધિ કરાવી. એણે આવીને કહ્યું, 'બેહિશતમાં મેં આ શ્રીહરિને ખુદા સ્વરૂપે જોયા, આ તો સાક્ષાત્ ખુદા છે.'

શ્રીહરિએ માંગરોળના ગોરધનભાઈને પોતાની ફોઈનો મોક્ષ કરવા માટે



સમાધિમાં નર્કમાં મોકલ્યા હતા. એકવાર મહારાજે સ્વરૂપાનંદ સ્વામીને પણ કહ્યું 'જેમ નવો રાજા ગાદીએ આવે તો જૂના કેદીને છોડી દે, તેમ અમે ગાદીએ આવ્યા તો તમે જઈને નરકના કુંડ ખાલી કરી આવો.' અને મહારાજની કૃપાથી સ્વરૂપાનંદ સ્વામીને સમાધિ થઈ અને તેઓએ જઈને બધા નરકના કુંડ પણ ખાલી કરી દીધા હતા.

એકવાર વ્યાપકાનંદ સ્વામીને ઈન્દ્રલોક, ગોલોક મોકલ્યા. પછી ભૂમાપુરુષના લોકમાં મોકલ્યા અને ત્યાં જઈને બધાને પૂર્ણ પુરુષોત્તમ પ્રગટ્યા છે એવા સમાચાર અપાવી ત્યાં સ્વામિનારાયણનું ભજન ચાલુ કરાવ્યું. આમ, મહારાજે તો અઢળક ઐશ્વર્ય છૂટું મૂકી દીધું હતું. મહારાજની માત્ર દૃષ્ટિથી, ઘણીવાર તો માત્ર ચાખડીના ચમકારથી ઘણાને સમાધિ થઈ જતી. હરિલીલામૃતમાં પણ લખ્યું છે,

*'જ્યારે શ્રીહરિપુરમાં પધારે, જેના સામું જુએ હરિ જ્યારે,*
*તેને સદ્ય સમાધિ તો થાય, ગોલોકાદિ ધામમાં જાય.'*

મહારાજ આમ ઘણીવાર સમાધિ કરાવતા, ઘણીવાર તો બીજા લોકના ઈષ્ટદેવો શ્રીહરિનો સર્વોપરીપણાનો મહિમા પણ ભક્તોને સંભળાવતા.

શ્રીજીમહારાજ માંગરોળમાં હતા : બધા નગરવાસીઓને ખબર પડી કે શ્રીજીમહારાજ સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવે છે. તેથી ઘણા બધા ભેગા થયા ને મહારાજને વિનંતી કરી. મહારાજે બધાને સમાધિ કરાવી પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં અને એ તમામનું કારણ આ પ્રત્યક્ષ શ્રીહરિ છે એવી પ્રતીતિ કરાવી.

મહારાજે જન્માષ્ટમીના ઉત્સવ વખતે માંગરોળની અંદર રાત્રે બારથી સવારના ચાર વાગ્યા સુધી સૌને અષ્ટ પટરાણી સહિત શ્રીકૃષ્ણના સ્વરૂપે દર્શન આપ્યા ને છેલ્લે બધાં સ્વરૂપોને પોતામાં સમાવી લીધા.

મહારાજે પં.૬માં કહ્યું કે શ્રીકૃષ્ણનો અવતાર સર્વોપરી છે, કારણ કે બધા અવતારોનો ભાવ પોતામાં લીન કરી બતાવ્યો, એ જ રીતે શ્રીજીમહારાજે તો શ્રીકૃષ્ણનો ભાવ પણ પોતામાં લીન કરી બતાવ્યો. આ રીતે સમાધિ દ્વારા પોતાનું સર્વોપરીપણું જણાવતા રહ્યા.

મહારાજ અગતરાઈમાં હતા ત્યારે કેટલાક આહિર ભક્તોએ મહારાજની સેવા કરી. મહારાજે તેમને કહ્યું કે તમે ગોપબાળકો હતા પણ તેઓને વાત મનાઈ નહીં. આથી મહારાજે દૃષ્ટિ કરીને બધાને સમાધિ કરાવી. સમાધિમાં કાનુડાના અને ગોપબાળકોનાં દર્શન થયાં. તે બધા ગોપબાળકોમાં ભળી ગયા. પછી કાનુડા

સાથે રાસ રમ્યા, ગાયો ચરાવી ઘણું બધું સુખ લીધું. અંતે તેઓ પાછા આવ્યા ત્યારે મહારાજે તેમને કહ્યું કે 'શ્રીકૃષ્ણએ શું વાત કરી તે કહો.' ત્યારે આ આહિર ભક્તો બોલ્યા કે કાનુડાએ કહ્યું કે તમે ગોવાળિયા જ હતા પણ અસુરોએ તમને મારી નાખ્યા હતા તેથી તમારો આ બીજો જન્મ છે અને હવે તમને પૂર્ણ પુરુષોત્તમ મળ્યા છે માટે તમારો મોક્ષ થશે.

આમ, સ્વામિનારાયણ ભગવાને આવું અદ્વિતીય સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું, કારણ કે લાખો મનુષ્યોને પોતાના સર્વોપરીપણાનો નિશ્ચય કરાવી ધામમાં લઈ જવા હતા. છતાં શ્રીજીમહારાજે આ ઐશ્વર્યો દ્વારા જ નિશ્ચય કરાવવો એ મુખ્ય સાધન નહોતું બનાવ્યું. આ તો શરૂઆતનાં વર્ષોમાં બધાને વાતોથી જ્ઞાન ન થાય તેથી મહારાજે આ રીતે સમાધિ દ્વારા પોતાનું સર્વાવતારીપણું બતાવ્યું પણ મહારાજનો અંતરનો અભિપ્રાય તો સંત સમાગમે કરીને નિશ્ચય થાય તે જ રહ્યો હતો.

**પ્રશ્ન.૩(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (૨૦)

### (૧) લોજમાં નીલકંઠ

ભારતના વિશાળ પ્રદેશમાં સૌરાષ્ટ્રના એક કાંઠા ઉપર આવેલું નાનકડું લોજપુર એક બિંદુ સમાન પણ ન ગણાય. છતાં તેની ભૂમિના અતિશય પુણ્યના પ્રતાપે તે ધરતીને પૂર્ણ પુરુષોત્તમ નારાયણે પોતાનાં ચરણારવિંદથી પવિત્ર બનાવી. પોતાની મોક્ષપ્રદ લીલાનો આ દિવ્યસ્થાનમાંથી જ વિસ્તાર કર્યો. ભારતમાં કોઈ પણ પ્રદેશમાં કે યાત્રાધામમાં નીલકંઠ ન રહ્યા, પણ આ ભૂમિએ તેમને આકર્ષ્યા. અહીં ગુરુ હતા તે તેમની વાટ જોતા હતા. અહીં જે સાધુઓ હતા તે તેમના સંદેશાને ઝીલી શકે તેવા હતા. અહીં તેમને જે જોઈતું હતું તે બધું જ હતું, જે બીજે ક્યાંય ન હતું, માટે નીલકંઠનું મન આ ભૂમિમાં ઠર્યું. લોજમાં આવતાં જ વર્ણીનો અદ્‌ભુત સ્વભાવ લોકોને જણાવા લાગ્યો.

વર્ણી વાવ પર આવ્યા ત્યારથી જ સૌને વર્ણીનો અલૌકિક પ્રભાવ જણાવા લાગ્યો. વર્ણી વાવને કાંઠે વડ નીચે મોટી શિલા ઉપર ધ્યાનમગ્ન બેઠા હતા. ત્યારે પનિહારીઓની નજર પડતાં જ બધી ત્યાં જ સ્થિર થઈ ગઈ. આટલી કૃશ કાયા છતાં આવું દેદીપ્યમાન મુખારવિંદ ! નીરખી નીરખીને જોતી આ પનિહારીઓ આ મોહક કિશોરના વૈરાગ્યથી દ્રવી ગઈ.

એટલામાં ત્યાં આશ્રમના એક સાધુ સુખાનંદ સ્વામી પાણી ભરવા આવ્યા. તેમણે પણ આ કિશોર તપસ્વીને જોયા. તેમને પણ એ અદ્‌ભુત લાગ્યા. તેમની વૃત્તિઓ આ કિશોરના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. તેમને આશ્ચર્ય થયું. તેમના ગુરુના સ્વરૂપમાં પણ તેની વૃત્તિનો નિરોધ કદી થયો ન હતો. તપસ્વી નેત્ર ખોલે તેની રાહ જોઈને તે ઊભા રહ્યા. વર્ણીના પ્રથમ દર્શનથી જ કેટલો પ્રભાવ પડ્યો હશે ?

વર્ણીએ મુમુક્ષુ જાણીને નેત્રો ખોલ્યાં. તેમાં ચમક હતી, અંતરના અંધારાને ઉલેચવાની ! આ દિવ્ય અનુભવથી સાધુ હર્ષાન્વિત થઈ ગયા. પછી તેમણે કહ્યું : 'આપ અમારા આશ્રમમાં પધારો. આપના જેવા સંતનાં દર્શન આશ્રમના સૌ સંતોને થશે. સૌ કૃતાર્થ થશે. અમારો આશ્રમ પાવન થશે. અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી પણ બહુ રાજી થશે. 'પ્રભુ ! આપ અલૌકિક વિભૂતિ છો. આપનાં દર્શન દેવોને પણ દુર્લભ છે. આપનાં દર્શનથી અમારા આશ્રમના સાધુઓની સાધનાની સમાપ્તિ થશે. આપ કૃપા કરો.' વર્ણીને પણ મુક્તાનંદ સ્વામીને મળવાની ઇચ્છા થઈ. તેઓ આશ્રમમાં આવ્યા.

આશ્રમમાં મુક્તાનંદ સ્વામીને પરિચય આપતાં સુખાનંદ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! આ વર્ણીનાં મને વાવ પર દર્શન થયાં. મારી સમગ્ર ઇન્દ્રિયો વિરામ પામી ગઈ. મારી વૃત્તિઓના વિકાર શાંત થઈ ગયા. તેમને અતિ ચમત્કારી જાણી હું અહીં તેડી લાવ્યો છું.'

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'અતિથિનો આદર કરવો તે આપણો ધર્મ છે પણ આ વર્ણી કેવળ અતિથિ નથી. કોઈ વિભૂતિ છે. આજે આપણો આશ્રમ પાવન થઈ ગયો.' એ પ્રથમ દર્શને કેવો પ્રભાવ પડ્યો હશે ?

આવો જ પ્રભાવ પ્રથમ દર્શને લાલજી સુથાર પર પડ્યો. જ્યારે ગુરુઆજ્ઞા શિરસાવંદ્ય ગણી લોજ આવ્યા, ત્યારે વર્ણી ધ્યાનમગ્ન હતા. તેમણે દંડવત્ કર્યા. પ્રથમ દૃષ્ટિએ જ સુકલકડી કાયાધારી આ સરજુદાસને જોતાં જ તેમની ઇન્દ્રિયો તેમના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. થોડી વારે આંખો ખોલી તેમની સામે એક આછું સ્મિત કર્યું. લાલજીને આ સ્મિતમાં જૂની ઓળખાણનો નિર્દેશ લાગ્યો.

આધ્યાત્મિક આરાધનાનું મૂળ બ્રહ્મચર્ય છે. નીલકંઠવર્ણીને તેનાં બીજ રોપવાં હતાં અને પોતાના જ જીવનકાળ દરમ્યાન તેનો ફાલ પકવવો હતો. મુક્તાનંદ સ્વામી તેમનાથી વયે ઘણા મોટા હતા, વળી રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય હતા. પરંતુ એ મહોબતમાં બ્રહ્મચર્ય ધર્મમાં શિથિલતા કેમ સાંખી શકાય ? માટે વર્ણી લોજમાં આવ્યા ને ચોથા દિવસે જ, જોયું કે મુક્તાનંદ સ્વામી બાઈ ભાઈની ભેગી સભામાં કથા કરે છે, ત્યારે ચાલુ કથાએ વર્ણી ઊભા થઈ ગયા. અને પૂછયું 'કેમ ઊભા થયા.' તો કહ્યું કે 'ત્યાગી થઈને સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી કે કથા

કરવી તેમાં ત્યાગીને દૂષણ લાગે છે. ત્યાગીના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યવ્રતમાં સ્ત્રીઓના આ અનિચ્છનીય સંસર્ગથી વિક્ષેપ આવે છે. ગૃહસ્થ સિવાયના બીજા આશ્રમીઓને માટે સ્ત્રીઓનાં દર્શન, સ્પર્શ, ભાષણ વગેરે ત્યાજ્ય છે. એ શાસ્ત્રાજ્ઞા છે.' અને મંદિર ભણી ચાલવા લાગ્યા અને મુક્તાનંદ સ્વામીએ પુસ્તકનાં પાનાં બાંધી ત્યાં બેઠેલી સ્ત્રીઓને કહ્યું : 'માતાઓ, આ હવે છેલ્લા રામરામ છે. આ વર્ણીનું તીર આજથી શરૂ થયું છે. સ્ત્રીઓનાં દર્શન અને પ્રસંગ હવે વર્જ્ય છે.' એમ કહી સૌની પાછળ તેઓ પણ મંદિરમાં ગયા.

એક દિવસ મંદિરની દીવાલમાં ગોખલો જોઈ વર્ણીએ સાધુને પૂછયું : 'આ શા માટે રાખ્યો છે ?'

સાધુએ વાત કરી : 'ભારેલો અગ્નિ કોઈ વખત ઓલાઈ જાય તો બાજુના આ વાળંદના ઘરમાંથી અગ્નિ લેવા માટે છે.'

વર્ણીએ તરત જ પૂછયું : 'અગ્નિ કોણ આપે છે ?'

'ઘરની સ્ત્રી વળી, બીજું કોણ આપે ?' સાધુએ કહ્યું.

વર્ણી વિચારમાં પડી ગયા. મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું, 'સ્વામી ! આ જે દીવાલમાં છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે. સાધુઓએ સ્ત્રીઓ સાથે આ પ્રકારનો વ્યવહાર રાખવો તે ઉચિત નથી.' એટલું કહી આજ્ઞાની રાહ જોયા સિવાય જ તેમણે ઈંટ અને ચૂનો મંગાવી તે છિદ્ર તરત જ પોતાને હાથે પૂરી દીધું. સૌ સંતો જોઈ રહ્યા. સાધુએ પાળવાના નૈષ્ઠિક બ્રહ્મચર્યના ધર્મો શાસ્ત્રોમાં તો લખ્યા જ છે. પરંતુ તેને શુદ્ધ રીતે પળાવવાનો આગ્રહ વર્ણીએ રાખ્યો. આમ, વર્ણીએ બ્રહ્મચર્ય ધર્મના સ્થાપનનું આ પ્રથમ સોપાન સર કર્યું.

વર્ણી પ્રત્યે આશ્રમવાસીઓને સદ્‌ભાવ થવા લાગ્યો. પરંતુ નીલકંઠ તો સેવાધર્મના જ પ્યાસી હતા. ખાખરાનાં પાન લાવી તેઓ પત્રાવળાં બનાવતા, રસોઈ માટે અડાયાં છાણાં તથા લાકડાં ભેગાં કરતા. વાવમાંથી પાણી ભરી આવતા. અનાજ સાફ કરતા અને રસોઈ પણ કરતા. છેવટે સૌ જમી રહે પછી વાસણો ઊટકી નાખતા. કોઈ કોઈ વખત ખભે કાવડ લઈ 'રામકૃષ્ણ ધૂની ધૂની' બોલતાં આજુબાજુનાં ગામમાંથી ભિક્ષા પણ માગી લાવતા. મુક્તાનંદ તેમને ઘણીવાર વારતા પણ વર્ણી હસીને કહેતા : 'ખીચડી હક કરવી જોઈએ. સેવા કર્યા સિવાય દેહ આળસુ બની જાય. આવા સાધુઓની સેવામાં દેહ વાપરીએ તો ભગવાન રાજી થાય.'

વર્ણી લોજમાં આવીને બીજા જ દિવસથી સૌને ઐશ્વર્ય દર્શન કરાવવા લાગ્યા. બે દિવસ પછી જ જન્માષ્ટમી ધામધૂમપૂર્વક ઉજવાઈ. રાત્રે ૧૨ વાગ્યે કૃષ્ણજન્મ આરતી થઈ. બાદ પારણામાં બાલમુકુન્દને બદલે વર્ણીને જોયા. એ જ વખતે સભામાં પણ વર્ણીને વાતો કરતા જોયા. આ ઐશ્વર્યમય દર્શનથી ભક્તોનો ઉત્સવનો ઉમંગ વધી ગયો.

વર્ણી ઘણીવાર બપોરે વાડીમાં સંતોને ધ્યાનમાં બેસાડતા ત્યારે જે સંતોનાં મન ધ્યેયસ્વરૂપથી જુદાં પડી અન્ય પદાર્થોમાં ચોંટે ત્યારે વર્ણી તેમને સોટી અડાડી જાગ્રત કરતા અને કહેતા 'મન માળવે મૂકી કોનું ધ્યાન કરો છો ?' આથી વર્ણીના દિવ્ય વ્યક્તિત્વનો ખ્યાલ આવી ગયો. સર્વને લાગતું કે ગુરુ રામાનંદ સ્વામી આ સ્વરૂપે તો નહિ પધાર્યા હોય ?

વર્ણી જ્યારે ગામને ગોંદરે છાણા લેવા જાય, ત્યારે છોકરીઓ તેમને જોઈને પોદળા લેવા દોડતી. કોઈ વખત તેમની પહેલાં જો પહોંચી જતી ત્યારે પોદળો ઉપાડતા નીચે સમગ્ર બ્રહ્માંડ દેખાતું અને 'ઓ સરજુડા' કહીને મૂકીને સ્ત્રીઓ દોડી જતી.

એક પ્રસંગે શીલ ગામથી ૧૬ મણ ચીભડાનો ગાંસડો બાર જણે વર્ણીને માથે ચડાવ્યો, પણ મસ્તકથી અધ્ધર રહ્યો હતો. આ વાત મુક્તાનંદ સ્વામીને ખબર પડી ત્યારે બોલ્યા કે, 'આ સરજુદાસ અલૌકિક વિભૂતિ છે. અનેક સિદ્ધિઓ તેમને આશરે રહી છે. તેઓ અહીં ટક્યા એ જ મોટું આશ્ચર્ય છે.'

નીલકંઠને નવ માસ સુધી લોજમાં રામાનંદ સ્વામીનાં દર્શન ન થયા. આથી દર્શનાતુર વર્ણી એકવાર મુક્તાનંદ સ્વામી પૂજામાં બેઠા હતા તેમની સમક્ષ આવીને બેસી ગયા. સ્વામીને ધ્યાનમાં રામાનંદ સ્વામીનાં પ્રત્યક્ષ દર્શન થતાં તેથી સરજુદાસે તરત જ યોગધારણાથી પોતાની વૃત્તિ મુક્તાનંદ સ્વામીની વૃત્તિ સાથે જોડીને રામાનંદ સ્વામીનાં દર્શન કર્યા. મુક્તાનંદ સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા ત્યારે વર્ણીએ રામાનંદ સ્વામીની મૂર્તિનું તાદશ્ય વર્ણન કર્યું. બધા આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

વર્ણી ક્યારેક મનુષ્યભાવનાં દર્શન કરાવતા. માંગરોળના આણંદજીભાઈ સાથે પ્રથમવાર ભૂજ જવા નીકળ્યા. બે ગાઉ પછી મેસવાણ ગામ આવ્યું. પાદરમાં નદી કાંઠે અચાનક બેસી ગયા. અને કહ્યું કે તમે ત્રણે ભૂજ જાઓ. અમે નહિ આવીએ. ખૂબ આગ્રહ કર્યો છતાં ન ગયા ને પાછા લોજ પધાર્યા.

કુરજી દવે જ્યારે રામાનંદ સ્વામી પીપલાણા પધાર્યા છે એ સમાચાર લાવ્યા ત્યારે રાત્રે જ મુક્તાનંદ સ્વામી સંઘ સાથે વર્ણીને લઈને નીકળ્યા. ચંદ્રમાના ઉજાશમાં થોડું ચાલ્યા ત્યાં તો નીલકંઠ એકદમ બેસી ગયા અને કહ્યું : 'મારા પગ દુઃખે છે. કોઈ ચંપી કરો.' એટલે બધા પગ દબાવવા લાગ્યા. આથી અયોધ્યાના

મલ્લ જેવા અયોધ્યાદાસે ખભે બેસાર્યા. તો પોતાનું વજન વધારી દીધું. પાછા નીચે ઊતર્યા ને ચાલવા લાગ્યા. સરજુદાસ થોડું ચાલ્યા અને ફરી બેસી ગયા. 'મને શરીરે બહુ જ કળતર થાય છે. માટે શરીર દબાવો.' ત્યાં મુક્તાનંદ સ્વામી આવ્યા, 'આ શું ચરિત્ર આદર્યું છે ? આમ કરશો તો ક્યારે પહોંચશું ?' મુક્તાનંદ સ્વામીના વચનથી પાછા ચાલવા લાગ્યા.

આમ, વર્ણીએ લોજમાં વિવિધ ચરિત્રો કરીને ભક્તોને ખૂબ સુખ આપ્યું.

**(૨) શ્રીહરિએ નરકના કુંડ ખાલી કરાવ્યા**

પુરુષોત્તમ પ્રકાશમાં નિષ્કુળાનંદ સ્વામીએ નોંધ્યું છે :

*'બેસે રાજા ગાદી પર કોય રે, છોડે બંધિવાનના બંધ સોય રે;*
*તેમ બંધથી છોડ્યા બહુ જન રે, પોતે પ્રગટી શ્રીભગવન્ રે.'*

મહારાજ એકવાર કાલવાણીમાં સભામાં બિરાજમાન હતા. તે સમયે ભીમભાઈએ ઊભા થઈ શ્રીહરિને હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું : 'હે મહારાજ ! જ્યારે કોઈ રાજા ગાદીએ બેસે, ત્યારે તેની મોજમાં બંદીવાનોને છોડી દેવામાં આવે છે. આપ સ્વયં પુરુષોત્તમ નારાયણ પધાર્યા. જેતપુરમાં આપનો પટ્ટાભિષેક થયો તો તેની મોજમાં નરકમાં પીડાતા જીવો ઉપર આપે દયા કરવી જોઈએ. તેમને એ યાતનામાંથી છોડાવવા જોઈએ.' ભીમભાઈની આ વાત સાંભળી શ્રીહરિ મંદ મંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું : 'તમે ખરું કહ્યું. આજે નરકના કુંડ ખાલી કરી નાખીએ.' એમ કહી તેમણે સ્વરૂપાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી. સ્વરૂપાનંદ સ્વામી તરત જ ઊભા થયા. શ્રીહરિએ તેમને કહ્યું : 'તમે સમાધિમાં જાઓ અને ધર્મરાજાને આજ્ઞા કરો કે સર્વ જીવોને છોડી દે. તમારા ભજનના પ્રતાપથી સર્વ જીવો ત્યાંથી છૂટી ભૂમાપુરુષના લોકમાં જશે.'

સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં ગયા. યમપુરીમાં તેમણે જીવોને નરકની યાતના ભોગવતા જોયા. તેમનું અંતર દ્રવી ગયું. તેમણે તરત જ ઉચ્ચ સ્વરે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન શરૂ કરી. સાથે તાળીનો પણ ઘોષ કર્યો. અહીં સદાય જમદૂતોના 'મારો' 'કાપો'ના ભયંકર શબ્દ સંભળાતા હતા તેને બદલે આ દિવ્ય સ્વર સાંભળી નરકયાતના ભોગવતા જીવોને આશ્ચર્ય થયું. તેમણે તેજસ્વી કાષાય વસ્ત્રધારી સંતને જોયા. આ સંતનું સ્વરૂપ તેમને અનંતતામાં વિસ્તરતું જણાયું. સાથે સાથે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મહામંત્રનો ઘોષ પણ સર્વત્ર સંભળાતો હોય તેમ લાગ્યું, તેઓ બધા સ્થિર થઈ ગયા. યમરાજા પણ આ સંતવર્યના દર્શને આવ્યા. તેમની અપરિમિત દિવ્યતા જોઈ તેમને લાગ્યું કે આ સંત કોઈ જુદા જ લોકના છે. તેમણે નમસ્કાર કર્યા અને પૂછ્યું : 'મહાત્મન્ ! આપ



કયા લોકમાંથી અહીં પધાર્યા છો ?' સ્વામીએ હસતાં હસતાં કહ્યું : 'મૃત્યુલોકમાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા છે. સ્વામિનારાયણ સ્વરૂપે આજે તેમનું ભજન થાય છે. તેમની આજ્ઞાથી આ નરકયાતના ભોગવતા જીવોને અહીંથી મુક્ત કરી ભૂમાપુરુષના લોકમાં મોકલવા છે.' યમરાજા આ સાંભળી સ્થિર થઈ ગયા. તેમણે કહ્યું : 'આપ અહીં આવ્યા અને આ દિવ્ય મંત્રનો ઉદ્‌ઘોષ કર્યો ત્યારથી જ આ જીવોની યાતના શમી ગઈ છે. હવે એ મંત્રના પ્રભાવથી તેઓને અહીંથી મુક્તિ મળતી હોય અને ચતુર્ભુજ સ્વરૂપધારી ભૂમાપુરુષના લોકમાં જતા હોય તો મને વાંધો નથી.'

સ્વરૂપાનંદ સ્વામીએ તરત જ સ્વામિનારાયણ મંત્રનો ઘોષ શરૂ કર્યો. એ મંત્રના દિવ્ય સૂર સાંભળી નરકના જીવો પણ એ મંત્રનો ઘોષ કરવા લાગ્યા. એટલામાં યમરાજાએ જોયું કે યમપુરીના સર્વે જીવો ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી ભૂમાપુરુષના લોકમાં જાય છે. યમરાજા આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. તેમને થયું, 'આ બધા કુંડો ખાલી થઈ જશે તો ? મારા અધિકારનું શું ?' સ્વરૂપાનંદ સ્વામી તેમની મૂંઝવણ પારખી ગયા. તેઓ હસ્યા, તેમણે કહ્યું : 'યમરાજા ! મૂંઝાશો નહિ. માયા અનાદિની છે. આસુરી સંપત્તિ પણ અનાદિની છે. રાજ્ય કરવાની મહેચ્છા હશે ત્યાં સુધી એ બંધન છૂટશે નહિ.' એટલું કહીને સ્વરૂપાનંદ સ્વામીએ ફરી તાળી પાડી અને સર્વે જીવો ચતુર્ભુજ સ્વરૂપધારી ત્યાંથી અંતર્ધાન થવા લાગ્યા.

સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્યા ત્યારે સૌ સભાજનો આતુરતાથી તેમનો અનુભવ સાંભળવા તત્પર બની ગયા હતા. તેમણે શ્રીહરિને સર્વ હકીકત કહી. શ્રીહરિ તેમની વાત સાંભળી ખૂબ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : 'આ અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે જે અમારા યોગમાં આવશે, પાપી કે પુણ્યવંતા હશે. તેમનો સર્વનો અમારે ઉદ્ધાર કરવો છે.' એમ કહીને પ્રસન્નતાના ભાવપૂર્વક પોતાનાં ચરણારવિંદથી સ્વરૂપાનંદ સ્વામીની છાતી અંકિત કરી.

**(૩) 'ઘનશ્યામનું મહાપ્રસ્થાન'**

જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે અધર્મનો નાશ કરવા અને ધર્મનું સ્થાપન કરવા માટે ભગવાનનું પ્રાગટ્ય થાય છે. ભગવાનના અવતારોએ પૃથ્વી પર આવીને આસુરી જીવોને નાશ કર્યા પણ એકાંતિક ધર્મનું સ્થાપન કોઈએ કર્યું નહીં. આથી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામીનું પોતાના મુક્તોએ સહિત પ્રાગટ્ય થયું. તેમનો જન્મ છપૈયા ગામે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી થકી થયો. બાળપણનું નામ ઘનશ્યામ હતું.

ઘનશ્યામને બાળપણથી જ સંસાર પ્રત્યે ઉદાસીનતા હતી અને એમને

ભગવાનની ભક્તિ કરવી ગમતી અને જે વ્યક્તિ ધર્મનું પાલન કરીને ભક્તિ કરતા તે ગમતા.

ઘનશ્યામ નાના હતા ત્યારે જમીને બપોરે પોતાના ઘરની પૂર્વદિશામાં એકાંત સ્થાનમાં મહાદેવનું મંદિર છે ત્યાં જઈને આરામ કરતા.

એક દિવસ બપોરના સમયે ઘનશ્યામ આરામ કરતા હોય છે ત્યારે દેવીબક્ષ નામનો કાયસ્થ આવે છે અને શંકર ભગવાન આગળ પ્રાર્થના કરતા કહે છે કે 'હે ભોળાનાથ ! મને જન્મોજન્મ લંબકરણનો અવતાર આપજો, જેથી નિર્લજ્જ થઈ સારી રીતે વિષય ભોગવાય.' ઘનશ્યામ આ સાંભળે છે એટલે એકદમ ખેદ થાય છે કે વિષયલંપટ જીવો આવા હશે ! માટે હવે તો જલ્દીથી ગૃહત્યાગ કરીને મનુષ્યોને વિષયના ફાંસલામાંથી છોડાવી મોક્ષના માર્ગે વાળવા.

ઘનશ્યામે ગૃહત્યાગ કરવો હતો પણ તેમણે મનમાં વિચાર્યું કે માતાપિતાને સુખ આપવું અને તેઓ ધામમાં જાય એટલે નીકળવું. જ્યારે માતાપિતા ધામમાં સિધાવે છે ત્યારબાદ તેમનું મન સંસારમાંથી ઉદાસ થઈ જાય છે એટલે તેમનાં મોટાભાઈ રામપ્રતાપ તથા સુવાસિની ભાભી ઘનશ્યામને રાજી કરવા બનતા પ્રયત્નો કરે છે.

રામપ્રતાપભાઈ એક વખત ઘનશ્યામને સગપણ કરવાની વાત કરતાં બહુ સમજાવે છે, ત્યારે ઘનશ્યામ સ્પષ્ટપણે કહે છે કે મારો એ માર્ગ નથી. મારું કાર્ય તો અનંતને એ માર્ગેથી ઉગારવાનું છે. પરંતુ રામપ્રતાપભાઈને ઘનશ્યામની સાચી ઓળખાણ થતી નથી.

તે જ રાત્રે ઘનશ્યામ એકદમ વિચારમાં ચઢી જાય છે કે હવે તો અક્ષરધામની વાટ વહેતી મૂકવી છે. જ્ઞાની-અજ્ઞાની, જાત-કુજાત કાંઈ જોવું નથી. આવા વિચારોના મંથનમાં હતા ત્યાં જ તેમને વીણાનો ઝીણો અવાજ સંભળાય છે એટલે તે ઊંચે જુએ છે ત્યાં તો નારદજી પોતાની વીણા સાથે પધારે છે ને ઘનશ્યામ પ્રભુને નમસ્કાર કરે છે ને કહે છે કે 'પ્રભુ ! આપ અંતર્યામીને મારે જગાડવાના હોય ! આપ જલ્દી પ્રયાણ કરો.' ત્યારે ઘનશ્યામ નારદ તરફ સૂચક દૃષ્ટિ કરીને જુએ છે અને કહે છે કે 'હવે વિલંબ ન કરશો, એમ કહેવા આવ્યા છો ને.' 'હા પ્રભુ' એટલું કહી નારદ વિદાય લે છે.

પૃથ્વી પર ભાગવતધર્મના સ્થાપનનો મંગલમય દિવસ આજથી શરૂ થાય છે. આજની તિથિ હતી-સંવત ૧૮૪૯ અષાઢ સુદ ૧૦, શુક્રવાર.

આજે બ્રાહ્મમુહૂર્તથી વહેલા જાગી ઘનશ્યામ સ્નાન મિષે સરયૂની વાટ પકડે છે. કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક ને તે મધ્યે કુકુંમનો ચાંદલો શોભી રહ્યો છે. શિર પર



જટા બાંધી છે. કૌપીન-ધોતિયું-હાથમાં તુંબીપાત્ર-જળગરણું છે. ગળામાં તુલસીની કંઠી-શાલીગ્રામ-બાલમુકુંદનો બટવો શોભી રહ્યાં છે. હાથમાં પલાશનો દંડ શોભી રહ્યો છે, ગળામાં સત્‌શાસ્ત્રનો ગુટકો ભરાવ્યો છે. ઘરમાંથી નીકળે છે ત્યારે બધા ઘસઘસાટ ઊંઘી રહ્યા છે.

આજે સમગ્ર વિશ્વના આધ્યાત્મિક ક્ષેત્રે ઉચ્ચતમ અને અલૌકિક ગણાતું ઘનશ્યામનું મહાપ્રસ્થાન શરૂ થાય છે. ઘનશ્યામ અંધકારની શાંતિમાં ભાઈ-ભાભી સ્વજનને જોતા પણ નથી અને સૂમસામ શેરીમાંથી પસાર થઈ સરયૂ તટે પહોંચે છે. આજે રોજના સમય કરતાં વહેલા પહોંચે છે.

ત્યાં જ કૌશિક નામે ભીમકાય પુરુષ નીલકંઠને પૂછે છે, 'તારે સરયૂ પાર કરવી છે ?' નીલકંઠે ફક્ત ડોક હલાવી એટલે સાથે આવવા કહે છે. નીલકંઠ કહે છે કે મારે તમારી જરૂર નથી. ત્યાં જ બે હાથે ઊંચકી, રામઘાટ સુધી લઈ જઈ, ધસમસતા પૂરમાં ફેંકી અટ્ટહાસ્ય કરે છે, જેના પડઘા અયોધ્યામાં પડે છે. બીજી બાજુ નીલકંઠના સરયૂમાં પડવાથી જ સરયૂ શાંત બને છે અને નીલકંઠ સામે કાંઠે પહોંચે છે ત્યારે શાલિગ્રામ-બટવો-કૌપીન ત્રણ જ શરીર પર રહે છે.

અયોધ્યામાં વાવાઝોડાની શરૂઆતથી નગરીમાં બધા જાગી જાય છે. રામપ્રતાપભાઈ જાગે છે. ઘનશ્યામને રૂમમાં શોધે છે પણ ઘનશ્યામ મળતા નથી. સુવાસિનીભાભી દીવો લઈ પાછળ આવે છે. તેમને પણ ઘનશ્યામ દેખાતા નથી. ઘનશ્યામના નિત્ય સંગાથી એવી ત્રણ વસ્તુઓ ગુટકો-તુંબીપાત્ર-શાલિગ્રામ પણ મળતાં નથી. એટલે એમને થયું કે ઘનશ્યામ ચાલ્યા ગયા છે તેથી બેબાકળાં બની મોટેથી બૂમો મારે છે. ભાભીના હાથમાંથી દીવો પડી જાય છે અને મૂર્છાવશ થઈ જમીન પર પડે છે. ઘનશ્યામના મિત્રો ઘનશ્યામને મળવા બોલાવવા માટે આવે છે અને પૂછે છે કે ઘનશ્યામ ક્યાં છે ? ત્યાં તો ખબર પડે છે કે ઘનશ્યામ આપણને મૂકીને ચાલ્યા ગયા છે. આથી ઘનશ્યામની તપાસ કરવા ઘનશ્યામ જે સ્થાને રમતા, દર્શન કરતા તે જગ્યાએ તપાસ કરે છે પણ ઘનશ્યામ કયાંય મળતા નથી. આ બાજુ સુવાસિનીભાભી અર્ધજાગૃત અવસ્થામાં વિલાપ કરતાં કહે છે કે 'ઘનશ્યામ ! તમે ભાઈ-ભાભી બધાંને છોડીને ચાલ્યા ગયા. માનો પ્રેમ હું તમને ન આપી શકી. મને માફ કરી દ્યો ઘનશ્યામ.' અયોધ્યાનગરી પણ આ દૃશ્ય બેબાકળી બનીને જોઈ રહી છે, કેમ કે શ્રીરામ તો એને ફક્ત ૧૪ વર્ષ માટે મૂકી ગયા હતા પણ ઘનશ્યામ તો એને કાયમ માટે મૂકીને જતા રહ્યા હતા.

ત્યારબાદ રામપ્રતાપભાઈ સ્વજનો સાથે તપાસ કરવા જાય છે. ભાભીનો વિલાપ ચાલુ જ છે : 'દાદાએ કહ્યું હતું કે ઘનશ્યામ નિઃસ્પૃહી છે, સંસારથી ઉદાસ

છે, ભગવાન છે છતાં ભગવાનપણું દેખાડશે નહિ, સેવા કરજો, એ શબ્દો હું અભાગણી ભૂલી ગઈ.' આટલું બોલતાં આંખમાંથી આંસુની ધારા ચાલવા માંડી. આ જોઈ બધાંને ભાભીને ચિત્તભ્રમ થઈ ગયું એવું લાગે છે, સાંત્વન આપવાથી થોડા સ્વસ્થ થાય છે. ઈચ્છારામ અને નંદરામ પણ રડી રહ્યા છે. રામપ્રતાપભાઈ પાછા આવે છે પણ ઘનશ્યામના કોઈ જ સમાચાર નથી. આથી સુવાસિનીભાભીને વધારે શોક થાય છે. તેમને બધા ધીરજ આપી રહ્યા છે. ઘનશ્યામની તપાસ કરવા જવાનો નિર્ણય કરીને નગરજનો વિખરાય છે.

સૌના ગયા પછી ભાભી કહે છે કે 'ઘનશ્યામ આપણા એકલાના નો'તા એ તો સમગ્ર વિશ્વના છે, પરંતુ આપણા રહ્યા નહીં. અયોધ્યા નગરીએ એવું વહાલ ન કર્યું. અવળા ભાગ્ય થઈ ગયા.' એટલું બોલતાં રડવા લાગે છે.

આજનો નિસ્તેજ સૂર્ય માથા ઉપર આવી ગયો હતો છતાં કોઈ નાહીધોઈને નિત્યવિધિથી પરવાર્યું નહોતું. ભાભી થોડા સ્વસ્થ થાય છે. બધાં નિત્યિવિધિપૂર્ણ કરવા ઊભા થાય છે.

### (૪) શીતળદાસનું પરિવર્તન

શ્રીજીમહારાજે વચ. વર.૧૯માં વાત કરી છે કે 'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ જરૂર પૃથ્વી પર વિચરતા હોય છે, તેની જો જીવને ઓળખાણ થાય, તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'

આવા જ એક મુમુક્ષુ જીવ શીતળદાસ હતા. અને તેમને પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ ગઈ.

શીતળદાસ મધ્ય ભારતના ઝરણાપરણા ગામમાં રહેતા હતા. પોતે ભગવાન શોધવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. અંતે એમને ખબર પડી કે ગુજરાતમાં રામાનંદ સ્વામી ભગવાન છે એમ સાંભળી પોતે ગુજરાતમાં આવ્યા હતા પણ આવ્યા ત્યાં જ એમને ખબર મળ્યા કે રામાનંદ સ્વામી તો સ્વધામમાં ગયા છે. આથી તેમને નિરાશા વ્યાપી ગઈ પણ સદ્‌ભાગ્યે તેમને શ્રીહરિનો યોગ થઈ ગયો. મહારાજે એની પાસે એનો પૂર્વવૃત્તાંત સાંભળ્યો. મહારાજે એને વાત કરી કે હું તમને રામાનંદ સ્વામીના દર્શન કરાવું તો તમે અહીં રહો ? એણે હા પાડી. મહારાજે એને સ્વામિનારાયણ મંત્રનું રટણ કરતાં કરતાં ભજન કરવાનો આદેશ આપ્યો. શીતળદાસ મહારાજની આજ્ઞા પ્રમાણે ભજન કરવા લાગ્યા. થોડીવાર થઈ ત્યાં શીતળદાસ દેહભાન ગુમાવીને અચાનક પડી ગયા. કેટલાક ભક્તો ગભરાઈને તેમને લેવા આવ્યા. મહારાજે કહ્યું, 'ગભરાશો નહિ. એને સમાધિ



થઈ છે. બધાને આશ્ચર્ય થયું, 'યોગકળાની સાધના વિના સમાધિ ?' બધા શીતળદાસની ચેષ્ટા જોવા લાગ્યા.

શીતળદાસને સમાધિમાં રામાનંદ સ્વામીનાં દર્શન થયા પણ એમણે એક વિશિષ્ટ આશ્ચર્ય જોયું. અક્ષરધામમાં ઊંચા સિંહાસન ઉપર શ્રીહરિ બેઠા છે અને રામાનંદ સ્વામી તથા ૨૪ અવતારો મહારાજની સ્તુતિ કરે છે. ત્યારબાદ એમણે શ્રીહરિનું દિવ્ય ઉપચારો વડે પૂજન કર્યું. ત્યારબાદ એમને સર્વે મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. પણ મુક્તો તો અનંત હતા ને પોતે એક જ હતા આથી તે મૂંઝાયા.

શ્રીહરિ તેમની મૂંઝવણ પારખી ગયા અને તેમણે શીતળદાસને કહ્યું, 'તમે સંકલ્પ કરો કે જો રામાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ હોય, તો મારાં અનેક સ્વરૂપો થાય.' શીતળદાસે સંકલ્પ કર્યો પરંતુ પોતે તો એકલા અટૂલા જ ઊભેલા દેખાયા. તેઓ મૂંઝાવા લાગ્યા. એમને મૂંઝાયેલા જોઈને ફરીથી શ્રીહરિએ કહ્યું, 'તમે સંકલ્પ કરો કે જો શ્રીહરિ સર્વોપરી હોય તો મારા અનેક સ્વરૂપ થાય.' શીતળદાસે મહારાજના કહ્યા પ્રમાણે સંકલ્પ કર્યો તો એનાં અનેક સ્વરૂપો થયાં, એના શરીરમાંથી જેટલા મુક્તો હતા એટલા સ્વરૂપો નીકળવા લાગ્યા. અને તેણે સર્વે મુક્તોની એક સાથે પૂજા કરી લીધી.

આ પૂજનવિધિ પછી એણે ફરીથી શ્રીહરિની સામે જોયું, અનંત અવતારો, અનંત ઈશ્વરો, પ્રધાનપુરુષો શ્રીહરિના સ્વરૂપમાંથી નીકળતા અને વળી પાછા લીન થઈ જતા, આવાં દિવ્ય દર્શન એને થયા.

અષ્ટાંગ યોગ સાધીને જે સમાધિ થાય તેમાં પણ આ પૂર્ણ પુરુષોત્તમ નારાયણના દર્શન ન થાય તે દર્શન આજે શીતળદાસને સહજમાં થઈ ગયા, એના આનંદનો અવધિ ન રહ્યો. તેની આવી ચેષ્ટાઓ અને એના મુખ પરના આનંદનો ભાવ જોઈને સભાજનો પણ ચિત્રવત્ એને જોઈ રહ્યા હતા.

થોડીવારે તે દેહમાં આવ્યો. દિવ્ય આનંદ તેના મુખ પર છવાયેલો હતો. એણે સભામાં વાત કરી, 'આ શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ છે અને રામાનંદ સ્વામી તો તેમના શિષ્ય છે.' આવી વાતો બધાને તો એકદમ સમજાઈ નહિ. પરંતુ શીતળદાસને આ વાત સમજાઈ ગઈ. એની ભગવાનને શોધવાની યાત્રાનો અત્યારે સુખદ અંત આવ્યો.

મહારાજે ત્યારબાદ શીતળદાસને દીક્ષા આપી ને વ્યાપકાનંદ સ્વામી નામ આપીને સાધુ બનાવ્યા.

આમ, મહારાજે સમાધિમાં દિવ્ય દર્શનનો લાભ આપી શીતળદાસને સાધુ બનાવ્યા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૨

સમય : ૩ કલાક	કુલ ગુણ : ૧૦૦

(નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.)

**('પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ'ને આધારે)**

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (૨૦)

**(૧) સ્વામીશ્રીનો ગૃહત્યાગ અને ભાગવતી દીક્ષા**

શાંતિલાલને નાનપણથી જ ભગવાન ભજવાનો શોખ હતો. 'આપણો અભ્યાસ પૂરો થાય એટલે આપણે હરદ્વાર કે ઋષિકેશ જવું અને ભગવાન ભજવા.' આવો સંકલ્પ એમણે કરેલો. અભ્યાસની સાથે એમને ક્રિકેટની રમતમાં રુચિ ખરી.

ચાણસદ ગામમાં એક રામલાલ નામે કલાલ આવ્યો હતો. તે રોજ છોકરાઓને ભેગા કરીને ક્રિકેટ રમાડે. એવામાં એક દિવસ છોકરાઓએ પોતાનાં સાધન વસાવવાનું નક્કી કર્યું. સો-દોઢસો રૂપિયાનું ફંડ એકઠું થયું. ખરીદી માટે વડોદરા કોણ કોણ જાય એની વાત ચાલતી હતી. એમાં શાંતિલાલ અને શંકરલાલ જાય એવું નક્કી થયું. આ વાત ચાલતી હતી ત્યાં જ રાવજીભાઈ કરીને એક ભાઈ આવ્યા. તેઓ ભાયલીથી આવ્યા હતા. હાથમાં શાસ્ત્રીજી મહારાજનો કાગળ હતો. વડોદરા જવાની વાત અધૂરી રહી અને શાંતિલાલ ઘેર આવ્યા.

ઘેર આવીને જાણ્યું કે અત્યારે જ રાવજીભાઈ સાથે ભાયલી જવા નીકળવાનું છે અને પછી બોચાસણ જઈને શાસ્ત્રીજી મહારાજને મળવાનું છે, અને સાધુ થવાનું છે. મિત્રોને છોડીને, મનગમતી પ્રવૃત્તિની વાત અધૂરી મૂકીને, શાળાના પગથિયેથી ઊઠીને ઘેર જતાં, ન તો શાંતિલાલના ચહેરા પર અણગમાનાં વાદળ ઘેરાઈ આવ્યાં કે ન વહાલસોયા પુત્રને તત્ક્ષણ વિદાય આપતાં માતાપિતાએ કશો વલોપાત કર્યો !

એ દિવસે એકાદશી હતી. શાંતિલાલે સૌની સાથે ઉકાળો લીધો. સાધુ થવા સંબંધમાં ચર્ચા કરવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. અગાઉ સર્વસંમતિ સધાયેલી જ હતી. માતાપિતાએ રાજી થઈને શાંતિલાલને સાધુ થવાની રજા આપી અને કહ્યું : 'જાઓ, સારી રીતે. સ્વામી રાજી થશે ને ખૂબ આશીર્વાદ છે.'

માતાએ એકાદશીનું ફરાળ બાંધી આપ્યું. રાવજીની સાઇકલ પર શાંતિલાલ બેઠા અને એમણે ભાયલીનો રસ્તો લીધો. થોડે સુધી ગયા પછી યાદ આવ્યું કે પૂજા ઘેર રહી ગઈ છે, એટલે એકલા સાઇકલ પર ઘેર પાછા આવ્યા અને પૂજા લઈ પાછા નીકળ્યા. ત્યારે માતાએ થોડા ચણા-મમરા પણ બાંધી આપ્યા.

જાણે નિશાળે જતા હોય અથવા ખેતરમાં આંટો મારવા જતા હોય કે પછી મિત્રો સાથે મેળામાં ફરવા જતા હોય એવી સહજતાથી રાવજીની સાઇકલ પર ચાલી નીકળ્યા !

શાંતિલાલના મનમાં શાસ્ત્રીજી મહારાજને મળવાનો ઉમંગ હતો. ભાયલી આવીને ઘનશ્યામ સ્વામીને મળ્યા. ત્યાંથી સાંકરદા થઈને બોચાસણ આવ્યા, ત્યાં નિર્ગુણ સ્વામી હતા. અહીં અન્નકૂટ ઉત્સવ કર્યો. શાસ્ત્રીજી મહારાજ પૂનમ ઉપર આવવાના હતા પણ બે-ત્રણ દિવસ પછી નિર્ગુણ સ્વામી સાથે અમદાવાદ જવાનું નક્કી થયું. પરંતુ શાસ્ત્રીજી મહારાજના દર્શનની હજુ રાહ જોવી પડી. નિર્ગુણ સ્વામી સાથે ફરતાં ફરતાં નડિયાદ આવ્યા ત્યારે નડિયાદમાં શાંતિલાલને તાવ આવ્યો.

ઘર છોડીને નીકળેલ કિશોર સાધારણ રીતે ગૃહાભિમુખ હોય. એને સહેજ અગવડ કે તકલીફ પડે એટલે ઘર સાંભરે. ગમે તેવા ધ્યેયને પડતા મૂકીને ઘેર ભાગી આવે પણ શાંતિલાલ તો કોઈ જુદી જ માટીના હતા. કોઈ કસોટી એમને ચળાવી શકે એમ નહોતી. માત્ર શાસ્ત્રીજી મહારાજના દર્શનમાં થતો વિલંબ એમને અકળાવી રહ્યો હતો.

છેવટે દશમને દિવસે જ્યારે અમદાવાદ પહોંચ્યા ત્યારે આમલીવાળી પોળમાં બબુભાઈ કોઠારીના મેડે એમને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયા. શાંતિલાલના આનંદનો કોઈ પાર નહોતો. ત્યારેય તાવ તો ચાલુ જ હતો. રાત્રે શાંતિલાલને ઉકાળો પાયો અને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' નામ રટણ કરતાં કરતાં ખૂબ હેતથી એમના આખા શરીરને શાસ્ત્રીજી મહારાજે પસવાર્યું. જતાં જતાં કહે : 'સવારે તને પાર્ષદ દીક્ષા આપવી છે.'

રાત્રે જ તાવ ચાલ્યો ગયો. સવારે ગરમ પાણીથી શાંતિલાલને નવડાવ્યા. અને દીક્ષાની વાત કરતાં કહ્યું : 'આજે એકાદશી છે. પાર્ષદની દીક્ષા આપીએ.'

આમ, સં.૧૯૯૬ના કારતક સુદ ૧૧ના રોજ શાંતિલાલ 'શાંતિ ભગત' થયા.

શાંતિલાલના મનમાં અંગ્રેજી ભણવાની તીવ્ર ઇચ્છા હતી. પાર્ષદી દીક્ષા વખતે

'અમદાવાદમાં ખેંગારજીભાઈ પાસે વ્યવસ્થા કરીશું', આમ કહીને શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલના મનનું સમાધાન કરેલું.

હવે જ્યારે ભાગવતી દીક્ષા લેવાય ત્યાર પછી અંગ્રેજી ભણવાની શક્યતા રહેતી નહોતી. શાસ્ત્રીજી મહારાજ શાંતિ ભગતના મનની ગડમથલ સમજતા હતા. એમણે તો સત્સંગમાં અંગ્રેજીની નિરર્થકતા વિષે શાંતિ ભગતને અગાઉ કહ્યું જ હતું. આમ છતાં આ વાત શાંતિ ભગતના મનમાં સ્વયં પ્રગટે એ માટે એમના મનનું સમાધાન કરાવી લેવાનું કામ કોઠારી હરિજીવનદાસને સોંપ્યું હતું. ગોંડલમાં ભંડારની પાછળના ચોકમાં લીમડો છે, ત્યાં શાસ્ત્રીજી મહારાજનો ઓરડો હતો. એની સામે એક ચોકડી હતી, ત્યાં હરિજીવનદાસ અને શાંતિ ભગત વાતો કરતા બેઠા. શાસ્ત્રીજી મહારાજની સંસ્કૃત ભણાવવાની ઇચ્છામાં ભળી જવા માટે વાતો કરી. રાતના દોઢ-બે વાગ્યા સુધી ચર્ચા ચાલી. અંતે સાધુ થઈ જવા માટે શાંતિ ભગતે હકારાત્મક વલણ બતાવ્યું. તરત જ હરિજીવનદાસે શાસ્ત્રીજી મહારાજને જગાડ્યા અને બધી વાત કરી. શાસ્ત્રીજી મહારાજ શાંતિ ભગતને બાથમાં ઘાલીને ભેટ્યા. હરિજીવનદાસને બીજા દિવસે દીક્ષા માટેની સૂચનાઓ આપી.

આ સૂચના મુજબ યોગીજી મહારાજે મહાપૂજા વહેલી ન કરી. આઠ-સાડા આઠનો સમય હતો. અમૃત ચોઘડિયું હતું. સભામંડપ તરફથી અક્ષરદેરીમાં પ્રવેશતાં બે થાંભલા વચ્ચે શાસ્ત્રીજી મહારાજે સ્થાન લીધું. યોગીજી મહારાજ દેરી તરફ બેઠા અને પછી શાસ્ત્રીજી મહારાજે શાંતિ ભગતને ભાગવતી દીક્ષા આપી. ભગવું વસ્ત્ર ઓઢાડ્યું અને 'નારાયણસ્વરૂપદાસ' નામ પાડ્યું. 'આપણે એમને ભણાવવા છે. વિદ્વાન કરવા છે. મોટા કરવા છે ને એવા સમર્થ કરવા છે...' પછી યોગીજી મહારાજને કહ્યું : 'તમે આશીર્વાદ આપો ને ધબ્બો મારો કે ખરેખરા મોટા વિદ્વાન થઈને ભણે, સત્સંગની મોટી સેવા કરે.' યોગીજી મહારાજે ધબ્બો માર્યો ને આશીર્વાદ આપ્યા.

આ રીતે તા.૧૦-૧-૧૯૪૦, સં.૧૯૯૬ના પોષ સુદ ૧ના દિવસે શાંતિ ભગત 'સાધુ નારાયણસ્વરૂપદાસ' બન્યા.

**(૨) પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિ**

'હું કંઈ જ નથી ! ભગવાન સ્વામિનારાયણ, ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજનો આભાર કે તેમણે મને સ્વીકાર્યો. આ સેવા સોંપી અને સેવા કરવાની શક્તિ પણ આપી. એમની શક્તિથી જ બધું થાય છે. આપણાથી કંઈ નહીં !'

પ્રમુખસ્વામી મહારાજ ક્યારેય કોઈ પણ કાર્યનો યશ પોતાના શિર ઉપર લેતા



જ નથી. હંમેશાં ગુરુના ચરણે જ ધરી દે છે. જરાય મનાવા-પૂજાવાનો ભાવ નહીં. એકવાર યોગીજી મહારાજની હયાતીમાં સ્વામીશ્રીના સેવક પ્રગટ ભગતે પ્રેમવશ પ્રમુખસ્વામીનો ફોટો પોતાની પૂજામાં રાખ્યો હતો. સ્વામીશ્રીના જોવામાં આવ્યો ને તરત જ ફાડીને ફેંકી દીધો. પ્રગટ ભગતને કહે : 'યોગીજી મહારાજ હોય ત્યાં સુધી કોઈનો ફોટો ન રખાય.'

૨૪ કલાક એમના અંતરમાં ગુરુનું પ્રધાનપણું જ દેખાય. સારંગપુરના ટાવર અને ગોંડલમાં હાઈસ્કૂલના નામકરણ વખતે કહે : 'મારું નહીં, શાસ્ત્રીજી મહારાજ અથવા યોગીબાપાનું જ નામ રાખો.' સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી થતી હોય ત્યારે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની વાત અવશ્ય આવે જ.

એક બાળકે પૂછ્યું, 'તમને બધા બાપા કેમ કહે છે ?'

તો કહે, 'યોગીબાપાના આશીર્વાદ મળ્યા એટલે બાપા થઈ ગયા.'

કોઈએ પૂછ્યું, 'આપનો વિશેષ અનુભવ કહેશો ?'

ત્યારે કહે, 'ભગવાન અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા પવિત્ર ગુરુ મળ્યા એ જ મોટો અનુભવ.' નાયગરાનો ધોધ જોયા પછી સ્વામીશ્રી લંડનના યુવક મંડળને પત્રમાં લખે છે : 'મહારાજ, સ્વામી અને યોગીબાપા એ ત્રણ અજાયબીઓ જેવી બીજી એકેય નથી. આ જોયા પછી બીજું કાંઈ જોવા જેવું નથી.'

પોતાના સંબંધમાં આવનારને પણ અવારનવાર શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સ્મૃતિ તેઓ કરાવતા રહે છે. ૧૯૮૭માં એક સવારે સારંગપુરમાં બગીચામાં તેઓ વોકિંગ કરતા હતા. એ વખતે અમદાવાદ જઈ રહેલા બ્રહ્મપ્રકાશ સ્વામી રજા લેવા આવ્યા. હાથમાં પોટલું હતું. સ્વામીશ્રીએ પોટલું મૂકવાની ના કહી. એટલે એમણે ખભે રાખ્યું અને ચાલતાં ચાલતાં વાત કરવા લાગ્યા, 'ક્યારે નીકળો છો ? ઉકાળાપાણી કરી લીધા ?...' વગેરે સામાન્ય વાતો લંબાણથી કરી. ચાર આંટા થઈ ગયા. વોકિંગનો સમય પૂરો થયો એટલે વાત પૂરી કરીને માથે ટપલી મારીને કહે : 'જાવ હવે, ઊપડો.' બ્રહ્મપ્રકાશ સ્વામીએ 'આટલી લાંબી વાત કરવી હતી તો પોટલું તો નીચે મૂકવા દેવું હતું ?' એમ કહ્યું. ત્યારે હસતાં હસતાં સ્વામીશ્રી કહે, 'આ તો તમને ખ્યાલ આવે ને કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપા આવાં બબ્બે-ત્રણ ત્રણ પોટલાં ઊંચકીને ગાઉના ગાઉ ચાલી નાખતા, તે કેમ ચાલ્યા હશે ?!'

કોઈ જ્યારે સ્વામીશ્રીને પડેલા વિચરણના ભીડાની વાતો કાઢે ત્યારે 'અમારે તો ગોદડુંય મળેલું. શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજને તો એ પણ નહોતું.

આપણને તો કરોડગણું સારું છે કે આટલું મળે છે.' આમ કહીને પોતાના ભીડાને ગૌણ કરી નાખે.

ગુરુની સેવામાં મહિમાપૂર્વક જોડાનારને પણ સંભારી રાખે. યોગીજી મહારાજનો પડ્યો બોલ ઝીલીને સંસ્થાની સેવામાં ખડે પગે રહેનાર હર્ષદભાઈ ચાવડાને અકસ્માત વખતે અને શાસ્ત્રીજી મહારાજની સેવા કરનાર બોચાસણના ત્રિભાકાકાની માંદગી વેળા તેમની સેવાઓને સંભારીને એમની સંભાળમાં જરાય કચાશ ન રહે એનું ખૂબ ધ્યાન રાખે.

સ્વામીશ્રીએ પોતે પણ શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજની આજ્ઞા પાળવામાં દેહને, મનને જરાય ગણકાર્યું જ નથી. પાર્ષદી દીક્ષા પછી બોચાસણમાં ચૂનાની ભઠ્ઠીની સેવામાં છેક છેવટ સુધી નિષ્ઠાપૂર્વક વળગી રહ્યા. તો અટલાદરામાં ઉનાળાના અસહ્ય તાપમાં ચૂનાની ભઠ્ઠીની સેવાથી શરીર પર ચાઠા પડવા છતાં પાછા ખસ્યા નહીં. પછી તો શાસ્ત્રીજી મહારાજે આખા શરીરે હાથ ફેરવ્યો અને શરીર શીતળ થયું. ચાઠા દૂર થયા. માત્ર નાસિકા પર એક ડાઘ રહી ગયો. ગમે તેવું કષ્ટ પડે પણ ગુરુની મરજી હોય એમાં સંપૂર્ણપણે ભળી જવાનું જ એમને ગમે. શાસ્ત્રીજી મહારાજે બીમારીમાં સારંગપુરથી એમને સંભાર્યા, તો અટલાદરાથી વરસતા વરસાદમાં ટ્રેનના ફૂટબોર્ડ પર લટકતાં લટકતાં અને બોટાદથી સારંગપુર સુધી કાદવ ખૂંદતાં આવ્યા. શાસ્ત્રીજી મહારાજે જ્યાં એમને જોયા ને તરત જ એમને એમ ભીના કપડે ભેટી પડ્યા. ગુરુની ઇચ્છા પૂર્ણ કરવામાં જાણે બીજો વિચાર જ નહીં કરવાનો !

ગુરુના દર્શનની પણ એવી લગની કે વઢવાણમાં ચંદુભાઈના ઘરે પધરામણીમાં ગયેલા શાસ્ત્રીજી મહારાજના દર્શને ભોગાવાના ખુલ્લા પટમાં ધગધગતી રેતીમાં ઉઘાડા પગે દોડીને ગયા.

દર્શનની આ લગની જેટલી જ તત્પરતા સ્વામીશ્રીના જીવનમાં ગુરુની આજ્ઞા પાળવામાં દેખાય છે. સારંગપુરમાં એકવાર સ્વામીશ્રી બોલ્યા હતા : 'યોગીબાપા હતા ત્યારે મેં સ્વતંત્રપણે કોઈ નિર્ણય લીધો જ નથી.' નિંગાળા મંદિરની પ્રતિષ્ઠાની આગલી રાત્રે યોગીજી મહારાજની આજ્ઞા થતાં તરત જ ગોંડલ જવા નીકળી ગયા. યોગીજી મહારાજના અમૃત મહોત્સવની ઉજવણી માટે સ્થળ પસંદગીની મિટિંગમાં યોગીજી મહારાજની રુચિ ગોંડલમાં ઉત્સવ ઉજવવાની હતી. કેવળ ગુરુની રુચિ સાચવવા પાણીની ગંભીર સમસ્યા હોવા છતાં મિટિંગના મુખ્ય સૂત્રધાર તરીકે આ ઉત્સવ ગોંડલમાં જ ઉજવાય એવો મત સ્વામીશ્રીએ રજૂ કર્યો. બીજા બધા સભ્યોએ વિરોધ કર્યો. ત્યારે સ્વામીશ્રી કહે : 'બધું જ થશે પણ આપણે



સમૈયો અહીં ગોંડલમાં કરવો છે. ગોંડલ સ્વામીનું સ્થાન કહેવાય અને એમની મરજી છે એટલે અહીં જ કરવો છે.'

પછી તો સૌએ સ્વામીશ્રીનો નિર્ણય સ્વીકાર્યો. અને ત્યારે યોગીજી મહારાજે એમના ઉપર અનરાધાર રાજીપો વરસાવ્યો હતો.

આમ, પ્રમુખસ્વામી માટે ગુરુની ઇચ્છા સર્વોપરી હતી. એ ઇચ્છા આગળ સંજોગો, મુશ્કેલીઓ, ભીડો વગેરે બધું એમને મન ગૌણ હતું.

આમ, ગુરુ જ એમના માટે સર્વસ્વ હતા. એમની ગુરુભક્તિ આજે પણ એ જ વેગથી વહી રહી છે.

**(૩) પંચવર્તમાનની દૃઢતા**

શ્રીજીમહારાજે સંતોને પાંચ વર્તમાન ધારણ કરી એને દૃઢપણે પાળવાની આજ્ઞા કરી છે. આમાં નિષ્કામ : અષ્ટાંગ બ્રહ્મચર્ય, નિર્માન : માન-અપમાન પ્રત્યે દુર્લક્ષ, નિઃસ્વાદ : અન્ન કે ખોરાકના સ્વાદ તરફ ઉદાસીનતા, નિઃસ્નેહ : સંબંધીઓ પ્રત્યે અનાસક્તિ અને નિર્લોભ : ધનનો ત્યાગ, આ પાંચ બાબતોનો સમાવેશ થાય છે. આ પંચવર્તમાન સ્વામીશ્રીના લોહીનો લય છે. દેશ-પરદેશ ગમે ત્યાં સ્વામીશ્રી હોય, આ નિયમોનું સારધાર પાલન તેઓ કરતા જ રહે છે. શ્રીજીમહારાજની આજ્ઞાનું સ્વપ્નમાં અને સુષુપ્તિમાં પણ અવશ્યપણે પાલન થાય એવો ખટકો જોવા મળે. એમાં જરાય બાંધછોડ ન કરે.

એમાંય નિષ્કામી વર્તમાનનું પાલન તો ઊડીને આંખે વળગે એવું. જ્યાં વિકાર ન થાય એવી વયની વ્યક્તિની બાબતમાંય આ નિયમને અડગપણે વળગી રહે. ૧૯૮૬માં ગઢડામાં દાદાખાચરના વંશજ કનુભાઈ ખાચરના ભવનમાં પધરામણી ચાલુ હતી. ત્યાં સ્વામીશ્રીએ બે બાળકોને વર્તમાન ધરાવ્યા. કંઠી પહેરાવી. પછી નામ પૂછતાં એકે 'સુરુભા' અને બીજાએ જ્યાં 'દેવકુબા' કહ્યું, ત્યાં જ સ્વામીશ્રીને આંચકો લાગ્યો. મુખ પરની રેખાઓ બદલાઈ ગઈ. તત્કાળ તો કાંઈ ન બોલ્યા. પણ પધરામણી પૂરી થતાં ગાડી ઘેલાના ઘાટમાં લેવડાવી અને તમામ વસ્ત્ર સહિત સ્નાન કર્યું. સાંજ પડી ગઈ હતી. માત્ર ૩-૪ વર્ષની બાળકીનો સ્પર્શ થયો અને એમણે ઉપવાસ કરી લીધો. બધાએ આગ્રહ કર્યો છતાં સાદું પાણી કે દવા પણ ન લીધાં !

આવું જ ટાન્ઝાનિયા દેશના રાષ્ટ્રપ્રમુખ ન્યરેરેના ઘરે પધરામણી વેળાએ બન્યું. અહીં હતા એમના ૯૦ વર્ષનાં વૃદ્ધ માતા. એમને આશીર્વાદ આપવા રાષ્ટ્રપ્રમુખે વિનંતી કરી ત્યારે જરાપણ ક્ષોભ વગર સ્વામીશ્રીએ ના પાડી. 'તેમને કહો કે સ્વામીએ આશીર્વાદ આપ્યા છે તે ત્યાં પહોંચી જશે, ને તેમને સારું થશે.'

આમ કહીને સ્વામીશ્રીએ પોતાની આ ટેકને અચળ રાખી. ૧૯૮૦માં અમેરિકામાં તો આંખો ગુમાવાય એવી પૂરેપૂરી શક્યતા ઊભી થયેલી છતાંય સ્વામીશ્રીએ 'પુરુષ નર્સની વ્યવસ્થા થાય તો જ ઓપરેશન કરાવશું' આવું સ્પષ્ટપણે કહી દીધું.

એક કથાકાર સ્વામીશ્રી માટે ઘણીવાર કહે છે, 'પ્રમુખસ્વામીજીને ગજવું જ નથી. આટલી મોટી સંસ્થાના ધણી છે છતાં પોતાના નામે એ કંઈ રાખતા નથી.' સ્વામીશ્રીને મ્વાન્ઝાથી દારેસલામ જવાનું હતું. કોઈએ વાત ઉડાવેલી કે પ્રમુખસ્વામી અને એમના સંતો હીરા લઈને જાય છે. એરપોર્ટ પર કડક ચેકીંગ થયું. પૂજાની પોટલીમાંથી કંકુની ડબ્બીઓ કઢાવી. તેમાં પણ આંગળી નાખી નાખીને જોયું પણ કાંઈ જ ન નીકળ્યું. એમને આશ્ચર્ય થયું કે 'સામાન્ય મુસાફર પાસે હોય તે પંચોતેર શિલિંગ પણ તમારી પાસે નથી ! આવો આ પહેલો જ પ્રસંગ છે.'

સ્વાદની બાબતમાં તો બાળપણથી જ ઉદાસીનતા જોવા મળે છે. ઘણીવાર તો પોતે ભોજન લીધું છે કે નહીં એ જ યાદ દેવડાવવું પડે ત્યાં જીભના સ્વાદનો વિચાર તો આવે જ ક્યાંથી ? પત્તરમાં જ જમવાનો આગ્રહ રાખે. સૌ જમે તે જ પોતાને સ્વીકાર્ય. સામે થાળમાં વિવિધ વાનગીઓ હોવા છતાં સ્વામીશ્રી તો એકદમ થોડું અને સાદું જ જમે. એટલું જ નહીં, જેવું હોય તેવું ખપે ને પીરસાયું તે જમવાનું. એના વિશે કશી જ ટીકા કે ટિપ્પણી નહીં. અમદાવાદમાં એક હરિભક્તને નવી ઘંટીના સૌ પ્રથમ દળણના લોટથી સ્વામીશ્રીને જમાડવા એવો ભાવ. આ લોટના રોટલા બનાવડાવી પ્રથમ ઠાકોરજીને ધરાવીને સ્વામીશ્રીને જમાડ્યા. તેઓ તો પ્રેમથી જમ્યા. પછી સેવક સંતો જમવા બેઠા ત્યારે ખ્યાલ આવ્યો કે લોટમાં પુષ્કળ પ્રમાણમાં કરકર હતી. પણ સ્વામીશ્રીએ તો એવો અણસાર સુધ્ધા આવવા દીધો નહોતો. ઢેબરાં કડવાં થઈ ગયાં હોય, કાકડી કડવી હોય, દૂધીના ઢેબરામાં મીઠું વધારે પડી ગયું હોય તેમ છતાં 'ઠાકોરજી બોલ્યા વિના જમી ગયા, તો પછી આપણે શા માટે ફરિયાદ કરવી ?' આમ કહીને પ્રેમથી જમી જાય.

સ્વામીશ્રીના જીવનમાં પૂર્વાશ્રમના સંબંધીઓ પ્રત્યે પણ દુર્લક્ષ જોવા મળે. અટલાદરામાં સમૈયા પ્રસંગે આવેલાં દીવાળીબા(પૂર્વાશ્રમનાં માતુશ્રી)ને સારી વ્યવસ્થા કરાવવા ભલામણ કરવા કોઈએ કહ્યું, ત્યારે 'સમૈયામાં તો આમ જ હોય' કહીને એ તરફ ધ્યાન જ ન આપ્યું. આવું એમનું નિઃસ્નેહીપણું.

તો એમના નિર્માનીપણા વિશે તો જેટલી વાત કરીએ એટલી ઓછી છે.



અક્ષરપુરુષોત્તમ સંસ્થા જેવી મોટી સંસ્થાના પ્રમુખ થયા પછી તરત વાસણ ઊટકવા બેસી ગયા. ૧૯૭૪માં નૈરોબીના એરપોર્ટ ઉપર ઊતર્યા સિવાય પાછા ફરવું પડ્યું છતાંય જાણે કશું જ બન્યું નથી એમ સવારે મુંબઈમાં કથામાં સૌને ખૂબ જ આનંદ કરાવ્યો. કોઈની માફી માગવાની હોય કે બહારના સાધુ-સંન્યાસી આગળ નમવાનું હોય, નાનામાં નાની સેવા હોય એ સર્વેમાં એમને જરાય નાનપ અનુભવાઈ નથી.

આમ, શ્રીજીમહારાજની આ પાંચ આજ્ઞાઓનું સ્વામીશ્રી સારધાર પાલન કરે છે. આ પંચવર્તમાન એ તો એમના લોહીનો લય છે.

**પ્રશ્ન.૧(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

### (૧) કરુણામૂર્તિ સ્વામીશ્રી

ગુજરાતની આબોહવાનો છેલ્લા બે સૈકાનો ઈતિહાસ જોતાં જણાશે કે દર દાયકે એક મોટો દુષ્કાળ ગુજરાતને એની વિકરાળ દાઢમાં લેતો રહ્યો છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઈ.સ. ૧૯૮૭નું વર્ષ લાગલગાટ ચોથા દુષ્કાળનું વર્ષ હતું. આ દુષ્કાળમાં મોતના ખપ્પરમાં હોમાતું પશુધન અને એને બચાવવા માર્યો માર્યો ફરતો માનવી... આ પરિસ્થિતિ જોઈને સ્વામીશ્રીનું કરુણાર્દ્ર હૈયું દ્રવી ઊઠ્યું અને પછી એમણે આ પશુઓ અને સાથે સાથે માનવીઓને બચાવી લેવા માટેનો જે ભગીરથ પુરુષાર્થ કર્યો, કેટલકેમ્પરૂપી મહાયજ્ઞ કર્યો, એ બધુંય ઓગણોતેરા દુષ્કાળ વખતે ખુદ શ્રીજીમહારાજે જે કાર્ય કર્યું હતું એની સ્મૃતિ કરાવે એવું હતું.

રાજકોટ નજીક રતનપુરમાં એક જગ્યાએ પાંચેક હજાર વાછરડાં રાખવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રી એ સ્થળની મુલાકાતે ગયા. એ વખતે એ વાછરડાંઓનો આખો સમૂહ સ્વામીશ્રીની પાછળ પાછળ ફરવા લાગ્યો. પૂછતાં ખબર પડી કે બે ત્રણ દિવસથી આ પાંચ હજાર જીવોને ખાવા જ મળ્યું નથી. એ જ સાંજે ગોંડલ આવીને તરત જ કોઠારી જ્ઞાનપ્રસાદ સ્વામીને બોલાવ્યા અને ૬ ટ્રક ઘાસ મોકલવાની વ્યવસ્થા કરવા કહ્યું. આ મુલાકાત પછી સ્વામીશ્રી ખૂબ અંતર્મુખ થઈ ગયા. એમના પ્રત્યેક હાવભાવમાં વ્યથા દેખાતી હતી. તા.૧૧-૧૦-૮૭ની રવિસભામાં સ્વામીશ્રી કહે : 'અત્યારે તો આ બધું જોયું જતું નથી, ને સાંભળ્યુંય જતું નથી. અત્યારે તો દુઃખ સાંભળીએ ને કંપારી છૂટે છે.' ઢોર જીવી જાય એટલું જ એમને મન પૂરતું નહોતું પણ દુષ્કાળનો સમય પૂરો થાય એટલે બમણા જોરથી એ કામ કરી શકે એવું તંદુરસ્ત રહે એ માટે સ્વામીશ્રીએ કેટલકેમ્પ શરૂ કરાવ્યા. બોચાસણ, અટલાદરા, ભવાનપુરા અને સાંકરી એમ ચાર સ્થળોએ શરૂ થયેલાં

આ કેટલકેમ્પમાં થતી પશુઓની માવજત એટલે સ્વામીશ્રીની કરુણાનું જ નર્યું દર્શન.

સ્વામીશ્રીએ સંતોને આપેલી સૂચનાઓ, માર્ગદર્શન અને આજ્ઞામાં એમની કરુણા નીતરતી છબી ઊભરી આવે છે.

'હવે સંતોએ કેડ બાંધવાની છે. આ પણ દ્વિશતાબ્દી જ માનજો. સરકાર તો ત્રણ રૂપિયા જ આપે છે. આપણે ભલે ઢોર દીઠ ૧૫ રૂપિયા ખર્ચવા પડે પણ બળદ આવતી સાલ સશક્ત રહે એ રીતે જ કામ કરવું છે.'

'આપણે હવે દિવાળીના તહેવાર મહાલવાના નથી. આપણા માટે આ જ ઉત્સવ.'

'ધ્યાન, ભજન, માળા આ બધું અત્યારે આ જ છે. આ ભીડો નથી પણ ભક્તિ છે.'

ડાંગરાના કેટલકેમ્પના અનુભવના આધારે કોઠારી જ્ઞાનપ્રસાદ સ્વામીએ જ્યારે સ્વામીશ્રીને એથી વધુ આગળ ન વધવા વાત કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'મારે તો લાખ ઢોર રાખવાં છે. ન કેમ રાખી શકીએ ? હું ૩૦૦ સંતોને કામે લગાડીશ. અત્યારે બેસી રહેવાય એવું નથી. પશુઓનું દુઃખ તો જુઓ !'

કરુણામૂર્તિ સ્વામીશ્રીએ લોકો પાસે દાન લેવા જતાં સંતોને સલાહ આપી, 'વાત આપણે કરીએ ને એને બીજી સંસ્થામાં દાન આપવાની પ્રેરણા થાય તોય આપણે સફળ જ થયા છીએ.' મુંબઈના કોઈ શ્રેષ્ઠીએ લાખ રૂપિયા ભેગા કરેલા. તે ક્યાં આપવા એનું માર્ગદર્શન લેવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ એમને બોટાદ, અમરેલી અને ગઢડાની પાંજરાપોળના નામ સૂચવ્યા. આમ, આ મહાયજ્ઞમાં સ્વામીશ્રીની નજર આગળ દુષ્કાળપીડિત ભૂખ્યાં ઢોર હતાં. એ ઢોરના માલિક કોણ છે, કેવા છે એવા કોઈ રાગ કે પૂર્વગ્રહ નહોતા.

સારંગપુરમાં વેળાવદરના એક ભાવિક આવ્યા. એમણે કહ્યું : 'તમારા કાર્યકર્તાઓએ તો તમારી પારાયણમાં જેણે બડિયા (લાકડીઓ) લીધા હતા એનાંય ઢોર નોંધ્યા છે.' સ્વામીશ્રીએ જવાબ આપ્યો : 'એણે ભલે ને બડિયા લીધા, એણે એની ભૂંડાઈ ના તજી તો આપણેય ભલાઈ શું કામ તજવી ?'

સ્વામીશ્રીની આવી વિશાળ ભાવનાથી એ દુષ્કાળ વખતે છાશ વિતરણ કેન્દ્ર ખુલ્યાં. જેમાં રોજની ૭૦,૦૦૦ લિટર છાશનું વિતરણ થતું. ઠેર ઠેર અનાજ વિતરણ કાર્ય થયું. જેમાં ૪૫,૦૦૦ મણ કરતાંય વધુ અનાજનું વિતરણ થયું.

સ્વામીશ્રીએ દેવચરણ સ્વામીને ગોંડલ ગુરુકુળ અને ભાદરા હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓના ઘેર જઈને ઘરની પરિસ્થિતિ જોઈ આવવા કહ્યું અને એમને



જે કાંઈ જરૂર હોય તે પહોંચાડવા આજ્ઞા કરી. કેટલકેમ્પનું કાર્ય માત્ર ઢોર સાચવવા પૂરતું મર્યાદિત ન રહ્યું. કેટલકેમ્પમાંથી વિદાય વખતે જેના ઘરે વ્યવસ્થા થઈ શકે એમ ન હોય તો સાથે બે મહિના ચાલે એટલું ઘાસ ભરી આપવા, વાવણી વખતે ખાસ ચણાની ફોતરી ને ઘઉંના ભૂસાની પણ વ્યવસ્થા કરી આપવા અને સંજોગોવશાત્ કેમ્પમાં કોઈના બળદ મરી ગયા હોય તો એના માટે બીજો બળદ આપવા સંતોને સૂચવ્યું.

નીલગિરિના ખેતરમાં ચાલતો બોચાસણનો કેમ્પ, લીમડાઓની ઘેઘૂર છાયા તળે ચાલતો ભવાનપુરાનો કેમ્પ, સંતોએ જાતમહેનતથી ઊભાં કરેલાં વિશાળ આશ્રયસ્થાનોમાં ચાલતો અટલાદરાનો કેમ્પ અને આ બધા કેમ્પમાં વૈજ્ઞાનિક ઢબે લેવાતી પશુઓની સંભાળ, પશુઓના માલિકોને પણ કથા, ભજન, આરતી અને વ્યસનમુક્તિ દ્વારા અપાતી જીવનઘડતરની કેળવણી - આ બધું જોતાં સ્વામીશ્રીની કરુણાગંગામાં નહાવાનું કોઈને પણ મન થઈ જાય !

આ કરુણાગંગા મહારાષ્ટ્રના અને કેલિફોર્નિયાના ભૂકંપગ્રસ્તો અને સુરતના પ્લેગગ્રસ્તો સુધી વિસ્તરેલી છે. તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ની રાત્રે ૩-૫૬ વાગે ધરતીના ગર્ભમાંથી નીકળેલો એ વિનાશક ફુત્કાર ૩૫,૦૦૦ લોકો ઉપર ફરી વળ્યો. મરાઠાવાડની આ ભયાનક ઘટનાના સમાચાર સૌરાષ્ટ્રમાં સારંગપુર ગામે બિરાજેલા પ્રમુખસ્વામી મહારાજને મળ્યા. ને તરત જ મુંબઈ-દાદર મંદિરના સંતોને - સ્વયંસેવકોને ભૂકંપગ્રસ્તોની સેવામાં તમામ કરી છૂટવા આદેશ આપ્યો.

એ જ રાત્રે સંતો-યુવકોની એક ટુકડી મુંબઈથી રવાના થઈ. તા. ૧લી ઓક્ટોબરથી ૨ ટન પૂરી અને ૨ ટન બટાટાનું શાક બનાવી વિતરણકાર્ય શરૂ કર્યું. જ્યાં હજુ મિલિટરી પણ પહોંચી ન હતી, લાશો ગંધાતી હતી, જીવતા માણસો ગામ બહાર રોકકળ કરતા હતા. ભૂખ્યા-તરસ્યા સૌ કોઈનું દુઃખ-રુદન કઠણ કાળજાના માનવીને પણ કંપારી છૂટે તેવું હતું. ત્યારે સ્વામીશ્રીની આજ્ઞાથી નીકળેલા સંતો-સ્વયંસેવકોની ટુકડીઓ તેમને ઈશ્વરના અવતાર સમી લાગી.

સૌને રાશનકાર્ડ પદ્ધતિથી રસોઈની સામગ્રીનું વિતરણ, રસોઈ પકાવવા માટે સ્ટવથી માંડીને માથામાં નાંખવાના તેલ સુધીની જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ-સાધનો પણ આપ્યાં. ધોધમાર વરસાદમાં, રહેવા-જમવા માટે કોઈ આશ્રયસ્થાનની સગવડ નહિ. દિવસમાં એક ટંક ભોજન ભેગા થવાય તોય ઘણું એવી સતત દોડધામમાં પણ સંતો-સ્વયંસેવકો સેવામાં ઉત્સાહથી દોડતા રહ્યા, એની પાછળનું કારણ એક જ હતું : 'સ્વામીશ્રીની કરુણાગંગા !'

કાયમી પુનર્વસન યોજના હેઠળ સૌ પ્રથમ સ્થાયી વસવાટ 'સ્વામિનારાયણ

નગર'ના નામે શરૂ કરવાનો યશ પણ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાને જ મળ્યો, જ્યારે સમુદ્રાલ ગામે એક ગામની તમામ જરૂરિયાતોનો સમાવેશ થાય એવા 'સ્વામિનારાયણ નગર'નું ઉદ્‌ઘાટન થયું.

જ્યાં પ્રમુખસ્વામી મહારાજ, અક્ષરપુરુષોત્તમ સંસ્થા કે સ્વામિનારાયણ સંપ્રદાયનું નામ પણ કોઈ જાણતું ન હતું તેવાં આ દૂરનાં અંતરિયાળ પછાત ગામોમાં આજે સૌને હૈયે એક જ સ્વર ગુંજે છે : 'એકમાત્ર સ્વામિનારાયણ આપલ્યા આહે !'

**(૨) શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રમુખસ્થાને**

સં. ૨૦૦૬, જેઠ સુદિ ૪, રવિવાર, તા.૨૧-૫-૫૦નો એ પવિત્ર દિવસ. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના ઇતિહાસમાં સાચે જ યાદગાર બની રહેશે.

આ પ્રસંગના મૂળમાં શાસ્ત્રીજી મહારાજની માનવરત્નની પરખ, એમની નિર્ણયશક્તિ અને નિર્ણયમાં અડગ રહેવાનું મનોબળ રહેલાં છે. ઈ.સ. ૧૯૫૦માં નારાયણસ્વરૂપદાસજીને સંસ્થાનું પ્રમુખપદ સોંપવાનો શાસ્ત્રીજી મહારાજે નિર્ણય કર્યો ત્યારે કેટલાક જૂના હરિભક્તોને આ નાનકડા સંતને આટલી મોટી જવાબદારી સોંપાય તેમાં સંસ્થાના હિત અંગે દહેશત હતી. તેથી એકવાર મગનભાઈએ શાસ્ત્રીજી મહારાજને કહેલું, 'સ્વામી ! આવા નાના સાધુને સંસ્થા સોંપો છો, પણ પાછળથી પસ્તાવાનો વારો ન આવે...' ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલી ઊઠેલા : 'મગનભાઈ, અમે ઘણાં કામો કર્યાં છે. તેમાં હજુ સુધી હું ક્યારેય પસ્તાયો નથી ને આ કાર્યમાં પણ મને ખાતરી છે કે બધું યોગ્ય જ છે. મારે પસ્તાવું નહીં પડે. તમે તેના દેહ સામું જુઓ છો, હું તેના જીવ સામું જોઉં છું...'

શાસ્ત્રીજી મહારાજનો આત્મવિશ્વાસ અને પોતાના આ નાનકડા શિષ્ય ઉપર મૂકેલો વિશ્વાસ એ તેમની સચોટ નિર્ણયશક્તિ અને નારાયણસ્વરૂપદાસની તેજસ્વી પ્રતિભાને જ સૂચવે છે.

શાસ્ત્રીજી મહારાજે છગનભાઈને કહ્યું હતું, 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને આ સંસ્થાના પ્રમુખ બનાવીને તમને સૌને ૫૦ વર્ષનું સુખ કરતો જાઉં છું !'

પ્રમુખસ્વામી હજુ તો માંડ પચીસ વર્ષના હતા ત્યારે શાસ્ત્રીજી મહારાજે એમને એક પત્ર લખ્યો હતો. આણંદથી લખાયેલા આ પત્રમાં શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં ચાલી રહેલા દરવાજાના કામ અંગે લખી આગળ કહે છે, 'વિ. સૂતાં સૂતાં સાકરનો કાંકરો મોઢામાં આવ્યો છે. તો હવે ગળે ઉતારી સુખ લેવાનું છે. મારા દેહનો હવે નિરધાર નથી. બે ચાર વર્ષ વખતે રહે. વધુ તો રહે તેમ નથી.



તો તેટલામાં ભેગા રહી જિંદગીનું કામ કરી લેશો.'

તા. કલમ : અત્યારે પૂર્વના શુભ સંસ્કારથી નાની ઉંમરમાં આપની પ્રતિષ્ઠા આપણા મંડળમાં પહેલા નંબરની થઈ છે. તેમ મારી વૃત્તિ પણ સ્વાભાવિક તમારી ઉપર ઠરે છે...

મારે તો અત્યારે સ્વાભાવિક તમારી ઉપર હેત છે જેથી હંમેશાં ઊભરા આવે છે કે કેમ બધી વાતે સર્વોપરી થાય તો સારું... આપને પણ તેવું કરવાનું છે કે મને અને આખા સત્સંગને રાજી કરવો. બધું મળશે પણ સ્વામી-મહારાજ તથા તેમના લાડીલા ગુણાતીત જ્ઞાનના સંત-હરિભક્તોને રાજી કરવાથી જે સર્વોપરી પ્રાપ્તિ થાય છે તેવું કોઈ સાધન રાજીપા જેવું નથી... આપ પણ આવો અમૂલ્ય સેવાનો વખત ભૂલશો નહીં ને બહુ આદરથી સપ્રેમ સ્વીકારશો.'

આ પત્ર પરથી શાસ્ત્રીજી મહારાજને સ્વામીશ્રી ઉપર કેટલો અનહદ પ્રેમ હશે તેનો ખ્યાલ આવે છે.

આ પછી તા. ૨૧-૫-૫૦નો એ યાદગાર દિવસ આવી પહોંચ્યો. આ દિવસે સાંજના પાંચ વાગે શાહપુર આંબલીવાળી પોળમાં અક્ષરપુરુષોત્તમ મંદિરમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના પ્રમુખપદે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીની જનરલ મિટિંગ મળી હતી. તે વખતે યોગીજી મહારાજ પણ ત્યાં હાજર હતા. કમિટીનું કામકાજ શરૂ થતાં સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવી હતી. સેક્રેટરી રસિકલાલભાઈએ ગઈ મિટિંગનો અહેવાલ તથા સૂચનાપત્ર વાંચી સંભળાવ્યા હતા. ત્યારબાદ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે સ્વમુખે પ્રવચન કર્યું, 'આજથી મારી પ્રમુખ તરીકેની જગ્યાએ મારા સ્થાને સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની નિમણૂક કરું છું.' એમ કહી પોતાની પાસે ચાદર હતી તે તેઓશ્રીને ઓઢાડીને નારાયણસ્વરૂપદાસજીને સંબોધીને કહ્યું કે 'આ યોગી મહારાજ વચનસિદ્ધ અને બહુ પ્રતાપી સંત છે. તેમની છત્રછાયામાં રહી તમારે સત્સંગ દીપાવવાનો છે.' પછી સદ્‌ગુરુ યોગીજી મહારાજે બે હાથ સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના માથે મૂક્યા અને આશીર્વાદ આપ્યા. સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવી સહર્ષ વધાવી લીધા હતા. સ્વામીશ્રી કહે, 'મારી આજ્ઞા જેમ પાળતા હતા તેમ હવેથી સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની આજ્ઞામાં સૌ રહેજો.' સૌએ રાજી થઈ 'હા' પાડી. પછી નિમણૂક પત્ર વંચાયો. ત્યારબાદ મોટેરા હરિભક્તો અને સંતોએ પ્રસંગોચિત્ત વાત કરી. સૌને મીઠાઈ વહેંચવામાં આવી. આ ઐતિહાસિક અવસરે પ્રમુખસ્વામીએ જે પ્રવચન કર્યું હતું એમાં પ્રમુખસ્વામીની અત્યંત નમ્રતાનાં દર્શન થાય છે, એમણે

પદગ્રહણ કર્યા પછી કરેલો સંકલ્પ અને પ્રતિજ્ઞાનો પણ સમાવેશ થાય છે. આવી સેવાનો અવસર આપ્યા બદલ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજનો આભાર માન્યો. નારાયણસ્વરૂપદાસજીએ પ્રતિજ્ઞા કરી : 'હું આજે આપ ગુરુશ્રી તેમજ આ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે મારું કર્તવ્ય બરાબર બજાવી આપની સંસ્થાને, મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી, આપનો કૃતકૃત્ય બનીશ.'

આ પ્રસંગ ભવ્ય રીતે ઊજવાઈ ગયો. સંસ્થાના પ્રમુખને કેટલી વિશાળ સત્તાઓ હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજને એનું લેશ પણ વળગણ નથી. પ્રમુખ થયા પછી એ જ સમારંભને અંતે, એ જ મકાનના એક ભાગમાં એ વાસણ ઊટકવા બેસી ગયા હતા. સ્વામીશ્રીએ સત્તાને સેવામાં પલટી નાખી છે.

**(૩) સ્વામીશ્રીનું અવિરત કપરું વિચરણ**

'તમારા સત્સંગી હોય તેમને એક વીંછીનું દુઃખ આવવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.' કદાચ વિશ્વના ધાર્મિક ઈતિહાસમાં કોઈ શિષ્યે ગુરુ પાસે આવું નહિ માગ્યું હોય ! સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીને કરેલી આ પ્રાર્થના સાચે જ અજોડ છે.

શ્રીજીમહારાજનો આ સિદ્ધાંત પ્રમુખસ્વામી મહારાજે હંમેશાં નજર સમક્ષ રાખ્યો છે. સત્સંગીઓ રાજી રહે - એમના સુખ-શાંતિ માટે પોતાને ગમે એટલું કષ્ટ પડે પણ એની કોઈ ગણતરી સ્વામીશ્રીએ કરી નથી. હરિભક્તોને રાજી રાખવા માટે એમણે વેઠેલા ભીડાનો કોઈ હિસાબ નથી.

દિવસ-રાત જોયા વિના, ઉત્તર-દક્ષિણના ઘણા કષ્ટદાયક કાર્યક્રમ ઊભા થઈ જતા. મણિભાઈ સલાડવાળા ધામમાં ગયા ત્યારે સ્વામીશ્રી મોરબી રેલ હોનારત સ્થળે વ્યવસ્થામાં હતા. ત્યાં સમાચાર મળ્યા એટલે તરત નીકળ્યા. રાત્રે બે વાગે અમદાવાદ આવ્યા ને રાત્રે જ મોટર રસ્તે ઠીકરિયા આવ્યા. મણિભાઈની નનામીને કાંધ આપી. અગ્નિસંસ્કાર પછી અગિયાર વાગે અટલાદરા જઈ સ્નાનપૂજા કર્યા પછી જમ્યા.

આંખે મોતિયો, પિત્તાશય અને ગાંઠનું ઓપરેશન, પગે વા અને હાર્ટની બીમારી... આવાં દર્દોને ગણકાર્યા વગર સ્વામીશ્રી વિચરણ અને પધરામણીઓ કરતા.

૧૯૮૩માં હાર્ટ એટેક આવ્યો છતાં સ્વામીશ્રીએ તો વિચરણ ચાલુ જ રાખ્યું. બીજે જ વર્ષે પૃથ્વીના પાંચ ખંડને આવરી લઈને વિદેશમાં વિચરણ કર્યું અને



સંખ્યાબંધ પધરામણીઓ કરી. ૧૯૮૫માં શરીરમાં તાવ હતો. એવી પરિસ્થિતિમાં કાનમમાં એમણે ૨૦ દિવસમાં ૯૫ ગામોમાં વિચરણ કર્યું. રોજની ૩૦ થી ૪૦ પધરામણીઓ થઈ જતી.

એકાદશીના નિર્જળા ઉપવાસમાં પણ એમનો ઉત્સાહ એવો ને એવો જ ! ૧૯૮૩માં વાસદમાં એકાદશીના ઉપવાસમાં સવારના સાડા આઠ વાગ્યાથી બપોર પછીના સાડા ત્રણ વાગ્યા સુધી ૧૦૧ પધરામણીઓ કરી હતી. ઉતારે જઈને એ સીધા સૂઈ જ ગયા. ગમે તેટલી પધરામણી હોવા છતાં પણ સ્વામીશ્રી કદી આમ સૂઈ જતા નહીં એટલે સંતોએ પ્રશ્ન કર્યો. જવાબ મળ્યો : 'ઠીક નથી.' સંતોએ જોયું તો શરીરમાં તાવ હતો. માપ્યો તો એ ૧૦૨ ડિગ્રી હતો ! પૂછ્યું તો કહે, 'સવારથી જ છે.'

'તો પછી આવું કષ્ટ શા માટે ઉઠાવ્યું ?' સંતોના આ પ્રશ્નના જવાબમાં સ્વામીશ્રી કહે : 'શરીર તો આમ ચાલ્યા કરે, હરિભક્તોને રાજી કરી લેવા.'

જામનગરમાં પગે સોજા આવી ગયેલા. ડોક્ટરે આની ગંભીરતા જણાવી છતાંય પધરામણી તો ચાલુ જ હતી.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં વિચરણ કરતાં કરતાં સૌરાષ્ટ્રથી સાબરકાંઠા વિસ્તાર સુધી પહોંચ્યા. હિંમતનગરમાં ઝાડા થઈ ગયા. અશક્તિ આવી ગઈ. તાવ હોવા છતાં ખેડબ્રહ્મા ખાતમુહૂર્તના સમારંભમાં જવા માટે સતત આગ્રહ રાખ્યો.

તબિયતનું જે થવું હોય તે થાય પણ હરિભક્તોના પધરામણીના આમંત્રણને પાછું ઠેલાય નહીં એવો સ્વામીશ્રીનો મત. બોસ્ટનમાં એક વખત એમણે કહેલું : 'હરિભક્તોએ રજા લઈને તૈયારીઓ કરી હોય ને આપણે ન જઈએ તો તેમને કેટલી મુશ્કેલી પડે ! આપણું તો જે થવાનું હોય તે થાય, પણ હરિભક્તોને રાજી કરવા.'

તા. ૯-૩-૭૯ના રોજ સ્વામીશ્રી ગારિયાધારથી સવારે આઠ વાગે નીકળ્યા. નિર્જળા એકાદશી હતી. મોરબી, ચારોળિયા, કુતાણામાં પધરામણીઓ કરી વેળાવદર પધાર્યા. નગરયાત્રા અને સભા પછી મેંકડા પધરામણીઓ કરી મોટા ભામોદરા મંદિરની પ્રતિષ્ઠા કરી. રાત્રે સાડા અગિયાર વાગે જેસરમાં જાહેરસભા પૂરી કરી બાર વાગે આરામમાં પધાર્યા. ૧૯૭૪ના વિદેશપ્રવાસમાં ફિલાડેલ્ફિયામાં સાંજના ચારથી બીજે દિવસે સવારના ચાર વાગ્યા સુધી એટલે કે આખી રાત પધરામણીઓ ચાલી, કારણ કે તે દિવસે વોશિંગ્ટન જવાનું હતું. હરિભક્તો નારાજ થાય એ સ્વામીશ્રીને ગમે નહીં. તેથી જ સહેજ પણ અણગમો

દાખવ્યા વગર એમણે આખી રાત ભીડો વેઠ્યો.

ઈ.સ. ૧૯૭૭માં સાબરકાંઠામાં ભરઉનાળે વિચરણ ગોઠવ્યું. સંતો કહે, 'સ્વામી ! ઉનાળામાં મુંબઈ સારું રહે, ગરમી ન લાગે.' સ્વામીશ્રી કહે, 'ઉનાળામાં ગામડે સારું રહે. ચોમાસામાં ત્યાં ગારો થાય એટલે હરિભક્તોને ફાવે નહિ.' અને એ વખતે ૨૭ દિવસમાં ૮૭ ગામોનું ભરચક વિચરણ થયું. આરામનું નામનિશાન નહીં.

ગજેરામાં દિવસમાં ૧૫૭ પધરામણીઓ કરી હતી. નાદરી ગામે બપોરે ત્રણ વાગ્યા સુધી નગરયાત્રા ચાલી. પછી જમીને કથામાં જઈ સાંજના છથી રાતના દસ વાગ્યા સુધી ૧૦૦ પધરામણીઓ કરી. પધરામણીમાં વચ્ચે પાણી પીવાનો સમય પણ ન રહે. જમવાનું બે કે અઢી વાગ્યા પછી જ થાય. રાતનું જમવાનું અગિયાર-બાર ગમે તેટલા વાગે થાય. પછી સૂવાનું. કોઈ વાર જમવાનું વહેલું થાય તો રાત્રે બાર વાગ્યા સુધી સભા ચાલે જ. સાડા બાર-એક વાગે સૂવાનું થાય.

મહીકાંઠાનાં કોતરોમાં બદલપુર વિસ્તારમાં બબ્બે કિલોમિટર ચાલીને છાપરે છાપરે સવારથી તે સાંજ સુધી પધરામણીઓ કરતા. બામણગામના ટેકરા ઉપર વસેલાં છાપરાંઓની પધરામણીઓમાં તો છાતી હાંફી જાય. તળાવનાં ડહોળાં પાણી પીને ધોમધખતા તાપમાં ભાલ પ્રદેશની ઝીણી ધૂળમાં મહિનો મહિનો વિચરણ કરતા. ગમે તેવા કપરા સંજોગોમાં પણ સત્સંગીઓ કે હરિભક્તોને નિરાશ કરે જ નહિ. પોતે સમય આપ્યો હોય તે સાચવી લે. વિચરણમાં કોઈ હરિભક્તના ગામમાં ગેરસમજણથી કે ગફલતથી જવાનું રહી ગયું હોય કે કોઈને ઘેર પધરામણીએ જવાનું હોય અને ભૂલમાં રહી ગયું હોય તો સ્વામીશ્રીને અંતરમાં ખટકે. પછી પત્ર કે ફોન ઉપર કે રૂબરૂ મળે ત્યારે એ હરિભક્તની અવશ્ય માફી માગે અને કહે કે આ વખતે ભૂલ થઈ ગઈ છે પણ ફરીથી આવીશું, માટે રાજી રહેશો.

પોતાની ગેરહાજરીમાં પધરામણી થઈ ગઈ હોય છતાં ફરીથી પોતાની હાજરીમાં પધરામણી કરવાનો આગ્રહ રાખનાર હરિભક્તોને રાજી કરવા પીરસાયેલો થાળ પાછો ઠેલીને અઢી વાગ્યા પછી પણ સ્વામીશ્રી ફરીથી પધરામણીએ ગયા છે.

સ્વામીશ્રીએ ૧૯૭૦ થી ૧૯૯૦ સુધી ૨૦ વર્ષના ગાળા દરમ્યાન સાડા આઠ હજાર ગામ અને દોઢ લાખ ઘરોમાં પધરામણી કરી છે. ૧૯૭૬ના વર્ષમાં ૭૨૮ ગામમાં એમનું વિચરણ થયું હતું. આદિવાસીનાં ઝૂંપડાંથી માંડીને અમેરિકા જેવા સમૃદ્ધ દેશોના ભવ્ય આવાસોમાં, ગરીબ કે તવંગરનો ભેદ રાખ્યા સિવાય બધાને



ત્યાં સમદૃષ્ટિથી વિચરનારા આવા સંત દુર્લભ છે.

**(૪) સ્વામીશ્રીએ કરેલાં જીવન પરિવર્તનો**

'દોરડી બળે પણ વળ ન જાય.'

'કૂતરાની પૂંછડી સો વર્ષ સુધી ભોંયમાં રાખો તો પણ વાંકી ને વાંકી !'

આ કહેવતો કહે છે : 'મનુષ્યના સ્વભાવમાં પરિવર્તન આણવું લગભગ અશક્યવત્ છે.' આ કાર્ય નેવાંનાં પાણી મોભે ચડાવવા જેવું છે. પરંતુ મુશ્કેલ લાગતું કાર્ય સ્વામીશ્રીએ ઘણી આસાનીથી અનેકવાર સિદ્ધ કરી બતાવ્યું છે.

જેમના નામમાત્રથી આતંક વ્યાપે અને લોકો ભયથી ધ્રૂજવા લાગે એવા રામસંગ બાપુ. ઓદરકાના એક માથાભારે ટોળાના સરદાર, બંદૂકના ભડાકે ધાર્યું કામ કરે. એક વખત એક જારકર્મીને એમણે રાંઢવાથી ઘોડા સાથે બાંધીને ઘસડતો કરેલો. લોક ભેગું થઈ ગયું પણ વચ્ચે પડવાની કોઈની હિંમત નહીં. દારૂની મહેફિલો, સસલાં, બકરાં, હરણાંનાં માંસનું ભક્ષણ પણ એમને માટે સામાન્ય. એમના સાગરિતોમાંથી એક જણે ડઝન જેટલાં અને બીજા એકે પાંચ ખૂન કરેલાં. પોલીસખાતું પણ એમનાથી ગભરાય. કોઈ નામ ન લે. નજીકના વિસ્તારમાં ફોજદારી ગુનો કે ચોરી થાય તો પોલીસ ગુનાના સગડ મેળવવા એમની વાડીએ જાય પણ એમને કશું કરી ન શકે. રામસંગબાપુ ૩૦ વર્ષ સુધી આવી પ્રવૃત્તિમાં રહેલા.

એકવાર સ્વામીશ્રીની પધરામણી રામસંગબાપુને ત્યાં થઈ અને એમણે આ બધું છોડી દીધું. એ પૂરા સત્સંગી થઈ ગયા. રોજ એકાવન માળા કરે, ભગવાનની મૂર્તિને ફૂલ ચઢાવે, રવિવારની સભામાં નિયમિત હાજરી આપે. કથાવાર્તા વંચાવે. દરબાર એટલે હથિયાર રાખે ખરા, પણ એનો ઉપયોગ સદંતર બંધ. સત્સંગનો એવો તો કેફ ચડ્યો કે કોઈએ કરેલી ઈજા સહન કરી લે પણ પોતે હિંસા ન આચરે. એમણે પોતાના મિત્રોને પણ સત્સંગી બનાવ્યા.

તળાજા પંથકમાં જેમની સમાંતર સરકાર ચાલતી એવા રિશુભાનું જીવન પણ સ્વામીશ્રીના સંબંધે બદલાયું. કોઈ એમનો બોલ ઉથાપી ન શકે, વિરોધ પણ ન કરી શકે. એકવાર મોડી રાત્રે નશામાં ભાન ભૂલ્યા. રસ્તામાં એમણે સાઈકલનું ટાયર જોયું. એમણે માની લીધું કે મરેલો સાપ રસ્તા ઉપર પડેલો છે. આ ભ્રમ થતાં જ એમણે દેકારો મચાવ્યો : 'કોણ હરામજાદો છે ? નાગદેવતાનું આવું અપમાન ?' રિશુભાના દેકારાથી લોકો ભેગા થઈ ગયા અને પછી તો એમનો રોફ ઓર વધ્યો. અને એમણે નાગદેવતાનો અગ્નિસંસ્કાર કરવાનું જાહેર કર્યું. ત્યાં કોણ એમને સાચી વાત સમજાવે ? ત્યારબાદ વાણિયાની દુકાન ખોલાવી ચોખ્ખું ઘી મંગાવ્યું.

પછી ગામની બહાર જઈને એ ટાયરનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. આવી હતી રિશુભાની જોહુકમી !

સ્વામીશ્રીએ એકવાર એમના ઘેર પધરામણી કરી પ્રેમથી કહ્યું : 'તમે દરબાર છો. પ્રજાનું રક્ષણ કરવું એ તમારી ફરજ છે. એને બદલે તમે આ શું માંડ્યું છે ?' સ્વામીશ્રીના પ્રેમભર્યા શબ્દોએ રિશુભાના હૈયા પર કામણ કર્યું. એ સંપૂર્ણપણે વ્યસનમુક્ત થયા ને ચુસ્ત સત્સંગી બની રહ્યા.

એક શિક્ષકનો સ્વભાવ સહેજમાં જ ભડકો થઈ ઊઠે એવો હતો. એકવાર બપોરે આડે પડખે થયા હતા. અને એમની નાની દીકરીએ રેડિયો ચાલુ કર્યો. પહેલાં તો શાંતિથી એને બંધ કરવાનું કહ્યું. થોડીવાર પછી દીકરીને થયું, પપ્પા ઊંઘી ગયા છે એટલે બીજીવાર ધીમા અવાજે ચાલુ કર્યો પણ આ શિક્ષક હજી જાગતા હતા. તરત ઊભા થઈને ગુસ્સામાં રેડિયો પછાડ્યો. તેથી રેડિયો તૂટી ગયો.

બીજા એક પ્રસંગે એમના પુત્રે એમનું કહ્યું ન કર્યું. તેથી પુત્રની સાઈકલ સાવ બિનઉપયોગી કરી દીધી. આ શિક્ષક જ્યારે સ્વામીશ્રીને બોચાસણમાં મળ્યા, ત્યારે સ્વામીશ્રીનાં દર્શનથી એમનામાં ગજબનું પરિવર્તન થયું. એમણે સ્વામીશ્રી સમક્ષ પોતાના ક્રોધની કબૂલાત કરી. સ્વામીશ્રીએ એમના માથે હાથ ફેરવીને મમતાપૂર્વક એમને 'સ્વામિનારાયણ' મંત્રનું રટણ કરવાની આજ્ઞા આપી અને આશીર્વાદ આપ્યા. શિક્ષક કહે છે : 'છેલ્લાં ચાર વર્ષમાં તો મારો ક્રોધ લગભગ નાબૂદ થઈ ગયો છે. સ્વામીશ્રીએ મારા જીવનમાં જે પરિવર્તન આણ્યું છે તેનું કાયમી ઋણ છે.'

સ્વામીશ્રીની આ શક્તિ પાછળ કેટલાક સ્વામીશ્રી પાસે ચમત્કારિક શક્તિ હોવાનું માને છે. એક વ્યસની ભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા. એણે વ્યસન છોડવા માટે જડીબુટ્ટી માગી. સ્વામીશ્રીએ એને વ્યસનમાં બરબાદ થતાં નાણાં, સ્વાસ્થ્ય, સમય વગેરેની ત્રિરાશી માંડી, વ્યસનથી થતા ગેરફાયદા ગણાવી સાચી સમજણ આપી. એના જીવમાં વાત જડાઈ ગઈ. કંઠી ધારણ કરી. વ્યસન મૂક્યું, છતાં ફરી ન વળગે એ માટે પેલી જડીબુટ્ટી માગી. સ્વામીશ્રી કહે : 'ભલા ભાઈ ! આ જ તો જ્ઞાન-ધ્યાનની ગોળી. આ વાત કરી એને જીવનભર મમળાવતો રહેજે. વ્યસન ફરી નહીં વળગે, જા...'

અમદાવાદનો એક યુવાન હેરોઈનથી માંડીને જાતજાતનાં કેફી દ્રવ્યોની ચુંગાલમાં ફસાયેલો હતો. ૧૯૮૭માં મુંબઈમાં એ સ્વામીશ્રીને મળ્યો. ત્યારપછી સતત ત્રણ વર્ષ સુધી સ્વામીશ્રીએ એની સંભાળ લીધી અને એને સંપૂર્ણ વ્યસનમુક્ત કર્યો.



આ બધાં પરિવર્તનોમાં શિરમોડરૂપ તો ઓદરકા અને કુકડ ગામો વચ્ચે સાત પેઢીથી ચાલ્યાં આવતાં વેરનું શમન કરીને સ્વામીશ્રીએ ૨૦૦ વર્ષના અપૈયાનો અંત આણ્યો તે છે. બ્રિટિશ સલ્તનતે અને આઝાદી મળ્યા બાદ દેશના રાજકારણીઓએ પણ અનેક પ્રયત્નો કરેલાં છતાંય એક થતાં નહોતાં, તે કેવળ સ્વામીશ્રીના પ્રતાપે એક થયાં.

સ્વામીશ્રીની આ શક્તિનું રહસ્ય શું છે ? ભગવાનના સાક્ષાત્કાર અને ભગવાનની સીધી સહાય વગર આવાં પરિવર્તન શક્ય ન બને. આ બધા પ્રસંગોમાં ભગવાનનો સાક્ષાત્કાર કયા સ્વરૂપે દેખાય છે ? એનો જવાબ છે : પ્રેમ અને કરુણા !

સ્વામીશ્રીના હૈયામાં માનવજાત માટે રહેલો અગાધ પ્રેમ અને એમના ચક્ષુમાં છલકાતો કરુણાનો અમિત સાગર, સ્વભાવ પરિવર્તનના ચમત્કાર સર્જે છે.

આ બંનેની સાથે સ્વામીશ્રીએ કરેલો પુરુષાર્થ પણ કાંઈ ઓછો નથી. દેહની પરવા કર્યા સિવાય, ધીરજ અને ઉત્સાહ રાખીને સ્વામીશ્રી મંડ્યા રહ્યા છે. ત્યારે આવા શુદ્ધ અને ચારિત્ર્યસભર સમાજનું નિર્માણ થઈ શક્યું છે.

**'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવન ચરિત્રના આધારે :**

**ભાગ ૧ : પાના નં. ૧ થી ૫૩૨**
**ભાગ ૨ : પાના નં. ૮૩૨ થી ૯૬૦**

**પ્રશ્ન.૨(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

### (૧) ગુણાતીતાનંદ સ્વામીનું બાલ્યજીવન

રાત્રિના ૧૧ વાગ્યા છે, શ્યામાવકાશમાં શ્વેત ચંદ્ર પોતાનાં શીતળ કિરણો વડે દરેકને શીતળતા આપી રહ્યા છે. આવી શરદપૂર્ણિમાની પૂર્ણ રાત્રિએ એક પૂર્ણ બ્રહ્મતત્ત્વ પૃથ્વી ઉપર પધારી રહ્યું છે. આ પ્રસંગનો લાભ લેતી ભાદરાની ભોળી પ્રજાના અંતર શરદપૂર્ણિમાના ચંદ્રની જેમ સોળે કળાએ આનંદથી ખીલી ઊઠ્યા છે. પિતા ભોળાનાથ અને માતા સાકરબાના આનંદનો તો પાર જ ન હોય એ સમજી શકાય છે. સં. ૧૮૪૨ના આસો સુદ પૂનમ અને સોમવારનો આ દિવસ ભાદરાની પ્રજા માટે, અરે ! સમગ્ર વિશ્વ માટે, સમગ્ર જીવસૃષ્ટિ માટે આનંદનો અને સૌભાગ્યનો દિવસ હતો.

ગુરુ રામાનંદ સ્વામીએ ભોળાનાથના આંગણામાં ઊછરતા આ બાળકનું નામ 'મૂળજી' રાખ્યું.

મૂળજી મોટા થતા ગયા ને આ જ અરસામાં મૂળજીને નાના ભાઈ સુંદરજીની

પ્રાપ્તિ થઈ. મૂળજી સુંદરજીને પારણામાં ઝુલાવતા જાય ને તેમની સાથે વાતો કરતા જાય, એટલે સાકરબાએ મૂળજીને પૂછ્યું કે 'બેટા ! નાના ભાઈને શું વાતો કરે છે ?' એટલે મૂળજીએ કહ્યું, 'મા, મા હું તો સાધુ થવાનો છું ને આ સુંદરજીને પણ સાધુ બનાવી દઈશ.'

આમ, બાળપણથી જ મૂળજી ત્યાગ-વૈરાગ્યના વિચારોનું સેવન કરતા.

એક દિવસ ભોળાનાથ સહકુટુંબ ગામના વસ્તા પટેલને ઘેર જમવા ગયેલા. વસ્તા પટેલે તો લાડુ, કઢી, રોટલાની રસોઈ કરાવેલી. ભગવાનને થાળ ધર્યા બાદ બધાને જમવા બેસાડ્યા. મૂળજી તો ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા, પિતા ભોળાનાથે તેમને જગાડ્યા ને કહ્યું : 'હવે જમી લો.' ધ્યાનસ્થ મૂળજીએ આંખો ખોલી અને પોતાના ભાણામાંથી લાડુ કાઢી નાંખ્યો અને ફક્ત રોટલાને કઢી જ જમ્યા. વસ્તા પટેલે ખૂબ આગ્રહ કર્યો. માતાપિતાએ પણ ખૂબ વિનંતી કરી. છતાં મૂળજીએ કહી દીધું કે 'અમે કાંઈ લાડુ જમવા આવ્યા નથી.'

આમ, બાળપણથી જ મૂળજીના જીવનમાં વૈરાગ્યનાં દર્શન થાય છે.

બાળપણમાં જ મૂળજી ભક્તે વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય ગુંસાઈ નરસિંહલાલજી પાસે જઈને શુદ્ધાદ્વૈત સંબંધી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો પણ જાણી લીધા. એટલું જ નહિ પણ વૈષ્ણવ સંપ્રદાયની રીતિનીતિ અને રિવાજો જાણી લીધા અને તેમાં દૂષણ દેખાતા તેમાંથી નીકળી ગયા. ત્યારબાદ પ્રણામી પંથમાં ગયા ત્યાં પણ દૂષણો ઘણાં દેખાયાં તેથી ત્યાંથી પણ નીકળી ગયા. પરંતુ તેમાંનું સારતત્ત્વ ગ્રહણ કરી લીધું. આમ, બાળપણથી જ મૂળજીની પ્રતિભા જાણે કોઈ મોટા તત્ત્વજ્ઞાની વિદ્વાન હોય એવી હતી.

રમત ગમતમાં પણ પોતાના મિત્રોને જ્ઞાનની વાત શીખવાડી દેતા. એકવાર ખેતરે જતાં રસ્તામાં કૂવો આવ્યો. મિત્રો તેની ઊંડાઈ જોવા ગયા. મૂળજીએ કૂવામાં પથ્થર નાંખ્યો ને લીલ ખસી ગઈ. આનો સાર લઈ મૂળજીએ કહ્યું, 'જેમ લીલના આવરણથી પાણી જેવું છે એવું જણાતું નથી, તેમ જીવાત્મા માયાના આવરણને લીધે દેખાતો નથી ને ભગવાન સાથે સંબંધ પણ થતો નથી.'

ભાદરામાં કોઈ કોઈ વખત ખાખીઓની કે માર્ગીપંથીઓની જમાતો આવતી. મૂળજી ભક્ત તેમાં જઈ, તેમના મહંતને મળી, પ્રશ્નો પૂછી તેનો તાગ કાઢી લેતા. આવી જ એક જમાતના મહંતને મળવા મૂળજી બ્રાહ્મણો સાથે ગયા. અંદર ગામનાં સ્ત્રી-પુરુષો ભજનના તાનમાં ડોલતાં હતાં. મૂળજી બહાર ઊભા રહ્યા. મહંતે અંદર આવવા કહ્યું. મૂળજી કહે, 'આમ, સ્ત્રીપુરુષ ભેગાં બેસે તો ભજનના ગાનને બદલે વિષયનું ગાન થાય માટે સ્ત્રીઓને બહાર બેસાડો તો આવું.' મહંતે



મૂળજીનું તેજ જોયું. એમનું નામ સાંભળેલું એટલે વ્યવસ્થા કરી આપી. પછી મૂળજીએ મહંતને પ્રશ્ન પૂછયો : 'કાર્ય એટલે શું ? અને કારણ એટલે શું ?' મહંત તો આવો વિદ્વત્તાભર્યો પ્રશ્ન સાંભળી મૂંઝાઈ ગયો. તેમણે હાથ જોડીને કહ્યું, 'મને એનો ઉત્તર નહિ આવડે. આપ જ કહો.'

મૂળજીએ કહ્યું, 'ભગવાન આ જગતનું કારણ કહેવાય અને જગત એ ભગવાનનું કાર્ય કહેવાય.'

મૂળજીનો ટૂંકો ને સચોટ ઉત્તર સાંભળી સૌ મુગ્ધ થઈ ગયા.

આમ, મૂળજી ભક્ત બાળપણથી જ એવા જ્ઞાની અને વિવેકી હતા.

એકવાર મૂળજી એકાંતમાં તલ્લીન થઈને રામભજન કરતા હતા. પિતાશ્રીએ પૂછ્યું, 'બેટા શું કરે છે ?'

મૂળજી કહે, 'ભગવાનનું ભજન.'

'બેટા, ભજન તો ઘરડા થઈને કરવાનું. અત્યારે તો એય રમવાનું, જમવાનું ને આનંદ કરવાનો.' વિવેકી મૂળજી તો સામે પ્રત્યુત્તર આપ્યા વગર કપડાં પહેરી ગામમાં જોવા ગયા ને પાછા આવીને પિતાશ્રીને કહ્યું કે 'કોઈ ઘરડા ભજન કરતા નથી. બધા આખા ગામની કૂથલી કરે છે. માટે વૃદ્ધપણાના વાયદે જુવાનીની કમાણી જવા દેવી નથી. આ દેહનો શો નિર્ધાર ?' પિતા ભોળાનાથ તો આવી જ્ઞાનસભર વાતો સાંભળી આશ્ચર્યમાં ડૂબી ગયા.

એક દિવસ મૂળજી ખેતરે જતા રસ્તામાં વશરામ સુથારની દુકાને બેઠા હતા. ત્યાં એક બાવો આવ્યો અને વશરામભાઈને કહેવા લાગ્યો : 'અરે ભાઈ ! મેં દો દિન કા ભૂખા હૂં, હમારે લિયે કુછ ખાને કા બંદોબસ્ત કર દો, નહિ તો હમ ધામ મેં પહુઁચ જાયેંગે.' મૂળજી ભક્તે આ દંભીની વાત સાંભળી કહ્યું, 'ધામમાં જવું હોય તો પગ લાંબો કર હમણાં ધામમાં મોકલી દઉં.' તે સાંભળી બાવાજી હસ્યા. તેણે વ્યંગમાં કહ્યું : 'ઐસા ક્યા ધામ યહાં ખડા પડા હૈ ?'

મૂળજી ભક્ત કહે : 'ધામ અને ધામના ધણી બંને અત્યારે પ્રગટ છે પણ તમને ક્યાંથી ઓળખાય ?'

વશરામભાઈ કહે : 'બાવાજી, પગ લાંબો તો કરો.' બાવાજીએ મૂળજી સામું જોયું ને તેમના સ્વરૂપમાં ઐશ્વર્ય તેજ દેખાયું એટલે બાવાજી ડરના માર્યા ત્યાંથી ભાગી ગયા.

મૂળજી પોતાના નાના (દાદા) સુખદેવ દવેના ગામ કાલાવડ ગયા હતા. મૂળજી ફરતાં ફરતાં ત્યાંની શાળામાં ગયા ને ભણતા વિદ્યાર્થીઓને કહ્યું, 'સાંભળો, હું લખાવું તે લખો.' એમ કહી મૂળજી ભક્ત બોલ્યા : 'લખો ગોવિંદ

ગોપાળ હરે મુરારી, હે નાથ નારાયણ વાસુદેવ !' વિદ્યાર્થીઓએ આટલું લખ્યું ત્યાં તો તેમને સમાધિ થઈ ગઈ. બધા અચેતન થઈ પૃથ્વી પર ઢળી પડ્યા. આ જોઈ શિક્ષક ગભરાયા. મૂળજીએ તેમને હસીને કહ્યું, 'તમો ગભરાશો નહિ. એમને સમાધિમાં દિવ્ય દર્શન થાય છે.' વિદ્યાર્થીઓ સમાધિમાંથી જાગ્યા એટલે મૂળજી ભક્તનો મહિમા ગાવા લાગ્યા કે તેજમાં મૂળજી દેખાતા હતા. શિક્ષકને પણ મૂળજીનો મહિમા સમજાયો. આમ, બાળપણથી જ આવું દિવ્ય ઐશ્વર્ય એમનામાં હતું. અરે મોટા મોટા દેવો પણ તેમની પ્રસાદી લેવા આવતા.

મૂળજી ભક્ત વશરામભાઈને ત્યાં જમવા ગયેલા. સાથે ભાદરાના બધા બ્રાહ્મણો આવેલા. જમી રહ્યા બાદ બધા પોતપોતાનાં પાત્રોમાંથી અજીઠું એક તરફ ફેંકી પાત્રો સાફ કરવા લાગ્યા. મૂળજી ભક્ત પણ પોતાના પાત્રમાંથી અજીઠું પાણી જ્યાં નાંખવા જાય છે ત્યાં તો તે અધ્ધરથી જ અદૃશ્ય થઈ ગયું ! મૂળજી કહે, 'આ તમે શું કર્યું ?' ત્યારે અંતરિક્ષમાંથી જવાબ આવ્યો, 'તમારી પ્રસાદીથી અમો ભગવાનને પામીશું.' આ વાર્તાલાપ સાંભળી બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા. વશરામ ભક્તે તેમને કહ્યું કે તમે બધા મૂળજીનો મહિમા જાણતા નથી પરંતુ મોટા મોટા દેવો પણ તેમની પ્રસાદી લેવા પધારે છે.

મૂળજીએ ખાલી ચમત્કારિક બાળલીલાઓ જ નથી કરી પોતાની ભગવાન સાથેની એકતાનાં દર્શન પણ કરાવ્યા છે.

મૂળજી ચાર વર્ષના હતા ત્યારે પોતાને ભૂખ લાગતાં માતા પાસે દૂધ માંગ્યું. સાકરબા કહે, 'બેટા, ઠાકોરજીને ધરાવવાનું બાકી છે.' ત્યારે મૂળજી કહે, 'અમારા ભેગા ઠાકોરજી દૂધ પીશે' એમ કહી વાડકો લઈ પીવા લાગ્યા. સાકરબા ઠાકોરજી પાસે ગયા તો ઠાકોરજીના મુખ ઉપર દૂધની ઝીણી ધોળી રેખા દેખાઈ. માતાને પણ પોતાના પુત્રની ઠાકોરજી સાથે એકતા છે એની પ્રતીતિ આવી ગઈ.

બીજા એક પ્રસંગમાં સાકરબાને આ અંગે વધુ પ્રતીતિ થઈ. સાકરબા ખેતરે જતાં હતાં. મૂળજીને ભલામણ કરી કે ઠાકોરજીને દૂધ ધરાવી તું ને સુંદરજી બંને દૂધ પી લેજો. મૂળજીએ તે પ્રમાણે કર્યું. સાકરબા પાછા ઘરે આવ્યાં ત્યારે મૂળજીને પૂછ્યું કે દૂધ પી લીધું ? મૂળજીને એ વખતે ઓડકાર આવ્યો. ગોખલામાં પધરાવેલ બાલમુકુંદની મૂર્તિને પણ ઓડકાર આવ્યો. એટલે મૂળજી ભેગા ઠાકોરજી પણ દૂધ પીવે છે એ વાત તેમને દૃઢ થઈ ગઈ.

મૂળજી પોતાના મિત્રોને ઘણીવાર કહેતા કે હું ભગવાનને અખંડ દેખું છું. અત્યારે વનમાં વિચરે છે અને થોડા વખત પછી આપણા ગામ પણ આવશે.

આવી અનેક બાળલીલાઓ મૂળજી કરતા. સાથે સાથે પોતાના સ્વરૂપનું જ્ઞાન



પણ પ્રસંગોપાત કરાવતા.

એકવાર મૂળજીને ખભે ગૂમડું થયેલું. માતાપિતાને તેની ચિંતા થતી હતી. એક રાત્રે મૂળજીને મહારાજે દર્શન આપ્યા એટલે મૂળજી તો કાષ્ઠવત્ સૂઈ ગયા ને દર્શન કરતા રહ્યા. માતાપિતા તો મૂળજીને જોઈ રડવા લાગ્યાં. મૂળજી મૃત્યુ તો નહિ પામ્યા હોય ને એ વિચારથી ખૂબ દુઃખી થઈ ગયા. મૂળજીએ થોડીવાર રહી આંખો ખોલી અને પૂછ્યું તમે બધાં કેમ રડો છો ?

'મા ! મનુષ્યને માથે જન્મમરણ હોય છે પણ અમારે માથે નથી. અમે તો ભગવાનને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છીએ.' સાકરબાને પણ આત્માનંદ સ્વામીનાં વચનો યાદ આવતાં પ્રતીતિ થઈ ગઈ.

મૂળજી ઘણીવાર આનંદમાં આવી જાય ત્યારે આવી પોતે ગાતા,

*'વનમાં વહાલો વિચરે તે આવશે આપણે ગામ,*
*માતા મુજને જાણજો તે જ પ્રભુનું ધામ.'*

આમ, મૂળજી રમત રમતમાં પણ એ સર્વોપરી શ્રીહરિનું પોતે રહેવાનું સાક્ષાત અક્ષરધામ છે, એ જણાવી દેતા.

આમ, મૂળજીનું ત્યાગ-વૈરાગ્ય, સમજણ અને જ્ઞાનથી સભર બાળપણ જ મૂળજી એ મહારાજને રહેવાનું શુદ્ધ પવિત્ર ધામ છે એ વાત સ્પષ્ટ કરે છે.

**(૨) ગુણાતીતાનંદ સ્વામીના હરિભક્તો**

'આ જૂનાગઢની ખેંગારવાવ આવા સત્સંગીઓના માથાથી ભરી દઉં...'

સ્વામીશ્રી માણાવદર આચાર્ય મહારાજની સાથે જતા હતા ત્યારે રસ્તામાં બળદ લૂલો થયો. બાજુમાં સાંતલપુર ગામના માણસોએ આચાર્ય મહારાજના નામે બળદ વાપરવા પણ ન આપ્યો પણ ગુણાતીતાનંદ સ્વામીનું નામ સાંભળીને કૃષ્ણાર્પણ કરવા જાતે આવ્યા. એ સમયે આશ્ચર્યચકિત થયેલા આચાર્ય મહારાજને સ્વામીએ આ વાત કરી હતી.

હા, ગુણાતીતાનંદ સ્વામીએ ખેંગારવાવ માથાથી ભરાય, કદાચ એનાથી પણ વધી જાય. એટલા હરિભક્તો બનાવ્યા હતા. પણ એ હરિભક્તો માત્ર ગણતરી કરવામાં આવે એવા નહિ. પરંતુ ખરેખરી હરિની ભક્તિ જેના જીવનમાં આવી હોય એવા હતા. આજે આપણે એ ભક્તોના જુદા જુદા ગુણો સંભારીને એ ભક્તોની સ્મૃતિ કરીશું.

**નિયમની દૃઢતા :**

ગુણાતીતાનંદ સ્વામીએ અખંડ કથાવાર્તા દ્વારા અને પોતાના શુદ્ધ વર્તન દ્વારા હરિભક્તોના જીવનમાં પણ નિયમ-પાલનની દૃઢતા કરાવી હતી.

ગણોદના અભેસિંહને જામનગરના જામબાપુની મહોબ્બત પણ નડી નહિ. જામબાપુના દરબારમાં પણ તેમણે દારૂ ન જ પીધો.

ઉપલેટાના લાલાભાઈની દૃષ્ટિ એવી નિયમમાં હતી. એકવાર સોજીત્રામાં ચરોતરના પટેલોએ આ સોરઠી ભક્ત લાલાભાઈની વેશભૂષા જોઈને હાંસી-મજાક કરી. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ આ ભક્તોને મહિમા કહેતા સમજાવ્યું, 'તમે લોકો બહારથી ઊજળા છો ને આ લાલાભાઈ અંતરથી ઊજળા છે. ઘેર એમની પંદર વર્ષની દીકરી છે પણ તેમને તેના નાકની દાંડી પણ જોઈ નથી. તો બીજી સ્ત્રીઓને તો ક્યાંથી જોઈ હોય !' ગુજરાતના હરિભક્તો તો આવી નિયમદૃષ્ટિ સાંભળીને ચકિત થઈ ગયા. આમ, સ્વામીના ભક્તોમાં નિયમધર્મની ખૂબ જ દૃઢતા હતી.

**હરિભક્તોની નિષ્ઠા :**

ગુણાતીતાનંદ સ્વામીએ વાતો કરી કરીને હરિભક્તોના અંતરમાં શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરાવી હતી. ગમે તેવા સંજોગો આવે પણ ભક્તો ડગતા નહિ.

માળિયાહાટીના મીઠા ઠક્કરને ક્ષય રોગ થયો હતો. ખૂબ ગંભીર પરિસ્થિતિ હતી. ઘરના માણસોએ દોરા-ધાગા બાંધવા ખૂબ જ સમજાવ્યા પણ એમને દૃઢતા છોડી નહિ. એમને તો નક્કી કર્યું હતું કે મટાડવું હશે તો શ્રીજીમહારાજ મટાડશે. અરે, તેમને વૈદ્ય પાસે જવાની પણ ના પાડી દીધી. પછી ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી, સ્વામીએ મોકલેલ વૈદ્યથી સારૂં થઈ ગયુ. આમ, ગમે તેવી ગંભીર પરિસ્થિતિમાં ભક્તો ડગતા નહિ.

એકવાર ઉપલેટાના લાલાભાઈ પાસે ઈન્દ્ર આવ્યો અને ત્રણ વસ્ત્ર માંગ્યા.

લાલાભાઈ કહે : 'મેં તો મારી બધી મિલ્કત જૂનાગઢના ગુણાતીતાનંદ સ્વામીને નામે કરી દીધી છે.' ઈન્દ્ર ખૂબ કોપ્યો પણ લાલાભાઈ પોતાની નિષ્ઠામાં અડગ રહ્યા. ઈન્દ્રએ વરસાદ પાડી ઉપલેટા ડુબાડી દેવાની ધમકી આપી પણ લાલાભાઈની નિષ્ઠા ડગી નહિ.

આમ, ગુણાતીતાનંદ સ્વામીના ભક્તો નિષ્ઠામાંથી ક્યારે ચલાયમાન નહોતા થતા.

**સ્વામીના ભક્તોમાં પક્ષ :**

સ્વામીના ભક્તોનું બખ્તર સ્વામીએ એવું ઘડ્યું હતું કે તેઓ સ્વામી માટે ગમે તે કરી છૂટવા તૈયાર રહેતા.

માણસાના વાલેરા વરુ સ્વામીના સંબંધે સત્સંગી થયા ને પોતાની આવકમાંથી



દાન-ધર્માદો જૂનાગઢ કરવાનો શરૂ કરી દીધો. આ પૂર્વે તેમના નાતના બધા સંબંધીઓની જેમ તેઓ તુલસીશ્યામની બેઠકમાં દાન-ધર્માદો આપતા પણ હવે તે બંધ કરી દીધો. તુલસીશ્યામના મહંતે સંબંધીઓ દ્વારા સમજાવ્યા. નાતબાર કરવાની ધમકી પણ આપી પણ વાલેરાએ તો ગુણાતીતાનંદ સ્વામીનો પક્ષ પકડી રાખ્યો. કોઈનું માન્યું નહિ.

ખંભાતના જગુભાઈ એકવાર ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા માટે જૂનાગઢ જતા હતા. રસ્તામાં ગઢડા મંદિરે દર્શન કરવા રોકાયા. ત્યાંના કોઠારીએ કહ્યું, 'જૂનાગઢ શું કરવા જવું છે ? અહીં રોકાઈ જાવ. અહીયા લક્ષ્મીબાગ, દાદાનો દરબાર, અક્ષરઓરડી, રાધાવાવ, બધા પ્રસાદીનાં સ્થાન છે. ત્યાં જૂનાગઢમાં શું છે ? વળી ત્યાં તો રસ્તો પણ ખૂબ જ વિકટ છે. માટે રોકાઈ જાવ.' ત્યારે જગુભાઈએ શૂરવીરતાથી જવાબ આપી દીધો, 'કોઠારી ! અહીયા બધું જ છે. પણ ગુણાતીતાનંદ સ્વામી છે ? માટે હું તો જૂનાગઢ જ જઈશ.' આમ, હરિભક્તો મોટા મોટા સંતો સામે પણ ગુણાતીતાનંદ સ્વામીનો પક્ષ રાખતા પણ કોઈનાથી દબાતા નહિ.'

**સ્વામીના ભક્તોની સરળતા :**

સ્વામીના ભક્ત સમુદાયમાં મોટા મોટા ધનિકો ને રાજાઓ પણ હતા પણ તેઓ ગુણાતીતાનંદ સ્વામી પાસે ક્યારેય પોતાનુ માન રાખતા નહિ પરંતુ સરળતાથી વર્તતા.

બોટાદના શિવલાલ શેઠ લાખોના આસામી હતા પણ એવા જ સરળ હતા. એમને ભાવનગરમાં આચાર્ય મહારાજની પધરામણીનો અને ગઢડામાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા ઉત્સવનો ખર્ચ આપેલો. પણ જ્યારે તેઓ જૂનાગઢ ગયા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'તે આટલું કાર્ય કર્યું પણ તારા જીવ સામું જોઉં છું તો અડધો સત્સંગ રહ્યો છે.' આવા કડવા વચન સાંભળવા છતાં તેઓ સરળતાથી સ્વામીને હાથ જોડી દીધા.

લોધિકાના રાજા અભેસિંહ એકવાર જૂનાગઢમાં કથામાં બેઠાં બેઠાં લોધિકાના વિચાર કરતા હતા. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ એમને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, 'અહીંયાં બેઠાં બેઠાં લોધિકાનું કામ નહિ થાય.' અભેસિંહ દરબાર ગામધણી હતા પણ સ્વામી આગળ પોતાનું માન રાખ્યું નહિ ને સરળતાથી વર્ત્યા. આમ, સ્વામીના ભક્તોમાં ઘણા પ્રસંગોએ આવી સરળતા જોવા મળી છે.

**સ્વામીના હરિભક્તોમાં આત્મનિષ્ઠા :**

કોવૈયાના રાધા ભક્ત તીવ્ર મુમુક્ષુ હતા. એમને ઘરબારનો ત્યાગ કરીને

જૂનાગઢમાં જ સ્વામી પાસે રહીને ત્યાગી થવું હતું. પરંતુ તેમના દીકરાઓ એમને પાછા તેડી ગયા. રાધા ભક્તે ઘેર જઈને એક પગે ઊભા રહીને માળા ફેરવવાનું શરૂ કર્યું. ધીમે ધીમે પગમાં લોહી જામવા લાગ્યું. ચામડી ફાટવા લાગી ને લોહી પડવા લાગ્યું. ખૂબ દુઃખ થતું પણ તે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં જ લીન રહેતા. દીકરાઓ માંખો ઊડાડતા તોપણ ના પાડતા. આમ, આવી દેહાતીત સ્થિતિ પ્રાપ્ત કરીને, સ્વામીને રાજી કરીને એક દિવસ ધામમાં બિરાજી ગયા.

સ્વામીના લાડીલા ભક્તરાજ પ્રાગજી ભક્તે પણ આવી આત્મનિષ્ઠાની ઉત્તમદશા પ્રાપ્ત કરી હતી. સ્વામીની સેવામાં પોતાના દેહને ગણતા જ નહીં. ઉગ્ર તપ અને ઉગ્ર સેવામાં એમની આત્મનિષ્ઠાનાં દર્શન થતા. સત્સંગમાં ઠેર ઠેર અપમાન થવા છતાં સદા હસતા રહીને સત્સંગ કર્યો ત્યારે પણ એમની ખરી આત્મનિષ્ઠાનાં દર્શન થયા. આમ, સ્વામીના ઘણા હરિભક્તોને આવી ઉત્તમ આત્મનિષ્ઠ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી.

**સ્વામીના ભક્તોનું સમર્પણ :**

ગુણાતીતાનંદ સ્વામીએ એવા હરિભક્તો તૈયાર કર્યા હતા કે તેઓ મંદિર માટે ઘરબાર બધું જ ન્યોછાવર કરી દેતા કયારેય અચકાતા નહિ.

એકવાર દુકાળનું વર્ષ હતું. કરસન બાંભણિયો નામના ભક્તરાજ પોતાના ઘરના તમામ ઘરેણાંનો દાબડો ભરીને ગુણાતીતાનંદ સ્વામીને આપી ગયા. સ્વામીએ ઘણા સમજાવ્યા પણ પોતા માટે કાંઈ ન રાખ્યું. આવા દુકાળનાં વર્ષોમાં પણ ભક્તોને મંદિરની ચિંતા થતી.

એકવાર સ્વામી અને રઘુવીરજી મહારાજ વિચરણ કરતાં કરતાં દાડમા ગામમાં પધાર્યા. અહીયા નથુ ભટ્ટ નામના હરિભક્ત રહેતા. બ્રાહ્મણ જ્ઞાતિના આ ભક્ત તદ્દન સાધારણ સ્થિતિના હતા પણ એમને આચાર્ય મહારાજની પધરામણી કરાવવા માટે પોતાના ઘરમાં બચેલી થોડી મિલકત એવાં પત્નીનાં ઘરેણાંમાંથી એક કોળી વેચીને ૧૦૦ રૂપિયા લીધા. એમાંથી એમને ૮૦ રૂપિયા રસોઈમાં વાપર્યા. ૨૦ રૂપિયા વધ્યા તે એમને પધરામણીની ભેટ મૂકી. આચાર્ય મહારાજે ઘણી ના પાડી ને પૈસા પાછા આપ્યા તો તેમને ૨૦ ધોતિયાં ને ૨૦ ગોદડાં સંતોને ઓઢાડ્યાં. આમ સાવ સામાન્ય સ્થિતિ હોવા છતાં પણ આ ભક્તો તન-મન-ધન બધું જ અર્પણ કરી દેતા.

સ્વામીના ભક્તોને સમર્પણ કરવાની ભાવના રહેતી પણ ક્યારેક પરિસ્થિતિને વશ થઈને સેવા ન થઈ શકે તો પારાવાર દુઃખ અનુભવતા. એકવાર વડતાલથી બે સંતો જૂનાગઢ જતા હતા. રસ્તામાં થાણાગલોલ ગામે જસા ગોર



નામના ભક્તે બે સંતોને રોક્યા. દુકાળનું વર્ષ હતું. ઘરમાં ખોરી જાર સિવાય કશું નહોતું. આથી સંતોને ખવડાવવા ૧ રૂપિયો લઈને આખા ગામમાં ફરી વળ્યા પણ ક્યાંયથી બાજરી ન મળી. પોતાના ઘરમાં જે જાર હતી તે તો ખોરી થઈ ગઈ હતી. આથી સંતોને જમાડી ન શક્યા તેથી તે પ્રેમી ભક્ત ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. આમ, સ્વામીના ભક્તો સમગ્ર અર્પણ કરવા હંમેશાં તૈયાર રહેતા.

**સ્વામીના ભક્તોની સત્પુરુષમાં દૃઢ પ્રીતિ :**

સ્વામિનારાયણીય સાધનાનું આ અંતિમ પગથિયું પણ ગુણાતીતાનંદ સ્વામીના ભક્તોમાં અતિ દૃઢ જોવા મળતું હતું. આ ભક્તોને ગુણાતીતાનંદ સ્વામીમાં અનહદ પ્રીતિ હતી.

સ્વામી એક વખત અમરેલીમાં બિરાજમાન હતા. ત્યાં નથુ ભટ્ટના દીકરા ઈશ્વર ભટ્ટ આવ્યા હતા. સ્વામીએ કહ્યું, 'મૂળા હોય તો ઠાકોરજીને ધરાવીએ. ઈશ્વર ભટ્ટને પ્રેમ ઉભરાયો. એ અમરેલીથી રાત્રે જ ચાલતા નીકળી ગયા ને આખી રાત ચાલીને દાડમામાં રાણા ઠુમરની વાડીમાંથી મૂળા લાવી સવારે સ્વામીને ધરાવ્યા. આવો પ્રેમ જોઈ સ્વામી એમના પર રાજી થઈ ગયા.'

નવી ધર્મશાળા માટે બાલાગામના કુંભાર ભક્ત, દાહા ભક્ત નળિયા બનાવતા હતા. એટલા પ્રેમથી તેઓ નળિયા બનાવતા કે એ જ માટી ને એ જ ચાકડો હોવા છતાં પણ આ નળિયા એ જ માટીના બનેલા બીજા નળિયાથી જુદા તરી આવતા. સ્વામી પણ આ નળિયા જોવા પધારતા ત્યારે કહેતા, 'ભગત આ નળિયામાં તારો પ્રેમ ઊતરે છે.'

સ્વામી અલૈયામાં નદીએ નહાવા પધાર્યા ત્યારે દાતણ કરીને ચીરી નાખી તે કારિયાણીના નથુ પટેલે લઈ લીધી. વળી, સ્વામીએ જમીન પર કોગળા કર્યા તે ભીની માટી જામનગરના કડિયા ભક્ત મનજીએ લઈ લીધી ને ઘરે જઈ ચંદન જેવા ચોસલા કર્યા. આવો પ્રેમ સ્વામીના ભક્તોને સ્વામી પર હતો.

સ્વામીના આ પ્રેમી ભક્તો પ્રસાદી માટે પણ પડાપડી કરતા. એકવાર નારાયણ પ્રભુદાસે સ્વામી પાસે પ્રસાદી માંગી. સ્વામીએ થોડો રોટલો જમીને એને આપી દીધો. તે કપડામાં બાંધીને જતો હતો ત્યારે બીજા ભક્તો સ્વામીની આ પ્રસાદી માટે પાછળ દોડ્યા.

ગણોદના દરબાર અભેસિંહજી, લોધિકાના દરબાર અભેસિંહ અને સમઢિયાળાના ભોજો ભક્ત વગેરે તો એવા પ્રેમી હતા કે સ્વામીની પ્રસાદી વિના જમવા પણ બેસતા નહિ. એમના પ્રેમને લીધે સ્વામી ત્રણેય સમયે ભંડારમાં જતા, કારણ કે બીજા દિવસોમાં તો સ્વામી એક જ સમયે ભોજન ગ્રહણ કરતા.

આ પ્રેમી હરિભક્તો સ્વામી જે માગે તે આપવા પડાપડી કરતા. એકવાર સમઢિયાળાના ભોજા ભગત પાસે સ્વામીએ સારી ભેંસ મગાવી. એની પાસે સારી નહોતી. આથી તેને તેના ભાઈ પાસે માગીને બદલામાં બીજી આપવા કહ્યું. એના ભાઈને ખબર પડી કે આ ભેંસ સ્વામીને જોઈએ છે. આથી તેને કહ્યું, 'હું જ આપી આવીશ, મારે સામે બીજી ભેંસ જોઈતી નથી.' આવો પ્રેમ ભક્તોને સ્વામી પર હતો.

આ ભક્તો એવા પ્રેમી હતા કે સ્વામી વિચરણમાં હોય ત્યારે એમના ગાડાની આજુબાજુ વીંટળાઈને જ ફરતા, ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી બોલી ઊઠતા 'જુઓને, સ્વામીમાં કેટલા તણાય છે.'

**સ્વામીના ભક્તોની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ :**

સ્વામીના સમાગમથી આ ભક્તો સિદ્ધોને દુર્લભ એવી બ્રાહ્મી સ્થિતિને પામ્યા હતા.

એમનામાં શિરોમણિરૂપ પ્રાગજી ભક્તની વાત તો આપણે જાણીએ છીએ. બીજા પણ એવા ભક્તો હતા કે સ્વામી સંતોને પણ એમનો આદર્શ ચીંધતા. સ્વામી સંતોને ઘણીવાર કહેતા 'કમીગઢનો રયો દેસાઈ, હામાપરના કરશન બાંભણિયો, ચાડિયાના રામભંડેરી અને બગસરાના વેલો સથવારો - આ ચાર હરિભક્તોની વાતો સાંભળીને સમાગમ કરવો.

આ ભક્તોની એવી ઉચ્ચ સ્થિતિને સમજણ હતી કે સંતો પણ એ સ્થિતિ જોઈને દિંગ થઈ જતા. હરિહર્યાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામી થકી જ્યારે સમજણ થઈ કે સ્વામી અક્ષર છે, ત્યારે એ વાત કરવા દોડીને વંથળીમાં કલ્યાણભાઈ પાસે ગયા. કલ્યાણભાઈએ કહ્યું, 'સ્વામી અક્ષર છે ને મહારાજ સર્વોપરી છે. એના સિવાય બીજું કોઈ નવું જ્ઞાન હોય તો આપો.' આ વાત સાંભળી હરિહર્યાનંદ સ્વામી તો દિંગ થઈ ગયા.

આમ, ગુણાતીતાનંદ સ્વામીએ ખેંગારવાવ ભરાય એવા હરિભક્તોનું માત્ર ટોળું ભેગું નહોતું કર્યું પણ ઉત્તમ ગુણવત્તાવાળા, સિદ્ધદશાને પામેલા હરિભક્તો તૈયાર કર્યા હતા.

## (૩) ગુણાતીતાનંદ સ્વામીની પંચવર્તમાનની દૃઢતા

ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની ૩/૧૬મી વાતમાં એક વેદાંતીને જણાવતાં કહ્યું કે 'સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર આવીને પાંચ પગ રોપ્યા છે એને ફેરવવાને અર્થે કોઈ સમર્થ નથી. રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો, પણ તે કોઈથી ઊપડ્યો નહિ. તેમ મહારાજે પાંચ પગ રોપ્યા છે તે કોઈથી ખોટા નહિ



થાય અને એ પાંચ પગ એટલે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન અને નિઃસ્નેહ આને ખોટા કરીને જગતમાં કોણ સુખિયો થઈ શક્યો છે ?'

ખરેખર આધ્યાત્મિક માર્ગમાં પાયા સમાન પંચવર્તમાન વગર કોઈ પણ મુમુક્ષુ સાધનાની ઊંચી ઇમારત ચણી શકતો નથી. માણસને જીવનમાં સુખી થવું હોય તો પણ આ પંચવર્તમાનની બેડી ગણો તો બેડી પરંતુ તે સ્વીકારવી જ પડે છે.

ગુણાતીતાનંદ સ્વામી તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો મૂળ અક્ષરમૂર્તિ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. એમનામાં કોઈ દોષ છે જ નહિ તો પછી પંચવર્તમાનની બેડીની શી જરૂર ? પરંતુ કહેવાય છે કે 'ગુરુ સોળ આની વર્તે તો શિષ્ય એક આની વર્તે.' એ દૃષ્ટિએ પણ આપણા જેવા મુમુક્ષુઓને આદર્શ મળી રહે એટલા માટે અને મહારાજની આજ્ઞા છે એટલા માટે પણ સ્વામીશ્રીના જીવનમાં પંચવર્તમાન કડી તોડ જોવા મળે છે.

**૧. નિષ્કામી વર્તમાન :**

નિષ્કામ એટલે સ્ત્રીઆદિકની ઇચ્છા નહિ પણ એક ભગવાનને જ પામવાની લગની. નિષ્કામી વર્તમાન એટલે અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યનું દૃઢ પાલન કરવું. સ્વામીના પોતાના જીવનમાં આ વતર્માન અનાદિથી જ દૃઢ છે. છતાં બ્રહ્મચર્ય સંબંધી નિયમધર્મમાં લેશ પણ પોલ ચલાવી લેતા નહિ.

સ્વામી અને સદ્‌ગુરુ સંતો રઘુવીરજી મહારાજ સાથે નડિયાદ પધરામણીમાં ગયા હતા. એક હરિભક્તને ત્યાં સંતો અને આચાર્ય માટે ખુરશી મૂકવામાં આવી હતી. ભાયાત્માનંદ સ્વામીને આ ન ગમ્યું અને આવી વ્યવસ્થા કરવાની ના પાડી. રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને એ અંગે પૂછયું, ત્યારે સ્વામી કહે, 'તમારા બાપે આંખે પાટા બંધાવ્યા ને ઘૂંમટા તણાવ્યા ને તમે ઢોલ વગાડી બૈરાં ભેગાં કરી સાધુને વચ્ચે રાખો છો.'

આમ, આ વતર્માનની બાબતમાં સ્વામી આચાર્ય મહારાજને પણ દૃઢતાપૂર્વક ચોખ્ખું કહી દેતા, પણ શેહશરમમાં દબાતા નહિ.

જૂનાગઢની નવી ધર્મશાળાનું કામ ચાલતું હતું. એવામાં દરવાજા સામે જોઈ સ્વામીએ કૃષ્ણસેવાદાસને દરવાજો એમનો એમ રાખી મોતિયો મેળવવા કહ્યું. કૃષ્ણસેવાદાસે કહ્યું, 'દરવાજો તો પાડવો પડે.' તેથી સ્વામીએ સવજી કડિયાને કામ સોંપ્યું. સવજી કડિયાએ હા પાડી એટલે સ્વામીશ્રી પ્રસન્ન થઈને ભેટ્યા. આ વાતની જાણ થતાં કૃષ્ણસેવાદાસ સ્વામી પાસે આવ્યા ને કહ્યું, 'સ્વામી ! દરવાજો રહે ને મોતિયો મળે.'

સ્વામીશ્રી કહે કે 'એ મોજ તો સવજી લઈ ગયો.'

કૃષ્ણસેવાદાસ કહે, 'સ્વામી ! એ તો મારે બેય દરવાજા એક કરવા વિચાર હતો. તેથી દરવાજો પાડવાનું કહ્યું હતું.'

સ્વામીશ્રી કહે : 'બેય દરવાજા એક થાય તો ધર્મશાળામાંથી ડોશિયું દેખાય, તે તમારે એમ કરવું હતું પણ અમે એમ કેમ થાવા દઈએ ?'

સં. ૧૮૬૯ના દુષ્કાળમાં સંતોને મહારાજે ગુણાતીતાનંદ સ્વામી સાથે સુરત મોકલ્યા. સુરતમાં બધા સંતોના ઝોળી માંગવાના વારા હતા. એમાં નિયમ એવો હતો કે જે સાધુથી સ્ત્રીનાં દર્શન થઈ જાય એને એ દિવસે ઉપવાસ કરવાનો. બધા સંતો બદલાતા રહ્યા પણ એક ગુણાતીતાનંદ સ્વામી એટલી સંયમી દૃષ્ટિવાળા કે દરરોજ ઝોળી માગવા જતા. આવી કડીતોડ દૃઢતા સ્વામીની નિષ્કામધર્મ બાબતે હતી.

મહારાજે આજ્ઞા કરી છતાં પણ આ ધર્મની દૃઢતા માટે સ્વામીએ બુરાનપુર બાઈઓની સભામાં જવાની ચોખ્ખી ના પાડી દીધેલી. પાછળથી મહારાજની રુચિ જાણી ગયા પરંતુ આ વર્તમાન એમના જીવ સાથે જડાઈ ગયેલું આપણને દેખાય છે.

**૨. નિર્લોભી વર્તમાન :**

સાધુને દ્રવ્ય ન રાખવું તથા કિંમતી પદાર્થો સુવર્ણ, ચાંદી વગેરે ન રાખવા એનો ત્યાગ કરવો એટલે નિર્લોભી વર્તમાન.

ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામીના મંડળમાં ફરતાં ફરતાં એકવાર પીઠવાજાળ પધાર્યા. ત્યાંના લાખા દેસાઈને સ્વામિનારાયણના સાધુની પરીક્ષા કરવાનો વિચાર આવ્યો. રસ્તામાં એક સ્ત્રીનું લુગડું અને આગળ પૈસા નાખ્યાં. ગુણાતીતાનંદ સ્વામી ને સંતો પસાર થયા. બધાએ જોયું. સ્વામીએ પણ જોયું પરંતુ નિર્લોભી એવા સ્વામી એ જોઈને નજર બગાડી જ કેમ શકે ? લાખાને ગુણ આવ્યો ને સત્સંગી બન્યો.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં સાદાઈ પણ કેવી - ધાતુનું પદાર્થ વાપરતા નહિ. તિલકીયું પણ લાકડાનું રાખતા. ઝોળીમાં કોઈ કિંમતી પદાર્થ ન મળે. તરણેતરના બાવાઓ પણ આવા ૪૦ વર્ષથી મહંતપદ શોભાવતા નિર્લોભી સ્વામીને જોઈ તાજુબ થઈ ગયા હતા.

**૩. નિઃસ્વાદી વર્તમાન :**

નિઃસ્વાદી વર્તમાન એટલે કાષ્ઠના પાત્રમાં બધી રસોઈ મેળાવી જમવું. ભગવાનની મૂર્તિનો સ્વાદ લેવાનો પરંતુ લૌકિક પદાર્થમાં તાલમેલ કરીને રસાસ્વાદ ન પોષવો તે. સ્વામીના જીવનમાં આ સ્પષ્ટપણે દેખાય છે.



જૂનાગઢમાં એક નાગર ખૂબ સ્વાદિયો. આને કારણે અવારનવાર ઘરમાં ઝઘડો પણ થતો. એક દિવસ એમને વિચાર આવ્યો કે આટલા મોટા મંદિરના મહંત ગુણાતીતાનંદ સ્વામી કેવું જમતા હશે ! જેવી જેની રુચિ હોય તે પ્રમાણે વિચાર આવે. તે મંદિરમાં ભંડારમાં સ્વામી જમતા, ત્યાં જોવા આવ્યો. કાંઈક ભૂકો પીરસાતો જોયો, એને લાગ્યું કે નક્કી ચૂરમું હશે. સ્વામીએ છાશ લીધી એટલે નાગરને લાગ્યું, દૂધપાક કે કઢેલું દૂધ હશે. નાગરનો સંકલ્પ જાણી સ્વામીશ્રીએ ભંડારી પાસે મીઠું માંગી પત્તરમાં નાંખ્યું ત્યારે નાગરને ખબર પડી કે સ્વામી તો રોટલાનો ભૂકો, છાશ ને મીઠું જમે છે. સ્વામીશ્રીનું આવું નિઃસ્વાદી વર્તમાન જોઈને નાગરનો રસાસ્વાદ ટળી ગયો.

એકવાર બ્રહ્મચારી ઠાકોરજીના થાળનો રોટલો ને ગાયની તાજી છાશ લઈને સ્વામીશ્રીને જમાડવા આવ્યા. સ્વામીએ છાશમાં સારી રીતે પાણી નાંખ્યું. બ્રહ્મચારી કહે : 'સ્વામી ! આમ, છાશમાં પાણી કાં નાંખો ?'

સ્વામીશ્રી : 'તમે તાલ કરીને લાવો તે તમારો તાલ અમારે વીંખી નાખવો જોઈએ ને !' આમ, છાશ જેવી સામાન્ય વસ્તુમાં પણ સ્વામીશ્રી ક્યારેય સ્વાદની વૃત્તિ રાખતા નહિ. પોતે તો ઉપાર્જન કરતા જ નહિ પરંતુ બીજા કોઈ આપે તોપણ પોતાના વર્તમાનમાં દૃઢ રહી ભક્તોના ભાવ ગ્રહણ કરતા.

સાક્ષાત્ મહારાજે પણ સ્વામીશ્રીના નિઃસ્વાદી વર્તમાનનો મહિમા સમજાવેલો.

એકવાર દાદાના દરબારમાં મોટા મોટા સદ્ગુરુઓની ગોવાળ મંડળીની જેમ પંગત પડેલી. મહારાજ પીરસતા હતા. એ વખતે મહારાજે બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને વાત કરી કે 'આ ગુણાતીતાનંદ સ્વામી જેવું જમતા શીખો.' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ રમૂજમાં કટાક્ષ કરતાં કહ્યું કે, 'સાધુ ઠીક જમનારા છે.' મહારાજ તેમના કહેવાનો મર્મ સમજી ગયા. પછી મહારાજે કહ્યું કે, 'તમે સમજો છો તેમ નથી. આ સાધુ સ્વાદ તો અમારી મૂર્તિનો લે છે અને જેમ કોઠીમાં દાણા ભરે છે, તેમ અન્ન પેટમાં ભરે છે.'

**૪. નિર્માની વર્તમાન :**

'માન અપમાન મેં એકતા, સુખ દુઃખ મેં સમભાવ' - આ સાધુની વ્યાખ્યા છે. માન થાય કે અપમાન પરંતુ એમાં એક સ્થિતિ રહેવી એટલે નિર્માની વર્તમાન.

સં. ૧૯૨૨ની ચૈત્રીપૂનમના સમૈયામાં વરતાલની સભામાં સ્વામીશ્રીનું હળહળતું અપમાન થયું. સ્વામીને ભગવાન થવું છે, પૂજાવું છે. પોતાના નખ, કેશ પુજાવે છે, એવા ખોટા આક્ષેપ મૂકી વરતાલના સંતોએ ખૂબ અપમાન કર્યું.

એમાં મુખ્ય હતા હરિસ્વરૂપદાસ. શુકમુનિ પણ બોલ્યા છતાં પણ સ્વામીશ્રી સ્થિતપ્રજ્ઞતાથી બેસી જ રહ્યા. પછી બધા બોલતા બંધ થયા ત્યારે સ્વામી ઊભા થઈને બોલ્યા કે 'ભગવાન તો એક સ્વામિનારાયણ છે એના જેવા કોઈ થયા નથી ને થશે પણ નહિ.' આટઆટલું અપમાન થવા છતાં સ્વામી સભામાં બોલી શક્યા એટલું જ નહિ અપમાનમાં જેનો મુખ્ય ફાળો હતો એવા હરિસ્વરૂપદાસને સ્વામીએ પોતાના ગળામાંથી હાર કાઢી પહેરાવ્યો.

ગુણાતીતાનંદ સ્વામી સાવર ગામમાં પધાર્યા. પરંતુ ગામધણી ઉગા ખુમાણ દ્વેષીઓના ઝેરીલા શબ્દો સાંભળી સત્સંગનો દ્વેષી થઈ ગયો હતો. સંતો આવ્યા છે એવા સમાચાર મળતાં એણે પોતાના નોકરોને સંતોનું અપમાન કરી કાઢી મૂકવાની આજ્ઞા કરી. નોકરોએ છાણ-પથ્થર-કાદવથી અપમાન કરી સંતોને મારીને ગામ બહાર કાઢી મૂક્યા. આટઆટલું અપમાન થવા છતાં ગુણાતીતાનંદ સ્વામીએ તો એના ઘરે દીકરો થાય એવો જ શુભ સંકલ્પ કર્યો.

કૃપાનંદ સ્વામીએ સ્વામીશ્રીનું વર્તન અને વાતો સાંભળીને એકવાર કહ્યું કે 'આ તો વગર કર્યા ગુરુ થાય એવા છે ?' ત્યારે નિર્માની સ્વામીશ્રીએ કહ્યું, 'એમાં મારો શો વાંક છે કે ગુરુ થવું પડશે ?'

ચૈત્રીપૂનમના સમૈયે બધા સંતો-પરમહંસો ગઢડામાં એકત્રિત થયા હતા. બ્રહ્માનંદ સ્વામીના કહ્યા મુજબ મહારાજે જૂનાગઢ મંદિરના મહંત બનાવવાનો વિચાર કર્યો અને ભાદરાવાળા નિર્ગુણાનંદને પસંદ કર્યા. સ્વામીશ્રીએ તો બે હાથ જોડી આ માન-મોટપ અને સત્તાવાળી પદવીને સ્વીકારવાની વિનયપૂર્વક ના પાડી દીધી.

**૫. નિઃસ્નેહી વર્તમાન :**

આધ્યાત્મિક માર્ગે ચાલેલા મુમુક્ષુએ પોતાના સંબંધીઓ સાથે હેત ન રાખવું ઉપરાંત ભગવાન જેવી અનન્ય પ્રીતિ બીજી કોઈ વ્યક્તિ, વસ્તુ કે સ્થાનમાં ન રાખવી એ નિઃસ્નેહી વર્તમાન.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં બાળપણથી જ આ વર્તમાનની દૃઢતા દેખાય છે. મૂળજી નાના હતા ને ખેતરમાં શેરડીના પાકમાં પાણી વાળતા હતા. એ વખતે મહારાજે દક્ષિણી પાઘ પહેરીને, પીતાંબર ધારણ કરીને, દર્શન આપીને કહ્યું હતું કે 'આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? બ્રહ્મતેજ તો સાવ સુકાઈ ગયું છે. હવે ચાલી નીકળો મુદત પૂરી થઈ.' આ વચનોને અધ્ધર ઝીલતાં મૂળજીએ પાવડો ત્યાં જ નાખી દીધો. ઘરે કહેવા પણ ન ગયા ને સીધા ગઢડા પહોંચી ગયા.

ગઢડામાં મૂળજીના નાના ભાઈ સુંદરજી આવ્યા ને મૂળજીને પાછા મોકલવા



મહારાજને વિનંતી કરી. મહારાજે આજ્ઞા કરી એટલે મૂળજી પાછા ભાદરા ગયા. પરંતુ સંસારમાંથી મન સાવ ઉદાસ થઈ ગયું હતું. થોડા દિવસ ઘરના બધાને સુખ આપી સમજાવીને મૂળજી પાછા ભાદરાથી નીકળી મહારાજ પંચાળા હતા ત્યાં આવ્યા અને મહારાજને વિનંતી કરી કે મને દીક્ષા આપો. હવે આ આશ્રમમાં ઝાઝું રહેવું નથી. મહારાજે કસોટી કરતાં કહ્યું, 'તમારું કુટુંબ બાળીને આવ્યા છો કે એમને એમ રાખીને ?'

ભોળા મૂળજી ભક્તે કહ્યું, 'મહારાજ ! કુટુંબ તો હજુ એમનું એમ જ છે.'

મહારાજ કહે : 'તો જાઓ અને સૌને બાળીને આવો.' મહારાજની આજ્ઞાથી અને દીક્ષાના આનંદથી મૂળજી તો વાયુવેગી ગતિથી ભાદરા તરફ જવા નીકળ્યા. આ બાજુ મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે મૂળજી તો સરળ હૃદયના છે. બધું બાળીને આવશે.

મહારાજ કહે, 'એમ ! તો પાછા બોલાવો.' એક સાધુને પાછળ મોકલી પાછા બોલાવ્યા.

મુક્તાનંદ સ્વામી કહે : 'મહારાજે તમને અંતરમાંથી કુટુંબ બાળવાનું કહેલું.'

ગુણાતીતાનંદ સ્વામી કહે : 'અંતરમાં તો મહારાજ સિવાય બીજું છે જ ક્યાં તે બાળવું પડે.'

આમ, પહેલેથી જ પોતાના સંબંધીઓ તરફ અનાસક્ત એવા મૂળજી આજીવન પોતાના નિઃસ્નેહી વર્તમાનમાં દૃઢ હતા.

આમ, ગુણાતીતાનંદ સ્વામી આ પાંચે પાંચ વર્તમાનમાં ખૂબ જ દૃઢતાવાળા હતા. આ પાંચે વર્તમાન એમના લોહીના કણે કણમાં અને જીવનના ક્ષણે ક્ષણમાં વણાઈ ગયેલા. એટલે જ તો સાક્ષાત્ મહારાજ ગુણાતીતાનંદ સ્વામીના જામીન થયેલા.

મહારાજે એક વખત કહ્યું હતું, 'અમે તો એમના નિરંતરના જામીન છીએ. એમના વર્તમાનમાં ક્યારેય કોઈ પ્રકારે ખોટ આવે એવી નથી.'

**પ્રશ્ન.૨(બ) નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષય પર ટૂંકનોંધ લખો. (૨૦)**

**(૧) સ્વામીની વાતોથી સત્સંગનો રંગ**

વાતો હરિની અવિરત કરતા મૂર્તિ અંતર ધારી,
કામ ક્રોધ મદ લોભ મોહની ગ્રંથિ સૌની ગાળી,
સ્થિતિ બ્રહ્મની સહેજે કરાવી.

ગુણાતીતાનંદ સ્વામીની અવિરત વહેતી વાતોથી સત્સંગનો રંગ ચડતો ને

ચડતો રહેતો. મહારાજને ચાર પ્રશ્ન પૂછ્યા અને મહારાજે વાતો કરવાની આજ્ઞા કરી, ત્યાર પછીથી સ્વામીએ પાછું વળીને જોયું નથી. વાતો કરે જ રાખી છે અને એ વાતોથી હજારો મુમુક્ષુઓ સત્સંગી થયા ને સત્સંગમાં હતા તેમની પુષ્ટિ થઈ.

ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી વધેલો સત્સંગનો રંગ પણ આપણે પ્રસ્તુત નિબંધમાં જોઈશું.

**(૧) અધર્મી માણસોને સત્સંગનો રંગ :**

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે અમારી વાતો તો ખમિયાળાના તીર જેવી છે, જેને વાગે તેનું અંતર ભેદીને જ બહાર આવે. સ્વામીના યોગમાં ઘણા આવા અધર્મી, કઠણ કાળજાના માણસો આવેલા. જેમની માણસમાં ગણતરી કરતા પણ સંકોચ થાય તેવા. પરંતુ સ્વામીની વાતો સાંભળીને આ લોકોના પાષાણ હૃદયમાં ભક્તિમાં અંકુરો ફુટ્યા હતા.

પોતાનો ગરાસ ન મળવાથી બહારવટે ચડેલો, આખાયે પંથકને રંજાડનારો વાલેરો વરુ. એને જ્યારે જંગલમાં સ્વામીનો ભેટો થયો ને સ્વામીની વાત સાંભળી અને તે પાકો હરિભક્ત બની ગયો.

લીલાખાનો મુંજુ સુરુ ગમે તેનું બકરું ઉપાડીને ખાઈ જતો. એને પણ સ્વામીના સમાગમથી સત્સંગ થયો.

માળિયાનો રામો હાટી, વ્યસની અને માંસાહારી હતો પણ એને સ્વામીની વાતો સાંભળી એને પણ ફેલ મૂકી દીધો ને સત્સંગી થયો.

બગસરાના દરબાર હરસુરવાળો સંતોની ઉપેક્ષા કરતો અને ચોપાટ રમતો ને દારૂમાં જીવન વ્યતીત કરતો પણ સ્વામીના સમાગમથી એને મંદિર બનાવવા માટે જમીન પણ આપી ને સ્વામીને માટે અંતરથી ભાવ થઈ ગયો.

આમ, સ્વામીના સમાગમથી આવા અધર્મી લોકોનું પરિવર્તન થતું અને એ લોકોને પણ સત્સંગનો રંગ ચઢી જતો.

**(૨) વિધર્મી માણસોને સત્સંગનો રંગ :**

સ્વામીના યોગમાં ઘણા બધા ઈતર ધર્મના સત્સંગીઓ પણ આવતા. પરંતુ સ્વામીની હૃદયભેદક વાતો સાંભળી મહારાજની નિષ્ઠા તેઓને થઈ જતી અને સ્વામીના ચરણે તેઓ પડી જતા.

મહેમદાવાદમાં કેટલાક વેદાંતી બ્રાહ્મણો સ્વામિનારાયણના સત્સંગીઓને હેરાન કરતા. મહારાજની આજ્ઞાથી ગુણાતીતાનંદ સ્વામી મહેમદાવાદ ગયા અને એવી અદ્‌ભુત વાતો કરી ને પોતાનું ઐશ્વર્ય બતાવ્યું કે બધા વેદાંતીઓ સ્વામીને પગે પડી ગયા અને ઘણાએ વર્તમાન ધરાવ્યા ને સત્સંગ પણ થયો.



ધોરાજીના મંદિરમાં એકવાર સ્વામી બિરાજમાન હતા ત્યારે પણ ઘણા વિધર્મી માણસો સ્વામીને મૂંઝવવવાના આશયથી આવ્યા ને સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે તમે સ્વામિનારાયણને ભગવાન કઈ રીતે કહો છો ? તમારી ઉપાસના શી છે ? ત્યારે પણ ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તાની એવી ઝડી વરસાવી કે બધા માણસો સ્વામીનો પ્રભાવ જોઈને સ્વામીના પગમાં પડી ગયા. ઘણા તો વર્તમાન ધરાવી સત્સંગી થઈ ગયા.

ધોલેરામાં સ્વામીની વાતો સાંભળીને અને બીજા સંપ્રદાયોનું ખંડન ન કરતા જોઈને ત્યાંના વણિક બેચરભાઈને સ્વામીનો ખૂબ ગુણ આવ્યો અને જૈન ધર્મનો ત્યાગ કરીને તેઓ સત્સંગી થઈ ગયા.

આમ, ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી બધાને સત્સંગનો રંગ ખૂબ જ ચઢતો હતો.

**(૩) સત્સંગ સમાજમાં સ્વામીની વાતોથી ચડતો રંગ :**

અન્ય લોકો તો સ્વામીની વાતોથી સત્સંગી થતા પણ સાથે સાથે જે લોકો સત્સંગમાં જ હતા તેઓ પણ સ્વામીની વાતો સાંભળી ખૂબ જ પુષ્ટિ પ્રાપ્ત કરતા. સત્સંગના પાયારૂપી ચાર ગુણો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ સ્વામીની વાતોથી પુષ્ટિ પામતા તે પણ આપણે જોઈશું.

**૧. ધર્મ :**

સ્વામીની વર્તન સહિતની ધારદાર વાતો સાંભળીને સૌ સંતો અને હરિભક્તો પોતપોતાના ધર્મનિયમમાં ખૂબ જ દૃઢતા રાખતા.

ગણોદના અભેસિંહ સ્વામીની વાતોથી એવા દૃઢ નિષ્ઠાવાન સત્સંગી થયા હતા કે જામનગરના જામસાહેબે જાતે એમને દારૂ પીવા માટે આગ્રહ કર્યો પણ અભેસિંહે એમની આ વાત સ્વીકારી નહિ.

ઉપલેટાના લાલાભાઈ પણ એવા ધર્મનિયમે યુક્ત જીવન જીવતા. એમના ઘરમાં પોતાની ૧૫ વર્ષની દીકરી હતી પણ એની નાકની દાંડી પણ એમણે જોઈ નહોતી. શિવલાલ શેઠ પણ પોતાના ઘરમાં સાળી આવી હતી પણ ઘણા દિવસો સુધી શિવલાલ શેઠને ખબર જ પડી નહીં કે ઘરમાં કોઈ આવ્યું છે.

ગુણાતીતાનંદ સ્વામીના સંતો પણ સ્વામીની વાતોથી નિયમધર્મમાં ખૂબ જ પાકા થયા હતા. આખા સત્સંગ સમાજમાં જૂનાગઢનું સંતમંડળ સાધુતામાં મોખરે ગણાતું. આમ, ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી સંતો-ભક્તોના ધર્મનિયમ પાકા થતા.

**૨. જ્ઞાન :**

ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી સંતો અને ભક્તોમાં આત્મા-પરમાત્માનું અદ્ભુત જ્ઞાન પ્રસરતું. આત્મનિષ્ઠા દૃઢ થતી અને પરમાત્મા શ્રીજીમહારાજનું સર્વોપરીપણું પણ દૃઢ થતું.

કોવૈયાના રાધા ભક્તને સ્વામીની વાતો સાંભળીને સાધુ થવાનું મન થયું હતું પણ એમના પુત્રો એમને પરાણે પાછા લઈ ગયા. ત્યાં જઈને તેઓ ઊભા-ઊભા તપ કરવા લાગ્યા. પગમાંથી લોહી નીકળ્યું. માખો બેસતી, પણ તેઓ દૃઢતાથી તપ ચાલુ રાખતા. દેહનો વિચાર જ નહોતા કરતા. એમ કરતાં કરતાં એમને દેહ મૂકી દીધો. આવું આત્મજ્ઞાન એમને સ્વામીની વાતોથી થયું હતું.

મહુવાના પ્રાગજી ભક્તને સ્વામીએ એવું આત્મજ્ઞાન દૃઢ કરી આપ્યું હતું કે સત્સંગમાંથી વિમુખ કર્યા, ઝેર આપ્યું, અપમાન કર્યાં પણ એમનો સત્સંગનો રંગ ક્યારેય મોળો પડ્યો નથી. આવા તો ઘણા સંતો-ભક્તોએ સ્વામીના સંબંધથી આત્મજ્ઞાન દૃઢ કરી રાખ્યું હતું.

આત્મજ્ઞાનની સાથે સાથે સ્વામીની વાતોથી પરમાત્માનું જ્ઞાન અને એમાં પણ સર્વોપરીનિષ્ઠાનું જ્ઞાન વિશેષે કરીને પ્રવર્ત્યું હતું.

શુકમુનિ જેવા મહારાજના મળેલા, મહારાજની ભેગા જ રહેલા એવા પરમહંસ કક્ષાના સંતને પણ વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ, સર્વોપરીપણાનું જ્ઞાન પોતાની વાતોથી કરાવ્યું હતું.

વાગડમાં આત્માનંદ સ્વામીને ૧૧૬ વર્ષની ઉંમરે દેહનો ત્યાગ નહોતો થતો ત્યારે પણ સ્વામીએ જઈને એમને સર્વોપરી જ્ઞાન આપ્યું હતું.

અમદાવાદમાં આચાર્ય મહારાજ અને અન્ય સંતો ભક્તોની હાજરીમાં સ્વામીએ આનંદાનંદ સ્વામીની સાખ લઈને જુદા જુદા પ્રસંગો કહીને મહારાજનું સર્વોપરીપણું સાબિત કરી દીધું હતું.

ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર કહેતા કે અન્ય પરમહંસો તો જ્ઞાનની ગાંસડીઓ સાથે બાંધીને લઈ ગયા જ્યારે અમે તો પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વિના બધાને સર્વોપરી જ્ઞાન આપ્યું છે. આમ, સ્વામીની વાતોથી સત્સંગમાં આત્મા-પરમાત્માના જ્ઞાનનો રંગ ચઢતો.

**૩. વૈરાગ્ય :**

ગુણાતીતાનંદ સ્વામી ત્યાગ-વૈરાગ્યની પણ અદ્ભુત વાતો કરતા. મોટા મોટા પરમહંસો પણ આ સાંભળી દિંગ થઈ જતા. એકવાર જૂનાગઢમાં સ્વામી 'શ્રીજી પધાર્યા સ્વધામમાં...' એ કીર્તનને આધારે વૈરાગ્યની વાતો મુશળધાર વરસાદની



જેમ વરસાવતા હતા ત્યારે નિત્યાનંદ સ્વામી આ જોઈને રાજી થઈ ગયા ને બોલ્યા 'ઠીક મંડ્યા છે, પંડનું વર્તન સારું હોય તો આમ વાત થાય ! આમ, સ્વામી વાતો કરીને વૈરાગ્યનો રંગ પણ એવો જ ચઢાવતા.'

સ્વામીની વાતોથી ગૃહસ્થોને પણ એવો વૈરાગ્યનો રંગ ચઢતો. બોટાદના શિવલાલ શેઠ ઘરભંગ થયા હતા. ઘણા માંગા આવતા હતા અને એમની ઉંમર પણ એવી ઝાઝી મોટી નહોતી છતાં સ્વામીની વાતોથી એમને એટલો વૈરાગ્ય ચડી ગયો કે એમણે લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી.

સુરતના પીતાંબર પોતે વણિક હતા. અત્યંત રજોગુણી હતા. તેઓ સ્વામીના યોગમાં આવ્યા. સ્વામીની વાતો સાંભળીને વૈરાગ્યનો રંગ ચઢ્યા પછી તો રજોગુણ મૂકી સારા ભક્ત થયા ને અંતે સારા સાધુ પણ થયા.

અમદાવાદ ગાદીના કેશવપ્રસાદજી મહારાજ અત્યંત રજોગુણી હતા, થોભિયા, મૂછો ને લાંબો ચોટલો રાખતા. પણ ગુણાતીતાનંદ સ્વામીએ અમદાવાદ જઈને એમને ત્યાગ-વૈરાગ્યની અદ્ભુત વાતો કરીને રંગ ચઢાવી દીધો. સભા પછી તરત જ કેશવપ્રસાદજી મહારાજે વાળંદ બોલાવી લાંબો ચોટલો ને મૂછો બધું કપાવી સાદો વેશ ધારણ કર્યો અને સ્વામીને પગે લાગવા ગયા. સ્વામી પણ એમના પર ઘણા રાજી થયા.

વડતાલની છાવણીમાં ગુણાતીતાનંદ સ્વામી ત્યાગ-વૈરાગ્યની એવી અદ્ભુત વાતો કરતા કે ત્યાંના ભંડારી સંતને પૂછ્યું ત્યારે એમને જણાવ્યું કે સ્વામી જ્યારથી વાતો કરે છે ત્યારથી બધાને ત્યાગ-વૈરાગ્યની ખુમારી ચઢી છે. પંગતમાં લાડવા પણ લેતા નથી તેથી બે મણ ઘીનો બચાવ થાય છે. આમ, સ્વામીની વાતોથી સત્સંગમાં ત્યાગ-વૈરાગ્યનો ચડતો ને ચડતો રંગ રહેતો.

**૪. ભક્તિ :**

ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી ભક્તોમાં ભક્તિ પણ ઉદય થતી. સ્વામીના હરિભક્તોમાં સ્વામીએ એવી ભક્તિ ઉદય કરી હતી કે પોતે દુઃખ વેઠતાં પણ ઠાકોરજી માટે બધી વસ્તુઓ લાવીને ધરી દેતા.

સંતોને પણ સ્વામી વાતો કરી કરીને ભક્તિમાં પ્રેરતા. સ્વામી અખંડ મૂર્તિ ધારી રાખવાની ઘણીવાર વાતો કરતા. જાગા ભક્તને અને પ્રાગજી ભક્તને પણ સ્વામીએ મૂર્તિ ધારીને સેવા કરવાની ટકોર કરી હતી. બાલમુકુંદ સ્વામીએ ચાતુર્માસમાં બપોરે ન સૂવાનો નિયમ લીધો ત્યારે સ્વામીએ એમને રોજ મહારાજનું એક નવીન ચરિત્ર કહેવાનો નિયમ લીધો. આ રીતે પણ સ્વામી ભક્તોની ભક્તિ વધારતા.

આમ, ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી સત્સંગનો રંગ ખૂબ જ વધ્યો હતો. આખો સત્સંગ સમાજ વર્ષમાં એકવાર સ્વામીની વાતો સાંભળવા જતો. ખુદ આચાર્ય મહારાજ જેવા ધર્મધુરંધરોને પણ સ્વામીની વાતોથી સમાસ થતો ને વર્તવાનું બળ મળતું. રઘુવીરજી મહારાજને સિદ્ધદશા સ્વામી એ જ વાતો કરીને કરાવી આપી હતી અને ઉપલેટાના સીધા, સાદા, ભોળા એવા લાલાભાઈને પણ ગુણાતીતાનંદ સ્વામીએ જ વાતો કરીને સિદ્ધદશા કરાવી આપી હતી, આમ, આચાર્યથી માંડીને સામાન્ય હરિભક્તો સુધી અર્થાત્ તમામ સત્સંગ સમાજમાં ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી રંગ ચઢતો હતો.

**(૨) સંતોના મુખે સ્વામી**

શ્રીજીમહારાજે વચનામૃત ગ.મ. ૧૭માં કહ્યું છે કે ભગવાનનો ભક્ત હોય તે જ ભગવાનના ભક્તને ઓળખે છે. મહારાજના કહેવા મુજબ અન્ય લોકો ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહે તેના કરતા પણ જે લોકો ખરેખર ભગવાનના ભક્ત થયા છે. મહારાજના સાધુ થયા છે એમના મુખે સ્વામીનો યથાર્થ મહિમા જેવો જાણવા મળે તેવો બીજે ન મળે. આપણે મહારાજના સંતોએ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહ્યો છે તેને અહીં માણીશું.

**(૧) ગોપાળાનંદ સ્વામીના મુખે :-**

ગઢડાની સભામાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'ખરો વ્યવહાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો છે. કેમ જે મંદિરનો વ્યવહાર સુધાર્યો, સોરઠ દેશમાં સત્સંગ ફેલાવ્યો, સાધુઓને ધર્મ-નિયમમાં વર્તાવ્યા, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને રાજી કર્યા ને મહારાજની મૂર્તિને એક ક્ષણ પણ ભૂલતા નથી માટે આવા સદ્‌ગુરુ તો આખા સત્સંગમાંથી નથી તે તો સર્વજ્ઞ છે અને ધન્વંતર વૈદ્ય છે.'

આણંદના જીભાઈ શેલતને ગોપાળાનંદ સ્વામીએ વાત કરી કે 'જૂનાગઢ જઈ એક મહિનો સમાગમ કરવાની આજ્ઞા નહિ પાળે એને બહુ ખોટ જશે ને બહુ કસર રહી જશે, કારણ કે જેને મહારાજની આજ્ઞા પાળીને જૂનાગઢ જઈને સમાગમ કર્યો છે તેને મહારાજની જેવી છે તેવી સર્વોપરી નિષ્ઠા થઈ છે. વળી તપ, ત્યાગ ને વૈરાગ્યના ગુણો પણ સ્વામીની વાતો સાંભળવાથી આવે છે.'

જૂનાગઢમાં એકવાર પાર્ષદો ઘાસ લેવા ભેંસલા ડુંગર પર જતા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ 'વરસાદ પડશે' એમ કહી તેઓને રોક્યા પણ ફરીથી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા થતા તેઓ ગયા ને ઘાસ લઈને આવ્યા પણ વરસાદ થયો નહિ. ગોપાળાનંદ સ્વામીએ સાશ્ચર્ય પાર્ષદોને પૂછ્યું, 'તમે કેમ ગયા ? મે કહ્યું હતું ને કે વરસાદ પડશે.'



પાર્ષદો કહે, 'અમને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે જાવ વરસાદ નહિ પડે !' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા 'અહો, આ તો જોગીનું કામ. અમારું કહ્યું તો એ એક જ ફેરવી શકે.'

છેલ્લા મંદવાડ વખતે ગોપાળાનંદ સ્વામીને શિવલાલ શેઠે પૂછ્યું, 'સ્વામી ! હવે અમારો કોણ આધાર ?'

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ એને કહ્યું, 'તારે જો વ્યવહાર શીખવો હોય તો ગઢડામાં પૂજા શેઠ પાસે જજે અને વ્યવહાર ને મોક્ષ બેય જોઈતા હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજે. કારણ, ગુણાતીતાનંદ સ્વામી જેવો વ્યવહાર ને મોક્ષ કોઈનેય આવડતો નથી. સ્વામી જેવા સમર્થ સાધુ તો કોઈ નથી, એ તો મૂળઅક્ષર છે. તેથી તમારે, પ્રાગજીને અને જાગા ભક્ત ત્રણેયને જૂનાગઢ જવું.'

એમની અંતિમ અવસ્થા વખતે વડોદરાના હરિભક્તો આવ્યા ને કહ્યું કે 'સ્વામી, વડોદરા સામું દૃષ્ટિ રાખજો ?' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા, 'હવે વડોદરા સામું દૃષ્ટિ ન હોય. હવે તો અક્ષરધામમાં શ્રીજીમહારાજ સામું કાં તો જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી સામું દૃષ્ટિ હોય.' આમ, ધામમાં જતા પૂર્વે પણ ગોપાળાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહેતા ગયા.

**(૨) મુક્તાનંદ સ્વામીના મુખે :-**

સ્વામીને મુક્તાનંદ સ્વામીના મંડળમાં મૂક્યા. એકવાર જેતલપુરમાં મુક્તાનંદ સ્વામીને કાંકરાવાળી જમીન પર પાથર્યા વિના સૂતેલા જોઈને સ્વામીશ્રીએ પણ એમ કર્યું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ એમને પથારી કરવા કહ્યું.

સ્વામીએ કહ્યું, 'અમને પણ કલ્યાણનો ખપ છે.'

ત્યારે મુક્તાનંદ સ્વામી અત્યંત રાજી થઈ ગયા ને કહ્યું, 'સાધુરામ તમે બહુ આગળ વધી જશો.'

મહારાજના ક્ષણિક દર્શન માટે રાત્રે વરસાદમાં નેવા નીચે ગુણાતીતાનંદ સ્વામીને જોઈને મુક્તાનંદ સ્વામી બોલી ઊઠ્યા, 'અહોહો ! અતિ શ્રદ્ધાળુ પુરુષ ! નથી દેહની પડી કે નથી નિદ્રાની પડી.'

સુરતમાં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું કે 'સામેના મકાનમાં નીલ વાંદરું જેણે ન જોયું હોય તે ઊભા થાય.' ત્યારે સ્વામી ઊભા થયા. મુક્તાનંદ સ્વામી બોલી ઊઠ્યા, 'શાબાશ, સાધુરામ બસ્સો સાધુમાં એક તમે સંયમી વૃત્તિવાળા નીકળ્યા.'

એકવાર ધરમપુરથી ગઢડા જતાં રસ્તામાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'મહારાજ તમને કોઈ દિવસ વઢતા નથી. વળી, જે કાંઈ કહો છો તે ધીરા રહીને

સાંભળે છે અને તમારી ઇચ્છા મુજબ વર્તે છે. માટે ધરમપુરની બાઈનાં દર્શનના આગ્રહની વાત તમે મહારાજને કરશો.'

આમ, ગુણાતીતાનંદ સ્વામી કરતા ૨૯ વર્ષે મોટા હોવા છતાં મુક્તાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીનો આવો મહિમા સમજતા.

**(૩) નિત્યાનંદ સ્વામીના મુખે :-**

જૂનાગઢમાં એકવાર નિત્યાનંદ સ્વામી પૂજા કરતા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી સભામાં સાધુતાની બળભરી વાતો કરતા હતા. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા, 'અહોહો ! સ્વામીને શ્રીજીમહારાજે કહ્યા હતા તેવા આજે સમજાયા. ઠીક મંડ્યા છો, કેટલા બળથી ઉપદેશ કરે છે ? બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે ? અને કદાચ બોલે તો કોઈને ભાર પણ પડે નહિ.' સ્વામીનું તો જેવું વર્તન તેવી જ વાણી. વાણીમાં કદાચ સંકોચ રાખે પણ વર્તનમાં તો રંચમાત્ર મોળા પડતા નથી. સ્વામીશ્રી ઉપર મહારાજની અનહદ કૃપા છે. એટલે સ્વામીશ્રી મહારાજનું સ્વરૂપ છે. વળી, પોતે પણ જેના ઉપર કૃપા કરે તેને પોતાના જેવા કરી દે છે.

**(૪) આત્માનંદ સ્વામીના મુખે :-**

વાગડમાં સોરઠના હરિભક્તો ને થોડા સંતો ગયા ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા, 'આ માથે આંટીવાળી પાઘડી ને ઉપર છોગું તે સોરઠના લાગો છો. સોરઠ તો ગુણાતીતાનંદ સ્વામીનો દેશ કહેવાય. ને ત્યાંના હરિભક્તોની પાઘડીમાં આંટી હોય પણ હૈયામાં આંટી ન હોય.' આમ, સ્વામીશ્રીના વખાણ ઘણીવાર આત્માનંદ સ્વામીના મુખે સાંભળવા મળતા.

**(૫) આનંદાનંદ સ્વામીના મુખે :-**

અમદાવાદમાં શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સ્વામીએ આનંદ સ્વામીની સાખ લઈને સભામાં છ પ્રસંગ કહીને સમજાવ્યું. પછી આનંદ સ્વામી બોલ્યા, 'તમે શ્રીજીમહારાજનાં આટલાં બધાં લીલાચરિત્રો સાંભળીને ભેગાં કરી રાખ્યાં છે. તે તમને ધન્ય છે કે મહારાજનું સર્વોપરી સ્વરૂપ પ્રવર્તાવવામાં તમે જ આટલો દાખડો કરો છો.'

વળી, આનંદ સ્વામી સુરતનો પ્રસંગ સંભારીને કહેતા : 'સુરતમાં હું સ્વામી સાથે ઝોળી માંગવા જતો. તેમાં એક દિવસ શ્રીજીમહારાજ સ્વામીની આગળ પાછા પગે ચાલતા હતા. ત્યારે આ સ્વામીએ મહારાજને કહ્યું, 'મહારાજ ! આમ સામું જોઈને ચાલો એટલે ખાડા ટેકરા કળાય.' ત્યારે મહારાજે હસીને કહ્યું, તમને પૂંઠ કેમ દેવાય ? આમ, આ સ્વામીનો મહિમા તો મેં શ્રીજીમહારાજના મુખે



સાંભળ્યો છે. આમ, આનંદ સ્વામી વાત કરતા.

**(૬) શુકાનંદ સ્વામીના મુખે :-**

સ્વામીશ્રીની સર્વોપરી સ્વરૂપના મહિમાની અદ્‌ભુત વાતો સાંભળીને શુક સ્વામી બોલી ઊઠ્યા, 'ગુણાતીતની તો ઝોક જુદી જ હોય તેમ લાગે છે. આ જોકમાં જે ઊછર્યા એના અંતરમાંથી મહારાજ કદી જાય જ નહિ.' આમ, શુકમુનિ ઘણીવાર સ્વામીશ્રીનો મહિમા કહેતા.

**(૭) કૃપાનંદ સ્વામીના મુખે :-**

કૃપાનંદ સ્વામીના મંડળમાં ગુણાતીતાનંદ સ્વામી પણ ફરતા. ભેગા રહેતા ને યથાર્થ મહિમા ખબર પડે માટે કૃપાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીનો આવો મહિમા સમજતા તે કહેતા 'તમે તો ગુરુ કરવા જેવા છો. આટલી સેવા કરે, આટલો ઉપદેશ કરે તેને તો ગુરુ જ કરવા જોઈએ.'

**(૮) સાધુ ઘનશ્યામદાસના મુખે :-**

શ્રીજીમહારાજની સાથે જેમણે ઘણી સેવા કરી હતી એવા નાજા જોગિયા પાછળથી દીક્ષા લઈ સાધુ ઘનશ્યામદાસ થયા હતા. ગુણાતીતાનંદ સ્વામીના મુખે મહારાજનો મહિમા સાંભળીને તેઓ બોલ્યા, 'સ્વામી ! અમે મહારાજના ભેગા રહેતા ત્યારે સમજતા કે અમે ચક્રવર્તીના દીકરા છીએ અને તમને સૌને છેટે રહેનારા જાણતા હતા. તેથી અમારા અંતરમાં તમારો જરાય ભાર નહોતો. પરંતુ તમારી વાતો સાંભળીને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનો હવે પાકો નિશ્ચય થયો. હવે લાગે છે કે જેમ પાડરડા ને વાછડા સત્સંગમાં હોય એવી સ્થિતિ અમારી હતી. જ્યારે તમે તો મહારાજને અખંડ ધારીને, મહારાજના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય સૌને કરાવો છો માટે ચક્રવર્તીના દીકરા તો તમે છો.'

વળી, એકવાર ઘનશ્યામદાસ ધ્યાન કરતા હતા ત્યારે સ્વામીએ અંતર્યામીપણે એમનો સંકલ્પ પકડીને કહ્યું, 'ધ્યાન કરો છો કે ગઢડે ધોળા તલકાવાળી ભેંસને માથે હાથ ફેરવો છો ?' આ પ્રસંગે પણ ઘનશ્યામદાસ બોલી ઊઠ્યા, 'સ્વામી ! થોડો થોડો પણ મારા અંતરમાં ઊંડે ભાવ હતો કે તમે ખંડિયા છો પણ આજે નિશ્ચય થયો કે તમે ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો, હવે તમે અક્ષર સાચા.'

આમ, સ્વામીના સમકાલીન ઘણા સંતો-પરમહંસો સ્વામીનો પુષ્કળ મહિમા કહેતા.

### (૩) પરમહંસોની સરખામણીમાં ગુણાતીતાનંદ સ્વામી

શ્રીજીમહારાજ પાસે પરમહંસોનું સરોવર હતું. આ પરમહંસોને ત્યાગ, વૈરાગ્ય, વિદ્વત્તા અને કળામાં કોઈ પહોંચી શકે એમ નહોતું. આવા ગુણિયલ

પરમહંસોમાં પણ ગુણાતીતાનંદ સ્વામી નોખા હતા. અન્ય ત્યાગીઓમાં સૂર્ય જેવા તેજસ્વી લાગતા પરમહંસો આ ગુણાતીતના પ્રકાશમાં ઝાંખા લાગતા. આજે આપણે અન્ય પરમહંસોની સરખામણીમાં ગુણાતીતાનંદ સ્વામી એમનાં વર્તન, વ્યવહાર, જ્ઞાન અને સામર્થ્ય દ્વારા કઈ રીતે ચડિયાતા હતા તે જોઈશું.

**(૧) ગુણાતીતાનંદ સ્વામીનું વર્તન :-**

શ્રીજીમહારાજના પરમહંસોના વર્તનના તોલે કોઈનું વર્તન આવી શકે એમ નથી. આવા અણિશુદ્ધ વર્તનવાળા પરમહંસો પણ ગુણાતીતાનંદ સ્વામીનું વર્તન જોઈ અભિભૂત થઈ જતા.

સાધુતાની મૂર્તિ સમા મુક્તાનંદ સ્વામીએ પણ ગુણાતીતાનંદ સ્વામીનો વર્તવાનો ઉત્સાહ જોયો, જ્યારે ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા લઈને થોડા જ દિવસમાં મુક્તાનંદ સ્વામીની જેમ કાંકરા પર સૂવા તૈયાર થઈ ગયા, ત્યારે મુક્તાનંદ સ્વામી એમના વર્તનથી અંજાઈ ગયા.

સુરતમાં સંતોના ઉતારાની બાજુમાં એક ઘરમાં નીલ વાંદરું હતું. ખુદ મુક્તાનંદ સ્વામીની દૃષ્ટિ પણ એકવાર એના પર પડેલી પણ ગુણાતીતાનંદ સ્વામીની દૃષ્ટિ એટલી બધી સંયમિત હતી કે એમણે તો એક પણ વાર એ તરફ દૃષ્ટિ જ જવા દીધી નહિ. સ્વામીની દૃષ્ટિ એવી સંયમિત હતી કે અન્ય પરમહંસો ઝોળી માંગવા જતા તો સ્ત્રીનું મુખ ભૂલમાં જોવાઈ જાય તેથી રોજ જોડ બદલાય પણ ગુણાતીતાનંદ સ્વામીની દૃષ્ટિ તો ક્યારેય જાય જ નહિ. આથી જ તો એ રોજ ઝોળી માંગવા જઈ શકતા.

ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામીના મંડળમાં આવ્યા ત્યારે પણ એમનું વર્તન જોઈને કૃપાનંદ સ્વામી બોલી ઊઠ્યા કે 'તમો તો ગુરુ થાવ એવા છો.'

નિત્યાનંદ સ્વામી પણ સ્વામીના વર્તનના વખાણ કરતા. જૂનાગઢમાં સ્વામી સંતોને ત્યાગ-વૈરાગ્યની વાતો કરતા નિત્યાનંદ સ્વામી બોલી ઊઠ્યા 'ઠીક મંડ્યા છે, જેવા મહારાજે કહેલા એવા આજે સમજાયા, પંડનું વર્તન સારું છે તેથી બોલી શકે નહિ તો શું બોલે.'

આમ, મોટા મોટા પરમહંસો સ્વામીનું વર્તન જોઈને અભિભૂત થતા. છેક જીવનનાં અંતિમવર્ષો સુધી સ્વામીનું વર્તન પરમહંસોને અભિભૂત કરતું. અમદાવાદમાં ખૂબ મોટી વયે પણ સ્વામી હરિભક્તોનો ભીડો વેઠતા હતા ત્યારે પવિત્રાનંદ સ્વામી બોલી ઊઠ્યા કે આ ભીડો તો ગુણાતીતાનંદ સ્વામી જ વેઠી શકે.

શ્રીજીમહારાજ પણ અન્ય પરમહંસો સમક્ષ સ્વામીશ્રીના વર્તનના વખાણ



કરતા. એકવાર મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને સ્વામીના નિઃસ્વાદી વર્તમાનના વખાણ કરતા કહેલું 'એ તો અમારી મૂર્તિનો જ સ્વાદ લે છે, બાકી તો કોઠીમાં અનાજના દાણા પૂરે એ રીતે જમે છે. એમની જેમ જમતા શીખો.'

એકવાર મહારાજે પંચવર્તમાન દૃઢ પળાય તે માટે બધા પરમહંસોને અંદરોઅંદર જામીન બનાવડાવ્યા અને ગુણાતીતાનંદ સ્વામી માટે તો 'અમે એમને નિરંતરના જામીન છીએ' એમ વાત કરી. આમ, મહારાજે પણ અન્ય કરતા સ્વામીના વર્તમાન કેવા ઉચ્ચ છે એ જણાવ્યું.

આમ, ગુણાતીતાનંદ સ્વામીનું વર્તન કેટલું ઉચ્ચ હતું એ આપણે જોયું.

**(૨) ગુણાતીતાનંદ સ્વામીનો વ્યવહાર :-**

મહારાજે મોટાં મોટાં મંદિરો બાંધીને પરમહંસોને એનો વ્યવહાર સોંપ્યો હતો પણ એ બધા પરમહંસોમાં જો સૌથી સારો વ્યવહાર કોઈએ કર્યો હોય તો તે ગુણાતીતાનંદ સ્વામીએ. આ વાત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કે જેઓ બંને દેશના મોટેરા હતા ને વળી બધાં મંદિરોમાં ફરીને વ્યવહારનો તપાસ રાખતા તે ગોપાળાનંદ સ્વામીએ પોતે જ ગઢડાની સભામાં વાત કરી હતી.

એમણે સભામાં પ્રશ્ન પૂછ્યો કે મહારાજે વરતાલ, ધોલેરા, ગઢડા ને જૂનાગઢ બધે મંદિરો કરી મહંત સ્થાપ્યા. એમાં ખરો વ્યવહાર કરતા કોને આવડ્યો ? બધાએ પોતપોતાની સમજણ પ્રમાણે જવાબ આપ્યો. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા, 'ખરો વ્યવહાર તો જૂનાગઢના ગુણાતીતાનંદ સ્વામીએ કર્યો છે. નાગરોની આટલી ઉપાધિમાં મંદિર પૂરું કરાવ્યું, મંદિરનો વ્યવહાર સુધાર્યો, આખા સોરઠ દેશમાં સત્સંગ વધાર્યો, સાધુઓને ધર્મ-નિયમમાં વર્તાવ્યા, રઘુવીરજી મહારાજને રાજી કર્યા ને અખંડ કથાવાર્તા કરી એક ક્ષણ પણ મહારાજને ભૂલ્યા નથી એવા સદ્‌ગુરુ તો આખા સત્સંગમાં નથી. એ તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે ને ધન્વંતર વૈદ્ય જેવા છે.' આ પ્રમાણે મહિમા કહ્યો.

ગઢડામાં જ્યારે બધાએ ભેગા મળી ગોપાળાનંદ સ્વામીનું અપમાન કરવાનું નક્કી કર્યું હતું ત્યારે વડતાલમાં નિત્યાનંદ સ્વામી, શુકમુનિ જેવા મોટા પરમહંસો હાજર હતા પણ કોઈ કાંઈ ન કરી શક્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી છેક વડતાલ આવ્યા ને પોતાની વ્યવહારકુશળતાથી ગોપાળાનંદ સ્વામીનું અપમાન અટકાવી દીધું.

શ્રીજીમહારાજને પણ ગુણાતીતાનંદ સ્વામીની વ્યવહારકુશળતા પર અન્ય પરમહંસોની સરખામણીમાં વધારે વિશ્વાસ હતો, કારણ કે જ્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું, 'જૂનાગઢના મહંત વિચારીને નીમજો, કારણ કે ત્યાં

નાગરોની ઉપાધિ, વળી મુસલમાન રાજ્ય છે.' ત્યારે મહારાજે પણ પોતાની દૃષ્ટિ ગુણાતીતાનંદ સ્વામી પર ઠેરવી હતી.

આમ, વ્યવહારકુશળતામાં પણ અન્ય પરમહંસોની સરખામણીમાં ગુણાતીતાનંદ સ્વામી ઊંચેરા હતા.

**(૩) ગુણાતીતાનંદ સ્વામીનું જ્ઞાન :-**

લૌકિક જ્ઞાન સંસ્કૃત, સંગીત આદિક ગુણાતીતાનંદ સ્વામીમાં ઝાઝું જણાતું નહિ. પણ આ જ્ઞાન વડે જે વસ્તુનું પ્રતિપાદન કરવાનું હતું, એ જ્ઞાન ગુણાતીતાનંદ સ્વામીની સરખામણીમાં કોઈ પરમહંસમાં દેખાતું નથી.

ગુણાતીતાનંદ સ્વામી પાસે મહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન હતું. અને એ જ્ઞાન માટે મોટા મોટા વિદ્વાન સંતો નિત્યાનંદ સ્વામી ને શુકમુનિ જેવા પણ સ્વામીનો સમાગમ કરતા.

જૂનાગઢમાં નિત્યાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને વાતો કરવા કહ્યું ત્યારે સ્વામીએ નિત્યાનંદ સ્વામીને ઉપાસનાની અદ્‌ભુત વાતો કરી ને એમને રાજી કરી લીધા.

વડતાલમાં આચાર્ય મહારાજના મેડે ગુણાતીતાનંદ સ્વામીએ જ્યારે મ.૯મું વચનામૃત સમજાવી મહારાજનું સર્વોપરીપણું સમજાવ્યું ત્યારે શુકમુનિ બોલી ઊઠ્યા 'આ વચનામૃત મેં શોધ્યું. એમાં કોઈનો ભાગ નથી પણ યથાર્થ તો મને આજે સમજાયું આ મેડાના પગથિયા ચડ્યો ત્યાં સુધી નહોતું સમજાયું.'

સદ્‌ગુરુ આત્માનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીને પોતાના થાળની પ્રસાદી આપતા, પરંતુ ગુણાતીતાનંદ સ્વામીએ વાગડમાં એમને જ્યારે સર્વોપરી જ્ઞાન સિદ્ધ કરાવ્યું પછી એમને સ્વામીના પત્તરમાંથી પ્રસાદી લઈ લીધી. સ્વામી કહે, 'આમ, અવળી ગંગા ન હોય' ત્યારે આત્માનંદ સ્વામી કહે, 'હવે ગંગા સવળી થઈ અત્યાર સુધી અવળી હતી.'

આમ, ગુણાતીતાનંદ સ્વામીનું જ્ઞાન અન્ય પરમહંસોની સરખામણીમાં ઘણું ઊંચું હતું.

**(૪) ગુણાતીતાનંદ સ્વામીનું સામર્થ્ય :-**

એકવાર શ્રીજીમહારાજે બધા પરમહંસોને પોતપોતાનું સામર્થ્ય પૂછ્યું. બધાએ પોતાનું સામર્થ્ય જણાવ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું કે તમારું સામર્થ્ય તો જણાવો ? ત્યારે મહારાજ બોલ્યા 'એમનામાં તો ઘણું સામર્થ્ય છે તે આગળ ઉપર જણાશે. જેમ અત્યારે અમારી પાછળ લાખો માણસ ફરે છે તેમ ભવિષ્યમાં એમની પાછળ લાખો માણસ ફરશે.' આમ, ગુણાતીતાનંદ સ્વામીનું



સામર્થ્ય અન્ય પરમહંસો કરતા અધિક હતું એ વાત આપણને મહારાજે જ સિદ્ધ કરી આપી છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીમાં એવું અપાર સામર્થ્ય હતું કે એકવાર એક હરિભક્તની રક્ષા કરવાને કાજે એમને ગ્રહણ અટકાવી દીધેલું. આમ, સૃષ્ટિ સંચાલન પર એમની સામર્થી ચાલતી. એ ગોપાળાનંદ સ્વામીએ એકવાર જૂનાગઢમાં પાર્ષદો ઘાસ લેવા ડુંગર પર જતા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પોતાના સામર્થ્યથી કહ્યું આજે ન જતા વરસાદ પડશે ? પાર્ષદો ગયા નહિ એટલે ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું, ત્યારે પાષર્દોએ ગોપાળાનંદ સ્વામીએ કહેલી વાત જણાવી. સ્વામી કહે, 'જાવ, વરસાદ નહિ આવે.' સ્વામીની આજ્ઞાથી પાર્ષદો ગયા ને ઘાસ લઈને આવ્યા. તેમને જોઈને આશ્ચર્યવત્ ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું, 'તમે કેમ ગયા ? મેં કહ્યું હતું ને વરસાદ આવશે.' પાર્ષદોએ કહ્યું કે ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ગયા ને વરસાદ પણ ન પડ્યો. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલી ઊઠ્યા 'અહો, આ તો જોગીનું કામ. મારું કહ્યું તો એ જ ફેરવી શકે.' આમ, અપાર સામર્થ્યવાન ગોપાળાનંદ સ્વામી કરતા પણ સ્વામીનું સામર્થ્ય વધારે હતું.

સ્વામીનું સામર્થ્ય એવું હતું કે પોતે દૃષ્ટિમાત્રે બીજા પરમહંસોને પણ નિર્વાસનિક કરી શકતા. ધોલેરાના ઉપેન્દ્રાનંદ સ્વામીને કામવાસના પીડતી હતી. સ્વામીએ દૃષ્ટિમાત્રે વાસના ટાળી દીધી.

સ્વામીએ કરાવેલો સત્સંગ જ સ્વામીના અપાર સામર્થ્યનો પુરાવો છે. મહારાજના ધામગમન પછી સમગ્ર સત્સંગ સમાજમાં જો સત્સંગ લીલો પલ્લ્વ રહ્યો હોય તો એક જૂનાગઢમાં જ. મહારાજના મળેલા પરમહંસો તો બધેય ઠેકાણે હતા પણ ગુણાતીતાનંદ સ્વામીનું એવું સામર્થ્ય હતું તેથી એમને સોરઠમાં ગામોગામ મંદિરો અને ખેંગારવાવ માથાથી ભરાય એટલા પાકા સત્સંગી કર્યા અને બધાને સર્વોપરી જ્ઞાન દૃઢ કરાવ્યું. અન્ય પરમહંસો તો એ વાત કરતા પણ ગભરાતા.

ગુણાતીતાનંદ સ્વામીએ એકવાર વાત કરી, 'બીજા પરમહંસો સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સંતદાસજી... વગેરે અક્ષરધામમાંથી જ્ઞાનની ગાંસડીઓ લાવ્યા હતા પણ પાત્ર-કુપાત્રનો વિચાર કરવામાં રહી ગયા જ્યારે અમે તો પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વિના સર્વોપરી જ્ઞાન આપી દઈએ છીએ. આમ, છડેચોક સર્વોપરીપણું કહેવાનું સામર્થ્ય પણ અન્ય પરમહંસોની સરખામણીમાં ગુણાતીતાનંદ સ્વામીમાં વધુ હતું.'

**ગુણાતીતાનંદ સ્વામીની અનાદિની મોટપ :**

તત્ત્વની રીતે જોઈએ તો ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ હતા તે આ વાત

મહારાજે જ ઘણીવાર કરી છે. ડભાણના યજ્ઞમાં અને સારંગપુરના ફૂલદોલ ઉત્સવમાં મહારાજે ગુણાતીત સંતની ઓળખાણ પોતે જ કરાવી હતી. આમ, મહારાજે ઘણીવાર ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી મહિમા કહ્યો છે એટલો મહિમા કોઈ પરમહંસોનો કહ્યો નથી.

ગોપાળાનંદ સ્વામી પણ ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરબ્રહ્મ તરીકે મહિમા સમજતા ને કેટલાકને એમને એ વાત સમજાવી સ્વામી પાસે સમાગમ માટે મોકલ્યા હતા. આમ, ગુણાતીતાનંદ સ્વામી તત્ત્વે કરીને તો અન્ય પરમહંસોની સરખામણીમાં અનંત ઘણા મોટેરા હતા.

સ્વામીની આ સ્થિતિનો ખ્યાલ મુક્તાનંદ સ્વામીને પણ આવી ગયેલો તેથી તે કહેતા, 'સ્વામી, મહારાજ તમને કાંઈ કહેતા નથી, વઢતા નથી અને તમે વાત કરો ત્યારે ધીરે રહીને સાંભળે છે અને તમારી ઇચ્છા મુજબ વર્તે છે.' આમ, મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંતો પણ ગુણાતીતાનંદ સ્વામીની સ્થિતિ જાણતા.

આમ, અન્ય પરમહંસોની સરખામણીમાં ગુણાતીતાનંદ સ્વામીની સ્થિતિ કેવી ઉચ્ચ હતી તે આપણે જોઈ શકીએ છીએ.

**(૪) દયાનિધિ અને ક્ષમાનિધિ સ્વામીશ્રી**

'અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો' ચેષ્ટાની આ પંક્તિ મહારાજ પૂરતી સીમિત નથી. એમના જ સ્વરૂપ સમા આ ગુણાતીતની પણ માલિકીની આ પંક્તિ કહી શકાય. પોતે સ્વરૂપે તો અક્ષરબ્રહ્મ તત્ત્વ હતા. એમને તો અનંતકોટિ બ્રહ્માંડની ગણતરી ન હોય છતાં પોતાના હરિભક્તોના વ્યવહારની ચિંતા કરી પોતાની કરુણાગંગા વહાવડાવી જ છે.

સ્વામીશ્રી આચાર્ય મહારાજ સાથે ફરતાં-ફરતાં દાડમા ગામે પધાર્યા. દાડમાના નથુ ભટ્ટ ખૂબ જ પ્રેમી અને સમર્પણવાળા ભક્તરાજ હતા. તેમણે સ્વામીશ્રી અને આચાર્ય મહારાજનું સ્વાગત કરી ઉતારા કરાવ્યા. સ્વામીશ્રી તેનો ભાવ અને વ્યવહાર બંને જાણતા હતા. આનંદમાં આવીને નથુ ભટ્ટે સૌને જમાડી આચાર્ય મહારાજ અને સંતોનું પૂજન કરી રૂા. ૨૦ની ભેટ મૂકી. ત્યારબાદ રૂા. ૪૦ ના ધોતિયા ઓઢાડવાનો સંકલ્પ કર્યો તે જાણી સ્વામીશ્રી કહે : 'બ્રાહ્મણનો ભાવ તો જુઓ ? ઘરના માણસની ૮૦ ભારની કાંબીઓ વેચી રૂા. ૧૦૦ આવ્યા તેમાંથી ૮૦ રૂા.ની રસોઈ કરી. રૂા. ૨૦ ભેટ ધર્યા અને હવે કરજ કરી ધોતિયા ઓઢાડવાનો સંકલ્પ કરે છે. આચાર્ય મહારાજે પણ તેમને ૨૦ રૂા.માંથી ૧૦ રૂા. પાછા આપ્યા અને કહ્યું કે આ ૧૦ રૂા.માંથી ધોતિયા ઓઢાડો. નથુ ભટ્ટે સેવા પાછી ન લેવા ખૂબ પ્રયત્ન કર્યો પણ દયાળુ સ્વામીની આજ્ઞાથી રૂા. ૫ પાછા લઈ



ધોતિયા ઓઢાડ્યા અને બીજાં ૨૦ ગોદડાં ઓઢાડ્યાં. સ્વામીશ્રી : 'બધાં ગોદડાં અમને આપશો તો તમે ઘરે શું કરશો ? એટલે ૧૦ જ ગોદડાં આપો અને બાકીના રાખો.' આમ, દયાળુ સ્વામી હરિભક્તનો ખૂબ ભાવ હોવા છતાં પણ પહેલા તેનો વ્યવહાર જોતા ત્યાર પછી જ સેવા ગ્રહણ કરતા.

સ્વામીશ્રીના બીજા એક ભક્તરાજ હાટીના માળિયામાં બાબુ હાટી નામે રહેતા. તેમના ભાયાતોએ તેમનો ગરાસ દબાવેલો તેથી વ્યવહાર ખૂબ દૂબળો થઈ ગયો હતો. ભાડા કરીને બાબુ પોતાનો નિર્વાહ ચલાવતો. મીઠા ઠક્કર મારફતે આ સમાચાર સ્વામીને મળ્યા અને બાબુએ આશીર્વાદ માગ્યા છે એ વાત સાંભળી દયાળુ સ્વામીશ્રીએ પોતાની ગાદી ઉપર હાથ પછાડીને કહ્યું કે વ્યવહાર તો આમ સુધારી દઈએ, રૂપિયાની ક્યાં ખોટ છે ? એ તો ઢગલા થાય પણ જીવનું સમું રહેવું કઠણ છે. સ્વામીશ્રીના સંકલ્પથી બાબુનો વ્યવહાર સુધરી ગયો. ભાયાતોએ દબાવેલો ગરાસ પાછો મળી ગયો અને સુખી થઈ ગયો. આમ, હરિભક્તોના વ્યવહારની ચિંતા સ્વામીશ્રી કરતા.

રાજકોટના કડિયા માવજીભાઈ મિસ્ત્રી આર્થિક રીતે ખૂબ ગરીબ હતા. તેમણે જૂનાગઢ આવી સ્વામીના આશીર્વાદ લેવાનો વિચાર કર્યો ને જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીએ તેમનો સંકલ્પ જાણી કહ્યું બધા જ મનોરથો અહીં પૂરા થશે. પછી સ્વામીશ્રીએ બ્રાહ્મણની દુકાનેથી ચોખ્ખા કળી ગાંઠિયા, દાળિયા કે મમરા લઈ આવવા કહ્યું. માવજી તો આ સાંભળી તરત જ ગામમાં જવા નીકળ્યા. રસ્તામાં એક ઓળખીતા મુસલમાને પણ આ સેવા માટે એક આનો આપ્યો. માવાભાઈ ૨ આનાના દાળિયા ને મમરા લઈ મંદિરે આવ્યા. સ્વામીશ્રીએ દાળિયા ભગવાનને ધરાવી બે દાળિયા પ્રસાદીના લીધા ને બધાને વહેંચાવ્યા અને માવાભાઈને પ્રસાદી આપી. પેલા મુસલમાનને પ્રસાદ આપવા કહ્યું. અને કહ્યું કે તમે કરાંચી જજો. મહારાજ તમને મોટા કંટ્રાટી બનાવશે અને એમાં પેલા મુસાનો પણ અડધો ભાગ રાખજો. માવાભાઈએ તો અંતર્યામી અને દયાળુ સ્વામીશ્રીની સ્નેહલ ગંગા એક યવન ઉપર પણ સરખા પ્રમાણમાં ઢળતી જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા.

જન્માષ્ટમીના સમૈયે વરસાદ ખૂબ હતો એટલે હરિભક્તો પલળતા આવે અને એમને ઠંડી ન ચઢી જાય એટલે દયાળુ સ્વામીશ્રીએ કોઠારી પાસે બે તાકા મંગાવી ચાર ચાર હાથનાં ધોતિયાં ફડાવવા માંડ્યાં. હરિભક્તોનો સંઘ આવ્યો અને બધા સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. પરંતુ સ્વામીશ્રીએ તેમને રોક્યા અને કહ્યું, પહેલા આ ભીનાં કપડાં બદલી નવા ધોતિયા પહેરો પછી મળીશું. એટલું જ નહિ પરંતુ દયાળુ સ્વામીશ્રીએ જન્માષ્ટમીના ઉપવાસી ભક્તોને યાત્રાનો થાક ને ભૂખ

લાગ્યા હશે એમ વિચારી બ્રહ્મચારીએ બનાવેલ ખીચડી કઢી જમી લેવા બધાને આજ્ઞા પણ કરી.

સ્વામીશ્રીના દિલમાં સંતો માટે પણ અપાર કરુણા હતી. સ્વામીશ્રી જ્યારે વડતાલ સમૈયામાં જતા ત્યારે નિઃસહાય વૃદ્ધ સંતોને જોઈને એમનું કરુણામય કાળજુ કંપી ઊઠતું અને સ્વામીશ્રી આવા વૃદ્ધ સંતોને જૂનાગઢ લઈ આવતા અને જુવાન સંતો પાસે એમની સંભાળ રખાવતા. વૃદ્ધ સંતોને માફક આવે અને રુચે એવું એમના સેવકો બનાવીને જમાડતા અને તબિયત સાચવતા.

સ્વામીશ્રીની કરુણાવર્ષા કેવળ પોતાના સંતો ભક્તો પૂરતી મર્યાદિત નહોતી. અન્ય ધર્મના લોકો ઉપર પણ તેમની આ કરુણાવર્ષાની હેલી વરસતી આપણને જોવા મળે છે.

એક દિવસ શિયાળાના સમયમાં સ્વામીશ્રી બહારથી જૂનાગઢ આવતા હતા. ઠંડી ખૂબ હતી એટલે સ્વામીને પણ આ ઠંડીના ચમકારાની અસર જણાઈ. એટલામાં સ્વામીની નજર સામે બેઠેલા કઠિયારા ઉપર પડી. તેમણે મનોમન તેનું દારિદ્ર ટાળવાનો સંકલ્પ કરી લીધો અને તાપણું કરવા માટે મનજી ઠક્કરને એની પાસેથી લાકડા લેવા મોકલ્યા. કઠિયારાએ પણ સાચા ફકીર જાણી લાકડાં આપ્યાં. એની માતાએ પણ લાકડાં આપ્યાં પણ બદલામાં કાંઈ લીધું નહિ. સ્વામીને આ વાતની જાણ થઈ અને સ્વામીએ આશીર્વાદ આપ્યા કે 'જાવ એને હવે લાકડા નહિ કાપવા પડે !' ખરેખર થયું પણ એવું. કઠિયારો બાઉદ્દીન દીવાન બાઉદ્દીન બની ગયો.

બીજા એક પ્રસંગે સ્વામીશ્રી વડતાલથી જૂનાગઢ આવતા હતા. જૂનાગઢ મંદિરમાંથી અચિંત્યાનંદ બ્રહ્મચારી અને બીજા સંતો સ્વામીશ્રીને વધાવવા કાળવા દરવાજે આવ્યા અને સ્વામીશ્રીને હાર પહેરાવ્યા. સ્વામીશ્રીની આવી અલૌકિક શોભતી મૂર્તિ જોઈને નમાજ પઢતો એક સાંઈ બોલી ઊઠ્યો કે 'દેખો દેખો સ્વામીકા બાવા કૈસા બન્યા હૈ !' આ સાંભળી સ્વામીશ્રી કહે, 'હવે એને બાંગ પુકારવી નહીં પડે.' આમ, વિધર્મીઓ માટે પણ સ્વામીશ્રીની દયા વહેતી રહેતી.

સ્વામીશ્રીના જીવનમાં ક્ષમાનો ગુણ પણ જોવા મળે છે. ક્ષમા એ દયાળુ પ્રકૃતિનો જ એક ભાગ કહી શકાય. દયાળુ માણસ જ બીજાની ભૂલોને ક્ષમા આપી શકે.

એકવાર સ્વામીશ્રી કૃપાનંદ સ્વામીના મંડળમાં જૂના સાવર ગામે ગયા હતા. દરબાર ઉગા ખુમાણે અને ગામલોકોએ ભૂખ્યા તરસ્યા સંતોને છાણ, કાદવ અને પથ્થર માર્યાં અને અપમાનિત કરીને કાઢી મૂક્યા. સંતો તો ગામ બહાર આવી નદીમાં સ્નાન કરતા હતા. ત્યાં સમાચાર મળ્યા કે દરબારને દીકરો નથી, તો સ્વામીશ્રીએ અને સહુ સંતોએ આ ક્રૂર દરબાર માટે પ્રાર્થના કરી કે એમને ત્યાં દીકરો થાય ને એમના દરબારમાં સંતોની ઝોળી ટિંગાય. સ્વામીશ્રીના સંકલ્પે દરબારને દીકરો પણ થયો. દરબારને આ હકીકતની જાણ થતા ખૂબ પસ્તાવો થયો. પરંતુ કૃપાનિધિ સ્વામીશ્રીએ તેમને સાંત્વન આપી ઉદાર દિલે ક્ષમા આપી.

ગોપાળાનંદ સ્વામીની ભલામણથી હરિભજનાનંદ નામના સાધુને સ્વામીશ્રીએ જૂનાગઢમાં રાખેલા. ગોપાળાનંદ સ્વામીએ ભલામણ પણ કરી હતી કે આ સાધુને દેશકાળે સાચવજો. ગુણાતીતાનંદ સ્વામીએ પણ તેમને અવારનવાર સાચવેલા. હરિભજનાનંદ સ્વામી પોતાના સ્વભાવને લીધે ૧-૨ વાર સત્સંગ મૂકી ચાલી નીકળેલા. પરંતુ પાછી અંતર્દૃષ્ટિ થતા આવતા. આવીને સ્વામીશ્રી પાસે વિનંતી કરે કે મને પાછો સત્સંગમાં લ્યો. સ્વામીશ્રી તેમને પૂછતા, 'કાંઈ ધર્મભંગ તો નથી કર્યો ને ?' ત્યારે હકારાત્મક જવાબ મળતા સ્વામી તેમના ગુના માફ કરી પાછા સ્વીકારતા.

સ્વામીશ્રીનું જીવન દયા અને ક્ષમાની સુવાસથી મઘમઘતું. સ્વામીશ્રી પોતાના આશ્રિતોની પર્વત જેટલી ભૂલને રાઈ જેટલી ગણી ક્ષમા આપી શકતા અને રાઈ જેટલી સેવા ને પર્વત સમી ગણી એની પર દયાનો ધોધ વરસાવી દેતા.

**(નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્રશ્ન.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૧૮)**

સૂચના : પૂર્વકસોટીમાં પુછાતા વિષયો પર નિબંધની તૈયારી કરવી જેમાંથી જ એક નિબંધ મુખ્ય પરીક્ષામાં પુછાશે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૧

સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૧૮)**

**નોંધ :** વિષય વસ્તુને પૂરતો ન્યાય આપવા માટે અભ્યાસક્રમ સિવાયના વચનામૃતની નોંધ પણ લઈ શકાય છે.

**(૧) તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણવું.**

અધ્યાત્મમાર્ગે ચાલનારા પ્રત્યેક સાધક માટે આત્મા અને પરમાત્માનું સ્વરૂપ યથાર્થ ઓળખવું એ અનિવાર્ય છે.

સૃષ્ટિના સર્જનહારના પ્રત્યક્ષ દર્શન માટે પ્રત્યેક મુમુક્ષુ તલસતો હોય છે, આકાશ તરફ મીટ માંડીને પરમાત્માની પ્રતિખોજ કરતો હોય છે. એ તલસાટને શમાવતા મહારાજ પોતાના આશ્રિતજનોને પરમાત્માનો પરિચય આપતાં આ વચનામૃતમાં કહે છે : 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.'

તે તેજનો સમૂહ કેવો છે તે બતાવતાં મહારાજ વચ.લો.૧૪માં કહે છે : 'સર્વથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે અને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે.'

એટલે કે તેજને વિષે જે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.

મહારાજ આ વચ.માં કહે છે, ''એ સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી.''

જેમ હીરા અને માણેકને દેખનારા તો લાખો લોકો હોય છે, પરંતુ તેનું સાચું સ્વરૂપ ઓળખી, તેનું યથાર્થ મૂલ્યાંકન કરનાર તો કેવળ સાચો ઝવેરી જ હોય છે. આ રીતે મહારાજના દર્શર્ન કરનારા તો લાખો સંતો-હરિભક્તો હતા, પણ પરિપૂર્ણ સમજનારા કેટલા ?



**પરિપૂર્ણ સમજવા એટલે શું ?**

વચ.ગ.અં.૩૮ પ્રમાણે મહારાજના સ્વરૂપમાં અને અક્ષરધામને વિષે જે સ્વરૂપ છે તેને વિષે કાંઈ ભેદ નથી.

વચ.પં.૭ પ્રમાણે અક્ષરધામનું સ્વરૂપ જેમ દિવ્ય છે તેમ મહારાજનું સ્વરૂપ પણ સંપૂર્ણ દિવ્ય છે.

એટલે કે ભગવાનનું સ્વરૂપ સર્વોપરી, સાકાર, દિવ્ય અને પ્રગટ છે.

**પરિપૂર્ણ સમજવાની આવશ્યક્તા શા માટે ?**

વચ.ગ.મ.૯ પ્રમાણે 'પોતાને સાક્ષાત્ મળ્યું એવું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય, સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.'

અમોઘાનંદ સ્વામી મહારાજના જ પરમહંસ હતા પણ મહારાજને સર્વોપરી સમજવાને બદલે રામ જેવા જાણ્યા તો અક્ષરધામને બદલે વૈકુંઠને પામ્યા.

ભાઈ આત્માનંદ સ્વામીને મહારાજનું સ્વરૂપ યથાર્થ ઓળખવામાં કચાશ હતી તો મહારાજ ૧૧૬ વર્ષે પણ ધામમાં તેડી ગયા નહોતા. અને જ્યારે ગુણાતીતાનંદ સ્વામી થકી યથાર્થ સમજાયું પછી ધામમાં તેડી ગયા.

**પરિપૂર્ણ સમજવાની ફળશ્રુતિઃ**

વચ.ગ.મ. ૧૩ મુજબ : 'મહારાજનું સ્વરૂપ યથાર્થ સમજાશે ત્યારે...

- પંચવિષય કે કામક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં સહેજે પ્રયાસ થશે નહિ.'
- અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે.
- પરમ કલ્યાણ થશે એટલે કે અક્ષરધામની પ્રાપ્તિ થશે.
- અંતરમાં અખંડ આનંદ અને કેફ વર્ત્યા કરે. મુક્તાનંદ સ્વામીને જ્યારે મહારાજનું યથાર્થ સ્વરૂપ સમજાયું ત્યારે ગાયું કે 'પિયા પાયા તો ફિર ક્યા સોના.'

આથી આ વાત સભામાં કર્યા જેવી નથી તોપણ મહારાજ કરે છે. કેમ જે સર્વે સંત-હરિભક્તમાંથી કોઈને આ વાત સમજાય જાય તો તેના જીવનું અતિ રૂડું થાય.

**પરિપૂર્ણ સમજાય ક્યારે ?**

સદ્‌ગ્રંથોમાં ભગવાનના સ્વરૂપ સંબંધી વાર્તા હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે.

વચ.ગ.પ્ર.૬૫ પ્રમાણે 'આ વાર્તા તો જેને એ ભગવાનના સ્વરૂપમાં સદા દિવ્ય સાકારપણે ઉપાસનાની દૃઢ નિષ્ઠા થઈ હોય તે થકી જ પમાય છે પણ બીજા થકી તો પમાતી જ નથી.'

એટલે વર્તમાનકાળે પ્રગટ સત્પુરુષ એવા પ્રમુખસ્વામી મહારાજના સમાગમ થકી જ મહારાજનું સ્વરૂપ પરિપૂર્ણ સમજાય છે. એટલે કે આ વચ.માં કહ્યા મુજબ પ્રગટ સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા મહારાજનું સ્વરૂપ પરિપૂર્ણ સમજે તે દેહ છતાં પણ સ્વભાવરહિત થઈ પરમ સુખને પામે છે. અને દેહ મૂક્યા કેડે મહારાજના અક્ષરધામને પામે છે.

**(૨) પ્રીતિવાળાનું લક્ષણ**

*'પ્રેમની આગળ સાધન સર્વે, રવિ આગળ જેમ તારા રે;*
*મુક્તાનંદ કહે પ્રેમનો મારગ, પ્રીછે તે પ્રભુજીને પ્યારા રે.'*

મુક્તાનંદ સ્વામી કહે છે કે અત્યંત કઠિન સાધનો અનંતકાળ સુધી કરવા છતાં જે સિદ્ધ થતું નથી તે ભગવાન અને સંત સાથે પ્રીતિ કરવાથી થાય છે. ભગવાન અને સંત સાથે પ્રીતિ કેવી રીતે કરવી, તેનું લક્ષણ જણાવતાં મહારાજ વચ.કા.૧૧માં કહે છે, 'જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય, તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમજ રહે.'

ભગવાન સાથે પ્રીતિ હોય પણ જો ભગવાનનું વચન ન મનાય તો વિઘ્ન આવે છે.

- ભગવાન શંકરનું વચન લોપીને પાર્વતી દક્ષના યજ્ઞમાં ગયાં તો અપમાન થયું ને યજ્ઞમાં બળી મૂઆ.
- મછિયાવનાં ફઈબાના પ્રેમને લીધે જ મહારાજ ત્યાં ૩૨ વખત પધારેલા, પણ તેમની પુત્રવધૂ સાથે અબોલા તોડવાનું મહારાજનું વચન માની ન શક્યા ને મહારાજની પ્રસન્નતાને બદલે કુરાજીપો પ્રાપ્ત કર્યો ને ભગવાનનો આજીવન વિયોગ થયો.

**પ્રેમનાં લક્ષણો :**

(૧) માટે જેને ભગવાનને વિષે સાચી પ્રીતિ હોય તે ભગવાનનું વચન કોઈ કાળે ન લોપે.

જો ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો, તો ભગવાન ત્રણ ગાઉ દૂર મથુરામાં હતા તોપણ કોઈ દિવસ મરજી લોપીને દર્શને ગઈ નહિ. અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહિ.

(૨) જેને ભગવાનને વિષે હેત હોય તેને ભગવાનની આજ્ઞા હિતકારી જ લાગે.



કોઈ ન પાળી શકે તેવાં કઠિન પ્રકરણો મહારાજ ફેરવતા, છતાં પરમહંસોને મહારાજને વિષે સાચો સ્નેહ હતો તો મહારાજની આજ્ઞામાં વર્તવા તત્પર રહેતા.

- દાદાખાચરે મહારાજની આજ્ઞા પાળી, સહેજ પણ સંકોચ કર્યા વગર પોતાનો ગરાસ બહેનોને નામે કરી આપ્યો.
- ભગતજી મહારાજની આજ્ઞાથી શાસ્ત્રીજી મહારાજે પોતાને મળેલી મહારાજનાં ચરણારવિંદની જોડ રામરતનદાસને આપી દીધી.
- વળી, યોગીજી મહારાજ કહેતા, 'અમે શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે. ૪૦ વર્ષ એકધારી આજ્ઞા પાળી છે.'
- પ્રમુખસ્વામી મહારાજ પણ કહે છે, 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મરજીથી અમારું મન લેશમાત્ર નોખું થયું નથી.'

(૩) ભગવાનને વિષે દૃઢ સ્નેહવાળો ભક્ત ભગવાનની આજ્ઞાથી જ્યાં જાય ત્યાં ભગવાનની મૂર્તિ પણ ભેળી જ જાય.

- નૃસિંહાનંદ સ્વામી શ્રીજીમહારાજની આજ્ઞાથી ભગવાનનું ભજન કરતાં કરતાં વંથળી ગયા તો પહોંચ્યા ત્યારે કાંગરે કાંગરે શ્રીજીમહારાજનાં દર્શન થયાં.
- ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી જાગા ભક્ત સમૈયાના દર્શનનો લાભ છોડી સાંખડાવદરનું બીડ સાચવવા ગયા તો ત્યાં પણ સમૈયાનાં સંપૂર્ણ દર્શન થયાં.

આમ, આવી પ્રીતિ હોય તો તેના પર ભગવાન અને સંત પ્રસન્ન થાય છે અને વચ.વર.૧૧ મુજબ 'સત્પુરુષને વિષેની આવી પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન, સત્પુરુષનો મહિમા જાણ્યાનું સાધન અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ આ જ સાધન છે.'

**(૩) પાકા સત્સંગીનાં ત્રણ લક્ષણ**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પાકા સત્સંગીનાં ત્રણ લક્ષણ બતાવે છે :

(૧) એક તો પોતાને ઈષ્ટદેવે જે વર્તમાન ધરાવ્યા હોય તે પોતાના શિરસાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે.

મહારાજે પોતે કહ્યું છે, 'આ નિયમ અને સાધુ અમે અક્ષરધામમાંથી લાવ્યા છીએ.'

વચ.ગ.મ.૧૬માં નિયમનો મહિમા જણાવતાં શ્રીજીમહારાજ કહે છે, 'વૈરાગ્યે કરીને પંચવિષય જિતાય તેના કરતા નિયમવાળાને વિશેષ જિતાય છે.'

**આ નિયમ પાળવા કેવી રીતે ?**

બ્રહ્માનંદ સ્વામી કહે છે,

*"ટેક ન મેલે રે તે મરદ ખરા જગમાંહી,*

*માથું જાતા રે નવ મેલે તે નર માટી.''*

અભેસિંહને દારૂ પીવાનું કહ્યું તો પોતાનું માથું કપાવવા તૈયાર થયા પણ પોતાનો નિયમ ન છોડ્યો.

પ્રમુખસ્વામીએ મોતિયાનું ઓપરેશન કરાવતી વખતે સ્ત્રી-ધનના નિયમ માટે આંખમાં ઝામર આવે ને કાયમ માટે આંખો ગુમાવવી પડે એવી પરિસ્થિતિ આવી છતાં નિયમમાં છૂટછાટ ન લીધી અને સાધુના નિયમ સચવાય એ રીતે જ ઓપરેશન કરાવ્યું.

આમ, આવી જ દૃઢતાથી આપણે પણ એકવાર લીધેલા નિયમ જીવનના છેલ્લા શ્વાસ સુધી પાળવા જોઈએ.

(૨) ''ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તે અતિ દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાખે તો સંશય પડે નહિ.''

**નિશ્ચયથી લાભ :**

વચ.વર.૧ માં શ્રીજીમહારાજ કહે છે, ''ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો તો તે પુરુષના પ્રાણ લીન થાય કે ન થાય તોપણ તેને નિર્વિકલ્પ સમાધિ છે.''

વચ.ગ.મ.૬૨ : ''ભગવાનના કલ્યાણકારી ગુણ આવે.''

વચ.વર.૫ : ''ભગવાનની માયાને તરી રહ્યો છે.''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, 'નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે ને નિશ્ચય છે એ જ સિદ્ધ દશા છે.'(૧/૩૦૯)

પરંતુ, વચ.લો.૧૮માં શ્રીજીમહારાજ કહે છે, ''નિશ્ચય થવો મહાકઠણ છે ને નિશ્ચયની વાત અતિ અટપટી છે.''

**ભગવાનનો નિશ્ચય કોના થકી કરવો ?**

વચ.ગ.અં.૨૭માં શ્રીજીમહારાજ કહે છે, ''જેને ભગવાન સાથે સાક્ષાત્ સંબંધ છે એવા સંતના વચને ભગવાનનો નિશ્ચય કરવો.''

**નિશ્ચય કેવો કરવો ?**

શ્રીજીમહારાજ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે અને પ્રમુખસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર છે. પ્રમુખસ્વામી મહારાજમાં શ્રીજીમહારાજ સર્વપ્રકારે અખંડ રહ્યા છે, આવી દૃઢ સમજણ એ નિશ્ચય છે.

શ્રીજીમહારાજ વચ.ગ.મ.૧૪માં કહે છે, ''જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એકવાર જાણી લીધું છે, પછી કોઈ રીતનો મનમાં સંકલ્પ થતો નથી જે 'લીંબડો હશે કે નહિ હોય ?' એવી રીતે ભગવાનનો નિશ્ચય કરવો.''



સત્સંગિજીવન ગ્રંથના નિર્માણ વખતે નિત્યાનંદ સ્વામીએ મહારાજને 'સર્વોપરી સર્વ અવતારના અવતારી' કહ્યા. બીજા બધા 'કૃષ્ણ' જેવા લખવા તૈયાર થયા અને નિત્યાનંદ સ્વામીનો વિરોધ કર્યો. મહારાજ પણ સામેના પક્ષમાં ભળી ગયા ને નિત્યાનંદ સ્વામીને વિમુખ કર્યા. છતાં તેઓ ડગ્યા નહિ તો અંતે શ્રીજીમહારાજ પ્રસન્ન થયા.

વચ.ગ.પ્ર.૩૩માં શ્રીજીમહારાજ કહે છે, ''બ્રહ્મા જેવો આશ્રયમાં ડોલાવવા આવે તોય ડોલે નહિ.''

વિજાપુરનાં વજીબાએ મહારાજનો નિશ્ચય કર્યો. પછી સ્વયં શ્રીજીમહારાજ પોતે વજીબાના નિશ્ચયને ડગાવવા ગયા પણ વજીબા ડગ્યા નહિ.

નિશ્ચયવાળાને દેહનાં સુખ-દુઃખ કે દુર્જનો ડગાવી શકતાં નથી.

પ્રહ્‌લાદને ભગવાનનો એકવાર નિશ્ચય થયો પછી તેના બાપે મારી નાખવાના પ્રયત્નો કર્યા છતાં તેણે ભગવાનનો નિશ્ચય ન મૂક્યો.

દાદાખાચરને પણ અનંત મુશ્કેલીઓ આવી, ગરાસનું દુઃખ આવ્યું, અન્યની ઉપાધિ આવી છતાં મહારાજની નિષ્ઠામાં ફેર ન પડ્યો.

ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ નિશ્ચયની મહત્તા સમજાવતા એક કડી કહેતા, 'નિશ્ચયના મહોલમાં વસે મારો વહાલો.'

આમ, જેને પરિપૂર્ણ નિશ્ચય છે તે દેહે કરીને અને દેહ મૂક્યા કેડે પણ ભગવાનના ધામમાં જ છે.

(૩) ત્રીજો, પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો.

**ભગવાનના ભક્તનો પક્ષ કોના જેવો રાખવો ?**

શ્રીજીમહારાજ વચ.ગ.મ.૬૧માં કહે છે, ''જેમ મા-બાપ, દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો.''

**પક્ષ ક્યાં સુધી રાખવો ?**

શ્રીજીમહારાજ વચ.ગ.અં.૭માં કહે છે, ''પક્ષ રાખતાં થકા આબરુ વધો અથવા ઘટો, માન થાઓ કે અપમાન થાઓ, દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ.''

**પક્ષ રાખવાથી લાભ :**

વચ.ગ.પ્ર.૭૮ : ''તેનાં માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ

થઈ જાય છે.''

વચ.ગ.અં.૭ : ''બળવાન એવા કામ ક્રોધાદિક શત્રુ પરાભવ કરી શક્તા નથી.''

ગુંદાળી ગામના બે ભાઈઓ મામાના સાધુનો પક્ષ રાખતા પોતે મોતને ભેટ્યા. ત્યારે મહારાજે તેમણે રાખેલા સંતોના પક્ષના પુરસ્કારરૂપે મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ બક્ષ્યું.

મહારાજે વચ.ગ.પ્ર.૭૮માં કહ્યું છે, 'જેને સત્સંગનો અતિ દઢ પક્ષ હોય, તે કોઈ સત્સંગનું ઘસાતું બોલે તે ન ખમી શકે.'

ભાવનગર કચેરીમાં તતાણાનો મૂળુ ચારણ મહારાજની વિરુદ્ધમાં બોલ્યો ત્યારે નરસિંહ જોષીએ તેને આકરાં વેણ કહ્યાં. આથી મહારાજ પ્રસન્ન થયા અને પક્ષ રાખ્યો એટલે અક્ષરધામ ભેટ આપ્યું.

આમ, અંતે પક્ષની મહત્તા સમજાવતાં મહારાજ વચ.મ.૬૦માં કહે છે, 'જેને ભગવાનનો અને ભગવાનના ભક્તનો પક્ષ હોય, તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.'

આમ, નિયમ, નિશ્ચય અને પક્ષ એ ત્રણ વાનાં દઢ હોય તે પાકો સત્સંગી કહેવાય.

**(૪) જીવનદોરી વચનામૃતનો ભાવાર્થ**

જેમ મનુષ્યનું જીવન હવા વિના અશક્ય છે, જેમ માછલીનું જીવન જળ વિના અકલ્પનીય છે, તેમ 'મુમુક્ષુનું જીવન સત્પુરુષ છે, એમની સેવા છે.' આ વાત મહારાજ આ વચનામૃતમાં સમજાવે છે.

મહારાજ દઢતાપૂર્વક કહે છે કે પૂર્વે જે જે કલ્યાણને માર્ગે ચાલ્યા છે, અત્યારે ચાલે છે ને ભવિષ્યમાં ચાલશે, એ સર્વેને આ વાર્તા જીવનદોરી રૂપ છે.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ભગવાનને રાજી કે કુરાજી કરવાનો ઉપાય બતાવીને રાજીપા કે કુરાજીપાનું ફળ દર્શાવે છે. અનંતકાળ સુધી ભગવાનથી છેટા રહીએ છતાં ભગવાનનું સામીપ્ય માણી શકાય એવો ઉપાય દર્શાવે છે.

આમાં મહારાજ પોતાના હૃદયનો સિદ્ધાંત, સર્વશાસ્ત્રનો સાર અને આધ્યાત્મિક સાધનાની જીવનદોરી બતાવે છે. જે વસ્તુ કે સિદ્ધિ શસ્ત્રબળથી કે ધનબળથી કે બુદ્ધિબળથી પ્રાપ્ત ન થઈ શકે, તે ફક્ત સામી વ્યક્તિના રાજીપાથી પ્રાપ્ત થાય છે.

¨ એકવાર જૂનાગઢના નવાબ પોરબંદર હવા ખાવા ગયા. રાત્રે હોકાની તલપ લાગી. ત્યારે ગોંડલ નરેશે હોકો ભરી આપ્યો. નવાબ રાજી થઈ ગયા ને તેમને



૪૦ ગામનું ધોરાજી પરગણું ભેટ આપી દીધું. ગોંડલ નરેશ બાહુબળથી કે શસ્ત્રબળથી ક્યારેય જે પામી ન શકત તે પરગણું નવાબના રાજીપાથી પ્રાપ્ત થયું.

¨ એક ટેલિફોન અધિકારી બોચાસણમાં કેટલકેમ્પ જોવા આવ્યા અને ત્યાંની વ્યવસ્થા જોઈ ખૂબ જ પ્રસન્ન થયા. આથી કેટલાય સમયના અથાગ પ્રયત્ન છતાં બોચાસણ મંદિરમાં એસ.ટી.ડી. કનેક્શન નહોતું મળતું તે બીજા જ દિવસે મળી ગયું. આ વાત સાંભળીને પ્રમુખસ્વામી મહારાજ કહે, 'આ લોકનો માણસ રાજી થાય તોય આટલું કામ થઈ ગયું, તો ભગવાન રાજી થાય તો અક્ષરધામનો એસ.ટી.ડી. જોડી આપે. અક્ષરધામ આપી દે. આ લોક અને પરલોક બંનેમાં સુખિયા કરી દે.'

જે કાર્ય અનેક સાધનો કરવા છતાં સિદ્ધ ન થાય તે માત્ર સત્પુરુષના રાજીપાથી ખૂબ જ સરળતાથી થઈ જાય છે.

આવો રાજીપો મેળવવાનું સાધન 'સેવા' છે એમ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં બતાવે છે.

બાળકને પેંડો આપીએ તો પિતા રાજી થાય છે તેમ ભક્તની સેવા કરીએ તો ભગવાન રાજી થઈ જાય. અહીં ભક્ત એટલે ગુણાતીત સત્પુરુષ. એમની આજ્ઞાથી એમના સંબંધવાળા સંતો-ભક્તોની સેવાથી પણ રાજીપો મળી જાય.

¨ આ સેવા એટલે...

(૧) મને કરીને - સત્પુરુષ અને તેના સંબંધવાળામાં નિર્દોષભાવ રાખવો. કોઈનોય અભાવ-અવગુણ ન લેવો.

(૨) વચને કરીને સેવા - સત્પુરુષ અને સંબંધવાળાના ગુણો કહેવા અને સાંભળવા.

(૩) કર્મે કરીને - દેહે કરીને સેવા-સરભરા કરવી.

¨ આવી સેવા કરનારને મહારાજનો અપાર રાજીપો પ્રાપ્ત થયો છે.

(૧) પંચાળાના ઝીણાભાઈએ નીચી જ્ઞાતિના હરિભક્ત કમળશીભાઈ વાંઝાની સેવા કરી તો શ્રીજીમહારાજ અતિશય રાજી થઈ ગયા અને ઝીણાભાઈની અંતિમ યાત્રા વખતે તેમની નનામી શ્રીજીમહારાજે પોતાની કાંધે ઉપાડી.

(૨) મહારાજ અને સંતોને કાંટા-કાંકરા ન વાગે તે માટે દરરોજ સવારે દાદાના દરબારથી ઘેલા નદી સુધીનો રસ્તો સાફ કરનાર ઉકાખાચરની અતિશય સેવા જોઈને મહારાજ રાજી થઈ ગયા અને વચ.મ.૨૫માં તેઓને વખાણ્યા.

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં 'જન્મોજન્મ આવી સેવા જ કરવી છે.' એમ

પોતાનો નિશ્ચય જણાવીને આપણને પણ એમ જ દઢાવ કરવા આજ્ઞા કરે છે.

**(૫) રાજનીતિના વચનામૃતનું દૃષ્ટાંત અને સિદ્ધાંત**

**દૃષ્ટાંત : સિદ્ધાંત**

રાજા - જીવ

ઘરના મનુષ્ય - અંતઃકરણ

ગામના મનુષ્ય, દેહના મનુષ્ય - ઇન્દ્રિયો

રાજ્ય - દેહ

રાજનીતિ - (૧) ભગવાનનો મહિમા સમજવો, (૨) ઇન્દ્રિય અંતઃકરણને પોતપોતાના વિષયમાંથી તોડવા - ભગવાનમાં જોડવા.

કાયાનગરરૂપી દેશને વિષે જીવ છે તે રાજા છે અને અંતઃકરણ એના ગામના માણસો છે અને ઇન્દ્રિયો દેશના માણસો છે. પણ જીવ રાતનીતિ ભણ્યો નથી એટલે કામક્રોધાદિક રૂપી જે સાંઢ જેવા છે તે રાજા નથી તોપણ દેહરૂપી નગરને વિષે રાજા થઈ બેસે છે અને રાજારૂપી જીવ નાદાર થઈ જાય છે. જો રાજા રાજનીતિ ભણ્યા વગર હુકમ ચલાવવા જાય, તો પ્રજા એની સામે જ બળવો કરે એટલે રાજનીતિ જાણવી આવશ્યક છે.

આ વચનામૃતમાં મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજને 'રાજનીતિ કેમ ભણવી' એમ પૂછે છે. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, ઇન્દ્રિયોને ભગવાન સંબંધી વિષય આપવા અને ભગવાનનું માહાત્મ્ય સમજવું.

¨ અનંત જન્મોથી જીવને વિષયો વળગ્યા છે તેમાંથી તૃપ્તિ થતી જ નથી. તેથી જ ભાગવતમાં કહ્યું છે : કામનાઓના ઉપભોગથી તેમનું શમન થતું નથી.

¨ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે, 'વિષય તો મોટા મોટાને બાંધે એવા છે.'

ગોવિંદાનંદ સ્વામી ગંગામાના દાળ-ભાતમાં બંધાયા. અને પરમહંસાનંદ ગૌશાળામાં બંધાયા.

¨ હરણ શબ્દથી, હાથી સ્પર્શથી, ભમરો ગંધથી, પતંગિયું રૂપમાં અને માછલી રસમાં લોભાઈને પોતાનું અસ્તિત્વ ગુમાવે છે.

આમ, વિષયમાં બંધાવાનું કારણ શું છે ? કારણ એ છે કે જીવ રાજનીતિ શીખ્યો નથી. તેથી તે ઇન્દ્રિયો અંતઃકરણરૂપ સાંઢ સામે હારી જાય છે.

¨ ઇન્દ્રિયો-અંતઃકરણને વિષયના માર્ગેથી પાછા વાળવાનો ઉપાય બતાવતાં મહારાજ વચ.ગ.મ. ૪૭માં કહે છે : 'પાતાળ સુધી પૃથ્વી ફાટી છે. અનંત જન્મોથી વિષય ભોગવ્યા છે. તેનો અંત આવે તેમ નથી. માટે વિષયાસક્તિનો ત્યાગ કરી જેમ સાધુ વઢીને કહે તેમ તેનો ગુણ જ લેવો પણ અવગુણ ન લેવો.'

શિવલાલ શેઠને ભરસભામાં આત્માનંદ સ્વામીએ 'હાડકું કોણ ચાવે છે ?' એમ કહ્યું તો તેઓ અવગુણ લીધા વિના સોપારી થૂંકી આવ્યા. વળી, તેઓ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા-અનુવૃત્તિમાં રહ્યા તો વિષયની નિવૃત્તિ થઈ ગઈ. પછી ઘરમાં છ મહિનાથી સાળી આવી હતી અને પીરસતી હતી, તેની પણ ખબર રહી નહિ.

¨ વળી, બીજો ઉપાય બતાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મહિમા સમજવા જેવું બીજું કોઈ મોટું સાધન નથી. મહિમા વિના જીવ બળને પામે નહિ. મહિમા વિના જીવ સુખિયો થાય નહિ.'

આમ, રાજનીતિના સાચા જાણકાર સત્પુરુષ છે. તેમના સંગે જ જીવ વિષયોથી વિરક્ત રહીને, ભગવાનનો મહિમા સમજીને બળ પામે છે, પછી એ જીવ રાજા બની ઇન્દ્રિયો-અંતઃકરણને પોતાને વશ વર્તાવે છે.

**પ્રશ્ન.૧( જ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો. (૧૫)**

૧. માટે જેને ભગવાનને વિષે........લક્ષણ છે.

૨. વૈરાગ્યહીન હોય તે તો........કૃપાએ કરીને ટળે.

૩. જે તેજને વિષે મૂર્તિ છે........પરમ કલ્યાણ થશે.

૪. માટે સત્પુરુષની આજ્ઞા........આત્મસત્તારૂપે વર્તે છે.

૫. અને જે ત્યાગી હોય........મોટેરો કહેવાય.

**પ્રશ્ન.૧(ઝ) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક શોધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો. (૪)**

૧. નિયમ - અવતરણ નં. ૧૭, ૩૩

૨. ભગવાનની પ્રસન્નતાનો ઉપાય - અવતરણ નં. ૩, ૨૧

**('સ્વામીની વાતો'ને આધારે)**

**પ્રશ્ન.૨(અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો. (૬)**

**૧.** સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ?

- જો સત્પુરુષને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો

આવે જ નહિ.

૨. સારામાં સારું શું છે ?

- સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે તેથી કાંઈ સારું નથી ને તેથી કાંઈ સારું સમજવાનું નથી.

૩. ભગવાન કોના પર રાજી, રાજી ને રાજી જ છે ?

- જે નટની માયાના વચનામૃત મુજબ મહારાજનું સ્વરૂપ નિર્દોષ સમજે, તેવી જ રીતે સંતનું સ્વરૂપ પણ સમજે, ભગવાનની આજ્ઞા પાળે અને રૂડા સાધુનો સંગ રાખે તેની ઉપર.

૪. મનુષ્યભાવ આવવાનાં ચાર કારણો કયાં છે ?

- લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત - તેણે કરીને મનુષ્યભાવ આવે છે.

૫. કારણ દેહ ક્યારે જિતાયો જાણવો ?

- નિદ્રા ને આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જિતાણું જાણવું.

૬. ખરેખરો સત્સંગ ક્યારે થયો કહેવાય ?

- બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામી એવા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય, ત્યાં સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ ત્યારે સત્સંગ થાય છે.

**પ્રશ્ન.૨(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો. (૭)**

૧. જેવું ............................ કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કરીને પણ નથી થાતું.
(લોકે, પક્ષપાતે, દેહે)

૨. કારણ શરીર તો ............................ જેવું કઠણ છે, તે બહુ દાખડો કરીએ ત્યારે જિતાય.
(કાળા પર્વત, મેરૂ પર્વત, કૂવાની છીપર)

૩. વૈરાટ બ્રહ્માએ તેનાં ............................ વરસ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી મહારાજનાં ચરણારવિંદની સ્તુતિ કરી.
(ઓગણપચાસ, ચાલીસ, પચાસ)

૪. કહે ........................ આ જક્તમેં સંગ અનુપમ સંતકો.
(બ્રહ્મમુનિ, મુક્તમુનિ, શુકમુનિ)

૫. ભગવાનના સ્વરૂપસંબંધી જ્ઞાન તો અક્ષરધામના મુક્તમાં છે કે આંહીં ....................... માં છે.
(એકાંતિક સાધુ, સત્પુરુષ, સાચા સંત)

૬. બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને ................. સમજવા ત્યાં અટકે છે.
(સર્વોપરી, પ્રત્યક્ષ, પુરુષોત્તમ)

૭. ...................... દશ હજાર રૂપિયાનું સોનું અને રાજાની બાની છોડીને સાધુ થવા આવ્યા હતા.
(ગોવિંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, મહાપ્રભુ)

**પ્રશ્ન.૨(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો. (૧૦)**

**(૧) સરળ દૃષ્ટાંતો દ્વારા સિદ્ધાંતો સમજાવવાની કુશળતા**

ગુણાતીતાનંદ સ્વામીની વાતો ગામઠી લોકોને પણ ખૂબ જ સહેલાઈથી સમજાય જાય એવી છે. સત્સંગની ગહન વાતોને સ્વામીએ ખૂબ જ સરળ દૃષ્ટાંતો દ્વારા સમજાવેલ છે.

બ્રહ્મરૂપ થવાના અનાદિ સિદ્ધાંતો ગુણાતીતાનંદ સ્વામીએ બાળકને પીપરમીંટ આપીએ અને તે કેવી સહજતાથી એને ચગળાવી શકે એવી જ સહજ રીતે સમજી શકાય એવાં દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યા છે.

જેનાં ઉદાહરણો નીચે મુજબ છે :

૧. મોટાપુરુષનો અભિપ્રાય, રૂચિ જાણવી અઘરી છે. 'જેમ પતંગિયો સૂર્યનો અભિપ્રાય નથી જાણી શકતો, તેમ નાનો હોય તે મોટાપુરુષનો અભિપ્રાય કેવી રીતે જાણે ?' (૩/૩૭)

૨. ગુણાતીતાનંદ સ્વામી કહે છે,

*પીંગળ પુરાણ શીખ્યો ગાતાં વાતાં શીખ્યો શીખ્યો સર્વે સૂરમેં;*
*એક રામનામ બોલવો ન શીખ્યો તો શીખ્યો સર્વે ગયો ધૂરમેં.*

આમ, બધાં શાસ્ત્રો, ગાયન, વાદન - બધું જ શીખ્યો, પણ 'રામ' નામ બોલતાં ન શીખ્યો તો બધું ધૂળમાં ગયું.

કેટલું સરળ દૃષ્ટાંત છે. આ દ્વારા સ્વામી સમજાવે છે કે 'મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહીં દેહ ધરીને આવ્યા છે.' પ્ર. ૭૧મા વચ.ની આ બે વાત જેને ન સમજાય તો બીજું બધું સમજેલું ફોગટ જાય.' (૩/૩૮)

૩. કારણ શરીરને તોડવાની વાત સ્વામીએ ૩/૪૩માં ખૂબ સરસ રીતે

સમજાવી છે.

'વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ ને ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ ને ભગવાન ને ભગવાનના સાધુનો મહિમા તે રૂપી અગ્નિ મૂકીએ છીએ, તેણે કરીને કારણ શરીરરૂપ જે અજ્ઞાન, તે રૂપી જે કાળો પર્વત તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ.'

શાસ્ત્રની આ ગહન વાત કેટલી સરળ રીતે સમજાવી છે !

૪. ગુણાતીતાનંદ સ્વામીએ ૩/૪૪માં સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, મેડી, હવેલીમાં સુખ માનતા અજ્ઞાની માણસને છોકરાં સાથે સરખાવેલ છે. જેમ છોકરાં ધૂળની ઘોલકિયું કરે છે ને ઠીકરાની ગાયું કરે છે ને ચયાના ને કાચલિયુંના ઘોડા કરે છે ને સુખ માને છે તેમ અજ્ઞાની પણ એ બધામાં સુખ માને છે.

૫. 'જ્યારે જ્ઞાન થાય, ત્યારે સર્વે ખોટું થઈ જાય છે.' આ વાતને સ્વામીએ ભાલદેશમાં ચાલ્યા જતા બ્રાહ્મણ અને રબારીના દૃષ્ટાંતે સમજાવેલ છે.

૬. 'સૂર્યના રથમાં બેસે તેની નજરમાં ઝાંઝવાનાં જળ નથી. તેમ જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી.'

૭. 'જીવ પંચવિષયે કરીને ધગી ગયો છે તે તો લાંબા સમય સુધી સાધુ સમાગમ કરે ત્યારે કસર ટળે પણ થોડા કાળમાં થાય નહિ.' આ સિદ્ધાંતને સ્વામીશ્રી લાખ મણ લોઢાની લોઢી ધગી હોય તે એક-બે પાણીના ઘડાએ કરીને ઠરે નહિ પણ એ તો ગંગાના ધરામાં નાખે ત્યારે દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેટલી છોળ્યું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે.' આ દૃષ્ટાંત વડે સમજાવેલ છે.

૮. 'ગમે તેવો સાંખ્યવાળો કે યોગવાળો હોય તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી બુડાડી દે.' આ સિદ્ધાંતને સમજાવવા સ્વામી બે દૃષ્ટાંત આપે છે.

દૃષ્ટાંત : (૧) ગમે તેવો પાણીનો તરિયો હોય તેને પણ ભમરી બુડાડી દે ને નીસરાય નહિ.

દૃષ્ટાંત : (૨) તીરે કરીને લવિંગ વીંધે એવો આંટુકદાર હોય ને તે તીરને પણ વાયુ ફગાવી દે છે.

૯. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'એક રાજાએ તીરનો ભાથો તોડવા માટે આપ્યો પણ કોઈ તોડી શક્યું નહિ. પછી જ્યારે ભાથામાંથી એક તીર અલગ કાઢીને એક ફોશીમાં ફોશી હતો તેને કહ્યું જે ભાંગી નાખ. ત્યારે તેણે તરત ભાંગી નાંખ્યો.'

આ દૃષ્ટાંતનું સિદ્ધાંત જણાવતાં સ્વામી કહે છે : 'સાધુ, પાળા, બ્રહ્મચારી સંપ રાખે તો ગમે તેવો અંતરશત્રુ પરાભવ નહિ કરી શકે. ને તે વિના તો અલ્પ દોષ



પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે.'

આવી સરળ દૃષ્ટાંતસભર શૈલીને કારણે સોરઠ પ્રદેશના સામાન્ય ખેડૂતને પણ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સહેલાઈથી સમજાઈ જતી.

**(૨) સત્પુરુષનો સંગ (મહિમા) :**

જગદ્‌ગુરુ શંકરાચાર્યે ગુરુસ્તોત્રમાં ગુરુનો મહિમા લખ્યો છે. તેઓ કહે છે, 'શરીર સારું હોય, સદા રોગમુક્ત હોય, ચારે દિશામાં યશ-કીર્તિ પ્રસરેલી હોય અને ધન મેરૂ પર્વત જેટલું હોય તોપણ જ્યાં સુધી ગુરુના ચરણમાં મન નથી લાગ્યું તો શું કામનું ?'

ગુણાતીતાનંદ સ્વામી આવી જ વાત કરતા કહે છે : 'જ્યાં સુધી સત્પુરુષનો સંગ નથી થયો ત્યાં સુધી કાંઈ નથી થયું.'(૩/૪૮)

વળી, સ્વામી કહે છે, 'સત્પુરુષના સંગથી અંતરમાં ટાઢું રહે.'(૩/૪૮)

ગુણાતીતાનંદ સ્વામીની પાસે આવવાથી અનેકને આવી અનુભૂતિ થઈ હતી. ધોલેરાના મહંત વાસુદેવચરણદાસને મૂંઝવણ થઈ તો ગુણાતીતાનંદ સ્વામીએ ટાળી દીધી. શિવલાલ શેઠને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી પોતાની બધી મિલ્કત ધૂળ સમાન સમજાઈ ગઈ હતી. એકવાર તેઓ ધ્યાનમાં બેઠા હતા. ત્યારે ઘીનો ઘાડવો ઢોળાયો. પિતા ભગા દોશીએ કહ્યું, 'ધ્યાન શું કરે છે ? આ ઘી ઢોળાયું છે તેનું ધ્યાન રાખ.' ત્યારે શિવલાલે કહ્યું, 'આમેય ધૂળભેગું થાત એના કરતાં આ દાદરો ચોપડ્યો !'

સ્વામી એથી આગળ કહે છે : 'આ સત્પુરુષનો સંગ મન, કર્મ, વચને શ્રદ્ધાથી કરે તો જીવ બ્રહ્મરૂપ થઈ જાય.'(૩/૬૦)

ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો સંગ મન, કર્મ, વચને કર્યો તો બ્રહ્મરૂપ થઈ ગયા.

૧. મને કરીને : ગુણાતીતાનંદ સ્વામીએ ગિરનારને બોલાવી લાવવા કહ્યું તો શંકા કર્યા વિના બોલાવવા ગયા.

૨. કર્મે કરીને : ધર્મશાળાના કામકાજમાં તનતોડ મહેનત કરી સ્વામીને રાજી કરી લીધા.

૩. વચને કરીને : ઘણાને ગુણાતીતાનંદ સ્વામીના મૂળ અક્ષર સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો.

આમ, સત્પુરુષના સંગે અંતર ટાઢું રહે, જીવનું અજ્ઞાન ટળે અને બ્રહ્મરૂપ થવાય છે.

**'ભગવાન સ્વામિનારાયણ'ના આધારે :**

**<u>નવી આવૃત્તિ</u>**

**ભાગ ૧ : ઉદ્‌ગીથ ૧ થી ૨૨**

**ભાગ ૨ : ઉદ્‌ગીથ ૧ થી ૬**

**પ્રશ્ન.૩(અ) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) ઘનશ્યામનાં બાળચરિત્રો અને તેમાં દેખાતું ભગવાનપણું**

*'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળ્યું.'*

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં વાત કર્યા મુજબ, અધર્મનો નાશ કરવા સાક્ષાત્ ભગવાન પધારે છે. અત્યાર સુધી અવતારો પધારેલા હવે સાક્ષાત્ અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ પૃથ્વી પર પધાર્યા. અનેક ચરિત્રો કરી ભક્તોને આનંદ પમાડવા લાગ્યા અને અસુરોનો નાશ કરવા લાગ્યા. એમનાં બાળચરિત્રોમાં સહેજે સહેજે ભગવાનપણું જણાઈ આવે છે. ભગવાનના અલૌકિક ગુણો એમનાં આ બાળચરિત્રોમાંથી જણાય છે.

શ્રીહરિ હજુ છ દિવસના જ હતા. ત્યાં એકવાર કૃત્યાઓ આવી ને બાળપ્રભુને માતાની ગોદમાંથી ઉપાડીને ભાગી. ભાગતાં ભાગતાં જ્યાં બાળપ્રભુની આંખમાં જોયું, ત્યાં જ કૃત્યાઓને ખૂબ બીક લાગી. પ્રભુની કરડી દૃષ્ટિ ઝીલી ન શકી અને ઘનશ્યામને ત્યાં જ મૂકી દીધા. એટલામાં હનુમાનજી પણ આવી પહોંચ્યા અને કૃત્યાઓને મેથીપાક ચખાડ્યો. હનુમાનજી ઘનશ્યામને ભકિતમાતા પાસે લઈ આવ્યા. આમ, ઘનશ્યામના નિર્ભયપણાને જોઈને અને હનુમાનજીને તેમની સેવામાં જોઈને બધાંને લાગ્યું કે ઘનશ્યામ નિશ્ચય જ ભગવાન છે.

ઘનશ્યામ ત્રણ વર્ષના થયા ત્યારે બધા બાળકોને લઈ દૂર વાડીમાં ફળ ખાવા પહોંચી ગયા. ત્યાં જ કાલિદત્ત નામે ભયંકર રાક્ષસ આવી ગયો. આવો લાગ જોઈ તે તો રાજી થઈ ગયો. એ ઘનશ્યામને મારવા માટે ઉપાડીને ભોય પર પછાડવા જતો હતો. પણ ત્યાં ઘનશ્યામે એવી વેધક દૃષ્ટિ કરી કે કાલિદત્તે ગભરાઈને ઘનશ્યામને પૃથ્વી પર મૂકી દીધા. પછી પોતાની માયા વડે વાવાઝોડું ઉત્પન્ન કર્યું ને ઘનશ્યામની ઉપર ઝાડ પાડ્યું. છતાં ઘનશ્યામનો વાળ વાંકો ન થયો. ઘનશ્યામે એવી વેધક દૃષ્ટિ કરી કે કાલીદત્ત જાતે જ ઝાડ જોડે અથડાઈ અથડાઈને મરણને શરણ થઈ ગયો. આમ, નાનકડા ઘનશ્યામમાં સૌને બાળપ્રભુનાં દર્શન થયાં.

ઘનશ્યામ નિર્ભય તો હતા સાથે અત્યંત દયાળુ પણ હતા. એકવાર ઘનશ્યામ બાળકો સાથે મીનસરોવરે સ્નાન કરવા માટે ગયા. ત્યાં એક કદાવર માછીમાર નાની નિર્દોષ માછલીઓ પકડીને ટોપલામાં ભરતો હતો. આ નિર્દોષ માછલીઓને તરફડતી જોઈને ઘનશ્યામને અંતરમાં દયા પ્રગટી. એમણે દૃષ્ટિ કરી કે બધી માછલીઓ સજીવન થઈને પાણીમાં કૂદવા લાગી. માછીમાર ગુસ્સે થઈને ઘનશ્યામને મારવા આવ્યો. પણ ઘનશ્યામના સ્વરૂપમાં એને વિકરાળ યમરાજા દેખાયા આથી પગે પડ્યો. ઘનશ્યામે એને સારો ઉપદેશ આપી હિંસા ન કરવાની આજ્ઞા કરી.

એકવાર ઘનશ્યામે જે ખેતરના ચીભડા બધા કડવા થઈ ગયા હતા, તે મીઠા કરી દીધા. ઘરમાં આમલીનું ઝાડ હતું ત્યાં પોતાના ઐશ્વર્યથી આંબલીની જગ્યાએ તુલસીના છોડ કરી દીધા.

આમ, ઘનશ્યામ ઘણા બધા ચમત્કાર બતાવતા, એમણે ઘણીવાર અતિ અસાધ્ય એવી સમાધિઓ પણ કરાવી હતી-એ એમનું વિલક્ષણપણું હતું.

એકવાર ધર્મપિતાએ ઘનશ્યામને ચકલા ઉડાડવા માટે ખેતરમાં મોકલ્યા હતા. ઘનશ્યામને વિચાર આવ્યો કે આને ક્યાં સુધી ઉડાડવા ? એમણે એક હોકારો કર્યો ને બધા ચકલાને સમાધિ થઈ ગઈ. જે ડુંડા પર હતા તે ત્યાં જ ચોટી ગયા. કેટલાકના મોંમાં દાણા હતા તે સ્થિર થઈ ગયા. કેટલાક જમીન પર સ્થિર થઈ ગયા. પછી ઘનશ્યામ બાળકો સાથે રમવા ચાલ્યા ગયા. રામપ્રતાપભાઈ ઘનશ્યામને રમતા જોઈ ગુસ્સે થયા. પણ ઘનશ્યામે આવીને નિસ્તેજ ચકલા બતાવ્યા ને પાછા ફરરર કરતા ઉડાડી દીધા. આ જોઈને રામપ્રતાપભાઈને બહુ આશ્ચર્ય થયું.

ઘનશ્યામ મહારાજના બાળપણમાં એમનામાં રહેલી ભક્તિના પણ દર્શન થતા. રોજ હનુમાનજીના મંદિરે તેઓ દર્શન કરવા નિયમિત જતા. રોજ સાંજે સરયૂ નદીમાં સ્નાન કરીને પછી બધાં મંદિરોમાં તેઓ દર્શન કરવા જતા. એકવાર ઘનશ્યામ હનુમાનગઢીમાં કથાશ્રવણ માટે ગયા હતા. ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને ઘનશ્યામને લઈ આવવા માટે મોકલ્યા. રામપ્રતાપભાઈ હનુમાનગઢીમાં ગયા ત્યાં ઘનશ્યામ એકાગ્ર ચિત્તે કથા સાંભળતા હતા. રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ઘેર આવવા કહ્યું.

ઘનશ્યામે કહ્યું, 'તમે બીજા મંદિરે દર્શન કરી આવો પછી હું કથા સાંભળીને આવીશ.' રામપ્રતાપભાઈ ત્યાંથી કનક ભુવનમાં ગયા. ત્યાં પણ ઘનશ્યામ કથા સાંભળતા હતા. તેમણે બધાને પૂછ્યું, બધા કહે એ તો સવારથી બેઠા છે. ત્યાંથી રામપ્રતાપભાઈ કોપભવનમાં ગયા. ત્યાં ઘનશ્યામ એક પગે ઊભા ઊભા માળા

ફેરવતા હતા. આમ, રામપ્રતાપભાઈ ૨૦ મંદિરમાં ફર્યા ત્યાં ઘનશ્યામે એમને ૨૦ સ્વરૂપે દર્શન આપ્યા. આમ, જે રીતે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓ સાથે રાસક્રીડા કરતી વખતે અનેક સ્વરૂપે દર્શન આપ્યા હતા. તેવી જ રીતે ઘનશ્યામે પણ પોતાનું ભગવાનપણું બતાવ્યું.

ઘનશ્યામ ઘણીવાર મનુષ્યલીલા પણ કરતા ને તેમાં પણ બધાને આકર્ષતા. ઘનશ્યામ એકવાર ભાભીની અંગૂઠી ચોરીને એમાંથી બધી મીઠાઈ ખાઈ ગયા. ને હલવાઈની દુકાન ખાલી કરી દીધી ને જ્યારે રામપ્રતાપભાઈ અને પિતાને લઈ હલવાઈની દુકાને ગયા ત્યારે ચમત્કારથી પાછા બધા ટોપલા ભરી દીધા. આવા ચમત્કાર પણ તે બતાવતા.

એકવાર મોસાળ લોહસીસમાં ઘનશ્યામ હતા. ત્યાં ધર્મદેવનો દ્વેષી માતાદીન ઘનશ્યામને અથડાયો. ઘનશ્યામ તો ફૂલ જેવા કોમળ હતા ને માતાદીન ગેંડા જેવો કદાવર હતો. ઘનશ્યામે માતાદીનનો હાથ પકડ્યો ને ઊંચો નીચો કર્યો. તે હાથ છોડાવવા ગયો ત્યાં તો એનું કાંડું ખળી ગયું. આમ, આવી વિશિષ્ટ શક્તિ પણ ઘનશ્યામ પ્રભુ દેખાડતા. એકવાર ઘનશ્યામે ખેતરના બધા ચીભડાના વેલા ઉખાડી નાખ્યા ને પાછા ચોટાડી દીધા. ઘનશ્યામ એકવાર રમવા ગયા હતા. ત્યાં એમને સાથળ ઉપર ખાંપો વાગ્યો. લોહીની ધારા થઈ. એટલામાં દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર ભગવાનની સેવા કરવા સાદા વેશમાં આવી ગયા ને ભગવાનને પાટો બાંધી આપ્યો. આમ, દેવતાઓ પણ ભગવાનની સેવાનો લાભ લઈ જતા.

આમ, આવા અનેક ચમત્કારો ઘનશ્યામ બતાવતા હતા. ઘનશ્યામના ભગવાનપણાની ઓળખ એ પણ હતી કે માત્ર ૧૦ વર્ષની ઉંમરે શાસ્ત્રમાત્રનો તાગ એમણે મેળવી લીધો હતો. તેમણે ૧૧ વર્ષની ઉંમરે કાશીમાં મોટા મોટા પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવીને વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કર્યું હતું.

આમ, ભગવાને પોતાની અનેક બાળલીલાઓમાં એમના ભગવાનપણાના દર્શન ભક્તોને કરાવ્યા છે.

### (૨) નીલકંઠવર્ણીની નિર્ભયતા

સમાજમાં જીવપ્રાણીમાત્રના અંતરમાં ભય રહેલો છે. એમાંય નાના બાળકોમાં વિશેષ 'ભય' જોવા મળે છે. ૧૦-૧૫ વર્ષના બાળક પણ ભયને કારણે માતા-પિતાના સાથ-સંગાથ વિના પોતાના ઘરની હદ ઓળંગી શકતા નથી.

પરંતુ, નીલકંઠવર્ણીની વાત જુદી હતી. માત્ર ૧૧ જ વર્ષની ઉંમરે, એકલા કોઈ પણ પ્રકારના પદાર્થ કે કોઈનો પણ સંગાથ લીધા વિના ભયંકર જંગલોમાં બિહામણા પશુઓ વચ્ચે નીકળી પડ્યા. નીલકંઠવર્ણીના વનવિચરણ દરમ્યાન



સેંકડો પ્રસંગોમાં આપણને તેમની નિર્ભયતાનાં દર્શન થાય છે. શ્રીજીમહારાજે આનો ઉલ્લેખ વચ.માં પણ કર્યો છે. વચ.ગ.મ.૫૫માં શ્રીજીમહારાજ કહે છે, 'વનને વિષે મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક અનંત પ્રકારના જનાવર દીઠામાં આવ્યા પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહિ. એવી રીતે મહાવનને વિશે નિર્ભય રહેતા.'

નીલકંઠવર્ણી વનવિચરણ કરતાં કરતાં શ્રીપુરમાં પધાર્યા. ત્યાં ગામની બહાર, એક સુંદર મઠ હતો. નીલકંઠવર્ણી મઠની બહાર ઓટલે બેઠા. સંધ્યાકાળ થઈ ગયો હતો. મઠના મહંતે બ્રહ્મચારીની તેજસ્વી મૂર્તિ જોઈ એમને નમસ્કાર કરી અંદર આવવા કહ્યું. કારણ અહીંયાં જંગલી જાનવરોનો ખૂબ જ ભય હતો. પરંતુ નીલકંઠવર્ણીને ક્યાં મૃત્યુનો ડર હતો. એમણે હાથ જોડી સાદર કહી દીધું. મને ડર નથી માટે હું અહીં બહાર જ રહીશ. સમજાવવા છતાં ન માન્યા ત્યારે આખરે જોગી હઠ સમજી તેઓ અંદર ચાલી ગયા.

રાત્રિનું ગાઢ અંધારું છવાઈ ગયું. મહંતને દયા આવી, પણ લાચાર થઈ બારણાં બંધ કરી દીધાં. રાત્રિના બે પ્રહર વીત્યા ને એકાએક છાતીના પાટિયા બેસી જાય તેવી કેસરીસિંહની ભયંકર ત્રાડ સંભળાઈ, પક્ષીઓ ઊંઘમાંથી જાગીને ધ્રૂજવા લાગ્યા. ગાભણી ગાના પેટ છૂટી ગયા. બંધ બારી બારણે પણ મહંત અને શિષ્યો થર થર ધ્રૂજવા લાગ્યા. આખા અસ્થિર વાતાવરણમાં એક આકૃતિ સ્થિર જણાતી હતી, તે હતી નીલકંઠવર્ણીની. સિંહ તરાપ મારતો નીલકંઠની નજીક આવ્યો. નીલકંઠે એક નજર હળવેકથી સિંહ ઉપર કરીને સિંહ નિશ્ચેતન થઈ ગયો. સમાધિનું અલભ્ય સુખ તે ભોગવવા લાગ્યો. થોડી વારે નીલકંઠવર્ણી તેના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યા. નીલકંઠના પ્રેમાળ સ્પર્શથી સિંહની સમાધિ છૂટી. તે જાગ્યો ને નીલકંઠના ચરણોમાં આળોટવા લાગ્યો. અને પ્રેમથી પ્રભુના પગ ચાટવા લાગ્યો. મહંતે ગભરાતાં ગભરાતાં બારી ખોલીને જોયું તો એ અને એના શિષ્યો આ દૃશ્ય જોઈ ચિત્રવત્ થઈ ગયા. સવારે નીલકંઠવર્ણીએ મોસૂજણું થતાં નદીએ સ્નાન કરવા પ્રયાણ કર્યું. પાલક પશુની જેમ સિંહ પણ વર્ણીની પાછળ પાછળ ગયો. થોડે દૂર ઝાડી આવતા વર્ણીએ આજ્ઞા કરી તેથી સિંહ ઝાડીમાં અદશ્ય થઈ ગયો. આમ, આવો મોટો ડાલામથ્થો પણ વર્ણીની ધીરજ ડગાવી ન શક્યો.

એકવાર વર્ણી વડના ઝાડ નીચે બિરાજ્યા હતા. હનુમાનજી એમની સેવા માટે તત્પર હતા, તે વૃક્ષ ઉપર બેઠા હતા. રાત્રિના અંધકારમાં બિહામણાં પશુ-પક્ષીના અવાજો સંભળાવવા લાગ્યા. નીલકંઠ સ્થિર ચિત્તે બેઠા હતા, સામે મણિધર નાગ ડોલતો હતો. એટલામાં ભયંકર ધુત્કાર કરતો કાળભૈરવ આવ્યો. તે

તેની સાથે પિશાચો, ડાકીની, ભૂતગણો લઈને આવ્યો હતો. છતાં વર્ણી તેનાથી લેશમાત્ર ડર્યા નહિ. એટલામાં હનુમાનજીએ નીચે ઊતરીને એ બધાનો પરાભવ કર્યો ને કાળભૈરવને માથા પર એક મુષ્ટિ મારી એનું શિશ ધડમાં ઘુસાડી દીધું. આવા પ્રસંગો બનતા હોવા છતાં પણ નીલકંઠને ક્યારેય ભય લાગતો નહિ.

નીલકંઠવર્ણી જગન્નાથપુરીમાં ગયા હતા. ત્યાં અસંખ્ય બાવાઓ રહેતા હતા. બાવાઓના વેશ-કેશ જોઈને ભલભલા શૂરવીરોના હાજા ગગડી જાય એવા હતા, નાના બાળકો તો એના નામથી જ બીવે. નીલકંઠવર્ણી ત્યાં રહેવા લાગ્યા કેમકે એમને કોઈનો ડર નહોતો. એકવાર એક બાવો નીલકંઠવર્ણીને ત્રાસ આપવા માટે આવ્યો ને કહે, ‘ભાજી તોડી લાવ.’ નીલકંઠે ના પાડી ને કહ્યું, ‘એમાં જીવ છે એ કઈ રીતે તોડાય.’ બાવો ક્રોધે ભરાયો. નીલકંઠને તલવાર લઈને મારવા આવ્યો પણ નીલકંઠ ડર્યા નહિ અને બધા બાવાઓ અંદરોઅંદર લડી મર્યા. હજારો બાવાઓના ખૂન થઈ ગયા પણ વર્ણી તો લેશમાત્ર ડર્યા નહિ.

આવી જ રીતે એકવાર આ જંગલી બાવાઓએ માનસપુરમાં નીલકંઠવર્ણી પર પથ્થરમારો કર્યો હતો છતાં નીલકંઠવર્ણી ડર્યા વિના શાંત ચિત્તે બેસી રહ્યા હતા.

નીલકંઠવર્ણી આવો વિકટ, વનપ્રવાસ કરીને અંતે ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં આવ્યા. ત્યાં ધૂણી ધખાવીને બેઠેલા ગિરિરાજ ગિરનારની તળેટીમાં આવ્યા. દામોદરકુંડમાં દર્શન કર્યા, સ્નાન કર્યું. દામોદરજીના પૂજારી નીલકંઠનો ભક્તિભાવ જોઈને રાજી થયા ને ઉતારો કરવા પૂછ્યું. નીલકંઠ કહે, ‘આ પૃથ્વીનો પટ પડ્યો છે પડ્યા રહીશું.’ પૂજારીએ કહ્યું, ‘વર્ણી અહીયા રાત્રે જંગલી પશુઓ સિંહ, વાઘ, દીપડા આવે છે સાથે સાથે માણસખાઉ અઘોરી લોકો પણ અહીંયા રહે છે.’ છતાં નીલકંઠવર્ણી સ્થિર ચિત્તે બેસી રહ્યા. રાત્રે વર્ણી એક ખંડેરમાં જઈને બેઠા. રાત્રે અચાનક વાઘની ત્રાડ સંભળાઈ. રાત્રે આવીને તે વાઘ નીલકંઠની સન્મુખ બેસી ગયો. સવાર સુધી બેઠો છતાં નીલકંઠ વાઘથી ડર્યા નહિ. સવારે લોકોએ જોયું અને આશ્ચર્યમાં પડી ગયા. પછી વાઘ ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો.

આમ, નીલકંઠને વનવિચરણમાં પશુઓ અને પશુ જેવા બાવાઓ મળ્યા હતા છતાં ડર્યા નહોતા.

કામાક્ષી દેવીના સ્થાનકે પિબૈક નામનો ઉપાસક હતો. જે અજેય ગણાતો. તે અનેકને રંજાડતો હતો. તે નીલકંઠને પણ મહાત કરવા આવ્યો. મોટા ટોળા સાથે તે આવ્યો. તેનો ભયાનક વેશ જોઈ બીજા બાવા ડરી ગયા પણ વર્ણી નિર્ભય થઈને બેઠા રહ્યા. પિબૈકે વડ સળગાવી દીધો. છતાં મહારાજ ડર્યા નહિ. એણે બટુકવીર



ને કાળભૈરવ બોલાવ્યા પણ તેનાથી પણ મહારાજ ડર્યા નહિ અને તેના દ્વારા જ પિબૈકને મહાત કર્યો.

આમ, આવા ઘણા વિકટ સંજોગોમાં પણ નીલકંઠ વર્ણી નિર્ભય થઈને અનેકને કામક્રોધાદિક દોષોથી ભયમુક્ત કરવા, અનંતને પોતાનો આશ્રય આપી માયાથી નિર્ભય કરવા અવિરત વિચરણ કરી રહ્યા હતા.

### (૩) લાલજી સુથારમાંથી નિષ્કુળાનંદ સ્વામી

એવી કહેવત છે કે સિંહણનું દૂધ સામાન્ય પાત્રમાં ટકી શકતું નથી. એના માટે તો સુવર્ણપાત્ર જ જોઈએ. તેવી જ રીતે નિષ્કુળાનંદ સ્વામી જેવા બૃહદ વૈરાગી ભક્તો ગૃહસ્થાશ્રમરૂપી પોકળ પાત્રમાં નથી ટકી શકતા. એવા ભક્તો માટે તો ત્યાગાશ્રમરૂપી સુવર્ણપાત્ર જ જોઈએ.

શેખપાટના લાલજી સુથાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના અનન્ય ભક્ત હતા. બૃહદ વૈરાગી આ ભક્તને બાળપણથી જ સંસારની પોકળતા પરખાઈ ગઈ હતી. પરંતુ રામાનંદ સ્વામીએ એમને ત્યારે સંસારમાં રહેવાની આજ્ઞા કરી હતી ને કહ્યું હતું કે અમે સમય આવે તેડાવી લઈશું.

રામાનંદ સ્વામી અંતર્ધાન થયા ને સહજાનંદ સ્વામી ગુરુપદે આવ્યા. રામાનંદ સ્વામીએ જતા પહેલા ભક્ત સમાજને સારી પેઠે સહજાનંદ સ્વામીનો મહિમા સમજાવી દીધો હતો. બધા ભક્તો એમને પોતાના ગુરુપદે ને ઘણાએ તો પોતાના ઈષ્ટદેવ તરીકે સ્વીકારી લીધા હતા. એમાંના એક ભક્ત એ આ લાલજી ભક્ત.

એકવાર મહારાજ ફરતાં ફરતાં શેખપાટ પધાર્યા. મહારાજને કચ્છમાં વિચરણ માટે જવું હતું. આમ તો પોતાના રચેલા બ્રહ્માંડમાં પુરુષોત્તમને ભોમિયાની શી જરૂર પડે ? પરંતુ મહારાજને લાલજી સુથારનું આંતર ક્લેવર ઘડવું હતું. તેથી મહારાજે લાલજી ભક્તને ભોમિયા તરીકે ભેળા રાખ્યા. ભક્તરાજે પણ મહારાજની સેવામાં કાંઈ કસર ન રહે તેની બધી તકેદારી રાખી હતી. ભગવાન ભૂખ્યા થાય તો ભાથું તૈયાર હતું, તરસ્યા હોય તો બતક તૈયાર હતી, વળી બીજી કાંઈ જરૂર પડે એના માટે દશ-બાર કોરી પણ લૂંટારુની બીકે મોજડીમાં સંતાડીને લીધી હતી.

મહારાજની યાત્રા શરૂ થઈ, પણ ખરેખર આ તો લાલજી સુથારની જીવન પરિવર્તન યાત્રા હતી. પૂર્ણ પુરુષોત્તમ ભેગા હોવા છતાં લાલજી ભક્તે અન્ય પદાર્થોનો આધાર રાખ્યો હતો. એનું કારણ ભલે એમનો ભક્તિભાવ હતો છતાં પણ મહારાજને તો એમને પોતાના અનન્ય શરણાગત ભક્ત બનાવવા હતા. મહારાજે આ માટે રસ્તામાં જ જુદા જુદા પ્રસંગો ઊભા કર્યા. પહેલે જ દિવસે રાત્રે

તેઓ ભીલા ગામે પહોંચ્યા. લાલજી ભક્તે મહારાજને અહીં વિસામો લેવા માટે સૂચન કર્યું. બંનેએ ત્યાં જ રાત્રિ રોકાણ કર્યું.

બીજે દિવસે પ્રાતઃવિધિથી પરવારી ભક્ત અને ભગવાન પ્રવાસ માટે આગળ વધ્યા. રસ્તામાં એક ભૂખ્યો ભિખારી મહારાજની આગળ આવી ઊભો રહ્યો. દીનતાથી હાથ જોડી એણે કહ્યું, 'મહારાજ ! અન્ન નહિ મળે તો મારા પ્રાણ ચાલ્યા જશે, માટે કૃપા કરો.' દયાળુ મહારાજે તરત જ લાલજી સુતાર સામે સૂચક દૃષ્ટિ કરી પણ લાલજી ભક્તે તો મોં ફેરવી દીધું હતું, એમને મહારાજની ચિંતા હતી. મહારાજે ફરીથી આજ્ઞા કરી કે 'બધું અન્ન આપી દો, આપણી રક્ષા ભગવાન કરશે.' આ સાંભળી લાલજી ભક્તે ભાતુ આપી દીધું. ભિખારી અન્ન લઈને ચાલ્યો ગયો. આમ, મહારાજે એક ઉપાધિનો ત્યાગ કરાવ્યો.

આગળ ચાલ્યા ત્યાં તો લૂંટારુઓ સામા મળ્યા. લાલજી તો ગભરાઈ ગયા. લૂંટારુઓએ તપાસ આદરી પણ લાલજીએ સંતાડેલું ધન તેઓ મેળવી ન શક્યા. નિરાશ થઈને તે પાછા વળતા હતા ત્યાં મહારાજે એમને રોક્યા ને કહ્યું, 'તમે તમારા ધંધામાં હોંશિયાર નથી, ધોળે દિવસે કપડામાં કોઈ ધન રાખતો હશે ? તમે એની મોજડી તપાસો.' લાલજી ભક્ત ગભરાયા પણ લૂંટારુઓએ એમને પકડીને એમની મોજડીમાંથી બધું ધન લૂંટી લીધું. આમ, મહારાજે લાલજી ભક્તની બીજી ઉપાધિનો ત્યાગ કરાવ્યો. રસ્તામાં લાલજી ભક્તે પૂછયું, 'મહારાજ ! તમે તો અન્ન પણ અપાવી દીધું, અને રૂપિયા પણ અપાવી દીધા. આપણે શું કરીશું ?' મહારાજે કહ્યું, 'આ તો તમારે માથે વિઘ્ન આવવાનું હતું તેથી અમે તે દૂર કર્યું. હવે નહીં આવે.'

ત્યાંથી આગળ ચાલ્યા. માળિયા ગામમાં વિશ્રામ કર્યો. હવે મોટું રણ શરૂ થતું હોવાથી લાલજી ભક્તે ભગવાન માટે મીઠા પાણીની બતક ભરી લીધી. કારણ, આગળ મીઠું પાણી આવતું નહોતું. આગળ ચાલતાં ચાલતાં ભયાનક રણમાં પવન અને આંધીનો અનુભવ થયો. મહારાજને પગમાં કાંટા વાગતા હતા. લાલજી ભક્તે પોતાની મોજડી આપી દીધી. આગળ ચાલતા આવા ભયંકર રણમાં એક પુરુષ મળ્યો. એણે પૂછયું, 'ક્યાંય પાણી મળશે ? બહુ તૃષા લાગી છે.' શ્રીહરિએ તરત જ લાલજી ભક્તને ઈશારો કરી પાણી આપવા જણાવ્યું. હવે તો કોઈ પણ પ્રશ્ન પૂછયા વિના લાલજી ભક્તે પાણી આપી દીધું. એ પુરુષ બધું પાણી ગટગટાવીને ચાલ્યો ગયો.

આગળ જતાં સૂર્યનારાયણના અંગારા ઝરતા તાપમાં લાલજી ભક્તનું ગળું સુકાવા લાગ્યું. એણે મહારાજને કહ્યું, 'હવે તો કંઠ સુકાય છે અને પાંચ ગાઉ સુધી



પાણીનું ટીપું પણ આવતું નથી.' મહારાજ આ સાંભળી તેની પાસે આવ્યા. પોતાના વચને આ ભક્તે આટઆટલો ત્યાગ કર્યો. આથી મહારાજ રાજી થયા હતા. એ જાણી ગયા હતા કે હવે આ ભક્તને મારા સિવાય કોઈ આધાર નથી. મહારાજે લાલજી ભક્ત માટે ખારા પાણીનો વીરડો મીઠો કરી દીધો. લાલજી ભક્તે પેટ ભરીને પાણી પીધું. બંને આગળ ચાલ્યા ત્યાં લાલજી ભકત સંગ્રહ કરવા માટે પાછા વળીને ફરીથી ત્યાં પાણી ભરવા ગયા તો ખારું થઈ ગયું હતું. આવો ચમત્કાર જોઈ તેઓ તો દંગ થઈ ગયા.

લાલજી ભક્તે તરત જ મહારાજને પૂછયું, 'મહારાજ ! આ રણમાં પેલો પુરુષ મળ્યો એ કોણ હતો ? અને આ પાણી ખારામાંથી મીઠું કેમ થયું ?' મહારાજે લાલજી ભક્તને કહ્યું, 'એ પુરુષ તો આપણા ગુરુ રામાનંદ સ્વામી હતા. અને તમે બીજા બધાનો આધાર છોડી એક મારે શરણે આવ્યા તેથી આ ખારું પાણી મેં તમારા માટે મીઠું કર્યું, કારણ કે બધાનો આશરો છોડીને જે ભગવાનને આશરે જાય છે, બીજાનો આધાર રાખતો નથી એવો ભક્ત ભગવાનને ગમે છે.' આમ, મહારાજે લાલજી ભક્તને ભગવાન વિના બીજી ઉપાધિઓમાંથી છોડાવીને ભગવાનની શ્રદ્ધા, ભક્તિ દઢાવી. લાલજી ભક્ત પણ આ જાણીને અતિશય રાજી થયા.

વળી, આગળ જતાં મહારાજ એક બાવળિયા નીચે બેઠા ને પોતાના પગ લાલજી ભક્તને ખોળામાં આપ્યા અને પગમાંથી કાંટા કાઢી નાખવા કહ્યું. લાલજી ભક્ત જેમ જેમ કાંટા કાઢતા હતા, તેમ તેમ વધારે દિવ્યતા દેખાતી ગઈ. એમના જ્ઞાનચક્ષુ ખૂલી ગયા, એમને મહારાજના ચરણોમાં સોળ ચિહ્નોનાં દર્શન થયા.

આમ, મહારાજે લાલજી સુથારને જે હેતુ માટે પોતાની સાથે લીધા હતા તેની સંપૂર્ણ પૂર્વભૂમિકા તૈયાર થઈ ગઈ હતી. હવે તેઓ આધોઈ ગામમાં આવ્યા. આધોઈ ગામ લાલજી સુથારના સાસરાનું ગામ હતું. અહીં આવીને મહારાજે એમને ગામમાં ભિક્ષા માંગવા કહ્યું. લાલજી સુથારે પોતાના સગાસંબંધી આ ગામમાં જ રહેતા હોવાનું જણાવ્યું. પણ મહારાજે તો એમને મુંડન કરી સાધુના કપડાં પહેરાવી દીધા ને લાલજીમાંથી નિષ્કુળાનંદ બનાવી દીધા ને કહ્યું, 'જાવ, હવે તમને કોઈ ઓળખશે નહિ.' અને આ ભક્ત પણ ખરેખરા શૂરવીર હતા. સાપ કાંચળી ઉતારે તેમ સંસારનો ત્યાગ કરી લાલજી સુથારમાંથી નિષ્કુળાનંદ બનેલા આ મુક્તરાજ ગામમાં ભિક્ષા માગવા ગયા ને મહારાજને આજ્ઞા પાળી રાજી કર્યા. એમનાં પત્નીએ તેમને પાછા પાડવાનો પ્રયત્ન કર્યો પણ આ મેરુ પર્વત ડગ્યો નહિ.

આમ, મહારાજે જેને ભોમિયા તરીકે લીધા હતા તેને જ સંસારના ગાઢ જંગલમાંથી બહાર નીકળવાનો પંથ બતાવી, ભોમિયાના પણ ભોમિયા શ્રીજીમહારાજ બન્યા. ત્યારબાદ લાલજીમાંથી નિષ્કુળાનંદ બનેલા આ સંતે સમગ્ર જીવન શ્રીજીને પ્રસન્ન કરવામાં જ વિતાવ્યું હતું.

**પ્રશ્ન.૩(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

## (૧) ઘનશ્યામે સમજાવેલો એકાદશીનો મહિમા

'ૐ શ્રી તપઃપ્રિયાય નમઃ'

શતાનંદમુનિએ જનમંગલનામાવલિમાં મહારાજને તપઃપ્રિય કહ્યા છે. ખરેખર બાળપણથી જ ઘનશ્યામ તપ-ઉપવાસના ઈશ્કી હતા. પોતે તો તપ કરતા જ પણ અન્યને પણ તપ કરવાની પ્રેરણા આપતા. જો કોઈ તપનું ખંડન કરે તો ઘનશ્યામને તે ગમતું નહિ, અને તેને તપનો મહિમા સમજાવતા.

અયોધ્યા આવ્યા પછી ઘનશ્યામ નિત્યક્રમ પ્રમાણે સરયૂ સ્નાન કરી હનુમાનગઢીએ દર્શન કરવા જતા. એકવાર હનુમાનજતિનાં દર્શન કર્યા પછી હનુમાનજીની ગાદી પાસે બાવા મોહનદાસ રામાયણની કથા વાચતા હતા ત્યાં ઘનશ્યામ આવ્યા. કથાના અધ્યાયમાં એકાદશી વ્રતનો મહિમા આવ્યો,

'સો રાજસૂય કરે કે હજાર અશ્વમેધ યજ્ઞ કરે, પણ તેનું પુણ્ય એકાદશી વ્રતના સોળમા ભાગ જેટલું પણ ન થાય.'

વ્રતમહિમા સાંભળતાં જ તપના ઈશકવાળા ઘનશ્યામ રાજી થયા અને મોહનદાસને પ્રશ્ન પૂછયો, 'એકાદશી વ્રતનો આટલો મહિમા શાસ્ત્રમાં કહ્યો છે તો પણ ઘણા લોકો તે વ્રત કેમ કરતા નથી ?'

બાવાજી પોતે જ આ વ્રત કરતા નહિ, અને કોઈને તે માટે પ્રેરણા પણ આપતા નહિ. આથી આ પ્રશ્ન સાંભળતાં જ તેમને આઘાત લાગ્યો. પોતાની ભૂલને ઢાંકતા તેમણે વ્યંગમાં ઘનશ્યામને કહ્યું, 'અરે ઘનશ્યામ ! તું શું જાણે ? આ મનુષ્યદેહ પ્રભુએ આપ્યો છે તે કાંઈ ભૂખ્યા રહીને દુઃખ ભોગવવા આપ્યો છે ? અંદર આત્મારૂપી ભગવાન છે. તેને જે આવી રીતે ભૂખ્યા રહીને દુઃખ આપે છે તે તો પાપી છે. આ મનુષ્યદેહે તો ખાવું, પીવું ને વિષય ભોગવવા. આ રીતે મહામોંઘો મનુષ્યદેહ મળ્યો છે તે સાર્થક કરી લેવો. જેને ખાવા અન્ન ન મળે, તેને તો સદા એકાદશી છે જ ને ?' એટલું કહીને પોતાના કથનની સત્યતા માટે શ્રોતા તરફ જોઈને તેણે હસીને કહ્યું, 'જુઓને આ છોકરું ! તેને છે કાંઈ ખબર ? એકાદશીને તો જગન્નાથપુરીમાં ઊંચે બાંધી દીધી છે.' શાસ્ત્રોના જ્ઞાનથી અપરિચિત એવા શ્રોતાઓ તો બાવાજીની વાતમાં ડોકું ધુણાવ્યે જ જતા હતા. પંચવિષયની રૂચિ હોય તેને વળી તેના અનાદરની વાત કેવી રીતે ગમે ?

શાસ્ત્રોના સવળા અર્થને અવળા સમજાવનારા બાવાજીની વાત શાસ્ત્રના મૂર્તિમાન સ્વરૂપ એવા ઘનશ્યામને કેવી રીતે ગમે ! તેઓ ત્યાંથી તરત જ ઊઠી ગયા અને હનુમાનજીના મંદિરમાં જઈ પરિક્રમા કરવા લાગ્યા. આવા વિષયી અને લંપટ ગુરુ પોતાના શિષ્યોનું કેટલું અધઃપતન કરે છે તે વિચારથી તે ખિન્ન થઈ ગયા. આ પ્રસંગને કારણે ઘનશ્યામના મનમાં વિચાર આવવા લાગ્યા, 'પંચવિષયના પ્રહારોથી જીવ ઘાયલ થઈ જાય છે. આ ઘા યમના દંડ જેવા છે, પરંતુ જીવને તેની ગમ પડતી નથી.'

ઘનશ્યામ બાવાજીના આવા ઉત્તરથી ખિન્ન થઈને ઊભા થઈ ગયા તે શ્રોતાઓને ગમ્યું નહિ. વળી, ઘનશ્યામના પ્રશ્નનો બાવાજીએ ઉડાઉ જવાબ આપ્યો તેથી સૌને બાવાજી પર રોષ થયો. બધાએ બાવાજીને કહ્યું, 'ધર્મની ગાદી પર ચડી બેઠા છો અને નિયમ, ધર્મ, વ્રત, ઉપવાસની કેમ ઠેકડી ઉડાવો છો ?' બાવાજીને આ વાકપ્રહારથી અંતર્દૃષ્ટિ થઈ. તે ઊઠીને ઘનશ્યામ પાસે ગયા અને પગે લાગ્યા. ઘનશ્યામે બાવાજીનો પશ્ચાત્તાપ જોઈ કહ્યું, 'ધર્મની ગાદી ઉપર બેસી ધર્મનો ઉપદેશ કરશો તો ભગવાન રાજી થશે.' ઘનશ્યામના શબ્દો સાંભળતા બાવાજીની મુમુક્ષુતા જાગ્રત થઈ અને તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમને થયું, આવડા નાના બાળકને ધર્મ, વ્રત, ઉપવાસ માટે આવી ભાવના છે અને હું અત્યારે કાંઠે બેઠો છું, તોપણ વિષય ભોગવવાની આસક્તિથી અધર્મ કરું છું અને અધર્મનું આચરણ કરાવું છું. પરિતાપના ભાવાવેશમાં આવી તેમણે ઘનશ્યામના પગ પકડી લીધા. ઘનશ્યામે તેને માથે બે હાથ મૂક્યા અને બાળપ્રભુના આ પુનિત સ્પર્શે જ બાવાજીનું અંતર નિર્મળ થઈ ગયું.

## (૨) ઊંડવતી નદીમાં શ્રીહરિની લીલા

અનેક મુમુક્ષુઓને પોતાનો દિવ્ય સંબંધ કરાવી કલ્યાણના રાહે દોરવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ ગામોગામ અનેક લીલાઓ કરતા. એકવાર શ્રીજીમહારાજ ભાદરા ગામે પધાર્યા ત્યાં વશરામ સુથારને ત્યાં મહારાજનો ઉતારો હતો.

સર્વે સખાને પોતાની મૂર્તિનું સુખ આપવા મહારાજ મિત્રો સાથે ઊંડ નદીએ પધાર્યા. નદીમાં પાણી બે કાંઠે ભરપૂર હતું. મહારાજ ભરપૂર નદી જોઈ પ્રસન્ન થયા અને સર્વે સખાઓને કહ્યું, 'તૈયાર થાઓ. આજે તો જળક્રીડા કરવી છે.' એમ કહી મહારાજ નદીના કાંઠા પર આવેલા વડ ઉપર ચડ્યા અને ત્યાંથી નદીમાં

ધૂબકો માર્યો. સખા પણ સૌ નદીમાં નાહવા પડ્યા. મહારાજે સ્નાન કરતાં કરતાં ડોસાભાઈને કહ્યું, 'આ જગ્યાએ તો મોટું તીર્થ થશે ને આ વડ તથા નદી અમારે જોગે કરીને બહુ પવિત્ર થયેલ છે માટે આગળ જતાં અહીં ઘાટ બંધાશે.'

વળી, મહારાજે લાલજી સુથારને કહ્યું, 'લાલજી ! એક નાવ બનાવી લાવો તો નદીના પાણીમાં વિહાર કરીએ.' લાલજી આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેઓએ શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! એમ કાંઈ નાવ બનતી હશે ? લાકડાં જોઈએ, હથિયારો જોઈએ, ખીલા જોઈએ. આ બધી સામગ્રી તૈયાર હોય અને બે-ચાર સુથાર તૈયાર કરે તોપણ નાવ બનતાં ત્રણ-ચાર દિવસ તો લાગે.' આ સાંભળી મહારાજે કહ્યું, 'એવું કઠણ કામ હોય તો એક ચલાખો લાવો.' મહારાજના શબ્દો સાંભળતાં જ લાલજી સુથાર ચમક્યા. તેમણે કહ્યું, 'મહારાજ ! ચલાખાનું શું કામ છે ?' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'નદીના પ્રવાહમાં મૂકશું અને આપણે બધા તે ઉપર બેસી વિહાર કરશું.' લાલજી ભક્ત તો મહારાજની આ લીલા ન સમજાવાથી કહે, 'મહારાજ ! લૂગડાનો એક જાડો કટકો નદીમાં મૂકવો અને તેની ઉપર આપણે બેસીએ, આ તે કેવી વાત થાય છે.' મહારાજે પણ લાલજીને અદ્‌ભુત દર્શન કરાવવા ચલાખો મંગાવ્યો. વિશ્વાસુ લાલજી ભક્ત નદીમાંથી નીકળી વડ નીચે મૂકેલા પોતાના ખલતામાંથી ગજીનો એક લાંબો પહોળો કટકો લાવ્યા અને મહારાજને આપ્યો. મહારાજે તે કટકાને નદીના વહેણ પર પાથર્યો અને સૌ સખાને તેના પર બેસવા કહ્યું. સર્વે સખા શ્રીહરિ તરફ કૌતુકભરી નજરે નીરખી રહ્યા. બધાને વિશ્વાસ આવે તે માટે શ્રીહરિ પ્રથમ પોતે જ ચલાખા ઉપર બિરાજ્યા. આ જોઈ લાલજી સુથાર, વશરામભાઈ, મૂળજી ભક્ત આદિક સખા પણ બેઠા અને ભક્તો સહિત ભગવાન નાવમાં વિહાર કરવા લાગ્યા. સૌ મનોમન મહારાજની અકળ કળાને વંદી રહ્યા અને આવા સમર્થ શ્રીહરિએ આપણી સાથે સ્નેહ કર્યો છે તે વિચારે ધન્યતા અનુભવી રહ્યા.

શ્રીહરિની આ અનુપમ લીલાને ભક્ત કવિએ શબ્દદેહ આપતાં લખ્યું છે :

*'ચલાખા ઉપર પ્રભુ આપ વિરાજ્યા, અક્ષર ને મુક્ત સાથ,*
*એ ટાણે પ્રભુએ નાવ બનાવ્યું, જળનિધિ તરનાર,*
*નાવ તે તો માંડ્યું છે તરવા, ચારે કોરે ફરવા*
*પાર ઊતરવા, ઠરે નહિ એકે ઠામ...'*

નદીના પાણીમાં વિહાર કરી સર્વે કિનારે આવ્યા. સર્વે ચલાખા પરથી ઊતરી ગયા એટલે મહારાજે લાલજી સુથારને કહ્યું, 'હવે તમારો લૂગડાનો કટકો લઈ લ્યો નહિ તો તણાઈ જશે.' પછી વસ્ત્ર બદલી સર્વે સખાને શ્રીહરિએ અમીવર્ષાથી તૃપ્ત



કર્યા. ચલાખા ઉપર બેસાડી જળમાં તારનારા શ્રીહરિ પોતાની કૃપાનાવમાં બેસાડી આ ખારો ભવસાગર પણ પાર કરાવી દેશે એવી પ્રતીતિ આજે સૌનાં અંતરમાં વહી રહી.

### (૩) મુક્તાનંદ સ્વામીને કાલવાણીમાં પ્રતીતિ

રામાનંદના અંતર્ધાન થયા પછી ગાદીએ આવેલા વર્ણીએ યોગસાધના વિના સમાધિ પ્રકરણ ચલાવ્યું છે અને લોકોને અનેક પ્રકારના ચમત્કારો બતાવે છે. આ સમાચાર રામાનંદ સ્વામીના વરિષ્ઠ શિષ્ય મુક્તાનંદ સ્વામીને કચ્છમાં મળ્યા. રામાનંદ સ્વામીએ સ્થાપેલા શુદ્ધ સંપ્રદાયને કલંક ન લાગે તે માટે વર્ણીને ઠપકો આપવાના આશયથી મુક્તાનંદ સ્વામી સોરઠ પધાર્યા.

મુક્તાનંદ સ્વામીએ પોતાની ઉદાસીનતા ઠાલવતાં શ્રીહરિને કહ્યું, 'તમારી ઉંમર નાની છે તેથી ઉત્સાહમાં ચમત્કારોનું વહેણ વહેતું મૂકી દીધું છે. તેથી સત્સંગનું ખરાબ થશે. પૂર્વના કોઈ અવતારોએ આવું પાખંડ ચલાવ્યું નથી.' મુક્તાનંદ સ્વામીની મનોવ્યથા જાણી શ્રીહરિએ તો આ બધું રામાનંદ સ્વામીની કૃપાથી જ થાય છે તેમ જણાવ્યું. વળી, શ્રીહરિની દૃષ્ટિમાત્રથી મુક્તાનંદ સ્વામીના શિષ્ય સંતદાસને સમાધિ થઈ અને તેઓએ પણ મહારાજનો અપાર મહિમા કહ્યો.

શ્રીહરિના સમાધિના પરચાઓથી મૂંઝાયેલા મુક્તાનંદ સ્વામી શ્રીહરિ અને સંતમંડળ સાથે કાલવાણી પધાર્યા. ત્યાં મુક્તાનંદ સ્વામીને વિષાદભર્યા વદને દિશાએ જઈ પાછા વળતા હતા ત્યાં રામાનંદ સ્વામીનાં દર્શન થયા. મુક્તાનંદ સ્વામી લોટો મૂકી દંડવત્ કરવા લાગ્યા. રામાનંદ સ્વામીએ તેમને હાથ પકડી ઊભા કર્યા અને ઠપકાના સૂરમાં કહ્યું, 'આટલા થોડા વખતમાં જ મારા શબ્દો ભુલાઈ ગયા ! મેં તમને નહોતું કહ્યું કે હું તો ડુગડુગીનો વગાડનારો છું અને વેશના ભજવનારા તો હવે આવશે. એ જ આ શ્રીહરિ ! મેં તેમને ઓળખાવ્યા. પીપલાણામાં નરસિંહ મહેતાને ઘેર અને જેતપુરમાં પટ્ટાભિષેક સમયે તેમનો મહિમા કહ્યો હતો. આ બધા શબ્દો સાવ ભૂલી ગયા ? આ વર્ણી એ જ સાક્ષાત્ શ્રીહરિ છે. આ નિશ્ચય પાકો કરી ગુરુપદનું માન મૂકી તેમના ચરણકમળમાં નમી પડજો.' ગુરુના શબ્દે મુકતમુનિનું અંતર હવે પ્રતીતિના પ્રવાહમાં વહેવા લાગ્યું. ખાખરાના લીલા પાનની જેમ તેમનું હૈયું પણ હરિવરની સાચી ઓળખે હર્યુંભર્યું બની ગયું.

મુક્તાનંદ સ્વામીને સ્નાન કરી વનમાંથી પુષ્પો ચૂંટી પ્રસન્નવદને પાછા ફરતાં જોયા એટલે પર્વતભાઈએ પૂછ્યું 'સ્વામી ! કાંઈ લાધ્યું ?' મુક્તમુનિએ હસતાં હસતાં ડોકું ધુણાવી કહ્યું, 'હા ! સ્વામી કહી ગયા.' ઉતારે પધાર્યા ત્યારે સંધ્યા

આરતીનો સમય થઈ ગયો હતો, સૌ આરતી માટે એકત્રિત થયા હતા, ત્યાં જ મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રણામ કરી ગાદી પર બિરાજવા કહ્યું, ત્યારે મહારાજે કહ્યું, 'આ તો ગુરુની ગાદી કહેવાય. તે ઉપર ન બેસાય.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રતીતિના રણકારે કહ્યું, 'મહારાજ ! આજ સુધી છેતરાયો હતો પણ હવે તે ભ્રમ ટળી ગયો છે. તમે તો સાક્ષાત્ પરમાત્મા છો.' વળી, હૃદયની ઊર્મિઓ પંક્તિબદ્ધ થવા લાગી,

*'ભ્રમણા ભાંગી રે હો હૈયાની, નથી એ કેને વાત કહ્યાની'*

આ પ્રાપ્તિ અને પ્રતીતિના પદોને દોહરાવી મુક્તમુનિએ શ્રીહરિને હાથ પકડી ગાદીએ બેસાર્યા અને પૂજારીના હાથમાંથી આરતી લઈ શ્રીહરિ સમક્ષ ઊભા રહી આરતી શરૂ કરી. નગારા અને ઝાલરના ઘોષ વચ્ચે મુક્તાનંદ સ્વામીના મૃદુસ્વર રેલાવા લાગ્યા,

*'જય સદ્ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ બળવંત બહુનામી,*
*ચરણ સરોજ તમારા વંદું કર જોડી, ચરણે શીશ ધર્યાથી,*
*દુઃખ નાખ્યા તોડી...'*

મુક્તાનંદ સ્વામીના મુખેથી મહારાજના મહિમાના આ શબ્દો સાંભળી સર્વે સ્તબ્ધ બની ગયા. મુક્તાનંદ સ્વામીએ આરતી ઉતારી શ્રીહરિને દંડવત્ કર્યા અને પોતાને આસને બેઠા. તે વખતે મયારામ ભટ્ટે મહારાજને પગે લાગી મુક્તમુનિને પૂછયું, 'સ્વામી ! તમને સમાધિ થઈ ?' સ્વામી હસ્યા ને કહે, 'શું ધૂળ સમાધિ થાય ! આ જ્ઞાન થયું તે જ સમાધિ ! રામાનંદ સ્વામીએ સમજાવી દીધું. તમને પણ ઠપકાના બે શબ્દો કહ્યા છે. તમારી સંશયવૃત્તિથી તમે ભરમાઓ છો અને બીજાને પણ દ્વિધામાં મૂકી દ્યો છો. માટે હવે સ્થિર બુદ્ધિ રાખી શ્રીહરિમાં પરમાત્મભાવ દૃઢ કરજો. સ્વામીએ ખાસ તમારા માટે આ સંદેશો કહ્યો છે.' આ શબ્દોએ અનેકની દ્વિધા ટાળી શ્રીહરિના સ્વરૂપમાં દૃઢતા કરાવી. સંપ્રદાયનો અણમૂલો અને અવિસ્મરણીય એવો આ આ.સં. ૧૮૫૯ના કાર્તિક સુદ દશમીનો શુભ દિન સુવર્ણ અક્ષરે લખાઈ ગયો.

### (૪) નિષ્કામવ્રત પ્રિય નીલકંઠ

'જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.' આ શબ્દો સાંભળી અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરવા માટે પધારેલા ભગવાન સ્વામિનારાયણના છે. એટલે જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવા માટેના આવશ્યક સાધન બ્રહ્મચર્યને શ્રીજીમહારાજે પ્રાધાન્ય આપ્યું છે. પોતે તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હતા એટલે તેમનામાં કામનો અંશ પણ



ક્યાંથી હોય ! પણ સર્વ જીવોને શ્રેયના માર્ગે દોરવા પોતે પણ બ્રહ્મચર્યના કઠિનપથને આશર્યા છે અને અનેકને દોર્યા છે.

બાળપણથી જ નિષ્કામવ્રતની રક્ષા માટે મહારાજ કુંજરક્રિયા અને જળબસ્તી શીખ્યા હતા અને પોતે ગોરખ આસનવાળીને સૂતા. પોતે નિષ્કામી હતા આથી બાળ ઘનશ્યામ સ્વરૂપે પણ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતધારી એવા ભુવાનદીન અને દીનાસિંહ નામના મલ્લો તેમને ગમતા.

જ્યારે ખંભારિયાના નિહાલ મિશ્ર પોતાની પુત્રી ચંદ્રકળાની ઘનશ્યામ સાથે સગાઈ કરવા આવ્યા અને રામપ્રતાપભાઈએ ઘનશ્યામને તે માટે આગ્રહ કર્યો ત્યારે ઘનશ્યામે કહી દીધું, 'મારું કાર્ય તો અનંતને એ માર્ગેથી ઉગારવાનું છે.' અને ખરેખર અનંતને વિષયના માર્ગેથી પ્રભુ માર્ગે દોરવા ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો. વનવિચરણ દરમ્યાન પણ જ્યાં નદી-સરોવરના કાંઠે સ્ત્રી-પુરુષો ભેગાં સ્નાન કરતાં હોય ત્યાં નીલકંઠ ન જતા અને અલગ જગ્યા શોધી સ્નાન કરતા. નીલકંઠનું મનોહર રૂપ જોઈ જ્યારે ગામની સ્ત્રીઓ નીલકંઠના સ્વરૂપમાં મોહ પામતી અને સ્પર્શ કરવા આગળ વધતી ત્યારે નીલકંઠ દૂર જ રહેતા.

એકવાર નીલકંઠ હરૈયા ગામમાં પધાર્યા અને ગામની વૃદ્ધ બાઈએ વર્ણીને મીઠાઈ જમવાનો આગ્રહ કર્યો. વર્ણીએ વૃદ્ધાનો પ્રેમ જોઈને તેની સામે દૃષ્ટિ કરી ત્યાં તેને સમાધિ થઈ ગઈ, સમાધિમાંથી જાગ્રત થતાં જ તે વર્ણીનો ચરણસ્પર્શ કરવા આગળ વધી ત્યાં વર્ણી ઊભા થઈ ગયા અને કહ્યું 'અમે ત્યાગીની રીત ગ્રહણ કરી છે માટે સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે.'

વળી, મુક્તનાથમાં અખંડ જપને અંતે સૂર્યનારાયણ પ્રસન્ન થયા ત્યારે આ વર્ણીએ એમ જ પ્રાર્થના કરી કે 'કામ, ક્રોધ, લોભ, દંભ, મોહ અને ઇન્દ્રિયો - અંતઃકરણ વગેરેથી મારી રક્ષા કરો જેથી મારું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અખંડ રહે.' વળી, વર્ણીની નિષ્કામવ્રતની દૃઢતા સર્વને સ્પર્શતી. નીલકંઠ જ્યારે નેપાળમાં હતા ત્યારે મહાદત્ત રાજાના બાગમાં ધ્યાનમગ્ન બનતા. ત્યાં રાજાની કુંવરી પોતાની સખીઓ સાથે વિહાર કરવા નીકળતી ત્યારે બીજા બાવાઓ ગેલમાં આવી જતા પણ વર્ણી તો નીચી દૃષ્ટિ રાખી સ્વસ્વરૂપમાં મસ્ત રહેતા.

નીલકંઠ જે જે મઠ કે આશ્રમોમાં જાય ત્યાં બ્રહ્મચર્ય પાલનની દૃઢતા કે કચાશને અચૂક નોંધતા. જ્યારે તોતાદ્રિમાં નીલકંઠે જીઅર સ્વામી પાસે રામાનુજ ગ્રંથોનો અભ્યાસ કર્યો. પણ ત્યાં ત્યાગીઓ સ્ત્રીઓનો પ્રસંગ રાખતા તે નીલકંઠને ન રુચ્યું અને તેમણે એકવાર જીઅર સ્વામીને કહ્યું પણ ખરું, 'સ્ત્રી અને દ્રવ્યનો ત્યાગ કરે તે જ ખરો ત્યાગી કહેવાય.'

નિષ્કામવ્રતના પર્વત એવા નીલકંઠ વંશીપુરના રાજાની ઈલા અને સુશીલા નામની કન્યાઓમાં પણ મોહ ન પામ્યા. ગુજરાતમાં પધાર્યા પછી વર્ણી મઢડા જેઠા મેરને ત્યાં પધાર્યા. કેમ કે તે પતિ-પત્ની છેલ્લા કેટલાય જન્મથી અખંડ બ્રહ્મચર્યવ્રત પાળતા હતા. અને એટલે જ નિષ્કામવ્રતપ્રિય એવા વર્ણીની તેમના પર અપાર કરુણા વરસી.

લોજમાં મુક્તાનંદ સ્વામી અને સાધુઓની મુમુક્ષુતા અને પવિત્રતા જોઈ સ્થિર થયેલા વર્ણીએ જ્યારે જીવરાજ શેઠના ડેલામાં મુક્તાનંદ સ્વામીની કથામાં સ્ત્રી-પુરુષ ભેળા કથા સાંભળવા બેસતાં હતાં તે જોયું ત્યારે વર્ણી પોતે સભામાંથી ઊભા થઈ ગયા. અને કથાવાર્તાના શ્રવણમાં થતા આ વ્રતના લોપને ટાળીને સ્ત્રી-પુરુષની સભા અલગ કરી. અને મંદિરની દીવાલમાં અગ્નિની આપ-લે માટે ગૃહસ્થના ઘર સાથે રખાયેલ છિદ્રને પુરાવી વર્ણીએ નિષ્કામધર્મની દીવાલોને વધુ મજબૂત કરી.

આમ, પોતાના સંગમાં આવનાર સર્વને નિષ્કામના નિર્વિઘ્ન પંથે દોરનાર નીલકંઠ ખરેખર નિષ્કામવ્રત પ્રિય હતા.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# પ્રાજ્ઞ -દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર-૨

સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦

(નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.)

**('પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ'ને આધારે)**

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) સ્વામીશ્રીનું સર્વસ્વ - હરિભક્તો**

'અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે.' શ્રીજીમહારાજની આ ભાવના સ્વામીશ્રીના જીવનમાં સંપૂર્ણપણે વણાયેલી જોવા મળે છે. સમૈયો હોય કે સભા, પધરામણી હોય કે નગરયાત્રા, ભોજન હોય કે ઉતારાની વ્યવસ્થા - પ્રથમ વિચાર હંમેશાં સંતો-હરિભક્તોનો જ કરે. પોતાને અગવડ પડે તો ભલે, પણ સંતો-હરિભક્તો સચવાય જાય એ જ ઇચ્છા રહ્યા કરે. નાનામાં નાના હરિભક્તની સંભાળ પણ એટલા જ પ્રેમથી રાખે. કોઈને જરાય ઓછું ન આવવા દે.

અમદાવાદ મંદિરમાં દાદરા પરથી ઊતરતી વખતે વૃદ્ધ નારાયણભાઈને જોઈને સ્વામીશ્રી એકદમ દાદરા પર બેસી ગયા. ભીડ ઘણી હતી. એમાંય એમણે નારાયણભાઈને જોઈ લીધા અને એમના ભાવ પારખી લીધા. પાસે બેસીને એમના ખબર અંતર પૂછ્યા.

સ્વામીશ્રીને સુંદલપુરામાં હાર્ટ એટેક આવ્યો હતો. એટલે એમને તરત જ વડોદરા લઈ જવાનું નક્કી થયું હતું. મોટરો વડોદરાને માર્ગે જતી હતી. વચ્ચે ઓડ ચોકડી પાસે મોટરો ઊભી રહી ગઈ. બધાને થયું, 'સ્વામીશ્રીને કાંઈ થયું તો નહિ હોય ને !' જ્યાં મોટર પાસે પહોંચ્યા ત્યાં સ્વામીશ્રીએ કહ્યું, 'મેં જ ગાડી ઊભી રખાવી છે. આજે આણંદ ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં આપણે શિક્ષાપત્રીની પારાયણ રાખેલી છે. તેમાં આ માંદગી આવી એટલે મારાથી જવાશે નહિ. તેમણે મંડપ બાંધીને સગાંઓને તેડાવ્યાં હશે. માટે આચાર્ય સ્વામી અને બે સંતો અહીંથી સીધા આણંદ જાઓ અને પારાયણ કરી આવો.' હાર્ટની બીમારી વખતે પણ

હરિભક્તનું કેવું સ્મરણ એમને રહે છે !

ઓડના શિવાભાઈ સ્વામીશ્રીના દર્શને આવ્યા હતા. એક તો વૃદ્ધાવસ્થા અને વળી અશક્ત. દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા પણ સ્ટેજ પર પહોંચી શકાય એમ નહોતું. સ્વામીશ્રી એમની આ મૂંઝવણ કળી ગયા. એ પોતે જ પાટ પરથી નીચે ઊતરીને સ્ટેજની કોરે નીચે બેસી ગયા. અને તેમના ખબર અંતર પૂછયા.

સ્વામીશ્રીનો આ નિઃસ્વાર્થ પ્રેમ હરિભક્તોના ઘરના નોકર ચાકર સુધી પહોંચી જતો. સાંકરીના સોમાભાઈ પટેલનો નોકર લલ્લુ માંદો હતો. સ્વામીશ્રી ખબર કાઢવા ગયા. એને હાર પહેરાવ્યો. કોઠારી પ્રભુસ્વરૂપ સ્વામીને લલ્લુની ભાળ કાઢતા રહેવાની અને જે કાંઈ જરૂર હોય તે લલ્લુના ત્યાં પહોંચતું કરવાની ભલામણ કરી.

મરણાસન્ન હરિભક્તો માટે સ્વામીશ્રી રાતદિવસ જોયા વગર એમના બિછાના આગળ પહોંચી જતા. છેલ્લી ક્ષણોમાં એમના આત્માને બળ મળે એવી વાણી ઉચ્ચારતા. દોલતભાઈ નામના મુંબઈના એક હરિભક્તની ગંભીર માંદગીના સમાચાર સાંભળી સ્વામીશ્રી ગોંડલથી પ્લેનમાં મુંબઈ પહોંચ્યા. એરપોર્ટથી સીધા જ હોસ્પિટલમાં પહોંચી ગયા. દોલતભાઈ રેસ્પિરેટર પર હતા. સ્વામીશ્રી ‘જય સ્વામિનારાયણ’ કહેતા એમના પલંગ પર બેસી ગયા. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ દોલતભાઈને જાણે નવજીવન મળ્યું. સ્વામીશ્રી ભાવાર્દ્ર બનીને મૂક-સેવકની સેવા-સમર્પણ અને સમજણને બિરદાવતા પોતાનો પ્રેમલ હાથ દોલતભાઈના શરીર પર પસવારતા રહ્યા. સ્વામીશ્રીએ કહ્યું, ‘હવે મહારાજ ધામમાં લઈ જશે, તો મહારાજની હજૂરમાં બેસી જાઓ.’ પછી સંતોને કીર્તન ગાવા કહ્યું. સ્વામીશ્રીએ દોલતભાઈને હાર પહેરાવ્યો. પાંત્રીસ મિનિટ સ્વામીશ્રી ત્યાં રોકાયા. પછી વિદાય થયા. અને રાત્રે પોણા બાર વાગે દોલતભાઈએ ધામ પ્રતિ પ્રયાણ કર્યું. અંતિમ ક્ષણોમાં સ્વામીશ્રીની કૃપા તેઓને ભીંજવી ગઈ !

માતા જેમ પોતાના બાળકની સુખાકારીની ચિંતા કરે, તેમ સ્વામીશ્રી સદાય હરિભક્તોની કાળજી રાખે. મુંબઈથી ડૉ. યોગીન દવે સ્વામીશ્રીની તબિયતની ખબર કાઢવા આવ્યા હતા. એ વધારે રોકાઈ શકે એમ નહોતા. સ્વામીશ્રીએ પૂછ્યું : ‘વળતાનું રિઝર્વેશન છે ?’

તેઓએ ‘ના’ પાડી અને ‘સ્ટેશન પરથી ટિકિટ મળી જશે’ એમ કહ્યું. સ્વામીશ્રીએ સેવકને તેઓનું રિઝર્વેશન અને ટિકિટ કઢાવી લેવા કહ્યું.

સાંજે જ્યારે ડૉ. યોગીન રજા લેવા આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ તેઓના હાથમાં રિઝર્વેશન સાથેની ટિકિટ આપી. એક પિતા પોતાના પુત્રની કેવી સંભાળ



રાખે, એવું જ અહીં દેખાય છે.

ગોવિંદસિંહ ચુડાસમા ગોંડલ આવે ત્યારે સ્વામીશ્રી કહે : ‘ઘરે તમે એકલા રહો છો, માટે રસોડું ઉઘાડવું નહિ. મંદિરેથી ટિફિન મોકલીશું.’

હરિભક્તોને મચ્છર કરડે એ સ્વામીશ્રીથી કેમ સહ્યું જાય ? સારંગપુરમાં એકવાર મચ્છરોનો ત્રાસ ખૂબ વધી ગયેલો. ત્યારે સ્વામીશ્રીએ હરિભક્તો માટે મચ્છરદાનીની વ્યવસ્થા માટે સૂચના આપી હતી. એમની નજર સતત હરિભક્તોની તકલીફો જ ખોળ્યા કરતી હોય છે –

હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા થઈ ગઈ ?

એમને સૂવા-ઓઢવા-પાથરવાનું બરાબર મળી ગયું ?

નહાવા માટે ગરમ પાણી સૌને પહોંચાડ્યું કે ?

નાસ્તા-ઉકાળા-ચા પાણીમાં કોઈ બાકી નથી ને ?

જેટલી અને જેવી વ્યવસ્થા હરિભક્તોની, એટલી જ અને એવી જ વ્યવસ્થા એમના ડ્રાઈવરો અને સેવકોને મળે એ સ્વામીશ્રી અવશ્ય જોઈ લે.

કલકત્તામાં બાઢડાવાળા નારણભાઈની મોળી ચામાં ખાંડ નાંખીને આંગળીથી હલાવી ગળી બનાવી આપી. નારણભાઈએ એ ચાને મોંઢે તો માંડેલી જ હતી !

પરદેશથી મંદિરોમાં ટેલિફોન કરે ત્યારે સૌની ખબર પૂછે. કોઈ રહી ન જાય એની કાળજી રાખે. એકવાર અમેરિકાથી અમદાવાદ મંદિરે ફોન કર્યો. એક પછી એક સૌ સંતોને તથા મંદિરમાં સેવા આપતા હરિભક્તોને ફોન ઉપર મળ્યા. સૌની સાથે ગૌશાળામાં કામ કરતા રાયચંદ ભરવાડને પણ યાદ કરીને સ્વામીશ્રીએ તેની સાથે ફોન ઉપર વાત કરી.

હરિભક્તોને માટે પોતાનું સર્વસ્વ આપી દેતાં સ્વામીશ્રી જરાય ખચકાતા નથી.

પ્રયાગમાં પાંડુરંગ શાસ્ત્રીજીએ યોજેલા ‘તીર્થરાજ મિલન’માં હાજરી આપવા સ્વામીશ્રી પધાર્યા હતા. દિલ્હીથી સંતોએ થેપલાં, ચેવડો વગેરે નાસ્તો સાથે લઈ લીધો હતો. અહીં સૌરાષ્ટ્રના વાવડી ગામના ત્રણ હરિભક્ત આવેલા. તેઓની બસના ઓર્ગેનાઈઝરે ભોજનની વ્યવસ્થા કરવાની જવાબદારી નિભાવી નહીં. આ લોકો ચારેક દિવસનું ભાથું સાથે લઈ આવેલા. એ તો ખૂટી ગયું, એટલે હવે ચણા-મમરા ફાકીને ચલાવતા હતા. આ બધી વાતની સ્વામીશ્રીને જાણ થતાં જ પોતાની સાથે લીધેલા નાસ્તામાંથી ઠાકોરજીને ધરાવવા પૂરતું કાઢીને બાકીનું બધું આ હરિભક્તોને આપી દીધું. આમ, ‘પોતાનું શું થશે ?’ એની ચિંતા રાખ્યા વિના હરિભક્તોની સંભાળ જ એમના માટે અગ્રક્રમે રહે છે.

દિવસ-રાતની પરવા કર્યા સિવાય અસંખ્ય હરિભક્તોની સેવા એ જ એમનું જીવનધ્યેય છે. સ્વામીશ્રી સાચે જ એક વિરલ સંત છે !

**(૨) બાળસ્નેહી સ્વામીશ્રી**

એક દિવસ પ્રાતઃપૂજા, તિલક-ચાંદલો કરી સ્વામીશ્રીએ નાનકડા શ્વેતાંશુને કપાળે પણ તિલક-ચાંદલો કરી આપ્યો અને તે બાળકના મનમાં 'હું કેવો લાગું છું'નો ભાવ જાગે તે પહેલાં જ તેના મુખ પાસે અરીસો ધરી દીધો. નાનકડા બાળકની આંખો પોતાનું પ્રતિબિંબ જોઈ હસી ઊઠી. સ્વામીશ્રી પણ હસી પડ્યા.

બાળક નામે સ્વામીશ્રીને પ્રિય છે. તેથી એ બાબતમાં અપરંપાર રસ લે છે. બાળક વાતો કહેતો હોય, ભજન કે કવિતા ગાતો હોય, ચિત્રકામ કરતો હોય, સંવાદમાં ભાગ લેતો હોય, નાટકમાં અદાકારી કરતો હોય, બાળક આવી કોઈ પણ પ્રવૃત્તિમાં વ્યસ્ત કે મસ્ત હોય - સ્વામીશ્રીને એ ગમે છે. એને ધ્યાનથી જુએ છે, સાંભળે છે, થાબડે છે અને પ્રોત્સાહન આપે છે.

અરે ! કાલાઘેલા ઉચ્ચાર કરતો હોય કે ગાંડાઘેલા પ્રશ્ન કરતો હોય, એને કદી નિરાશ કરતા નથી.

એકવાર એક બાળક આવ્યો ને કહે, 'સ્વામી, તમને ઓપરેશન કરાવ્યું તે કાપો ક્યાં છે ? મારે જોવો છે.' તરત જ સ્વામીશ્રીએ ગાતરિયું ઊંચું કરી તેને પિત્તાશયના ઓપરેશનનો પેટ પરનો કાપો બતાવ્યો.

ભાવનગરમાં બાસઠમી જન્મજયંતી પ્રસંગે મંચ આગળ વીસેક હજાર માણસ સ્વામીશ્રીના દર્શન માટે ઉત્સુકતાથી કતારમાં ઊભા હતા. બપોરના સમયે બે-અઢી તો વાગી ગયા હતા. એવામાં એક બાળક હાથમાં કોરા કાગળની ચબરખી અને પેન લઈને આવ્યો. સ્વામીશ્રીને કહે, 'આશીર્વાદ લખી આપો.' બધું સ્થગિત કરીને સ્વામીશ્રીએ એને આશીર્વાદ લખી આપ્યા. આવો છે સ્વામીશ્રીનો બાળકો માટેનો પ્રેમ.

બાળકનું મન સાચવી લેવાની સ્વામીશ્રીની કાળજી પણ એવી જ. એક દિવસ એક બાળકનો સ્વામીશ્રી ઉપર પત્ર આવ્યો : 'હું મારા પિતા સાથે સમૈયામાં આવ્યો હતો, પણ આપનું આસન ઊંચું હતું, તેથી હું તમારો ચરણસ્પર્શ કરી શક્યો નહીં.' આ પત્ર વાંચીને તરત સ્વામીશ્રીએ વ્યવસ્થાપકને સૂચના આપી : 'હવેથી મારું આસન એટલું નીચું કરવું, જેથી અમે અને બાળકો મળી શકીએ.'

સ્વામીશ્રી બાળકોનાં સ્વાસ્થ્ય અને સગવડની પણ એટલી જ ચિંતા કરે. એકવાર સ્વામીશ્રી ઉકાઈમાં સંસ્થા તરફથી ચાલતા આદિવાસી બાળકોના નિઃશુલ્ક છાત્રાલયની મુલાકાતે ગયા હતા. વાતચીતમાં વ્યવસ્થાપકે કહ્યું : 'રોજ સવારે પાઉડરનું દૂધ આપીએ છીએ.'

'એ દૂધ બધાને ભાવે છે ? બધા પીએ છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'કોઈને ન ભાવે તો ન પણ પીએ.'

સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે ગાય કે ભેંસનું દૂધ આપવું. જેથી કોઈ પીધા વગર ન રહે.'

આ પછી સ્વામીશ્રીએ બાળકોનાં પલંગ, પાથરણાં વગેરે જોયાં. પલંગ પર ઓઢવા માટેના ધાબળા જોઈને સ્વામીશ્રીએ કહ્યું : 'આ ધાબળા ટાઢ હરે તેવા ફક્કડ છે, પણ ખોળિયાં કરાવી દેવાં. જેથી બાળકો ઓઢે ત્યારે ગાલે વાગે નહીં.'

બાળકના ઘડતરમાં વાત્સલ્ય શો ભાગ ભજવે છે એ સ્વામીશ્રી બરાબર જાણે છે. બાળકને વાત્સલ્ય ન મળે તો એનામાં સામાજિકતા પણ ન રહે એવી વાત એ બીજાઓને પણ બરાબર સમજાવે છે. એકવાર બોચાસણમાં ગૌશાળા જોવા માટે પધાર્યા. ગૌશાળામાં નાનાં નાનાં વાછરડાં અને ગાય અલગ અલગ હતાં. આથી એક વ્યવસ્થાપક બોલી ગયા : 'બસ, આ બરાબર ! જેને સાધુ બનાવવાના હોય તે બાળક જન્મે ત્યારથી તેને માબાપથી અલગ કરીને સંત ભેગો કરી દેવો, જેથી તેને કુટુંબમાં હેત ન થાય.' વાત્સલ્યના ખરા મરમી સ્વામીશ્રી તરત બોલી ઊઠ્યા : 'તો પછી એને અહીં (સંત અને ભગવાનમાં) પણ હેત નહીં થાય.'

દુનિયાભરમાં ૩,૦૦૦ કરતાં પણ વધારે બાળમંડળો સ્થપાયાં છે. સ્વામીશ્રીના પ્રેમ અને વાત્સલ્યની નીતિનો પ્રભાવ આ બાળમંડળો પર જબરો છે. બાળકો સાથે કેમ વર્તવું, બાળકોને કઈ દૃષ્ટિએ જોવાં, એમના વિકાસ માટે શું શું કરવું અને પોતે પણ શી શી સજ્જતા કેળવવી એ વિષે બાળમંડળોના સંચાલકોને સ્પષ્ટ સૂચનાઓ સ્વામીશ્રી તરફથી અવારનવાર મળતી રહે છે. પરિણામે નાની વયમાં પણ આ બાળકોનું ચારિત્ર્ય પુખ્ત ઉંમરની વ્યક્તિઓ જેવું દૃઢ અને પાકટ જોવા મળે છે. ક્યારેક તો આ બાળકો અન્યના જીવન સુધારવામાં પણ નિમિત્ત બને છે.

બાળમંડળમાં ઘડતર પામેલા બાળકો પરદેશમાં પણ ચુસ્ત શાકાહારી રહી શકે છે. નખશિખ પ્રામાણિક રહે છે. પૂજા કર્યા સિવાય ભોજન લેતા નથી. બહારગામ ગયા હોય ને પૂજા ભૂલી ગયાં હોય તો આખો દિવસ ભૂખ્યા રહેવાનું પસંદ કરે છે. ઘરકામમાં ઊલટપૂર્વક મદદ કરે છે. દાકતરી સલાહ હોય તોપણ સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર અડગતાપૂર્વક ઈંડાં લેવાની ના કહી શકે છે અને મોટેરાઓની જેમ સ્વચ્છતા અને સફાઈના સામાજિક કાર્યમાં પણ લાગી જઈ શકે છે.

બાળકોના આવા સંગીન ઘડતર માટે સ્વામીશ્રી મહોત્સવો યોજે છે, શિબિરો

યોજે છે, કીર્તનોની તેમજ બાળસભાઓની કેસેટો તૈયાર કરાવે છે, વિદેશોમાં ગુજરાતી ભાષાના વર્ગો શરૂ કરાવે છે, થોડા સંતોને અલગ ફાળવીને બાળકો માટેનું ખાસ સેવાનું કામ સોંપે છે... આ બધી પ્રવૃત્તિઓ બાળવિકાસના હેતુ માટે ખરી, પણ એનું ખરેખરું ઉદ્ભવસ્થાન સ્વામીશ્રીના હૈયામાં સતત હિલોળા લેતું વાત્સલ્યનું સરોવર છે.

**(૩) સ્વામીશ્રી દ્વારા અપ્રતિમ સર્જન - અક્ષરધામ**

૧,૬૦,૦૦૦ ઘનફૂટ પથ્થરને બંસીપહાડપુરના પેટાળમાંથી તેમજ અન્ય સ્થળોએથી લાવીને ૮૦,૦૦,૦૦૦ માનવ કલાકોના ભક્તિસભર પરિશ્રમ અને નર્યા પ્રેમના ટાંકણાથી ઘડાયેલી અક્ષરધામ સ્મારકની ભવ્ય અને નજાકતભરી ઈમારતનું વર્ણન શબ્દોમાં કરવું એ નર્યું સાહસ છે અને એની રચના પાછળ રહેલી સ્વામીશ્રીની પ્રેરણા, એમનું માર્ગદર્શન, સંતો, સ્થપતિઓ, ભક્તો, કારીગરો અને કાર્યકર્તાઓનો પુરુષાર્થ વગેરેનું વર્ણન કરવું એ વળી એથીય અદકેરું સાહસ છે.

ઈ.સ. ૧૯૮૩ના જુલાઈ-ઓગસ્ટમાં સ્વામીશ્રી સારંગપુરમાં હતા. એક દિવસ પ્રશ્નોત્તરી દરમ્યાન સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આપના કોઈ વિશિષ્ટ સંકલ્પ ખરા ?'

સ્વામીશ્રીએ પ્રત્યુત્તર આપ્યો : 'અક્ષરધામ.'

અને ભવ્ય અક્ષરધામનું નિર્માણ થયું.

તા. ૨-૧૧-૧૯૯૨ના રોજ અક્ષરધામના દ્વાર ખુલ્લા મૂકવામાં આવ્યા.

આ મહાન સ્મારકમાં, એના નિર્માણકાર્યમાં આદિથી અંત સુધી વિવિધ તબક્કે સ્વામીશ્રીનું માર્ગદર્શન રહ્યું હતું. અક્ષરધામ માટે પથ્થરની પસંદગી, ઈમારતના નકશામાં જરૂરી ફેરફારો - જેમ કે શિખર ચતુષ્કોણને બદલે અષ્ટકોણ કરવાની સૂચના, ભવ્ય ઈમારત આગળ પૂરતા પ્રમાણમાં છૂટી જમીન રાખવાનું સૂચન, પ્રવેશમુખ ૯૦ અંશ ડાબી તરફ રાખવાનો નિર્ણય, સ્મારકને ઉત્તરાભિમુખ રાખવાની સલાહ, ભગવાન સ્વામિનારાયણના મૂર્તિવિધાનમાં ડિઝાઈન, મુદ્રા વગેરેના નિર્ણય, પ્રવેશદ્વારના સ્થાનમાં ફેરફાર તેમજ કાર્યની ઝડપ, કાર્યપદ્ધતિ વગેરે અનેક બાબતોમાં સ્વામીશ્રીએ અંગત રસ લઈને માર્ગદર્શન આપ્યું હતું.

સ્વામીશ્રીનું માર્ગદર્શન કેટલું ઝીણવટભર્યું અને ચોકસાઈવાળું હતું એ હર્ષદભાઈ ચાવડાના અનુભવ પરથી જણાશે. તેઓ બંસીપહાડપુર, હિન્ડૌન, પિંડવાડાનાં સ્થળોએ પથ્થર ઘડતરના કામ ઉપર સીધી દેખરેખ રાખતા હતા. તેઓ કહે છે : 'હકીકતે મને તો આમાં કશી ગતાગમ હતી નહીં. પહેલાં સ્વામીબાપાએ ગોંડલના દરવાજા માટે પથ્થરો જોવા મને અહીં મોકલ્યો. નોમનો



ઉપવાસ હતો. અહીં તો બધું ઉજ્જડ હતું. કૂવા કાંઠે રાતવાસો કર્યો. સ્વામીબાપાએ મને બધું વિગતે સમજાવેલું. કેવો પથ્થર લેવો, ક્યાં ગોતવું, કોને કોને મળવું, કેવી રીતે કામ કરવું... બધું જ મને વારેવારે કહી સમજાવીને મોકલ્યો હતો. અહીં શરૂઆતમાં રહ્યો કે મકરાણામાં આરસના કામ માટે રહ્યો, ત્યારે પણ સ્વામીબાપા લાંબા લાંબા પત્રો લખીને મને બધું સમજાવતા, બળ આપતા, હિંમત આપતા. મને એકવાર સ્વામીએ લખેલું : 'મેં પણ વરસો સુધી પથ્થરો સાથે માથાં બહુ ફોડ્યાં, હવે તારો વારો...'

અક્ષરધામના આર્કિટેક્ચર અને નકશા બાબતમાં પણ સ્વામીશ્રીએ કેવી ઊંડી અને કિંમતી સૂઝ દાખવી હતી એ પણ જાણવા જેવું છે. સ્મારક ભવન અને પ્રદર્શન ખંડો વચ્ચે પરિક્રમાનું આયોજન નકશામાં કરવામાં આવ્યું હતું. રચના સુંદર થાય એવું આયોજન હતું પણ પરિક્રમાના બંને છેડા આવીને પ્રવેશદ્વારને મળતા હતા. એટલે સ્મારક આગળની છૂટી જગ્યાનું ક્ષેત્રફળ ઓછું થઈ જતું હતું. વળી, પ્રવેશદ્વારનું સ્ટ્રક્ચર બે માળનું થતાં મૂળ ઈમારતની ઈમેજને જરા હાનિ પહોંચે એમ જણાતું હતું. આ બધાં કારણોને લીધે પ્રવેશદ્વારના સ્થાન વિષે આર્કિટેક્ટ્સ વચ્ચે ખૂબ ચર્ચાવિચારણા થયા કરતી હતી, પણ મનમાન્યો ઉકેલ જડતો નહોતો.

એ અરસામાં સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા. રાત્રે એમના ઉતારે સંતો સાથે મિટિંગ થઈ ત્યારે આ પ્રશ્ન ચર્ચાયો. બીજે દિવસે સ્થળ ઉપર જ મિટિંગ થઈ. સ્વામીશ્રી કહે : 'રાત્રે સૂતાં સૂતાં મને એક વિચાર આવ્યો. મને લાગે છે કે આ જગ્યાએ તમે પરિક્રમાના છેડા ભેગા કરવાને બદલે ખુલ્લા છોડી દો. પ્રવેશદ્વારની ઈમારતની કોઈ જરૂર જ નથી. એના બદલે અહીં સાવ ખુલ્લું જ રાખો. બે છેડાને અડતી ખુલ્લી જગ્યા પર નાનું ખુલ્લું પોડિયમ બનાવો. બધું જ પરિક્રમાની ઊંચાઈએ રાખો. વધુ ઊંચાઈ કરવાની જરૂર નથી. પ્રવેશદ્વાર આ બાજુ 'જ' માર્ગ તરફ જ ગોઠવી દો. ત્યાં નાનો સરખો હોલ બનાવો, તેમાં થઈને લોકો આ તરફ આવે. આ તો મને જેમ લાગ્યું તેમ મેં કહ્યું. પછી બધા કહે તેમ કરીએ.'

સ્વામીશ્રીના મંતવ્યથી આર્કિટેક્ટ્સ અત્યંત ખુશ થઈ ગયા. 'મિલિયન ડોલર્સ ડીસીશન !' કહી એમણે સ્વામીશ્રીના સૂચનને વધાવી લીધું. મહિનાઓથી ગૂંચવાતો પ્રશ્ન ખૂબ સહજતાથી ઉકેલીને સ્વામીશ્રી ઊભા થઈને ચાલવા લાગ્યા. આવાં ત્વરિત છે સ્વામીશ્રીનાં સૂઝ અને સુઝાવ !

સમયપાલનમાં પણ સ્વામીશ્રી ખૂબ ચોક્કસ અને અત્યંત આગ્રહી. સ્વામીશ્રીનો આગ્રહ હતો કે અક્ષરધામના સર્વ વિભાગોનું બધું જ કામ

ઉદ્‌ઘાટનના દિવસ કરતાં એક મહિના અગાઉ પૂરું થઈ જવું જોઈએ. તા. ૩જી ઓગસ્ટના રોજ એ ગાંધીનગર પધાર્યા. ત્યારે એમણે બધા જ કારીગરો અને મિસ્ત્રીઓની એક ખાસ સભા યોજી, સૌને ખૂબ આશીર્વાદ અને અભિનંદન આપ્યા. પછી સૌને કહ્યું, 'આપ સબ મહેનત કરકે અપના માનકે કામ કર રહે હો તો ભગવાનકી પ્રસન્નતા જરૂર હોગી. અબ ઓપનીંગકા સમય નજદીક આ રહા હૈ ઔર કામ જ્યાદા હૈ તો આપ સબકો વિનંતિ હૈ કી આપ જૈસે મહિમા સે કામ કરતે હૈં તો થોડા જ્યાદા પ્રેમ સે કરો. અપના ઘર, બાલબચ્ચા સબ હૈં, લેકિન દો મહીને કે લીએ ભૂલ જાઓ. હમને તો સબ છોડ દિયા હૈ, આપકો તો દો-તીન મહીને કે લિયે હી છોડના હૈ. ભગવાન આપકો જ્યાદા લાભ કર દેંગે. સબ કારીગર યે બાત દિલમેં રખેં...!'

ધાકધમકી દ્વારા કામ લેવાનો પ્રયત્ન કરવા કરતાં આવી પ્રેમલવાણી કેટલી વધારે કાર્યસાધક બની રહે છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

આજે અક્ષરધામની દિવ્ય મોહિનીએ લાખો આબાલવૃદ્ધોને સંમોહિત કર્યા છે. એ બધો જ યશ એના આર્ષદ્રષ્ટા પ્રમુખસ્વામી મહારાજના ચરણે જાય છે.

**પ્રશ્ન.૧(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

**(૧) વિલક્ષણ બાળ શાંતિલાલ**

ચાણસદ ગામ નાનું પણ રઢિયાળું. ભગતજી મહારાજ અહીં બત્રીસ-પાંત્રીસ વાર પધારેલા. શાસ્ત્રીજી મહારાજ અહીં મનસુખરામ વૈદ્યની દવા કરાવવા આવતા. યોગીજી મહારાજ તો મહિનો મહિનો રોકાઈને ગામના હરિભક્તોને કથાવાર્તા અને સત્સંગનો લાભ આપતા. આવા પ્રસાદીભૂત ગામમાં પિતા મોતીભાઈ અને માતા દિવાળીબાના ધર્મનિષ્ઠ કુટુંબમાં શાંતિલાલનો જન્મ થયેલો. આ કારણે જ એમની રુચિ પહેલેથી જ ધર્મસંસ્કારના બળથી ઘડાઈ હતી. અભ્યાસ બરાબર કરે, પણ ફાજલ સમયમાં અન્ય કિશોરોની માફક હરવા-ફરવાને બદલે પોતાના એક મિત્ર શાંતિલાલ સાથે હનુમાનગઢીના મંદિરે પહોંચી જતા અને પૂજારી હરિદાસ પાસે બેસીને ભગવાનની, સંતોની, સંતોના પ્રિય સ્થાન હિમાલયની, ત્યાંની ગુફાઓની, તીર્થસ્થાનોની અને એમાંય ખાસ કરીને ઋષિકેશ અને હરદ્વારની વાતો સાંભળતા. આ બધું સાંભળીને એમના હૈયામાં એક ઊજળો સંકલ્પ પ્રગટ્યો : 'આપણો અભ્યાસ પૂરો થાય એટલે આપણે હરદ્વાર કે ઋષિકેશ જવું અને ભગવાન ભજવા.'

સામાન્ય કિશોર કરતાં કંઈક વિલક્ષણ સંકલ્પો કરનાર આ શાંતિલાલને અભ્યાસ કરવાની તમન્ના ખૂબ જ. પાંચમા ધોરણ સુધી ચાણસદની શાળામાં જ ભણ્યા. હવે આગળ ભણવા માટે પાદરા અથવા અન્ય સ્થળે જવું પડે. નજીકના ગામ દરાપરા અને બ્રિટિશ હકુમત નીચે આવતા બોચાસણમાં ભણવા જવાનું વિચાર્યું, પણ એ બધું ગોઠવાયું નહિ અને એમાં ૨ વર્ષ બગડ્યાં. હવે તો એક જ રસ્તો રહ્યો હતો - પાદરા ભણવા જવાનો ! ગામના શંકરલાલ અને મૂળજીભાઈ નામના બે તરુણો પાદરાની અંગ્રેજી શાળામાં ભણતા હતા. તેમની સાઈકલ પર બેસીને શાંતિલાલ જતા. પરંતુ રોજ રોજ પોતાનો ભાર બીજા પાસે ખેંચાવવામાં એમને ક્ષોભ થતો. અને તેથી જ તેઓ ઘણીવાર પાદરા સુધીનું અંતર ચાલીને કાપી નાખતા અને એવી જ રીતે ક્યારેક ચાલીને ઘેર આવતા.

અભ્યાસનું તાન એટલું બધું કે સ્કૂલેથી ઘેર આવે કે તરત હાથપગ ધોઈ, કપડાં બદલીને અભ્યાસ કરવા બેસી જાય. માતા વારંવાર બોલાવે ત્યારે તો એ જમવા ઊઠે.

ખાવાપીવામાં પહેલેથી ઉદાસીન. નિશાળે જતી વખતે પૂરી કે ઢેબરાંનો ડબો આપ્યો હોય, તે ક્યારેક તો પોતે જમ્યા છે કે નહીં એ જ ખ્યાલ ન હોય ! યાદ દેવડાવવું પડે. સૂકલકડું શરીર. માતા દિવાળીબાને એની ચિંતા રહ્યા કરે. નાના હતા એ દિવસોમાં દિવાળીબા ગાય-ભેંસ દોહવા બેસે ત્યારે આગ્રહ કરીને, સમજાવી-પટાવીને તાજુ દૂધ પિવડાવે.

આશ્ચર્યની વાત તો એ હતી કે એમને દૈહિક પીડાઓ પણ કશી અસર કરી શકતી નહોતી. નાના હતા ત્યારે એમના આખા શરીરે ભારે શીતળા નીકળેલા. એમાંથી રસી નીકળ્યા કરે, શરીરે લપેટેલું વસ્ત્ર પણ ચોંટી જાય પણ શાંતિલાલના મુખમાંથી એક ઉંકારો પણ ન નીકળે !

સ્વભાવે સરળ અને જગતના વ્યવહારથી સાવ અલિપ્ત. પ્રવૃત્તિચાપલ્ય એમનામાં ન મળે. પાંચમા ધોરણના વેકેશનમાં એ મોટા અક્ષર સ્વામી, ઘનશ્યામ સ્વામી અને બાલમુકુન્દ સ્વામી સાથે બોચાસણ ફરવા ગયા હતા. ત્યારે ફરતાં ફરતાં આણંદ ગયા. મોતીભાઈ ભગવાનદાસને ઘેર ઉતારો. ઘરની પાસે એક કૂવો, ત્યાં નહાવા જવાનું. કેનવાસની ડોલથી પાણી ખેંચવાનું. આવી પ્રવૃત્તિમાં તો કોઈપણ કિશોરને તાન ચડે. મોટા ના ના કહ્યા કરતા હોય તોય કિશોર પાણી ખેંચી ખેંચીને પોતાની આવડતનું પાણી બતાવે, પણ અહીં તો વાત સાવ જુદી ! શાંતિલાલને તો ડોલ ખેંચતા જ ન ફાવે ! ઘનશ્યામ સ્વામી આકળા થઈને કહે : 'આને ડોલ ખેંચતા આવડતી નથી તો આ છોકરો શું કરશે ?'

એક વખત ઘનશ્યામ સ્વામી ચાણસદ આવેલા અને માંદા પડી ગયા હતા. એ

વખતે શાંતિલાલ કંઈ કામે વડોદરા જતા હતા એટલે ઘનશ્યામ સ્વામીએ ઔષધ તરીકે વાપરવાના હેતુથી દ્રાક્ષ મંગાવી. શાંતિલાલ તો લીલી દ્રાક્ષ લઈ આવ્યા. એમને ખ્યાલ નહીં કે કાળી દ્રાક્ષ લાવવાની હશે. આ સરળતા વિશે પાછળથી ઘનશ્યામ સ્વામી સ્મરણો ઉખેળતાં કહેતા, 'એને વ્યવહારમાં બહુ ગમ નહીં, અને બોલે ત્યારે ઉંઉંઉં... બોલે...'

આવા શાંતિલાલને અભ્યાસેતર કોઈ રુચિ હોય તો એ ક્રિકેટની રમત પ્રત્યેની, ક્રિકેટના એ ભારે રસિયા. ગામમાં રામલાલ નામે એક કલાલ આવેલ. ગામના છોકરાઓને ભેગા કરીને રોજ સાંજે ક્રિકેટ રમાડે. એક દિવસ બધાએ ભેગા મળીને પોતાનાં સાધન વસાવવા વિચાર કર્યો. ખરીદવા માટે ફંડ ભેગું કર્યું. 'ખરીદી કરવા માટે શાંતિલાલ અને શંકરલાલ વડોદરા જશે' એવું નક્કી થયું. આ બધો કાર્યક્રમ ગામની ભાગોળે સ્કૂલમાં ચાલતો હતો. એવામાં રાવજીભાઈ કરીને એક ભાઈ આવ્યા. અને શાંતિલાલને 'શાસ્ત્રીજી મહારાજનું સાધુ થવાનું તેડું આવ્યું છે' એમ જણાવ્યું.

મિત્રોને છોડીને, મનગમતી પ્રવૃત્તિની વાત અધૂરી મૂકીને, શાળાના પગથિયેથી ઊઠીને ઘેર જતાં શાંતિલાલના ચહેરા પર જરાય અણગમો ન આવ્યો. કાયમ માટે ઘરનો, માતાપિતાનો ત્યાગ કરવાનો હતો. બીજા કિશોરની પરિસ્થિતિ તો આ સંજોગોમાં કલ્પવી પણ મુશ્કેલ બની જાય. ત્યારે શાંતિલાલ તો ખૂબ જ સહજતાથી શાસ્ત્રીજી મહારાજને મળવાના ઉમંગ સાથે ચાલી નીકળ્યા !!

### (૨) યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી વચ્ચેનો અનન્ય સંબંધ

ગઢડા મૂર્તિપ્રતિષ્ઠા પહેલા શાસ્ત્રીજી મહારાજ સારંગપુર આવ્યા હતા. તબિયત કથળેલી હતી. એક સાંજે યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી તથા સર્વ સંત-હરિભક્તોને પાસે બેસાડી શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીને સંબોધીને કહ્યું : 'નારાયણ સ્વામી, અમદાવાદમાં સભા કરીને મેં તમને ચાદર ઓઢાડી મારી જગ્યાએ બેસાડ્યા છે. પણ સત્સંગના અનાદિના મોટેરા તો આ યોગી મહારાજ છે. એમને માની સૌ એમની આજ્ઞામાં વર્તજો. તેઓ ઉદાસ થઈ જાય તેવો પ્રસંગ આવવા દેશો નહી.'

પ્રમુખસ્વામી મહારાજે શાસ્ત્રીજી મહારાજના આ શબ્દો પોતાની નજર આગળથી કદી અળગા કે ઓઝલ કર્યા નથી. એમણે ક્યારેય યોગીજી મહારાજની આજ્ઞા, અનુવૃત્તિ, મરજીનું અતિક્રમણ કર્યું નથી.

એકવાર સારંગપુરમાં સંતોને વાત કરતાં કહે : 'યોગીબાપા હતા ત્યારે મેં સ્વતંત્રપણે કોઈ નિર્ણય લીધો જ નથી. યોગીબાપાની આજ્ઞા મળે પછી એનો આગ્રહ-અમલ કરીએ. એક વાતની દઢતા હતી કે શાસ્ત્રીજી મહારાજે મને કહ્યું છે કે યોગીબાપાની આજ્ઞામાં રહેવું. ત્યારથી એ જ દૃષ્ટિ રાખી છે.'

એક રાત્રે નિંગાળાના મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવની સભા ચાલતી હતી. તે વખતે ગોંડલથી એક પત્ર આવ્યો. યોગીજી મહારાજે પત્ર વાંચ્યો અને સ્વામીશ્રીને આપ્યો. સ્વામીશ્રીએ પત્ર વાંચી તરત યોગીજી મહારાજને પૂછ્યું : 'બાપા ! શી આજ્ઞા છે ?'

યોગીજી મહારાજે કહ્યું : 'તમે અત્યારે નીકળો.' અને તરત જ બોટાદથી આવતી ટ્રેનમાં બેસીને ગોંડલ જવા નીકળી ગયા. આ સમયે નિંગાળા પ્રતિષ્ઠા મહોત્સવમાં પોતાની હાજરીની આવશ્યકતા વિશે દલીલો કરી શક્યા હોત. પણ ગુરુની આજ્ઞા એમને મન સૌથી મહત્ત્વની હતી.

પ્રતિકૂળ સંજોગોમાં પણ ગુરુની ઇચ્છા જાણી લઈને એને પાર પાડવાનો એક જ્વલંત દાખલો યોગીજી મહારાજના અમૃત મહોત્સવ વખતે સ્થળ-પસંદગીનો છે.

યોગીજી મહારાજના ૭૬મા જન્મ મહોત્સવ - અમૃત મહોત્સવની ઉજવણી માટે વિચારણા કરવા સંસ્થાના ટ્રસ્ટીઓ, હરિભક્તો, વડીલ સંતોની એક મિટિંગ ચાલતી હતી. મહોત્સવનું સ્થળ નક્કી કરવાનું હતું. મહોત્સવ ભર ઉનાળામાં આવતો હતો. અગાઉના ચોમાસામાં વરસાદ થયો નહોતો એટલે પાણીની ભારે અછત હોવાના કારણે આ પ્રશ્ન મૂંઝવણભર્યો બન્યો હતો. યોગીજી મહારાજની રુચિ એવી હતી કે ઉત્સવ ગોંડલમાં થાય. પણ મોટા ભાગના સભ્યોને એમ હતું કે ઉત્સવમાં લાખો માણસ આવે અને પાણીની બાબતમાં ગોંડલ પહોંચી વળી શકે નહીં. તળાવમાં પાણી ખૂટી ગયેલું. સંસ્થાના કૂવામાં પાણી નહોતું. બે બોર કર્યા પણ નિષ્ફળ ગયા હતા. આથી બધા સભ્યો તરફથી જુદાં જુદાં સ્થળોની દરખાસ્તો આવવા લાગી. અટલાદરા, બોચાસણ, અમદાવાદ... એ વખતે યોગીજી મહારાજને પૂછવામાં આવતાં તેઓ કહે : 'પ્રમુખસ્વામી જે કહે તે નક્કી રાખો.'

હવે સ્વામીશ્રી માટે તો ધર્મસંકટ જેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ. તે વખતે સ્વામીશ્રીએ મક્કમતાથી જવાબ આપી દીધો : 'બધું જ થશે. પણ આપણે સમૈયો અહીં ગોંડલમાં કરવો છે. ગોંડલ સ્વામીનું સ્થાન કહેવાય. અને એમની મરજી છે એટલે અહીં જ કરવો છે.' પછી તો સૌએ આ નિર્ણય સ્વીકારી લીધો. આ પછી યોગીજી મહારાજે એમના ઉપર અનરાધાર રાજીપો વરસાવ્યો હતો. આમ, ગુરુની ઇચ્છા એમના માટે સર્વોપરી હતી. એ ઇચ્છા આગળ સંજોગો, મુશ્કેલીઓ, ભીડો વગેરે બધું એમને મન ગૌણ હતું.

ગુરુની સેવામાં પણ સ્વામીશ્રી એટલા જ ઉત્સુક અને કાર્યશીલ.

ઉત્તર ગુજરાતમાં વિચરણ વખતે વરસોડા ગામમાં પધારેલા. ત્યારે બપોરે યોગીજી મહારાજ અને મોટા સ્વામી મંદિરના હોલમાં એક ખૂણામાં મોદિયા બાંધીને, પાર્ટીશન કરીને, રૂમ જેવું બનાવેલું એમાં આરામ કરતા હતા. તે વખતે સ્વામીશ્રી બહાર હોલમાં મેલા ગોદડા પર યુવકોની સાથે ભગવું કપડું પાથરીને સૂતેલા. કોઈ મંદિરના પ્રાંગણમાં દાખલ થાય કે તરત બેઠા થઈને શાંતિથી કહે : 'બાપા આરામમાં છે. મોટા સ્વામી જાગી જશે.' લાગે સૂતા, પણ બપોર આખી ગુરુભક્તિમાં જાગૃત. એ બપોરે બે કલાક દરમ્યાન પંદરેક વખત બેઠા થઈને યોગીજી મહારાજને ખલેલ ન પડે તે હેતુથી પ્રમુખસ્વામી જાગતા જ રહ્યા. એકવાર ઈ.સ. ૧૯૬૬માં ૨૦મી જૂને યોગીજી મહારાજ લીમડીથી રાજકોટ જવાના હતા. રસોઈ બનાવવા સેવક સંતો વહેલા નીકળ્યા, પણ રસ્તામાં મૂળી મંદિરે દર્શન કરવા ગયા અને ગાડી બગડી. પછી તો જ્યારે તેઓ રાજકોટ પહોંચ્યા ત્યારે યોગીજી મહારાજ જમતા હતા અને પ્રમુખસ્વામી આગ્રહ કરીને જમાડતા હતા ! બન્યું એવું કે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી અગિયાર વાગે રાજકોટ પહોંચી ગયા હતા. સેવક સંતોને ન જોતાં પ્રમુખસ્વામીએ પોતે જ, જરા પણ વિલંબ વિના રસોઈની તૈયારી કરી લીધી. યોગીજી મહારાજે કથા કરી અને ત્યાં સુધીમાં તો એમણે રસોઈ પણ કરી દીધી - રોટલી, દાળ, ભાત, બે શાક અને થૂલી...

આવી હતી પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિ - ગુરુસેવા ! બસ, એક જ તાન - ગુરુ જરા પણ અગવડમાં ન મુકાવા જોઈએ.

ગોંડલમાં ૪૦મા પ્રમુખવરણી દિનની ઉજવણી વખતે તેઓ બોલ્યા હતા : 'જોગી મહારાજે મને બહુ સાચવ્યો. એ પુરુષને રાજી કરવા એ જ મારો ધ્યેય હતો. આપણને આ સેવા આપી છે એ જ એમનો મોટામાં મોટો ઉપકાર છે. બધો યશ એમને છે. બાકી આપણામાં શક્તિ, આવડત કે ડહાપણ કાંઈ ન'તું.'

આવી છે પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિ !

**(૩) સ્વામીશ્રીના ગુણરાશિમાં - ક્ષમા અને ઉદારતા**

સ્વામીશ્રીમાં ગુણોનો તો જાણે મેળો ભરાયો છે ! એમનામાં રહેલા બધા ગુણો તારવવા અને વર્ણવવા બેસીએ તો એક જુદો ગ્રંથ રચવો પડે.

માનવતાની મૂર્તિ સમા સ્વામીશ્રીમાં ક્ષમાની વિશાળ ભાવના છે. કોઈના અપરાધને એ કદી મનમાં રાખતા નથી. અપરાધી પ્રત્યે કદી કશો પૂર્વગ્રહ સેવતા નથી. ઊલટું, ક્યારેક તો એને હૃદયપૂર્વક સહાય પણ કરે છે.

એક વખત અમદાવાદમાં સ્વામીશ્રી પ્રાતઃભ્રમણ કરી રહ્યા હતા. એ વખતે



અન્ય સંપ્રદાયના બે સંત એમની પાસે આવ્યા. સ્વામીશ્રી હજી સ્નાનાદિકથી પરવાર્યા પણ નહોતા. એ બે સંતે સ્વામીશ્રીને એ જ વખતે મળવાનો આગ્રહ રાખ્યો. સ્વામીશ્રીએ એમની મરજીને માન આપ્યું અને એમની સાથે એ જ વખતે બેઠા. પેલા બે સંત કોઈ પ્રોજેક્ટ લઈને આવ્યા હતા. અને એ માટે એમણે સ્વામીશ્રી પાસે આર્થિક સહાય માગી. આ સંતોએ યોગીજી મહારાજના સમયમાં સંસ્થાનો વિરોધ કરવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. આ હકીકત કંઈ સ્વામીશ્રીના ધ્યાન બહાર નહોતી. છતાં એમણે સહેજ પણ અણસાર આપ્યા વગર ઉદારતાપૂર્વક આર્થિક સહાય કરી.

ઈ.સ. ૧૯૫૪માં એક દ્વેષમાં બળી રહેલા સંતે સ્વામીશ્રીને ઝેર આપવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ એ ઘટના અમલમાં આવે એ પહેલાં જ ફૂટી ગઈ. પોતાની પ્રમુખ તરીકેની સત્તાના આધારે સ્વામીશ્રી એ સંતની હકાલપટ્ટી કરી શકત. પરંતુ સ્વામીશ્રીએ એમ ન કર્યું. એ સંતનું વૃદ્ધ ઉંમરે ઈ.સ. ૧૯૮૩માં અવસાન થયું ત્યાં સુધી એમણે એમની દેખભાળ રાખી અને અન્ય સંતો પાસે પણ રખાવી.

ક્ષમાનો આના કરતાં વધારે ગરવો દાખલો બીજો કયો હોઈ શકે ? અહીં તો દ્રોહ કરનારને માત્ર ક્ષમા જ નહીં, ક્ષમા સાથે પ્રેમ અને સેવા પણ મળ્યા !

સ્વામીશ્રી અન્ય તરફ ખૂબ જ ઉદાર રહે છે. પોતાનું બધું જ બીજાને આપી દે છે અને પોતે તો જેમ તેમ ચલાવી લે.

પાંડુરંગ શાસ્ત્રીજીએ યોજેલા 'તીર્થરાજ મિલન'માં હાજરી આપવા સ્વામીશ્રી પ્રયાગ પધાર્યા હતા. ઉતારો પંચાયતી મહાનિર્વાણી અખાડામાં હતો.

એકાદશીના દિવસે સ્વામીશ્રી ફરાળ કરીને બેઠા હતા. બપોરનો સમય હતો. એ વખતે સૌરાષ્ટ્રના વાવડી ગામના ત્રણ હરિભક્ત દર્શને આવ્યા હતા. તેઓ 'તીર્થરાજ મિલન'માં આવ્યા હતા. સ્પેશ્યલ બસમાં બીજા ગૃહસ્થોના સાથમાં આવેલા. બસનું આયોજન કરનાર ઓર્ગેનાઈઝરે પ્રવાસીઓના ભોજનની જવાબદારી નિભાવી નહોતી. તીર્થરાજ મિલનમાં પણ સૌએ પોતપોતાનું ભોજન જાતે જ તૈયાર કરવાની પદ્ધતિ હતી. હવે, આ હરિભક્તો ચારેક દિવસનું ભાથું લાવ્યા હતા, પણ તે તો ક્યારનુંય પૂરું થઈ ગયું હતું. હવે ચણા-મમરા ફાકીને ચલાવતા હતા. પણ આજે તો એકાદશી હતી. ફરાળ ક્યાંથી કરવું ?

હરિભક્તોએ પોતાની સઘળી વીતક સ્વામીશ્રીને કહી સંભળાવી. સ્વામીશ્રીએ ધીમે રહીને ઈશારાથી ધર્મચરણ સ્વામીને બોલાવ્યા અને ફરાળ વધ્યું છે કે કેમ તેની તપાસ કરવા સૂચવ્યું. સંતોએ નિર્જળા ઉપવાસ કર્યો હતો. એટલે ફરાળ મર્યાદિત બનાવેલું. અને તે પણ વપરાઈ ગયું હતું.

પેલા હરિભક્તો કેવળ સ્વામીશ્રીના દર્શન કરવા જ આવેલા. એમને બીજી કોઈ અપેક્ષા નહોતી. તેઓ સ્વામીશ્રી પાસેથી ઊઠીને બીજા સંતોના દર્શન કરવા માટે બીજા ખંડમાં ગયા.

સ્વામીશ્રી ઊભા થયા. એક સંતને કહ્યું : 'આપણે દિલ્હીથી નાસ્તો સાથે લાવ્યા છીએ. એમાંથી ઠાકોરજીને ધરાવવા પૂરતું કાઢીને બાકીનું બધું આ હરિભક્તોને આપી દો, એમના ઘેર પહોંચતા સુધી ચાલે. આપણું તો થઈ રહેશે.'

પ્રયાગમાં સગવડ નહોતી એટલે સંતો સ્વામીશ્રી માટે નાસ્તો તૈયાર કરી દિલ્હીથી સાથે લાવ્યા હતા. થેપલાં, ચેવડો વગેરે નાસ્તા માટે જે હતું તે બધું સ્વામીશ્રીએ આ હરિભક્તોને અપાવી દીધું.

બીજાના સુખમાં આપણું સુખ, બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ - આ જીવનભાવના સ્વામીશ્રીના જીવનમાં ડગલે ને પગલે જોવા મળે છે.

**(૪) સ્વામીશ્રી અને તેમના લાડીલા સંતો**

કોઈ પણ ક્ષેત્ર હોય - ધર્મ, કેળવણી, વહીવટ કે ગમે તે, એક અત્યંત શક્તિશાળી અને લોકપ્રિય વ્યક્તિની વિદાય પછી બીજી વ્યક્તિનું એ પદ પર આરોહણ થાય ત્યારે એની ખરી કસોટી થાય છે. આવા સંજોગોમાં લોકસમુદાય પર છવાઈ જવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું છે. સાચા સંત આ માટે પ્રયત્ન કરતા નથી. એમના પ્રભાવબળે એ કામ થયા કરે છે. યોગીજી મહારાજના ધામગમન બાદ પ્રમુખસ્વામીની બાબતમાં પણ એ જ થયું. કશા અપવાદ વગર પ્રમુખસ્વામી લોકહૈયે છવાઈ રહ્યા.

પણ આ શી રીતે બન્યું ?

એનો એક જ જવાબ - સંતો અને સર્વ સત્સંગીઓ માટેનો સ્વામીશ્રીનો અનરાધાર પ્રેમ. સંતોના યોગક્ષેમનું એમના હૈયે સતત ચિંતન. સંતોની નિરામયતા માટે એમની સતત કાળજી અને એમાંય સૌથી વિશેષ તો નાનામાં નાના સંતોની મોટામાં મોટા સંત જેટલી જ કાળજી.

સ્વામીશ્રી સારંગપુર પધારે ત્યારે એ અને સંત સ્વામી અરસપરસ અચૂક દંડવત્ પ્રણામ કરે. પરંતુ ઈ.સ. ૧૯૯૦માં પધાર્યા ત્યારે સંત સ્વામી કેડના મણકાના અત્યંત દુખાવાના કારણે ઊભા પણ રહી શકતા ન હતા. એટલે સ્વામીશ્રીએ અગાઉથી એમને દંડવત્ પ્રણામ ન કરવાનું કહેવડાવ્યું. સ્વામીશ્રીએ તો પાસે જઈને દંડવત્ પ્રણામ કર્યા જ. એક વડીલ સંત પ્રત્યે આવું માન દાખવતા સ્વામીશ્રી કોના હૈયે ન વસે ?

ઈ.સ. ૧૯૮૪માં ગોંડલ મંદિરના મહંત બાલમુકુન્દ સ્વામીનું કીડનીમાંની



પથરીનું ઓપરેશન રાજકોટમાં કરાવવામાં આવ્યું. પરંતુ કારણવશાત્ એમની તબિયત અત્યંત ગંભીર બની ગઈ. સ્વામીશ્રીએ એમને તાત્કાલિક મુંબઈ તેડાવી લીધા. ડૉ. કિરણ દોશીને બધી વ્યવસ્થા તૈયાર રાખવા જણાવ્યું. જ્યારે એમ્બ્યુલન્સ વાન મંદિરે આવી ત્યારે ઠાકોરજી લઈને સામે ગયા. બાલમુકુન્દ સ્વામીના કપાળમાં ચાંદલો કર્યો. ઠાકોરજીનાં દર્શન કરાવી કહે, 'ઠાકોરજીનાં દર્શન થઈ ગયાં, હવે સારું થઈ જશે. હોસ્પિટલ પહોંચી જાવ. મહારાજ રક્ષા કરશે.' ત્યારબાદ એમની ખબર કાઢવા હોસ્પિટલમાં પધાર્યા હતા. જ્યારે એમને મંદિરે પાછા લાવ્યા, ત્યારે તો રોજ નિયમિત રીતે ખબર કાઢતા.

૧૯૮૨માં સારંગપુરમાં નાના સંત યોગમુનિ સ્વામીને સેવા કરતાં પગમાં વાગ્યું અને એમાં પાક થયો. મહિનો પથારીમાં રહેવું પડ્યું. આ દરમ્યાન સ્વામીશ્રીની તબિયત પણ સારી નહોતી એટલે એ સારંગપુરમાં જ હતા. સ્વામીશ્રી આ નાના સંતને દર્શન દેવા પધારતા. પગે હાથ ફેરવતા અને પૂછતાછ કરતા. સ્વામીશ્રી મળે એટલે બિછાનામાં સૂતેલા સંતના હૈયે ટાઢક વળે અને દર્દમાં ઘણી રાહત થઈ જાય. સ્વામીશ્રી નાની નાની બાબતોમાંય સંતોનો કેટલો ખ્યાલ રાખે ! એકવાર ગઢડામાં ડૉક્ટર સ્વામી અને નરેન્દ્રપ્રસાદ સ્વામી સ્વામીશ્રીને મળવા એમના ઓરડામાં ગયા. દાખલ થતાંની સાથે જ લાઇટ ગઈ. સ્વામીશ્રીએ બંનેને બોલાવ્યા અને બેસાડ્યા. વાતચીત ચાલી. વચ્ચે અચાનક લાઇટ આવી ત્યારે જોયું તો સ્વામીશ્રીએ પોતાનું આસન તે બંને સંતો માટે પાથરી દીધું હતું અને પોતે નીચે બેઠા હતા !

સંતોની સેવા પ્રવૃત્તિમાં પણ ઊંડો રસ લે. ઠાકોરજીની પૂજા, ભંડાર, પ્રસાદનો કોઠાર, દૂધ-ઘીનો કોઠાર, ગૌશાળા-ખેતી, ઇલેક્ટ્રિક વિભાગ, ઉતારા વિભાગ - આ બધા વિભાગો અને પ્રવૃત્તિઓમાં સ્વામીશ્રી મુલાકાત લે, સંતોને મળે, બધી વિગતો પૂછે, કોઈ મુશ્કેલી હોય તો દૂર કરે. ખામી હોય તો ટકોર પણ કરે.

સંતોએ કરેલી સેવા માટે એમના યશોગાન કરતાં સ્વામીશ્રીની જીભ કદી સુકાતી નથી. ગોંડલ સંતશિબિરમાં એમણે કહ્યું હતું : 'તમને બધાને મારા માટે પ્રેમ છે તો બધો યશ મને આપો છો, પણ એ યશ તમારો છે. અને હું તો એક ખાલી નિમિત્ત છું. સિંહને લઈને જંગલ અને જંગલને લઈને સિંહ, મોરને લઈને પીંછા અને પીંછાને લઈને મોર, એમ આપ બધા જો સાથે ન હો તો કાંઈ કાર્ય થઈ શકે નહિ.'

સ્વામીશ્રી દરેક સંતની શક્તિ અને સેવાની અલગ-અલગ વ્યક્તિગત નોંધ લઈને જાહેરમાં બિરદાવતા રહે છે.

સંતો માટેનો આવો અગાધ પ્રેમ બમણો થઈને સંતો તરફથી એમને મળી રહે એમાં કશી આશ્ચર્યની વાત નથી !

**'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવન ચરિત્રના આધારે :**

**ભાગ ૧ : પાના નં. ૧ થી ૫૩૨**

**ભાગ ૨ : પાના નં. ૮૩૨ થી ૯૬૦**

**પ્રશ્ન.૨(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) સ્વમુખે મહિમા (ગુણાતીતાનંદ સ્વામી)**

સંસ્કૃતમાં કહ્યું છે કે, **आप्तवाक्यं प्रमाणम्** । એટલે કે સ્વપ્રમાણ એ સર્વશ્રેષ્ઠ પ્રમાણ છે.

ગુણાતીતાનંદ સ્વામીની મહિમાની વાતો મહારાજે ઘણી વાર કરી છે છતાં પણ ઘણાંને ન સમજાઈ હોય કે વિસરાઈ ગઈ હોય એટલે ગુણાતીતાનંદ સ્વામી જાતે જ પોતાના મુખે પોતાનો મહિમા સમજાવી આપણી ઉપર મોટી કૃપા કરે છે.

**(૧) સામર્થીયુક્ત એક સાચા સંત તરીકે ઓળખાણ :**

સં. ૧૯૧૩માં સ્વામી ખંભાત પધારેલા. હરિભક્તોએ સ્વામીશ્રીને વધાવવા નવાબ સાહેબને બેસવાનો ચાંદીનો મ્યાનો તૈયાર કર્યો. સ્વામીને બેસવા વિનંતી કરી પરંતુ સ્વામીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દીધી કે, 'સાધુથી ચાંદીના મ્યાનામાં ન બેસાય.' તેમના આવા આગ્રહને જોઈને હરિભક્તોએ સિગરામ તૈયાર કરાવ્યો. સ્વામીશ્રી પોતાની ગોદડી ઓઢીને સિગરામમાં બિરાજ્યા. શોભાયાત્રા ચાલી. નગરજનો સ્વામીને જોઈને બોલતા, 'જોગી મોટા સિદ્ધ લાગે છે પણ ફાટલી ગોદડી તેમને શોભવા દેતી નથી.' આ સાંભળી સ્વામી મંદ મંદ હસતા હરિભક્તને કહેતા, 'ભાઈ ! આ તો ચીંથરે વીંટેલ રતન છે.' ખરેખર સ્વામીશ્રી એક સાચા મણિ જેવા સાચા સાધુ હતા.

ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર કહેતા કે 'અમે અને કૃપાનંદ સ્વામીએ ખેતરોમાં ફરી ફરીને એવો સત્સંગ કરાવ્યો છે કે જ્યાં અમે ફર્યા છીએ ત્યાં દોરો કે ડાકલું પેસવા પામ્યો નથી.' ખરેખર આ સાચા સંતે કેટલાયના જીવનમાંથી વિષય, વ્યસન અને વહેમને દૂર કર્યાં છે.

એકવાર સ્વામી જાગા સ્વામી સામું દૃષ્ટિ કરીને બોલ્યા કે 'એક ચિંતામણિમાં બધું દ્રવ્ય આવી ગયું. એવી ચિંતામણિઓનો આ ગિરનાર જેટલો ઢગલો આપણા ઘરમાં હોય તોપણ આ મોટા પુરુષ ઉપર વારી ફેરીને નાખી દઈએ અને આ સાધુનો સમાગમ કરીએ એવા આ સાધુ દુર્લભ છે.' ગિરનારના જેટલાં વૃક્ષો છે તે



બધાં કલ્પવૃક્ષ હોય અને તે પોતાના ઘરમાં હોય તોપણ તે સર્વેને બાળીને આ સાધુનો સમાગમ કરી લઈએ એવા આ સાધુ દુર્લભ છે. એમ ઘણીવાર પોતે પોતાની ઓળખાણ અને પોતાના સમાગમનો મહિમા જણાવતા.

આખાના સવજી મહેતાએ પોતાની ખડાઈ ભેંસ નાની હતી ત્યારે એને શીળી નીકળેલા ત્યારે તેને મનોમન સંકલ્પ કરેલો કે જો આ પાડી સાજી થઈ જાય તો જૂનાગઢ રાધારમણ દેવને દૂધ પીવા આપવી પણ તે સાવ ભૂલી જ ગયો. પરંતુ ઓઝતના કિનારે સ્વામીએ એ જ ભેંસના માથે હાથ મૂકીને કહ્યું કે આ ભેંસ તો રાધારમણદેવની જ છે. આ વાતની ખબર પડતાં સવજી મહેતાને સાશ્ચર્ય આનંદ થયો. તેણે સ્વામીને પૂછ્યું, 'તમને મારા સંકલ્પની કેમની ખબર પડી ?' ત્યારે સ્વામી કહે, 'મે'તા ! તે સંકલ્પ કર્યો હતો ત્યારથી અમે જાણીએ છીએ અને સંકલ્પ કર્યા પહેલા પણ જાણતા હતા પણ અમે કહેતા નથી.'

સ્વામીશ્રી આમ હરિભક્તના સંકલ્પો પકડતા એટલું જ નહિ સંકલ્પ વિકલ્પ બંધ પણ કરાવી શકતા.

જાગા સ્વામીને સ્વામીએ કહ્યું કે તારા માથે ત્રણ ઉપાધિ છે : (૧) મનની (૨) ઘરની (૩) ગઢડાવાળાની. જાગા સ્વામી કહે, ઘરની અને ગઢડાની ઉપાધિ હું ટાળીશ. ત્યારે સ્વામીશ્રી કહે તો મનની ઉપાધિ મારે ટાળી નાંખવી. એમ કોલ આપ્યો.

ગુણાતીતાનંદ સ્વામી ઉપશમમાંથી જાગ્યા પછી બોલ્યા, 'આજ તમે સર્વે તમારી તમામ વૃત્તિઓનો નિરોધ કરી અમને જોઈ રહ્યા છો તેમ ને તેમ જો કાયમ રહે તો તમારી સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, મમત્વગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, હૃદયગ્રંથિ, અહંગ્રંથિ વગેરે ઓગળી જાય અને વાસનાનો નાશ થઈ જાય.'

ગુણાતીતાનંદ સ્વામીએ આ ખાલી વાત જ નથી કરી પરંતુ રઘુવીરજી મહારાજ, શિવલાલ શેઠ, લાલાભાઈ, જાગા સ્વામી, ભગતજી મહારાજ જેવા કેટલાય ભક્તોની ગ્રંથિઓ ગાળીને નિર્વાસનિક સ્થિતિ કરાવી છે એ વાત સત્સંગમાં પ્રસિદ્ધ છે.

**(૨) પોતાની અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ :**

સં. ૧૯૦૫ની સાલમાં ગોપાળાનંદ સ્વામીના અપમાનનો ઠાઠ વરતાલમાં રચાયો અને તેના મુખ્ય સૂત્રધાર ભગવદાનંદ સ્વામી છે એની જાણ થતાં સ્વામી સીધા એમના મેડે ગયા ને આ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે ભગવદાનંદે કહ્યું કે ગોપાળાનંદે સ્વામિનારાયણને ભૂત ઠેરાવ્યા અને કેશવજીવનદાસને સમાધિ કરાવી માટે એમને ઠપકો આપવો જ પડશે.

ગુણાતીતાનંદ સ્વામી : 'તમે ભલે અહીં મોટેરા રહ્યા પણ અક્ષરધામમાં તો હું મોટેરો છું. ત્યાં તમારા માટે અન્યથાકર્તું શક્તિ વાપરી તડકો કરી તડકે ઊભો રાખીશ.'

આમ, અક્ષરધામમાં મહારાજ (પરબ્રહ્મ) પછી કોઈ મોટું તત્ત્વ હોય તો એ છે સ્વામીશ્રી. સ્વામી ઘણીવાર પોતાના સ્વરૂપના મહિમાની વાત કરી દેતા.

જન્માષ્ટમીના સમૈયામાં સભા પ્રસંગે સ્વામીશ્રીને નાજા કામળીએ પ્રશ્ન પૂછ્યો : 'સ્વામી ! શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી. ગોપાળાનંદ સ્વામી મહામુક્ત અને ઉન્મત્તગંગા તથા દાદાનો દરબાર અમે અક્ષરધામ તુલ્ય જાણીએ છીએ પણ સ્વામી ! એ મૂર્તિમાન અક્ષરને કેમ જાણવા ને કેમ સમજવા ?' તે સાંભળી સ્વામીશ્રી કહે, 'તમોને પાસે બેસારીને જે હમણાં વાતો કરે છે તે જ અક્ષર છે.'

બીજા એક પ્રસંગે બગસરાના સાત-આઠ હરિભક્તો જૂનાગઢ મંદિરની સેવા માટે આવેલા. સ્વામીશ્રી સાંખડાવદરના બીડમાં ઘાસ કપાવવા પધારેલા. આ હરિભક્તો પણ ત્યાં સેવામાં જોડાઈ ગયા. તેમની સેવાથી સ્વામી ખૂબ પ્રસન્ન થયા. તેઓ વિદાય લેવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમાંના બેચરભાઈના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને કહ્યું, 'જો અક્ષરધામમાં હું મોટેરો છું અને મારું કર્યું થાય છે. વળી, જે અક્ષરધામ કહેવાય છે તે પણ હું જ છું. એમ તું જાણજે.'

અરે ! સ્વામીશ્રી જ્યારે બાળ સ્વરૂપે હતા, ત્યારે પણ પોતાનાં માતુશ્રીને આ ઓળખાણ કરાવેલી.

મૂળજીને ખભે મોટું ગૂમડું થયું. તેની પીડા અસહ્ય હતી. એ વખતે મહારાજે દર્શન આપ્યા. મૂળજીની વૃત્તિ મહારાજમાં જોડાઈ ગઈ અને પથારીમાં કાષ્ઠવત્ પડી રહ્યા. માતા-પિતાને લાગ્યું કે મૂળજી મૃત્યુ પામ્યા, તેથી શોકાતુર થઈ ગયાં. તેમનું રુદન સાંભળી મૂળજી ભક્તે આંખ ખોલી અને કહ્યું : 'મા ! મનુષ્યને માથે જન્મમરણ છે. અમારા માથે નથી. અમે તો ભગવાનને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છીએ.'

શિવલાલ શેઠે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો કે 'મહારાજને પુરુષોત્તમ કેમ જાણવા ? અને બ્રહ્મરૂપ કેમ થવાય ?' ત્યારે સ્વામીશ્રીએ મહારાજના સર્વોપરીપણાની વાત કરીને કહ્યું કે 'આ સાધુને મૂળ અક્ષર જાણી તેમાં સર્વ પ્રકારે જો જોડાઈ જાય તો તત્કાળ બ્રહ્મરૂપ થવાય.'

આમ, પોતાના પ્રિય શિષ્યોને પોતાની અક્ષરસ્વરૂપની ઓળખાણ કરાવતા.

એક દિવસ સ્વામીશ્રી ધોતિયું પહેરતા હતા ત્યારે લીમડાના મોરની સુગંધ આવી. તેથી સ્વામીએ કહ્યું, 'જુઓ, આ લીમડામાં સુગંધી છે તો તે આપણને



આપે છે તેમ અમે અક્ષર છીએ તો તમને સૌને અક્ષરરૂપ કરીશું.'

આમ, આવા અનેક પ્રસંગોએ સ્વામીશ્રીએ પોતાનો અક્ષરપણાનો મહિમા વિવિધ રીતે આપણને સમજાવ્યો છે.

(૩) **મહારાજ સાથે એકતા :**

સ્વામીના જીવનમાં બાળપણથી જ મહારાજ સાથે એકતા અને મહારાજનું અખંડ ચિંતવન જોવા મળે છે.

એક વખતે ખેતરે જતાં રસ્તામાં એક કૂવો આવે છે તેમાં પાણી કેટલું ઊંડું છે એ જોવા મિત્રોએ પથ્થર નાંખ્યો. મૂળજીએ આ નિમિત્ત જોઈ ઉપદેશની વાત કરી એટલે મિત્રોએ કહ્યું કે, ભગવાનને કોઈએ જોયા છે ? ત્યારે મૂળજી કહે, 'હું તો ભગવાનને અખંડ દેખું છું. એ ભગવાન હાલ વનમાં ફરે છે અને થોડા સમયે અહીં પધારશે.'

બીજા એક પ્રસંગે સ્વામી દાડમા ગામે પધાર્યા ત્યાં નથુ ભટ્ટે ધ્યાનસ્થ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો કે 'સ્વામી ! આમ, એકાગ્ર થઈ મહારાજને સંભારતા હતા ?' તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું, 'શું અમારે બીજાની જેમ મહારાજને સંભારવા પડે છે ? અમને તો ત્રણેય અવસ્થામાં મહારાજ સાંભરે છે. એક નિમિષ પણ મહારાજ અમારાથી છેટા નથી. નિરંતર અમારી પાસે જ છે. મહારાજ નિરંતર અમારી સન્મુખ જ રહે છે.'

આમ, મહારાજની અખંડ સ્મૃતિ દ્વારા સ્વામીને મહારાજ સાથે અખંડ એકતા રહેતી એ સ્વામી જણાવે છે.

સં. ૧૮૮૪માં જંગલમાં કેટલાક સંતો પાર્ષદો વાંસ કાપવા ગયેલા. તેમને આવતા મોડું થયું એટલે સ્વામી સામા લેવા ગયા. સંતો પાછા ફર્યા. ખૂબ જ થાકને લીધે ભૂખ-તરસ લાગી હતી. બધા સંતોએ કાળવામાંથી પાણી પીધું પણ શિવાનંદે ન પીધું. સ્વામીશ્રીએ કારણ પૂછ્યું ત્યારે આત્મનિવેદી શિવાનંદે કહ્યું, 'સ્વામી ! મારે મહારાજની ચરણરજ લઈ અન્નપાણી લેવાનો નિયમ છે.' સ્વામીએ પોતાનું ચરણ પાણીમાં બોળીને કહ્યું, 'શિવાનંદ ! કોટી ગંગા અને કોટી જમુના જેના ચરણોમાં આળોટે છે તે મહારાજ સાક્ષાત્ અંગોઅંગમાં રહ્યા છે. માટે આ પ્રસાદી પી લે.' શિવાનંદ સ્વામીએ પણ વિશ્વાસ રાખી પાણી પી લીધું.

સ્વામીશ્રી નાના નાના પ્રસંગોમાં પણ પોતાના હરિભક્તને પોતાની મહારાજ સાથેની એકતાની દ્દઢતા કરાવતા.

સ્વામીશ્રી સિંજીવાડા પધારેલા ત્યાં ભક્તરાજ પ્રભુદાસ બારોટને સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું, 'જેને મરીને પામવા હતા તે સાક્ષાત્ તારે ત્યાં આવ્યા છે. જો

ઓળખાય તો.' આમ, મભમમાં પણ સ્વામીશ્રી વાત કરી દેતા.

સ્વામીનો સમાગમ કરવા આવેલા જાગા ભક્ત અને શામજીને સંબોધીને સ્વામીએ કહ્યું, 'એક મહારાજનો આકાર દેખાતો નથી એટલો જ ફેર છે. એટલે આ સાધુ મળ્યે મહારાજ મળી રહ્યા એમ જાણો. આ સાધુ તો શ્રીજીમહારાજનું સ્વરૂપ છે. અમને મૂકીને મહારાજ ક્યાં જુદા રહે છે ? અખંડ અહીં ભેળા જ છે.'

બીજા એક પ્રસંગે ધોતિયું પહેરતાં સ્વામીશ્રીએ બાલમુકુંદ સ્વામી અને કોઠારી ત્રિકમદાસને સંબોધીને વાત કરી કે 'તમને તો પ્રગટ ભગવાન સાક્ષાત્ મળ્યા છે માટે હવે તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. જેમ તમારા દેહમાં જીવ રહ્યો છે, તેમ અમારામાં મહારાજ રહ્યા છે. તે તમારી સામું દૃષ્ટિ માંડીને જુએ છે, માથે હાથ મૂકે છે, તમને મળે છે, એમ સાક્ષાત્ સુખ આપે છે. માટે ત્રિકમદાસ એટલું સમજજો કે આ આકાર સાધુનો દેખાય છે એટલો જ ફેર છે. પણ છે તો સાક્ષાત્ મહારાજ પણ તમે મહારાજના પ્રગટ સ્વરૂપને ઓળખી શકતા નથી.'

જાગા સ્વામીને પણ મહારાજના ચાર સુખ આપવાની વાત કરીને કહ્યું કે એ ચારે સુખ આજથી મારે તમને આપવા. બાકી શ્રીજીમહારાજનો આકાર દેખાતો નથી પણ એક રોમનો પણ ફેર નથી એમ નક્કી જાણજો.

આમ, ગુણાતીતાનંદ સ્વામીએ સમય, સંજોગો અને વ્યક્તિ જોઈને જેવું જેને પચ પડે એ રીતે પોતાના સ્વરૂપનો મહિમા સમજાવ્યો જ છે. એક સાચા સંત તરીકે કે પોતે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે અથવા તો પોતાની મહારાજ સાથેની એકતા એટલે કે મહારાજ અને પોતામાં રોમનોય ફેર નથી એવો મહિમા પોતાના મુખે જ કહીને આપણને સમજાવ્યો છે.

### (૨) ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો કરેલો ઉદ્‌ઘોષ

જેમ વરસાદ વરસે ત્યારે તે જોતો નથી કે ખેતર છે કે સમુદ્ર છે કે રણ છે - એ તો બધે જ વરસે, તેમ ગુણાતીતાનંદ સ્વામી પણ પુરુષોત્તમપણાની મેઘગર્જના કરતા. વાતોરૂપી વરસાદ વરસાવતા ત્યારે પાત્ર કે કુપાત્ર જોવાની ઝાઝી ચિંતા કરતા નહિ. અને મહારાજનું સર્વોપરીપણું બધાને સમજાવવું એ જ મોટી સેવા માનીને અવિરત વરસતા. ભલેને પાત્ર બિનસત્સંગી હોય કે સત્સંગી હોય કે સાધુ હોય કે પછી આચાર્ય મહારાજ હોય, ગુણાતીતાનંદ સ્વામી દરેકને મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરતા.

ધોરાજીના મંદિરમાં કેટલાક બ્રાહ્મણો દ્વેષભાવથી અને પોતાની વિદ્વત્તાના અભિમાનથી ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછી મૂંઝવવા આવ્યા ને એકધારા



પ્રશ્નો પૂછવા લાગ્યા કે તમે કોના સાધુ છો ? કયો સંપ્રદાય છે ? સ્વામિનારાયણને શા આધારે ભગવાન કહો છો ? કોની ઉપાસના છે ? પછી ગુણાતીતાનંદ સ્વામીએ શાંતિથી ઉત્તરો આપ્યા, 'અમે સ્વામિનારાયણના સાધુ છીએ, અમારો ઉદ્ધવ સંપ્રદાય છે અને સ્વામિનારાયણ ભગવાન છે, સ્વયં ભગવાન છે, સર્વ કારણના કારણ છે, સર્વના પ્રેરક અને પ્રવર્તક છે, સર્વોત્તમ અને સર્વોપાસ્ય છે, સદા દિવ્ય સાકાર મૂર્તિ અને અક્ષરધામના પતિ છે એ ભગવાનની અમારે ઉપાસના છે.' આમ, સ્વામીએ પરોક્ષના બ્રાહ્મણો સમક્ષ મહારાજના પુરુષોત્તમપણાનો ઉદ્‌ઘોષ કર્યો અને ત્યારબાદ શ્રીમદ્ ભાગવત ગીતા, શ્રુતિ વગેરે શાસ્ત્રોના આધાર આપીને સાબિત કરી બતાવ્યું કે સ્વામિનારાયણ ભગવાન છે. ત્યારે બ્રાહ્મણોએ પણ હાથ જોડી વાત સ્વીકારીને સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવી.

આમ, પરોક્ષના કોઈ ભક્તો હોય તો તેને પણ સ્વામી પુરુષોત્તમપણાની વાત કરતા અને આપણા હરિભક્તો હોય તેને પણ મહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરાવવા માટે સ્વામી પુરુષોત્તમપણાની વાત કરતા.

એકવાર બોટાદના શિવલાલ શેઠને ગુણાતીતાનંદ સ્વામીએ ગ.મ. ૧૩, ગ.અં. ૩૮, લો. ૧૪ વગેરે વચનામૃત વંચાવીને પુરુષોત્તમપણાની ઘણી વાતો કરી અને કહ્યું મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ. ત્યારે શિવલાલ શેઠે પૂછ્યું, 'મહારાજને પુરુષોત્તમ કેમ જાણવા ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'આજ તો સત્સંગમાં શ્રીજીમહારાજનાં કરેલાં મંદિરો, આચાર્ય, સંતો અને શાસ્ત્રો સર્વોપરી છે, તો તેના કારણ શ્રીજીમહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ?' આમ, વાતો કરી શિવલાલ શેઠને સર્વોપરી નિશ્ચય કરાવ્યો.

જૂનાગઢમાં એક દિવસ ઈશ્વર ત્રવાડીએ ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, 'સ્વામી ! તમે શ્રીજીમહારાજને ભગવાન કહો છો તે શી રીતે કહો છો ? કારણ કે બીજા ભગવાને તો વર્તમાન પડાવ્યા વિના કલ્યાણ કર્યા છે જ્યારે મહારાજ તો વર્તમાન ધરાવીને કલ્યાણ કરે છે માટે અસમર્થપણું જણાય છે.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ 'બીજા અવતારે કલ્યાણ કર્યાં છે તે તો કારણ શરીરના ભાવ અને માયિકભાવ ટાળ્યા વિના કર્યાં છે. જ્યારે શ્રીજીમહારાજ તો માયિકભાવ ટાળીને કારણ શરીર કાપીને કલ્યાણ કરે છે એટલા માટે એમનું સર્વોપરીપણું છે' એમ સ્વામીએ મહારાજના પુરુષોત્તમપણાનો ઉદ્‌ઘોષ કર્યો.

એકવાર ગુણાતીતાનંદ સ્વામી બહિર્ભૂમિ જઈને આવ્યા ને હાથ ધોતા હતા

ત્યારે દેવળિયા ગામના દરબાર વેરાજીએ સ્વામીને કહ્યું, 'અમે તો જાડી બુદ્ધિવાળા કહેવાઈએ ને શાસ્ત્રોમાં અમે કાંઈ સમજીએ નહિ માટે તમે અમને સો વાતની એક વાત કહી દો.' સ્વામી એમના નિર્દોષભાવ જોઈને રાજી થયા અને પોતે શ્રીકૃષ્ણની જેમ ત્રિભંગ કરીને ઊભા ને બોલ્યા, 'જુઓ, વેરાજી, સો વાતની એક વાત કહું. આવી રીતે ત્રિભંગ કરીને ઊભા રહેતા કૃષ્ણ આદિ સર્વ અવતારો શ્રીજીમહારાજનું સદા ભજન કરે છે અને મહારાજનું આપેલું ઐશ્વર્ય ભોગવે છે માટે સર્વથી પર શ્રીજીમહારાજ છે તે આપણને મળ્યા છે તે આપણા ઈષ્ટદેવ છે તેમનો દૃઢ આશરો રાખવાથી અક્ષરધામ પમાશે. મહારાજ વિના બીજે ક્યાંય સાંધા ન રાખવા અને એક મહારાજના જ સાચા ભક્ત થવું.'

એકવાર ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢના સભામંડપમાં હરિભક્તોને ઉપાસનાની વાત પ્ર.૫૬માં વચનામૃતના આધારે કરતા હતા. પછી સ્વામી બોલ્યા, 'ઉપાસના તો એમ સમજવી સર્વથી પર અને અધોઊર્ધ્વ પ્રમાણે રહિત તેજનો સમૂહ છે તેમાં દિવ્ય સિંહાસન ઉપર દિવ્ય તેજોમય અને સાકાર સ્વરૂપે કે જે સ્વરૂપની ઉપમા કોઈને દેવાય નહિ તેવા શ્રીજીમહારાજ સાક્ષાત્ બિરાજમાન છે. જેની ચારે કોર અનંતમુક્ત બેઠા થકા તેનાં દર્શન કરે છે અને મહારાજની મૂર્તિના સુખે સુખિયા છે એવા સર્વોપરી અને સદા સાકાર અને જેમનો અતિ અપાર મહિમા છે. જેનો કોઈ પાર નથી પામતા અને જેને અક્ષર મુક્તો ને અક્ષર પણ અપાર ને અપાર કહે છે. તે અક્ષરાતીત ભગવાન આપણને સાક્ષાત્ મળ્યા છે અને એમની આપણને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે. જે સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છે જેમના ચરણોમાં અનંત અવતાર રહ્યા છે. જેમનું આપેલું ઐશ્વર્ય એ અવતારો ભોગવે છે તે મહારાજ સદા સર્વોપરી છે.' આ રીતે સ્વામીએ હરિભક્તોની સભામાં સર્વોપરીપણાનો ઉદ્‌ઘોષ કર્યો.

ગઢડામાં મૂળજી બ્રહ્મચારી મંદિર છોવરાવતા હતા તે વખતે ગુણાતીતાનંદ સ્વામી ગઢડા ગયા હતા ત્યારે સભામાં બોલ્યા 'શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન હતા તો મંદિરો સર્વોપરી કર્યા, આચાર્ય સર્વોપરી કર્યા, સાધુ સર્વોપરી કર્યા અને હરિભક્તો પણ સર્વોપરી કર્યા. આમ, જ્ઞાન દૃષ્ટિએ જોઈએ તો મહારાજનું સર્વોપરીપણું જણાય.'

ગુણાતીતાનંદ સ્વામી હરિભક્તોની સભામાં તો સર્વોપરીપણાની વાત કરતા પણ સાથે સાથે સંતોને પણ તક મળ્યે વાત કરી લેતા.

અમદાવાદમાં સ્વામી સર્વોપરીપણાની વાત કરતા હતા ત્યારે ઉત્તમાનંદ સ્વામી અને અન્ય સંતોએ કહ્યું 'સ્વામી ! અમે તો આવી વાત સાંભળી નથી ને



તમે ક્યાંથી કરો છો ?' ગુણાતીતાનંદ સ્વામીએ બીજી ખુરશી બાજુમાં નંખાવીને આનંદ સ્વામીને બેસાડ્યા ને કહ્યું, 'આ આનંદ સ્વામી જૂના છે એ સાખ પૂરે તો વાત સ્વીકારશો ને ?' બધાએ 'હા' કહી. પછી સ્વામીએ સર્વોપરીપણાના ૬ પ્રસંગો કહ્યા : તે નીચે મુજબ છે.

(૧) માંગરોળમાં આનંદ સ્વામીને ખભે હાથ મૂકીને મહારાજ કબીરની હોરી બોલ્યા, 'કોટી કૃષ્ણ જોડે હાથ, કોટી વિષ્ણુ નમે માથ... સદ્‌ગુરુ ખેલે વસંત.' પછી આનંદ સ્વામીને પૂછ્યું, 'આવા સદ્‌ગુરુ કોણ ?' ત્યારે આનંદ સ્વામી કાંઈ બોલ્યા નહિ ત્યારે મહારાજે કહ્યું, 'એવા તો આ સહજાનંદ સ્વામી.'

આટલી વાત કરી ગુણાતીતાનંદ સ્વામીએ આનંદ સ્વામીની સાખ લીધી.

(૨) સં. ૧૮૬૭માં સારંગપુર રાઠોડ ધાધલને ત્યાં આ જ પદ બોલાવીને ફરીથી પ્રશ્ન પૂછ્યો. મુક્તાનંદ સ્વામીએ અને આનંદ સ્વામીએ મહારાજનું નામ લીધું ત્યારે મહારાજ કહે, 'એ સદ્‌ગુરુ તો ગુણાતીતાનંદ સ્વામી છે અમે તો એનાથી પણ પર છીએ.' વાત પૂરી કરી આનંદ સ્વામીની સાખ લીધી.

(૩) નાગડકામાં વ્યાપકાનંદ સ્વામીને દેખતા મહારાજે પોતાની મૂર્તિમાંથી ચોવીસ અવતાર પ્રગટ કરેલા ને પાછા પોતામાં લીન કરેલા તે વાત વ્યાપકાનંદ સ્વામીએ કહી હતી યાદ છે ? આનંદ સ્વામીએ 'હા' પાડી.

(૪) સાંતી હાકતા પર્વતભાઈને મહારાજે પોતાની મૂર્તિમાંથી ચોવીસ અવતારના દર્શન કરાવ્યા હતા ને પાછા લીન કર્યા હતા એ વાત સાચી ? આનંદ સ્વામી કહે, 'પર્વતભાઈએ જાતે કહેલ છે ખોટી કેમ હોય.'

(૫) સ્વરૂપાનંદ સ્વામીને મહારાજ પહેલા કૃષ્ણ સ્વરૂપે દેખાયા પછી અક્ષરધામની સમાધિ કરાવીને પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો એ વાત જાણો છો ? આનંદ સ્વામીએ 'હા' પાડી.

(૬) અમદાવાદમાં નરનારાયણ પધરાવ્યા ત્યારે મહારાજે તમારું કાંડું ઝાલીને કહેલું, 'આ ભરતખંડના રાજા નરનારાયણ છે તે અહીં પધરાવ્યા છે પણ અનંત નરનારાયણ ને કૃષ્ણનારાયણ આ પ્રગટ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનું ભજન કરે છે' એમ પોતાની છાતીમાં હાથ અડાડી વાત કરી હતી તે યાદ છે ? આનંદ સ્વામી કહે,'અરે, આ તો મારી જ વાત તે કેમ ભૂલાય ?'

આમ, આનંદ સ્વામીની સાખ લઈને અમદાવાદમાં સ્વામીએ સંતોને મહારાજનું પુરુષોત્તમપણું સમજાવ્યું.

મોટા સદ્‌ગુરુઓને પણ સ્વામી પુરુષોત્તમપણું સમજાવતા. વડતાલમાં આચાર્ય મહારાજના મેડે ગ.મ. ૯મું વચનામૃત વાંચીને સમજાવ્યું ને કહ્યું, 'બીજા

અવતાર જેવા જાણે તો દ્રોહ તે બીજા અવતાર કયા ? રામકૃષ્ણાદિક કે બીજા ? માટે આ તો પુરુષોત્તમનો ચાંદલો છે એને કોણ પૂગે માટે અંતરમાંથી શ્રીજીમહારાજની મૂર્તિ સિવાય બધું જ કાઢી નાખવું.' આ વાત સાંભળી સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી પણ બોલી ઊઠ્યા, 'આ વચનામૃત લખ્યું મેં, શોધ્યું મેં પણ આજે સાચું સમજાયું.'

આચાર્ય મહારાજને પણ સ્વામી આ સાચી વાત કરતા ખચકાતા નહિ. એકવાર વડતાલમાં અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજીએ કહ્યું, 'તમે ઉપાસનાની આકરી વાતો કરો છો તેથી અવતાર માત્રને ઘસારો આવે છે.' ત્યારે સંતો બોલ્યા, નરનારાયણ, લક્ષ્મીનારાયણ ને રાધાકૃષ્ણ ને સહજાનંદ સ્વામી બધા એકના એક જ છે. તમે કેમ નોખા પાડો છો ? તમને કોણે કહ્યું ? ત્યારે સ્વામીશ્રીએ સિંહ ગર્જના કરી 'સ્વામિનારાયણે કહ્યું, બીજો કોણ કહેશે ? પછી આચાર્ય મહારાજને કહે, જેમ તમે ખજાનાની કૂંચી કેશવપ્રસાદજીને સોંપી છે તેમ મહારાજે પુરુષોત્તમપણાની કૂંચી અમને સોંપી છે. તે પુરુષોત્તમપણાની કૂંચી શું ? તો રામકૃષ્ણાદિક સર્વે અવતારો, સર્વે ઈશ્વરો, પ્રધાનપુરુષ, પ્રકૃતિ પુરુષ એ સર્વેના નિયંતા આ સહજાનંદ સ્વામી છે.' આમ, સ્વામીએ સંતોની વિશાળ સભામાં ઉદ્‌ઘોષ કર્યો.

અને મહારાજના મોટાભાઈ રામપ્રતાપભાઈ પણ જ્યારે દ્વારિકા રણછોડજીના દર્શને જતા હતા ત્યારે સ્વામીએ જૂનાગઢ રણછોડજીની મૂર્તિમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરાવીને રામપ્રતાપભાઈને કહ્યું, 'મોટાભાઈ ! આપણે તો બધું અહીંયા જ છે. બીજે ફાંફાં મારવાની જરૂર જ નથી. સર્વોપરી સ્વામિનારાયણ મળ્યા છે તે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે અને અવતારાદિક એમની આજ્ઞામાં રહ્યા છે ને એમનું આપેલું ઐશ્વર્ય ભોગવે છે.'

આમ, મહારાજના સાચા સ્વરૂપનો ઉદ્‌ઘોષ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા ખૂબ જ થયો હતો. જેને લીધે આજે પણ આપણે મહારાજનું સાચું સ્વરૂપ સમજી શકીએ છીએ.

### (૩) ગુણાતીતાનંદ સ્વામીનો કથાનો ઈશક

'પરમ હરિવાર્તા વ્યસની.'

ખરેખર અચિન્ત્યાનંદવર્ણીએ ગુણાતીતાનંદ સ્વામીને આ યોગ્ય ઉપમા આપેલી છે. ગુણાતીતાનંદ સ્વામીના જૂનાગઢના સભામંડપમાં ૮ પુરાણીઓ વડે કથાવાર્તાની ઝડી વરસતી જ રહેતી. કથાવાર્તાની હેલી થતી. એનું કારણ ગુણાતીતાનંદ સ્વામીનો કથાનો ઈશક હતો. સ્વામીને કથા કરવાનો ને સાંભળવાનો ને બીજા પાસે કરાવવાનો પણ ઈશક હતો.



સંવત ૧૮૭૧ની સાલમાં ગઢડામાં ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને ચાર પ્રશ્ન પૂછેલા : (૧) ધ્યાન કરવું. (૨) આત્મારૂપે વર્તવું. (૩) માંદાની સેવા કરવી ને (૪) કથાવાર્તા કરવી. આ ચારમાં શું શ્રેષ્ઠ ? તે વખતે શ્રીજીમહારાજે આ ચારેયમાં કથાવાર્તાને શ્રેષ્ઠ બતાવી હતી. બસ આ પ્રસંગ પછી સ્વામીએ મનમાં ગાંઠ વાળી હતી કે કથાવાર્તા કર્યા જ કરવી. સોપો પડવા દેવો નહિ.

આમ તો આ પ્રસંગ પહેલા પણ એમના જીવનમાં કથાવાર્તાનો આગ્રહ તો હતો જ. જ્યારે તેઓ પૂર્વાશ્રમમાં હતા ત્યારે ભાદરાથી તેઓ રોજ રાત્રે શેખપાટના રસ્તે જતા, ત્રણ ગાઉ દૂર શિવનું મંદિર છે ત્યાં જતા અને શેખપાટથી ત્રણ ગાઉ ભાદરા તરફ ચાલીને લાલજી સુથાર ત્યાં આવતા. રાત્રે બંને ભેગા થઈને ગોષ્ઠી કરતા. મૂળજી કથા કરતા ને લાલજી મહિમાથી સાંભળતા. દિવસભરનો ખેતરનો પરિશ્રમ ને રાતનો ઉજાગરો છતાં ત્યારે પણ મૂળજીનો કથાવાર્તાનો ઈશક મોળો પડ્યો નહોતો.

કૃપાનંદ સ્વામીના મંડળમાં ફરતા ત્યારે પણ મોટેભાગે ગુણાતીતાનંદ સ્વામી જ કથાવાર્તા કરતા. એકવાર મંડળ ફરતું ફરતું બારપટોળી આવ્યું. ત્યારે બીજા સંતો મોટે ભાગે ધ્યાન આદિક કરતા. સ્વામીએ તો વીરા શેલડિયાના દીકરા લક્ષ્મણને કહી રાખેલું તારે મને રોજ એક પ્રશ્ન પૂછવો. પછી તો લક્ષ્મણ સ્વામીને રોજ એક પ્રશ્ન પૂછે ને સ્વામી એને બરોબર ઉત્તર કરીને રાજી કરતા.

કારિયાણી ગામમાં કોઈક સંતનું મંડળ ગયું હતું ત્યારે તેઓના અસાધુતા પૂર્ણ વ્યવહારથી હરિભક્તોના દિલ દુખાયા હતા. તે વખતે શ્રીજીમહારાજે કૃપાનંદ સ્વામીના મંડળને કારિયાણીમાં મૂક્યું. ત્યારે પણ ગુણાતીતાનંદ સ્વામી મોડી રાત સુધી કથા-કીર્તનની ઝડીઓ બોલાવતા. એમનો આવો કથાવાર્તાનો આગ્રહ અને સાધુતા ભર્યા જીવનથી હરિભક્તો ખૂબ રાજી થયા.

પીઠવા જાળનો ખીમો ડોબરિયો એકવાર સંતોને તેડી ગયો હતો. અહીંયા પણ સ્વામીએ મોડી રાત સુધી કથાવાર્તાની ઝડીઓ વરસાવી. કોઈ કોઈક વખત નદી કાંઠે વાડીમાં કોસ ફરતો હોય ત્યાં જઈને કોસ ચલાવતા કે ખેડ કરતા ખેડુને પણ સ્વામી કથાવાર્તા કરતા. એને સમય ન હોય તેથી એની જોડે ચાલતાં ચાલતાં પોતે કથા કરતા. ઘણીવાર કોઈક અવળા સ્વભાવનો ખેડુ હાથ લાગી ગયો હોય તો એ સ્વામીનું અપમાન કરે, તિરસ્કાર કરે છતાં પણ સ્વામીનો ઈશક ક્યારે મોળો પડે નહીં. અને ઉત્સાહથી પોતે કથાવાર્તા કર્યા જ કરે.

જૂનાગઢમાં જ્યારે કથાવાર્તાના ઈશ્કી હરિભક્તો આવતા, ત્યારે સ્વામીશ્રી કથાવાર્તાનો વરસાદ વરસાવતા. હરિભક્તો પણ દિવસરાત જોયા વિના કથાવાર્તા

સાંભળવામાં જોડાઈ જતા. રુચિવાળા હરિભક્તો સ્વામીના આસનની ચારે કોર બેસી જતા ને સ્વામી રાત્રે કથાવાર્તા કરતા. એકવાર રાત્રે સ્વામીએ કથાવાર્તા શરૂ કરી અને સવારે ચાર વાગ્યા સુધી કથા કરી. તે જ વખતે એક સાધુએ ચાર વાગ્યા સુધી હરિદાસના આસને કીર્તનો ગાયા. સવારે સ્વામી એને જોઈને કહે, 'આખી રાત પાડુ આરડે તેમ આરડ્યો પણ કથાવાર્તામાં ધ્યાન આપ્યું નહિ.' આમ વાત કરી પોતે નહાવા પધાર્યા. પછી મંગળા આરતીનાં દર્શન કરી શણગાર આરતી સુધી કથાવાર્તાનો લાભ આપ્યો. આમ, આ પ્રસંગ દ્વારા સ્વામીનો કથા કરવાનો અને બીજા કથા સાંભળે એવો ઈશક જણાય છે.

સ્વામીને બીજા સંતો ભક્તો પણ કથા સાંભળવામાં રુચિ ધરાવે એવો ઈશક રહેતો. જૂનાગઢમાં ઘણા સંતો કથામાં ન આવે તો સ્વામી બળાપો કાઢતા ને કહેતા 'મેડે મલકમાં બેસી વાહર ખાવા માણકીયું ને જેમ પૂછડા ઝાટકે છે તે શું કલ્યાણ થશે ?'

હરિભક્તોને પણ કથાનો ઈશક થાય એવી સ્વામીની ઈચ્છા રહેતી. લોધિકાના દરબાર અભેસિંહે પસાયતા જોડે મોતૈયાની રસોઈ મોકલી. ત્યારે પણ સ્વામીએ કહ્યું, 'અમારે મોતૈયાનું કામ નથી. મોતિયો તો કૂતરાનુંય નામ હોય છે માટે તમારા ધ્યાન કરતા અમારું જ્ઞાન કરોડ ગણું વધારે છે.' આમ, હરિભક્તો પણ કથાવાર્તા છોડી ધ્યાન આદિકમાં અવળે રવાડે ન ચડી જાય એનું ધ્યાન રાખતા.

આમ, સ્વામીના પોતાના જીવનમાં કથા કરવાના ઈશક ઉપરાંત બીજા પણ કથામાં રુચિ ધરાવે એવો ઈશક જોવા મળે છે. સ્વામીનો કથાવાર્તાનો ઈશક જોઈને મોટા મોટા પરમહંસો પણ દિંગ થઈ જતા.

એકવાર ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી પૂજા કરતા હતા તે વખતે ગુણાતીતાનંદ સ્વામી સભામાં બળભરી વાતો કરીને સાધુતાની વાતો કરતા હતા ત્યારે નિત્યાનંદ સ્વામી બોલી ઊઠ્યા 'અહોહો ! ઠીક મંડ્યા છો. કેટલા બળથી ઉપદેશ કરે છે ?' આમ, સ્વામીનો ઈશક જોઈ એ પણ રાજી થઈ ગયા.

સ્વામીની વાતો કરવાનો ઈશક જોઈ આત્માનંદ સ્વામી પણ રાજી થયા હતા ને શુકમુનિ પણ ઘણીવાર કહેતા, 'જેવો મહારાજની વાતોથી સમાસ થતો, તેવો આજ સ્વામીની વાતોથી સમાસ થાય છે.'

સ્વામીશ્રીના કથાવાર્તાના ઈશકથી આચાર્ય રઘુવીરજી મહારાજ પણ ઘણા રાજી હતા અને સ્વામીની જ પ્રેરણાથી એમને વડતાલમાં ચાર માસની છાવણીનું આયોજન કર્યું હતું. સ્વામી પણ ચાર મહિના સુધી રોજ મંગળા આરતીથી



શણગાર આરતીની વચ્ચે તેમજ રાત્રે સભામાં સાધુની ધર્મશાળામાં ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ ને ચોસઠપદી વગેરે પર વાતો કરતા. આમ, ચાર ચાર મહિના સુધી એકધારી કથાવાર્તા બે સમય કરતા. એ ઉપરથી જ આપણને એમનો કથા કરવાનો ઈશક જણાઈ આવે છે. સ્વામીને કથા કરવાનો તો ઈશક હતો પણ સાંભળવાનો પણ એવો જ ઈશક હતો.

ગઢડામાં એકવાર મહારાજ રાત્રે કથાવાર્તા કરતા હતા. રાત્રિના બે પહોર વીતી ગયા ને કૂકડો બોલ્યો. મહારાજે સંતોને કહ્યું, 'રાત્રિ ઘણી વીતી ગઈ છે માટે જાવ ને આરામ કરો.' ત્યારે કથાવાર્તાના ઈશકી સ્વામીશ્રી બોલ્યા, 'કંઈક અગત્યનું કામ હોય તો આવી જ્ઞાનવાર્તા સાંભળવી જતી કરીને જવું પડે. પરંતુ ફક્ત દેહને આરામ આપવા માટે જો જવાનું કહેતા હોય તો એના કરતા આપનાં દર્શન અને વાતોમાં જ અમને વધારે શાંતિ મળે છે.' સ્વામીશ્રીને આવો ઈશક કથા સાંભળવાનો પણ હતો.

સ્વામીશ્રીના કથા સાંભળવાના ઈશકને મંદિરનો વ્યવહાર પણ નડી શકતો નહિ. એકવાર ઘી વેચવાવાળો આવ્યો. ત્યારે ત્રિકમદાસ કોઠારી સ્વામીને પૂછવા આવ્યા. સ્વામી કથામાં બેઠા હતા. સ્વામીએ લઈ લેવા કહ્યું પણ કોઠારીને વિચાર આવ્યો કે સ્વામી ન આવે ત્યાં સુધી કેમનું લેવું ? બીજી બાજુ ઘીવાળો ઉતાવળો થતો હતો, આથી કોઠારી ત્રિકમદાસે સ્વામીને કહ્યું, 'ઘીવાળો જવાનું કહે છે.'

સ્વામી કહે, 'એને જાવું હોય તો જાય પણ હું તો કથા પછી જ આવીશ.' આમ, સ્વામીને કથામાં વ્યવહાર નડતો નહિ.

નાના નાના સંતોને પણ સ્વામી કથાવાર્તા કરવાની પ્રેરણા આપતા. એકવાર બાલમુકુંદ સ્વામી કથા કરતા હતા. સ્વામીશ્રી આરામમાં હતા. સ્વામી જાગી ગયા આથી બાલમુકુંદ સ્વામી શરમાઈ ગયા. ત્યારે સ્વામીએ એમને બળ આપ્યું 'ભગવાન ને મોટા સાધુને સંભારીને ઉપદેશની વાતો કર્યા જ કરવી. દબાવું નહિ શરમાવું નહિ. અમે પણ મુક્તાનંદ સ્વામી બેઠા હોય તોય આવી વાતો કરતા.'

આમ, આપણને ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં કથાવાર્તાનો જબરજસ્ત ઈશક ડગલે ને પગલે જોવા મળે છે.

**પ્રશ્ન.૨(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર ટૂંકનોંધ લખો. (૨૦)**

**(૧) મહેમદાવાદમાં વેદાંતીઓનો પરાજય**

ચૈત્રી પૂનમના સમૈયા વખતે વડતાલમાં ઘણા હરિભક્તો આવ્યા હતા. સમૈયો પૂરો થતાં સૌ પોતપોતાને ગામ જવા નીકળ્યા. ત્યારે મહેમદાવાદના હરિભક્તો

મહારાજ પાસે આવ્યા ને વાત કરી, 'મહારાજ ! અમારા ગામમાં વેદાંતીઓનું જોર બહુ છે. 'અહં બ્રહ્માસ્મિ' એમ કહેતા ફરે છે ને કોઈને સત્સંગ થવા દેતા નથી. માટે તમે કોઈ વિદ્વાન સંતોને મોકલો તો એમની સાથે શાસ્ત્રાર્થ કરીને હરાવે તો અમને સુખે સત્સંગ કરવા દે.'

મહારાજે આ સાંભળી સર્વે વિદ્વાન અને સંસ્કૃત ભણેલા સંતોને વાત કરી પણ કોઈ જવા તૈયાર થયું નહિ. અંતે મહારાજની દૃષ્ટિ ફરતાં ફરતાં ગુણાતીતાનંદ સ્વામી ઉપર સ્થિર થઈ ગઈ. એમને સ્વામીને વાત કરી 'તમે આ મહેમદાવાદના હરિભક્તો સાથે જાવ અને વેદાંતીઓનો પરાજય કરો.'

સ્વામી હાથ જોડી બોલ્યા, 'મહારાજ ! હું શી રીતે કરી શકીશ ?'

મહારાજ કહે, 'તમે નહિ કરો તો કોણ આ કામ કરશે ? માટે તમે જ જાવ.'

પછી સ્વામી ચાર સંતનું મંડળ લઈને મહેમદાવાદ ગયા. અહીં મંદિરમાં ઉતારો કરી સ્વામી કથાવાર્તા આદિક કરવા લાગ્યા. વેદાંતીઓને ખબર પડી કે સ્વામિનારાયણના સાધુ આવ્યા છે ને આપણી સાથે ચર્ચા કરીને પરાજય કરવા આવ્યા છે. તેથી સૌ ભેગા મળી ટીખળ કરતાં કરતાં સ્વામિનારાયણ મંદિરે આવ્યા. સ્વામીએ આ વેદાંતીઓને અત્યંત સન્માનપૂર્વક પોતાની સામે બેસાર્યા. આ પંડિતો પણ સ્વામીની ભવ્ય મુખમુદ્રા, અપાર સાધુતા, બ્રહ્મનું તેજ અને સ્વામીની દિવ્યતા જોઈને જ ઝાંખા પડી ગયા. તેમ છતાં અભિમાનમાં ચકચૂર એવા આ પંડિતો પોતાની ઝાંખપ ઢાંકીને બેસી રહ્યા.

એટલામાં સ્વામીએ જ વાતનો દોર હાથમાં લીધો. 'આજકાલ વિદ્વાનનો કેવળ માત્ર શબ્દના જ્ઞાનથી અહં બ્રહ્માસ્મિ એમ કહે છે પણ એ જાણતા નથી બ્રહ્મ એટલે શું ? શુકદેવજી બ્રહ્મસ્થિતિમાં વર્તતા હતા તો એમને સ્ત્રી અને પુરુષનો ભેદ પણ નહોતો. વળી, તેમને તો પોતાના પિતાને ઝાડમાં પ્રવેશ કરીને જવાબ આપ્યો હતો. એમ બ્રહ્મ તો ગમે ત્યાં પ્રવેશ કરે. માટે જે બ્રહ્મરૂપ હોય તે તો સર્વત્ર વ્યાપક હોય. માટે તમારે બ્રહ્મભાવ થયો હોય તો અભિમાન છોડી થાંભલામાં પ્રવેશ કરવો જોઈએ. આવો અવિરત વાક્પ્રવાહ સાંભળીને પંડિતો મૂંઝાઈ ગયા. તેમને ખબર પડી ગઈ કે અહીંયા ચર્ચાથી કાંઈ વળવાનું નથી. આ તો સ્થિતિની જ કસોટી કરવાવાળા છે. હજુ તો એમનો ધબકાર શાંત પડે તે પહેલા તો સ્વામીએ આગળ કહેવાનું ચાલું કર્યું.

જ્યાં સુધી દમડી માટે પ્રપંચ કરવો પડે છે, અનેક સાથે મિત્રતાને શત્રુતા થાય છે, પંડિતાઈનું અભિમાન આવે છે, ઈન્દ્રિયો વિષયમાં તણાય છે ત્યાં સુધી કેવળ અહં બ્રહ્માસ્મિ કહેવાથી બ્રહ્મજ્ઞાન થવાનું નથી. જ્યારે સ્થિતિ થશે ત્યારે કોઈને



કહેવું પણ નહિ પડે કે હું બ્રહ્મ છું.

પંડિતોને સ્વામીની વાણીને શાસ્ત્રના કયા પ્રશ્નથી રોકવી તે સૂઝતું જ નહોતું.

વળી સ્વામીએ કહ્યું, 'અપૂર્ણ કુમ્ભો હિ કરોતિ શબ્દમ્,' માટે જ્યાં સુધી બોલો છો ત્યાં સુધી અપૂર્ણતા જ છે. ગીતામાં કહ્યા મુજબ, 'પોતાના સુખદુઃખની સાથે બીજાના સુખદુઃખનો વિચાર કરે અને બધે સમભાવ રાખે એવા યોગી થયા છો ? અને હા, અનાદિ બ્રહ્મ તો હું છું... અનંત બ્રહ્માંડોને હું ધારી રહ્યો છું.'

આટલું બોલ્યા ત્યાં તો સ્વામીના દિવ્ય વિગ્રહમાંથી તેજ ધારા છૂટી અને અનેક સૂર્યો ફિક્કા લાગે એવું શીતળ તેજ નીકળ્યું. આ પ્રકાશથી બધા અંજાઈ ગયા. વળી મંદિર પણ આખું ધ્રૂજવા લાગ્યું. સૌને ધરતીકંપ થયો હોય તેવું લાગ્યું. સૌ બીવા માંડ્યા. સ્વામીએ કહ્યું, 'બીશો નહિ મકાન નહિ પડે, પણ તમે બધા જો બ્રહ્મ હો તો આ મકાનને સ્થિર કરી દો.'

બીચારા પંડિતો ! હાથ જોડીએ સૌ સ્વામીના ચરણોમાં પડી ગયા. 'સ્વામી તમે જ શમાવી દો.' તરત જ સ્વામીએ તેજ શમાવી દીધું. બધા વેદાંતી સ્વામીને નમી પડ્યા. ઘણા તો વર્તમાન ધરાવીને સત્સંગી પણ થયા. સૌને પ્રતીતિ થઈ ગઈ કે સ્વામિનારાયણના સંતોમાં પણ આવી વિભૂતિઓ હોય છે.

**(૨) હરિભક્તોના યોગક્ષેમના વાહક : ગુણાતીતાનંદ સ્વામી**

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે,

'યોગક્ષેમવહામ્યહમ્ ।'

અર્થાત્ હું ભક્તોના યોગક્ષેમનું વહન કરું છું. યોગક્ષેમનો અર્થ છે ભરણપોષણ, રક્ષણ અને કલ્યાણ કરવું.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાના પ્રાણપ્યારા હરિભક્તોનું સદા યોગક્ષેમનું વહન કર્યું છે. જ્યારે જ્યારે પોતાના ભક્તો વ્યાવહારિક ભીષણમાં સપડાયા છે, ત્યારે સ્વામીશ્રીએ એમનું ભરણપોષણ કર્યું છે. જ્યારે જ્યારે પોતાના ભક્તોને દૈહિક આપદા આવી છે, ત્યારે સ્વામીશ્રીએ એના દેહની દેખરેખ રાખી છે. અને કલ્યાણ કરવું એ તો એમનો મુખ્ય વ્યવસાય હતો. આમ, સમગ્ર જીવનમાં પોતાના ભક્તોના યોગક્ષેમનું વહન કર્યું છે. આપણે પ્રસ્તુત નિબંધમાં જોઈશું.

**ભક્તોનું ભરણપોષણ :**

વ્યવહારની વિટંબણાઓથી સ્વામીશ્રીએ પોતાના ભક્તોને ઉગાર્યા છે.

હાટીના માળિયામાં બાબુ હાટી નામના એક ભક્ત હતા. પ્રારબ્ધ યોગે વ્યવહાર ખૂબ જ દૂબળો થઈ ગયો હતો. બધો ગરાસ ભાયાતોએ દબાવી લીધો હતો. એની માએ એકવાર મીઠા ઠક્કર નામના ભક્ત જોડે જૂનાગઢ ગુણાતીતાનંદ

સ્વામીને સમાચાર મોકલાવ્યા કે આપનો ભક્ત દુઃખી છે વ્યવહાર સુધારો. મીઠા ઠક્કર જૂનાગઢ પહોંચ્યા ત્યાં તો સ્વામીશ્રીએ સામેથી તેમને પૂછયું, 'અમારા બાબુ હાટી સુખી છે ને ?' મીઠા ઠક્કરે માંડીને બધી વાત કરી. સ્વામીશ્રી અચાનક ગાદી પર હાથ પછાડીને કહે, 'રૂપિયાના ઢગલા થઈ જાય' અને મીઠા ઠક્કરને કહ્યું, 'જાવ બાબુને આશીર્વાદ છે વ્યવહાર સુધરી જશે.' મીઠા ઠક્કરે જઈને વાત કરી.

અને ખરેખર થોડા સમયમાં બાબુના દુબળો વ્યવહાર સુધરવા લાગ્યો. ભાયાતોએ દાબેલ ગરાસ પુનઃ પ્રાપ્ત થયો અને બાબુ હાટી સુખી થયો.

સ્વામીશ્રી એકવાર ફરતાં ફરતાં થાણાગલોલ ગામે આવ્યા. ગામના ભક્તરાજ જસા ગોર સ્વામીશ્રીના દર્શને આવ્યા ને વાત કરી 'સ્વામી ! મને ગોપાળાનંદ સ્વામીએ આજ્ઞા કરી છે આજ ગામમાં રહેવું અને સંતો આવે તો જમાડી સેવા કરવી પણ હવે મારો વ્યવહાર દૂબળો પડી ગયો છે તો મારે શું કરવું ?'

સ્વામીએ કહ્યું, 'તમે સમૈયે આવતા નથી ને ધર્માદો આપતા નથી. તેથી દુઃખ આવ્યું છે માટે ગોપાળાનંદ સ્વામી શું કરે ?' આમ વાત કરી એની પાસેથી થોડું અનાજ અને પાણકોરું (વસ્ત્ર) મંગાવી એની સેવા લીધી. એમાંથી ઠાકોરજી જમાડી એના ખેતરે ગયા. ત્યાં જઈને આશીર્વાદ આપ્યા કે 'આ તો કાચું સોનું ઊગે એવી જમીન છે માટે જાવ વ્યવહાર સુધરી જશે.' અને ખરેખર સ્વામીશ્રીના આશીર્વાદથી જસા ગોર સુખી થયા.

મેવાસાના હરજીવન વ્યાસ જૂનાગઢ આવ્યા. એમની સ્થિતિ પણ ખૂબ જ નાજૂક હતી. ઘરમાં સમ ખાવા પૂરતા દાણા વધ્યા હતા અને દાણાનો ભાવ એવો વધી ગયો હતો કે નવા ખરીદવાની એમની ત્રેવડ નહોતી. સ્વામીને બધી મુશ્કેલી જણાવી. સ્વામીએ એમને એક પત્ર લઈ લીલિયા ગામ મોકલ્યા. આમ, એની અલ્પ સેવા ગ્રહણ કરી. પછી આશીર્વાદ આપ્યા કે 'તારા ગામથી ઉગમણી દિશામાં જે ગામ આવે ત્યાં જજે. ત્યાં જાર સસ્તી મળશે.'

તે જ વખતે અંગ્રેજ સરકારનો કાયદો બન્યો હતો કે બીજા રાજ્યમાં અનાજ ન વેચાય તેથી તે જાર ૨૫/- રૂા.ની કળશીના લેખે સસ્તા ભાવે વીરપુરમાં વેચાતી હતી. હરજીવનભાઈ પોતાના ગામથી ઉગમણી દિશામાં એટલે કે વીરપુર પહોંચ્યા ને સસ્તી જાર મળી ગઈ. અને બીજે જ દિવસે અંગ્રેજનો કાયદો ઉઠી ગયો ને જાર મોંઘી થઈ ગઈ.

જૂનાગઢનો ભીમો કડિયો વ્યવહાર દૂર્બળ થવાથી કરાંચી જવાનું સ્વપ્ન સેવતો હતો અને એ માટે આશીર્વાદ લેવા સ્વામી પાસે આવ્યો પણ સ્વામીએ એને



'ત્યાં સત્સંગ નહિ રહે' એમ કહી અહીંયાં જ વ્યવહાર સુધરી જશે એમ આશીર્વાદ આપી પાછો મોકલ્યો. પણ એને થોડા દિવસ પછી ફરીથી મનમાં સંકલ્પ ઊઠ્યા. હવે તો જવાની તૈયારી કરીને જ સ્વામીને જણાવવું, એમ નક્કી કરી જતા પહેલા દર્શન કરવા આવ્યો. પણ અંતર્યામી સ્વામીશ્રી બધું જ જાણતા હતા. એમણે ભીમાને ફરીથી એ જ આજ્ઞા કરી, અને વ્યવહાર સુધરી જશે એવા આશીર્વાદ પણ આપ્યા.

સ્વામીશ્રીના આશીર્વાદથી એને શાહપુરના ગઢનું કામ મળ્યું ને ખૂબ સુખી થયો ને પોતાના પણ નવા મકાન બનાવ્યા.

વળી સ્વામીશ્રી ઘણીવાર વ્યવહાર કઈ રીતે કરવો એ પણ શીખવતા. જાળિયાના અરજણ બાબરિયાને સ્વામીશ્રીએ કેટલા સાથી રાખવા, કેટલી ગાયો-ભેંસો રાખવી, કઈ રીતે ખેતી કરવી વગેરે સલાહ આપી જેનાથી એ વ્યવહારે પણ સુખી થયા ને સમાગમ માટે પણ સમય કાઢી શક્યા.

ઘણીવાર દુકાળની પરિસ્થિતિમાં હરિભક્તો પોતાની માલ-મિલકત સ્વામીને આપી જતા પણ સ્વામી એના વ્યવહારનું પહેલા ધ્યાન રાખતા. એકવાર કરશન બાંભણિયા સ્વામીશ્રીને દુકાળમાં પોતાના ઘેર જેટલું સોનું હતું તે બધું જ ડબલામાં ભરીને આપી ગયા પણ સ્વામીએ એ સાચવી રાખીને દુકાળ પૂરો થતા એને પરત આપી દીધું.

પોતાના ભક્તો આર્થિક ભીંસમાં અતિશય ફસાઈ ગયા હોય તો મંદિરમાંથી આર્થિક સહાય કરીને પણ સ્વામીશ્રી એનું પોષણ કરતા. હાટીના માળિયાના ઠક્કર અમરશીભાઈ મોટા માણસ હતા. પૈસે-ટકે ખૂબ સુખી હતા. એમને એકવાર રૂનો વેપાર કર્યો. એમને ૧૬૦૦ કોરીની એક ખાંડીના લેખે ૧૬ ખાંડી ખરીદી. પણ એમનું નસીબ એમનાથી એક ડગલું આગળ ચાલતું હતું. રૂ ખરીદ્યું ને તરત જ એનો ભાવ બેસી ગયો. ૧૬૦૦ કોરીમાંથી ૬૦૦ કોરી ભાવ થઈ ગયો. ૧૬૦૦૦ કોરીની ખોટ આવી. એમની આવી દશા જોઈને લેણદારો એમના પર તૂટી પડ્યા. એમની ૧ લાખ કોરીની ઉઘરાણી બીજા પાસે પડી હતી. પણ અત્યારે કોઈ વાત માનવા તૈયાર નહોતું. એમને સ્વામીને જઈને પ્રાર્થના કરી. સ્વામીએ કોઠારમાંથી ૧૦૦૦ કોરીની ૧૬ થેલી તૈયાર કરી. એમને આપી જેથી તેઓ દેવું ભરપાઈ કરી દે.

સ્વામીશ્રી ઘણીવાર આગાહી કરીને ભક્તોને ચેતવતા. એમાં જે આજ્ઞા પાળે, તે વ્યવહારે સુખી થતા. એકવાર શિયાળામાં હિમ ખૂબ પડ્યું, બધો કપાસ બળી ગયો. બધા કપાસના છોડ ઉખેડી નાખતા હતા પણ સ્વામીએ સંતોને મોકલી અરજણ બાબરિયા, લાલાભાઈ વગેરે હરિભક્તોને બળેલું વણ ન ખોદવાની

આજ્ઞા કરી. હરિભક્તોએ આજ્ઞા પાળી તો એ કપાસ ફરીથી ફૂટ્યો અને સારું એવું રૂ એમાંથી થયું ને બધા સુખી થયા.

આર્થિક રીતે પોષણ તો સ્વામીશ્રી કરતા પરંતુ વ્યવહારનાં અન્ય દુઃખોમાં પણ સ્વામી મદદ કરતા. ડુંગર ગામના શેઠ સત્સંગી થયા હતા તેથી ગામના લોકોએ એમને નાત બહાર મૂક્યા હતા. એમની જુવાન દીકરીનું કોઈ પાણિગ્રહણ કરતું નહોતું. ગૃહસ્થના ઘરમાં જુવાન દીકરી 'સાપના ભારા' જેવી લાગતી હોય છે. સ્વામીને આ દુઃખની જાણ થઈ. સ્વામીએ શેઠને આશીર્વાદ આપ્યા અને એમની જ જ્ઞાતિના એક સંસ્કારી કુટુંબમાં શેઠની દીકરીનાં લગ્ન ગોઠવાઈ ગયાં.

આમ, હરિભક્તોના સંસાર-વ્યવહારનું ભરણપોષણ કરીને સ્વામીશ્રી એમના યોગક્ષેમનું વહન કરતા અને જ્યારે જ્યારે હરિભક્તને દૈહિક સુખ આવતા ત્યારે પણ તેમનું રક્ષણ કરતા.

**ભક્તોનું રક્ષણ :**

હાટીના માળિયાના મીઠા ઠક્કરને ક્ષયરોગ થયો હતો. સગાસંબંધી એને દોરો-ધાગો કરવા માટે ખૂબ જ આગ્રહ કરતા પણ મીઠા ઠક્કર કોઈનું માનતા નહિ. એવામાં સ્વામીશ્રી માંગરોળમાં હતા તેથી મીઠા ઠક્કરે ત્યાં સ્વામીને સમાચાર મોકલાવ્યા. સમાચાર મળતાં જ સ્વામીશ્રી તરત જ હાટીના માળિયા પહોંચી ગયા. જઈને એમણે મીઠાની તબિયત પૂછી. ઘરના લોકોએ સ્વામીને કહ્યું, 'એને કહો દોરા-ધાગા બંધાવે.'

સ્વામીએ કહ્યું, 'દોરા તો ખાટલાની પાટીમાં ઘણાય હોય છે. એનાથી કાંઈ મટે નહિ, એના માટે હું જૂનાગઢથી વૈદ્ય મોકલીશ.' સ્વામીશ્રી જૂનાગઢ ગયા અને એમની ઇચ્છાથી ભગવાન ધન્વંતરી વૈદ્ય બનીને આવ્યા ને મીઠાની સારવાર કરી એનો ક્ષયરોગ નાબૂદ કરી દીધો.

ઘોઘલા ગામના શિવશંકર નામના બ્રાહ્મણ ભક્ત અપંગ હતા. એકવાર જૂનાગઢ સ્વામીશ્રીના દર્શન માટે ઘોડી પર બેસીને આવતા હતા. જંગલમાં હિંસક જાનવરની ત્રાડ સાંભળીને ઘોડી ભડકી ને ઝાડ થઈ ગઈ. શિવશંકર પડી ગયા, એમને વાગ્યું અને ઘોડી તો દોડીને ભાગી ગઈ. અસહાય શિવશંકરને હવે સ્વામીશ્રી સિવાય કોઈની સહાય નહોતી. એમને પ્રાર્થના કરી એટલામાં સ્વામીશ્રીએ દર્શન આપ્યા અને એમના શરીરે હાથ ફેરવી વેદના દૂર કરી. એમને બેઠા કર્યા ને બાજુમાં જ ઘોડી બતાવી. એમને પકડી ઘોડી પર બેસાર્યા. પછી સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા. આમ, સ્વામી સદા ભક્તોની રક્ષામાં રહેતા.

બગસરાના દરબારે ગામમાં મંદિર બનાવવા માટે સ્વામીને જમીન આપી



હતી. એકવાર એવું બન્યું કે દરબાર ઉપર બહારવટિયા રાખવાનું તહોમત આવ્યું આથી એમને પકડી ગયા ને ફાંસીની સજા નક્કી કરવામાં આવી. નિર્દોષ દરબારનાં પત્ની ગભરાઈ ગયાં. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના મોકલાવી. સ્વામીશ્રીએ તરત જ આશીર્વાદ મોકલ્યા કે 'તમે અહીંયાં અરજી કરી અને દરબાર છૂટી ગયા' અને ખરેખર દરબારને નિર્દોષ જાહેર કરીને છોડી દીધા. આમ, એકવાર ભૂમિદાન કરી અલ્પ સેવા કરી સ્વામીએ એમને જીવતદાન આપી મહત્ સેવા કરી લીધી.

એકવાર નાજા કામળિયા સ્વામીનો સમાગમ કરવા માટે જતા હતા. રસ્તામાં એમની ઘોડી નાની કેડીએ ચઢી ગઈ. તે કેડીની બંને કોર ડુંગરની ધાર હતી. અને આગળ જતા જોયું તો ઊંડી ખાઈ હતી અને અંદર શેત્રુંજી નદી વહેતી હતી. એકેય તરફ જવાય એવી પરિસ્થિતિ રહી નહોતી. ઘોડી વળી શકે એમ પણ નહોતી. નાજા કામળિયાએ સ્વામીશ્રીને સંભાર્યા. સ્વામીએ નાજા કામળિયાને ઘોડી સહિત ઊંચકી શેત્રુંજી નદીના સામે કાંઠે મૂકી દીધા અને પોતે અદૃશ્ય થઈ ગયા. આમ, આવી કટોકટીની પળે સ્વામી ભક્તોની સહાયમાં પહોંચી જતા.

સ્વામીશ્રી ફરતાં ફરતાં વડાળ ગામમાં આવ્યા. અહીં મંદિરની ગાર્ય ઊખડી ગઈ હતી. સ્વામીએ પૂછ્યું તો જાણવા મળ્યું કે જે બાઈ લીંપવાની સેવા કરતી હતી તે બાઈ આંધળી થઈ ગઈ છે. સ્વામીએ કહ્યું, 'બાઈને કહેજો સેવા કરવા આવે, સારું થઈ જશે.' અને ખરેખર સ્વામીશ્રીના આશીર્વાદથી તે દેખતી થઈ ગઈ.

ઘણીવાર સ્વામીશ્રી પોતાનું અંતર્યામીપણું વાપરીને હરિભક્તને દુઃખમાંથી ઉગારવા ચેતાવી દેતા. એકવાર ઉનેવાળના બ્રાહ્મણ મૂળજી સ્વામીશ્રીના દર્શને આવ્યા. સ્વામીએ એને કહ્યું, 'ઓણ સાલ વાલજીને પરણાવીશ મા. ગમે તેમ કરી આટલું વરસ કાઢી નાખ.' મૂળજીભાઈ પણ સ્વામીની આજ્ઞા માથે ચઢાવીને ઘેર ગયા. પણ વેવાઈના દુરાગ્રહથી તેઓ સ્વામીની આજ્ઞા પાળી ન શક્યા. બે દીકરીનો ખર્ચ ભેગામાં પતી જાય એવી ઇચ્છાથી વેવાઈએ વાલજીના લગ્ન ફરી લેવા આગ્રહ કર્યો. મૂળજીભાઈ કાંઈ કહી ન શક્યા.

લગ્ન બાદ સ્વામીશ્રી પાસે જઈને માફી માગી. સ્વામી પણ દુઃખી થઈ ગયા. બીજી આજ્ઞા કરતાં કહ્યું, 'વાંધો નહિ. લગ્ન તો થઈ જ ગયા છે પણ એક કામ કરજે, તારા વાઢે ચિચોડો ચાલે છે ત્યાં વાલજીને ન જવા દેતો.' આજ્ઞા શિરે ચઢાવી મૂળજી ઘેર ગયો. ખૂબ સાવચેતીથી આજ્ઞા પાળવા લાગ્યો. રોજ ઘેર શેરડીને ગોળ લાવી વાલજીને ખવડાવે પણ એને જવા ન દે. આખરે ચિચોડો બંધ કરવાનો સમય નજીક આવ્યો ત્યારે આગલે દિવસે જ પિતાની ગેરહાજરીનો લાભ

લઈને વાલજી મિત્રો સાથે ચિચોડે ગયો, પણ આજ્ઞા ઉલ્લંઘનના માઠા ફળ તેને ભોગવવા પડ્યા. શેરડી નાખતાં નાખતાં એનો આખો હાથ ચિચોડામાં આવી ગયો અને તે મરણને શરણ થઈ ગયો. સ્વામીશ્રીએ એના રક્ષણ માટે ઘણી આજ્ઞા કરી પણ પાળી ન શક્યા. આમ, ભક્તોની રક્ષા કરવા સ્વામી હંમેશાં તૈયાર જ રહેતા.

આમ, સ્વામીશ્રી દૈહિક રક્ષા કરીને પણ હરિભક્તોના યોગક્ષેમનું વહન કરતા. અને ભક્તોનું કલ્યાણ કરીને પણ યોગક્ષેમનું વહન કરતા. એ તો આપણે જાણીએ જ છીએ કે જૂનાગઢની ખેંગારવાવ માથાથી ભરાઈ જાય. એટલા સાચા ભક્તો તેમણે તૈયાર કર્યા હતા.

આમ, સ્વામીશ્રીએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન હરિભક્તોના યોગક્ષેમનું વહન કર્યું છે.

**(૩) માનવીના ઘડવૈયા**

જેમ કુશળ શિલ્પી હોય તે અણઘડ પથ્થરને ઘડીને સુંદર મૂર્તિ તૈયાર કરે છે. જેમ કુશળ શિક્ષક અભણ માણસને વિદ્યા આપીને વિદ્યાવારિધિ બનાવે છે. તેમ જૂનાગઢી જોગી ગુણાતીતાનંદ સ્વામીએ પથ્થર જેવા, પશુ જેવા માણસોનું ઘડતર કરીને સાચો માણસ બનાવ્યો છે.

ગોંડલ પાસે લીલાખા ગામ છે. ત્યાં મુંજા સુરુ રહેતા હતા. દારૂ માંસ ભક્ષણ એ એમનો દૈનિક ક્રમ બની ગયો હતો. કોઈ પણ જાતનો શિકાર કરવો તેમાં તેમણે કદી સંકોચ અનુભવ્યો ન હતો.

એક દિવસ સ્વામીશ્રી તેમને ગામ પધાર્યા અને જાણે મુંજા સુરુના ભાગ્યનો ઉદય થઈ ગયો તેથી સ્વામીશ્રીએ તેમને બોલાવ્યો. મુંજા સુરુ તરત જ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ ઉપદેશ આપતાં કહ્યું : 'જાણો છો મુંજા સુરુ ! અફીણ એક કલ્પ સુધી. ભાંગ કલ્પ સુધી અને દારૂ, માંસ હજાર કલ્પ સુધી તેના પીનારને નરકમાં નાખે છે.' એમ કેટલીક દારૂમાંસ નિષેધની વાતો કરી.

ત્યારે મુંજા સુરુએ કહ્યું : 'સ્વામી ! અમારો તો ધર્મ છે કે શિકાર કરવો. માંસ ખાવું અને દારૂ પીવો. એટલે તમારી વાત વાણિયા, બ્રાહ્મણો માટે હશે. અમે તો શાસ્ત્રના પોથાને અધ્ધર લટકાવી રાખીએ છીએ.' તેની આ વાત સાંભળી સ્વામીને થયું કે 'આને મારા વચનની પ્રતીતિ નથી.' એટલે દૃષ્ટિ કરીને તેને સમાધિ કરાવી. સમાધિમાં અનેક પ્રકારના નર્કના કુંડોમાં પાપી જીવોને અસહ્ય દુઃખ ભોગવતા જોઈ મુંજા સુરુને ત્રાસ ઉપજ્યો. આ ત્રાસથી જ્યારે એને ધ્રુજારી છૂટી, ત્યારે સ્વામીશ્રીએ તેમને સમાધિમાંથી જાગૃત કર્યા.



નજરે દેખેલા ત્રાસથી ગભરાયેલા મુંજો સુરુ સ્વામીના ચરણમાં પડી ગયા ને બોલ્યા, 'કૃપાળુ ! આ જમપુરી સાચી છે. માટે આવી જમપુરીમાં ન જવું પડે તેવી દયા કરો !' સ્વામીશ્રીએ હસીને કહ્યું : 'વર્તમાન ધરાવી શ્રીજીમહારાજનો આશ્રય કરો તો એ દુઃખ ટળે.' એટલે તરત જ વર્તમાન ધરાવ્યા. કંઠી પહેરી. ત્યારથી 'પાપનો પર્વત' કહેવાતા મુંજા સુરુ સત્સંગી થઈ ગયા.

આવો જ બીજો પ્રસંગ માણસા(બાબરિયાવાડ)નો છે. ત્યાંના કાઠી દરબાર મામૈયા વરુના બે પુત્રો સીદી અને વાલેરો વરુ. વાલેરાનો ગરાસનો અર્ધો ભાગ સીદીએ દબાવ્યો હતો. આથી તે બહારવટે નીકળેલો. આસપાસના ગામની વસતિને રંજાડતો. તેના ઢોર ઉપાડી જાય. હળ હાંકતા ખેડૂતોને મારી નાખે ને ત્રાસ ઉપજાવતો પણ સામે સીદી વરુ પણ પાકો ભરાડી હતો તે દાદ દે તેમ ન હતો.

આ અરસામાં સ્વામીશ્રી નાઘેર દેશમાં ફરતાં ફરતાં ભૂલા પડ્યા. જંગલમાં થઈને જતા હતા ત્યાં સાત આઠ બંદૂકધારીઓ આડા પડ્યા. 'એ મહારાજો ! હાલો આ તરફ વાલેરો વરુ તમારી રાહ જુએ છે. આ સાંભળતાં જ સૌનાં ગાત્રો ઢીલાં થઈ ગયાં ને વિચારવા લાગ્યા કે તે જમનો દૂત આજે આપણને કેમ છોડશે ! સૌનાં ગાત્રો ઢીલાં થઈ ગયાં !' વાલેરાએ દૂરથી આવતા સંતને જોયા ને તેના હાથ સળવળ્યા. હાથમાં બંદૂક લઈને તાકી. ત્યાં તો સૌમ્યમૂર્તિ સ્વામીશ્રીને જોયા. ને જોતાંવેંત જ હાથમાંથી બંદૂક પડી ગઈ. સ્વામીશ્રીએ પાસે આવીને પૂછ્યું : 'તમે જ વાલેરા વરુ ?' જાણે જાદુ થયો હોય તેમ વાલેરાએ બે હાથ જોડી દીધા. પૂછ્યું, 'ક્યાંની આ જમાત છે ?'

સ્વામીએ કહ્યું, 'આ જમાત નથી. સ્વામિનારાયણના સાધુ છે. ભગવાન ભજીએ છીએ ને ભજાવીએ છીએ.' આ અમૃતરસભરી વાણી સાંભળી વાલેરાનું અંતઃકરણ ફરી ગયું. અને સ્વામીશ્રીને કહ્યું, 'આપ સૌ અમારી રસોઈ જમશો તો અમારું સારું થશે.'

સ્વામીએ અંતરની કુમળાશ પારખી. પૂછ્યું, 'દરબાર ! આમ, બારવટે ચડવાનું શું કારણ ?'

વાલેરાએ કહ્યું, 'મહારાજ ! મારો ગરાસ ભાઈએ દબાવ્યો છે. તેથી ન છૂટકે આ ધંધો કરવો પડે છે.' સ્વામીશ્રી સમજી ગયા. તેમણે કહ્યું, 'કજિયો ભાઈ સાથે અને રંજાડ વસતિને કરવાની ? આ કેવો ન્યાય ? નિર્દોષ માણસોને મારવાથી ગરાસ મળશે ?' વાલેરાને પોતાનાં પાપો આંખો સામે તરવા લાગ્યાં. સ્વામીશ્રીના એક જ શબ્દે તેનું હૈયું હલી ગયું. પશ્ચાત્તાપનાં આંસુ પડવા લાગ્યાં. હાથ જોડી કહ્યું : 'મા બાપ ! પાપ બહુ કર્યાં છે. પણ જો ગરાસ મળે તો જ આ ધંધો છૂટે.'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા, 'તમારો ગરાસ સાત દિવસમાં મળી જશે.' વાલેરો આનંદમાં આવી ગયો. પછી કહ્યું, 'પણ હેં મહારાજ ! એ સાત દી થાય ક્યારે ?' સ્વામીએ આ અભણ દરબારને સીંદરીને સાત ગાંઠ મારી આપી અને કહ્યું, રોજ સૂરજદાદા ઊગે ત્યારે એક ગાંઠ છોડજો.

સ્વામી જમીને ચાલી નીકળ્યા અને આશીર્વાદથી વાલેરાને સામેથી સાત જ દિવસમાં ગરાસ મળી ગયું. પાછળથી જૂનાગઢ આવી સ્વામીના આશ્રિત થયા. આમ, એક અજાણ ને હિંસક માણસનું ઘડતર થયું ને ઉત્તમ ભક્ત થયા.

સ્વામીશ્રી સંવત ૧૯૧૨માં વસંતોત્સવ કરી સોરઠમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં સ્વામી માળિયા પધાર્યા. સ્વામી ગામમાં આવ્યા અને ચોકમાં લીંમડા પાસે આવ્યા. ત્યાં રામો હાટી બેઠા હતા.

સ્વામીશ્રીએ તેને કહ્યું : 'રામા હાટી ! મોતૈયા લાડુ અને સાટા જલેબી સાવજને નાખીએ, તો તે ખાય ?'

ત્યારે તેણે કહ્યું : 'ના, મહારાજ ! એ એનું ખાણું નહીં. એ તો એનું ખાણું જ ખાય.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'જનાવર છે તે પણ માણસનું ખાણું ન ખાય ને માણસ છે તે જનાવરનું ખાણું ખાય તે કેવું કહેવાય ? ન પીવાનું પીએ ને ન ખાવાનું ખાય તે કાંઈ માણસનું લક્ષણ કહેવાય ?'

રામો હાટી બધા કુલક્ષણે પૂરા હતા. પરંતુ સ્વામીશ્રીની આ વેધક વાણી તેમના હૃદય સોંસરી એકદમ ઊતરી ગઈ. તેણે તરત જ હાથ જોડી કહ્યું : 'સ્વામી ! હું મૂકી દઉં.' અને તરત જ પ્રતિજ્ઞા લીધી અને ત્યાં જ તેણે સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં. સારા સત્સંગી થયા.

સ્વામીશ્રીની મહેમાનગીરીનો લાભ સત્સંગી કરતા બિનસત્સંગી વધુ લેતા. અને જે આ મહેમાનગીરીનો લાભ લેતા, તે સત્સંગી થયા વિના રહેતા જ નહિ. વળાંક દેશના કામરોળ ગામના દરબાર દાજીભાઈ સરકારી કામે જૂનાગઢ આવ્યા હતા. તેમણે ઉતારો મંદિરમાં રાખ્યો. સ્વામીશ્રીએ પણ તેમની ચાકર પાસે સારી બરદાસ્ત કરાવી. દરબારને લાગ્યું, જેવી વાત મહેમાનગીરીની સાંભળી હતી તેવી જ છે.

સવારે સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા. તે વખતે દરબાર પણ સભામાં બેઠા હતા. સ્વામીએ તેમને કહ્યું : 'દરબાર ! ગુરુ કર્યા છે ?'

ત્યારે દરબારે કહ્યું : 'હજુ તો નથી કર્યા. પણ હું ગોતું છું. હજી સુધી મળ્યા નથી. કાં જેને ગુરુ કરવા વિચારું તે દારૂના બે શીશા અને બે બકરા માગે છે. એટલે મને વિચાર થાય કે એવું તો હું પણ કરું છું એટલે એવા ગુરુ મારું શું ભલું કરે ?'

આ સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : 'દરબાર ! આ ગુરુ તેવું માગે એવા નથી. દરબાર ! દારૂ, માટી, ચોરી, છીનાળી ને વટલવું, વટલાવવું નહીં, એ પાંચ નિયમો પળાવી સ્વામિનારાયણનું ભજન અમે કરાવીએ છીએ.' સ્વામીશ્રીની વાત સાંભળી દરબારનું હૈયું ટાઢું થઈ ગયું. સંકલ્પો બંધ થઈ ગયા. તેમણે હાથ જોડી કહ્યું : 'સ્વામી ! આજથી આપના વચને બધા નિયમ પાળીશ. પણ મેં યુવાવસ્થામાં ત્રાંબાની ભસ્મ ખાધી છે ને ચકલાંની જીભો કપાવીને ખાધી છે. તેથી નિષ્કામ ધર્મ મારાથી પળે તેમ નથી.' દરબારે નિષ્કપટપણે પોતાની હકીકત સભામાં કહી દીધી. તેથી સ્વામીશ્રી રાજી થયા. પછી કહ્યું : 'આ ચાર નિયમો તમે પાળજો. પાંચમું નિષ્કામ ધર્મ અમે તમને પળાવીશું.' પછી દરબારને વર્તમાન ધરાવ્યા. કંઠી પહેરાવી. પૂજા આપી, સ્વામિનારાયણની પાંચ માળા પોતા તરફ દૃષ્ટિ રાખી ફેરવવા આજ્ઞા કરી. એ પ્રમાણે માળા ફેરવી તરત જ સ્વામીશ્રીએ તેમના નેત્રમાંથી કામ ખેંચી લીધો. દરબારને આ અસાધારણ કૃપાથી હૈયામાં અત્યંત શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રી પાસે બધી વાતે પૂરા એવા આ દરબાર નિષ્કપટ થયા ને નિર્દોષ થઈ ગયા.

આમ, સ્વામીશ્રીએ અને અણઘડ પથ્થરોને કંડારીને માનવતાની મૂર્તિઓ ઘડી હતી. ખરેખર સ્વામી માનવતાના ઘડવૈયા હતા.

**(૪) આજ્ઞાલોપથી દુઃખ**

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે : 'સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞા લોપ.'

આવા મોટા સંતો ઘણીવાર જીવોને ચેતવે છે. શ્રીજીમહારાજે પણ વચ. પ્ર.૩૪માં ચેતવ્યા છે કે ભગવાનના ભક્તને જે દુઃખ આવે છે તે આજ્ઞા લોપવે કરીને આવે છે.

તેમ છતાં દેહાભિમાનના યોગે જીવ અવળચંડાઈ મૂકતો નથી અને સ્વભાવની જડતાથી આજ્ઞાલોપના ફળને મૂર્તિમાન જોયા છતાં મૂકી શકતો નથી. તેમાં શુદ્ધ મુમુક્ષુ હોય તે પણ કોઈ વખત ઝપાટામાં આવી જાય છે. અને પછી મોટાપુરુષની આજ્ઞાની અવજ્ઞા કરવાનું ફળ ભોગવે છે.

જૂનાગઢમાં મંદિરમાં સાધુના જાગવાના વારા હતા. તે વારા પ્રમાણે જેનો વારો હતો તે સાધુને બોલાવીને સ્વામીએ કહ્યું, 'સાધુરામ ! આજે જાગવાનો વારો તમારો છે. માટે ખબડદાર રહેજો.'

ત્યારે તે સાધુએ કહ્યું, 'મારાથી ઉજાગરો થાય નહિ.'

ત્યારે સ્વામી કચવાઈને બોલ્યા, 'ભલે, બીજાને ગોઠવીશું.' બીજાને ગોઠવી દીધા. પણ જે સાધુએ જાગવાની ના કહી હતી તેને સમી સાંજે વીંછી કરડ્યો. તેથી આખી રાત જાગ્યો અને વીંછીના ડંખની વેદનાથી રાડ્યું નાખી. કહ્યું છે કે,

*'વંકા આગળ વાંકડા, તરવંકા આગળ ચોવંક;*
*શીળા આગળ પાશરા, અને રંક આગળ રંક.'*

સ્વામીશ્રીની પ્રકૃતિ અત્યંત દયાળુ હતી. પરંતુ તે દયા જીવ ઉપર હતી દેહ ઉપર નહીં. જીવને બ્રહ્મરૂપ થવામાં દેહ આડો આવતો હોય તો સ્વામીશ્રી દેહને દંડ દેતા. સ્વામીશ્રીએ એક દિવસ બે પાળાઓને બોલાવીને કહ્યું કે 'વાડીમાં હળ હાંકવું છે તે તમે જાશો ?' સર્વોપરી પુરુષોત્તમનારાયણના ધામરૂપ અક્ષરબ્રહ્મ આજે સાધુરૂપે મંદિરની સેવા કરાવવા ઓશિયાળા થઈને પૂછે છે. ત્યારે જીવ દેહાભિમાનના યોગે ઢોંગાઈ કરી આજ્ઞાની ઉપેક્ષા કરે છે. બેમાંથી એક પાળાએ શરમે હા પાડી જ્યારે બીજાએ ગોઠણે પાટો બાંધી કહ્યું, 'મારે પગે વા આવ્યો છે તે મારાથી નહીં જવાય.' સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા, 'જુઓ તો ખરા જીવ કેવા ખૂટલ હોય છે પણ ભગવાનનું કામ ઓછું પડ્યું રહે છે.' થોડા દિવસ બાદ આ બે પાળાએ સાધુની દીક્ષા લીધી. જેણે કપટ કર્યું હતું તે સાધુને ત્રણ માસ સુધી પેટબેસણું રહ્યું અને હેરાન થઈ ગયો. કપટનો દંડ તેને ભોગવવો પડ્યો.

સંવત ૧૯૧૧માં વડતાલમાં છાવણીમાં જવા માટે સ્વામી જૂનાગઢથી નીકળી ગઢડા નિંગાળા થઈ કેરિયા આવ્યા. રાત્રિ રહ્યા. રાત્રે સભામાં થોડી વાતો કરી. સભામાં બેઠેલા ભગુભાઈને કહ્યું, 'તમે અમારી સાથે વડતાલ આવો.' એટલે ભગુભાઈએ કહ્યું, 'સ્વામી ! મને ન ફાવે. મારે નહાવા ઊનું પાણી જોઈએ. ઊની ઊની ગરમ રોટલી જોઈએ. વળી ચાકરી કરનારો સેવક જોઈએ. તે સગવડતા ત્યાં ન મળે.'

એટલે સ્વામીશ્રીએ ફરી કહ્યું : 'ભગુભાઈ ! તમને બધી સગવડતા આપશું.' પણ ભગુભાઈએ હાથ જોડી ના પાડી, 'સ્વામી ! મને ન ફાવે. માટે તાણ કરવી રહેવા દ્યો.'

સ્વામીશ્રીને તો જીવની અવળાઈ કાઢવી હતી. ભગવાન સન્મુખ કરવા હતા. વળી કોઈ વિઘ્ન આવવાનું હોઈ તે પણ આજ્ઞા પળાવીને ટાળવું હતું.

સ્વામીશ્રીએ કહ્યું, 'આ વાસુદેવાનંદ બ્રહ્મચારી તમને બે ટાણા ઊનું રાંધીને જમાડશે. માટે હાલો.' પણ ભગુભાઈ ન માન્યા. સ્વામી પછી ત્યાંથી ચાલી નીકળ્યા.

ત્યારબાદ બે મહિને ભગુભાઈ વડતાલમાં સ્વામી વાતો કરતા હતા ત્યાં



આવ્યા. સ્વામી જોઈને કહેવા લાગ્યા, 'અહો ! તમે અહીં ક્યાંથી ?'

એટલે ભગુભાઈએ કહ્યું, 'હું તો બે મહિનાથી અમદાવાદ હતો.' તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું, 'પટેલ ! અમદાવાદમાં ઊના પાણીનો ને ગરમ રોટલીનો કેવો જોગ થયો હતો ?'

પટેલે વીલા મોઢે કહ્યું, 'માબાપ ! ત્યાં ક્યાંથી ઊનું પાણી મળે ? આપની આજ્ઞા ન માની એટલે જ મને ઉપાધિ આવી.'

પછી સ્વામીશ્રીએ કહ્યું, 'શું થયું હતું તે વાત કરો.'

પટેલે બધી હકીકત કહી, 'મેં સાથી રાખ્યો હતો. પણ તેણે કોઈની ચોરી કરી હતી એ મને ખબર નહિ. તેથી તે પકડાયો. તેણે ચોરી કરી હતી. તેનો માલ મેં રાખ્યો હશે એવી શંકાથી મને પણ જેલમાં લઈ ગયા. પરંતુ આપની જ દયાથી નિર્દોષ છૂટીને આવ્યો છું.'

એક વખત સ્વામીશ્રી ધર્મશાળામાં સંતો-પાર્ષદોની સભામાં ગાદીતકિયે વિરાજમાન હતા. તે વખતે સ્વામીશ્રીએ હરિપ્રસાદદાસજીને કહ્યું : 'આ વૈકુંઠચરણદાસજી વૃદ્ધ સાધુ છે માટે તેમની તમે જોડ રાખો.'

ત્યારે તેણે કહ્યું : 'જોડ રાખે શું થાય ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'આ દેહ કોઈ વખત માંદો થાય તેથી જોડ હોય તો એકબીજાની સેવા થાય.' એટલે હરિપ્રસાદે કહ્યું : 'સ્વામી ! હું તો માંદો થાઉં જ નહિ. હું નિયમિત રહું છું માટે મારા માંદા થવાની તમારે કોઈ ચિંતા કરવી નહિ.' એટલે સ્વામીશ્રીએ કહ્યું, 'ભલે બહુ સારું !' પછી તે ઊઠીને ભંડારે ગયો. ત્યાં બીજા સાધુને કહેવા લાગ્યો, 'સ્વામી મને ડોસાને જોડમાં રાખવાની વાત કરે છે. પણ હું તો તેની સામું થૂંકું પણ નહીં.'

બીજે દિવસે જ તેને સખત તાવ આવ્યો. અને ઊલટી થવા લાગી. અવાજ સાંભળીને સ્વામીશ્રીએ મુકુન્દપ્રિયદાસને પૂછયું 'આ ઊલટી કોને થાય છે ?'

ત્યારે કહ્યું : 'હરિપ્રસાદને ગઈકાલે રાત્રે સખત તાવ આવ્યો છે. તેથી તેને ઊલટી થાય છે.' એટલે સ્વામીશ્રીએ કહ્યું, 'તે તો કાલે કહેતા હતા ને કે હું માંદો ન જ થાઉં !' એટલે મુકુન્દપ્રિયને લાગ્યું કે ખરેખર સ્વામીશ્રીની અવજ્ઞા કરી એટલે માંદા થયા. બનવા જોગ પેલા વૃદ્ધ સાધુનું આસન બાજુમાં જ હતું. તેમની પાસે જ હરિપ્રસાદને પાણી માગવું પડ્યું. વૈકુંઠચરણદાસ નિર્માની હતા. હરિપ્રસાદ સાજા થયા ત્યાં સુધી સેવા કરી. આમ, સત્પુરુષના વચનમાં હંમેશાં મર્મ હોય છે. પણ રહસ્ય સમજાય તો દુઃખ ન વેઠવું પડે. હરિપ્રસાદને રહસ્ય સમજાયું ને માફી માગી.

એક દિવસ સ્વામી સભામાં બેઠા હતા. તે વખતે જૂનાગઢના ભાણા મિસ્ત્રી ને કરમશી મિસ્ત્રી બેઠા હતા. ભાણાએ સ્વામીશ્રીએ કહ્યું, 'આ કરમશીભાઈ ઘરભંગ થયા છે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હશે, મહારાજની મરજી પણ હવે ફરી ઘર કરવું નહિ. હવે જો પરણશો તો દુઃખ થશે ને તેની વિષ્ટા તમારે ઉપાડવી પડશે.'

પણ કરમશીને પંચવિષયમાં આસક્તિ હતી એટલે સ્વામીના ઉપદેશને અવગણીને ફરી લગ્ન કર્યા. પણ સ્વામીશ્રીનાં વચન કાંઈ મિથ્યા નહોતાં. લગ્ન કર્યા પછી થોડા જ મહિના બાદ તેમની સ્ત્રીને લોહીસ્રાવના ઝાડા થવા લાગ્યા. બહુ જ દવા કરી પણ રોગ અસાધ્ય થઈ ગયો અને વધતો જ ગયો. સારવારમાં કોઈની મદદ મળતી નહીં. તેથી સ્ત્રીની વિષ્ટા તેમને ઉપાડવી પડતી. ઘણો વખત આવું ચાલ્યું. એટલે મિસ્ત્રી કંટાળી ગયા. સ્વામીશ્રી પાસે આવીને પ્રાર્થના કરી : 'દયાળુ ! હવે દયા કરો. કંટાળી ગયો છું.' ત્યારે સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે મંદિરના કૂવાનો ફાળકો ફેરવ તો છૂટકો થશે. અને એ સેવા કરવાથી થોડા દિવસમાં એમની સ્ત્રી મરી ગઈ ને છૂટકો થયો. આમ, પંચવિષયમાં આસક્તિ હોય ત્યાં સુધી મોટાપુરુષના વચન ન મનાય ને છેવટે દુઃખી થાય ત્યારે પ્રતીતિ થાય.

ભાયાવદરના હંસરાજ પટેલનો પુત્ર વસ્તો વારંવાર જૂનાગઢ આવતો પણ સ્વામીશ્રી પાછો મોકલતા. પરંતુ તીવ્ર વૈરાગ્યને લઈને તેનું અંતર ત્યાં ઠરતું નહીં એટલે પાછા જૂનાગઢ આવી ગયા. પાછળ જ હંસરાજ પટેલ આવ્યા. પણ વસ્તાએ ના પાડી ને કહ્યું કે 'મારે તો સાધુ થવું છે.' પટેલ તો ચમક્યા. 'મારો દીકરો વસ્તો સાધુ થાય ?' પટેલ પરાણે ઘેર લાવ્યા. વિચાર્યું કે વારેવારે ભાગી જશે તો હેરાન થઈ જાશું. તેથી ઓરડામાં પૂરી ઓરડો બંધ કરી તાળુ મારી દીધું. વસ્તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતો હતો, ત્યાં સ્વામીએ દર્શન દીધાં અને સાથે લઈ ગયા. પટેલે સવારે તાળુ ઉઘાડી જોયું ત્યારે ઓરડો ખાલી હતો. તરત જ જૂનાગઢ ગયા. સ્વામી સવારમાં સભામાં બિરાજ્યા હતા. ત્યાં દંડવત્ કરી વસ્તાની વાત પૂછી. સ્વામીશ્રી કહે 'સવારે આવ્યો છે. હવે એને પરમેશ્વર ભજવા છે તો રહેવા દ્યો.' પટેલને ધ્રાસકો લાગ્યો. અને કહ્યું, 'આનો તો વિવાહ કર્યો છે. અમારે મોઢું શું બતાડવું ? લોકો વેણ મારે. માટે લઈ ગયા વિના ચાલે નહિ.'

સ્વામીશ્રીએ વસ્તાને બોલાવ્યા અને કહ્યું, 'પિતા તેડવા આવ્યા છે તો સાથે જશો ?'



તેણે કહ્યું, 'મારે ભગવાન ભજવા છે. સેવા કરવી છે. સંસાર કરવો નથી.' ત્યારે હંસરાજ પટેલે કહ્યું, 'એનું સાસરું ગામમાં છે. એ અહીં રહે તે પાલવે નહિ. લોકો વાતું કરે કે હંસરાજનો દીકરો બાવો થઈ ગયો. તે અમારાથી સહન ન થાય.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'કદાચ વસ્તો દેહ મૂકી ગયો તો શું કરો ?' પણ પટેલે નક્કી જ કરી લીધું કે તેને ઘેર લઈ ગયા વિના છૂટકો જ નથી. બીજે દિવસે શણગાર આરતી પછી સ્વામીશ્રી પાસે આવ્યા ને કહ્યું, 'ક્યાં છે વસ્તો ? અમારે અત્યારે જવું છે.'

સ્વામીશ્રીએ કહ્યું, 'કાલે રાત્રે તેને તાવ આવ્યો હતો. માટે માંદાની જગ્યાએ સુવાર્યો છે.' પટેલ ત્યાં ગયા. તેને ધાણી ફૂટે એવો તાવ આવેલ. પટેલ તો ત્યાં જ બેસી રહ્યા. ચાર કલાક બાદ પંચભૌતિક દેહનો વસ્તાએ ત્યાગ કરી દીધો. પછી હંસરાજ પટેલ વીલે મોઢે ઘેર પાછા ગયા.

આમ, આજ્ઞા લોપીને ભકતો હંમેશાં દુઃખી થતા હોય છે.

## (નિબંધ : સામાન્ય જ્ઞાન)

**પ્રશ્ન.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૧૮)**

સૂચના: પૂર્વકસોટીમાં પુછાતા વિષયો પર નિબંધની તૈયારી કરવી જેમાંથી જ એક નિબંધ મુખ્ય પરીક્ષામાં પુછાશે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૧

સમય : ૩ કલાક                                    કુલ ગુણ : ૧૦૦

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૧૮)**

નોંધ : વિષય વસ્તુને પૂરતો ન્યાય આપવા માટે અભ્યાસક્રમ સિવાયના વચનામૃતની નોંધ પણ લઈ શકાય છે.

**(૧) સોનીની પેઢીનું દૃષ્ટાંત અને તેનું રહસ્ય**

**દૃષ્ટાંત - સિદ્ધાંત**

સોનીની પેઢી - હૃદય

સોની - માયા

હથોડો - સંકલ્પ, વિકલ્પ

સ્ત્રી, છોકરાં - ઇન્દ્રિયો, અંતઃકરણ

કંચન : ચૈતન્ય (આત્મા)

સોનુ - જ્ઞાન-વૈરાગ્યાદિક ગુણ

રૂપું - પંચવિષયમાં આસક્તિ, દેહાભિમાન આદિક દોષ

આ વચનામૃતમાં મહારાજ દૃષ્ટાંત આપે છે કે જેમ સોળવલું સોનું હોય તેને સોનીની પેઢીએ લઈ જાય અને ધણીની નજર લગારેક ચૂકે તો સોની સોનું કાઢીને રૂપું ભેળવી દે. અહીં સોની આખો દિવસ અખંડ ટચકા મારતો રહે છે અને તેનાં સ્ત્રી-છોકરાં આવે તો યુક્તિએ કરીને સોનું ચોરી જાય.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે જે હૃદયરૂપી સોનીની પેઢીમાં માયારૂપી સોની બેઠો છે તે સંકલ્પરૂપી હથોડા વડે અખંડ ટચટચ ટચકા મારતો રહે છે અને ઇન્દ્રિયો અંતઃકરણ તે સર્વે માયારૂપ જે સોની તેના છોકરા છે, તે સોનારૂપ ચૈતન્યને વિષે પંચવિષય, દેહાભિમાન, કામક્રોધાદિક એ રૂપ રૂપું ભેળવી દે છે ને જ્ઞાનવૈરાગ્યના ગુણરૂપ જે સોનું તે કાઢી લે છે.

- ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ‘માયા તો એવી ખીજી છે જે પાતાળ ફાડીને તેમાં નાખી દે અને કરો પાડીને મારી નાખે. ભગવાન ભજવા દે નહિ.’ (૭/૬)
- તેમ માયારૂપ સોની અને તેના છોકરારૂપ ઇન્દ્રિયો-અંતઃકરણ આત્માનું સુખ લેવા દેતા જ નથી. યુક્તિએ કરીને ગમે તેમ કામક્રોધાદિક રૂપી રૂપું ભેળવી દે છે.
- સૌભરી, પરાશર, ઇન્દ્ર, શિવજી, બ્રહ્મા આદિ દેવતાઓ અને ઋષિઓએ જ્ઞાનવૈરાગ્યાદિક ઘણું સોનું ભેગું કરેલ. છતાં પણ માયાએ તેમને છોડ્યા નહિ અને કામક્રોધાદિકરૂપી રૂપું ભેળવીને બારવલા સોના જેવા કરી નાખ્યા.
- ગોવિંદ સ્વામી વૈરાગ્યવાન હતા. રાજાની બાની અને સોનું બંને મળતા હતા, તે છોડીને ભાગી આવેલા પણ ગંગામાના દાળભાતમાં બંધાયા.

તેથી જ શ્રીજીમહારાજ અહીં કહે છે, ‘આવા વિચારમાં અમે રાતદિવસ મંડ્યા છીએ.’ એટલે કે સતત જાગૃતિ રાખીએ, જાણપણું રાખીએ તો માયાનો ભેગ ભળે નહિ.

હવે, જો ભેગ ભળી ગયો હોય, તો સોનું બારવલું થઈ જાય. તેને જો પ્રયત્ન કરીને તાવે તો પાછું સોળવલું થઈ જાય.

- વચ.સા.૧૧ મુજબ પુરુષપ્રયત્ન કરે ને મંડ્યો રહે તો તેની સર્વ કસર ટળી જાય.
- ગાડાને બચકું ભરનાર હોથિયા પટગરમાં ક્રોધરૂપી ભેગ ભળ્યો હતો, પણ સાધુ થયા અને સતત જાગૃતિ રાખી તો દોષરહિત થઈ ગયા.

મગનીરામ, જોબન પગી, વાલેરા વરુ જેવા કંઈકનો માયિક ભેગ ટળી ગયો અને સોળવલા સોના જેવા થઈ ગયા.

આમ, સતત જાગૃતિ એ જ સુવર્ણસમી આત્મસ્થિતિને નિષ્કલંક રાખે છે.

**(૨) બળ પામવાનો ઉપાય**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ‘સત્તારૂપ રહેતા થકા જીવ બળને પામે છે.’ પણ એથી વિશેષ બળ પામવાનો ઉપાય વર્ણવતાં કહે છે, ‘ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.’

શ્રીજીમહારાજ આગળ વાત કરે છે, ‘જેને પોતાના જીવને બળવાન કરવો હોય, તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને મન-કર્મ-વચને શુદ્ધભાવે કરીને

સેવવા.'

- જેમ કસરત કરીએ, બરાબર ભોજન લઈએ તો શરીરને બળ મળે. સારા વિચારો કરીએ તો મન મજબૂત બને. તેમ જીવને બળવાન બનાવવા ભગવાન અને ભગવાનના ભક્તની સેવા એ મુખ્ય સાધન છે.

આજના ડૉક્ટરો પણ કહે છે કે નિઃસ્વાર્થ ભાવે બીજાની સેવા કરવાથી આરોગ્ય સુધરે છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે.

પણ માયા સામે લડવા માટે તો જીવને બળવાન બનાવવો પડે. એ માટેનું બળ માયા પરના પુરુષો જ પૂરું પાડી શકે. ભગવાન અને ભગવાનના સંત એ જ માયાથી પર છે. માટે એમની આજ્ઞાથી સેવા કરીએ તો જીવને બળ મળે.

આ સેવા એટલે...

(૧) ગ.મ.૨૫ મુજબ ઉકાખાચરની જેમ સેવાનું વ્યસન પડે.

(૨) ગ.મ.૫૯ મુજબ મોટા ભાગ્ય માનીને સેવા થાય.

(૩) ગ.મ.૪૧ મુજબ નિર્માનીપણે સેવા થાય.

આવી સેવા કરનારનો જીવ અતિશય બળને પામે છે અને તેની સર્વે મલિન વાસનાનો નાશ થઈ જાય છે.

- જેતલપુરની ગણિકાએ મહારાજની આજ્ઞાથી હાથમાં ફોડલા પડવા છતાં આખી રાત જાગીને ઘઉં દળ્યા તો ઘઉં ભેગી તેની વાસના પણ દળાઈ ગઈ.
- કામવાસનાથી પીડાતા ઉપેન્દ્રાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી નિઃસંશયપણે ગાર લીંપવાની સેવા કરી તો વાસનારહિત થઈ ગયા.
- સત્યકામ જાબાલિએ ગુરુવચને ગાયોની અતિ શ્રદ્ધાપૂર્વક સેવા કરી તો બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

આમ, ભગવાન અને ભગવાનના ભક્તની સેવા એ જીવને બળ પામવાનો અમોઘ ઉપાય છે.

### (૩) પાણીની સેરનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, 'જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય પછી તેને ગોદડાના ગાભા ભરીને બંધ કરે ત્યારે કૂવો ગળાય, તેમ બાહ્ય ઇન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયોનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય અને જેમ ઉદરમાં રોગ થયો હોય તે તો ઉદરમાં ઔષધ જાય ત્યારે જ ટળે, તેમ પ્રથમથી જે ઇન્દ્રિયો દ્વારે કરીને વિષય અંતઃકરણમાં ભરાયા હોય તે તો આત્મવિચારે કરીને ટાળવા... જેમ કૂવો જળે કરીને પૂર્ણ ભરાયો હોય ત્યારે જે બાહેરથી પોતામાં સેર્યો



આવતી હોય તેને પોતાનું પાણી ઠેલી રાખે છે પણ માંહીલી કોરે તે સેર્યના પાણીનો પ્રવેશ કરવા દે નહિ, અને જો ઉલેચાઈને ઠાલો થાય, તો સેર્યનું પાણી બાહેરથી માંહી આવે.'

- ➔ સિદ્ધાંત : 'એવી રીતે આત્મસુખે કરીને માંહીલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી.'
- ➔ શ્રીજીમહારાજ અહીં વિષય ટાળ્યાનું ઔષધ બતાવે છે. શત્રુને મારવા હોય તો પ્રથમ તો શત્રુના સૈન્યને બહારથી દારૂગોળો મળતો હોય તે બંધ કરવો પડે. પછી જે હોય તે વાપરી નાંખવા દઈએ એટલે પછી નિઃસહાય થઈ જાય અને હારી જાય. તેમ પંચઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો એટલે કે ઇન્દ્રિયોને નિયમમાં વર્તાવવી, તો વિષય આવતા બંધ થઈ જાય. એટલે મનના સંકલ્પો શમી જાય.
- ➔ આ જીવને પંચવિષય વિના ચાલે એમ નથી. તો હવે ભગવાન સંબંધી વિષયનું ગ્રહણ કરવું. ભગવાનના ગુણગાન ગાવા-સાંભળવા, સ્વાદ પણ ભગવાનની પ્રસાદીનો લેવો, ગંધ પણ ભગવાનને ચઢ્યાં જે પુષ્પ તેનો લેવો.
- ➔ અંતઃકરણમાં પ્રવેશેલા વિષયોનો ત્યાગ કરવાનો ઉપાય આત્મજ્ઞાન છે. અંતઃકરણની શુદ્ધિ માટે એમ આત્મવિચાર કરવો કે, હું તો આત્મા છું અને મારે વિષે ઇન્દ્રિયો-અંતઃકરણનો સંબંધ નથી. સર્વે માયિક વિષય તો નાશવંત છે. આમ, વિચારી પોતાના ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ ધારીને, આત્મસુખે કરીને પૂર્ણ રહેવું.
- ➔ યોગીજી મહારાજ ભગવાનના સુખથી પરિપૂર્ણ હતા. આથી કોઈ વિષય તેમને લોભાવી શકતા નહિ. ભાવનગરમાં હરિભક્તના મેડે બેસી કથાવાર્તા કરતા હતા તે સમયે રાજાનું ફુલેકું નીકળ્યું. આથી કોઈએ યોગીજી મહારાજને તે જોવા માટે કહ્યું. ત્યારે યોગીજી મહારાજ બોલ્યા કે જેનો એકવાર ત્યાગ કર્યો તેને ફરીથી શા માટે પેસવા દેવું ?
- ➔ આમ, પરમેશ્વરે આપેલા નિયમમાં વર્તીએ તો બાહ્ય વિષયો અંતઃકરણમાં પ્રવેશી શક્તા નથી અને આત્મવિચારથી અંતરમાં પ્રવેશેલા વિષયોનો ત્યાગ થાય છે.

### (૪) શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી.

- ➔ શ્રીજીમહારાજ કા.૧૦ના વચ.માં ભગવાનના કર્તા-હર્તાપણાની વાત કરીને કહે છે, 'જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા,

શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી.'

➔ વચનામૃત પ્ર.૬૨, સા.૧૧, મ.૬૭, અં.૩૭ અને અં.૩૯માં ભક્ત ભગવાનના સાધર્મ્યને પામે છે એમ મહારાજે કહ્યું છે.

¨ વચ.પ્ર.૫૧, કા.૧માં દેહ-ઇન્દ્રિયો-અંતઃકરણ ભગવાનરૂપ થઈ જાય છે એમ કહ્યું છે, તેમ છતાં તત્ત્વ, સ્વરૂપ અને ગુણથી સંપૂર્ણપણે પરબ્રહ્મ કે પરબ્રહ્મ સમાન થવા કોઈ સમર્થ નથી.

¨ શ્વેતાશ્વેતર ઉપનિષદમાં કહ્યું છે : -

'न तत्समश्चाधिकश्च दृश्यते ।'

અર્થ : તે પરબ્રહ્મ સમાન કે તેમનાથી અધિક કોઈ જણાતું નથી.

¨ અનાદિ કાળથી માયા પર અને અનંતકોટિ બ્રહ્માંડોને ધારવા સમર્થ એવા અનાદિ બ્રહ્મ પણ જો પરબ્રહ્મ ન થઈ શકતા હોય, તો પછી બીજાની તો વાત જ શી ?

¨ આ સિદ્ધાંતને પુષ્ટ કરતાં મહારાજે વચ.કા.૮માં જણાવ્યું છે કે 'અક્ષરપર્યંત કોઈ પણ પુરુષોત્તમ ભગવાન જેવા સમર્થ થવાને સમર્થ નથી થતા.'

¨ 'ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે.' - વચ.લો.૪

¨ 'ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઈ નથી.' - વચ.અં.૩૭

¨ 'જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તોપણ તે ભગવાન જેવા તો થતા જ નથી.' - વચ.અં.૩૯

¨ ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થી તથા સુંદરતા, સુખદાયકપણું એ આદિક જે અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતા નથી અને ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી. માટે ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપાર છે.

¨ ભગવાનને ભજીને અનંતકોટિ વૈષ્ણવ ભગવાન સરખા થયા છે, તોપણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી. જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય, તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે



તેટલું જળ પીએ તથા પાત્ર ભરી લે તોપણ ઓછું થતું નથી. શા માટે જે, તે સમુદ્ર તો અગાધ છે, તેમ જ ભગવાનનો મહિમા પણ અતિશય અપાર છે. કોઈ રીતે વધે ઘટે એવો નથી. તે સારુ જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે, તે પણ ભગવાનના દાસ થઈને ભગવાનનું ભજન કરે છે.

¨ ગુણાતીતાનંદ સ્વામીનું ૧૯૨૧ની સાલમાં વરતાલમાં અપમાન થયું. બધા કહેવા લાગ્યા કે 'તમારે ભગવાન થઈને પૂજાવું છે.' ત્યારે સ્વામીએ વાત કરી, 'ભગવાન તો શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ એક જ છે. એ જેવા થવાને કોઈ સમર્થ નથી. માટે મને જો કોઈ ભગવાન કહેશે તો તે ગધેડો લેખાશે. પણ શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે હું છું.'

¨ શાસ્ત્રીજી મહારાજ ગોંડલ 'અક્ષરદેરી'માં પત્રલેખન કરતા હતા ત્યારે કોઈ હરિભક્ત બોલ્યા 'સાક્ષાત્ શ્રીજીમહારાજ પત્ર લખે છે.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ ઉગ્ર સ્વરે કહે, 'ભગવાન તો એક શ્રીજીમહારાજ છે. એ જેવા કોઈ થયા નથી, થશે નહિ. આવું ખોટું જ્ઞાન ક્યાંથી શીખી લાવ્યા ? આપણે તો એમના દાસ છીએ.' તેથી જ શાસ્ત્રીજી મહારાજ અવારનવાર કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.'

પ્રમુખસ્વામી મહારાજ પણ હંમેશાં શ્રીજીમહારાજના દાસ બનીને રહે છે અને બધા જ હરિભક્તોને મહારાજમાં જ જોડે છે.

આમ, નારાયણ જેવા તો એક નારાયણ જ છે, પણ બીજો કોઈ એ જેવો થતો નથી.

**(૫) 'આજ્ઞા ભેળી મૂર્તિનો સિદ્ધાંત સમજાવો.**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે, 'જેને ભગવાનને વિષે દઢ પ્રીતિ છે અને ભગવાનને અખંડ સંબંધે રહિત જે માયિક પંચવિષય તેને તુચ્છ કરી નાખ્યા છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સંગાથે દઢપણે જોડાણો છે તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે.'

શ્રીજીમહારાજ વચનામૃતમાં 'સત્પુરુષની આજ્ઞા'નો ખૂબ જ મહિમા જણાવે છે.

મ. ૫૧ : 'આજ્ઞા પ્રમાણે વર્તે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'

અં. ૧૮ : નિર્વાસનિક પુરુષના લક્ષણ - આજ્ઞામા મુજબ જ વર્તે

મ. ૩૩, પ્ર. ૭૩ : જે આજ્ઞા પાળે છે તે હજારો ગાઉ છેટે હોય તોપણ પાસે જ છે અને આજ્ઞા નથી પાળતા તે પાસે હોય તોય લાખ ગાઉ છેટે છે.

જૂનાગઢમાં રઘુવીરજી મહારાજની હાજરીમાં થનારા સમૈયાનાં દર્શન, કથાવાર્તા અને પ્રસાદીનો લાભ છોડીને જાગા ભક્ત ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી રાજી થકા સાંખડાવદરનું બીડ સાચવવા માટે ૧૮ દિવસ ત્યાં રહ્યા. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા પાળવાથી જૂનાગઢમાં થતી કથાવાર્તા, દર્શન વગેરેનું સુખ દૂર રહ્યા થકા આવ્યું અને સ્વામીનો અપાર રાજીપો પ્રાપ્ત થયો.

એક વખત ગુણાતીતાનંદ સ્વામીએ રામદાસ સ્વામીને આજ્ઞા કરતાં કહ્યું : 'આ કાગળ વંથળી જઈને કલ્યાણભાઈને આપી આવો અને જતાં-આવતાં અખંડ ભજન કરજો.' તેથી તે કાગળ લઈને તેઓ ભજન કરતાં વંથળી જવા નીકળ્યા. વંથળી આવ્યું ત્યારે વંથળીના કોટને કાંગરે કાંગરે તેમને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પાછા ફરતા પણ અખંડ ભજન શરૂ રાખ્યું. આ પ્રમાણે શ્રીજીમહારાજની મૂર્તિ તેમને દેખાતી થઈ.

સ્વામીએ વાતોમાં કહ્યું છે : 'અમે દરેક આજ્ઞા કરીએ તેમાં મહારાજની મૂર્તિ આપી દઈએ.' આ વચન રામદાસ સ્વામી માટે સત્ય થયું અને ધામમાં જતાં સુધી એમને મહારાજની મૂર્તિ અખંડ દેખાતી હતી.

આવી આજ્ઞા પાળવાથી ભગવાનની મૂર્તિ સાથે જ રહે છે. આનો અર્થ સંત સ્વામી કરતા, 'મૂર્તિ ભેગી આવે એટલે આપણા અંતરમાં સમાસ થાય ને બીજાને પણ સમાસ થાય, ગુણ આવે.'

આમ, ભગવાન અને સંતની આજ્ઞાના યથાર્થ પાલનથી ચિંતામણિતુલ્ય ભગવાનની મૂર્તિનું અખંડ દર્શન થાય છે.

**પ્રશ્ન.૧(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો. (૧૫)**

૧. અને અમારો તો એ જ........ખંડન થવા દેવી નહિ.
૨. અને ભગવાનના ભક્તની........સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે.
૩. આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા........સમજાતી નથી.
૪. અને જેને નિષ્કામી વર્તમાન........સેવા ગમે છે.
૫. ચાર વેદ, પુરાણ,........પરમ કલ્યાણ છે.

**પ્રશ્ન.૧(ક) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક શોધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો. (૪)**

**૧.** સંતમહિમા - અવતરણ નં. ૯, ૩૦



**૨.** સ્વભાવ જીતવાનો ઉપાય - અવતરણ નં. ૯, ૧૨

**('સ્વામીની વાતો'ને આધારે)**

**પ્રશ્ન.૨(અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો. (૬)**

**૧.** બીજું કાંઈ અધિક સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે તે શું છે ?
- 'મહારાજને પુરુષોત્તમ જાણવા, આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહીં દેહ ધરીને આવ્યા છે.' આટલું સમજવાનું છે.

**૨.** શ્રીજીમહારાજનાં બે ચરણારવિંદ પૃથ્વી પર ક્યારે આવ્યાં ?
- વૈરાટ બ્રહ્મા છે તેણે તેનાં પચાસ વરસ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી શ્રીજીમહારાજનાં ચરણારવિંદની સ્તુતિ કરી ત્યારે તે પૃથ્વી પર આવ્યા છે.

**૩.** બાવાની દૃષ્ટિએ શ્રીજીમહારાજે શું ભૂંડું કર્યું ?
- બાઈ-ભાઈની સભા કોઈએ નોખી નહોતી કરી તે શ્રીજીમહારાજે કરી, એ બહુ ભૂંડું કર્યું.

**૪.** બાઈ-ભાઈ નોખાં રહે છે તેનું કારણ શું ?
- શ્રીજીમહારાજ કહે છે, 'હું અનિરદેશથી કહેતાં અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને સુગાળવો છું. તે મારી સૂગ ચડી ગઈ છે તેથી બાઈ-ભાઈ નોખાં રહે છે.'

**૫.** જીવમાં ટાઢું ક્યારે થાય ?
- પંચવિષયે કરીને જીવ ધગી ગયો છે તે એક-બે દિવસના સમાગમે ટાઢો ન થાય, એ તો દસ-પંદર દિવસ સુધી રહે તો ફેર ચડ્યો હોય તે ઊતરે ને પછી વાત માંહી પેસે ત્યારે ટાઢું થાય.

**૬.** જીવ ક્યાં અટકે છે ?
- શ્રીજીમહારાજને પુરુષોત્તમ સમજવા તેમાં જીવ અટકે છે.

**પ્રશ્ન.૨(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો. (૭)**

૧. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, અમારી આવરદા ................ વરસથી વધુ નથી, એમ જન્મોત્રીમાં લખ્યું હતું.
(સત્તાવન, અઠ્ઠાવન, અડસઠ)

૨. ....................... વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યું છે, તે સારું વર્તમાન પળાવીને કલ્યાણ

કરે છે, એ હેતુ છે.'
(કારિયાણીનું બારમું, લોયાનું બારમું, સારંગપુરનું બારમું)
૩. ........................માં રાધિકાજીએ શ્રીદામા સાથે વઢવેડ કરી.
(ગૌલોક, વૈકુંઠલોક)
૪. ........................ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે.
(મહારાજની મૂર્તિ, સત્સંગ, ભગવાન)
૫. જેને આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંતની ઓળખાણ નથી તો તે ................ જેવા છે.
(ખીજડા, આંબા, લીમડા)
૬. 'આ માર્ગે ચાલીએ છીએ ત્યારે ભગવાન સાંભરી આવે છે' આવું ગુણાતીતાનંદ સ્વામી .................... જતાં બોલ્યા.
(વરતાલ, વણથળી, વડોદરા)
૭. નિર્દોષ સમજે, સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે ................રાખે નહીં તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે.
(આંટી, અંતરાય, કપટ)

**પ્રશ્ન.૨(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો. (૧૦)**

**(૧) ગુણાતીતે કહેલો સ્વસ્વરૂપનો મહિમા**

સારામાં સારી વસ્તુ કઈ છે ? તે સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે. તેથી કાંઈ સારું નથી ને તેથી કાંઈ સારું સમજવાનું નથી.' (૩/૩૬)

આમ, જે જીવને પોતાનો સંબંધ થાય છે એને જ સારામાં સારી વસ્તુ મળી છે, એમ સ્વામી સમજાવે છે.

વર્તમાનકાળે ભગવાનનો રાજીપો શેમાં છે ? એમાં ગુણાતીતાનંદ સ્વામી ચાર વાત બતાવે છે. એમાંની એક વાત : 'આ સંતનું સ્વરૂપ પણ સમજવું... તો તેની ઉપર મહારાજ રાજી, રાજી ને રાજી જ છે.' પોતાને કેવા જાણવા તે જણાવતાં ગુણાતીતાનંદ સ્વામી આગળ કહે છે : 'મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા. ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહીં દેહ ધરીને આવ્યા છે.' (૩/૩૮)



પોતાને મહારાજનું કેવું અનુસંધાન રહે છે એ જણાવતાં સ્વામી કહે છે : 'જેમ માછલું જળમાં રહીને બધી ક્રિયાઓ કરે છે, તેમ અમે બોલીએ, ચાલીએ ને ક્રિયા કરીએ પણ ભગવાનને મૂકીને કોઈ ક્રિયા કરીએ જ નહિ અને ભગવાન વિસરાય તો તાળવું ફાટી જાય.' (૩/૬૫)

શ્રીજીમહારાજ પોતે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહેતા વાત કરે છે, 'જેમ સાણસામાં સાપને પકડે છે તેમ આ સ્વામી અમને ત્રણે અવસ્થામાં ધારી રહ્યા છે.'

હરિચરિત્રામૃતસાગર(પૂર-૫, તરંગ-૧૭)માં લખેલ છે, 'મૂળજી ભક્ત ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ દેખતા.'

ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર કહેતા કે મારી આવરદા તો પૂરી થઈ ગઈ છે. પરંતુ સોરઠના હરિભક્તને મહારાજની મૂર્તિનું સુખ દેવા સારું મુને રાખ્યો છે. વળી, પોતે મહારાજનું સર્વસ્વ છે એમ પણ આ વાતમાં કહ્યું છે. (૩/૫૩)

આ ઉપરથી ખ્યાલ આવે છે કે ગુણાતીતાનંદ સ્વામી મહારાજની મૂર્તિનું સુખ આપવા માટે સમર્થ છે. તેઓએ જાગા ભક્તને દર્શન, પ્રસાદી, મળવું ને વાતું એ ચારેય પ્રકારનું સુખ આપ્યું.

જીવના કલ્યાણ માટે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામી પાસે ૨૦૦ સાધુ રાખ્યા અને સ્વામીએ એ સર્વને બ્રહ્મવિદ્યા ભણાવીને બ્રહ્મરૂપ કર્યા. આમ, ગુણાતીતાનંદ સ્વામીમાં જીવને બ્રહ્મરૂપ કરવાની સામર્થી હતી.

ગુણાતીતાનંદ સ્વામીએ વાર્તા કરી જીવને ભગવાનનો નિશ્ચય કરાવી એને ભગવાન અને ભગવાનના સાધુનો મહિમા કહીને કારણ શરીરરૂપ કાળો પર્વત તોડી નાખી જીવને બ્રહ્મરૂપ કરી મૂક્યો છે.

ગોપાળાનંદ સ્વામીએ ત્રણ દેહને જીતીને ધ્યાન કરવાની રીત બતાવી. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, અમે તો સુરંગું દઈને બસેં બસેં ગાડાં પાણા કાઢીએ છીએ. (૩/૪૩) અહીં કાંઈ સ્વામીએ પોતાના વખાણ નથી કર્યા.

જેમ કોઈ એન્જિનિયરને પૂછીએ ને કહે કે 'હું એન્જિનિયર છું, ડૉક્ટર હોય તે કહે કે હું ડૉક્ટર છું. તેમ સ્વામી પણ અહીં પોતાની વાસ્તવિકતા બતાવે છે. સ્વામી કહેતા કે હું અક્ષર છું. વડતાલમાં અપમાન પ્રસંગે વાત કરીને બોલ્યા કે શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે હું છું.

એક બ્રાહ્મણ સ્વામી પાસે આવ્યો ને કહે, 'મને ચોરાશીમાંથી કાઢી નાખ્યો છે.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે, 'મારા સિવાય ચોરાશીમાંથી કોઈ કાઢી શકે એમ નથી.'

આવા સંતની ઓળખાણ ન થઈ હોય એ શાસ્ત્રી કે પુરાણી હોય તોપણ ખીજડા જેવા છે. તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ. (૩/૬૮)

'સર્વોપરી મહારાજ અને સર્વોપરી આ સાધુ મળ્યા છે' એમ વાત કરીને સ્વામી કહે છે : 'સુખપાલમાં બેસીને પ્રભુ ભજી લ્યો એમ કરી મૂક્યું છે.'

**(૨) સુખ-શાંતિનો ઉપાય**

મનુષ્યને અજ્ઞાનને લીધે સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, મેડી, હવેલી, રાજ્યસમૃદ્ધિ ને રાજ્યલક્ષ્મીને વિશે સુખ મનાય છે. આ સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી છોકરાનું દૃષ્ટાંત આપતાં કહે છે : 'જેમ છોકરા ધૂળની ઘોલકિયું કરે છે ને ઠીકરાની ગાયું કરે છે ને ચયાના ને કાચલિયુંના ઘોડા કરે છે ને સુખ માને છે, તેમ એ પણ સુખ માને છે, પણ જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય.' (૩/૪૪)

ગુણાતીતાનંદ સ્વામી થકી શિવલાલ શેઠને આ જ્ઞાન થયું તો તેમને પદાર્થમાં સુખ ન રહ્યું.

જેમ લાખ મણ લોઢાની લોઢી ધગી ગઈ હોય, એને ઠારવી હોય તો એક-બે પાણીના ઘડાથી કાંઈ ન સરે. એને તો ગંગાના ધરામાં નાખવી પડે તો દસ-પંદર દિવસે માંડ માંડ ઠરે. તેમ પંચવિષયે કરીને જીવ ધગી જાય છે. એને ટાઢો કરવાનો ઉપાય આ સાધુનો સમાગમ છે.

સ્વામી કહે છે, 'ઘણા દિવસો સુધી ભગવાનની વાતો સાંભળીએ ત્યારે ટાઢું થાય.' (૩/૪૮)

ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં સુખ-શાંતિ મેળવવા માટેનું સરનામું સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે.

*સુરપુર નરપુર નાગપુર, એ તીનમેં સુખ નાહીં;*
*કાં સુખ હરિકે ચરણમેં, કાં સંતન કે માહીં.*

આમ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ – ત્રણેય લોકમાં ક્યાંય સુખ કે શાંતિ નથી. સુખ અને શાંતિ ભગવાન ને ભગવાનના સંતના ચરણમાં જ છે. સ્વામી પણ કહે છે : 'મુમુક્ષુ હોય તેને તો ભગવાન કે ભગવાનના સાધુ તે વિના સુખ કે શાંતિ થાય જ નહિ.' (૩/૬૦)

- ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામી મળ્યા ત્યારે શાંતિ થઈ.
- વિજ્ઞાનદાસને ભગતજી મહારાજ મળ્યા ત્યારે શાંતિ થઈ.
- પવિત્રાનંદ સ્વામીને જ્યારે ભગતજી મહારાજ કથા કરી ત્યારે શાંતિ થઈ.
- શાસ્ત્રીજી મહારાજને ભગતજી મહારાજ મળ્યા ત્યારે શાંતિ થઈ.

આવા સંત દ્વારા મહારાજનું સુખ મળે છે. સ્વામી કહે છે : 'ગુણાતીત સંત



દ્વારા શ્રીજીમહારાજ દર્શન દે છે, વાતું કરે છે, મળે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે.' (૩/૫૩)

- શાસ્ત્રીજી મહારાજ પોતાના જીવનમાં સૌથી વધુ સુખ મળ્યું હોય એવા ચાર પ્રસંગો જણાવતા. એમાંનો એક પ્રસંગ જ્યારે ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજને અને બીજા સંતોને ભાદરોડમાં ભેટ્યા એ છે.
- બારપટોળી ગામમાં જાગા સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીએ દૃષ્ટિ દ્વારા સુખ આપેલું.
- ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તા દ્વારા અનેક હરિભક્તોને સુખ આપેલું.

વર્તમાનકાળે ગુણાતીત પરંપરાના સંત પ્રમુખસ્વામી મહારાજ આપણને કથાવાર્તા, મળવું, દર્શન ને પ્રસાદી આપી અનેક પ્રકારે સુખ આપી રહેલ છે.

**'ભગવાન સ્વામિનારાયણ'ના આધારે :**

**<u>નવી આવૃત્તિ</u>**

**ભાગ ૧ : ઉદ્‌ગીથ ૧ થી ૨૨**

**ભાગ ૨ : ઉદ્‌ગીથ ૧ થી ૬**

**પ્રશ્ન.૩(અ) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) શ્રીહરિની કલ્યાણભાવના**

મહારાજે વચ.કા.૫ માં વાત કરી છે, 'માટે પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે, અને ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે.'

મહારાજે પોતાના આ લોકમાં પધારવાના ૯ સંકલ્પો કહ્યા એમાંનો એક સંકલ્પ એ હતો કે અસંખ્ય જીવને પોતાની મૂર્તિનો સંબંધ પમાડી અક્ષરધામના અધિકારી બનાવવા. બાળપણથી જ મહારાજે આ સંકલ્પ સાકાર કરવાનું શરૂ કરી દીધું હતું.

પ્રથમ માતાને દિવ્યગતિ આપી, આ.સં. ૧૮૪૮ કા.સુ.૮ને ગુરુવારે માતાને ઘનશ્યામની પ્રેરણાથી મંદવાડ આવ્યો. પોતે પુત્રરૂપે માતાને પોતે ઘણું સુખ આપ્યું હતું. પોતાના સંબંધનો લાભ આપ્યો હતો. હવે તેમને દિવ્યગતિ પમાડવાની પોતાની ઇચ્છા હતી. બીજે દિવસે ઘનશ્યામ સ્નાન કરી માતા પાસે આવ્યા. આ સમયે માતાની વૃત્તિ ઘનશ્યામના સ્વરૂપમાં લીન થઈ ગઈ. બ્રહ્મતેજમાં નારાયણસ્વરૂપે દર્શન થયાં. માતા ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્યગતિ પામ્યાં.

આ જ રીતે પિતાના પણ અંતસમયે પણ ઘનશ્યામના શરીરમાંથી દિવ્ય

તેજનાં કિરણો નીકળ્યાં. ધર્મદેવે કહ્યું, 'તમે પ્રગટ થયા અને મારું અજ્ઞાનરૂપી તિમિર ટાળ્યું.' ઘનશ્યામે કહ્યું : 'જે પરોક્ષ સ્વરૂપે ધામમાં છે તે જ આ પ્રત્યક્ષ સ્વરૂપ છે. તેનો સંબંધ થયો એટલે હવે તમે ભગવાનના ધામમાં જ બિરાજ્યા છો.' આમ, પિતાને પણ દિવ્યગતિ પમાડી આત્યંતિક કલ્યાણ કર્યું.

અયોધ્યામાં ઘનશ્યામના બે મલ્લ મિત્રો હતા. તેઓ ચારિત્ર્યવાન હતા. ભગવાન પાસે અતૂટ પ્રીતિથી બંધાયેલા યુવાન મલ્લો ભુવાનદીન અને દીનાસિંહ. રાજાના ચારિત્ર્યભ્રષ્ટ સિપાઈઓ સ્ત્રીઓની મજાક કરતા હતા ત્યારે તેમનો આ બંનેએ વિરોધ કર્યો અને ઝઘડો શરૂ થયો. વર્ણીને લાગ્યું ગૃહત્યાગ બાદ આ બંને મલ્લો વિરહ સહન કરી શકશે નહિ. એટલે આ ધર્મકાર્યમાં જ તેમનો દેહ પડે અને તેઓ ધામમાં જાય એ જ ઇષ્ટ છે. ઘનશ્યામનો આ સંકલ્પ હતો. એ બંને ત્યાં સિપાઈઓની ગોળી વાગવાથી ઢળી પડ્યા ને ધામમાં ગયા.

નીલકંઠ વંશીપુરમાં રોકાયેલા. એક દિવસ રાણીએ કહ્યું, 'બ્રહ્મચારીજી ! મારું આ રાજ્ય સ્વીકારો અને મારી આ બંને કુંવરીઓનું પણ પાણિગ્રહણ કરો.' વર્ણી આ સાંભળી હસ્યા. 'માતા ! અહીં તો તમારા તપના ફળરૂપે હું આવ્યો છું. તમારાં અતિ મોટાં ભાગ્ય છે. હજું તો વનમાં ફરવું છે અને તમારા જેવાં મહાભાગ્યવાન મુમુક્ષુઓનાં કલ્યાણ કરવા છે. તમારા રાજ્યમાં કે તમારી કુંવરીઓમાં બંધાવા નથી આવ્યો. પરંતુ તમારે મારી પ્રત્યે હેત થયું છે, મારી ભાવપૂર્વક તમે સેવા કરી છે. તેથી તમને અભય એવું પરમપદ જે મારું અક્ષરધામ તે આપવા જ હું અહીં આવ્યો છું.'

નીલકંઠ પુલહાશ્રમ તરફ ચાલ્યા. માર્ગમાં આગળ જતાં હિમગિરિમાં એ પ્રદેશનો રાજા વર્ણીનાં દર્શનથી ભગવાનપણાનો નિશ્ચય થતાં પાસે આવ્યો. અને વિનંતી કરી કે મારા મહેલમાં પધારો, અમને પાવન કરો. ત્યારે નીલકંઠે કહ્યું, અમારે તો હજી ઘણાં કામ કરવાનાં છે. તમને જે ભાવ મારામાં થયો છે, તે ભાવથી આ મૂર્તિ સંભારજો તમારું કલ્યાણ થશે. આ જ રાજાના ગુરુ નાગાબાવાઓ હતા. એમણે પણ કલ્યાણની યાચના કરી. ત્યારે વર્ણીએ સર્વની ઉપર પાણીની અંજલિ છાંટીને ભાગવતી દીક્ષા આપીને કહ્યું કે તમે મારી મૂર્તિનું ચિંતવન કરજો. તેથી બધા થોડા વખતમાં સત્સંગમાં જન્મ પામશો. મારા સંબંધનું સુખ લઈ અક્ષરધામના અધિકારી થશો.

નીલકંઠ પુલહાશ્રમથી નેપાળ તરફ જતાં મોહનદાસનો યોગ થયો. પછી તે સાધુને પૂછ્યું, 'સાધુરામ તમે કોણ છો ?' સાધુરામે કહ્યું, 'હું હિમાલયની તળેટીમાં જતાં માર્ગ ભૂલ્યો છું પણ આપ આવા નિર્જન વનમાં એકલા કેમ ?' વર્ણીએ તરત



જ 'હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું.' તે સાધુ વર્ણીની સાથે ફરવા લાગ્યો. પછી એક તીર્થમાં તેને રોકાઈ જવાનું કહી વર્ણી બોલ્યા કે, તમને થોડા સમયમાં મારો યોગ પશ્ચિમમાં થશે અને તમારું કલ્યાણ થશે.

ત્યાંથી બુટોલપત્તનમાં માયારાણી અને મહાદત્તને વર્ણીમાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. ભાવપૂર્વક સેવા કરી. ત્યાં થોડો સમય રોકાયા. તેમના સંબંધે બંને ભક્તિમાં ભાવવિભોર બની ગયાં. માયાજાળની નિવૃત્તિ થઈ ગઈ. તે બંને પાસે નીલકંઠને જે કરાવવું હતું તે સિદ્ધ થયું. ત્યાંથી ચાલી નીકળ્યા. આગળ જતાં અષ્ટાંગયોગી ગોપાળયોગીને મળ્યા અને તેમને ગુણાતીત સ્થિતિ પમાડી અક્ષરધામના અધિકારી કર્યા.

પોખરા(ઉત્તરકાશી)માં એક મુમુક્ષુ પંડિત વર્ણીનું અદ્‌ભુત રૂપ જોઈ આકર્ષાયો. શિવજીનો ભાવ થયો અને તેણે નીલકંઠની સ્તુતિ કરી. તેને વર્ણીએ અભયદાન આપ્યું.

સિરપુરમાં સિદ્ધવલ્લભ રાજા હતો. તે સંન્યાસીઓને જમાડતો, સેવા કરતો. પણ વર્ણીને જોઈને જ તેનું ચિત્ત તેમનામાં ખેંચાયું. ખાઈ-પીને મસ્ત થયેલા બાવા વચ્ચે આવી ગયેલા આ વર્ણીમાં તેને સાધુતાનાં દર્શન થયા. તેણે વર્ણીનું સન્માન કર્યું. પરંતુ વર્ણી સન્માન કે આવકારના ભૂખ્યા ન હતા. રાજાનો ભાવ અને તેના પૂર્વ સંસ્કાર જોઈ તેનું કલ્યાણ કરવા માટે જ વર્ણી અહીં આવ્યા હતા. સિદ્ધવલ્લભ રાજાએ ભાવથી સેવા કરી. વર્ણી જતી વખતે કહેવા લાગ્યા. અહીં મારું કાર્ય પૂરું થયું છે. હવે જવું જ જોઈએ. તમે આ મૂર્તિ હૃદયમાં રાખશો તો હું સદા તમારી સમીપ છું.

કામાક્ષીમાં વર્ણીને મહાકાલી ઉપાસક, પોતાને અજેય માનતા એવા પિબૈકનો યોગ થયો. નીલકંઠના અલ્પ સંબંધથી પિબૈકનું રૂપાંતર થયું. પૂર્વજીવનમાં પ્રભુ પામવાની તીવ્ર ઇચ્છાને લીધે વર્ણી તેને શોધતાં શોધતાં કામાક્ષી આવેલા. તે સાથે સહેજે સહેજે પણ જેમણે તેમનાં દર્શન કર્યાં. નમસ્કાર કર્યા કે સેવા કરવાનો લહાવો લીધો તે સૌને નીલકંઠે દગદીક્ષા આપી આશીર્વાદ આપ્યા.

જગન્નાથપુરી જતાં રસ્તામાં એક ગામમાં વિશ્રામ કર્યો. ત્યાં જયરામદાસ કૃષ્ણ તંબોળીનો યોગ થયો. એક દિવસ સંધ્યા વખતે ઘનઘોર વનમાં ગયા. ત્યાં હિંસક રીંછ આવ્યું અને નીલકંઠના પગમાં બેસી ગયું. પછી પાછા આવતા વાત કરી કે તે જાંબુવાન હતો. કૃષ્ણના સમયમાં તેણે સેવા કરેલી પણ નિઃસંશય થયો નહોતો. આજે અમારો યોગ થયો, તેનું કલ્યાણ થઈ ગયું. પછી કહ્યું : જયરામ અમારી કોઈ ક્રિયા હેતુ વગરની હોતી નથી. અમે કેવળ તીર્થમાં જ ફરીએ એવું

નથી. પણ જ્યાં જ્યાં મુમુક્ષુઓ હોય ત્યાં ફરતાં ફરતાં તેમનું કલ્યાણ કરવા માટે અમે જઈએ છીએ.

નીલકંઠવર્ણી ફરતાં ફરતાં ગુજરાતમાં બુધેજ પધાર્યા. સદાવ્રતની ઇચ્છાથી દરબાર ખોડાભાઈને ત્યાં પધાર્યા. ત્યાં પણ દાસીના કહેવાથી ઓસરીમાં સાત આંટા માર્યા પછી કડું પકડીને ઊભા રહ્યા ત્યારે સદાવ્રતમાં ખોરી જુવાર મળી. વર્ણી ત્યાંથી નીકળી ગયા. રાજા અને પ્રજાનું કલ્યાણ કરવા જુવારના થોડા દાણા મુખમાં મૂકી દાસીના કલ્યાણનો સંકલ્પ કર્યો. પછી ત્યાંથી ગામ બહાર ગયા. કૂવાનું પાણી પીધું. ત્યાં પારેવા જોઈ બાકીની જુવાર તેમને નાખી. તેમની સામું વર્ણીએ કરુણામય દૃષ્ટિથી જોયું. એમનો ભાવ હતો કે આ સંબંધથી તમારું પણ કલ્યાણ થશે.

ત્યાંથી આગળ ફરતાં વર્ણી શીમર પધાર્યા. ત્યાં લોભી વાણિયાએ ધનના લોભથી વર્ણીને જમાડ્યા. વર્ણી આગળ ચાલ્યા ત્યારે તે દૂર સુધી પાછળ આવ્યો અને બોલ્યો કે મેં તો ફળના લોભે સેવા કરી છે. માટે પુષ્કળ ધન આપો. મારે તો સોનાની લંકા ઘરે વસાવવી છે. વર્ણી આ ક્ષુદ્ર માંગણી સાંભળી હસ્યા. અને કહ્યું : 'તેં મારી સેવા કરી છે તો મારું સર્વોપરી અક્ષરધામ તને આપું છું.' અને ત્યાંથી આગળ ચાલી નીકળ્યા.

નીલકંઠ લોઢવામાં પધાર્યા. લખુ ચારણનો ભક્તિભાવ અંગીકાર કર્યો. ત્રણ મહિના રહ્યા પછી રજા માગી. લખુને કહ્યું : 'તેં મારી બહુ સેવા કરી માટે વરદાન માગ.' લખુએ કહ્યું : 'રાજી થયા હો તો આ મારો વીરો દીકરો અને આ ૬૦ ભેંસો અવિચળ રહે.' વર્ણી આ સાંભળી હસવા લાગ્યા. તેમણે કહ્યું : 'લખુ ! તારા અદ્વૈતમતમાં તો બધું મિથ્યા ગણાય છે. તો વીરો અને ભેંસું મિથ્યા નહીં ?' બાઈ વિચારમાં પડી ગઈ, 'મહારાજ ! આપે મારા જ્ઞાનના અહંને આજે ઓગાળ્યો. આપ મને અવિચળ પદ આપો.' તથાસ્તુ કહીને વર્ણી ત્યાંથી નીકળી આગળ પધાર્યા.

માંગરોળમાં ડોસાવાવ ઉપર આસન કર્યું. ત્યાંના વણિક ગોવર્ધનની પૂતળી ફોઈનું કારજ હતું. તેને મહારાજે સમાધિમાં જમપુરીમાં ગયેલી ફોઈનાં દર્શન કરાવ્યાં. જાગ્રત થયા પછી ભગવાનને પ્રાર્થના કરી. ગોરધને ભાવથી સેવા કરી હતી. ફરી સમાધિ કરાવી અને પૂતળીને જમપુરીમાંથી છોડાવી. વર્ણીએ કહ્યું : 'હવે તારી ફોઈ બદરિકાશ્રમમાં ગઈ. ત્યાં તપ કરી પ્રાયશ્ચિત્ત કરી ત્યારબાદ સત્સંગમાં જન્મ લેશે. પછી તેનો મોક્ષ થશે.'

વર્ણી ફરતાં ફરતાં ગિરિશ્રેષ્ઠ ગિરનાર ઉપર દત્તાત્રેયની ટોચે આવ્યા. ત્યાં



એક તપસ્વી બાર વર્ષથી તપ કરતો હતો. તેને સાક્ષાત્ ગુરુ દત્તપ્રભુનાં દર્શન વર્ણીમાં થયાં. વર્ણીના પગમાં પડી ગયો. વર્ણીએ કહ્યું : 'આ મૂર્તિ અંતરમાં ઉતારી દેજો. અક્ષરધામની પ્રાપ્તિ થશે.'

મહારાજ મેઘપુરમાં બિરાજમાન હતા ત્યાં ફકીર આવ્યો. ત્યારે મહારાજે અબુધ કરશનજી ભાટ પાસે કુરાન બોલાવ્યું. આથી ફકીર કહે, 'મને તમારે શરણે લ્યો. નિયમ આપો.' શ્રીહરિએ કહ્યું, 'દારૂ ન પીશો. માંસ ન ખાશો. ચોરી અને વ્યભિચાર ન કરશો. આટલું કરશો અને અમને સંભારશો તો તમારું કલ્યાણ થશે.'

મહારાજ માનકુવાથી રામપર પધાર્યા. ત્યાં મેરાઈની વાડીમાં કણબી ભક્ત ખીમજી, ભીમજી અને લક્ષ્મણ કોસ હાંકતા હતા. મહારાજે ખાવાનું માગ્યું. ત્યારે ભીમજી, ખીમજીએ ના પાડી. મહારાજ કહે, 'ઝાડની ડાળીએ માટલી બાંધી છે. તેમાંથી અર્ધો રોટલો આપો.' ત્યારે લક્ષ્મણે પોતાના ભાગનો આપ્યો. મહારાજ પ્રસન્ન થઈ ગયા. વરદાન માગવા કહ્યું, ત્યારે લક્ષ્મણે કહ્યું, 'મહાદેવ રોટલા આપે છે ને આપશે.' તે સાંભળી શ્રીહરિએ કહ્યું, 'લક્ષ્મણ ! જા હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ. એટલું જ નહિ પણ સાત પેઢી સુધી તારા કુળમાં મુક્ત જન્મ લેશે.'

શ્રીહરિ પીપલાણામાં પધારેલ. એક સંધ્યાએ સંઘાઈ વડ નીચે સભા થઈ. અહીં ઘણાં ભૂત રહેતાં. શ્રીહરિએ કહ્યું : 'ભૂતોની પણ આપણે સદ્‌ગતિ કરવી જોઈએ. માટે સૌ નારાયણ ધૂન કરો.' શ્રીહરિ તો જાત, કજાત, વર્ણ કે આશ્રમ જોયા સિવાય અનેકનાં કલ્યાણ કરવા જ પ્રગટ થયા હતા. તેથી તેમણે આજે આ સંકલ્પ કર્યો હતો. ભૂતો પ્રગટ થયાં. શ્રીહરિએ તેમના ઉપર પાણીની અંજલિ છાંટી અને તેમને દિવ્ય ગતિ આપી.

મહારાજની આ કલ્યાણ ભાવનાના અધિકારી સામાન્ય જીવજંતુથી માંડીને પશુ-પંખી, માણસ કે છેવટે ભૂતયોનિમાં રહેતા સર્વે બન્યા અને અક્ષરધામને પામ્યા.

### (૨) નીલકંઠવર્ણીની સેવાવૃત્તિ

ભગવાન સ્વામિનારાયણે વચ.મ.૨૮માં પોતાની રુચિ બતાવી છે, 'અમારે તો જન્મોજનમ ભગવાનને ભગવાનના ભક્તની સેવા જ કરવી છે.' આ ઉપરાંત પણ ઘણાં બધાં વચનામૃતમાં એમણે સેવાની વાત કરેલી છે. શ્રીજીમહારાજ માત્ર વાતો નહોતા કરતા, પણ આ વાતો એમના જીવનમાં ચરિતાર્થ થયેલી જોવા મળે છે. એમણે સેવા કરી હતી અને પછી જ સેવાની વાત કરી હતી. અત્યારે વર્ણીવેશે નીલકંઠે કરેલી સેવાઓ આપણે જોઈશું.

શ્રીજીમહારાજ વર્ણીવેશે દક્ષિણ ભારતમાં વેકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા. ત્યારે રસ્તામાં વર્ણીને સેવકરામ નામનો સાધુ મળ્યો. એ ભાગવત ભણેલો હતો. નીલકંઠ એની પાસે ભગવાનનાં ચરિત્રો સાંભળતા. એકવાર સેવકરામને અતિશય ઝાડા થઈ ગયા. નીલકંઠે કહ્યું, 'તમે મૂંઝાશો નહિ, હું સેવા કરીશ.' આગળ ચાલતાં રસ્તામાં ફૂલવાડી આવી. તેના માલિકને પૂછી ત્યાં ઉતારો કર્યો. વર્ણી જાતે કેળનાં પાન તોડી લાવી, વડના ઝાડની નીચે એક હાથ ઊંચી પથારી કરી દીધી. એને લોહીખંડ પેટબેસણું થયું હતું, વર્ણી તે બધું સાફ કરી દેતા. વનસ્પતિની ઔષધિ આપતા. પોતા પાસે ધન હતું તેમાંથી તે ધન આપતો અને નીલકંઠ તેમાંથી તેના માટે લોટ-ઘી-ગોળ લઈ આવતા, એને રસોઈ કરી જમાડતા પણ પોતે તો ભિક્ષા માગીને જ જમતા, ન મળે તો ઉપવાસ કરતા. છતાં સેવકરામ વર્ણીને જમવાનું કહેતો નહિ.

થોડા સમયે તે સાજો થયો, શેર ઘી પચાવે તેવો થયો. છતાં ભાર બધો નીલકંઠ જોડે જ ઉપડાવતો. નીલકંઠ એને ભગવાનની વાત કરે તેમાં પણ એ રસ લેતો નહિ. કર્યા કૃત્યને નહિ જાણનાર એવા સેવકરામને કૃતઘ્ની જાણી વર્ણીએ તેનો ત્યાગ કર્યો. વર્ણી એને કૃતઘ્ની તો પહેલેથી જ જાણી જ ગયા હતા. છતાં એ બીમાર હતો તેથી વર્ણીએ એની ભાવથી સેવા કરી. સાજો થયા પછી એનો ત્યાગ કર્યો. આવી સેવાવૃત્તિનાં દર્શન નીલકંઠે કરાવ્યા.

નીલકંઠવર્ણી લોજમાં મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. ત્યારે પણ સેવા કરીને બધાનાં મન જીતી લીધા. ખાખરાનાં પાન લાવી પત્રાવળા બનાવતા, રસોઈ માટે અડાયાં છાણાં ને લાકડાં ભેગા કરતા, વાવમાંથી પાણી ભરી લાવતા, અનાજ સાફ કરતા, રસોઈ કરતા, સૌ જમી રહે પછી વાસણ ઊટકી નાખતા, ઝોળી માગી લાવતા. આમ, નાની મોટી ઘણી સેવા તેઓએ ઉપાડી લીધી હતી.

નીલકંઠ પોદળા લેવા જાય ત્યારે ઘણી બધી ગામની છોકરીઓ પોદળા લેવા આવી હોય, નીલકંઠ દોડી દોડીને પોદળાને ફરતું કુંડાળું દોરી લાકડું ખોસી લેતા. પોદળાની માલિકી કરી લેતા. ઘણીવાર સ્ત્રીઓને પોદળા નીચે બ્રહ્માંડ દેખાડતા. એટલે સ્ત્રીઓ ભાગી જતી ને નીલકંઠ પોદળો લઈ લેતા. આમ, પોદળો લેવા જેવી નાની સેવા પણ તે કરતા.

વળી, નીલકંઠ સામેથી સેવા શોધીને લઈ લેતા. શીલ ગામના હરિભક્તોએ મુક્તાનંદ સ્વામીને બે સંતોને મોકલી ચીભડા લઈ જવા કહ્યું. મુક્તાનંદ સ્વામીએ સુખાનંદ સ્વામીને કહ્યું ત્યારે નીલકંઠવર્ણી સામેથી તૈયાર થઈ ગયા ને સુખાનંદ સ્વામી જોડે ચીભડા લેવા ગયા ને જાતે ૧૮ મણનું પોટલું માથે ઊંચકીને લાવ્યા.



આમ, નીલકંઠવર્ણીમાં ડગલે પગલે સેવાવૃત્તિનાં દર્શન થતાં. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં પોતાના ભક્તોને પ્રેણા આપવા આ રીતે વર્ણી સેવા કરતા. ખરેખર, નીલકંઠની સેવાવૃત્તિ અજોડ છે.

**(૩) ધર્મધુરાના ધારક સહજાનંદ સ્વામી**

રામાનંદ સ્વામીની આંખોનું રતન, મુખનું પાન અને એમની દૃષ્ટિનું દૃશ્ય એટલે નીલકંઠવર્ણી. જેમ ગાય પોતાના વાછડાને જોઈને પારસો મૂકે, તેમ રામાનંદ સ્વામીના ચાર હાથ આ તેજસ્વી મહાપ્રભુ નીલકંઠવર્ણી પર રહેતા. નીલકંઠવર્ણીની ધર્મનિયમની દૃઢતા, તપ-ઉપવાસનો તીવ્ર વેગ જોઈને તથા તત્ત્વજ્ઞાનનું મૂર્તિમાન તીર્થસ્વરૂપ જાણીને રામાનંદ સ્વામીને પોતાના વારસદાર તરીકે અને આ ધર્મની ગાદીને યોગ્ય કોઈ લાગ્યા હોય તો આ નીલકંઠવર્ણી જ.

આ કારણોથી જ રામાનંદ સ્વામીએ આ.સં. ૧૮૫૮ના કાર્તિક સુદ પ્રબોધિની એકાદશીના મંગલમય દિવસે આ નાનકડા વર્ણીને આટલા વિશાળ ધર્મની ધુરા સોંપવાનું નક્કી કર્યું. રામાનંદ સ્વામીનો આનંદ સમાતો નહોતો. આ ઉત્સવ તો જાણે માતાપિતા પોતાના એકના એક દીકરાને પરણાવતા હોય ને કેટલો આનંદ હોય એનાથી પણ અનંતગણો આનંદ ને ઉત્સાહ રામાનંદ સ્વામીમાં દેખાતો હતો. બધી જ વ્યવસ્થા પોતે કરતા. યજ્ઞ કરાવી આખા ગામનો ગામધુમાડો બંધ કરાવી બધાને ખૂબ જમાડ્યા. બધાને આ વર્ણીની આજ્ઞામાં રહેવાની ભલામણ કરી અને કહ્યું કે હું કહેતો હતો ને કે 'હું તો ડુગડુગી વગાડનારો છું, ખેલના ભજવનારા તો પછી આવશે.' એ જ આ વર્ણી છે. માટે તત્ત્વે સહિત તેમનું સ્વરૂપ ઓળખી દૃઢતા કરજ્યો તો તમારું કલ્યાણ થશે.

સહજાનંદ સ્વામીએ આ ધર્મધુરા સંભાળી અને પોતાના ભક્તોની સંભાળ પણ રાખી, રામાનંદ સ્વામી પાસે પોતાના ભક્તો દુઃખી ન થાય એટલા માટે બે વરદાન પણ માંગી લીધા.

આમ, સહજાનંદ સ્વામીને આ ધર્મની ધુરા સોંપી રામાનંદ સ્વામીને પોતાનું કાર્ય પૂર્ણ થતું જણાયું. તેથી ફણેણીમાં વિ.સં. ૧૮૫૮ના માગશર સુદ ૧૩ના દિવસે અંતર્ધાન થઈ ગયા.

ખરેખર સહજાનંદ સ્વામી આ ધર્મધુરાના સાચા વાહક બની શક્યા. કારણ કે એમણે સમાજમાં, પોતાના ભક્તોમાં રહેલા અધર્મનો ત્યાગ કરાવી શુદ્ધ એકાંતિક ધર્મની સ્થાપના કરી છે.

લોજમાં આવ્યા ને તરત જ અધર્મના ગોખલાને ધર્મની ઈંટોથી પુરાવ્યો. બાઈ-ભાઈની સભા નોખી કરાવી તથા આશ્રમમાંથી જતો જાહેર રસ્તો બંધ કરાવી

સંતોની મર્યાદા જળવાય તે રીતે નવો રસ્તો કરાવડાવ્યો.

ગાદી પર આવ્યા પછી પણ ભીમભાઈની ઇચ્છાથી સ્વરૂપાનંદ સ્વામીને યમપુરીમાં મોકલાવી નરકના કુંડ ખાલી કરાવ્યા. પછી કાલવાણીમાં સભામાં શ્રીજીમહારાજે વાત કરી કે 'અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે જે અમારા યોગમાં આવશે, પાપી કે પુણ્યવંતા હશે, તેમનો સર્વેનો અમારે ઉદ્ધાર કરવો છે.'

સમાજમાં પણ અધર્મના મૂર્તિમાન સ્વરૂપ સમા કેટકેટલાય લોકોના જીવનમાં ધર્મનું સિંચન કરીને એમના રણ જેવા લુખ્ખા ને સુક્કા જીવનમાં હરિયાળી કરી છે આ ધર્મધુરાધારક સહજાનંદ સ્વામીએ.

દ્રાવિડ દેશનો મગનીરામ શુદ્ધ બ્રાહ્મણ કુળનો અને મુમુક્ષુ, ભગવાનની શોધ માટે નીકળેલો પણ સમય, સંજોગો અને સંગને લીધે ધર્મને મૂકી અધર્મનો ઝંડો લહેરાવ્યો. બાવાઓની મોટી જમાત ભેગી કરીને લોકોને હેરાન કરવા લાગ્યો. રાજાઓ પાસેથી કર ઉઘરાવતો, જો કોઈ રાજા ન માને તો પોતાની સિદ્ધાઈથી સમગ્ર રાજ્યને દરિયા ભેગું કરવાની ધમકી આપતો. પથ્થરનો વરસાદ વરસાવતો ને હાહાકાર મચાવી દેતો. પરંતુ દૈવ યોગે મહારાજનો યોગ થયો ને શારદાદેવીએ ઓળખાણ આપી ને તરત જ એના અધર્મના સુકા ભઠ્ઠ જેવા હૃદયમાં એક ભક્તિનું ઝરણું ફૂટી નીકળ્યું. નિર્માનીપણે મહારાજની, સંતોની સેવા કરીને, દીક્ષા લઈને અદ્વૈતાનંદ બન્યા. આવા તો ઘણાયને મહારાજે ધર્મના માર્ગે વાળ્યા હતા. એવા જ એક બીજા પરિવર્તનને યાદ કરીએ.

જેનું તીર છેક કલકત્તા સુધી ચાલતું અને નવ દંપતીના માથા વાઢવા એ જેને માટે તરબૂચ કાપવા જેવું કામ હતું. ગાયકવાડની આટલી મોટી સેના સામે બાથ ભીડી તિજોરી લૂંટવા છતાં પણ કોઈના હાથમાં ન આવનાર, સમગ્ર ચરોતરની ધરણીને પોતાની એક હાંકે ધ્રુજાવનાર વરતાલનો જોબનપગી એટલે પાપનો પર્વત. અધર્મની આંધી અને દુષ્ટાચારનો દરિયો. આવા જોબનપગીએ મહારાજની માણકી ઉપર નજર બગાડેલી. પરંતુ તે ન ફાવ્યો ને મહારાજે તેના અંતરમાં રહેલા અધર્મના મૂળ ઉખેડી એની ફળદ્રુપ ધરણીમાં ધર્મના બીજનું રોપણ કર્યું. ખરેખર ગધેડાની ગાય બનાવી.

સહજાનંદ સ્વામીએ કેવળ સમાજના જ નહિ પરંતુ સત્સંગના પણ આવાં અધર્મતત્ત્વોને દૂર કરી પોતાનો સમાજ શુદ્ધ કરેલો.

કાલવાણીમાં મુક્તાનંદ સ્વામીએ મહારાજની આરતી ઉતારીને સભા ભરાઈ એમાં આત્માનંદ સ્વામીની શિષ્યાઓ જે પોતાને બ્રહ્મજ્ઞાની કહેવડાવતી હતી તે હરબાઈ અને વાલબાઈ મહારાજનો આ ઉત્કર્ષ સહન ન થતાં, સંતો બેઠા હતા ત્યાં



સભામાં આવીને ખાલી આસન પર બેસી ગઈ. મહારાજે પણ ઠપકો આપ્યો કે સ્વયં દીક્ષા લઈ ત્યાગી થઈને ફરો છો પણ એકેય ધર્મ તો પાળતા નથી ને પુરુષોને વાતો કરો છો. એ તમારા માટે યોગ્ય નથી. સત્સંગમાં રહેવું હશે તો સત્સંગની રીત પ્રમાણે રહેવું પડશે. પરંતુ આ ઘમંડી બાઈઓને કાંઈ અસર ન થઈ એટલે મુક્તાનંદ સ્વામી આદિક મોટા સાધુઓ સાથે મળીને મહારાજે બંનેને વિમુખ કરી સત્સંગની શુદ્ધિ કરી.

આવો જ એક ગાદીની મહેચ્છાવાળો રામાનંદ સ્વામીનો શિષ્ય રઘુનાથદાસ પોતાને તેમનું સ્વરૂપ ગણાવતો. એણે મહારાજને હેરાન કરવાના બધા જ ઉપાય અજમાવી જોયા હતા પણ ફાવતો ન હતો. રામદાસ સ્વામી તો તેને ક્યારનાય વિમુખ કરવાનું સૂચવતા હતા. પરંતુ મહારાજ ના પાડતા હતા. પછી મહારાજને લાગ્યું કે સત્સંગમાં રહીને જે સત્સંગની મર્યાદા ન પાળતા હોય, પોતાના આશ્રમધર્મની અવગણના કરતા હોય, ગાદી-તકિયાના લાલચુ બની રહે એવા કદાચ સત્સંગમાં રહેશે તો એને પણ સ્થૂળ બનાવી દેશે. માટે રામદાસ સ્વામીએ મહારાજ પાસે રઘુનાથદાસને વિમુખ કર્યાનો પત્ર લખાવી મહોરછાપ મરાવીને દેશ-પરદેશ મોકલાવી દીધો. આમ, સત્સંગની આ બીજી અધર્મશુદ્ધિને મહારાજે દૂર કરી.

પોતાના ભક્તોના જીવનમાં પણ આ અધર્મરૂપી માયા પ્રવેશી ન જાય એનું પણ ધ્યાન સહજાનંદ સ્વામીએ રાખ્યું છે. એ માટે શિક્ષાપત્રી અને ધર્મામૃત જેવા ઉત્તમ ગ્રંથો પણ આપ્યા.

આમ, ધર્મધુરાના ધારક સહજાનંદ સ્વામીએ સમાજમાં, સત્સંગમાં અને પોતાના ભક્તોમાં ચાલતા અધર્મના પ્રવાહને બંધ કરી શુદ્ધ એકાંતિક ધર્મનો પવિત્ર પ્રવાહ વહેતો કર્યો.

**પ્રશ્ન.૩(બ) નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

### (૧) સુવાસિનીભાભી અને ઘનશ્યામ

વચ.કા.૫ માં શ્રીજીમહારાજે કહ્યું છે કે, ભગવાન પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા જ આ પૃથ્વી પર અવતાર લેતા હોય છે.

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીએ સં. ૧૮૩૭, ચૈત્ર સુદ નોમના પવિત્ર દિવસે છપૈયામાં ધર્મદેવ અને ભક્તિમાતા થકી જન્મ લીધો. બાળપણનું નામ હતું ઘનશ્યામ. ઘનશ્યામના મોટાભાઈ રામપ્રતાપભાઈ. ઘનશ્યામના જન્મના બીજા જ વર્ષે એટલે કે આ.સં. ૧૮૩૮માં તરગામના વિપ્ર બળદેવ દૂબેની

પુત્રી સુવાસિની સાથે રામપ્રતાપભાઈનાં લગ્ન થયાં. સુવાસિનીભાભી ખૂબ જ પ્રેમાળ અને વ્યવહારમાં પણ કાર્યદક્ષ હતાં.

સુવાસિનીના આવ્યા પછી ભક્તિમાતાને બાળપ્રભુની ચિંતા ઓછી રહેવા લાગી, કારણ કે સુવાસિનીભાભી બાળપ્રભુની અત્યંત સંભાળ રાખતાં. મિસરી, માખણ, દૂધ, પેંડા, પતાસાં ઘનશ્યામને રુચે તે પ્રમાણે જમાડતાં. ઘનશ્યામ પણ ભાભીને સુખ આપવા ક્યારેક જમતા તો ક્યારેક પાત્રને ઠેલી પણ દેતા. ત્યારે સુવાસિનીભાભી લાડ કરીને ઘનશ્યામને મનાવતા, 'ભૈયા ! થોડું તો જમો !' ત્યારે ઘનશ્યામ એમાંથી લઈ ભાભીના મોંમાં મૂકી દેતા, આમ સુખ આપતા.

ઘનશ્યામ ૫ વર્ષના થયા ને વિદ્યાભ્યાસનો આરંભ થયો. સુવાસિની ભાભીએ ખાસ આજે કંસારના આંધણ મૂક્યા હતા. ઘનશ્યામે વિદ્યાભ્યાસની સાથે બ્રહ્મચર્ય આશ્રમને અનુકૂળ જીવન જીવવાનું શરૂ કરી દીધું હતું. એટલે જમતી વખતે નીચું ઘાલીને થોડું જમી ઊભા થઈ જાય. ક્યારેક ભાભી આગ્રહ કરે કે ભૈયા ! આ બરફી લો, આ જાંબુ લ્યો. પણ ઘનશ્યામ કાંઈ ન લેતા.

ઘનશ્યામ ૬ વર્ષના થઈ ગયા હતા. એક દિવસ સરયૂ નદીમાં સ્નાન કરીને ઘરે આવ્યા અને નિત્યકર્મથી પરવારીને ભાભી જ્યાં રસોઈ કરતાં હતાં ત્યાં જઈને કહેવા લાગ્યા કે 'ભાભી ! ભૂખ લાગી છે માટે જલ્દી કાંઈ ખાવાનું આપો.'

ભાભીએ કહ્યું : 'રસોઈને થોડીવાર છે માટે મમરા, સુખડી કે મગદળ આપું.'

ઘનશ્યામ : 'ના, મારે તો પેંડા જ ખાવા છે.'

ભાભી : 'દાદા ઘરે આવશે પછી મંગાવી દઈશ.'

ઘનશ્યામ : 'ના, મારે તો અબઘડી જ ખાવા છે.'

ભાભી : 'તો સામે હલવાઈની દુકાનમાં પુષ્કળ પેંડા છે.'

ઘનશ્યામ : 'હા ભાભી !' એમ કહેતાં સુવાસિની ભાભીએ લોટ બાંધતા બાજુમાં મૂકેલી કિંમતી અંગૂઠીને લઈ ઘનશ્યામ ભાગ્યા. એક ઓરડામાંથી બીજા ને બીજામાંથી ત્રીજા ઓરડામાં ભાગે. આગળ ઘનશ્યામ અને પાછળ ભાભી. ઘનશ્યામ અંગૂઠી બતાવે ને કહે, 'ભાભી ! હું હલવાઈની દુકાને જ જાઉં છું. આના ઘણા પેંડા આવશે. હું મિત્રો સાથે જમીશ.'

ભાભી : 'આ ચોરી કરી છે તે ભૈયા મારશે.'

ઘનશ્યામ : 'તમારા દેખતા જ લીધી છે. એમાં ચોરી ક્યાં આવી ?'

ભાભીએ ચતુરાઈ વાપરી ઘરનું બારણું બહારથી બંધ કરી દીધું ને ત્યાં જ ઘનશ્યામને ચોકમાં ઊભેલા જોયા. ઘનશ્યામ વીંટી બતાવતા ભાગી ગયા ને હલવાઈની દુકાનેથી બધી મીઠાઈ લઈ મિત્રો સાથે વાડીએ જઈ મિજબાની કરી.



રામપ્રતાપભાઈ ને ધર્મદેવને આ વાતની જાણ થતાં તે ગુસ્સે થયા. એટલામાં ઘનશ્યામ આવ્યા. રામપ્રતાપભાઈએ વીંટીનું પૂછ્યું.

ઘનશ્યામ : 'મને ખબર નથી ?' ને રામપ્રતાપભાઈએ ઘનશ્યામને એક લાફો મારી દીધો. સુવાસિની ભાભીએ તરત જ ઘનશ્યામને તેડી લીધા ને દૂર લઈ ગયા. રામપ્રતાપભાઈ અને અન્ય સહુ હલવાઈની દુકાને ગયા.

ઘનશ્યામ : 'મેં મીઠાઈ લીધી જ નથી. જુઓ, અંદર બધી મીઠાઈઓ પડી છે.' વીંટીને બદલે બધી જ મીઠાઈ ઘનશ્યામ લઈ ગયા હતા પણ દુકાન પાછી મીઠાઈથી ભરેલી જોઈ હલવાઈને પણ આશ્ચર્ય થયું અને તેણે વીંટી પાછી આપી દીધી.

તરગામથી આંબલિયા જતા રસ્તામાં ભાભીએ ઘનશ્યામના શરીરમાંથી પ્રકાશ નીકળતો જોયો ને ઘનશ્યામને તેડી લીધા પણ પ્રકાશ તો પથરાતો જ રહ્યો. આવા ચમત્કાર અને ઐશ્વર્ય પણ ઘનશ્યામ ભાભીને બતાવતા. ઘનશ્યામના આવા ઐશ્વર્યથી આકર્ષાઈને સંબંધીઓ ઘનશ્યામને પોતાને ગામ મોકલવા આગ્રહ કરતા ત્યાં સુવાસિની કહેતાં, 'ના ના, એ તો ભક્તિનો લાલ છે. તેમને એકલા ન મુકાય.' ત્યારે ઘનશ્યામ તેમનો પાલવ ખેંચીને કહેતા : 'ભાભી ! હું તમારો લાલ નહિ ?' 'ઓ મા !' કહી સુવાસિની ભાભી તેમને તેડી લેતાં અને ગાલે ચૂમીનો વરસાદ વરસાવતાં.

બળદેવ દુબેની વાડીમાં ઘનશ્યામે ચીભડાના વેલા ખેંચી નાંખ્યા. એ વાતની જાણ રામપ્રતાપભાઈને થઈ ત્યારે ગુસ્સે થઈ ઘનશ્યામને લાફો માર્યો ત્યારે સુવાસિની ભાભીએ પક્ષ રાખતા તેમને તેડી લીધા. ઘનશ્યામે પણ પોતાના ક્રોધી ભાઈને ચમત્કાર બતાવવો હશે તે બધા વેલા પાછા જમીનમાં ચોંટાડેલા બતાવ્યા. રામપ્રતાપભાઈ પણ અવાક્ થઈ ગયા.

ઘનશ્યામ ખાંપા તલાવડીની લીલા કરીને ઘરે આવ્યા. ભાભીએ પાટો જોયો ને ગભરાઈ ગયાં. ભાભી રડવા લાગ્યાં. ઘનશ્યામને ખોળામાં લઈ પૂછવા લાગ્યાં. ઘનશ્યામ કહે, 'ભાભી ! પાટો ખોલો જો.' જેવો પાટો ખોલ્યો કે ફક્ત ઘાની નિશાની જ દેખાઈ. ઘા રુઝાઈ ગયો હતો. ભાભીને આવો ચમત્કાર બતાવી ઘનશ્યામ પોતા પ્રત્યે અહોભાવ પ્રગટ કરાવતા.

ઘનશ્યામ આઠ વર્ષના થયા ત્યારે ઉપવીત સંસ્કાર માટે ધર્મદેવે મુહૂર્ત જોવડાવ્યું અને સં. ૧૮૪૫ ફાગણ સુદિ ૧૦મીનું મુહૂર્ત નક્કી થયું. ધર્મદેવ, ભક્તિમાતા, ભાભી, દરેકના અંતરની અંદર આનંદ માતો ન હતો. ઘરમાં ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું. ૯મીએ ઘનશ્યામના મુંડન માટે નાપિત રામબલિ

આવી ગયા હતા. તેમણે ઘનશ્યામનું શિખાવર્જિત મુંડન કર્યું. સુવાસિનીભાભીએ સ્નાન માટે પાણીમાં કેસૂડો, ચંદન નાંખી પાણી ગરમ કર્યું અને ઘનશ્યામને નવરાવવા લાગ્યાં. ભાભી માથે હાથ ફેરવે, મૂંડામાં ટકોરા મારે ને હસે, એમ કરતાં માથામાં એક ટકોરો જોરથી વાગ્યો એટલે ઘનશ્યામે ભાભીના બંને હાથ પકડી લીધા ને કહેવા લાગ્યા કે 'હવે તો તમને નહિ છોડું. નવરાવી જ દઉં.' ભાભીએ હાથ ખેંચતા કહ્યું, 'બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય ?' ઘનશ્યામે તરત જ હાથ છોડી દીધા. આમ, ભાભીને ખૂબ સુખ આપતા.

ભક્તિમાતાના ધામગમન બાદ સુવાસિનીભાભીને થયું કે મારે જ ઘનશ્યામને હવે સંપૂર્ણ માતાનું વાત્સલ્ય આપવાનું છે. આ ભાવથી ઘનશ્યામનું ખૂબ ધ્યાન રાખતા. ઘનશ્યામને ક્યાંય એકલા જવા દે નહિ. પોતાનો દીકરો નંદરામ ખાવાનું માંગે તો પહેલા ઘનશ્યામને બોલાવી લાવ પછી બંને સાથે જમો એમ કહે. આ રીતે ઘનશ્યામનું ખૂબ ધ્યાન રાખતાં. આવો પ્રેમ જોઈ ઘનશ્યામ ઘણીવાર કહેતા : 'ભાભી ! તને મૂકીને હું દૂર દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ પછી તું મને ક્યાં ગોતવા આવીશ ?' આ સાંભળી ભાભી તરત જ સ્થિર થઈ જતાં ને કહેતાં, 'ભૈયા ! એવું ન કહેશો. ભાભીનું અંતર સતત તમને ઝંખતું રહેશે. તમે જ્યાં હશો ત્યાં પાછળને પાછળ જ આવશે.'

પોતાની ભાભીને સુખ આપવાનું પ્રયોજન પૂર્ણ થયું જણાતા નિર્લેપ ઘનશ્યામે સં. ૧૮૪૯ના અષાઢ શુક્લ દશમી - શુક્રવારના રોજ મહાપ્રસ્થાન - ગૃહત્યાગ કરી નીકળી ગયા.

### (૨) ઘનશ્યામ પ્રભુનો કાશીમાં શાસ્ત્રાર્થ વિજય

*'બાલસ્યાપિ રવેઃ પાદાઃ પતન્ત્યુપરિ ભૂભૃતામ્'*

સૂરજ હજુ જન્મ્યો હોય ત્યાં જ પર્વત ઉપર પગ માંડે છે તેમ ભગવાન પણ ભલે વયમાં નાના હોય પણ મોટા મોટા મહારથીઓને મોંમાં આંગળા નંખાવે છે. બાળ ઘનશ્યામે પણ કાશીમાં કંઈક આવી જ લીલા કરી.

ધર્મદેવ સાક્ષાત્ ધર્મનું સ્વરૂપ હતા. ઘનશ્યામે અગિયારમા વર્ષમાં પ્રવેશ કર્યો. ત્યાં ચંદ્રગ્રહણ આવ્યું તેથી ધર્મદેવે કાશી જઈ ગંગાસ્નાન કરવાની ઇચ્છા દર્શાવી. ઘનશ્યામ પણ સંમત થયા. કાશીમાં બંગાળીના વાડામાં એક મોટી ધર્મશાળા હતી ત્યાં સૌએ ઉતારો કર્યો.

ધર્મદેવ ખૂબ જ વિદ્વાન બ્રાહ્મણ હતા. વિદ્વાન તરીકેની તેમની પ્રતિષ્ઠા ચોમેર ખૂબ જ પ્રસરી હતી. કાશીમાં સર્વે વિદ્વાનો ધર્મદેવને મળવા આવવા લાગ્યા. તેથી ધર્મદેવે ગંગા કાંઠે ગોમઠમાં ઉતારો કર્યો.



ધર્મદેવની સાથે હંમેશાં ધનશ્યામ હોય જ. તેમને જોઈ વિદ્વાનો વિચારમગ્ન બની જતા. ધર્મદેવને ઘેર બૃહસ્પતિ સાક્ષાત્ પધાર્યા છે કે દશરથકુમાર રઘુનંદન સ્વયં છે. વિદ્વાનોએ ધર્મસભા યોજવાનું નક્કી કર્યું. ધર્મદેવે સંમતિ આપી. બીજા દિવસે પ્રભાતે ગોમઠમાં સભા થઈ.

સભામાં અદ્વૈતવાદી તેમજ રામાનુજ મતના પંડિતો પણ આવ્યા હતા. મધ્વ, વલ્લભ, નિંબાર્ક અને ચૈતન્યમતના દરેકને ઘનશ્યામના મુખની વાણી સાંભળવાની ઇચ્છા હતી. કયા મતનું પ્રતિપાદન કરે છે તે જાણવું હતું. કારણ તેઓ માનતા હતા કે તત્ત્વજ્ઞાન એ કેવળ બુદ્ધિનો વિષય નથી પણ અનુભવનો વિષય છે. અનુભવ વચનો સૌથી વધારે પ્રમાણભૂત ગણાય.

અદ્વૈતવાદી પંડિતોએ ચર્ચાની શરૂઆત કરતાં સભામાં કહ્યું : 'સર્વ ખલુ ઇદં બ્રહ્મ । નેહ નાનાસ્તિ કિઞ્ચન । આ સર્વ બ્રહ્મ છે બ્રહ્મ સિવાય બીજું કાંઈ નથી, બ્રહ્મ સત્યં જગન્મિથ્યા । બ્રહ્મ એક જ સત્ય છે અને સર્વ નામરૂપ આકારમય જગત મિથ્યા છે.'

શ્રુતિઓને યથાર્થ સમજાવતાં શ્રી ઘનશ્યામ પ્રભુએ કહ્યું : 'હે પંડિતો ! તમે સમજો છો તે પ્રમાણે આ શ્રુતિનો અર્થ નથી. પણ જડચિદાત્મક આ સમગ્ર જગત એ પરમાત્માનું શરીર છે અને પરમાત્મા તેના શરીરી છે. એટલે બ્રહ્મ શબ્દ શરીરીવાચક હોવાથી કેવળ પરમાત્માને જ અનુલક્ષીને વપરાયો છે. એટલે જડચિદાત્મક જગત બ્રહ્મ છે એ સિદ્ધાંત ખોટો છે.

વળી, જેમ બ્રહ્મ સત્ય છે, તેમ જીવ અને માયા પણ સત્ય છે. જો બધું જ મિથ્યા હોય, તો ઉપદેશક અને ઉપદેશ્ય બંને મિથ્યા સમજાય. શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને ઉપદેશ આપ્યો તેમાં ઉપદેશક બ્રહ્મ અને ઉપદેશ્ય જીવ એ બંને સત્ય ઠરે છે. દ્વૈતદર્શન વિના ઉપદેશ ન સંભવે તેથી શ્રીકૃષ્ણને દ્વૈતદર્શન થયું તેવું કહેવામાં તમારે શ્રીકૃષ્ણમાં અજ્ઞાનદશાનું આરોપણ કરવું પડશે. અથવા બાધિતાનુવૃત્તિનો યોગ કહેવો પડશે. જો બ્રહ્મના સ્વરૂપમાં પણ ઉપદેશક ઉપદેશ્ય ભેદને મિથ્યા ઠરાવવા અજ્ઞાનદશા કલ્પવી પડે તો પછી બ્રહ્મનું પ્રતિપાદન કરતી શ્રુતિઓ 'निरवद्यं निरञ्जनम् । एतद ब्रह्म बृहत्वान्नित्यं शुद्धं बुद्धं मुक्तं सत्यमिति स शुद्धः सर्वशुद्धेभ्यः । तमेव भान्तमनुभाति सर्वम् ।' વગેરેમાં બ્રહ્મને શુદ્ધ, માયારહિત, પ્રકાશમય વર્ણવ્યા છે. તો અજ્ઞાનનો આરોપ કેમ થાય ?

ઘનશ્યામ બાળપ્રભુની ગંગાના અસ્ખલિત પ્રવાહની જેમ વહેતી પ્રમાણોથી ભરપૂર વાણી સાંભળી અદ્વૈતવાદીઓ અને અન્ય પંડિતો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. તેઓને લાગ્યું કે ભગવાનના અપરોક્ષાનુભૂતિવાળા જ્ઞાની પુરુષો પાસે જ બ્રહ્મના

સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન હોય છે. જ્ઞાન વિવાદ અને તર્કથી અતિરિક્ત છે. ઘનશ્યામે મોરલી વગાડી અને પંડિતો મણિધરની જેમ ડોલવા લાગ્યા.

હજુ કેટલાકને ઘનશ્યામની વિદ્યાનો તાગ કાઢવાનો વિચાર હતો. તેમણે કહ્યું : 'જેમ અજ્ઞાનથી રજ્જુમાં સર્પની ભ્રાંતિ થાય છે અને છીપમાં રજતની ભ્રાંતિ થાય છે, તેમ એવી અજ્ઞાનમૂલક ભ્રાંતિથી જ જગત દેખાય છે. પણ જગત સત્ય નથી.'

આ સાંભળી ઘનશ્યામ હસ્યા. જેમણે ઘનશ્યામમાં દિવ્યતા નિહાળી હતી તે પણ હસ્યા. ઘનશ્યામે કહ્યું : 'સાંભળો વિદ્વાનો ! સર્પ અને રજતની સત્યતાની પ્રતીતિ થઈ છે તેથી તે બંનેની ભ્રાંતિ રજ્જુમાં અને છીપમાં થાય છે. એટલે સર્પ અને રજત બંને છે જ, સત્ય છે. તે ન હોય તો તેમની ભ્રાંતિ શી રીતે રજ્જુમાં અને છીપમાં થાય ! અને તેને પણ જો મિથ્યા કહેશો તો બધું જ મિથ્યા થશે. બ્રહ્મને જાણનારો અને સમજનારો પણ મિથ્યા થશે. એકલું નિર્વિશેષ બ્રહ્મ રહેશે. એ બ્રહ્મને આશરે અજ્ઞાન રહ્યું છે ? બ્રહ્મ સિવાય બીજું બધું મિથ્યા છે. તો પછી અજ્ઞાન રહ્યું તો તે અજ્ઞાન પણ મિથ્યા ઠર્યું. તો તે પછી અજ્ઞાનથી જગત ભાસે છે તેમ કહેવાશે જ નહિ. માટે અજ્ઞાન પણ છે જ અને તે અનાદિ છે.'

ઘનશ્યામ હજુ આગળ બોલતા હતા. તેમના સ્વરૂપમાંથી પ્રકટ થતા પ્રકાશને લઈને ત્યાં બેઠેલા સર્વને સમાધિ થઈ ગઈ. દરેકને તેમાં પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન થયા. સમાધિ સ્થિતિમાં તેઓ ઘનશ્યામનું પૂજન કરવા લાગ્યા. ઘનશ્યામે પોતાનો દિવ્યભાવ સંકેલ્યો અને સૌ વિદ્વાનો પૂર્વવત્ સ્થિતિમાં આવી ગયા. જાગ્રત અવસ્થામાં આવ્યા પછી તે ઘનશ્યામની સ્તુતિ કરવા લાગ્યા. તમારા આ સ્વરૂપની દૃઢતા અમારા અંતરમાં સદા રહે તેવી આપના પુનિત ચરણોમાં અમે પ્રાર્થના કરીએ છીએ. સૌ વિદ્વાનોને પ્રતીતિ થઈ કે ભગવાનનું સ્વરૂપ અનુભવગમ્ય છે. ઘનશ્યામને સૌએ દંડવત્ પ્રણામ કર્યા. ધર્મદેવને પણ પ્રણામ કર્યા. પછી અનેક ઉપહારો ઘનશ્યામના ચરણકમળમાં મૂકી કૃતકૃત્ય બની સૌ ત્યાંથી નીકળ્યા.

આ પ્રસંગથી ધર્મદેવને અત્યંત આનંદ થયો. તેમના સ્મૃતિપટ પર અવનવા પ્રસંગ આવવા લાગ્યા. બદરિકાશ્રમમાં ઋષિઓની સભા, દુર્વાસાનો શાપ, પરબ્રહ્મ પરમાત્મા અધર્મનો નાશ કરવા અને એકાંતિક ધર્મનું સ્થાપન કરવા પૃથ્વી પર અવતાર લેશે એ હકીકત ધર્મદેવના સ્મૃતિ પટ પર તાદૃશ્ય થઈ. તેમને લાગ્યું કે પૂર્ણ પુરુષોત્તમના સંબંધથી તેમનું કાર્ય પૂરું થયું છે ને શાપની નિવૃત્તિ થઈ છે. આ રીતે એકાંતિક ધર્મના સ્થાપનનો હેતુ પ્રથમવાર ૧૧ વર્ષની ઉંમરે પુરુષોત્તમ નારાયણે ઘનશ્યામ સ્વરૂપે સિદ્ધ કર્યો.



### (૩) નેપાળમાં નીલકંઠવર્ણી

નીલકંઠવર્ણીની યાત્રાનો જો કઠણમાં કઠણ કાળ હોય તો એ નેપાળની યાત્રા દરમ્યાનનો. કૃશકાય નીલકંઠવર્ણીની તપશ્ચર્યાની પરાકાષ્ઠા પણ આ યાત્રા દરમ્યાન જ જોવા મળે છે. ઉત્તમ સાધક નીલકંઠવર્ણીની ઝડપી ગ્રહણ શક્તિ, એમના ઐશ્વર્યનાં દર્શન પણ આ નેપાળની યાત્રા દરમ્યાન થયા છે.

નીલકંઠવર્ણીની સ્ત્રી, સંપત્તિ અને સત્તાની અનાસક્તિનાં દર્શન પણ આ નેપાળની યાત્રા દરમ્યાન થયા છે.

નીલકંઠવર્ણીને મુક્તનાથ જવું હતું એના માટેનો એક જ રસ્તો હતો કે કાલી ગંડકી નદીના કિનારે કિનારે મુક્તનાથ પહોંચી શકે. રસ્તામાં ચાલતાં ચાલતાં ઊંડી ખીણમાં જતા હોય એવું લાગે. રસ્તો ભૂલાતા, મૂર્તિમાન હિમાલય મદદે આવ્યા. વર્ણીએ પૂછ્યું, કોણ છો ? ને કેમ આવા નિર્જન વિસ્તારમાં એકલા ફરો છો ?

ત્યારે હિમાલયે વાત કરી કે હું હિમાલય છું અને આપના દર્શન અને સેવા માટે આવ્યો છું. વર્ણીએ કહ્યું કે અમને રસ્તો બતાવો. હિમાલયે બે પર્વત વચ્ચેના પ્રવાહમાંથી જ પસાર થવાનું કહ્યું. પરંતુ એ રસ્તો ખૂબ ભયંકર હતો. કારણ તેમાં ઝેરી સર્પો, વીંછી, કરચલા રહેતા હતા. પરંતુ નીડર નીલકંઠવર્ણી એ જ રસ્તે આગળ વધ્યા. રસ્તામાં ૫૦૦ નાગડા બાવાને દીક્ષા આપી ભગવાનના ધામના અધિકારી બનાવ્યા.

નીલકંઠવર્ણી તળેટીમાં ચાલતાં ચાલતાં ગંડકીના પૂર્વ કિનારા તરફ આવ્યા. ત્યાં તેમણે ૨૩,૬૯૮ ફૂટની ઊંચાઈવાળો નિલગિરિ-કાળો પર્વત અને બાજુમાં ૨૬,૮૧૧ ફૂટની ઊંચાઈવાળો શ્વેતગિરિ-ધોળો પર્વત જોયો. પછી ચઢાણ શરૂ કર્યું. ઉપર ચઢતા કાગબેની પહોંચ્યા. ત્યાં તેમણે ૧૨,૪૦૦ ફૂટ ઊંચાઈએ આવેલા મુક્તનાથનાં દર્શન થયા. નીલકંઠ ત્યાં પહોંચ્યા ને ત્યાં ભરતકુંડ પાસે ભરતજીએ તપ કરેલું તે સ્થળ જોયું. બ્રહ્માના પુત્ર પુલહે ત્યાં તપ કર્યું હોવાથી તે સ્થાનને પુલહાશ્રમ પણ કહેવાય છે. નીલકંઠવર્ણીએ પણ અનેક જીવોના કલ્યાણ માટે અતિ કઠણ તપ આ ભરતકુંડ પાસે જ કરવાનું નક્કી કરી લીધું.

રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી, ગંડકીમાં સ્નાન કરી, મુક્તનાથ દર્શન કરી, ભરત આશ્રમમાં આવી, એક પગે ઊભા રહી, આજાનબાહુ ઊંચા કરી ક્યારેક સૂર્યના મંત્રો જપે તો ક્યારેક સામવેદનું ગાન કરતા. મોટાભાગે નિરાહાર રહેતા. ક્યારેક ઝાડ પરથી પડેલું ફળ મળે તો જમતા. કોઈ વખત તો કેવળ જળ પીને પણ ચલાવી લેતા. આવું ઉગ્ર તપ કરવાથી વર્ણીનું પેટ ને વાંસો જાણે એક થઈ ગયા હોય એવું લાગતું. વર્ણીની આંખો જેમ કૂવાના પાણી ઊંડા ઊતરી ગયા હોય ને

ચમકતા હોય એવી લાગતી. એમના હાથપગ વનલતા જેવા થઈ ગયા હતા. ફક્ત ૧૨-૧૩ વર્ષની ઉંમરમાં આવું અત્યંત કઠોર તપ કરનાર ભાગ્યે જ કોઈ હશે ?!

મુક્તનાથથી પાછા વળતા મોહનદાસ નામના સાધુ મળી ગયા. વર્ણીએ સાથે ફેરવીને એક ભગવાન સામે દૃષ્ટિ અને વૃત્તિ રાખવી એ બોધ આપ્યો. પાછળથી લોજમાં આવી વર્ણી પાસે વ્રજાનંદ સ્વામી તરીકે દીક્ષા લીધી.

વર્ણીએ આગળ ચાલતાં ચાલતાં નદીના કાંઠે સુંદર બગીચો જોયો. તેમાં ઘણા બધા સાધુ-સંન્યાસીઓને જોયા. એટલે વર્ણીએ અહીં વિશ્રામ લેવાનું નક્કી કર્યું. સાધુઓને વર્ણીએ પૂછ્યું કે આ કયું શહેર છે ? અહીં ઊતરવા કોની પરવાનગી લેવી પડે ! સાધુઓએ કહ્યું : 'આ બુટોલનગર છે. અને આ રાજાનો બગીચો અભ્યાગતો માટે જ રાખેલો છે માટે અહીં ઉતારો કરવામાં વાંધો નથી.'

વર્ણી એક ઝાડ નીચે વિશ્રામ લેવા ધ્યાનમાં બેસી ગયા. બીજે દિવસે મહાદત્ત રાજા પોતાની બહેન માયાદેવી સાથે આવ્યા. માયાદેવી તો આ તપથી કૃશ થયેલા, મોહક ક્રાંતિવાળા આ વર્ણીને જોઈ સ્થિર થઈ ગયાં.

વર્ણીની પૂછપરછ કરી બંગલામાં ઉતારો કરવા વિનંતી કરી. વર્ણી ના પાડતા હતા. પરંતુ બંને ભાઈ-બહેનનો શુદ્ધ પ્રેમભક્તિ જોઈને વર્ણી બંગલામાં ઊતર્યા. મહાદત્ત તેમના નોકરોને વર્ણીનું ધ્યાન રાખવાની આજ્ઞા કરતા ગયા. માયાદેવી તો ત્યાંથી ખસી જ શક્યા નહિ. મહાદત્તે બૂમ પાડી બોલાવ્યા પછી બંને ગયાં.

રાજા દરરોજ વર્ણી માટે ફળ-ફૂલ લાવે. રોજ એમની વાતો સાંભળે અને આત્મા-પરમાત્માનું જ્ઞાન મેળવતા. માયાદેવી જ્યારે બગીચામાં સખીઓ સાથે રમવા આવે તો બીજા બધા બાવાઓ ગેલમાં આવી જાય. પરંતુ વર્ણી તો નીચી દૃષ્ટિ રાખીને ધ્યાનમાં સરી પડતા. મહાદત્તને તેથી આ બાવાઓ પરથી ભાવ ઊતરી ગયો ને વર્ણીનો ખૂબ મહિમા સમજાયો. વર્ણીને રાજાએ મહેલમાં જમવાનું આમંત્રણ આપ્યું. વર્ણી પ્રેમથી વશ થઈ ના કહી ન શક્યા. માયાદેવીએ જાતે જ વર્ણી માટે રસોઈ બનાવી. ભાઈ-બહેનની આવી શુદ્ધ હૃદયની ભક્તિથી બંનેનાં અંતર શુદ્ધ થવા લાગ્યાં. અને વર્ણીનો સાક્ષાત્કાર પણ તેમના હૃદયમાં થયો. નીલકંઠને પોતાનું કાર્ય પૂર્ણ થતું લાગ્યું એટલે બુટોલનગરથી જવાની તૈયારી કરી. માયાદેવી તો આ જોઈને વિસ્મિત થઈ ગયાં. મહાદત્તે પણ ખૂબ વિનંતી કરી તેથી વર્ણીએ સામાન મૂક્યો ને રોકાયા. રાજાએ ચોકી પાકી કરાવીને વર્ણીને ન જવા દેવાની સૂચના આપી. બંનેના પ્રેમને વશ વર્ણી ૫ મહિના રોકાઈ પછી ચાલી નીકળ્યા.

બુટોલપત્તનથી ઉત્તર તરફ પોખરાના માર્ગે વર્ણી ચાલ્યા. ત્યાં કોઈ તીર્થ હોય



એવું પગેરું મળતું નહોતું છતાં વર્ણી આ બરફાચ્છાદિત માર્ગે ચાલતા રહ્યા. એક વૃક્ષ નીચે પોતાની સુષુમ્ણા નાડીને ભગવાનમાં જોડી દીધેલા એક યોગીને જોયા. વર્ણી નજીક ગયા ને યોગીએ વર્ણીનાં દર્શન કર્યા ને જાણે પૂર્વની ઓળખાણ હોય એમ ભેટી પડ્યા.

યોગી બોલ્યા : 'પ્રભુ ખૂબ રાહ જોવડાવી.'

વર્ણીએ કહ્યું : 'એટલે જ તો અમે આ વન-પર્વત ખૂંદીને અહીં આવ્યા છીએ. અમે ઘણા યોગીઓને જોયા પણ તમારા જેવા શુદ્ધ યોગી કોઈ જોયા નથી. માટે તમારી પાસેથી યોગ શીખવો છે.'

ગોપાળયોગી પણ આ સિદ્ધયોગીનો સંગ ઇચ્છતા જ હતા તેથી ખૂબ રાજી થયા. તેમણે પ્રથમ યોગના ગ્રંથ ભણાવ્યા. પછી યોગની ક્રિયાઓ શીખવાડી. વર્ણી બધી વિદ્યા, બધું જ્ઞાન તરત જ ગ્રહણ કરી લેતા. ગોપાળયોગીએ બાજુમાં રહેતા ગોવાળોની ગાયોની રક્ષા જંગલી વાઘ, સિંહથી કરવા વર્ણીને પ્રાર્થના કરી. વર્ણીએ ગોપાળયોગીનો શંખ વગાડી બ્રહ્મનાદ કર્યો ત્યારથી હિંસક પશુઓ વાડામાં આવતા બંધ થઈ ગયા.

ટૂંક સમયમાં જ યોગનો અભ્યાસ પૂર્ણ થતા ગોપાળ યોગીની વૃત્તિ વર્ણીમાં તણાઈને ધામમાં પહોંચી ગયા.

વર્ણી ત્યાંથી નીકળી પોખરા શહેરમાં પહોંચ્યા. આ શહેર ઉત્તરકાશી તરીકે પ્રખ્યાત છે. ત્યાંથી પૂર્વ તરફ ચાલ્યા. નેપાળમાં શિવપુરી પર્વત ઉપર નાનાંમોટાં ૨૨ સરોવર છે ત્રિશૂળી ગંગા ત્રણ પ્રવાહમાં વહે છે. કહેવાય છે કે શંકર ભગવાનના ત્રિશૂળમાંથી આ ધારા પ્રગટ થયેલી. તીર્થને તીર્થત્વ આપી વર્ણી આગળ ચાલ્યા.

નેપાળની રાજધાની કાઠમંડુમાં વર્ણી પધાર્યા. ત્યાંના રાજા રણબહાદુરને પેટનું અસાધ્ય દર્દ હતું. તે બધા બાવા પૂજારીઓને ઉપચાર માટે કહેતો. જો કોઈ ઉપચાર ન કરી શકે તો જેલમાં પૂરી દેતો. નીલકંઠવર્ણીને પણ મહેલમાં લઈ ગયા ને ઉપચાર પૂછ્યો. વર્ણીએ તેને પોતાનાં આ દુષ્કર્મોનું જ્ઞાન કરાવ્યું. આશીર્વાદ આપી દર્દ પણ મટાડી દીધું અને બધા સાધુસંતોને મુક્ત કરાવ્યા.

વર્ણી ત્યાંથી નીકળ્યા ને ચીન, તિબત્ત તરફ દૃષ્ટિ નાંખી નેપાળ બાજુ ઊતરી વારાહ તીર્થમાં ગયા. નગરજનોના ચિત્તને ચોરનાર વર્ણીએ ત્યાંથી નીકળી બંગાળ તરફ પોતાની યાત્રા શરૂ કરી.

**(૩) સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય**

( પાન નં. ૩૦૪, 'શ્રીહરિની ફણેણીની પ્રથમ ધર્મસભા' વિષયમાં જોવું )

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૨

સમય : ૩ કલાક
કુલ ગુણ : ૧૦૦
(નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.)

---

**(પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને આધારે)**

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) મહાનુભાવોની દૃષ્ટિએ સ્વામીશ્રી**

પ્રમુખસ્વામી મહારાજના સંબંધમાં આવનાર દરેકને સ્વામીશ્રી સામાન્ય મનુષ્ય કરતા કંઈક જુદા હોવાનું અનુભવાયું છે. એમની પાસે આવનાર કોઈ પણ વ્યક્તિ સુખ, દિવ્યતા અને શાંતિથી છલોછલ ભરાઈ જાય છે. એમની પાસે આવવું સહુને ગમે છે. નાના-મોટા, બાળક-કિશોર-યુવક કે વૃદ્ધ આ દરેકનો અનુભવ છે.

સ્વામીશ્રીને મળવા માટે આવતા મહાનુભાવો પોતાની જાતને ધન્ય માને છે, ભાગ્યશાળી માને છે. પોતાના જીવનમાં, કાર્યક્ષેત્રમાં ટોચ ઉપર પહોંચેલા આ મહાનુભાવોએ જીવનને માણ્યું હોય છે. આથી તેઓ સ્વામીશ્રીનો મહિમા વધુ સારી રીતે સમજી શકે છે.

દિવ્યજીવન સંઘના અધ્યક્ષ - સ્વામીશ્રી ચિદાનંદ સરસ્વતીજી પ્રમુખસ્વામી મહારાજને આ યુગના 'મર્યાદા પુરુષ' તરીકે વર્ણવતાં કહે છે : 'પ્રમુખસ્વામી મહારાજને સદા તેમના ઈષ્ટદેવની સાથે જોવા એ દેવો માટે પણ દુર્લભ દૃશ્ય છે. તેમના ઈષ્ટદેવથી તેઓ કદી અળગા થતા નથી. તમામ મહત્ત્વના પ્રસંગોએ મંચ પર કે વ્યાસપીઠ પર કે ક્યાંય પણ બિરાજતા હોય, ત્યાં ઈષ્ટદેવને તેઓ અગ્રસ્થાને જ રાખતા હોય છે.' આમ, તેઓને સ્વામીશ્રીમાં ઈષ્ટદેવ પ્રત્યેની અનન્ય 'પરાભક્તિ'ના દર્શન થાય છે.

વર્લ્ડ ફેલોશીપ ઓફ રીલીજીયનના જૈનાચાર્ય શ્રી સુશીલકુમારજી સ્વામીશ્રીને એક સંપ્રદાયના જ નહિ, પણ સમગ્ર ભારતીય સમાજના હોવાનું વર્ણવે છે : 'પ્રમુખસ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ નથી. હિન્દુ ધર્મના પ્રમુખ છે. હિન્દુ ધર્મના નહીં પણ ભારતીય સમાજના પ્રમુખ છે.'

રામકૃષ્ણ મિશન, રાયપુરના અધ્યક્ષ સ્વામી આત્માનંદજી કહે છે : 'મારી જિંદગીમાં મને મળેલા સૌથી વધુ પ્રભાવશાળી પુરુષોમાંના તેઓ એક છે. તેઓ ખૂબ શાંત છતાં અસંખ્ય વ્યક્તિઓને સક્રિય બનાવે છે.'

રામાનુજ સંપ્રદાયના વડા અને ભૂતપુરીના મઠાધીશ પૂજ્ય વરદ યતિરાજ જીઅર સ્વામી પ્રમુખસ્વામી મહારાજને 'આપણા દેશનો અદ્વિતીય આધ્યાત્મિક મુકુટમણિ' તરીકે ઓળખાવતાં કહે છે : 'જો પ્રભુની અત્યંત પ્રિય વ્યક્તિઓની એક યાદી તૈયાર કરવામાં આવે, તો સ્વામીજીનું નામ એ યાદીમાં ચોક્કસપણે સૌથી પહેલું હશે.'

કેનેડાના ભૂતપૂર્વ સોલિસિટર જનરલ બોબ કપ્લાન સ્વામીશ્રીને સંબોધીને કહે છે : 'આપ શુભપવિત્ર પુરુષ છો. જો સમગ્ર વિશ્વ આપનું ઉદાહરણ લે તો વિશ્વ ગુના વગરનું, યુદ્ધ વગરનું અને આત્મઘાતી વલણ વગરનું સુંદરતમ સ્થળ બની જાય. હું માનું છું કે જીવનના અઘરામાં અઘરા પ્રશ્નોના આપની પાસે સચોટ સ્વીકૃત ઉત્તરો છે.'

વિશ્વવિખ્યાત ધારાશાસ્ત્રી શ્રી નાની પાલખીવાલા 'સ્વામીશ્રી દ્વારા આજે ચારિત્ર્યવાન સમાજના નિર્માણનું કાર્ય થઈ રહ્યું છે' એમ કહે છે.

એન.ડી.ડી.બી.ના ચેરમેન અને પોતાના ક્ષેત્રમાં અનેકવિધ સિદ્ધિઓ મેળવનાર ડૉ. કુરિયન કહે છે : 'આ સંસ્થાનું આયોજન જોયા પછી હું ખૂબ પ્રભાવિત થયો છું. સ્વામીજીની આ સિદ્ધિ જોતાં મારી જે કંઈ સિદ્ધિઓ છે તે મને કંઈ જણાતી નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે !'

દરેકને સ્વામીશ્રી પવિત્રતા, શાંતિ, પ્રેમ અને ગુરુકૃપાનું મૂર્તિમંત સ્વરૂપ જણાયા છે. એમનું અંગત જીવન અને રોજ-બરોજનો વ્યવહાર દરેકને અનુકરણીય જ્વલંત દૃષ્ટાંત પૂરું પાડે છે. એમના ખભા પર કેટકેટલી કઠિન જવાબદારીઓ છે ! એમ છતાં દરેકને સ્વામીશ્રી હળવાફૂલ લાગે છે !

**(૨) સ્વામીશ્રીનું પત્રલેખન**

સત્સંગમાં પત્રલેખન એ એક એવી બાબત છે જે ઉપલક દૃષ્ટિએ સામાન્ય જણાય છે, પણ ખરેખર તો એનો પ્રભાવ દર્શન, પ્રવચન, કથા, વાર્તા, સમૈયા, ઉત્સવ કે સીધી વાતચીત કરતાં અનેકગણો વધારે છે. જેનામાં પૂરી શ્રદ્ધા હોય, જે

વ્યક્તિ પૂજ્ય હોય, મેધાવી હોય, ગમે તેવી ગૂંચમાં પણ માર્ગ શોધી આપે એવી જેની વિચક્ષણ બુદ્ધિ હોય, એવી વ્યક્તિનો એકાદ પત્ર, એકાદ ગૂંચવણ વખતે જે માર્ગદર્શક બની ચૂક્યો હોય, એનું વારંવાર પઠન ભવિષ્યમાં વારંવાર ઊભી થતી ગૂંચ વખતે પણ માર્ગદર્શક બનવાની ક્ષમતા ધરાવે છે. આવો આ પત્રલેખનનો મહિમા છે.

હરિભક્તોના નાના મોટા કોઈ પણ પ્રશ્નોમાં - વિવાહનો પ્રશ્ન હોય, લગ્નનો પ્રશ્ન હોય કે છૂટાછેડાનો પ્રશ્ન હોય, વેપારધંધાનો કે નોકરીનો પ્રશ્ન હોય, જમીન ખરીદવા-વેચવાનો પ્રશ્ન હોય કે સ્કૂટર લેવા-ન લેવાનો પ્રશ્ન હોય, દીકરા-દીકરીના સાંસારિક મૂંઝવણના પ્રશ્ન હોય કે આરોગ્ય-ઓપરેશનનો પ્રશ્ન હોય, શ્રદ્ધા-અશ્રદ્ધાનો પ્રશ્ન હોય કે ધાર્મિક માન્યતાને લગતો પ્રશ્ન હોય, પોતાના કે પારકાના અપરાધથી મન ઉપર બોજો રહેતો હોય કે મનની નિર્બળતાને લીધે માનસિક તનાવ રહેતો હોય, વહેમ, વ્યસન, રૂઢિ વગેરેને લીધે ઊભા થતા પ્રશ્નોમાં સલાહ લેવાની હોય... સ્વામીશ્રી સંતોષકારક ઉત્તર લખીને પત્ર દ્વારા સાંત્વન અને શાંતિ આપે છે.

બાળક કે વૃદ્ધ, વિદ્વાન કે અલ્પશિક્ષિત હોય, લખાણ મુદ્દાસર હોય કે ગૂંચવણભર્યું હોય, પત્ર ટૂંકો હોય કે ૭૨ પાનાં ભરીને ભરચક લખાણવાળો હોય... સ્વામીશ્રી એ બધા જ પત્રોને જાતે વાંચવાનો આગ્રહ રાખે છે.

અહીં પ્રશ્ન થાય કે સતત પ્રવૃત્તિશીલ સ્વામીશ્રી આ પત્રવ્યવહાર માટે સમય ક્યાંથી કાઢે છે ?

એનુંય સ્વામીશ્રી પાસે અસરકારક આયોજન છે. સમયનો આશ્ચર્યકારક રીતે ઉપયોગ કરી લે છે. પ્રવચન દરમ્યાન કારમાં, ટ્રેનમાં, રેલવેના પ્લેટફોર્મ ઉપર ગાડીની પ્રતિક્ષા સમયે, બપોરે આરામના સમયે, ક્યારેક લિફ્ટમાં, ચાલુ નગરયાત્રા સમયે, સમારંભોમાં પ્રવચનો ચાલતાં હોય એ સમયે, ફોન કરતાં કરતાં વાતચીત દરમ્યાન પણ એ પત્રવાંચન કરી લે છે અને લખવાનો અવકાશ હોય ત્યાં લખી પણ લે છે.

ગમે તેવા કઠણ સંજોગોમાં પણ આ સેવા એમણે મૂકી નથી. એક વાર વસોમાં ૧૦૨ ડિગ્રી તાવ હતો. એમણે કોઈને જણાવ્યું નહિ. ૧૨૦ પધરામણી કરીને ઉતારે આવ્યા પછી નિર્જળા ઉપવાસ હોવા છતાં બપોરનો બધો જ સમય એમણે પત્રલેખનમાં ગાળ્યો !

બાહ્ય તકલીફો એમની આ સેવાને અટકાવી શકતી નથી. દેવગઢબારિયામાં પત્રો લખતા હતા ત્યારે ઈલેક્ટ્રિક પાવર જતાં અંધારું થઈ ગયું. પણ સ્વામીશ્રીએ



મીણબત્તીના ઝાંખા અજવાળામાં પણ પત્ર લખવાનું ચાલુ રાખ્યું.

આવી સેવા કરવામાં સમયનો પૂરેપૂરો ઉપયોગ કરી લે છે. મુંબઈમાં ડૉ. દીક્ષિતને ત્યાં સ્વામીશ્રી દાંતનો એક્સ-રે લેવડાવવા ગયા હતા. ત્યારે ડૉક્ટરે તેમને બોલાવ્યા અને છેક મશીન સુધી પહોંચ્યા, ત્યાં સુધી બે હાથમાં પત્ર પકડી રાખીને ચાલતાં ચાલતાં એને વાંચ્યે ગયા !

પત્રવાંચન-લેખનમાં એ મશગૂલ પણ કેવા થઈ જાય છે ! અટલાદરામાં પત્ર લખતા હતા એ દરમ્યાન રૂમમાં એક ઉંદરડી પેસી ગઈ. સંતોએ તેને પકડવા ખૂબ પ્રયત્ન કર્યો. હજુ તો સંતો તપાસ કરતા જ હતા, ત્યાં સ્વામીશ્રીએ પત્ર લખવો પૂરો કરીને હાથ ઊંચા કર્યા અને કહ્યું : 'આ રહી ઉંદરડી !' સ્વામીશ્રીના પેટની, કેડની આજુબાજુએ એ રમી રહી હતી.

એકવાર પત્રવાંચન ચાલુ હતું એ દરમ્યાન એક યુવક આવ્યો. એના પ્રશ્નો સાંભળતા જાય અને સાથે સાથે પત્રો પણ વાંચતા જાય. યુવકની રજૂઆત પૂરી થયા બાદ પણ પત્રવાચન ચાલુ જ રહ્યું. યુવકને એમ કે સ્વામીશ્રીએ મારી વાત સાંભળી જ નથી. પરંતુ પત્રવાંચન પૂરું કરીને સ્વામીશ્રીએ એ ભાઈના બધા જ પ્રશ્નોનું સમાધાન કરી આપ્યું.

બિનજરૂરી ઘટનાઓ ઉપર સ્વામીશ્રી લક્ષ આપતા નથી, પણ જરૂરી બાબતોમાં સ્વામીશ્રી એક કરતાં વધારે સ્થળો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

ટપાલ લખવામાં પણ સ્વામીશ્રી કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં રાખે છે. પોસ્ટકાર્ડમાં લખી શકાય એટલી વિગત હોય તો અંતર્દેશીય પત્ર કે કવરનો ઉપયોગ કરતા નથી. મર્યાદિત જગ્યામાં વધારે વિગત સમાવવા પ્રયત્ન કરે છે. ક્યારેક હાંસિયામાં પણ લખે અને ન સમાય તો બે લીટીઓ વચ્ચે પણ લખે. પત્ર રૂબરૂ પહોંચાડી શકાતા હોય ત્યાં ટપાલનો ખર્ચ ન કરવા દે. હરિભક્તને આપે અને રૂબરૂ પહોંચાડવાની વાત ભારપૂર્વક જણાવે. આવી વ્યવસ્થા થતી હોય ત્યારે એ પોતાની અગવડનો વિચાર ન કરે. મુંબઈમાં એકવાર સ્વામીશ્રી બપોરનો પ્રસાદ જમતા હતા ને ખબર પડી કે એક હરિભક્ત નૈરોબી જાય છે ને ઉતાવળમાં છે. સ્વામીશ્રીએ પ્રસાદ લેવાનું અધૂરું મૂકીને નૈરોબીથી આવેલા પત્રોના ઉત્તર લખી દીધા. એ કાર્ય પૂરું કર્યા પછી જ, સૌના આગ્રહને વશ પ્રસાદ લેવાનું રાખ્યું.

પોતાના ઉપર લખેલો કોઈ પણ પત્ર ક્યારેય અનુત્તર ન રહે તેની સ્વામીશ્રી બરાબર કાળજી રાખે છે. પોતે પરદેશ જવાના હોય ત્યારે રાતના ઉજાગરા વેઠીને ટપાલમાં આવેલા સઘળા પત્રોના ઉત્તરો આપવાનું કામ પૂરું કરીને જ મૂકે.

આ કાર્યમાં સ્વામીશ્રીના મુખ પર ક્યારેય કંટાળો દેખાયો નથી, ક્યારેય થાક

લાગ્યો નથી. એનું કારણ છે : સ્વામીશ્રી આને કામ નહીં, પણ સેવા માને છે, ભાર કે ભીડો નહિ પણ ભક્તિ સમજે છે !

**(૩) રમૂજપ્રિય સ્વામીશ્રી (સ્વામીશ્રીનો ગમ્મતગુલાલ)**

ગમે તેવી પરિસ્થિતિ કે સંજોગો સ્વામીશ્રીની હળવાશમાં વિક્ષેપ કરવા સમર્થ નથી. કદાચ એ સંજોગોમાં બીજી કોઈપણ વ્યક્તિ જરાય સમતુલા જાળવી ન શકે. અહીં ૧૯૭૪નો એ પ્રસંગ ચોક્કસ સાંભરી આવે. નૈરોબી એરપોર્ટ ઉપર પ્લેનમાંથી ઊતરવા ન દીધા અને એ જ પ્લેનમાં પાછા દેશમાં ફરવાનું થયું છતાં એ મુસાફરી દરમ્યાન 'રયા ગઢવી'ના દૃષ્ટાંતને આવરી લઈને ખૂબ જ ગમ્મતભરી વાતો સ્વામીશ્રીએ સંતોને કરી હતી. બીજે દિવસે સભામાં ઈશ્વરચરણ સ્વામીએ હાર પહેરાવ્યો ત્યારે હસતાં હસતાં કહે : 'ડંકો મારી આવ્યા એનો હાર.'

આવી મોટી સંસ્થા, આટલું મોટું એમનું પદ, અધ્યાત્મ અને ધર્મ જેવું અત્યંત ગંભીર એમનું કાર્યક્ષેત્ર, દીનદુઃખિયાના યોગક્ષેમ માટે એમનું ચિત્ત સદા રમમાણ હોય... આ બધામાં આવી હળવાશ સંભવે ખરી ? આવો વિચાર સહેજે આવે, પણ આ વાત જ્યારે સ્વામીશ્રીને પાસે આવીને નિહાળીએ ત્યારે સમજાય જાય.

અમદાવાદમાં ઉકાળા-પાણી વખતે બ્રહ્મવિહારી સ્વામી 'સ્વામીની વાત' બોલ્યા કે ભગવાન તો ઘણાને મળ્યા પણ આવી ગમ્મત કોઈએ કરાવી નથી. ત્યારે સ્વામીશ્રી કહે : 'હા, બહુ દુર્લભ છે. મહારાજે ગમ્મત કરાવી છે. પહેલું તપ કરાવી લીધું, દેહ સૂકવી નાખ્યા અને પછી તો 'ના, ના પાડે, ઠામ સંતાડે, તેને રેડે માથડે.' ખૂબ જમાડ્યા, ઉત્સવો કર્યા, રાસે રમ્યા, જ્ઞાન સાથે પોતામાં હેત કરાવ્યું. આપણા જેવા થાય તો જ સુખ આવે. પેલું તો મર્યાદા ને મર્યાદામાં મરી જઈએ ! આ તો ગમે ત્યારે, ગમે તે ગમ્મત કરીએ, વાંધો ન આવે.'

મુંબઈમાં એક સાંજે સભા બાદ નાની લિફ્ટ દ્વારા પાંચમા માળે જઈ રહ્યા હતા. લિફ્ટ ત્રીજા માળ સુધી આવે એટલે પાંચમા માળે રાહ જોતા સંતો 'છૂક... છૂક...' એમ આગગાડીનો અવાજ જોરજોરથી કરવા લાગ્યા. કોઈ ગાર્ડની જેમ સીટી મારે, તો કોઈ ફેરિયાના લહેકાથી, 'લ્યો ચીકુ, લ્યો ચીકુ, ખારી સીંગ' એમ બોલે. કોલાહલથી સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર હોય એવું વાતાવરણ કરી મૂક્યું.

લિફ્ટ પાંચમા માળે આવીને અટકી. સ્વામીશ્રી લિફ્ટમાંથી બહાર આવી વિવિધ અવાજો સાંભળી મંદ મંદ હાસ્ય સાથે સંતો તરફ જોવા લાગ્યા. સંતો તો એકબીજાનાં ગાતરિયાં પકડીને ડબ્બાના રૂપમાં ગોઠવાયેલા જ હતા. પલકારામાં સંતોની રમતનો હેતુ પામી જઈને સ્વામીશ્રી એન્જિનના રૂપમાં ગોઠવાયા. એક સંતે સ્વામીશ્રીના ગાતરિયાનો છેડો પકડ્યો. કૃષ્ણપ્રિય સ્વામીનું શરીર જરા સ્થૂળ



એટલે સ્વામીશ્રી તેમને કહે : 'તમે છેલ્લે ગાર્ડનો ડબ્બો, ગાર્ડ તમારા જેવા જાડિયા હોય.'

પછી તો છૂકછૂક ગાડી ચાલી. રૂમના દરવાજા પાસે આવ્યા એટલે પ્રેમાળ દાદાજી પોતાના નાના પૌત્રોને કહેતા હોય તેવા લહેકાથી કહે : 'ચાલો, સ્ટેશન આવી ગયું. બધા ડબ્બા છુટ્ટા !'

અંતમાં સ્વામીશ્રી સૌને કહે : 'આમ ને આમ આનંદ-કિલ્લોલ કરતાં અક્ષરધામમાં પહોંચી જવાશે !'

આવી રમૂજ એમના જીવનમાં ખૂબ જ સહજ છે.

અમદાવાદમાં એકવાર સાંજના વોકિંગ કરી રહ્યા હતા. સમય પૂરો થવા છતાં સ્વામીશ્રીએ વોકિંગ ચાલુ રાખેલું. બ્રહ્મપ્રકાશ સ્વામી અને નારાયણચરણ સ્વામીના કહેવા છતાંય એ તો ચાલતા જ રહ્યા. પછી તો એમને રોકવા માટે એમની વોકિંગની બરાબર સીધી રેખા ઉપર જ બ્રહ્મપ્રકાશ સ્વામી અદબ-પલાંઠી વાળીને બેસી ગયા. સ્વામીશ્રીએ એમને જોયા ને સ્મિત કર્યું. પણ એ તો જરાય વિચલિત થયા વગર આગળ વધ્યા, પાસે આવ્યા અને થોડી ક્ષણ ઊભા રહ્યા. પછી બ્રહ્મપ્રકાશ સ્વામીના માથે હાથ મૂકી જરા નીચે દબાવી અને એમની આખી કાયાને ઠેકીને નીકળી ગયા. સામેની દીવાલે પહોંચીને પાછા વળ્યા અને નજીક આવી એટલું બોલ્યા : 'હવે સમય પૂરો થયો.' ત્યાં ઉપસ્થિત સૌના પેટ ખડખડાટ હાસ્ય સાથે ઉછાળા મારી રહ્યા.

સ્વામીશ્રીના સાન્નિધ્યમાં આવા ઘણા પ્રસંગો ઉપસ્થિત થતા રહે છે.

એમના આશીર્વાદમાં પણ 'રયા ગઢવી', 'ભલું આવી ? જગન પૂરો', 'શેઠિયાને ત્યાં નોકરીએ રહેલા ભરવાડની હવા ખાવાની વાત', 'પટલાણીએ દીકરીનાં ઘરેણાં અને પટેલે પોતાની ઘોડી ખોયાની વાત- લાલી લેખે' જેવી ઘણી હળવી પણ બોધાત્મક ટૂંકી વાર્તાઓ સૌને આનંદમય બ્રહ્મનો અનુભવ કરાવી જાય છે.

**પ્રશ્ન.૧(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

**(૧) સ્વામીશ્રી દ્વારા થયેલા સમાજ સુધારણાનાં કાર્યો**

સ્વામીશ્રીની સેવાપ્રવૃત્તિ રોજબરોજ વિસ્તરતી જાય છે. એમની સેવાભાવનાને કોઈ છેડો નથી, કોઈ અંત નથી. સેવા કરવામાં ક્યારેય તેઓ થાકતા જ નથી. ટાઢ-તડકો કે આરામ-તબિયતનો કોઈ જ ખ્યાલ રાખ્યા વિના તેઓ ભગીરથ કાર્યો હાથ પર લે છે અને એને પાર પાડે છે.

લગભગ બધાં ક્ષેત્રોમાં હેરત પમાડે તેવી શક્તિથી સ્વામીશ્રીએ સફળતાપૂર્વક કામ કર્યું છે. એમણે સંતોના સાથમાં દુષ્કાળ, પૂર, વાવાઝોડા અને ભૂકંપ જેવી કુદરતી આફતોમાં માનવસહાય માટે પુરુષાર્થ કર્યો છે. કોમી રમખાણો, વિવિધ આંદોલનોમાં શાંતિ માટેના પ્રયાસો કર્યા છે. કેળવણી ક્ષેત્રે પણ એમનું મોટું પ્રદાન છે. લગ્નમાં રૂઢિગત ખર્ચા, દહેજ જેવી કુરૂઢિઓ નાબૂદ કરવા સમાજને ફળદાયક સમજ આપી છે. વર્ણવ્યવસ્થા, જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા વગેરે સામાજિક કલંકો દૂર કરવામાં સક્રિય રહ્યા છે. ગામમાં પડી જતા પક્ષો, એમની વચ્ચેનાં વેરઝેર, ધીંગાણાં નાબૂદ કરાવવા એ કાર્યરત રહ્યા છે.

૧૯૭૯માં મચ્છુ નદી પર બાંધેલો ડેમ તૂટતાં મોરબી તારાજ થઈ ગયું. આ સમાચાર મળતાં જ સ્વામીશ્રીના આદેશથી સંસ્થાના સંતો-કાર્યકરો ત્યાં દોડી ગયા. ખુદ માલિક પણ ઊભો ન રહે તેવો દુર્ગંધ મારતો કાદવ દરેક ઘરમાં ત્રણ-ત્રણ ફૂટ જેટલો ભરાયો હતો. દુર્ગંધને ગણકાર્યા વિના આ સંતો-સ્વયંસેવકોએ કેટલાંયના ઘરોને સાફ કર્યાં. કેટલાંક સ્થળે મૃતદેહો પણ નીકળ્યાં. તેની અંતિમવિધિ કરી. આ ઉપરાંત મોરબીમાં અનાજ અને વસ્ત્રોનું વિતરણ પણ સ્વામીશ્રીએ સંસ્થા તરફથી કરાવ્યું હતું. એટલું જ નહિ, રેલ આવ્યા પછી પંદર દિવસે મુસ્લિમભાઈઓનો ઈદનો તહેવાર આવ્યો. એ વખતે મોરબીના ૫,૦૦૦ મુસ્લિમભાઈઓને બુંદી-ગાંઠિયા સહિતનું સાદુ ભોજન કરાવ્યું !

આટઆટલી સેવા કર્યા બાદ પણ એમના ઉદ્‌ગાર તો સાંભળો ! સ્વયંસેવકોની સભામાં તેઓ કહે : 'આપણે સહાય કરી તે કાંઈ ઉપકાર કર્યો નથી, પણ આપણી ફરજ બજાવી છે. ભગવાનને રાજી કરવાની આ સેવા છે.'

૧૯૮૭માં સૌરાષ્ટ્રમાં પડેલા ભયંકર દુષ્કાળ વખતે કરુણાની જે ગંગા વહાવી એનો તો ઈતિહાસમાં જોટો જડે એવો નથી.

આંધ્રમાં સમુદ્ર હોનારત, ઓરિસ્સામાં વાવાઝોડું, કચ્છ અને મહારાષ્ટ્રમાં વિનાશક ભૂકંપ, સુરતમાં પ્લેગ... આ તમામ આફતો વેળાએ સ્વામીશ્રી અને એમના સંતો-સ્વયંસેવકો સમાજની વહારે દોડી ગયા છે. એમની સેવાભાવના માત્ર ગુજરાત કે ભારત પૂરતી જ મર્યાદિત ન રહેતા વિદેશોમાં પણ પહોંચી છે. ૧૯૮૯માં અમેરિકામાં આવેલા ભયંકર ટોર્નેડો વખતે સ્વામીશ્રીએ કહેલું : 'આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે વાવાઝોડું ત્યાં ને ત્યાં શમી જાય, આગળ ન વધે. બીચારા ટાપુવાસી નાહકના દુઃખી થાય.'

'કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય' - આવું સ્વામીશ્રીનું જીવન છે.

આ તો થઈ સમષ્ટિની સેવા. પણ લોકોના વ્યક્તિગત કલ્યાણ માટે પણ એમણે ઓછી સેવા નથી કરી !

મુંબઈના એક શ્રીમંત કુટુંબની મિલકતની વહેંચણીએ ભારે ઝઘડાનું સ્વરૂપ પકડ્યું હતું. સ્વામીશ્રીએ આ પ્રશ્ન હાથમાં લીધો. બે મહિના સુધી વાટાઘાટો ચલાવી. સ્વામીશ્રીએ ધીરજ ન છોડી. આખરે સુખદ સમાધાન થયું.

માતા-પુત્ર, ભાઈ-ભાઈ, પિતા-પુત્ર વચ્ચેના વૈમનસ્યને એમણે દૂર કર્યા છે. સંસારીઓના અંગત પ્રશ્નો - વિવાહના, લગ્નના, ધંધામાં ભાગીદારીના, નોકરીના, ધંધાની મૂંઝવણના, અટકી ગયેલી પ્રગતિને ગતિ આપવા જેવામાં રસ લઈને એના ઉકેલ આણી આપ્યા છે. અને એ બધામાં શિરમોડરૂપ એમણે હજારો લાચાર વ્યક્તિઓને વ્યસનની ચૂડમાંથી મુક્ત કરાવી છે.

અને આ બધુંય કરવામાં એમણે ક્યારેય પોતાના દેહની પરવા કરી નથી. રાત-દા'ડો ઉજાગરા વેઠીને, ખાવા-પીવાની પરવા કર્યા વિના સ્વામીશ્રી વિચરતા જ રહ્યા છે. અને એના ફળસ્વરૂપે જ એક નવતર સમાજનું નિર્માણ થયું છે, એક ચારિત્ર્યવાન સમાજનું ઘડતર થયું છે, એક આદર્શ ધર્માભિમુખ સમાજ તૈયાર થયો છે.

**(૨) સ્વામીશ્રીના માર્ગદર્શન નીચે ઉજવાયેલા મહોત્સવો**

સંત અને વહીવટ ! જાણે બે સામસામા ધ્રુવ !! આ બંને ધ્રુવોમાં એકસરખી અસાધારણ પ્રતિભા ધરાવતા પુરુષો મળવા વિરલ છે. પ્રમુખસ્વામી મહારાજમાં સફળ નેતૃત્વ અને વહીવટી દક્ષતાનો સમ્યક્ સમન્વય ચોખ્ખો દેખાઈ આવે છે. સફળ વહીવટ માટે જરૂરી એવા બધા જ ગુણ સ્વામીશ્રીમાં છે. એમની આ દક્ષતા સમૈયા-ઉત્સવોના આયોજનમાં, શાસ્ત્રીજી મહારાજની જન્મશતાબ્દી, યોગીજી મહારાજની અમૃત જયંતી કે એમની જન્મશતાબ્દી જેવી ઉજવણીઓમાં, ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી, બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનો અમૃત મહોત્સવ જેવા મહોત્સવોમાં સોળે કળાએ ખીલેલી સૌએ જોઈ છે.

ઈ.સ. ૧૯૬૧માં સુવર્ણકળશ મહોત્સવ વખતે ગઢપુરમાં પાણી તથા ઉતારાની મુશ્કેલીઓ, વૈશાખના વાયરાનું તાંડવ, પવનથી ફાટતા તૂટતા મંડપોની દુર્દશાથી ભલભલાનાં મન ડગી જાય, પણ સ્વામીશ્રી ખૂબ જ સ્થિરતાથી કાર્યો ઉકેલતા.

ઈ.સ. ૧૯૬૫માં શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવમાં પણ તમામ વ્યવસ્થામાં સ્વામીશ્રીની દેખરેખ. ખાવાપીવાની સહેજ પણ તમા નહીં. આરામ કે સૂવાની પણ પરવા નહીં. મહોત્સવની આગલી રાત્રે મુખ્ય મંચ તૈયાર થતો હતો. ત્યાં આખી રાત બેસી રહ્યા. મંચની પછીતની દીવાલો ચણાઈ ગઈ પછી જ સવારે

ઊઠ્યા અને નિત્યક્રમથી પરવારી મુખ્ય સભામાં હાજર થઈ ગયા.

ઈ.સ. ૧૯૬૯માં ગુણાતીત જન્મસ્થાનમાં મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પાણીની ખૂબ જ મુશ્કેલી હતી. નદીને સામે કાંઠે ફક્ત એક જ કૂવામાં પાણી રહ્યું હતું. ત્યાંથી પાઈપલાઈન દ્વારા પાણી લાવવાનું હતું. વચ્ચે નદીનો પટ આવે. લગભગ ૫૦૦૦ ફૂટ કરતાં વધારે લંબાઈના અંતર સુધીની વ્યવસ્થા કરવાની હતી. સમય ઓછો હતો. વૈશાખના તાપમાં ભરબપોરે તેમજ મોડી રાત સુધી મજૂરો સાથે સતત ઊભા રહીને સ્વામીશ્રીએ આ કાર્ય પાર પાડ્યું. જરા પણ આળસ કે કંટાળો નહીં. સાથે કર્તાપણાનો કે કાર્યનો ભાર પણ નહીં. ધીરજ અને ગંભીરતાથી કાર્ય લીધા કરે.

ઈ.સ. ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના પ્રારંભ પહેલાં અમદાવાદમાં અનામત આંદોલન શરૂ થયેલું. દિવસે દિવસે પરિસ્થિતિ વિસ્ફોટક બનતી હતી. ખાસ કરીને સાબરમતી આશ્રમ પાસે જ્યાં ઉત્સવ ઉજવવાનો હતો, તે સ્થળ જ ચારેબાજુ તોફાનોથી ઘેરાયેલું હતું. તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી, પણ ચાલુ ઉત્સવે કંઈ ઉપદ્રવ થાય તો ? સૌનો એક જ અભિપ્રાય હતો કે ઉત્સવ મોકૂફ રાખવો. ત્યારે સ્વામીશ્રીએ અત્યંત શાંતચિત્તે અને ટાઢકથી જણાવ્યું કે આપણે ઉત્સવ તો નક્કી કર્યા પ્રમાણે જ ઊજવવો. મહારાજ બધું સારું કરશે... આ છે સ્વામીશ્રીની શક્તિ ! આત્મવિશ્વાસ, હિંમત, અડગતા, સાહસ... જેટલું ગણાવીએ એટલું ઓછું છે !

ઈ.સ. ૧૯૮૫ના ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવ વખતે પણ પાણીની સખત તંગી અને વિદ્યાર્થી આંદોલન ચાલુ હતું. આ વખતે પણ સ્વામીશ્રી ઉત્સવ ઉજવવા મક્કમ રહ્યા અને ઉત્સવ શરૂ થતાં પહેલાં જ સારો વરસાદ પડ્યો ને વ્યવસ્થામાં ભારે રાહત થઈ. ઘણી સફળતા સાથે ઉત્સવમાં પાર ઊતર્યા.

આ સમૈયામાં નગરના મુખ્ય પ્રવેશદ્વારના એક ભાગમાં અચાનક આગ ફાટી નીકળી. પ્રવેશદ્વારનો આખો ડાબો ભાગ બળી ગયો. બધાને એમ કે હવે જમણો ભાગ પણ પાડી દેવો યોગ્ય ગણાશે. નવું રચી નહીં શકાય. સ્વામીશ્રીએ હિંમત આપી. રાત્રે સ્વામીશ્રીએ બધું ભગવાન પર નાખી દઈ સંતોને પ્રેમથી, હાસ્યની છોળો ઉડાડતાં જમાડ્યા. જાણે દ્વાર સળગ્યું જ ન હતું. અને સ્વામીશ્રીએ જે ઉત્સાહ પ્રેર્યો એથી અઠવાડિયામાં બળેલો ભાગ નવેસરથી તૈયાર થઈ ગયો.

આપણો સામાન્ય અનુભવ એવો છે કે માણસની ઉંમર જેમ જેમ વધતી જાય તેમ તેમ એની શક્તિઓ ક્ષીણ થતી જાય છે. ઉત્સાહ ઘટતો જાય છે. નવા સાહસ કરવાની વૃત્તિ ઘટતી જાય છે. પરંતુ સ્વામીશ્રીમાં બિલકુલ ઊલટો ક્રમ જોવા મળે છે. ઉત્તરોત્તર એ શક્તિ વધતી જતી હોય એવું જોઈ રહ્યા છીએ.



અમેરિકામાં ભારતીય સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન એમણે કર્યું. પશ્ચિમના નાગરિકો મોંમાં આંગળાં નાખી ગયા. ઈ.સ. ૧૯૯૨માં યોગી શતાબ્દી વખતે 'સ્વામિનારાયણ નગર'નું સર્જન થયું. ૧૪ કિલોમીટર લાંબી લોખંડના પતરાંની વાડ, ૨,૫૦,૦૦૦ ચોરસ ફૂટની હરિયાળી લોન, એક લાખ દસ હજાર ફૂલછોડ, બાગ, સરોવરનાં આયોજન... ગાંધીનગર શહેરની વસ્તી કરતાં સાડા ત્રણ ગણી વ્યક્તિઓ(૩,૬૦,૦૦૦)ના ઉતારાની વ્યવસ્થા ! એમની સગવડ માટે ૧,૫૦૦ જાજરૂ, ૫૯૦ મૂતરડી, ૧૩૬૫ બાથરૂમ, ૮૧૨ લાંબા વોશબેઝીન... ૧૨૨ કિલોમીટર જેટલું લંબાઈનું વાયરીંગ કરીને ઈન્ટરકોમ ટેલિફોન વ્યવસ્થા ઊભી કરી હતી.

૬૦ લાખ લોકોએ મુલાકાત લીધી અને બાવન લાખ લોકોએ (સવાર-સાંજનું) ભોજન લીધું. આટલો બધો માનવ મહેરામણ, છતાં ન કોઈ ધાંધલ, ધમાલ, અવ્યવસ્થા, મારફાડ, ઝઘડા, ચોરી કે લૂંટ - કશી જ બૂમ કે ફરિયાદ નહોતી અને એ પણ ૩૪ દિવસ સુધી !

આ ભવ્ય નિર્માણ અને આયોજનની પ્રેરણા ગંગોત્રી કઈ ? સ્વામીશ્રી ! એમનું માર્ગદર્શન ! એમનાં હૂંફ અને પ્રેમ. સંતો અને સ્વયંસેવકોના અદ્ભુત પુરુષાર્થનું એ સર્જન, પણ કેન્દ્રમાં સ્વામીશ્રી !

**(૩) સ્વામીશ્રીનું ઐશ્વર્યદર્શન**

ભગવાનનું મનુષ્યરૂપ જેવી રીતે દિવ્ય છે તેવી જ રીતે જે સંત દ્વારા ભગવાન સર્વ પ્રકારે અખંડ પ્રગટ હોય, એમનું સ્વરૂપ પણ દિવ્ય જ છે. વડતાલના ૧૩મા વચનામૃતમાં શ્રીજીમહારાજ સમજાવે છે કે ભગવાન સાધુરૂપે અથવા તો રાજારૂપે પૃથ્વી ઉપર પધારે ત્યારે તેઓ મનુષ્ય જેવા જ જણાય પણ એ અલૌકિક છે. મુમુક્ષુઓ તેમનામાં સહેજે આકર્ષાય.

પ્રમુખસ્વામી આવા એક સંત છે એવો અનુભવ ઘણાને થયો છે. એમના ઐશ્વર્યના પ્રતાપે ઘણાએ પરમ શાંતિનો અનુભવ કર્યો છે. ઘણાને એ જ પ્રતાપે અક્ષરધામની પ્રાપ્તિ થઈ છે. તેઓ પોતાનું સામર્થ્ય ખુલ્લેઆમ પ્રગટ થવા દેતા નથી. પણ ક્યારેક ભાવમાં આવી જાય ત્યારે કોઈ ઉક્તિ, કોઈ ઉદ્ગાર, કોઈ કાર્ય અથવા કોઈ સંકેત દ્વારા એ પ્રગટ થઈ જાય છે.

મુંબઈના નીલકંઠ નામના બાળકે એકવાર સ્વામીશ્રીને પૂછ્યું : 'તમારી અંદર ભગવાન છે ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'ત્યારે તો અહીં બેઠા છીએ. મોટા પુરુષમાં સર્વ પ્રકારે

હોય અને બીજામાં અંતર્યામીપણે રહ્યા હોય.'

તા. ૧૪-૧૦-૧૯૮૭ના રોજ ગોંડલમાં સભાને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું, 'દેહ મૂકીને જેને પામવા છે તે દેહ છતાં જ મળ્યા છે. આટલું જ સમજવાનું છે.'

ઋષિકેશના સંતવર્ય ચિદાનંદ સ્વામીના શિષ્ય મોરેએ એક વખત સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કરેલા. પણ એમને નજીકથી સ્વામીશ્રીના દર્શન કરવાની પ્રબળ ઇચ્છા હતી. ૧૯૮૪માં મહેસાણામાં જન્મજયંતી પ્રસંગે આ તક મળી. દર્શન વખતે પ્રમુખસ્વામીએ એમના મસ્તકને સ્પર્શ કર્યો અને કહ્યું : 'નજીકથી દર્શન કરવાનો તમારો સંકલ્પ પૂરો થયો ?' સ્વામીશ્રીના અંતર્યામીપણાથી તેઓ આશ્ચર્યમાં ડૂબી ગયા.

અમેરિકામાં રહેતા કણભાના વતની વિષ્ણુભાઈની દુકાન એવા વિસ્તારમાં છે કે જો આપણી નજરચૂક થઈ હોય તો વસ્તુ અવશ્ય ચોરાઈ જ જાય. મુફલીસોથી ભરચક આવા વિસ્તારમાં શુક્રવારે સાંજે એમણે દુકાન બંધ કરી ત્યારે ભૂલથી ચાવી તાળામાં જ રહી ગઈ. અને તેઓ ઘરે આવી ગયા. પછી તો શનિ, રવિ બે દિવસ દુકાન બંધ એટલે ચાવી સાંભરી નહિ. સોમવારે ત્યાં ગયા ત્યારે એમના રોજના એક ગ્રાહકે અને બીજી એક બાઈએ 'કોઈ ભગવા વસ્ત્રવાળો ચોકીદાર દુકાનની ચોકી કરતો હતો' એવી વાત તેમને કરી. દુકાનમાં રાખેલો સ્વામીશ્રીનો ફોટો બતાવતાં 'બસ ! આ જ માણસ. એણે હાથમાં માળા પણ રાખી હતી.' એવી સાબિતી આપી. આમ, સ્વામીશ્રીએ તેઓની દુકાનની રક્ષા કરી. સ્વામીશ્રીને જ્યારે આ સંબંધે પૂછયું કે, 'આપ ખરેખર ગયા હતા ?' ત્યારે એમણે જવાબ આપ્યો : 'આપણે ક્યાં જવાનું હોય ? એ તો મહારાજ જાય.'

સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી હરિશભાઈ દવેને એક જમીનના સંદર્ભમાં એન.ઓ.સી. લેવાનું હતું. સંજોગો જોતાં આ પરવાનગી મળવી અશક્ય જ હતી. એ સમયે સ્વામીશ્રીને સંભારતા થોડી જ સેકંડમાં સ્વામીશ્રી એમની પાસે પધાર્યા અને માર્ગ સૂઝાડ્યો. એ મુજબ કર્યું તો આશ્ચર્ય વચ્ચે એન.ઓ.સી. મળી ગયું. હવે, સ્વામીશ્રી તો ખરેખર સેંકડો કિલોમીટર દૂર ગામડામાં વિચરતા હતા. છતાં એ પધાર્યા એ તદ્દન વાસ્તવિક હતું.

૧૯૭૭માં આસ્ટનમાં નગરયાત્રા હતી. ઇંગ્લેન્ડના પહેલા નંબરના રેસના ઘોડા જેકબને બગી સાથે જોડવામાં આવ્યો હતો. હવે, નગરયાત્રામાં તો વાજાં વાગે અને આ તો રેસનો ઘોડો. એટલે ચોક્કસપણે એ વીફરશે એવી શંકા બધાને હતી. ત્યાં ઉપસ્થિત શહેરના કાઉન્સિલર વિલ્કિન્સને પણ આ જ શંકા ઉઠાવી. પણ જ્યાં સ્વામીશ્રી પધાર્યા અને બગીમાં બિરાજ્યા, ત્યાં તો આ ઘોડો નીચું



જોઈને ચાલવા લાગ્યો. નગરયાત્રા પૂરી થતાં સુધી ગરીબડો બનીને ચાલ્યો. વિલ્કિન્સનના આશ્ચર્યનો પાર ન રહ્યો. 'ઢોલ પિટાય ત્યારે ભડકીને ભાગવાની આદતવાળો આ ઘોડો આટલી ધમાલમાં પણ કઈ રીતે શાંત રહ્યો ?' સ્વામીશ્રીની દૃષ્ટિમાત્રથી અનેકના સ્વભાવ સુધરી જાય છે !

એમની કૃપાથી અનેક હરિભક્તોએ અક્ષરધામમાં પહોંચાડવાનો કોલ આપ્યો હોય તે સાર્થક થતા અનુભવ્યો છે. મુંબઈના દોલતભાઈ દેસાઈ, મોજીદડના રામભાઈ અને જીટોડિયાના ઈશ્વરભાઈ સ્વામીશ્રીના આ અલૌકિક પ્રતાપના સાક્ષી છે.

આમ, સ્વામીશ્રી પોતાના ઐશ્વર્યબળે સત્સંગીઓ-હરિભક્તો અને એમના કુટુંબના યોગક્ષેમની ચિંતા હૈયે ધરીને છેક અક્ષરધામની યાત્રા સુધીની જવાબદારી નિભાવ્યે જાય છે.

### (૪) યુવાનોના સુહૃદ

પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા છે કે એ કોઈ પણ ઉંમરની વ્યક્તિની સાથે ભળી શકે છે. બાળક, યુવાન કે વડીલ એમની પાસે આવીને પોતાની જરૂરિયાત સંતોષી શકે છે. આજે માણસને સૌથી વધુ જરૂર પ્રેમ અને હૂંફની છે. દુનિયામાં એને બધું જ મળી જાય છે પણ આ બે વસ્તુ મળતી નથી. એટલે જ યુવાનો વ્યસનો અને ખોટી સોબતના અવળા માર્ગે ચઢી જાય છે. આવા યુવકો જ્યારે સ્વામીશ્રી પાસે આવે છે ત્યારે તેઓના જીવનમાં ઉત્સાહ અને બળ પ્રેરાય છે. તેઓ નવું જીવન પામે છે.

અમદાવાદનો એક યુવાન હેરોઈનથી માંડીને જાતજાતનાં કેફી દ્રવ્યોની ચુંગાલમાં ફસાયેલો હતો. ઈ.સ. ૧૯૮૭માં એ સ્વામીશ્રીને મુંબઈમાં મળ્યો. સ્વામીશ્રીએ સતત બે વર્ષ સુધી એને આમાંથી છોડાવવા પ્રયત્ન કર્યો. બે વર્ષ પછી જ્યારે એ સારંગપુરમાં મળ્યો ત્યારે એ ડ્રગ્સમાંથી તો છૂટ્યો, પણ અફીણનું વળગણ લઈ આવ્યો હતો. સાથે મેન્ડ્રેક્સની ગોળીઓ પણ લેવાની શરૂ કરી હતી. ૧૯૮૯માં સ્વામીશ્રીએ એને અડધો કલાક બેસાડીને વાતો કરી હતી, છતાં આમ થયું. સ્વામીશ્રીએ એની સાથેનું અફીણ ફેંકાવી દીધું. પ્રથમ ચાર દિવસ તો એની હાલત જોઈને ભલભલાને દયા આવે. રાત્રે પગ પછાડે, ઊંઘ આવે નહિ, હવાતિયાં મારે, તરફડે. સ્વામીશ્રીએ એને મક્કમ રહેવા ખૂબ બળ આપ્યું. ત્યારે એણે છાનામાના બીડી પીવી ચાલુ કરી. સ્વામીશ્રી એને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પાસે લઈ ગયા. અને કહ્યું, 'અહીં પગે લાગ. પ્રાર્થના કર. આજથી બીડી પણ બંધ. લે આ ગુલાબ. બીડી પીવાનું મન થાય ત્યારે આ ગુલાબની પાંદડી

ખાજે.'

આ યુવાન સન્માર્ગે વળે એ માટે સ્વામીશ્રીએ સતત ત્રણ વર્ષ સુધી એની સંભાળ લીધી. એક સાચા મિત્ર વિના આટલો રસ કોણ લે ?

સ્વામીશ્રીની વાત યુવાનો તરત જ માની લે છે. અને તે મુજબ વર્તવા તૈયાર થઈ જાય છે. તા.૬-૧૨-૮૯ના રોજ સ્વામીશ્રીના ૬૯મા જન્મજયંતી દિને ભરૂચમાં ભવ્ય સભા ભરાઈ હતી. એ વખતે ડૉક્ટર સ્વામીએ દહેજના દૂષણ વિષે વાત કરી. પછી દહેજ નહિ લેવા કે દેવા માટેનો નિશ્ચય કરતા હોય તેમને આંગળી ઊંચી કરવા જણાવ્યું. થોડીક આંગળીઓ ઊંચી થઈ. સ્વામીશ્રી આ જોઈ બોલ્યા : 'બધાને કહો કે આંગળી ઊંચી કરે.' સ્વામીશ્રીની ઇચ્છા માઈક દ્વારા જાહેર થઈ અને તરત વીસ હજાર જેટલી આંગળીઓ ઊંચી થઈ. ઈ.સ. ૧૯૯૦માં થયેલા યુવક અધિવેશનમાં પણ લગભગ ૨૦ હજાર જેટલા યુવકોએ દહેજ ન લેવાની પ્રતિજ્ઞા કરી હતી.

લગ્ન પછીના છૂટાછેડાના પ્રસંગો પણ આજે યુવાનોમાં વધી રહ્યા છે. લંડનમાં સ્વામીશ્રીએ યુવકોને કહ્યું હતું : 'આપણે યુવકોએ ધ્યાન રાખવાનું. (લગ્ન) થાય પછી છૂટા નહીં પડવાનું. જિંદગીભર નભાવવાનું. એમ નક્કી રાખવું.'

માતા-પુત્ર વચ્ચેના ઝઘડા હોય કે પછી નોકરીનો પ્રશ્ન હોય. દરેકમાં સ્વામીશ્રી યુવકને ખૂબ જ શાંતિથી સાંભળતા હોય છે અને પછી સાચો રાહ બતાવે છે. આજે જ્યારે માતાપિતાને સગા દીકરામાં રસ ન રહ્યો હોય, ત્યારે યુવકને સ્વામીશ્રીમાં સાચા સ્વજનના દર્શન થાય છે.

સ્વામીશ્રી યુવકોના સંકલ્પ પૂરા કરવા માટે ભીડો પડતો હોય છતાં એને રાજી કરે. કલકત્તાના રાજેન્દ્ર (અકુ)ને જબરજસ્ત શારીરિક ઉપાધિ આવેલી. એમાં એને એક જ રઢ લાગેલી કે 'સ્વામીબાપા સાથે નિરાંતે બેસીને મારે એક કલાક વાત કરવી છે.' તા. ૧૬-૯-૮૭ના રોજ દિલ્હીથી કલકત્તા પહોંચ્યા બાદ એરપોર્ટ પર જ સ્વામીશ્રી કહે : 'અકુ બીમાર છે, એના ઘેર લઈ લો.' ઠેઠ દિલ્હીથી સ્વામીશ્રીની આ રઢ હતી. રાજેન્દ્રના કાકા કિશોરભાઈએ 'અત્યારે એ સૂતો છે માટે સવારે નિરાંતે મળવાનું રાખો' એમ કહેવાથી અંતે નાછૂટકે સ્વામીશ્રીએ એ વાત માન્ય રાખી. પરંતુ એ જ રાત્રે અકુ ધામમાં બેસી ગયો. સ્વામીશ્રીને વાત કરી ત્યારે તેઓની આંખો ભીંજાઈ ગઈ. અને એ યુવકની અંતિમ વિધિમાં સ્વામીશ્રી જાતે પધાર્યા. બધી વિધિ કરી. પછી કહે : 'એ તો બહુ ભાગ્યશાળી હતો. ભજન કરતો કરતો ગયો છે. અમારે એને મળવાની ખૂબ જ ઇચ્છા હતી પણ મળી ન



શકાયું. ભલે દેહે કરીને ન મળાયું. પરંતુ આત્માએ મળી લીધું છે. અમારો ને એનો આત્મા એક થઈ ગયો.'

એક યુવાનના જીવનની આથી વધુ ધન્યતા કઈ હોઈ શકે !

આમ, સ્વામીશ્રી સાચે જ યુવાનના આ લોક અને પરલોક એમ બંનેના પથદર્શક બની રહ્યા છે.

**'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવન ચરિત્રના આધારે :**

**ભાગ ૧ : પાના નં. ૧ થી ૫૩૨**

**ભાગ ૨ : પાના નં. ૮૩૨ થી ૯૬૦**

**પ્રશ્ન.૨(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) આજ્ઞાપાલનથી સુખ**

'દાસના દુશ્મન હરિ કેદી હોઈ નહિ, જેમ કરે તેમ સુખ જ થશે.' મોટાપુરુષની આજ્ઞા હંમેશાં આપણા સારા માટે જ હોય છે. એ આજ્ઞાને જો અધ્ધર ઝીલી લઈએ તો સુખની સવારી આપણા તરફ આવતી હોય છે.

એક વખત પંચાળાથી ગોવિંદભાઈ અને બળેજથી મોરારભાઈ ઠક્કર બંને સાથે સ્વામીશ્રીના દર્શન સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. સ્વામી તો અખંડ વાતો કરતા. આ હરિભક્તો બે દિવસ રહ્યા. પરંતુ મોટાભાઈને રૂના વેપારનો વેગ હતો એટલે ત્રીજે દિવસે તેમણે સ્વામીશ્રીની રજા માગી. સ્વામીશ્રીએ બંનેને રજા આપી અને કહ્યું, 'સત્સંગ અંતરમાં દૃઢ રાખજ્યો. ઓણ સાલ રૂનો વેપાર કરશો નહીં.' મોરારભાઈને ધ્રાસ્કો પડ્યો. રસ્તામાં ગોવિંદભાઈને કહ્યું : 'ઓણ રૂ લેવું છે કે નહીં ?'

ત્યારે તેમણે કહ્યું : 'સ્વામીએ ઓણ રૂ લેવાની ના કહી છે માટે આપણે ધંધો ન કરવો.' મોરારભાઈ તે સાંભળી હસ્યા. તેમણે કહ્યું, 'ગોવિંદભાઈ ! સ્વામી રૂના ભાવમાં શું જાણે ? મંદિરમાં બેસી માળા ફેરવી જાણે.' પરંતુ ગોવિંદભાઈએ તો ના જ કહી. મોરારભાઈને બુદ્ધિનો ડોળ હતો તેથી સોળ કોડીની ખાંડી લેખે અગિયારસો ખાંડી રૂ લીધું. થોડા દિવસ થયા ને ભાવ તૂટ્યા. ખાંડીની ૬ કોડી થઈ ગઈ. અને સીધી જ ૧૧૦૦ ખાંડી રૂમાં ૧૧,૦૦૦ કોડીનું નુકસાન થયું ને દેવાળું કાઢવું પડ્યું. જ્યારે ગોવિંદભાઈએ આજ્ઞા પાળી તો નુકસાનમાંથી ઊગરી ગયા.

જાળિયાના આહીર ભક્ત અરજણ બાબરિયો સ્વામીશ્રીનાં દર્શને જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમના પર બહુ હેત બતાવ્યું તેથી જ તેમને થઈ ગયું કે સ્વામી જ અંતરના સાચા સગા છે. એક દિવસ સ્વામીશ્રીએ સામું જોઈને કહ્યું,

'હવે તો તમો અહી અમારી પાસે રહો.'

ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી ! મને કમાવાનો બહુ વેગ છે. કારણ કે કેટલાક કરજ ભરવાના છે. એટલે જો હું કામ ન કરું અને સાથી પાસે ન કરાવું તો બાજરો પૂરો થાય નહિ.'

સ્વામીશ્રી કહે, 'આજ સુધી મનધાર્યો વહેવાર કર્યો એટલે કરજ શાનું આળસે ? પણ અમારી આજ્ઞા પ્રમાણે કરો તો તમારું કરજ તો આમ આળસી જશે. અરજણ ભક્ત વિશ્વાસવાળા એટલે કહ્યું, 'સ્વામી ! આપ જેમ કહેશો તેમ કરીશું.'

એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'તમારે રામનવમી, જન્માષ્ટમી, અન્નકૂટ અને હુતાશનીના સમૈયા અહીં કરવા. ગમે તેવું કામ હોય તે પડતું મૂકીને આવી જ જવું.' સમૈયા પછી આઠ દિવસ રહેવું પછી જવું. સ્વામીએ ફરી કહ્યું, 'તમારે ખેતીનું કામ ન કરવું. બે સાથી રાખીને કરાવવું. બે ભેંસો ને ચાર બળદ રાખવા બીજાં વેચી દેજો.' અરજણ ભક્તે સ્વામીશ્રીની આજ્ઞા શિરે ચઢાવી, તેનો દેહ રહ્યો ત્યાં સુધી સ્વામીશ્રીની આજ્ઞાનુસાર સમૈયામાં આવી જતા હરિભક્તોની સરભરા કરવી, છાણવાસીદું વગેરે તમામ સેવા અત્યંત ભાવથી કરતા. વળી, હરિભક્તો ખાડે જતા તે ખાડા પણ સાફ કરી નાખતા. વાસણો ઊટકતા. આમ, જીવનભર સેવા કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી. વ્યવહારે પણ ખૂબ સુખી થઈ ગયા. આમ, મોટાપુરુષના આશીર્વાદથી જીવનો આ લોક અને પરલોક બંને સુધરી જાય છે.

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા એટલે ગામોગામથી હરિભક્તો દર્શને આવવા લાગ્યા. મેવાસાથી હરજીવન વ્યાસ પણ આવ્યા. તેમની બહુ દુર્બળ સ્થિતિ હતી. તેણે સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! મોંઘવારી બહુ થતી જાય છે અને ઘરમાં ખાવા જેટલા દાણા નથી તો શું કરવું ? ભાવ બહુ ચડી ગયા છે.' સ્વામીશ્રીએ કહ્યું, 'ઠીક.' પછી કહ્યું, 'હરજીવન ! ગીરમાં લીલયું ગામ છે. ત્યાં કાગળ મોકલવો છે તો જાશો ?' ત્યારે હા કહીને કાગળ લીલીયા આપીને પાછા આવ્યા.

સ્વામીશ્રીએ કહ્યું, તારા ગામથી ઉગમણે જે ગામ છે ત્યાં દાણા લેવા જજે. ત્યાં સસ્તી જાર મળી જશે. હરજીવન આજ્ઞા પ્રમાણે મેવાસા ગયા. પછી ત્યાંથી ઉગમણે ચાલ્યા ત્યાં વીરપુર આવ્યું. ત્યાં હરિભક્તને ત્યાં રાત રહ્યા. અહીંના દરબારે જારના કોઠાર વેચવા હુકમ કર્યો. પરંતુ અંગ્રેજનો હુકમ આવ્યો કે પરહદની રૈયતને પણ દાણા આપવા. એટલે જારનો ભાવ કળશીના ૬૦/- થઈ ગયા. વ્યાસે આ વાત સાંભળી. તેને થયું : 'અહો ! સ્વામીશ્રીએ મારા માટે જ આ



કાર્ય કર્યું.' ભગવાન કે મોટાપુરુષની અનન્ય શરણાગતિ હોય તો તેઓ સદા રક્ષા કરે જ.

જૂનાગઢમાં પમા કડિયા સેવા કરવા આવેલ. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! મારે ઘેર જવું છે ને વરસાદ સાતેક દિવસથી વરસે છે, ને મારાથી ભાદર શી રીતે ઉતરાશે ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'અરે માલણસરની પેલી બાજુએ જોડા પહેરીને ચાલ્યો જાજે'. એટલે પમો જૂનાગઢથી નીકળ્યો. માલણસર ગયા પછી તો વરસાદ જ ન મળે. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે જોડા પહેરીને સુખેથી પમો ઘેર પહોંચી ગયો.

સ્વામીશ્રી સંવત ૧૯૧૪ના ચૈત્રી પૂનમનો સમૈયો કરવા વડતાલ જતાં ધોલેરા રોકાયેલા. ત્યાંથી આગળ જવા નીકળ્યા. થોડે દૂર મોતી તળાવ આવે છે. સ્વામીશ્રી ત્યાં રોકાયા. એટલામાં ઠક્કર રણછોડભાઈ જે પાછળ રહી ગયા હતા તેઓ એકદમ દોડતા આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી સાકરનો પડો ભેટ મૂક્યો. સ્વામીશ્રીએ ઠાકોરજીને સાકર ધરાવી થોડા ગાંગડા રણછોડભાઈને આપ્યા. તેમાંથી એક ગાંગડો નીચે પડ્યો. એટલે સ્વામીશ્રીએ કહ્યું, આ ગાંગડા સામું જો, શું દેખાય છે ?

રણછોડભાઈએ ગાંગડા તરફ જોયું. ત્યાં તો જેમ ચક્ર ફરતું હોય તેમ દેખાયું. એટલે તેણે સ્વામીને કહ્યું : 'આમાં ચક્ર ફરતું હોય તેમ દેખાય છે.' તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા, 'રણછોડ ! એ તારા ઉપર કાળ ચક્ર ફરે છે. માટે હમણાં તું અહીં જ રોકાજે. હમણાં જ બહુ વરસાદ પડશે.' એમ કહી ત્યાં ફકીરનો ઓરડો છે ત્યાં સહુ ગયા. એટલામાં તો મૂશળધાર વરસાદ પડવા માંડ્યો. આમ, સ્વામીએ જે ભાખ્યું હતું તે થયું પણ રણછોડ ભક્તે સ્વામીશ્રીની આજ્ઞા પાળી તો તેના ઉપર ફરતું કાળચક્ર ઊઠી ગયું !

ગઢપુર અને જૂનાગઢમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાની હતી. આ મૂર્તિઓ મહારાજના પ્રસાદીના વાસણમાંથી બનાવવાની હતી. ગઢપુરથી અનંતાનંદ બ્રહ્મચારી અને જૂનાગઢથી વાસુદેવાનંદ બ્રહ્મચારીને વડોદરા મોકલ્યા. વાસણો ઓગાળી મૂર્તિઓ ઢળાવવા માંડ્યા. ગઢડાના પ્રસાદીનાં વાસણો વધુ હતાં તે બધાં ગળાવીને ગઢડા માટે તૈયાર થતી મૂર્તિમાં નાખ્યા પણ સ્વામીશ્રીની આજ્ઞા હતી કે, બંને મૂર્તિઓમાં અડધે ભાગે પ્રસાદીનાં વાસણો નાખજો. તેની અવજ્ઞા કરી. કારીગરે મૂર્તિ ઢાળી પણ બરાબર ન આવી. ફરીવાર ઢાળી પણ ખંડિત આવી. આથી બંને બ્રહ્મચારીએ જૂનાગઢ પત્ર લખ્યો. વિગત જણાવી. સ્વામીએ જવાબ લખાવ્યો, 'અમે કહ્યું છે તેમ સરખે ભાગે પ્રસાદીનાં વાસણ નાખશો તો

મૂર્તિ બરાબર આવશે. માટે કપટ કર્યા વિના અમારી આજ્ઞા પ્રમાણે કરજો.' પત્ર વડોદરા મળ્યો. વાંચીને અનંતાનંદ બ્રહ્મચારીને પોતાની ભૂલ સમજાણી ને સ્વામીની આજ્ઞા પ્રમાણે કરતાં સરખી અને સુંદર મૂર્તિઓ આવી.

ઊનામાં હિન્દુ-મુસલમાનને તકરાર થઈ, તેમાં મુસલમાનોએ હિન્દુઓની બહુ કતલ કરી. કેટલોક માલ પણ લૂંટી ગયા. આ તકરારની ફરિયાદ ઊનાના શેઠિયા વલ્લભજીભાઈ તથા બીજા ગૃહસ્થો જૂનાગઢ નવાબ સાહેબ આગળ કરી. બે મહિના ફરિયાદનો જવાબ મેળવવા રોકાયા. પરંતુ કોઈએ તેમની દાદ સાંભળી નહીં તેથી મૂંઝાઈને ઊચાળા ભરી હળિયાદ મુકામ કર્યો.

વલ્લભજી શેઠે આ સમાચાર સ્વામીશ્રી સાથે ફરતા પોતાના ભાઈ કલ્યાણજી શેઠને આપ્યા. આથી શેઠ દિલગીર થઈ ગયા. સ્વામીશ્રીને સમાચાર જણાવ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'અમે કહીએ તેમ કરો તો એ બધું દુઃખ મટી જાય.' એટલે કલ્યાણજી શેઠ કહે, 'આપ કહેશો તેમ કરીશું. ઠાકોરજીના ચાંદીનાં કમાડ કરવાની માનતા કરીએ.'

સ્વામીશ્રીએ ત્યારે કહ્યું એ માનતા કરવી નથી પણ અમારા વચને શ્રીજીમહારાજને સર્વોપરી સમજવાની માનતા કરો કે શ્રીજીમહારાજ અવતારના અવતારી ને સમર્થ ને સર્વોપરી છે. આમ સમજવાની ને બીજાને સમજાવવાની માનતા કરો તો તમારું સર્વ દુઃખ તત્કાળ ટળી જાય. તે સાંભળી શેઠે કહ્યું : આજથી અમે મહારાજને સર્વોપરી સમજશું. બીજાને પણ આ સ્વરૂપ સમજાવીશું. એ પ્રમાણે કલ્યાણભાઈએ માનતા કરી...

આજ વખતે નવાબના અંતરમાં વિચાર ફર્યો ને શેઠિયાઓને બોલાવડાવ્યા. શેઠિયાઓએ ૨૧ કલમો તૈયાર કરેલી તે બધી સ્વીકારી અને સન્માન કરી પહેરામણી કરી ઊનાના અધિકારી ઉપર કાગળ લખી હુકમ મોકલ્યો કે વાજતે ગાજતે ઊનામાં તેડી જજો. આ પ્રમાણે સ્વામીના વચને નવાબનું અંતર ફર્યું ને શેઠિયાઓના બધું દુઃખ મટી ગયું અને સુખિયા થઈ ગયા.

આમ, સત્પુરુષની આજ્ઞામાં જ સાચુ સુખ રહેલું છે.

### (૨) સ્વામીશ્રીએ કરેલ શુદ્ધ ઉપાસનાનો ઉદ્‌ઘોષ

શ્રીજીમહારાજે વચ.પ્ર.૫૬માં જણાવ્યું છે કે ઉપાસના વિના કોઈ વાતની સિદ્ધિ થતી નથી. પરમપદને કેટલાક પામે છે તે પણ ઉપાસનાના બળે જ પામે છે. માટે જો ઉપાસનાનું પ્રવર્તન ભક્ત સમાજમાં ન થાય, તો શ્રીજીમહારાજના જીવોના કલ્યાણ માટે અવતરણનો હેતુ જ માર્યો જાય.

પણ ઉપાસનાની વાત કરવી એ લોઢાના ચણા ચાવવા જેવી અઘરી હતી,



કારણ કે ઉપાસનામાં તો શ્રીજીમહારાજનું સર્વોપરીપણા ઉપરાંત અક્ષરબ્રહ્મની સમજણ તેમજ સત્પુરુષ દ્વારા શ્રીજીમહારાજનું સદા પ્રગટપણાની સમજણ, આવી કાળજા ભેદી નાખે તેવી વાતો આવે. માટે જ મોટા મોટા પરમહંસો પણ આ વાતો કર્યા વિના ચાલ્યા ગયા. પણ ગુણાતીતાનંદ સ્વામીએ જીવોનાં કલ્યાણ અર્થે આ ઉપાસનાના જ્ઞાનની હેલી નિર્ભયપણે, અવિરત, પાત્રકુપાત્રનો વિચાર કર્યા વિના વહાવે જ રાખી. જેની વાતો અહીં આપણે જોઈશું.

શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાની વાતોના પડછંદા સ્વામીશ્રીએ ગાજતા કર્યા હતા અને સદ્‌ભાવવાળા મુમુક્ષુઓને મહારાજની સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી હતી. આ.સં. ૧૯૧૯માં જન્માષ્ટમી સમૈયા પર સર્વોપરી ઉપાસનાની સ્વામીશ્રીએ વાતો કરી. તે સાંભળી ભોળાનાથ ભટ્ટ જે સત્સંગિજીવનની કથા વાંચતા હતા એને બહુ વસમું લાગ્યું. એટલે ભટ્ટજીએ રઘુવીરજી મહારાજને કહ્યું : 'સામું પાત્ર તો જોવું જોઈએ ને !'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'આ વાતો સાંભળે અને સહે તે પાત્ર અને ન સહે તે કુપાત્ર.' ત્યારે શુદ્ધ ઉપાસનાની વાતો સાંભળી રઘુવીરજી મહારાજ બહુ જ રાજી થયા.

સ્વામીશ્રીએ કહ્યું : 'હા મહારાજ ! માટે વરસવું જ છે. મને મહારાજે મૂળ અજ્ઞાન ટાળીને પોતાનું સ્વરૂપ જેવું છે તેવું સમજાવવા સારુ અહીં રાખ્યો છે તે કાર્ય કરવું છે ને જીવને મહારાજનું સર્વોપરીપણું સમજાવવું છે.'

સંવત ૧૯૧૩ના ચૈત્રી પૂનમનો સમૈયો વરતાલમાં કરી સ્વામી અયોધ્યાપ્રસાદજી મહારાજના કહેવાથી અમદાવાદ પધાર્યા હતા. ત્યારે આચાર્ય મહારાજ બહુ રાજી થયા. તેમણે સ્વામીશ્રીને કહ્યું, 'અહીં સભામાં આપ મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરો.' પછી સ્વામીએ સભામાં મહારાજના સર્વોપરી સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી. મહારાજની શુદ્ધ ઉપાસનાનો ઉદ્‌ઘોષ કર્યો.

સં. ૧૮૯૬માં રામપ્રતાપભાઈ દ્વારકાયાત્રા કરવા નીકળ્યા. તે જૂનાગઢ આવ્યા. ત્યારે સ્વામીએ કહ્યું, 'તમારા મોટાભાઈ છે તે જ મહાપ્રભુ છે. તેમણે જ અહીં રણછોડરાય પધરાવ્યા છે. માટે ત્યાં શું કામ જવું પડે ?' પણ વાત મનમાં ન બેઠી એટલે બીજા દિવસે શણગાર આરતીમાં રણછોડજીની મૂર્તિમાંથી ઘનશ્યામ પ્રગટ થયા અને ભેટ્યા. પછી ભાનમાં આવ્યા ત્યારે કહે, 'હમકું દર્શન હો ગયા. ઘનશ્યામ ભેટ્યા. માટે હમ તો યહાઁ રહેંગે.' પછી સ્વામીએ વાત સમજાવી, 'મોટાભાઈ ! આપણે તો બધું અહીં જ છે. માટે બીજે ફાંફાં મારવા જવાની જરૂર

નથી. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન આપણને મળ્યા ને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ મળ્યા છે. બીજા અવતારાદિક છે તે તો તેમનું આપેલું ઐશ્વર્ય ભોગવે છે.' મહિમાની વાત સાંભળી રામપ્રતાપભાઈ અત્યંત રાજી થયા. તમે આજ બહુ દયા કરી મહિમા સમજાવ્યો. એમ કહી રંગમાં આવી ગયા.

શિવલાલ શેઠ ગુણાતીતાનંદ સ્વામી સાથે ગઢડાથી ખારાપાટમાં પધાર્યા. ત્યાં સ્વામીએ પુરુષોત્તમપણાની વાત કરીને કહ્યું : 'શ્રીજીમહારાજ ને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહીં અને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ.'

ત્યારે શિવલાલભાઈએ પ્રશ્ન પૂછ્યું : મહારાજને પુરુષોત્તમ કેમ જાણવા. અને બ્રહ્મરૂપ કેમ થવાય ?

ત્યારે સ્વામી બોલ્યા : 'શ્રીજીમહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે' તે ઉપર મધ્યનું ૯મું ને છેલ્લાનું ૩૮ વચનામૃત વંચાવી કહ્યું જે, આજે આ સત્સંગમાં, શ્રીજીમહારાજનાં કાર્ય જે મંદિરો, મૂર્તિઓ, આચાર્ય, સાધુ, સત્સંગી તથા શાસ્ત્રો સર્વે સર્વોપરી જ છે. માટે શ્રીજીમહારાજ પણ સર્વોપરી છે એમ સમજવું. એમ પોતાની છાતી ઉપર હાથ મૂકી મહારાજનું સ્વરૂપ શિવલાલભાઈને સમજાવ્યું. આ વાત સાંભળી શિવલાલભાઈ તથા ઈશ્વર ત્રવાડી અતિશય રાજી થયા.

એક વખત સ્વામીશ્રી વડતાલ સમૈયો કરી ધોલેરા પધાર્યા. ત્યાંથી વાગડ પાસે અણિયાળી ગામમાં પધાર્યા. ત્યાં ભાઈ આત્માનંદ સ્વામી રહેતા. એ વખતે આત્માનંદ સ્વામી વિચાર કરતા હતા કે મને ૧૧૬ વર્ષ થયા, નવા દાંત પણ આવ્યા પરંતુ હજુ સુધી મહારાજ મને ધામમાં તેડી જતા નથી તે શું કસર હશે ? સ્વામીશ્રી આ પળે જ મંદિરમાં દાખલ થયા. તેમને જોઈ આત્માનંદ સ્વામીને અત્યંત આનંદ થયો. સ્વામીનું સન્માન કરતાં તેમણે કહ્યું : 'મારા સંકલ્પનું સમાધાન કરવા તમને મહારાજે અહીં મોકલ્યા છે.'

પછી સભા ટાણે સ્વામીશ્રીએ ભાઈ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! તમને એકસો ને સોળ વર્ષ થયા છે. છતાં મહારાજ તમને અક્ષરધામમાં લઈ જતા નથી તે તમારા દ્વારા શું કામ કરાવવાનું હશે ? શું અધૂરું રહ્યું હશે ?' તે સાંભળી ભાઈ સ્વામીએ કહ્યું, 'હું આજ વિચાર કરતો હતો. તમે જ મને સમજાવો કે શું કસર છે, કેમ ધામમાં લઈ જતા નથી.'

પછી સ્વામીશ્રીએ કહ્યું, 'બીજી કોઈ કસર તો નથી પણ એક મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર છે. શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી



પુરુષોત્તમનારાયણ છે. તે નિષ્ઠા અંતરમાં દૃઢ થાય એટલે કસરમાત્ર ટળી ગઈ કહેવાય.' પછી સ્વામીશ્રીએ ગ.મ. ૯, ગ.અં. ૩૮, લોયા ૧૪ વગેરે ઉપાસનાનાં વચનામૃતો વંચાવ્યાં અને મહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની અદ્ભુત વાતો કરી. ત્યાર પછી ગ.પ્ર. ૨૩; ગ.મ. ૩૦, ૪૫; અમ. ૨, ૩ આ વચનામૃત સમજાવીને કહ્યું કે આ બ્રહ્મભાવ સમજવાનો છે તે દૃઢ કરાવવા સારુ જ મહારાજે તમારો દેહ રાખ્યો છે.

ભાઈ આત્માનંદ સ્વામી સ્વામીશ્રીની સર્વોપરી નિષ્ઠાની આ વાત સાંભળી બહુ રાજી થયા. પછી કહ્યું : 'સ્વામી ! હું તો મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજતો હતો. પરંતુ આજે તમ દ્વારા મહારાજ મને પોતાનું સ્વરૂપ ઓળખાવી ગયા. તમારી વાતોના પડછંદા ગાજતા સાંભળ્યા હતા પણ આજે આ વાત સાંભળી કસર મટી ગઈ.

ઊનામાં હિંદુ-મુસલમાનને તકરાર થઈ. તેમાં મુસલમાનોએ મહાજનનો ખૂંટિયો કાપી નાખ્યો અને હિંદુઓની પણ કતલ કરી. માલ લૂંટી ગયા. આ તકરારની ફરિયાદ લઈ ઊનાના શેઠિયા વલ્લભજીભાઈ કરમચંદભાઈ તથા બીજા ગૃહસ્થો જૂનાગઢ આવ્યા અને નવાબને ફરિયાદ કરી. બે મહિના જવાબ મેળવવા રોકાયા. જવાબ ન મળતા મૂંઝાઈને સૌએ ઊનામાંથી ઉચાળા ભરી હળિયાદ મુકામ કર્યો.

આ વખતે વલ્લભજી શેઠે સ્વામીશ્રી જોડે ઊના દેશમાં ફરતા તેમના ભાઈ કલ્યાણજી શેઠને ખેપિયા દ્વારા પત્ર મોકલ્યો. આ કાગળ વાંચી કલ્યાણજી દિલગીર થઈ ગયા. આથી સ્વામીશ્રીએ પૂછ્યું : 'કલ્યાણજી ! કાગળમાં શું લખ્યું છે ?' ત્યારે તેમણે કહ્યું : 'કાગળમાં લખ્યું છે કે નવાબે ફરિયાદ સાંભળી નહીં તેથી હળિયાદ આવીને રહ્યા છે. તે જો અહીં આવે તો આબરૂ જાય અને ભાવનગર રહેવા જાય તો લાખોની ઉઘરાણી ધૂળધાણી થાય, આવું સંકટ આવ્યું છે.'

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'અમે કહીએ તેમ કરો તો એ બધું દુઃખ મટી જાય.' એટલે શેઠે કહ્યું : 'સ્વામી ! આપ કહો તો રાધારમણદેવને ચાંદીના કમાડ, હિંડોળા વગેરે કરાવવાની માનતા કરીએ.'

ત્યારે સ્વામી હસ્યા પછી કહ્યું, આપણે ચાંદીના કમાડ, હિંડોળા કરાવવાની માનતા નથી કરવી પણ અમારા વચને શ્રીજીમહારાજને સર્વોપરી સમજવાની માનતા કરો કે શ્રીજીમહારાજ સર્વે અવતારના અવતારી છે ને અનંત નરનારાયણ, અનંત લક્ષ્મીનારાયણ તે સર્વ ગોલોકવાસી શ્રીકૃષ્ણ નારાયણના એક રોમમાં લીન થઈ જાય છે. એવા અનંત શ્રીકૃષ્ણ પ્રધાન પુરુષના એક રોમમાં લીન થઈ જાય. એ

બધા અક્ષરબ્રહ્મમાં લીન થાય છે. જે મૂર્તિમાન સ્વરૂપે શ્રીજીમહારાજની સેવામાં અખંડ રહે છે, તે જ આ પળે તમારી સાથે વાત કરે છે. તે પણ મહારાજના એક રોમમાં લીન થાય છે એવા સર્વોપરી છે. આ માનતા રાખીને તત્કાળ નવાબનું હૃદય ફરી ગયું ને શેઠિયાઓને માન સન્માન સાથે બોલાવ્યા. પહેરામણી કરાવી સન્માન સાથે ઊનામાં પધરાવ્યા. આ પ્રમાણે દેશકાળના દુઃખે સમજણમાં જે ખામી હતી તે સ્વામીશ્રીના વચને ટળી ગઈ અને સૌને મહારાજની સર્વોપરી નિષ્ઠા થઈ ગઈ.

સંવત ૧૯૨૦ના માગશર માસમાં દેશમાં ફરવા નીકળ્યા. આ વખતે ફરતાં ફરતાં લોધિકા આવ્યા. મંદિરમાં ઉતારો કર્યો. દરબારે સ્વાગત કર્યું. બીજે દિવસે દરબારે મોતિયા લાડુની રસોઈ મોકલાવી. પોતે ધ્યાનમાં બેઠા, ત્રીજે દિવસે પણ એમ જ કર્યું. એટલે સ્વામીશ્રીએ નારણભાઈ સાથે કહેવરાવ્યું, અમે તમારા મોતિયા સારું નથી આવ્યા, તમારા ધ્યાન કરતા અમારું જ્ઞાન કરોડગણું અધિક છે.

પછી અભયસિંહ દરબારને વાત કરતાં કહ્યું : 'સો વાતની એક વાત છે. મહારાજ સર્વોપરી પુરુષોત્તમનારાયણ છે. અમને સાચા બોલા સમજો તો આ વાત સમજાય.' એટલે દરબારે હાથ જોડી કહ્યું : 'સ્વામી ! આપની વાતથી મને મહારાજનું સ્વરૂપ સમજાયું છે !'

સ્વામીની વાતો સાંભળવા ઘણા હરિભક્તો આવતા. એક દિવસ બરાડી પ્રદેશના મઘરી અને દેવળિયા ગામના ધણી દરબાર વેરાજી સ્વામીના દર્શને આવ્યા હતા. એક દિવસ સ્વામી બપોર પછી શૌચવિધિ કરી સ્નાન કરવા પધાર્યા. તે વખતે વેરાજીએ હાથ જોડી સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! અમે જાડી બુદ્ધિવાળા કહેવાઈએ. શાસ્ત્રોમાં પણ કાંઈ સમજીએ નહીં એટલે અમને તો આપ સો વાતની એક વાત સમજાવી દ્યો.'

સ્વામીશ્રી તેમની નિર્દોષ વાણી સાંભળી રાજી થયા. પછી તરત જ પોતે ઊભા થયા અને શ્રીકૃષ્ણની પેઠે ત્રિભંગ કરી, બંને હાથ ઊંચા કરીને બોલ્યા : 'જુઓ વેરાજી ! સો વાતની એક વાત કહું છું.' એમ કહી બોલ્યા : 'આવું ત્રિભંગ કરીને ઊભા રહેતા કૃષ્ણાદિ સર્વ અવતારો શ્રીજીમહારાજનું સદા ભજન કરે છે અને મહારાજનું આપેલ ઐશ્વર્ય ભોગવે છે. માટે સર્વથી પર શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તે આપણને મળ્યા છે અને તે આપણા ઈષ્ટદેવ છે. તેમનો દૃઢ આશરો રાખવાથી જ અક્ષરધામ પમાશે. મહારાજ વિના બીજે ક્યાંય સાંધા ન રાખવા.' પછી સ્વામી નાહવા પધાર્યા.

આ રીતે સ્વામીશ્રીએ હજારો મુમુક્ષુઓને અનેક પ્રસંગે શ્રીજીમહારાજના



સર્વોપરી સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરાવી સાથે ઘણીવાર પોતાના અક્ષરબ્રહ્મપણાની પણ વાતો કરીને શુદ્ધ ઉપાસનાનો ઉદ્‌ઘોષ કર્યો.

**(૩) રઘુવીરજી મહારાજને સ્વામીશ્રીનો મહિમા**

આચાર્ય રઘુવીરજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીનો અપાર મહિમા હતો. ગુણાતીતાનંદ સ્વામી પણ કહેતા, આખા વરતાલમાં મને એક રઘુવીરજી મહારાજે ઓળખ્યો. જેથી માથું મૂકી, લોકલાજ છોડી, ઉઘાડી વાતો સભામાં કરે છે.

સંવત ૧૯૦૯ની શરૂઆતમાં આચાર્ય મહારાજ જૂનાગઢ દેશમાં ફરવા પધારેલા. આખામાં મુકામ હતો. વરસાદ આવવાની શક્યતા જોઈ ઓઝતને સામે કાંઠે જવા મુકામ ફેરવવા લાગ્યા. એટલે સ્વામીએ કહ્યું, 'વરસાદ આવવાનો નથી. તેને માથે પણ નિયંતા છે ને ? માટે બીક મૂકીને શાંતિથી આ સત્સંગીઓની ઈચ્છા પૂરી કરો.'

સ્વામીશ્રીએ આ પ્રમાણે કહ્યું. ત્યાં તો પવન ફૂંકાવા લાગ્યો. વાદળાં ઉપરવાસથી હેઠવાસ ખસી ગયાં. ત્યાં વરસાદ પડ્યો. સત્સંગીઓના મનોરથ પૂરા કરવા સ્વામીશ્રી આવા ચમત્કારો બતાવતા. રઘુવીરજી મહારાજને પણ સ્વામીશ્રીના અતિ નિકટ પ્રસંગથી સ્વામીશ્રીનો અદ્‌ભુત મહિમા સમજાયો.

આચાર્ય મહારાજ સાથે વરતાલ જઈ રહ્યા હતા ત્યારે કેરીઆમાં રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું, મારે આપને એક વાત કરવી છે. તે સાંભળી સ્વામી હસ્યા અને કહ્યું : 'હા, હવે આપની ઈચ્છા મુજબ હું વર્ષમાં બંને સમૈયા ઉપર વરતાલ આવીશ.' સ્વામીએ મહારાજનો અંતરનો અભિપ્રાય અંતર્યામીપણે કહી દીધો. તેથી મહારાજ બહુ રાજી થયા. અને કહ્યું ' સ્વામી ! આપની વાતોથી હજારો હરિભક્તોને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની દૃઢતા થાય છે. આપનાથી સત્સંગમાં બહુ જ સમાસ થાય છે.' પછી સ્વામીશ્રી તેમની સાથે વરતાલ પધાર્યા.

સંવત ૧૯૧૦માં રઘુવીરજી મહારાજ શિયાળામાં જૂનાગઢ પધાર્યા હતા. ત્રેવીસ દિવસ રોકાયેલા. અને એટલા દિવસ સુધી જાગા ભક્ત પણ સ્વામીશ્રીની અનુવૃત્તિથી બીડ સાચવવા રહ્યા. જ્યારે મહારાજ પાછા જવાના હતા, ત્યારે દર્શન કરવા આવ્યા. સ્વામીએ જાગા ભક્તને જોઈને મહારાજને કહ્યું, 'આ જાગા ભક્ત અમારી આજ્ઞાથી બીડ સાચવવા રહ્યા પરંતુ સમૈયાનો લોભ ન રાખ્યો.' તે વાત સાંભળી મહારાજ બહુ રાજી થયા અને તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યા અને મળ્યા. પછી કહ્યું, 'સ્વામીની આજ્ઞા તે શ્રીજીમહારાજની આજ્ઞા છે. સ્વામીનો રાજીપો તે શ્રીજીમહારાજનો રાજીપો છે. એ બેમાં ફેર સમજવો જ નહિ.

સ્વામી તો મહારાજનું અંગ જ છે.' આ પ્રમાણે સ્વામીના મહિમાની વાત જાગા ભક્તને કહી.

સંવત ૧૯૧૧માં વરતાલમાં છાવણી થયેલી. જેમાં સ્વામીની આકરી વાતો સાંભળી સહુ હેબતાઈ ગયા. કેટલાક હરિભક્તો તથા સાધુ ઝાંખા પડી ગયા. તેથી મૂંઝાઈને કેટલાક ભેગા થયા અને નક્કી કર્યું, શાસ્ત્રના જાણકાર શુકમુનિ કથા વાંચે. બધાએ મળીને શુકમુનિને આસને આવીને વાત કરી. બીજે દિવસે શુકમુનિ આચાર્યને પૂછ્યા વિના સભામાં વાતો કરવા લાગ્યા. આથી એ જ રાત્રે શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજને દર્શન દઈ કહ્યું, ગુણાતીતાનંદ સ્વામીને અહીં કેમ રાખ્યા છે ? વાતો સાંભળવી હોય તો રાખો. નહિ તો જૂનાગઢ જવા દ્યો. આચાર્ય મહારાજ એકદમ જાગી ગયા. તરત જ નાહી પરવારી સભામાં પધાર્યા. અને કહ્યું : 'સર્વે સાંભળો. આ સત્સંગિજીવનની કથા જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતો કરશે અને જે ત્યાગીને ન સદે તે ગામડામાં ફરવા જજો.' એમ કહીને સ્વામીને સભામાં ખુરશી ઉપર બેસવા વિનંતી કરી.

સ્વામી રઘુવીરજી મહારાજ સાથે આણંદ પધાર્યા. ત્યાંથી જ્યારે ચાલવાની તૈયારી કરી ત્યારે મહારાજે સિગરામમાં સ્વામીને બેસાર્યા પછી ડબામાંથી એક પેંડો સ્વામીને આપ્યો. સ્વામી હાથમાં લઈ બોલ્યા, 'પાંચસો પરમહંસો ગળું ઝાલીને ઊભા છે અને કહે છે, 'ખાઈશ નહિ ઝેર છે, ઝેર છે.'

ત્યારે મહારાજે કહ્યું : આપ આમ વર્તો ત્યારે અમારા શા હાલ થશે ? અમારી ગ્રંથિ તો હજુ ગળી નથી.'

એટલે સ્વામીએ કહ્યું, 'ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી, તીર્થવાસી થઈ જૂનાગઢ આવો તો હું તમારી ગ્રંથિઓ ગાળી નાખું. અને તમને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહિ.' સ્વામીએ કોલ આપ્યો. એટલે રઘુવીરજી મહારાજે કહ્યું : 'સારું સ્વામી ! જો હું તીર્થવાસી થઈને જૂનાગઢ ન આવું તો હું રઘુવીરજી નહીં.' આ પ્રસંગથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને સ્વામીનો કેટલો મહિમા હતો તે સમજાય છે.

સંવત ૧૯૧૩માં રઘુવીરજી મહારાજ જૂનાગઢ મહોદય પર્વ કરવા પધાર્યા હતા. ત્યારે આખો સોરઠ દેશ લાભ લેવા ઊમટ્યો હતો. આઠ દિવસ જમાવટ થઈ. જેથી કૂવાનું પાણી ખૂટી ગયું ને તાણ પડવા લાગી. સ્વામીએ વિચાર્યું, મહારાજ અહીં હશે ત્યાં સુધી કોઈ જશે નહીં. સ્વામીનો આ વિચાર જાણી શ્રીજીમહારાજે આચાર્યશ્રીને દર્શન દઈ વાત કરી હવે તમે જાવ, પાણી પણ ખૂટ્યું છે ને સ્વામીની પણ મરજી છે. મહારાજ તરત જ જાગી ગયા. સવારે પૂજા કરતા



હતા ત્યાં સ્વામી દર્શન કરવા આવ્યા. તે વખતે મહારાજશ્રીએ સ્વામીને કહ્યું, 'રાત્રે આપણે બેઠા હતા તે વખતે તમે અમને કેમ ન કહ્યું અને મહારાજ પાસે કહેવરાવ્યું ? તમે કહો તો અમે શું ન માનીએ ?' સ્વામીને મહારાજ વશ છે અને તેમની મરજી પ્રમાણે વર્તે છે. તે મહિમા રઘુવીરજી મહારાજને આ પ્રસંગથી જણાયો.

આ.સં. ૧૮૯૬ના ચૈત્રી પૂનમે સ્વામીશ્રી વરતાલ પધાર્યા. શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા પછી સ્વામીશ્રીએ દૂધ-ઘી વગેરેનો ત્યાગ કર્યો હતો. દૂધ-ઘી વિનાના શુષ્ક ખોરાકથી અને દેહ પ્રત્યે બેદરકારીથી સ્વામીશ્રીને ઉદરનો રોગ થયો હતો. સ્વામીશ્રીનું ક્ષીણ થયેલું શરીર જોઈ ઘણાને લાગતું કે કદાચ સ્વામી હવે વધુ સમય દેહ નહિ રાખે. સ્વામીશ્રીની દેહ પ્રત્યેની ઉદાસીનતા છાની રહી ન હતી. આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને પણ સ્વામીશ્રીના રોગથી ચિંતા થવા લાગી. આથી રઘુવીરજી મહારાજે રામદાસ સ્વામીને કહ્યું : 'સ્વામી ! આ ગુણાતીતાનંદ સ્વામીને ઉદરનો રોગ થયો છે તો તમો કંઈ દવા કરો.' રામદાસ સ્વામીની દવાથી સ્વામીને સારું થઈ ગયું. આમ, સ્વામીના સ્વાસ્થ્યની ચિંતા પણ રઘુવીરજી મહારાજ કરતા.

રઘુવીરજી મહારાજે ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી. પછી કાનમમાં ફરવા ગયા પણ ત્યાં મનધાર્યું ન થવાથી ઉદાસ થઈ વરતાલ આવી ગયા. આ પ્રસંગથી રઘુવીરજી મહારાજ કોચવાણા હતા. એટલે એમની અશાંતિ દૂર કરવા ભગવત્પ્રસાદજી મહારાજે બાપુ રતનજીને કહ્યું : 'તમો બાપુને પૂછો કે હું કેમ કરું તો તમો રાજી થાવ.' બાપુ રતનજીએ રઘુવીરજી મહારાજને તે પૂછ્યું. ત્યારે કહ્યું, 'સ્વામીની વાતું સાંભળે તો તેના ઉપર હું રાજી થાઉં.' આમ, અન્યને પણ રઘુવીરજી મહારાજ સ્વામીમાં જોડતા.

સંવત ૧૯૧૮માં કાર્તિક પૂર્ણિમાનો સમૈયો કરવા સ્વામી વરતાલ પધાર્યા ત્યારે ખંડેરાવ મહારાજાએ જે હાથી ભેટ આપેલ, તેના પર અનિચ્છા હોવા છતાં પધરાવ્યા. આ સમૈયામાં સ્વામીએ સૌને કથાવાર્તા કરી અદ્ભુત લાભ આપી આનંદ કરાવ્યો. તેમજ રઘુવીરજી મહારાજ પણ સમૈયામાં આવેલા હરિભક્તોને સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે, એમ ખુલ્લી વાતો કરી સ્વામીનો મહિમા કહેવામાં પાછા ન પડતા.

સંવત ૧૯૧૭માં રઘુવીરજી મહારાજ જ્યારે તીર્થવાસી થઈને સમાગમ કરવા જૂનાગઢ પધારેલા તે વખતે સ્વામીએ ઉપાસનાની અનહદ વાતો કરી. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું, 'સ્વામી ! આજ તો સમજવા જેવી વાતો કરી. આ

વાતો તો કરોડ જન્મની કસર ટાળીને સાક્ષાત્ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે તેવી વાતો છે.' સ્વામીશ્રીએ તરત જ કહ્યું, 'મહારાજ ! હું એકેય ધારતો નથી. એ તો માંહી રહીને શ્રીજીમહારાજ પંડે બોલે છે.' એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા, 'હા સ્વામી ! એ તો પ્રત્યક્ષ દેખાય છે કે તમારે વિષે રહીને મહારાજ સદાય વાતું કરે છે.' આ પ્રમાણે મહારાજે સભામાં વાતો કરીને સ્વામીશ્રીનો બહુ જ મહિમા સમજાવ્યો.

સંવત ૧૯૧૯ના રઘુવીરજી મહારાજ સોરઠમાં વિચરણમાં નીકળેલા. ત્યાર પછી લોધિકાથી રાજકોટ બે દિવસ રોકાયા. અહીંથી સ્વામીશ્રી તથા રઘુવીરજી મહારાજ છૂટા પડવાના હતા. એટલે તેઓ તેમની સાથેના સાધુ, પાળાને લઈને ચાલ્યા. તે સૌ આજી નદીના સામે કાંઠે આવ્યા, અહીં પાણીનો વીરડો ગાળીને સ્વામીશ્રી તથા રઘુવીરજી મહારાજે વગેરેએ પાણી પીધું. ત્યાં બે ઘડી બેઠા. તે વખતે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! મારે તમારી પાસે એક વચન માગવું છે.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'તમે જે ધાર્યું છે તે ન માગજો.' એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા, 'સ્વામી ! તમે જેની ના પાડો છો તે જ માગવું છે. તમારે મારો દેહ પડ્યા પછી પાંચ વર્ષ સત્સંગમાં રહેવું.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજ ! બીજું માગો. તમે સત્સંગમાં છો એટલે બહુ જ સમાસ છે અને દેશકાળ પણ સારા છે.' પછી રઘુવીરજી મહારાજે કહ્યું : 'સ્વામી ! આપ રહેશો એટલે પછી કાંઈ ફિકર રહેવાની નથી.'

સ્વામીશ્રીએ કહ્યું : 'ઠીક રહેશું.'

આ રીતે આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો એમ સ્વામી કહેતા, એ વાતની પ્રતીતિ આપણને આ પ્રસંગો પરથી થાય છે.

**પ્રશ્ન.૨(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર ટૂંકનોંધ લખો. (૨૦)**

**(૧) અનેક વિઘ્નો વચ્ચે પ્રગટ થતો ગુણાતીતાનંદ સ્વામીનો પ્રતાપ**

સૂરજ ઊગે છે ત્યારે પોતાના તેજસ્વી પ્રકાશથી સમગ્ર વસુંધરાને ઝળહળતી કરી દે છે. સૂર્યના આ પ્રતાપી પ્રકાશને રોકવાનો મિથ્યા પ્રયાસ ક્યારેક વાદળો કરતા હોય છે. સૂર્યના માર્ગમાં વિઘ્ન બનીને ઊભા રહી જાય છે. પણ સૂર્યના તેજ આગળ વાદળોનું શું ગજુ ? થોડી ક્ષણોમાં તો વાદળોને ઓગળી જવું પડે છે અને ફરીથી સૂરજ ઝળહળાટ કરવા લાગે છે.

તેવી જ રીતે સૂર્ય જેવા તેજસ્વી પુરુષો પૃથ્વી પર પધારે ત્યારે ઘણા મૂર્ખ



જીવો એના માર્ગમાં વિઘ્નો ઊભા કરે છે પણ આ પુરુષોના તેજસ્વી પ્રતાપ વિઘ્નો દૂર કરી છવાઈ જતો હોય છે. ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં પણ આવું જ બનેલું. સ્વામીના જીવનમાં ઘણા બધાએ વિઘ્નો નાખેલા છતાં એમાં એમનો પ્રતાપ કેવો જણાઈ આવતો તે આપણે જોઈશું.

આ.સં. ૧૯૨૧ના હુતાશનીનો સમૈયો કરવા વરતાલથી શુક સ્વામી જૂનાગઢ આવતા હતા. વચ્ચે સેંજળના દરબાર માણસિયા ખુમાણે શુક સ્વામીને રોકવા આગ્રહ ખૂબ કર્યો પણ સ્વામીના સેવક હરિસ્વરૂપદાસ ન માન્યા. આથી ખુમાણને બહુ ખોટું લાગ્યું. બીજે દિવસે જૂનાગઢ આવ્યા. સ્વામીને હરિસ્વરૂપદાસની હઠની વાત કરી. આથી સ્વામીએ હરિસ્વરૂપદાસને બહુ ઠપકો આપ્યો. હરિસ્વરૂપદાસને સ્વામીના શબ્દોથી બહુ દુઃખ લાગ્યું અને સ્વામીશ્રી વિરુદ્ધ અસદ્ભાવના બીજ વવાયા. તે જ રોજ શુક સ્વામીને આ અસદ્ભાવના શબ્દો કહેવા લાગ્યા. એટલામાં પવિત્રાનંદ સ્વામી અને ભૂમાનંદ સ્વામી આવ્યા. તેમણે પણ આ શબ્દો સાંભળ્યા. આમ, સ્વામીશ્રી વિરુદ્ધ ઉદ્‌ઘોષ શરૂ થયો.

પરિણામે જ્યારે ભગવત્પ્રસાદજી મહારાજ જૂનાગઢ પધાર્યા, ત્યારે સૌએ મળીને સ્વામીને ઠપકો દેવાનું નક્કી કર્યું. પરંતુ એ વખતે આખો સોરઠ દેશ જૂનાગઢ આવ્યો. બધા હરિભક્તો સ્વામીશ્રી પ્રત્યે અત્યંત હેતવાળા ને માથા દેનારા હતા એટલે તેમની હાજરીમાં ઠપકો દેવાનું ઠીક ન લાગ્યું. સૌ મનમાં સમસમી રહ્યા. સ્વામીશ્રીની પ્રતિભા જોઈ તેમના સૌનાં અંતરમાં રાગદ્વેષની જ્વાળાઓ સળગવા લાગી પણ કોઈ કાંઈ બોલી શક્યા નહીં. મનની મનમાં રહી ગઈ. આમ, સ્વામીને વિઘ્ન કરી ઝાંખા પાડનારા જ સ્વામીનો પ્રતાપ જોઈ ઝાંખા પડી ગયા.

એક પ્રસંગે સ્વામીશ્રી વડતાલથી શ્રીનગર આવ્યા. પણ શ્રીનગરના સંતો આ સંતોના જાડા કપડાં, તૂંબડાં, પત્તર વગેરે જોઈ મશ્કરી કરવા લાગ્યા. અંદરો અંદર હાસ્ય કરતા કહેતા કે ત્યાં તો ગુણાતીત ગપ્પા મારે છે. બધી અભણ ટોળી ભેગી થઈ છે. વાતોના ગપ્પા મૂકે બને બીજા ગ્રંથ ખોટા ઠરાવે. સ્વામીશ્રીએ અંતર્યામીપણે આ અહંભાવને જાણી લીધો.

બીજે દિવસે 'વાસુદેવ હરે' થયા. સ્વામીને જાણ થઈ કે સૌ ભંડારમાં શ્લોક બોલવાના છે ત્યારે સ્વામીશ્રીએ જૂનાગઢી સંતોને કહ્યું, જમતાં જમતાં શ્લોક બોલવાના છે અને થાકવાનું નથી. સામ સામી શ્લોકની ઝડીઓ વરસાવી દીધી. બે વાગી ગયા પણ જૂનાગઢી સંતોનો અંત ન આવ્યો. એમ કરતાં ચાર વાગ્યા પછી અમદાવાદ તરફથી વાસુદેવાનંદ બ્રહ્મચારીએ હાર સ્વીકારી. જેઓ આ સંતોની

ઉપેક્ષા કરતા તેઓ આ સંતોને નમી પડ્યા. સ્વામીશ્રીના સંતોનો અપૂર્વ દિગ્વિજય થયો.

સ્વામી બીજે દિવસે ગઢપુર પધાર્યા પણ તે પહેલાં જ દિગ્વિજયના સમાચાર ગઢપુરમાં સિદ્ધાનંદ સ્વામી તથા માના ભગતને મળ્યા. તે સાંભળી તેમના અંતરમાં અશાંતિ થઈ ગઈ. ગુણાતીતાનંદ સ્વામી 'અભણ' છે એવું કહેનારા હવે ઊંચે સાદે બોલી શકશે નહિ એમ તેમને લાગ્યું. કોઈને હવે જૂનાગઢ જતાં રોકી શકાશે નહીં એ વાતનું પણ તેમને અતિશય દુઃખ થયું ! પરંતુ હવે એક જ ઉપાય છે. જો અહીં એમનો પરાજય કરી શકાય, તો એમના વિજયને ધૂળમાં મેળવી દેવાય.

તેઓ તૈયાર થયા. છ મહિના સુધી સિદ્ધાનંદ સ્વામી ને માના ભગતે એક પ્રશ્ન ગોઠવી રાખ્યો હતો. તેમને લાગતું કે આનો ઉત્તર સ્વામી કોઈ રીતે આપી શકે તેમ નથી. આથી બંને સભામાં આવ્યા ને સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'સ્વામી ! ધ્યાન કરવું નિર્ગુણ કે વાતો કરવી નિર્ગુણ ?' પ્રશ્ન પૂછનારને મનમાં એમ કે જો ધ્યાન કરવું નિર્ગુણ કહેશે તો સ્વામીશ્રી તો વાતો જ કરે છે માટે તેમની પ્રવૃત્તિ નિર્ગુણ નથી. વળી, જો વાતો નિર્ગુણ કહેશે તો મહારાજની મૂર્તિનો અખંડ સંબંધ નથી એ પુરવાર થશે. કા પોતે જૂનાગઢમાં વાતો જ કર્યા કરે છે. પ્રશ્ન પૂછી બંને મલકાતા ઉત્તરની રાહ જોઈ રહ્યા.

સ્વામીશ્રીએ તરત જ ઉત્તર આપ્યો, 'વાતો કરવામાં કે ધ્યાન કરવામાં જો અહંભાવ રહેતો હોય તો બંને સગુણ છે. અને જો તેમાં મહારાજને પ્રસન્ન કરવાની ઈચ્છા રહેતી હોય, તો બંને પ્રવૃત્તિ નિર્ગુણ છે.'

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી બંને તો અવાક્ બની ગયા ! સ્વામીનો પરાજય કરવાની ઈચ્છા, આ અજેય પુરુષ સામે કુચેષ્ટા કરવાની તેમની ધૃષ્ટતા આ ટાણે કામિયાબ ન નીવડી. બંનેને તેથી નિરાશા વ્યાપી. એકબીજા સામું જોઈ રહ્યા.

સ્વામીશ્રી પ્રતિ હવે ઉપાધિનો ઉપાડ ચારે કોર વધતો હતો. આ વખતે સિદ્ધાનંદ સ્વામી અને માના ભગત પીઠવડી હતા, ત્યાંના કલ્યાણ ભગતને શિખવાડીને જૂનાગઢ મોકલ્યા. સ્વામીને જઈને તારે પૂછવું તે 'તમને સૌ અક્ષરબ્રહ્મ કહે છે તે સાચું કે ખોટું ?' કલ્યાણ ભગત જૂનાગઢ આવ્યા ને પ્રશ્ન પૂછ્યો, 'આપને અક્ષરબ્રહ્મ કહે છે તેનું કેમ સમજવું ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'અનંતકોટિ મુક્તો મધ્યે ગોપાળાનંદ સ્વામી પણ શ્રીહરિના દિવ્ય અક્ષરમુક્ત છે અને હું તો પૃથ્વીની જેમ સૌને ધરી રહ્યો છું. મર્મમાં વાત કરી પણ સ્પષ્ટ ખુલાસો ન કર્યો કા. સ્વામી જાણતા કે પ્રશ્ન કલ્યાણ ભગતનો ન હતો. અને સ્પષ્ટ કહે તો એમ ઠરાવે કે જુઓ સ્વામીશ્રીને અક્ષર થાવું છે.'



અગાઉ સંવત ૧૯૨૧ના હુતાશનીના સમૈયા ઉપર આચાર્ય અને અન્ય સદ્‌ગુરુ સ્વામીશ્રીને ઠપકો દેવાને તેમના પ્રભાવને હળવો કરવા જૂનાગઢ ગયેલા પણ હરિભક્તોનો સમૂહ જોઈને કાંઈ કહી શક્યા નહોતા. પરંતુ આ વર્ષે સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપની વાતો સાંભળી સૌ ભેગા મળીને સ્વામીશ્રીને ઠપકો દેવાનો નિર્ણય કર્યો. પણ જૂનાગઢમાં કાંઈ નહીં કહી શકાય માટે ઊના દેશમાં એકાંતમાં બોલાવીને ઠપકો દેવો એવો સૌએ નિર્ણય કર્યો. પણ મુશ્કેલી એ કે સ્વામીશ્રીને કહે કોણ ? ભગવત્પ્રસાદજી મહારાજ તથા કોઠારી ગોવર્ધનભાઈએ તો ચોખ્ખી ના કહી કે અમે બ્રહ્માગ્નિમાં હાથ નાખવાના નથી. આથી આચાર્ય વિહારીલાલજી મહારાજના પિતા કૃષ્ણપ્રસાદને તૈયાર કર્યા. જે કાશીથી ભણીને આવેલા. તેમણે પવિત્રાનંદ સ્વામી સાથે ભળીને ઠપકો દેવાની હિંમત કરી. મંડળ વરતાલથી ધોલેરા આવ્યું. અહીં કૃષ્ણપ્રસાદને તાવ આવ્યો. એટલે વરતાલ પાછા મોકલ્યા. આમ, પ્રથમ પગરણમાં વિઘ્ન આવ્યું. ભગવત્પ્રસાદજી મહારાજ, વિહારીલાલજી મહારાજ તથા સૌ સદ્‌ગુરુઓ ગઢડા આવ્યા. અહીંથી નિષ્કામાનંદ બ્રહ્મચારીને સ્વામીને ઊના તેડી લાવવા મોકલ્યા.

બ્રહ્મચારીએ જૂનાગઢ જઈને સ્વામીને સંદેશો આપ્યો. તમારે આચાર્યજી ઊના પધારે છે માટે ઓળખાણ કરાવવા આવવું પડશે. સ્વામીશ્રીએ કહ્યું, 'કારખાનાનું કામ ચાલે છે ને વળી ત્યાં રઘુવીરચરણદાસ ફરે છે.' માટે મારાથી નહીં આવી શકાય. પણ આ લોકોને તો લઈ જ જવાનું ફરમાન હતું. એટલે કહ્યું, એ તો સ્વામી તમારે આવવું જ પડે. સ્વામીશ્રી બધું જાણતા હોવાથી બોલ્યા ઠાકર ઠાકર. પછી બીજે દિવસે ઊના જવા નીકળ્યા.

આ બાજુ ગઢડાથી આચાર્ય મહારાજ અને સદ્‌ગુરુઓ ઊના જવા નીકળવાના હતા ત્યાં વરતાલથી ખબર આવ્યા, કૃષ્ણપ્રસાદજી ધામમાં ગયા. એટલે સર્વે વરતાલ પાછા ગયા. સૌને મનની મનમાં રહી. મહારાજ સ્વામીશ્રીની અખંડ રક્ષામાં હતા. તેથી અપમાન થવા દેવું નહોતું. પરંતુ અજ્ઞાનમાં અટવાતા આ મોટેરા સદ્‌ગુરુઓને તો હજુ ઝેર ઊતર્યું ન હતું !

આ પ્રસંગ પછી આ.સં. ૧૯૨૨ના ચૈત્રી સમૈયા ઉપર સ્વામી વરતાલ પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરી સાધુની ધર્મશાળામાં સૌના દર્શને પધાર્યા. એટલામાં તો કોઈએ આવીને કહ્યું : 'સ્વામી ! ચોકમાં ચંદની નીચે સભા થઈ છે અને આપને બોલાવે છે.' અહીં આવી સ્વામીશ્રીએ સર્વોપરી ઉપાસનાની અને નિષ્ઠાની ઘણી જ વાતો કરી. સ્વામીશ્રીના પ્રતાપથી સૌ તેમની મૂર્તિમાં ખેંચાઈ ગયા. હરિનવમીની સભામાં પણ અદ્‌ભુત વાતો કરી. આ અલૌકિક પ્રતાપથી સૌ

દબાઈ ગયા. સ્વામીશ્રીને ઠપકો આપવાનો ઊભરો ભરાયો હતો તે બહાર નીકળી શક્યો નહીં.

પૂનમની સભામાં અગાઉથી જ નક્કી કર્યું હતું કે સ્વામીશ્રીને ઠપકો આપવો. તેની ભૂમિકા માટે હાથીવાળા ગોવિંદ પાળાએ તલવારમાં ચાંદીનો મોવટો કરાવ્યો હતો, તેને ઠપકાના બે શબ્દ કહ્યા. પછી ગઢડાવાળા કરુણાનંદ બ્રહ્મચારીને અગાઉથી ચઢાવેલા તે બોલ્યા : 'પાળાને વઢો છો પણ આ સ્વામી પણ પ્રભુ થયા છે એમની ભગવાનની જેમ પૂજા થાય છે. એમને કેમ કોઈ કહેતું નથી.'

તે સાંભળી શુકમુનિ બોલ્યા : 'સ્વામી ! તમે કેમ કાંઈ તજવીજ રાખતા નથી.' પછી સભાને કહ્યું, 'મને કોઈએ શુકજી કહેવો નહીં. ને સ્વામી ! તમને બધા અક્ષર કહે છે તે તમે અક્ષર મનાવશો નહીં.'

આ શુકમુનિનાં વચન સાંભળીને સ્વામી બોલ્યા, 'સારું, પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે. તેથી કોણે ય પ્રભુ થવાશે નહીં. આપણે સાધુ છીએ.' આ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું. તે સાંભળી કોઈ કાંઈ બોલી શક્યા નહીં. ત્યાં આચાર્ય મહારાજના કહેવાથી આરતીનો ડંકો થયો. હજુ પણ સ્વામીશ્રીને કાંઈક વધુ કહેવું એવું જેમના મનમાં હતું તે મનમાં જ રહી ગયું. ત્યાં સભામાં સીંજીવાડાના પ્રભુદાસે ઊભા થઈને સૌને કહ્યું : 'તમે સૌ આ શું બોલો છો ?' સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ? તેમના આ વચન સાંભળી સૌ સ્તબ્ધ બની ગયા. ત્યાં સભા વિસર્જન થઈ ગઈ !

આ.સં. ૧૯૨૩ની અંતિમ ચૈત્ર પૂર્ણિમા કરવા સ્વામી વરતાલ આવતા હતા. વડતાલમાં સાંજના ચાર વાગે સભા થઈ. તેમાં પવિત્રાનંદ સ્વામીએ શિક્ષાપત્રીનો આધાર લઈ કહ્યું, ત્યાગીને સામે તેડવા જવાનું લખ્યું નથી. માટે સર્વને ચેતવણી આપવાની કે સ્વામી આજે અમદાવાદથી આવે છે તો કોઈએ સામે તેડવા જવા સભામાંથી ઊઠી દોડાદોડી કરવી નહીં. અહીં સભામાં આવે ત્યારે ઊઠીને પગે લાગવું. એ પ્રમાણે પ્રબંધ કર્યો અને કથા ચાલતી કરી.

થોડીવારે સભામાંથી કોઈ બોલ્યું કે સ્વામીની ગાડી કડવા કૂઈએ આવી પહોંચી છે. તે સાંભળતાં જ સભામાંથી તમામ ઊઠીને સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે દોડ્યા. આથી સભામંડપ ખાલી થઈ ગયો. ફક્ત પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી તથા આચાર્ય મહારાજ ચાર જ સભામાં રહ્યા. પછી સ્વામીશ્રીની ગાડી ત્યાંથી ચાલી અને હનુમાનવાળે દરવાજે આવી. એટલે આચાર્યજી તથા સભામાં બેઠેલા ત્રણે સદ્‌ગુરુઓ સામા આવ્યા. પગે લાગ્યા. પછી હસતાં હસતાં શુકમુનિએ સ્વામીનો હાથ પકડી લીધો અને કહ્યું, 'સ્વામી ! આ ફેરે



બહુ ઐશ્વર્ય વાપર્યું !'

ત્યારે સ્વામી બોલ્યા :

*માનવ જાણે કે હું કરું કરતલ બીજો કોઈ*
*આદર્યાં અધૂરાં રહે હરિ કરે સો હોઈ.*

એ સાખી બોલી મર્મમાં સમજાવી દીધું. શુકમુનિ પણ સમજી ગયા કે શ્રીજીમહારાજના પ્રતાપે આજે આ સાધુનું કર્યું થાય છે. પછી સ્વામીની માફી માગી.

સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરી પાછળ ચોકમાં સભા ગોઠવી હતી ત્યાં પધાર્યા. સભામાં આચાર્ય મહારાજને સ્વામીશ્રીએ દંડવત્ કર્યા. પછી બધાને 'જય સ્વામિનારાયણ' કહી પાટ પાસે ખુરશી ઉપર વિરાજ્યા. સ્વામીશ્રી સભામાં વિરાજ્યા એટલે દર્શન કરવા અને હાર પહેરાવવા સભામાંના તમામ હરિભક્તો પાટ પાસે આવવા લાગ્યા. એમાં થોડી ધક્કામુક્કી થઈ. એટલે ગોપાળદાદા (રઘુવીરજી મહારાજના મોટાભાઈ) અકળાઈ ગયા. આગળથી જ ઠપકો આપવાનું દાદાએ માથે રાખેલ હતું. તેથી આ પ્રસંગે તે એકદમ બોલી ઊઠ્યા : 'કોઈ નિયમ રાખતા નથી. અને પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો. વળી, સ્વામીશ્રીને પણ ભગવાન થવું છે એટલે કોઈને કાંઈ કહેતા નથી.'

તેમનું આ વચન સાંભળી સ્વામીશ્રી ભાદા પટેલનું કાંડું ઝાલીને સભામાં ઊભા થયા અને ઊંચે સાદે બોલ્યા : 'કોઈ અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે. માટે અમને કોઈ ભગવાન કહેશો નહીં. ભગવાન તો એક સર્વોપરી અને સર્વ અવતારના કારણ એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે. અને શાસ્ત્રમાં જેને અક્ષરબ્રહ્મ કહ્યા છે તે આ જ તમારી સભામાં તમારી સમક્ષ વાતો કરે છે. માટે ઓળખી રાખજો.' એટલું કહીને સ્વામી બેસી ગયા.

સ્વામીની આ વાત સાંભળીને ગોપાળદાદા તો ટાઢા થઈ ગયા. વળી, બધા સદ્‌ગુરુઓને પણ એમ થયું કે જ્યારે અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સ્વામીનો મહિમા સમજી તેમનું સન્માન કરે છે અને સ્વામીને સોનાના થાળમાં જમાડે છે ત્યારે આપણે ભાગે જ તેમનું અપમાન કરવાનું વારંવાર આવે છે એમ સર્વના અંતરમાં પરિતાપ થવા લાગ્યા.

દાદાએ સ્વામીનું અપમાન કર્યું છે. આ વાતની આચાર્ય હવેલીમાં બાઈઓને ખબર પડી. એટલે દાદાને બોલાવીને કહ્યું, 'સ્વામીની માફી માગીને આવો તો જમવા મળશે.'

આથી દાદા સાકરનો પડો લઈ સ્વામીશ્રીના આસને આવ્યા ને પૂજા કરી.

સાકરનો પડો ધર્યો ને ધોતિયું ઓઢાડ્યું. પછી હાથ જોડીને કહ્યું : 'સ્વામી ! મારું બોલ્યું માફ કરજો. મને તો બીજાએ ચડાવ્યો હતો.'

સ્વામીશ્રીએ કહ્યું. તમે કાંઈ અમારું અપમાન કર્યું નથી એટલે અમને તેનો કોઈ ઉચાટ નથી. માફી માગી તેથી દાદાને અંતરમાં શાંતિ થઈ ગઈ.

આમ, સ્વામીનો અનેક વિરોધો વચ્ચે પણ પ્રતાપ પૂર્ણ કળાએ ખીલ્યો હતો.

**(૨) બ્રહ્મસ્થિતિના ઘડવૈયા સ્વામીશ્રી**

એકવાર સોરઠનો સંઘ વરતાલ જતો હતો. સંઘ વાગડ પહોંચ્યો ત્યાં આત્માનંદ સ્વામીએ સંઘને જોઈને કહ્યું કે 'સોરઠનો સંઘ આવ્યો કે !' બધા હરિભક્તો કહે, 'સ્વામી ! આપને કેમની ખબર પડી.' ત્યારે સ્વામીએ કહ્યું, 'તમારા આંટીદાર પાઘડા જોઈને. પરંતુ આ આંટીઓ તમારા પાઘડામાં જ હશે. સોરઠના હરિભક્તોમાં ગુણાતીતે આંટીઓ રહેવા દીધી ન હોય.'

બીજા એક પ્રસંગે આણંદના જીભાઈ શેલતને ગોપાળાનંદ સ્વામીએ જૂનાગઢના જોગીનો મહિમા કહેતા જણાવ્યું હતું કે, 'જૂનાગઢ જઈ સૌને એક માસ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાની મહારાજે આજ્ઞા કરી છે. તે પ્રમાણે જે સાધુ હરિભક્ત મહારાજની એ આજ્ઞા નહિ પાળે તેને બહુ ખોટ જશે અને બહુ કસર રહેશે. કેમ કે જેણે જેણે મહારાજની આજ્ઞાથી જૂનાગઢ જઈ સ્વામીનો સમાગમ કર્યો છે તેને મહારાજની જેવી છે તેવી સર્વોપરી નિષ્ઠા થઈ છે. વળી તપ, ત્યાગ અને વૈરાગ્યના ગુણ પણ સ્વામીની વાતો સાંભળી યથાર્થ આવે છે.'

આમ, જૂનાગઢના જોગીની ખ્યાતિ સમગ્ર સત્સંગમાં પ્રસરી ચૂકી હતી. બધા જાણતા ને માનતા કે સ્વામીનો યથાર્થ સમાગમ કરે એની બ્રહ્મસ્થિતિ થયા વગર રહે જ નહિ. ગુણાતીતાનંદ સ્વામીએ હરિભક્તો, સંતો અરે ! આચાર્યને પણ આ સ્થિતિ સુધી પહોંચાડવાના સફળ પ્રયત્નો કર્યા છે.

**૧. હરિભક્તોની બ્રહ્મસ્થિતિ**

બોટાદના નગરપતિ એવા શિવલાલ શેઠને પોતાના ઘરમાં જ પોતાની સાળી ૬-૬ મહિના સુધી પીરસે છતાં એકવાર પણ ઉપર નજર ન ગઈ હોય, એવા ભક્તો સ્વામીએ તૈયાર કર્યા છે.

ઉપલેટાના લાલાભાઈ તો પોતાની સગી દીકરી ૧૬-૧૭ વર્ષની થઈ ત્યાં સુધી એની નાકની દાંડી સુધ્ધા જોઈ નહોતી. આ સંયમના પાઠ શીખવાડનાર હતા જૂનાગઢી જોગી.

કોવૈયાના રાધાભક્ત જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યા. દીકરાઓને ગમ્યું નહિ એટલે પરાણે પાછા ઘરે લઈ આવ્યા. રાધાભક્તે નક્કી કર્યું કે ઊભા



ઊભા માળા ફેરવી મહારાજનું ભજન કરવું. થોડા દિવસ થયા ને લોહી બધું નીચે આવી જતા પગની ચામડી ફાટી ને માંખો હેરાન કરતી. તેથી દીકરાઓ ઉડાડવા જાય ત્યારે રાધા ભક્ત કહેતા, 'રહેવા દો ! તમે ઉડાડશો મા, ભલે ઠોલે.'

આમ, આવા અભણ સમાજમાં પણ સ્વામીશ્રીએ જ્ઞાન-વૈરાગ્યની પરાકાષ્ઠાવાળા, બ્રહ્મસ્થિતિવાળા ભક્તો પકવ્યા છે.

અમદાવાદના પિતાંબર ફૂલચંદ ખૂબ જ રજોગુણી હતા. છતાં સ્વામીના સમાગમમાં આવ્યા. સ્વામીનું અને મહારાજનું સ્વરૂપ યથાર્થ સમજાયું અને બધાને પણ તેની વાતો કરતા. મોટા મોટા સદ્‌ગુરુઓ અને આચાર્યની વાતો કરતા પણ વધુ લાકો એમની વાતો સાંભળવા જતા. તેથી આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે ત્યાગી બનાવી વિજ્ઞાનદાસજી નામ પાડ્યું. ત્યાગાશ્રમમાં પણ તેમની અપ્રતિમ પ્રતિભા ઝળહળી રહી.

આમ, કેટકેટલાય હરિભક્તોની આવી નિર્વાસનિક સ્થિતિ સ્વામીશ્રીના સમાગમથી થતી એટલું જ નહિ ભક્તોમાં પ્રાપ્તિનો કેફ આવે એવી રીતે પણ સ્વામી ઘડતર કરતા.

કાળસરીના હીરા ભગતને એકવાર એક વાણિયાએ પૂછ્યું કે 'કોળીમાં તો કાંઈ ભગત હોતા હશે ?' ભગત તો નરસિંહ મહેતો ખરો કે જેને ભગવાને હાર આપ્યો.

તે સાંભળી હીરા ભગત કહે : 'એ બાપડા નરસિંહ મહેતાએ તો આખી રાત કાલાંવાલાં કર્યા ત્યારે એકવાર તેને હાર આપ્યો અને તે પણ અધ્ધરથી પડતો મૂક્યો અને આ ભગતને તો ભગવાને ઘણીવાર હાથોહાથ હાર આપ્યા છે અને માથે હાથ મૂક્યો છે.'

**૨. સંતોની બ્રહ્મસ્થિતિ**

સ્વામીશ્રીએ સંતોને પણ આ બ્રહ્મની સ્થિતિ સિદ્ધ કરાવી છે. ધોલેરાના મહંત વાસુદેવચરણદાસને અંતરમાં ઉદ્વેગ ને અશાંતિ હતી તે સ્વામીએ કહ્યું કે જૂનાગઢ આવો તો શાંતિ કરી દઈએ. વાસુદેવચરણ સ્વામીએ પણ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી સ્વામીશ્રી સાથે જૂનાગઢ જવાનું નક્કી કર્યું ને બોટાદ આવીને મળ્યા. સ્વામીએ વામનપ્રસાદે સુધારેલી શેરડીના માદળિયા ઠાકોરજીને ધરાવી વાસુદેવચરણદાસને આપ્યા અને અડધી શાંતિ તો ત્યાં જ થઈ ગઈ. પછી સ્વામીશ્રી કહે, 'હવે અડધી શાંતિ જૂનાગઢ જઈને કરાવશું' અને શાંતિ કરાવી પણ ખરી.

જાગા સ્વામી ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા અને મરજીથી જૂનાગઢ

ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવ્યા. સ્વામીએ પૂછ્યું, તમે અહીં આવ્યા પણ તમારે ત્રણ ઉપાધિ છે તે જાણો છો ? એક મનની, બીજી ઘરની અને ત્રીજી ગઢડાવાળાની.

જાગા સ્વામી કહે, 'ઘરની અને ગઢડાની ઉપાધિ હું ટાળીશ.' ત્યારે સ્વામી કહે, 'તો મનની ઉપાધિ હું ટાળી નાંખીશ.'

આમ, કેટલાય સંતોને પણ સ્વામીશ્રીએ આ બ્રહ્મની સ્થિતિ કરાવી હતી.

આચાર્ય રઘુવીરજી મહારાજની સર્વ ગ્રંથિઓ સ્વામીશ્રીએ ગાળી નાખી ને નિર્વાસનિક સ્થિતિ કરાવી હતી તે પ્રસંગ પ્રસિદ્ધ છે.

**બ્રહ્મસ્થિતિ કરાવવાની સ્વામીશ્રીની કુશળ રીત :-**

**(૧) વ્યક્તિગત ટકોર કરીને બ્રહ્મસ્થિતિ કરાવતા.**

એ વખતના ૯ લાખના આસામી એવા બોટાદના નગરશેઠ શિવલાલ એકવાર સભામાં બેઠા બેઠા સોપારી ચગળતા હશે અને સોપારી ભાંગવાનો અવાજ આવ્યો ને ગુણાતીતાનંદ સ્વામીએ ઈરાદાપૂર્વક નિશાનને લક્ષ્યમાં રાખીને પૂછ્યું કે સભામાં કોણ  હાડકું ચાવે છે ? (સોપારી ખાય છે ?) શિવલાલ શેઠ સમજી ગયા અને જઈને થૂંકી આવ્યા.

બીજા એક પ્રસંગે શિવલાલ શેઠને ઠપકો આપતાં સ્વામીશ્રીએ કહ્યું, 'તું એમ જાણે છે જે ગઢડામાં હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા અને ભાવનગરમાં આચાર્ય મહારાજને પધરાવ્યા તે મોટું કામ કર્યું. પણ તારા જીવ સામું જોઉં છું તો અડધો જ સત્સંગ રહ્યો છે.'

આમ, સ્પષ્ટ શબ્દોમાં કડવી લાગતી મીઠી વાતો સ્વામીશ્રી પોતાના ભક્તોને કરી દેતા.

લોધિકાના દરબાર અભેસિંહને પણ ભરસભામાં સ્વામીશ્રીએ કહી દીધું કે દરબાર અહીં બેઠા બેઠા લોધિકાનું કામ નહિ થાય માટે સભામાં આવી જાવ. આમ, મોટા રાજાઓને પણ ભરસભામાં સ્વામી નિઃશંકપણે કહીને તેઓનું ઘડતર કરતા.

પોતાના અંગત સેવક અને પ્રિય શિષ્ય એવા બાલમુકુંદ સ્વામીને પોતાની જગ્યાએ મંડળ બાંધી ફરવાની આજ્ઞા કરી. આટલો બધો વિશ્વાસ ને પ્રેમ હોવા છતાં સ્વામીએ તેમને કહ્યું હતું કે 'ઘોડીને જેમ ઘોડાની સાથે હેડો લાગ્યો છે તેવો સત્પુરુષ સાથે હેડો લાગ્યો છે ? સત્પુરુષ સાથે જીવ જડ્યા વિના સુખ, શાંતિ કે ગુણ આવે જ નહિ.'

બાલમુકુંદ સ્વામીને અને યોગેશ્વર સ્વામીને સવારે ૧૧ થી બપોરના ૧૨



વાગ્યા સુધી તાપમાં ધ્યાન કરાવતા. આમ, ૧ મહિના સુધી આવું ધ્યાન કરાવ્યું. એની પાછળનું કારણ જણાવતાં સ્વામી કહેતા, તમારા શરીર ધોળા ને રૂપાળા છે તો થોડા કાળા પડે તો ઠીક એમ જાણી તડકે બેસાડતા.

એકવાર જાગા સ્વામી ધ્યાન કરતાં કરતાં ઊંડા ઊતરી ગયા. તેથી માનસીનું પણ સુખ આવ્યું નહિ. ધ્યાનમાંથી બહાર નીકળાતું નહિ એટલે કૃષ્ણસ્વરૂપદાસજી મારફતે સ્વામીને સમાચાર કહેવડાવ્યા. સ્વામીએ કહ્યું, 'કોને ધ્યાન કરવાની આજ્ઞા કરી હતી ? પહેલા સાંખ્ય પછી યોગ શીખો અને અમારી આજ્ઞાથી પથ્થર ઘડતા શીખો. પછી અંતવૃત્તિ થશે તે ધ્યાનનું સુખ આવશે.'

આમ, જાગા સ્વામી જેવા સંતોને પણ ટોકીને સ્વામી બ્રહ્મસ્થિતિનું ઘડતર કરતા. એકવાર જાગા સ્વામી ચોકમાં બેલા ઘડતા હતા, ત્યાં સ્વામી જઈ ચઢ્યા અને પૂછ્યું 'પથ્થર ઘડો છો પણ ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે કે નહીં ?'

જાગા સ્વામી કહે, 'ના, મહારાજ.'

સ્વામી કહે, 'બે ચાર બેલા ઓછા ઘડાય એનો વાંધો નહિ પણ ભગવાનની સ્મૃતિ સહિત ક્રિયા કરવી.'

પોતાના વારસદાર એવા ભગતજી મહારાજને પણ સ્વામીએ મીઠી ટકોર તો કરી જ છે. એકવાર પ્રાગજી ભક્ત ફળીમાં વાસણ ઊટકતા હતા. કઢાયામાં કંસાર ચોંટી ગયો હતો. પ્રાગજી ભક્તે તાવેથાથી જોર કરી ઉખેડવા પ્રયત્ન કર્યો અને એ કરતા વૃત્તિ થોડીવાર ભગવાનમાંથી ઊખડી ગઈ. સભામાં બેઠેલા સ્વામીશ્રીને આની જાણ થતાં તરત જ ફળીમાં આવીને કહ્યું, 'અલ્યા, ગોબરો થઈને વાસણ ઊટકે છે? પ્રભુને ભૂલીને વાસણો ઊટકે છે ?' પ્રાગજી ભક્તે તરત જ વૃત્તિ ભગવાનમાં જોડી દીધી.

એકવાર ભગતજી મહારાજને સ્વામીએ કહ્યું કે એકલી સેવાથી કામ નહિ થાય. ભેગા ભેગા ઇન્દ્રિયોને પાછી પાડવા તપ પણ કરવું પડશે. આમ, સમયે સમયે વ્યક્તિગત રીતે ટકોર કરીને સ્વામીશ્રી બ્રહ્મસ્થિતિનું ઘડતર કરતા.

**(૨) કથાવાર્તાના અખાડા દ્વારા બ્રહ્મસ્થિતિ કરાવતા**

સ્વામીશ્રીએ જૂનાગઢમાં ૮ પુરાણી રાખેલા જે ૩-૩ કલાકની કથા કરે. આમ, ૨૪ કલાક તૈલધારાની જેમ કથાવાર્તાનો અસ્ખલિત પ્રવાહ જૂનાગઢી સભામંડપમાં વહેતો. સ્વામીશ્રી પણ કલાક કથાવાર્તા કરી બધાની ગ્રંથિઓ ભેદતા.

હવેલીનું કામ ચાલતું ત્યાં પણ હરે હરે કહીને કથાવાર્તાનો બધાને લાભ આપતા.

ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આવે ત્યારે એમની પાસે પણ કથા કરાવતા. ગોપાળાનંદ સ્વામીને મહિનો વે'વાર સોંપી પોતે અખંડ કથાવાર્તા કરતા.

વરતાલ છાવણીમાં પણ સતત સાડા ચાર મહિના કથાવાર્તા કરી બધાની ગ્રંથિઓ ગાળી નાંખેલી. ભંડારમાં લાડવા વધવા માંડેલા. એટલી બધાની વૃત્તિઓ પાછી વળી ગઈ હતી.

આચાર્ય રઘુવીરજી મહારાજની પણ બધી ગ્રંથિઓ સ્વામીએ જૂનાગઢમાં કથાવાર્તા દ્વારા જ ગાળી નાંખેલી.

**(૩) સેવા-સુહૃદભાવના પાઠ શીખવી બ્રહ્મસ્થિતિ ઘડતા**

સ્વામી સંતોને જુદી જુદી સેવાઓ સોંપતા. જેવી કે વાસણો ઊટકવા. દાતણ કાપી લાવવા, ગાયો માટે લીલું ઘાસ કાપી લાવવું, હવેલીના પાયા ખોદવા વગેરે કામમાં જોડતા. વાસ લાવવાની પણ સેવા સંતોને આપતા. અને પોતે પણ મહંત હોવા છતાં મંદિરનો ચોક વાળતા.

સ્વામીએ જૂનાગઢમાં ધર્મશાળા કરાવવાનો પ્રારંભ કર્યો ત્યારે બધા સંતોને સેવામાં જોડતા. કેટલાય સંતોને પાણા કાપવાની સેવા આપતા. કેટલાક ચૂનાના તગારા ઉપાડતા, પાણા લાવતા, ખડ કાપવા જતા, વાસીદા વાળતા આવી વિવિધ સેવાઓ કરાવતા.

સ્વામી સુહૃદભાવ દઢ થાય એટલે એકબીજાની જોડ બાંધી આપી સેવા કરાવતા. જો કોઈ જોડનો સંત બીમાર હોય તો એમની સેવા, સંભાવના એમના સાથીદાર કરે તેથી અંદરોઅંદર સુહૃદભાવ વધે.

હરિપ્રસાદ સ્વામીને વૃદ્ધ સાધુ વૈકુંઠચરણદાસની જોડ બાંધી આપી ત્યારે પ્રથમ ન ગમ્યું, ઉપેક્ષા પણ કરી, પરંતુ જ્યારે હરિપ્રસાદ સ્વામીને તાવ-ઊલટી થયાં ત્યારે આ વૃદ્ધ સાધુએ અડધી રાતે સેવા કરી તેથી હરિપ્રસાદ સ્વામીનો ગર્વ ઊતરી ગયો અને સુહૃદભાવ વધ્યો.

સ્વામીએ પોતાના સંતોમાં કેવો સુહૃદભાવ દઢાવ્યો હશે ? કે એક સાધુ બીજાને ઠપકો આપી લાત મારીને કહી શકે કે તું કથામાં કેમ નથી બેસતો ? અને પેલા પણ તેમની વાત પ્રેમથી સ્વીકારે અને નિયમિત કથામાં બેસી જાય !!

ગુણાતીતાનંદ સ્વામી સભામંડપમાં સાંખ્ય, યોગ, વેદાંત, પંચરાત્રના રહસ્યની વાતો કરતા ત્યારે કેશવ ભગત શિક્ષાપત્રીનો પાઠ કરતા હતા. રામાનુજાનંદ સ્વામીએ જોયું ને અકળાઈ ગયા ને તેની પાસે જઈ તેનું બાવડું પકડીને સ્વામીની વાતો સાંભળવા આવવા કહ્યું. કેશવ ભગત પણ તેમની વાત



માનીને નિયમિત કથામાં બેસતા. રામાનુજાનંદ સ્વામીને આસને ચાર કેરીઓ આવેલી તે કેશવ ભગતને બે કેરીઓ આપી.

આમ, સંતોમાં સુહૃદભાવ દઢ થયો હતો.

**(૪) આજ્ઞા ભેગી મૂર્તિ આપી બ્રહ્મસ્થિતિનું ઘડતર કરતા**

એકવાર રામદાસ સ્વામીને કાગળ લઈ વંથળી જઈને કલ્યાણભાઈને આપવા કહ્યું અને જતા - આવતા અખંડ ભજન કરવાની ટકોર પણ કરી. રામદાસ સ્વામી ભજન કરતાં કરતાં વંથળી જતા હતા. વંથળી આવ્યું ત્યારે વંથળીના કોટના કાંગરે કાંગરે તેમને મહારાજનાં દર્શન થયા. ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર તેમની વાતોમાં કહેતા, 'અમે દરેક આજ્ઞા કરીએ તેમાં મહારાજની મૂર્તિ આપી દઈએ છીએ.'

સં. ૧૯૧૦માં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા હતા. આ વખતે સાંખડાવદરના બીડમાં ૮૦,૦૦૦ પૂળા પડ્યા હતા. સ્વામીને એને સાચવવાની ચિંતા હતી. સ્વામીની આજ્ઞાથી જાગા સ્વામીએ તે સેવા ઉપાડી લીધી તો રઘુવીરજી મહારાજ ૨૩ દિવસ રોકાયા ત્યાં સુધી મહારાજની મૂર્તિ તેમને દર્શન આપતી ને બધી કથાવાર્તા ત્યાં બેઠા સાંભળતા.

આમ, અક્ષરબ્રહ્મ સ્વરૂપ સ્વામીશ્રી પોતાના સંગમાં આવનારનું વિવિધ રીતે ઘડતર કરી બ્રહ્મસ્થિતિ કરાવતા.

**(૩) ગોપાળાનંદ સ્વામી દ્વારા સ્વામીના મહિમાનું પ્રવર્તન**

શ્રીજીમહારાજે ગ.પ્ર.૭૧ના વચનામૃતમાં કહ્યું છે કે 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાના જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ.'

મહારાજ આ પૃથ્વી પર પોતાનું અક્ષરધામ અને અક્ષરમુક્તો સહિત અહીં પધારે છે પરંતુ બધાને એની ઓળખાણ થતી નથી. મહારાજે પણ ઓળખાણ કરાવી હોવા છતાં બધાને ખ્યાલ ન આવે. તેથી અક્ષરમુક્ત એવા ગોપાળાનંદ સ્વામી જ અક્ષરબ્રહ્મ એવા ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ અને એમનો મહિમા આપણને સમજાવે છે.

ગોપાળાનંદ સ્વામી નિયમની એકાદશી કરી વરતાલથી નીકળી ગઢડા પધારે છે. અહીં ગોપાળાનંદ સ્વામી હંમેશાં સવાર-સાંજ સભામાં વાતું કરતા. એક દિવસ ગોપાળાનંદ સ્વામીએ સભાને પ્રશ્ન પૂછ્યો કે શ્રીજીમહારાજે અમદાવાદ, ભૂજ, જૂનાગઢ, ધોલેરા, વરતાલ ને ગઢડા એ દરેક મંદિરના મહંત કર્યા એ સૌમાં

મંદિરનો ખરો વ્યવહાર કરતા કોને આવડ્યો ?

સભામાંથી પોતપોતાની સમજણ પ્રમાણે જુદા જુદા સંતોનાં નામ આવ્યાં.

તે સાંભળી ગોપાળાનંદ સ્વામી કહે, 'એ બધાને શું ધૂળ વહેવાર કરતા આવડ્યો ? ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો કહેવાય. કેમ જે એમણે નાગરોની આટલી ઉપાધિમાં પણ મંદિર પૂરું કર્યું. મંદિરનો વહેવાર સુધાર્યો, આખા સોરઠ દેશમાં સત્સંગ ફેલાવ્યો. સાધુઓને નિયમધર્મમાં વર્તાવ્યા. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને રાજી કર્યા અને સાથે સાથે અખંડ કથાવાર્તા કરીને એક ક્ષણ પણ મહારાજની મૂર્તિને ભૂલ્યા નથી. એવા સદ્‌ગુરુ તો આખા સત્સંગમાં નથી. તે તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે અને ધન્વંતર વૈદ્ય જેવા છે.'

આ પ્રમાણે ગઢપુરની સભામાં ગોપાળાનંદ સ્વામીએ સ્વામીશ્રીનો અપાર મહિમા કહ્યો.

ગોપાળાનંદ સ્વામી પોતાના શિષ્યોને પણ સ્વામી પાસે સમાગમ કરવા મોકલતા. શિવલાલ શેઠ, પ્રાગજી ભગત વગેરે કેટલાય હરિભક્તને સ્વામીના સમાગમ કરવા મોકલેલા.

ગોપાળાનંદ સ્વામીએ ખાલી લૌકિક મહિમા કહ્યો છે એટલું જ નહિ પરંતુ સ્વામી અક્ષરબ્રહ્મ છે એવો મહિમા પણ બધાને સમજાવ્યો છે.

ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીના આગ્રહથી જન્માષ્ટમીનો સમૈયો કરવા રોકાયેલા. જન્માષ્ટમીના સમૈયા પર ભાદરાનું મંડળ ત્યાં લાભ લેવા આવેલું. સમૈયા પછી બધા ભક્તો ગોપાળાનંદ સ્વામીની રજા લેવા આવ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તે સર્વેને રોક્યા. ગોપાળાનંદ સ્વામીએ સભામાં સ્વામીના અતિ અપાર મહિમાની વાતો કરી અને પાસે બેઠેલા જૂનાગઢી સંતોને કહ્યું કે 'તમે બધા ગુણાતીતાનંદ સ્વામી ભેગા રહો છો પણ તમે જેવા છે તેવા ઓળખતા નથી. એ બહુ સમર્થ છે અને મહારાજે પણ અમને એકાંતમાં કહેલું કે 'આ ગુણાતીતાનંદ સ્વામી મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. વળી, આજે જેટલા મનુષ્યો અમારી કેડે ફરે છે, તેટલા તેમની વાંસે ફરશે. માટે તમે સૌ આજથી આ પ્રમાણે સમજજો.'

ભાદરાના ડોસાભાઈ, રત્નાભાઈ, વશરામભાઈ વગેરે હરિભક્તોએ પણ મહારાજે ભાદરામાં પધારીને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા એમની માતુશ્રીને કહ્યો હતો એની વાત કરી કે 'તમારો દીકરો એ અમારું રહેવાનું ધામ છે અને તમારા ગર્ભમાં આવ્યા મોર પણ અમારી મૂર્તિને ત્રણે અવસ્થામાં દેખતા.



મનુષ્યોને તો ઠીક પણ મોટા મોટા દેવતાઓને પણ એમનાં દર્શન દુર્લભ છે.'

ગોપાળાનંદ સ્વામી વિચરણ કરતાં ગુજરાત તરફ નાવલી ગામે પધાર્યા. અહીં એમના શિષ્ય હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસ આવ્યા ને દંડવત્ કરી રડી પડ્યા. તેમણે કહ્યું : 'સ્વામી ! અમદાવાદ દેશના સાધુ મને કહે છે કે તારું કલ્યાણ નહિ થાય, કારણ કે હું અમદાવાદ દેશનો છું છતાં આપની સાથે વરતાલ રહું છું.'

ગોપાળાનંદ સ્વામી આ સાંભળી હસ્યા ને કહ્યું, 'કેશવ, તું શું કામ મૂંઝાય છે ? હું બેય દેશનો મોટેરો છું માટે તને હું છતી દેહે અક્ષરધામ સાક્ષાત્ આપીશ.'

વરતાલમાં દર વર્ષે સ્વામી ચૈત્રી પૂનમનો સમૈયો કરવા આવતા. એક વખત સ્વામી સભામાં વાત કરતા હતા ત્યારે સ્વામીએ કેશવજીવનદસને બોલાવીને કહ્યું કે 'મેં તને નાવલીમાં અક્ષરધામ આપવાની વાત કરી હતી તે યાદ છે ?'

ત્યારે કેશવજીવનદાસ કહે, 'હા સ્વામી !'

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'આ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના અક્ષરધામનો અવતાર છે. માટે આજથી તું એમની ભેગો રહેજે. તેઓ તને વાતો કરી મહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપશે.'

બીજા એક ચૈત્રી પૂનમના સમૈયામાં સ્વામી વરતાલ પધાર્યા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામી અને બધા સદ્‌ગુરુઓએ ગુણાતીતાનંદ સ્વામીને હાર પહેરાવ્યા. તેથી સ્વામીની ડોક હારથી ભરાઈ ગઈ હતી. ચોથા નંબરે બેઠેલા ગુણાતીતાનંદ સ્વામીને બતાવીને ગોપાળાનંદ સ્વામીના શિષ્ય ભોયકાના માલજી સોનીએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે 'આ સદ્‌ગુરુ કોણ છે ?'

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'મેં તને એક દિવસ નહોતું કહ્યું કે હું તને અક્ષરધામ બતાવીશ. તે આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. માટે તું પણ ઓળખી લે.'

ગોપાળાનંદ સ્વામીની તબિયત અસ્વસ્થ હોવાથી તેમણે સ્વામીને કહ્યું કે જો કોઈ ગાડી સારી ચલાવનારો હોય, તો જ વરતાલથી જૂનાગઢ આવું. ત્યારે સ્વામીએ કહ્યું મને ગાડું ચલાવતા સારું આવડે છે. એમ સેવાની તક ઝડપી લીધી. ગાડામાં રજાઈ ગાદલા નાંખી ગોપાળાનંદ સ્વામીને બેસાડી નીકળ્યા. ગઢડેથી મેંગણી પધાર્યા. ત્યાંથી મેવાસા અને મેવાસાથી જૂનાગઢ પધાર્યા. ગોપાળાનંદ સ્વામી અહીં ચાતુર્માસ રોકાયા હતા. સ્વામીશ્રીના અક્ષરબ્રહ્મપણાની ઘણી વાતો કરી. જન્માષ્ટમીના સમૈયાની સભામાં વાતો કરતાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'વરતાલમાં ચાર આની અને ગઢડામાં આઠ આની વાતો થાય છે પણ પેટ ભરીને પૂરેપૂરી વાતો તો જૂનાગઢમાં થાય છે.' આમ, પ્રસંગે પ્રસંગે ગોપાળાનંદ સ્વામી

સ્વામીશ્રીનું અક્ષરબ્રહ્મપણું ઓળખાવવાનું ચૂક્યા નથી.

આમ, ગોપાળાનંદ સ્વામી પોતે ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરબ્રહ્મપણાનો મહિમા સમજતા. બીજાને સમજાવતા. અરે પોતાના શિષ્યોને પણ આ સાચો મહિમા સમજાવી એમનો સમાગમ કરવા પણ જૂનાગઢ મોકલતા.

**(૪) અમદાવાદની સભામાં પુરુષોત્તમપણાની વાતો**

સં. ૧૯૧૩ની ચૈત્રી પૂનમનો સમૈયો સ્વામીએ વરતાલમાં કર્યો. આ સમૈયા દરમ્યાન સ્વામીએ મહારાજના સર્વોપરીપણાની ખૂબ વાતો કરી. આ વાતની જાણ અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજને થતાં સ્વામીને અમદાવાદ પધારી આવો લાભ આપવા વિનંતી કરી. તેમની આગ્રહભરી વિનંતી જોઈ સ્વામી વરતાલથી સીધા અમદાવાદ પધાર્યા.

સ્વામીશ્રીને અમદાવાદમાં જોઈ આચાર્ય મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને સભામાં મહારાજના પુરુષોત્તમપણાની વાત કરવા કહ્યું. સ્વામીશ્રી તો સભામાં ખુરશી માંડીને બેસી ગયા ને મહારાજના પુરુષોત્તમપણાની વાત ચાલુ કરી. આ વાતો સાંભળી ઉત્તમાનંદ સ્વામી અને અન્ય સાધુઓએ પણ સભામાં જ સ્વામીને કહ્યું કે આવી વાતો અમે ક્યાંય સાંભળી નથી અને તમે નવી ક્યાંથી લાવ્યા ?

તે સાંભળી સ્વામીએ સભામાં બીજી ખુરશી મંગાવીને તે પર આનંદ સ્વામીને બેસાડ્યા અને કહ્યું કે 'હું જે કાંઈ વાત કરું તેમાં જો આનંદ સ્વામી સાખ પૂરે તો માનશો કે નહિ ? આનંદ સ્વામી જૂના છે વૃદ્ધ છે અનુભવી છે અને મહારાજ ભેગા પણ ઘણું રહ્યા છે માટે તેમની વાતમાં તમને વિશ્વાસ છે કે નહિ ?'

એટલે સૌએ કહ્યું : 'હા.'

એટલે સ્વામીશ્રી સભામાં શ્રીજીમહારાજના જૂનાં આખ્યાનો કહેવા લાગ્યા અને દરેક પ્રસંગમાં આનંદ સ્વામીની સાક્ષી લેવા લાગ્યા.

સ્વામીએ કહ્યું કે મહારાજ પ્રથમ લોજ અને માંગરોળમાં આનંદ સ્વામીના ખભે હાથ મૂકીને કબીર હોરી બોલેલા :

*'કોટી કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ;*
*કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કથે જ્ઞાન.*
*સદ્‌ગુરુ ખેલે વસંત.'*

પછી મહારાજે પૂછ્યું કે 'એવા સદ્‌ગુરુ કોણ ?' ત્યારે આનંદ સ્વામીએ કહ્યું કે 'મહારાજ ! એ તો કાંઈ સમજાતું નથી.' ત્યારે મહારાજે આનંદ સ્વામીને કહ્યું કે 'એવા સદ્‌ગુરુ તો અમે સહજાનંદ સ્વામી છીએ.'

આ વાત કરી ગુણાતીતાનંદ સ્વામીએ આનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! તમોને મહારાજે આ વાત કરી હતી તે સાચી કે નહિ ?'

ત્યારે સ્વામી બોલ્યા, 'હા, શ્રીજીમહારાજે આ વાત મને કહી હતી અને તે મને બરાબર યાદ છે.'

વળી, ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'સં. ૧૮૬૭માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ત્યાં મહારાજ હોળી રમેલા એ વખતે કબીરની આ પંક્તિઓ બોલીને અમારી છાતીમાં વારે વારે છડી અડાડી પૂછતા કે એવા સદ્‌ગુરુ કોણ ?'

ત્યારે આનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે એવા સદ્‌ગુરુ તો તમે જ છો. ત્યારે મહારાજે કહ્યું : 'એ તો સદ્‌ગુરુનો જ મહિમા છે. અમે તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છીએ અને એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે.' આટલી વાત કરી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'આનંદ સ્વામી ! આ વાત સાચી કે.'

આનંદ સ્વામી કહે, 'સાવ સાચી' એમ કહી સંમતિ આપી.

સ્વામીએ બીજા પ્રસંગો યાદ કરાવતા કહ્યું કે 'નાગડકામાં વ્યાપકાનંદ સ્વામીના દેખતા ૨૪ અવતારોને મહારાજે પોતાની મૂર્તિમાં પ્રગટ કરી પાછા પોતાની મૂર્તિમાં લીન કરી દીધા એ વાત તમોને વ્યાપકાનંદ સ્વામીએ કરી હતી તે યાદ છે ?'

આનંદ સ્વામી કહે, 'બરાબર યાદ છે.'

ફરી સ્વામીએ કહ્યું, 'સાંતી હાંકતા પર્વતભાઈને પણ મહારાજે પોતાની મૂર્તિમાંથી ૨૪ અવતારનાં દર્શન કરાવેલા એ વાત સાચી ?'

આનંદ સ્વામી કહે, 'આ વાત પર્વતભાઈએ જ મને કરેલી.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'માંગરોળમાં મહારાજે સ્વરૂપાનંદ સ્વામીને પ્રથમ કૃષ્ણરૂપે દર્શન આપી પછી સમાધિ કરાવી પોતાના પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવેલો તે વાત જાણો છો ?'

ત્યારે આનંદ સ્વામી કહે, 'એ વાત પણ હું જાણું છું.'

હવે છેલ્લી વાત એમ કહી સ્વામીએ કહ્યું કે અમદાવાદની પ્રતિષ્ઠા વખતે મહારાજે તમારું કાંડું ઝાલીને ઉત્તરાદિ રૂપચોકીમાં ઊભા રહી તમને વાત કરેલી કે આ ભરતખંડના રાજા નરનારાયણ છે એમની મૂર્તિ કોઈ ઠેકાણે નથી માટે એમને અહીં પધરાવ્યા છે. પણ આવા અનંત નરનારાયણ ને અનંત કૃષ્ણનારાયણ આ પ્રગટ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનું ભજન કરે છે એમ પોતાની છાતીમાં હાથ અડાડી ને મહારાજે તમને જ વાત કરેલી.

આનંદ સ્વામી તો આશ્ચર્ય સાથે આનંદમાં આવી જતા કહ્યું, 'હા સ્વામી !

આ તો મારી જ વાત એ કેમ ભૂલાય ?'

આમ, અમદાવાદની અંદર જ અમદાવાદના મંદિરના જ વયોવૃદ્ધ અને મહારાજના ખૂબ નિકટથી મળેલા એવા આનંદ સ્વામીની સાક્ષી લઈને જ ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજના પુરુષોત્તમપણાના પડઘમ વગાડ્યા.

**(નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્રશ્ન.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૧૮)**

સૂચનાઃ પૂર્વકસોટીમાં પુછાતા વિષયો પર નિબંધની તૈયારી કરવી જેમાંથી જ એક નિબંધ મુખ્ય પરીક્ષામાં પુછાશે.





# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૧

સમય : ૩ કલાક   કુલ ગુણ : ૧૦૦

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૧૮)**

નોંધ : વિષય વસ્તુને પૂરતો ન્યાય આપવા માટે અભ્યાસક્રમ સિવાયના વચનામૃતની નોંધ પણ લઈ શકાય છે.

**(૧) 'જે સાધુને મોક્ષનો ખપ હોય તેને તો જેમ દુ:ખવીએ અને વિષયનું ખંડન કરીએ તેમ અતિશય રાજી થાય.'**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં સત્સંગના ખપવાળાની કેવી સમજણ હોય તે સમજાવે છે.

લૌકિક જીવનમાં પણ જીવપ્રાણીમાત્ર જ્યાં પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય ત્યાં અનન્ય ખપ-ઈશક રાખે છે.

નોકરી-ધંધામાં કે સામાજિક સંબંધોમાં સામેની વ્યક્તિને રાજી કરવાના ખપને લઈને જ મનુષ્યો અપમાન કે અગવડો સહન કરે છે.

અગણોતેરા દુકાળ વખતે લોકો એક ડંકો થૂલુ માટે સદાવ્રત આપનારાના ધક્કા સહન કરીને પણ ખોટું લગાડ્યા વિના યાચક બની ઊભા રહેતા. આ ભીમનાથના રાંકા જેવો ખપ સત્સંગમાં કેળવવાની વાત મહારાજ અહીં શીખવે છે.

મહારાજ વચ.અં.૨૭માં કહે છે : 'જે હરિભક્તને ભગવાનની ભક્તિનો તથા સંતસમાગમનો ખપ હોય તે 'ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય' એવા સ્વભાવને પણ ટાળી નાખે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આ સર્વે વાત ખપવાળાને કામની છે.' (૬/૧૧૫)

પરમહંસોને મહારાજ પાસેથી મોક્ષનો ખપ હતો. તેમને મહારાજે આકરાં પ્રકરણોમાંથી પસાર કર્યા, અનેક પ્રકારે તાવ્યા છતાં તેઓ ક્યારેય ઉદાસ નથી થયા, પણ હંમેશાં એમ જ બોલ્યા છે,

*નથી એવું કઠણ કાંઈ કામ રે, તમે કહો ને ન થાય ઘનશ્યામ રે;*

*જે જે કહો તે અમે કરીએ રે, સર્વે વચન શીશ પર ધરીએ રે.*

લાખો રૂપિયાની માલ-મિલકત અને શાહી સન્માનનો ત્યાગ કરીને આવેલા બ્રહ્માનંદ સ્વામીને મહારાજે એક કંતાનના કટકા માટે ટટળાવ્યા, પણ ક્યારેય મહારાજનો અવગુણ નથી લીધો, કેમ કે મોક્ષનો ખપ હતો.

શિવલાલ શેઠને સોપારી ખાવા બદલ આત્માનંદ સ્વામીએ જાહેર સભામાં કહ્યું કે 'આ હાડકું કોણ ચાવે છે ?' તો પોતે બહાર જઈને થૂંકી આવ્યા અને પોતાનો આ સ્વભાવ કાયમ માટે મૂકી દીધો પણ સંતનો અવગુણ ન લીધો.

અનન્ય ખપવાળાનાં લક્ષણો જણાવતાં હરિલીલામૃતમાં લખ્યું છે,

*'જો શૂલીએ સંત કદી સુવારે, તથાપિ સદ્‌ભાગ્ય સુજાણ ધારે;*
*લે સંત પાસે મુખમાંહિ ઘાસ, કલ્યાણની જો ઉર હોય આશ.*
*કરે રસાસ્વાદ તણો નિષેધ, જો થાય તે વાક્યથી ચિત્તવેધ;*
*ન થાય તેથી દિલમાં ઉદાસ, કલ્યાણની જો ઉર હોય આશ.'*

આવો મોક્ષનો ખપ જેમના જીવનમાં હોય તેવા સંત કે હરિભક્ત જ મહારાજની પ્રસન્નતાનું પાત્ર બની શકે છે.

**(૨) 'સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં આત્મસત્તારૂપે રહીને સત્સંગ કરવાની આવશ્યક્તા સમજાવે છે.

મહારાજ વચ.અં.૨૧માં કહે છે : 'જે અક્ષરરૂપ રહીને ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહિ. સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દૃઢપણે કરવો. પણ દેહ તથા દેહના સંબંધી તે સંગાથે હેત રહી જાય એવો સત્સંગ કરવો નહિ.'

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આત્મનિષ્ઠા આવે તેણે કરીને સર્વે વાત થાય.' (૬/૩૬)

આવી આત્મનિષ્ઠા કેળવવાની સર્વને ઈચ્છા રહે છે, પણ તે સિદ્ધ થવી સુલભ નથી. અનેક વર્ષો સુધી દાન, વ્રત, તપ, યજ્ઞ, જોગ સર્વે કર્યા પછી પણ આત્મભાવને પામવું એ દુષ્કર છે. એવા આત્મભાવને પામવાનો સરળ અને સુગમ ઉપાય બતાવતાં મહારાજ આ વચનામૃતમાં કહે છે : 'જે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે, તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'

સામાન્ય રીતે લોકમાં નાની લાગતી સત્પુરુષની આજ્ઞા પણ તેના પાલકને બ્રહ્મરૂપ કરી શકે છે. આથી જ યોગીજી મહારાજે કહ્યું છે : 'પ્રગટની એક આજ્ઞા બીજી કરોડ આજ્ઞા કરતાં અધિક છે.'



એકવાર ઝારોળા ગામે પધારેલા યોગીજી મહારાજે યુવકોને કહ્યું : 'હું પધરામણીએ જાઉં છું. તમે મ.૫૧મું વચનામૃત તૈયાર કરો.' બધા યુવકોએ તે મુખપાઠ કર્યું. યોગીજી મહારાજે આવીને યુવકો પાસે પાઠ લીધો અને યુવકો પર રાજીપો વરસાવતાં કહ્યું : 'તમે બધા બ્રહ્મરૂપે વર્ત્યા. આજ્ઞાથી ટોકરી ખખડાવે તો પણ બ્રહ્મરૂપે વર્ત્યો કહેવાય.'

સારંગપુર મુકામે ધંધુકા અને બોટાદના હરિભક્તોની રવિસભામાં સત્પુરુષની આજ્ઞાની ગરિમા સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું, 'યોગીજી મહારાજની આજ્ઞાથી રવિસભામાં આવ્યા તો એટલા આત્મસત્તારૂપે વર્ત્યા.'

જે સાધક સત્પુરુષની આજ્ઞાને અવગણીને મનસ્વીપણે આત્મસત્તારૂપે વર્તવા જાય છે, તે ક્યારેય દેહભાવને ત્યજી શક્તો નથી.

આમ, જે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય છે તેના હૃદયને વિષે કલ્યાણકારી ગુણ સર્વે પ્રગટ થાય છે અને કામક્રોધાદિક વિકાર સર્વે બળી જાય છે. એટલે કે, સત્પુરુષની આજ્ઞા મુજબ વર્તનાર આત્મસત્તારૂપે વર્તે છે.

**(૩) 'ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.'**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાનને સર્વ કર્તા સમજીએ તો પરમ કલ્યાણ થાય.'

અનંત કોટિ બ્રહ્માંડના કર્તાહર્તા ભગવાન જ છે, પણ મનુષ્ય ભગવાને આપેલાં કળા-કૌશલ્યથી જે કાંઈ સફળતા પ્રાપ્ત કરે તેને પોતાના પુરુષાર્થની ફળશ્રુતિ જણાવે છે. જેમ ગાડા નીચે ચાલ્યું જતું કૂતરું પોતાની જાતને ગાડાનો ભારવાહક સમજે, પણ તે તો તેની મૂર્ખતા છે.

દાનવો સાથેના યુદ્ધમાં ભગવાનની કૃપાથી વિજયને વરેલા દેવો અભિમાનને વશ થઈ ભગવાનનો પાડ ભૂલી ગયા. પરંતુ, ભગવાનની શક્તિ વિના એક તણખલાને ઉડાડવા કે બાળવા માટે સમર્થ ન થયા.

આથી શ્રીજીમહારાજ વચ.પ્ર.૩૭ માં કહે છે, 'ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી.'

ગુણાતીતાનંદ સ્વામી (૧/૨૦૧)માં કહે છે, 'સર્વકર્તા તો ભગવાન છે. હમણાં આપણે ઊંઘમાં જાવું હોય તો જવાય નહિ ને ઊંઘમાં ગયા હોઈએ ને પછી ચોર આવીને લૂંટી જાય પણ આપણાથી જગાય નહિ. માટે સર્વકર્તા ભગવાન છે.'

ભગવાનના કર્તાપણાને પુષ્ટ કરતાં ભાગવતમાં કહ્યું છે :

'ईशस्य हि वशे लोको योषा दारू मयी यथा ।'

(જેમ લાકડાની પૂતળી તેના સંચાર કરનારને વશ હોય છે, તેમ આ જગત ભગવાનને વશ છે.)

મહારાજે સ્વયં ઓરડાના પદમાં કહ્યું છે,

*'જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન,*
*સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન.*
*અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય,*
*મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.'*

મનુષ્ય જ્યારે પરમાત્મશક્તિને અવગણીને સ્વશક્તિનું પ્રદર્શન કરવા જાય છે, ત્યારે પરમાત્મા તેને પાઠ ભણાવે છે. જૂનાગઢ મંદિરને મૂળમાંથી ઉડાડી દેવાના મનસૂબા કરીને આવનારો રંગીલદાસ જૂનાગઢ પહોંચતા પહેલા જ માર્ગમાં જ મોતને ભેટ્યો.

ભગવાનના કર્તાપણાનો અસ્વીકાર કરનાર કુસંગીજનોથી ચેતવતા મહારાજ આ વચનામૃતમાં કહે છે, 'જે જીવ ભગવાનને સર્વકર્તાહર્તા નથી જાણતો તેથી બીજો કોઈ પાપી નથી. અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ, તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળકર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચાંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ અને ભૂલ્યમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહિ.'

જેના જીવનમાં કર્તાહર્તાની આ સમજણ દૃઢ હોય તે ગમે તેવી બાહ્ય ઉપાધિઓ વચ્ચે પણ સ્થિર રહી શકે છે.

પ્રમુખસ્વામી મહારાજ એક મહારાજને જ કર્તાહર્તા જાણે છે અને પોતાના સર્વ કાર્યનો યશ મહારાજના શિરે જ ઢોળે છે. અને તેથી જ ગમે તેવા સુખ-દુઃખ, માન-અપમાન કે નિંદા-સ્તુતિની વચ્ચે પણ પ્રફુલ્લિત રહી શકે છે.

**(૪) 'બુદ્ધિમાન હોય તેણે તો સ્વરૂપનિષ્ઠા જ દૃઢ રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢ રહેશે.'**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ધર્મનિષ્ઠાની અપેક્ષાએ સ્વરૂપનિષ્ઠાની અધિક મહત્તા સમજાવે છે.

આ વચનામૃતમાં મહારાજ કહે છે : 'જે બુદ્ધિવાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દૃઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે.'

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : 'સ્વરૂપનિષ્ઠા છે તે એકડાને ઠેકાણે છે.'



સામાન્ય રીતે લોકમાં ધર્મમાં દૃઢ રહેનાર (ધર્મવાન) વ્યક્તિ શ્રેષ્ઠ ગણાય છે. પરંતુ મહારાજ આપણી આ માન્યતાને સ્પષ્ટ કરતાં વચ.મ.૯માં કહે છે : 'યુધિષ્ઠિરને ધર્મનિષ્ઠા પ્રધાન હતી. પણ શ્રીકૃષ્ણ ભગવાનના વચને એકવાર અસત્ય બોલવારુપ અધર્મ કર્યો તેથી સંશય ટળ્યો નહિ અને એમ જાણ્યું જે, 'મારૂ કોઈ કાળે કલ્યાણ નહિ થાય' પણ અર્જુનને સ્વરૂપનિષ્ઠા પ્રધાન હતી તો મહાભારતના યુદ્ધમાં અનંતને મારવાનો દોષ લાગ્યો છતાં લેશમાત્ર મનમાં ઝાંખા થયા નહિ તો ભગવાનના પરમપ્રીતિપાત્ર ગણાયા અને નરનારાયણની પ્રતિમામાં નરસ્વરૂપે આજે પણ પૂજાય છે.

આથી, શ્રીજીમહારાજે પતિવ્રતાનો ધર્મ પાળવા આજીવન આંખે પાટા બાંધનાર ગાંધારીને નહિ પણ શ્રીકૃષ્ણ પરમાત્માના સ્વરૂપને ઓળખનાર દ્રૌપદીને સમગ્ર સન્નારીઓમાં શ્રેષ્ઠ ગણાવી છે. આમ, ભગવાનની પ્રાપ્તિ થઈ હોવા છતાં કેવળ ધર્મને જ પ્રાધાન્ય આપનારા જીવો ભગવાનના સ્વરૂપનું દિવ્ય સુખ પામી શક્તા નથી.

મયારામ ભટ્ટ ધર્મની સૂગને કારણે પૂર્ણપુરુષોત્તમ નારાયણ મહારાજની પ્રસાદી જમવામાં પણ સંકોચ અનુભવતા.

જો ધર્મનિષ્ઠામાં કોઈ ફેરફાર થાય, તો તેની પ્રાયશ્ચિત્તે કરીને પણ શુદ્ધિ થાય છે. જ્યારે સ્વરૂપનિષ્ઠામાં જરાક પણ કચાશ રહી જાય તો પ્રાપ્તિમાં ફેર પડી જાય છે.

રામાયણની કથા દ્વારા ધર્મની વાતો કરનારા અમોઘાનંદ સ્વામી મહારાજના પરમહંસ હતા. છતાં પણ સ્વરૂપનિષ્ઠાની કસરને કારણે અક્ષરધામને બદલે વૈકુંઠમાં ગયા.

વચનની મૂર્તિ ગણાતા ભાયાત્માનંદ સ્વામી પણ જ્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સ્વરૂપનિષ્ઠા સ્પષ્ટ દઢાવી ત્યારે જ ધામમાં પધાર્યા.

જો સ્વરૂપનિષ્ઠા દૃઢ હોય, તો ધર્મનિષ્ઠા પણ દૃઢ જ રહે છે.

મહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખનારા ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં ધર્મની પણ એટલી જ દૃઢતા હતી.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ સ્વરૂપનિષ્ઠાને ઓથે ક્યારેય ગાળીને પાણી પીવા જેવું અલ્પ ધર્મવચન પણ લોપ્યું નથી.

જેઓના જીવનમાં સ્વરૂપનિષ્ઠા જીવની જેમ જડાયેલી છે તેવા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ આજે ૮૧ વર્ષે પણ એટલા જ ધર્મમાં દૃઢ છે.

આમ, સ્વરૂપનિષ્ઠા એ વરને ઠેકાણે છે અને સાધન સર્વે જાનૈયાને સ્થાને છે.

**(૫) એકાવન ભૂતનું ટોળું કાઢવાનો ઉપાય**

**(નોંધ : હાલમાં આ પ્રશ્ન અભ્યાસક્રમમાં નથી.)**

શ્રીજીમહારાજ પોતાના આશ્રિતના જીવનમાં એક તલમાત્ર કસર પણ રાખવા ઈચ્છતા નથી.

તેથી જ વચ.ગ.મ.૪૫માં કહે છે : 'તમે મારા કહેવાયા છો તો સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી.'

વળી, ઘોઘાવદરને પાદર આ જ વચનામૃત વંચાવી ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા હતા, 'કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના (માયિક ઉપાધિથી રહિત થયા વિના) છૂટકો નથી. તે આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી.'

કારણ કે, ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જોઈએ અને એવી કોઈ સ્ત્રી નથી જેને પુરુષ ન જોઈએ. તેમાંથી નોખા પડવાનો ઉપાય 'નિજાત્માનં બ્રહ્મરૂપં' છે.' (૧/૧૪૧)

શ્રીજીમહારાજનો પણ આ જ મત છે. તેથી જ અગતરાઈમાં નાના, અબુધ હરિજનના છોકરાને પણ સો વખત 'હું આત્મા છું, હું આત્મા છું' એમ બોલાવ્યું હતું.

અને જ્યારે પરમહંસોએ મહારાજને 'આપ જેમ જેમ કહો તેમ કરવા તૈયાર છીએ' એમ કહ્યું, ત્યારે પણ મહારાજે પરમહંસોને કહ્યું :

*"એક વાત કહું માનો તેહ, આપણે આત્મા નહિ દેહ;*
*માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું."*

પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહે છે : 'દેહાભિમાનીને મતે ક્યાંય સુખ જ નથી અને આત્માભિમાનીને મતે ક્યાંય દુઃખ જ નથી.'

એટલે એનો અર્થ એ થયો કે જ્યાં સુધી પોતાને દેહરૂપ માનશે ત્યાં સુધી તેને દુઃખ છે, છે ને છે જ. અને પોતાને આત્મારૂપ માને તો તેને સુખ જ છે.

તેથી આપણને પ્રશ્ન થાય કે,

એકાવન ભૂતનું ટોળું નીકળે કેવી રીતે ? અને આત્મનિષ્ઠા દૃઢ થાય કેવી રીતે ?

ઉપાય :

**(૧) ઉપાસનાની દૃઢતા કરવાથી :**

વચ.ગ.પ્ર.૫૬માં શ્રીજીમહારાજ કહે છે, 'શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિગતિ થતી નથી. એ તો જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિશે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે.'



એટલે કે જો આપણને આપણા ઈષ્ટદેવ શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે, અને ગુણાતીતાનંદ સ્વામી જે અક્ષરબ્રહ્મ છે તે રૂપે થઈ શ્રીજીમહારાજની ઉપાસના કરવા અને એ જ શ્રીજીમહારાજ આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે. એવી ઉપાસનાની નિષ્ઠા હોય તો સહેજે આત્મા-અનાત્માનો વિવેક થાય છે.

(૨) સત્પુરુષની આજ્ઞાને વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. (મ.૫૧)

યોગીજી મહારાજ ઘણી વખત કહેતા કે સત્પુરુષની આજ્ઞાથી ઘંટડી વગાડે તો એ આત્મસત્તારૂપે જ વર્તે છે.

માટે આજે પ્રગટ સત્પુરુષ પ્રમુખસ્વામીની જે નાની-મોટી આજ્ઞા - ટી.વી. ન જોવું, રવિસભામાં જવું, પૂજા કરવી,.... વગેરે પાળતા જઈએ એટલું દેહાભિમાન ઘસાતું જાય અને આત્મનિષ્ઠા દૃઢ થતી જાય.

(૩) સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે. (વર.૧૧)

શ્રીજીમહારાજ વચ.ગ.પ્ર.૨૦માં કહે છે : 'જેને સત્સંગ થયો તેને પોતાના આત્માને દેખવો પોતાના હાથમાં જ છે.'

કેવી રીતે ?

વચ.ગ.મ. ૫૪માં શ્રીજીમહારાજ કહે છે : 'સત્સંગ એટલે સત્પુરુષને વિષે દૃઢ આત્મબુદ્ધિ.' વચ.વર.૧૧ પ્રમાણે એ જ આત્મદર્શનનું સાધન છે. સત્પુરુષને વિષે દૃઢ આત્મબુદ્ધિ કહેતા પ્રીતિ હોય, એટલે કે પ્રમુખસ્વામીને વિષે, જેવી દેહ અને દેહના સંબંધીમાં આત્મબુદ્ધિ છે એવી થતી જાય તો આત્મદર્શન થતું જાય છે અને એકાવન ભૂતો નીકળતા જાય છે. અને ભગવાનનું અખંડ સુખ આવ્યા કરે છે.

**પ્રશ્ન.૧(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો. (૧૫)**

૧. જ્યારે એ જીવને........ખોખા જેવું થઈ જાય છે.
૨. માટે ભગવાનની આજ્ઞાએ કરીને........નિવાસ કરે છે.
૩. એકાંતિક ભક્ત હોય તે........બીજી મોટી પદવી નથી.
૪. જે ગૃહસ્થ હોય તે તો........મોટેરો જાણવો.
૫. અમારે પોતાની કોરનું........જણાયા કરે છે.

**પ્રશ્ન.૧(ક) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક શોધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો (૪)**

**૧.** ભક્તિ - અવતરણ નં. ૩, ૧૦
**૨.** સેવા - અવતરણ નં. ૨૮, ૩૦, ૩૪

## ('સ્વામીની વાતો'ને આધારે)

**પ્રશ્ન.૨(અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો. (૬)**

**૧.** કેવાને સ્ત્રીરૂપી ભમરી બુડાડે છે ?
- ગમે તેવો સાંખ્યવાળો કે યોગવાળો હોય તેને પણ સ્ત્રીરૂપી ભમરી બુડાડે છે.

**૨.** વર્તમાન પળાવીને કલ્યાણ કરવાનો હેતુ શો છે ?
- કારણ શરીરનો નાશ કરીને કલ્યાણ કરવા સારુ વર્તમાન પળાવે છે.

**૩.** બીજા અવતારે કલ્યાણ કેવા કર્યા છે ?
- બીજા અવતારે કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યા નથી. માટે જ ગોલોકમાં રાધિકાજીને શ્રીદામા સાથે અને વૈકુંઠલોકમાં જયવિજયને સનકાદિક સાથે વઢવેડ થઈ.

**૪.** અધર્મસર્ગ પ્રવેશ કરે ત્યારે શું થાય ?
- અધર્મસર્ગ જબ કરત પ્રવેશા, સુર નર મુનિ મહિં નહિ સુખ લેશા.

**૫.** અંતરશત્રુ ક્યારે પરાભવ કરે અને ક્યારે પરાભવ ન કરે ?
- શ્રીજીમહારાજ કહે છે, 'તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારો અંતરશત્રુ હશે તે પણ પરાભવ નહિ કરી શકે ને આમ નહિ રહો, તો અલ્પ જેવો દોષ પણ તમને સત્સંગમાંથી બહાર કાઢી નાખશે.'

**૬.** આ જીવ શાને કરીને સોરાઈ જાય છે ?
- લોક, ભોગ ને દેહ તેણે કરીને જીવ સોરાઈ જાય છે.

**પ્રશ્ન.૨(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો. (૭)**

૧. અમે તો સુરંગુ દઈએ છીએ તે બસેં બસેં ગાડા પાણા નીકળે છે. આ વાક્ય ............ સ્વામી બોલ્યા હતા.
(ગોપાળાનંદ, ગુણાતીતાનંદ, સિદ્ધાનંદ)

૨. જ્યાં સુધી ............ છે ત્યાં સુધી સ્ત્રી દ્રવ્યાદિકને વિષે સુખ મનાય છે.
(મોહ, અજ્ઞાન, આસક્તિ)

૩. મહારાજ, તમારા ..........સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાવ છો.
(મુખારવિંદ, ચરણારવિંદ, સ્વરૂપ)

૪. હું તો અક્ષરધામમાંથી આવ્યો છું ને ........... છું.
(પુરુષોત્તમ, સુગાળવો, દિવ્ય)

૫. એટલું જ સમજવાનું છે કે મહારાજને ............ જાણવા.
(ઇષ્ટદેવ, પુરુષોત્તમ, શ્રેષ્ઠ)

૬. ......... તો બાંધે તેવા છે પણ જ્યાં સુધી મોહ છે, ત્યાં સુધી જણાય નહીં.
(સ્વભાવ, વિષય, અંતઃશત્રુ)

૭. કારણ શરીર ટાળવા માટે શ્રીજીમહારાજ સાધુ અને ........ સાથે લાવ્યા હતા.
(શાસ્ત્ર, નિયમ, બ્રહ્મચર્યવ્રત)

**પ્રશ્ન.૨(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો. (૧૦)**

**(૧) મનુષ્યભાવ - દિવ્યભાવ**

ભગવાન આ લોકમાં આવે ત્યારે દિવ્યભાવ અને મનુષ્યભાવ એ બંને ભાવોનાં ચરિત્રો કરતા હોય છે.

સ્વામી કહે છે : વરતાલમાં ચાર પાટીદારે મહારાજને કહ્યું : મહારાજ, તમારાં ચરણારવિંદ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો ને તમારા શરીર સામું જોઈએ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો.(૩/૪૬)

ચરણારવિંદમાં સોળ ચિહ્ન દેખાય તેથી ભગવાન જણાય અને શરીરથી તો સામાન્ય મનુષ્ય જેવા જ દેખાય.

ભગવાન મનુષ્યભાવ બતાવે છે, તેની પાછળ ત્રણ હેતુઓ હોય છે :

(૧) અસુરોના મોક્ષ માટે

(૨) ભક્તોના મનોરથ પૂરા કરવા

(૩) ભક્તોની કસોટી કરવા

(૧) શ્રીજીમહારાજની જૂનાગઢમાં હાથી પર સવારી નીકળી ત્યારે શ્રીજીમહારાજે મનુષ્યચરિત્ર કર્યું. ચાલુ નગરયાત્રાએ બાળકે આપેલ કાકડી બાળકની જેમ ખાવા લાગ્યા. દીવાનને આશ્ચર્ય થયું. (અસુરોના મોક્ષ માટે)

(૨) પંચાળામાં મહારાજે લગ્ન કરવાની વાત કરી. ત્યારે અદિબાને તૈયાર કરેલા - પરંતુ પછીથી તો મહારાજે ઊલટી કરી - ખૂબ જ સૂગ બતાવી - તેથી

અદિબાને વસવસો રહી ગયો - એમનો સંકલ્પ પૂરો કરવા મહારાજે ગઢડામાં અદિબાના ખભે હાથ મૂક્યો ત્યારે આંબા શેઠને શ્રીજીમહારાજના આ મનુષ્યચરિત્રમાં સંશય થયો. (ભક્તનો મનોરથ પૂરો કરવા માટે)

(૩) મૂળજી બ્રહ્મચારીએ વશરામને મહારાજની મોજડીને તેલ ચોપડવા આપ્યું. તો મહારાજે બ્રહ્મચારીને વિમુખ કર્યા. વગર વાંકે વિમુખ કર્યા ને સાથે નિયમ પણ આપ્યા. વિમુખ થયા પછી પણ બ્રહ્મચારીએ પગમાં જોડા પહેર્યા નથી ને ગળ્યું-ચીકણું ખાધું નથી. (ભક્તોની કસોટી કરવા માટે)

વચ.પં.૪માં શ્રીજીમહારાજ કહે છે, 'મનુષ્યપણે કરીને ભગવાન વર્તે છે તો જ જીવને સાનુકૂળ પડે, નહિ તો ન પડે. તે સારું એ ભગવાન મનુષ્યપણે વર્તે છે.'

ટૂંકમાં, ભગવાન સજાતિય થાય છે. જેથી આપણને હેત થાય અને એમનામાં હેત થાય તો જીવનું કલ્યાણ થાય.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: 'ભૂંડામાં ભૂંડું શું છે ? ભગવાન ને સંતમાં આપણને મનુષ્યભાવ આવે છે તેનાથી કાંઈ ભૂંડું નથી.' (૩/૩૬) પરંતુ આપણને મનુષ્યભાવ આવે છે એનાં કારણો શા છે ?

તો દેહ, લોક, ભોગ ને પક્ષ, તેણે કરીને મનુષ્યભાવ આવે છે.

૧. દેહ : અલૈયા ખાચરની પોતડી મહારાજે ખેંચી તો મનુષ્યભાવ આવ્યો.

૨. લોક : ઝીણાભાઈએ અદિબાના લગ્ન મહારાજ સાથે કરાવવાની ના પાડી. લોકલાજ આડી આવી.

૩. ભોગ : રઘુનાથદાસને ભોગને લઈને મનુષ્યભાવ આવ્યો. માંગરોળમાં શેઠે મહારાજને ધોતી જોટો આપ્યો. તે જોટો મહારાજે મયારામ અને ગોવિંદરામને આપી દીધો. તેથી રઘુનાથદાસ દાઝ્યો કે સારા પદાર્થ પણ ભોગવતાં આવડતું નથી.

૪. પક્ષ : ગઢડામાં વસ્તા ખાચરે જીવા ખાચરને ત્યાં ઉતારો કર્યો. ત્યાં બૂઢા ધાધલે મહારાજના અભાવના શબ્દો નાખ્યા. મહારાજમાં મનુષ્યભાવ આવ્યો. મહારાજને મળ્યા વિના કારિયાણી પહોંચી ગયા.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે,

'જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોર્જુન ।।'

જે પુરુષ મારા જન્મ-કર્મ યથાર્થપણે દિવ્ય જાણે છે, તે પુરુષ દેહનો ત્યાગ કરીને ફરીથી જન્મને પામતો નથી, પરંતુ મને જ પામે છે.

માયિક દૃષ્ટિ ટળે તો ભગવાન ને સંતમાં મનુષ્યભાવ-દિવ્યભાવ સરખા થઈ જાય. તો આત્યંતિક કલ્યાણ થાય. પણ માયિક દૃષ્ટિ ટળે કેવી રીતે ?



વચ.પં.૭ : શ્રીજીમહારાજ કહે છે, 'જ્યારે ભગવાનના એકાંતિક સાધુના વચનને વિશે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે.'

**(૨) બ્રહ્મસ્થિતિ પામવાનો માર્ગ :**

'નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત પુરુષોત્તમ પ્રગટી રે.'

શ્રીજીમહારાજે પ્રવર્તાવેલી આ રીત, આ માર્ગ એ પૂર્વેના અવતારો કરતાં તદ્દન ન્યારો છે. આ માર્ગે ચાલવાથી બ્રહ્મરૂપની સ્થિતિને અવશ્યપણે પ્રાપ્ત કરી જ શકાય છે.

ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં 'કારણ શરીર ટાળીને બ્રહ્મરૂપ કરી મૂકીએ છીએ' એવી વાત કરી છે.

'અમે વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ, ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ, ભગવાન ને ભગવાનના સાધુનો મહિમા તે રૂપી અગ્નિ મૂકીએ છીએ, તેણે કરીને કારણ શરીરરૂપ જે અજ્ઞાન, તે રૂપી જે કાળો પર્વત, તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ. તે કાંઈ કઠણ નથી.' (૩/૪૩)

એમના મતે આ માર્ગે ચાલીએ તો આપણું અજ્ઞાન ટળવું ખૂબ જ સુગમ છે.

સ્વામી કહે છે : 'સત્યુગમાં લાખ વરસની આવરદા ને હજાર વરસનો ખાટલો ને સો વરસ સુધી ડચકાં ખાય ત્યારે જીવ જાય ને આજ તો ત્રીજે ડચકે અક્ષરધામમાં જવાય છે, એવું સુગમ કરી નાખ્યું છે.'(૩/૪૪)

આવી બ્રહ્મરૂપપણાની સ્થિતિ પમાડવા માટે સ્વામીએ ખૂબ જ દાખડો કર્યો છે. એ વાત કરતાં સ્વામી કહે છે : 'પછી મહારાજે કહ્યું જે, 'વાતું જ અધિક છે.' તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પડતો નથી, જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.' (૩/૫૬)

બ્રહ્મસ્થિતિ ક્યારે થાય ? તેનો ઉપાય બતાવતાં સ્વામી કહે છે, 'જે મુમુક્ષુ હોય અને તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે.' (૩/૬૦)

વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજનો મન, કર્મ, વચને સમાગમ કરીએ તો આવી સ્થિતિ પમાય.

'ભગવાન સ્વામિનારાયણ'ના આધારે :

<u>નવી આવૃત્તિ</u>

**ભાગ ૧ : ઉદ્‌ગીથ ૧ થી ૨૨**

**ભાગ ૨ : ઉદ્‌ગીથ ૧ થી ૬**

**પ્રશ્ન.૩(અ) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) નીલકંઠવર્ણીએ વનવિચરણ દરમ્યાન કરાવેલું ઐશ્વર્ય દર્શન**

અધ્યાત્મ સંબંધી વાત સાંભળે કે તરત માનવીના મનમાં ચમત્કાર કે ઐશ્વર્ય યાદ આવે જ. પણ ભગવાન સ્વામિનારાયણે પોતાના ભક્તોમાં ચમત્કારનું પ્રાધાન્ય લેશમાત્ર રાખ્યું નથી. છતાં પણ જ્યાં જ્યાં ચમત્કારની જરૂર પડી છે, જ્યાં માનવી સીધી રીતે ભગવાનની વાત સ્વીકરવા તૈયાર નથી થયો ત્યાં ભગવાને ઐશ્વર્ય વાપર્યું છે.

અહીં આપણે વનવિચરણ દરમ્યાનના ઐશ્વર્યો જોઈશું.

- નીલકંઠવર્ણીએ મુક્તનાથને માર્ગે જતા રસ્તામાં એક ભયાનક ઝરણામાં ઝંપલાવ્યું. હિમગીરી ઊભા ઊભા વિચાર કરતા રહ્યા. નીલકંઠના સ્પર્શથી ઝરણામાંનાં જળચરોને સમાધિ થઈ ગઈ.
- નીલકંઠવર્ણી જયરામદાસને લઈને ઘોર વનમાં ગયા. જયરામદાસ પાસે પાણીનો અવેડો ભરાવ્યો અને પોતે એમાં પગ બોળી ઘેરો સાદ કર્યો. જંગલનાં પ્રાણીઓ પાણી પીવા આવ્યાં. હરણ, શિયાળ, હાથી, વાઘ, સિંહ બધા જ જાતિ સ્વભાવ ભૂલીને સંપીને પાણી પીવા લાગ્યા. બધાના ચિત્ત નીલકંઠવર્ણીમાં ચોંટી ગયા. આ જોઈ જયરામદાસને પણ નીલકંઠનો અપાર મહિમા સમજાયો.
- નીલકંઠવર્ણી માલ્યવાન પર્વત ઉપર આવ્યા. અહીં ચંદનનાં વૃક્ષોને સર્પો વીંટળાયેલા જ રહેતા, ક્રોધના આવેશમાં મૃત્યુ પામેલા સર્પનો અવતાર લે છે. આ સર્વેનું કલ્યાણ કરવા નીલકંઠ ત્યાં ગયા. બધા જ સર્પો નીલકંઠને વીટળાઈને ઊભા રહી ગયા. નીલકંઠની દિવ્ય દૃષ્ટિ થતાં જ બધા જ સર્પો નિર્વિષ થઈ ગયા.
- નીલકંઠવર્ણી વડગામાથી ધોલેરા જવા માગતા હતા. મહી સાબરમતીનો સંગમ હતો. વળી ભરતી પણ હતી. વાંસ જેટલા ઊંચા પાણી હતા. આથી ત્યાંના એક મુમુક્ષુ લાખા ભક્તે વર્ણીને જવાની ના પાડી પણ વર્ણી ન રોકાયા, વર્ણી પાણી ઉપર ચાલીને સામે પાર ઊતરી ગયા, અંધારામાં લાખાને તેજનો લિસોટો સામા કિનારા સુધી જતો દેખાયો, અને આ પૂરમાં વર્ણીની લીલાને તે આશ્ચર્યથી જોઈ રહ્યો.
- મહારાજ લાકડિયા પધાર્યા. અહીં પ્રેમજી ઠક્કર પોતાની હાટે બેઠા હતા. મહારાજને જોઈને એમણે પોતાની સાદડી બેસવા આપી દીધી. એ ક્યારેય તેના ઉપર બેસતા નહિ. કોઈ કહે તો કહેતા કે 'એવા જોગી આવશે ત્યારે એને બેસાડીશ. આજે મહારાજ બેઠા અને બોલ્યા, 'પ્રેમજી, આવા જોગી ક્યાંય મળશે નહિ !' આમ, અંતર્યામીપણે તેમનું નામ કહ્યું અને સંકલ્પ પણ પૂરો કર્યો.
- તેલંગણનો વિદ્વાન બ્રાહ્મણ સિદ્ધવલ્લભ રાજા પાસે આવ્યો. વિદ્વતાનાં દર્શન કરાવ્યા, રાજાએ ખૂબ દાન આપ્યું પણ તૃપ્તિ ન થઈ. આથી રાજાએ હાથી અને કાળપુરુષનું દાન કર્યું. પણ હાથી લેવાથી માનને કારણે અંતઃકરણ મલિન થઈ ગયું. કાળપુરુષનું દાન જો અશુદ્ધ અંતઃકરણવાળો લે તો એનું શરીર શ્યામ પડી જાય. બ્રાહ્મણનો વર્ણ કાળો પડી ગયો. બધા હસવા લાગ્યા, આથી તે નીલકંઠના પગમાં પડી ગયો. નીલકંઠે તેને જ્ઞાનોપદેશ આપ્યો અને દયા કરી એનો પાછો શ્વેતવાન કરી આપ્યો. (કરુણા દૃષ્ટિ રે દેખી વાન જ વાળે)
- નીલકંઠવર્ણી પીપલાણા ગયા અને નરસિંહ મહેતાને ઘેર જઈ ભિક્ષા માગી, આપવામાં વાર થઈ. મહારાજે એમના શાલિગ્રામ તરફ દૃષ્ટિ કરી ત્યાં તો એમાંથી તેજ નીકળ્યું. વર્ણી ચાલી નીકળ્યા. નરસિંહ મહેતાએ આ જોયું ને પાછળ પાછળ દોડવા લાગ્યા.
- વડોદરામાં અમીચંદને નીલકંઠવર્ણીના મુખ ઉપર અનંત સૂર્યનું તેજ દેખાયું. પોતાને ઘેર લઈ ગયા. જમવા માટે પૂછયું, વર્ણી : 'તૈયાર હો તે લાવો.' અમીચંદની પત્નીએ ખીચડી બનાવી હતી તે આપી. તેમાં ઘી નાખી વર્ણી બે ગ્રાસ જમ્યા, પછી પ્રસાદી અમીચંદની પત્ની ખાઈ ગઈ તે અત્યંત કામવાસનાથી પીડાતી હતી. પણ વર્ણીની પ્રસાદીથી તેની મૈથુન ગ્રંથિ ઓગળી ગઈ. અને એનું અંતઃકરણ શુદ્ધ થઈ ગયું.
- મહારાજ વડોદરાથી નીકળ્યા ત્યારે અમીચંદે પૂછયું 'મહારાજ ! હું આપની શું સેવા કરું ?'

  મહારાજે કહ્યું, 'તમારે ઘેર જે લક્ષ્મીનારાયણની મૂર્તિ દાટેલી છે તે હું ભવિષ્યમાં મારા સાધુ મોકલીશ તે સાથે મોકલી દેજો.' આમ, અંતર્યામીપણું જણાવ્યું.

- નીલકંઠવર્ણી  ફરતાં ફરતાં માંગરોળ પધાર્યા, ત્યાં ગોવર્ધનભાઈ મળ્યા, એમણે વર્ણીને સુખડી ને ગાંઠિયા આપ્યા, તે જમ્યા. વર્ણીએ પૂછ્યું, 'રસોઈ તૈયાર હતી?'

  ગોવર્ધનભાઈએ કહ્યું, 'મારી ફોઈ પૂતળીબાઈનું કારજ હતું.'

વર્ણીએ કહ્યું, 'તારી ફોઈ તો નરકમાં ગઈ છે.' ગોવર્ધનભાઈ વાત માનવા તૈયાર ન થયા. રામાનંદ સ્વામીની શિષ્યા નરકમાં ન જાય. વર્ણીએ સમાધિ કરાવીને તેને દેખાડ્યું. ગોવર્ધને કારણ પૂછ્યું ત્યારે મહારાજે કહ્યું, 'રામાનંદ સ્વામીનું સોનું તેણે ચોર્યું હતું.' ત્યારે ગોવર્ધને મુક્તિનો ઉપાય પૂછ્યો. વર્ણીએ ગોવર્ધનને સમાધિમાં મોકલ્યો અને અક્ષર મુક્તોની સહાયથી તેની ફોઈ બદરિકાશ્રમમાં ગઈ.

- વર્ણી સહેજાપુરમાં નદીમાં ઝંપલાવવા ગયા, પ્રચંડ પૂર હતું. ગામલોકોએ ના પાડી છતાં વર્ણી પડ્યા અને નદી શાંત થઈ ગઈ અને વર્ણી કિનારે પહોંચી ગયા.
- વર્ણીએ વનમાં ઝેરી ફળ હતાં તે તોડીને ખાધા, મોહનદાસ ખાવા ગયા તો મહારાજે ના પાડી 'ઝેરી છે, ખાઈશ નહિ.' એણે નાખી દીધાં. ચાર બાવા આવ્યા, ફળ તોડ્યાં. મોહનદાસે ના પાડી.

  બાવાઓ કહે, 'પેલો વર્ણી કેમ ખાય છે?'

  મોહનદાસ, 'એ તો મહાપુરુષ છે.'

બાવા, 'અમે પણ મહાપુરુષ છીએ' એમ કહી ખાધા ને ત્યાં ને ત્યાં મરી ગયા.

- બીજલ કોળીનો કોશ ચાલતો હતો. વર્ણી પાણી પીવા ગયા. બીજલે કોશમાંથી લેવા કહ્યું, વર્ણીએ ચામડાનો કોશ હોવાથી ના પાડી. વર્ણીએ કૂવામાં જઈને તુંબડી ધરી ને પાણી ઊંચે આવ્યું. વર્ણી પાણી પીને આગળ ચાલ્યા. બીજલે વર્ણીને રોકાવા કહ્યું પણ વર્ણી આગળ વધી ગયા. ગામના દરબારે રસ્તામાં સામેથી આવતા વર્ણીને  જમીનથી બે હાથ અધ્ધર ચાલતા જોઈને ગામમાં આવવા કહ્યું પણ વર્ણીએ ના પાડી.
- મહારાજ શ્રીપુરમાં પધાર્યા. મઠના મહંતે રાત્રે બહાર સૂવાની ના પાડી. સિંહની બીક છતાં મહારાજ બહાર રહ્યા. આથી બધા કૌતુકથી અંદર બારીમાંથી જોવા લાગ્યા. સિંહ આવ્યો પણ વર્ણી આગળ આવી શાંત થઈ ગયો. વર્ણીએ એના માથે હાથ ફેરવ્યો. સિંહ વર્ણીના પગ ચાટવા લાગ્યો. બધા જોઈ રહ્યા પછી સિંહ ચાલ્યો ગયો.



- શિકોતરને આરે લાખો કોળી માછલા મારીને આવતો હતો. વર્ણીએ તેને જ્ઞાનોપદેશ કર્યો. તારે માથે પણ મોત છે. આવું પાપ કેમ કરે છે ? તેને પશ્ચાત્તાપ થયો. વર્ણીએ એની ઝોળીને સ્પર્શ કર્યો અને બધાં માછલાં સજીવન થઈ ગયાં ને નદીમાં કૂદી પડ્યાં. એનું અંતર હળવું થઈ ગયું.
- વર્ણી ગિરનાર પરથી નીચે ઊતરતા હતા. એક તપસી ૧૨ વર્ષથી તપ કરતો હતો. મહારાજે પૂછ્યું, 'શી ઇચ્છા છે ?' 'દત્તપ્રભુના દર્શન કરવા છે.' વર્ણીનું સ્વરૂપ ધીમે ધીમે બદલાવા લાગ્યું અને તેને વર્ણીના દત્ત સ્વરૂપે દર્શન થયા.
- વર્ણી ભાલકાતીર્થમાં પધાર્યા. અહીં શ્રીકૃષ્ણ ભગવાન જે વૃક્ષ નીચે ધામમાં ગયા એ જ વૃક્ષ નીચે વર્ણી એ જ રીતે ડાબા પગ ઉપર જમણો પગ રાખી પોઢ્યા. ત્યાં એક વિપ્ર આવ્યો. તેને શ્રીકૃષ્ણની અદાથી પોઢતા આ પુરુષ અગમ્ય લાગ્યા. જગાડવા ગયો ત્યાં ચરણમાં ચિહ્નો દેખાયા અને સાક્ષાત્ મુરલી મનોહરનાં દર્શન થયા.
- વર્ણી પીપરલામાં પધાર્યા. એક બ્રાહ્મણ મહારાજને જમવા માટે ઘેર લઈ ગયો. પત્નીએ રોટલો બનાવ્યો. ધરબીને ઘી-ગોળ નાખ્યા. મહારાજે બાલમુકુંદને ધરાવી ગ્રાસ મુખમાં મૂક્યો અને મુખમાં બ્રહ્માંડનાં દર્શન થયા.
- વર્ણી ડોળાહે ગામમાં ગયા. ભરવાડે દૂધ આપ્યું. રાત્રે ભરવાડના ગુરુ આવ્યા. ભજન-કીર્તન થયા, રાત્રે ગુરુ અને વર્ણી બાજુમાં સૂતા. ગુરુને રાત્રે રામ બોલવાની ટેવ તે વર્ણી હુકારો આપે. ત્યારે ગુરુજી કહે, 'તમે રામ છો, તે હુકારો કરો છો ?' મહારાજે તેને રામરૂપે દર્શન આપ્યા.
- પિબૈક નીલકંઠને પરાજિત કરવા આવ્યો. પિબૈકે મંત્ર દ્વારા આહ્વાન કરાયેલા કાલભૈરવ અને બટુકવીરે સામેથી પિબૈકને જ માર્યો. પિબૈકે રાત્રે સાધના કરી. કાળભૈરવને આરાધ્યા. ભૈરવે એને વર્ણીનો મહિમા કહ્યો, પોતે એના દાસ છે એમ કહ્યું. અને પિબૈક આવીને વર્ણીના પગમાં પડી ગયો.

આમ, નીલકંઠવર્ણીએ વનવિચરણ દરમ્યાન અપાર ઐશ્વર્ય બતાવી ધર્મ ભૂલેલાને ધર્મને પંથે ચડાવ્યા અને મુમુક્ષુજનોને પોતાના દિવ્ય દર્શન આપી કૃતાર્થ કર્યા.

**(૨) શ્રીહરિનો બૃહદ વૈરાગ્ય**

શિક્ષાપત્રીમાં મહારાજે વૈરાગ્યની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે 'વૈરાગ્યં જ્ઞેયમપ્રીતિઃ શ્રીકૃષ્ણેત્તરવસ્તુષુ ।' શિક્ષાપત્રીના આ ૧૦૪મા શ્લોકમાં શ્રીજીમહારાજ જણાવે છે કે ભગવાન વિના બીજા પદાર્થમાં અપ્રીતિ એ વૈરાગ્ય.

પોતે સાક્ષાત્ ભગવાન હોવા છતાં મુમુક્ષુના માર્ગદર્શન માટે શ્રીજીમહારાજે બૃહદ વૈરાગ્ય ધારણ કરેલો તે તેમના જીવનપ્રસંગો દ્વારા જોઈશું.

બાળપણથી જ ઘનશ્યામમાં આ ગુણના દર્શન થાય છે. ઘનશ્યામે વિદ્યાભ્યાસની સાથે સાથે બ્રહ્મચર્ય આશ્રમને અનુકૂળ જીવન જીવવાનું શરૂ કર્યું. ઠાકોરજીને સ્નાન કરાવીને નૈવેદ્ય ધરતા અને તેમાંથી થોડી પ્રસાદી લઈ પાણી નાખી ભગવાનની સ્તુતિ કરીને જમી લેતા. ખૂબ જ અલ્પાહારી બની ગયા હતા. જમતી વખતે ઊંચું પણ જોતા નહિ. ભાભી ઘણીવાર આગ્રહ કરતી કે 'ભૈયા ! આ બરફી લ્યો. આ જાંબુ જમો.' પણ ઘનશ્યામ કાંઈ જ ન લેતા. જે વાનગી ઠાકોરજીને ધરાવી ન હોય, તે વાનગી તેમને ખપતી નહિ. ભોંય ઉપર જ સૂતા, ધર્મદેવ ઘણીવાર ઠપકો આપતા પણ તેઓ હસીને કહેતા : 'આ તો બ્રહ્મચર્ય આશ્રમ છે. ત્યાગીનો આશ્રમ કહેવાય. આ આશ્રમમાં દેહનો અનાદર કેળવવો જોઈએ. ભગવાનને તપ વહાલું છે.'

આમ, બાળપણથી જ ઘનશ્યામે જમવામાં સંયમ - દેહનો અનાદર કરવામાં કાંઈ જ બાકી રાખ્યું ન હતું.

ઘનશ્યામનાં લગ્ન માટે રામપ્રતાપભાઈ, સુવાસિની ભાભીનો આગ્રહ હતો. તેમજ સામે પક્ષથી નિહાલ મિશ્રને પણ બોલાવ્યા છતાં ઘનશ્યામ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. એકના બે ન થયા અને લગ્ન કરવાની ચોખ્ખી ના પાડી દીધી.

ઘનશ્યામના મહાપ્રસ્થાનમાં પણ તેમના બૃહદ વૈરાગ્યના દર્શન થાય છે. સં. ૧૮૪૯ના અષાઢ સુદ દશમી, શુક્રવારે તેઓ બ્રાહ્મમુહૂર્તથી પણ થોડા વહેલા જાગી ગયા અને સુવાસિની ભાભી, રામપ્રતાપભાઈ, ઇચ્છારામભાઈને સૂતા મૂકીને ગૃહત્યાગ કરી નીકળી ગયા. આ મહાયાત્રામાં તેમણે કેવળ ધોતી-કૌપીન, તુંબીપાત્ર, જળગળણું, શાલિગ્રામ, તુલસીની કંઠી, બાલમુકુંદનો બટવો, પલાશનો દંડ અને સત્શાસ્ત્રનો ગુટકો આટલી જ વસ્તુઓ લીધી હતી. માટે આટલી લાંબી મુસાફરી હોવા છતાં પણ અંગત વ્યવસ્થા માટે પરિગ્રહનો કોઈ સંકલ્પ નથી. બૃહદ વૈરાગ્યના મૂર્તસ્વરૂપ ઘનશ્યામના અંતરમાં હવે મુમુક્ષુઓને ભેટવાની ત્વરા અને આનંદ છલકાતા હતા.

એકવાર અમરપુરમાં નીલકંઠવર્ણી પધાર્યા. ત્યાંના લોકોને વર્ણીમાં બાળસ્વરૂપે સ્વામી કાર્તિકેયજી અને ધ્રુવજીનાં દર્શન થયા ને સહુ વિમાસણમાં પડ્યા ને ઉતાવળાં ઉતાવળાં ફળો-મેવા-મીઠાઈ લઈ આવ્યા. વર્ણી શાલિગ્રામને ધરાવીને તેમાંથી અલ્પ જમ્યા ને વધેલો પ્રસાદ સહુને આપી દીધો. કેટલાકે કહ્યું,



'બ્રહ્મચારી ! સાંજના માટે તો કાંઈક રાખો.' વર્ણી કહે, 'સાંજ સવારનો વિચાર કરવાનો હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ?' ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ. ભગવાનને આધારે ભેખ લીધો છે તે ભગવાન સમે સમે પોષણ કરશે.

સહેજાપુરમાં ગામના લોકો ફળ-મેવા-મીઠાઈ લાવ્યા. વર્ણીએ શાલિગ્રામને ધરાવીને થોડી પ્રસાદી લઈ ગામલોકોને વહેંચી દીધી. પછી પોતે ઘઉંના લોટની બાટીઓ બનાવી. કેરીનો રસ કાઢ્યો ને ઠાકોરજીને નૈવેદ્ય કરી એક પાત્રમાં બધું ચોળીને પાણી ભેળવીને જમી ગયા. ગામ લોકોએ ચાતુર્માસમાં રોકાવા આગ્રહ કર્યો પણ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા.

શ્રીપુરમાં કેસરી સિંહને ગાયની જેમ વર્ણી પાછળ જતા જોઈને ત્યાંના મઠના મહંતને વર્ણી પ્રત્યે ભાવ થયો ને વર્ણી પાસે આવીને બે હાથ જોડી કહેવા લાગ્યા કે 'બ્રહ્મચારી ! આપ બહુ પ્રતાપી પુરુષ છો સિદ્ધ છો. આપ જો અમારા મઠમાં રહો, તો તમને મઠાધિપતિ બનાવી દઉં. લાખ રૂપિયાની અમારી આવક છે...' વર્ણીએ અટકાવતાં કહ્યું : 'જુઓ મહંતજી ! મઠની, આશ્રમની કે મિલકતની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ?'

આમ, આટલી મોટી લાલચ, મિલકત, સંપત્તિ, હોદ્દો સામેથી આવવા છતાં બૃહદ વૈરાગી નીલકંઠવર્ણીએ તેનો ત્યાગ કરી દીધો.

બદરિનાથમાં નરનારાયણજીના પૂજારીએ મંદિરના પ્રાંગણમાં નીલકંઠનાં ચરણારવિંદની છાપ જોઈ તેમાં ઊર્ધ્વરેખા સહિત સોળ ચિહ્નો તેણે સ્પષ્ટ જોયા. તેને વર્ણીમાં નરનારાયણનાં દર્શન થયા. ત્યાર બાદ તે રોજ વર્ણીને ભાવથી નરનારાયણનો થાળ જમાડતો. વર્ણી બધું જ અન્ન ભેગું કરી જળ નાંખી જમી જતા એટલે પૂજારી પૂછતા કે 'આમ કેમ જમો છો ?' ત્યારે વર્ણી પોતાની સહજ વૈરાગની રુચિ જણાવતાં કહે, 'અન્ન તો પ્રાણના આધાર માટે છે, સ્વાદ માટે નથી. સાચા સાધુ કે ભક્તે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો જ લેવો જોઈએ.'

પૂજારીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે 'તમે ક્યાંથી આવ્યા ?' 'આપને ઘરેથી નીકળ્યે કેટલો સમય થયો ?' આવા પ્રશ્નોની પરંપરા સાંભળી ત્યારે વર્ણી કહે : 'અમારો સ્વભાવ તો ગોહોદન માત્ર એક ઠેકાણે રહીએ એવો નથી છતાં તમારો ભાવ છે એટલે અમે અહીં રહ્યા છીએ.'

નીલકંઠવર્ણીના જીવનમાં બૃહદ વૈરાગીનું બીજું લક્ષણ કે કોઈ પદાર્થ, વ્યક્તિ સ્થાનમાં ન બંધાવું એ પણ દેખાય છે.

નીલકંઠવર્ણી નરનારાયણના આશ્રમ તરફ બદરિવન તરફ પ્રયાણ કરતા

હતા. હિમગીરી દેવનું સ્વરૂપ ધારણ કરી વર્ણી સન્મુખ આવ્યા ને કૃતાર્થતાનો ભાવ પ્રગટ કર્યો. સાથે ચાલતા શીતળ જળનું સરોવર આવ્યું. તેમાં જે નહાય તે બરફની શિલા જ બની જાય, એટલું ઠંડું પાણી હતું. વર્ણીએ નહાવાની ઇચ્છા બતાવી. બધા દેવતાઓ અને મુનિઓએ તેમની કૃશ કાયા જોઈને નહાવાની ના પાડી પણ બૃહદ વૈરાગી વર્ણીને પોતાના દેહની ક્યાં કાંઈ પડી હતી ને તેમણે સરોવરમાં ઝંપલાવ્યું.

આ.સં. ૧૮૪૯ના વૈશાખ સુદ ૩, અખાત્રીજના દિવસે બદરિનાથ પાછા આવ્યા. પૂજારી વર્ણીને ઓળખી ગયા ને કહ્યું, 'પ્રભુ ! થાળ તૈયાર છે જમવા પધારો.' નીલકંઠ કહે : 'અહીંથી અન્ન જમીને ગયા હતા તે આજે અન્ન જમીએ છીએ.' આમ, ભૂખ્યા પેટે નરનારાયણના આશ્રમની યાત્રા કરીને પોતાના વૈરાગ્યનાં દર્શન કરાવ્યા.

આ.સં. ૧૮૫૦ના અષાઢનો મેઘ વરસતો હતો. વર્ણી કાળા પર્વતની વાટે ચાલ્યા જતા હતા. વચ્ચે ગામ જેવું કોઈ આવતું નહિ તેથી વૃક્ષો ઝૂકી ઝૂકીને ફળ આપતાં હતાં છતાં નિઃસ્પૃહ નીલકંઠ વૃક્ષો ઉપરનાં ફળોને અડતા પણ નહિ. વર્ણી નીચે પડેલાં જ ફળો જમતા.

જનમંગલ નામાવલિનાં ૧૦૮ નામમાંનું એક નામ 'ૐ શ્રી તપઃ પ્રિયાય નમઃ' છે એનો અર્થ કે જેને તપ પ્રિય છે, વહાલું છે એવા વર્ણીરાટ મહારાજને હું નમન કરું છું. નીલકંઠવર્ણીનું પુલ્હાશ્રમનું તપ તેમના ૧૦૮ નામમાંના આ નામની સાબિતી આપે છે.

બ્રહ્માના પુત્ર પુલ્હે જ્યાં તપ કર્યું હતું તે પુલ્હાશ્રમ કહેવાય છે. વર્ણીએ અહીં તપ કરવાનું નક્કી કર્યું. રોજ સવારે બ્રાહ્મ મુહૂર્તમાં ગંડકીના શીતળ જળમાં સ્નાન કરે ને પછી ધ્યાનમગ્ન બની એક પગે ઊભા રહે છે. પોતાના બે આજાન બાહુ ઊંચા રાખે છે. નાસિકાગ્ર દૃષ્ટિ રાખે છે. હિમાળાનો વા અને સૂસવાતા ભયંકર વાયરામાં પણ વર્ણીએ વસ્ત્રમાં તો એક કૌપીન જ પહેરી છે. દૃઢ વૈરાગ્ય અને દેહના અનાદરથી શરીર કૃશ થઈ ગયું છે. વર્ણી નિરાહાર રહે છે. કોઈ વખત ઝાડ ઉપરથી ફળ નીચે પડે તો જમે છે. તો કોઈ વખત કેવળ જળ પીને જ રહે છે. વર્ણીનું આ તપ સત્યુગના નાશ થયેલા ધર્મનું પુનઃસ્થાપન કરવાના શુદ્ધ હેતુ માટે હતું.

યાત્રા દરમ્યાન મોહનદાસ નામે સાધુ મળ્યો. વર્ણી પાસે ભેટમાં આવેલી પાણીની સુંદર કઠારી હતી. મોહનદાસ તેમાં લલચાયા ને વર્ણીને વારે ઘડીએ તે સાચવવા ટકોર કરે. વર્ણીએ નદી પાર કરીને સામે કાંઠે પહોંચીને કઠારી તોડી



નાખી. મોહનદાસને ખૂબ દુઃખ થયું. વર્ણીએ તેમને કહ્યું કે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ?

આમ, ભગવાન વિના બીજામાં વૃત્તિ જ ન જાય તેનું નામ વૈરાગ્ય એ વર્ણીના ઉપદેશથી એમની જીવનભાવના જાણી શકીએ છીએ.

વર્ણીને આવો બૃહદ વૈરાગ્ય રાખવાની શું જરૂર છે ? તો નેપાળમાં મહાદત્ત નામના રાજાને વર્ણી જણાવે છે કે 'લોકોના અંતરમાં ભગવાનનો રાગ પ્રગટાવવા જ મેં વૈરાગ્ય ગ્રહણ કર્યો છે. અને જ્યારે જ્યારે જમવાનું આવે તે અન્ય વૈરાગીઓને તે આપી દેતા. પોતે જે કાંઈ ફળફૂલ મળે તે જમી લેતા એ ઉપરથી પણ વર્ણીનો વૈરાગ્ય દર્શાય છે.'

કાઠમંડુના રાજા રણબહાદુરને અસાધ્ય રોગ હતો. વર્ણીએ સંકલ્પ કરીને જળ પાયું તો તેનું દર્દ મટી ગયું. તેથી તેને વર્ણીની સેવા કરવાની ઇચ્છા થઈ. મહારાજે કહ્યું કે આ લોકના કોઈ પદાર્થ અમારે કામના નથી. જો તમારે સેવા કરવી જ હોય, તો બંધિખાને પૂરેલા સાધુઓને મુક્ત કરી દો.

રાજા આ સાંભળી ખૂબ પ્રસન્ન થયો. નીલકંઠ ધન-દૌલત-મહેલ માગી શકત પણ નીલકંઠે બીજાના પરોપકાર માટે જ માંગ્યું.

જગન્નાથપુરીમાં રાજાએ વૈરાગી બાવાઓનું યુદ્ધ શાંત પાડીને વર્ણીને કહ્યું કે તમારું અહીં રહેવું ઉચિત નથી. અમારા રાજમહેલમાં પધારો. વર્ણી કહે : 'અમારે ત્યાગીને વળી મહેલ શું ? દેહ અને ઇન્દ્રિયોનું દમન કરવા માટે જ અમે ત્યાગ ગ્રહણ કર્યો છે. તે મૂકીને રાજમહેલના ભોગ અમને કેમ ખપે ? આપ અમારી કોઈ ચિંતા કરશો નહિ.'

આમ, રાજમહેલના સુખ વગર દાખડે સામેથી આવે છે છતાં ત્યાગ કરવાની રુચિ.

ભાવનગરમાં વર્ણીરાજ દેવજી ભક્તની ધર્મશાળામાં રહ્યા. ત્યાંના મહંતે અન્ન-જળની વ્યવસ્થા કરી. વર્ણીનો ઉપદેશ સાંભળી અંતરમાં વાતો ચોંટી ગઈ. ને વર્ણીને પ્રાર્થના કરી કે અહીં રહો તો આ જગ્યાના ધણી તમને કરું. પણ વિષયને, કીર્તિને, મોટ્યપને લાત મારે એ જ વૈરાગી કહેવાય માટે વર્ણીએ ચોખ્ખી ના કહી દીધી.

રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા વર્ણીને સોંપવાનો નિર્ણય કર્યો, તે સાંભળીને વર્ણીને જાણે વજ્રપાત થયો હોય તેમ લાગ્યું. તેમણે હાથ જોડીને કહ્યું, 'સ્વામી ! આપની ગુરુપદની જવાબદારી સ્વીકારવાની મારી ઇચ્છા નથી. તેમાં

ધન અને સ્ત્રીનો પ્રસંગ વધે, જે પ્રસંગ ત્યાગી માટે સર્વ પ્રકારે ત્યાજ્ય છે.'

આટલી મોટી કીર્તિ - હજારો મુમુક્ષુઓનું ગુરુપદ, છતાં જેના લીધે જ સંસાર છે એવા પરિબળ સ્ત્રી અને ધનના યોગથી વર્ણીએ તેની ના પાડી. સ્ત્રી અને ધનનો ત્યાગ કરે એ વૈરાગી. એ બેને રાખીને વૈરાગી કહેવડાવે તે વૈરાગી નહિ પણ બે રાગી છે.

**(૩) કચ્છનો સત્સંગ**

સત્સંગ એટલે સત્યનો સંગ, અને પરમ સત્ય તો પરમાત્મા જ છે. માટે સત્સંગ એટલે પરમાત્માનો સંગ. આ પરમાત્મા શ્રીજીમહારાજ છે. કચ્છના ભોળા ભક્તોએ શ્રીજીમહારાજનો ખરેખરો સંગ કરીને સાચો સત્સંગ કરેલો. જેના કેટલાક પ્રસંગો અત્યારે આપણે જોઈશું.

કચ્છના સત્સંગ અંગે એક ઘટના રસપ્રદ છે. એક વખત ગઢપુરમાં શ્રીજીમહારાજ પારેવાને ચણા નાખતા હતા. એટલે લાડુબાએ મહારાજને કહ્યું, 'મહારાજ ! લાવો અમે ચણા નાખીએ, આપના હાથ દુખશે.' ત્યારે મહારાજે કહ્યું, 'તમારા ને અમારા હાથ કાંઈ સરખા કહેવાય ? આ હાથથી નાખેલી ચણો કબૂતર ચણશે એટલે કચ્છમાં પાટીદારોને ઘેર જન્મ લેશે અને સત્સંગી થશે એમ કચ્છમાં સત્સંગ વધશે.' આ પ્રમાણે મહારાજે સમજાવ્યું એટલે લાડુબા જીવુબાને થયું કે શ્રીજીમહારાજનું એકપણ કર્તવ્ય હેતુ વગર હોતું નથી. આવી રીતે કચ્છમાં લેઉઆ પાટીદારોમાં સત્સંગ થયો, પણ પારેવાએ જન્મ લીધો એટલે ભોળા પારેવા જેવા થયા. એટલે જ કચ્છના સત્સંગમાં મૂઢપણાનું અંગ વિશેષ જણાય છે.

ભુજમાં શ્રીહરિ પહેલી જ વાર પધાર્યા. ત્યારે પ્રથમ સુંદરજીભાઈના ડેલામાં પધાર્યા. ડેલામાં આવ્યા કે તરત જ તેમના ઘરમાં દોઢ હાથ ઊંચી પથ્થરની પાળ હતી તેની ઉપર ઘોડી પલાણે એમ શ્રીહરિ બેસી ગયા. તેમનું આ ચરિત્ર ઘણાને જરા વિચિત્ર લાગ્યું પરંતુ ભગવાનની રીત અલૌકિક છે. આ લોકની દરેક ક્રિયા કે આચાર સાથે મળતી ન આવે છતાં અલમસ્તાઈ અને નિઃશંક વર્તવાની ટેવથી જ તેમના સત્ય સ્વરૂપની પ્રતીતિ થઈ શકે અને આ ગૂઢ પ્રેમીઓને શ્રીહરિમાં પ્રતીતિ થઈ !!

આવા એક પ્રેમીભક્ત હતાં દેવબાઈ. જેઓ સુથાર નાથા ભક્તનાં પુત્રી હતા. તેમનાં લગ્ન લીધા હતાં. વિચોરણથી જાન આવી હતી. પણ દેવબાઈએ હઠ લીધી કે શ્રીહરિ આવે તો જ મારે સાસરે જાવું. બધાંએ ખૂબ સમજાવી પણ તેણે હઠ મૂકી નહિ. એટલામાં વર પોંખવા માંડવે આવ્યા અને પોખણું શરૂ કર્યું. દેવબાઈની માતાએ વર પોંખણું શરૂ કર્યું ત્યાં તો તેમને વરની જગ્યાએ શ્રીહરિ દેખાયા. તે મૂંઝાઈ



ગયા એટલે તરત વર દેખાયો અને પોંખણું શરૂ કર્યું ત્યારે ફરીથી શ્રીહરિ દેખાયા. વિધિ પૂરી કરી ઘરમાં આવી દેવબાઈને કહ્યું, 'દીકરી ! સાક્ષાત્ શ્રીહરિ વર થઈને તારી સાથે લગ્ન કરવા આવ્યા છે માટે હઠ મૂકી દે.' માની વાત સાંભળી દેવબાઈને શાંતિ થઈ અને લગ્ન પત્યા પછી શ્રીહરિના આશીર્વાદ લઈ સાસરે ગઈ.

શ્રીહરિ માનકુવા પધાર્યા. અહીં સુથાર નાથા ભક્તની ડેલીએ ઊતર્યા હતા. આ ગામના દરબાર આદાભા જબરા આંટુકદાર હતા. ઊડતા પક્ષીને પાડતા. શ્રીહરિ અહીં પધાર્યા છે. લોકો તેમને ભગવાન માને છે એમ જાણી મહારાજ જતા હતા તે રસ્તામાં ઊભા રહી મહારાજ પર કાંકરી ફેંકતા. પરંતુ એક પણ કાંકરી શ્રીહરિને વાગી નહિ. તેમને થયું મારું નિશાન કોઈ દિવસ ખાલી ન જાય છતાં આજે શું થયું ? છેવટે તેમને અંતર્દૃષ્ટિ થઈ અને તેઓ શ્રીહરિ પાસે આવ્યા અને પ્રાર્થના કરતા કહ્યું, 'તમે ભગવાન ખરા.'

શ્રીહરિ કહે, 'તમે કેમ જાણ્યું ?'

તે કહે, 'હું ગામનો દરબાર. જબરો નિશાનબાજ છું. પરંતુ તમને એક પણ કાંકરી હું મારી શક્યો નથી. તેથી જાણ્યું તમે ભગવાન છો.'

શ્રીહરિ માનકુવાથી નીકળી રામપર આવ્યા. અહીં મેરાઈની વાડીએ સાંજે પધાર્યા. અહીં કણબી ભક્ત ભીમજી, ખીમજી અને લક્ષ્મણ ત્રણે ભાઈઓ કોસ હાંકતા હતા. મહારાજે કહ્યું, 'અમને ભૂખ લાગી છે. કાંઈ ખાવાનું હોય તો આપો.' ત્યારે ભીમજી-ખીમજીએ કહ્યું, 'અમારી પાસે કંઈ ખાવાનું નથી.'

પરંતુ મહારાજે કહ્યું , 'આ ઝાડની ડાળે માટલી બાંધી છે. તેમાંથી અર્ધો રોટલો આપો.' તેમણે ના કહી. પરંતુ લક્ષ્મણે પોતાના ભાગનો અર્ધો રોટલો મહારાજને જમવા આપી દીધો. મહારાજ જમ્યા. પછી લક્ષ્મણ તરફ અમૃત દૃષ્ટિ કરી. તેથી તેને આમલીના ઝાડ નીચે શ્રીહરિ ઊભા હતા ત્યાં નીલકંઠ બ્રહ્મચારી સ્વરૂપે દિવ્ય દર્શન થયું. વાડીમાં પ્રકાશ પથરાઈ ગયો.

મહારાજે લક્ષ્મણ પર પ્રસન્ન થઈ કહ્યું, 'હું તારા પર પ્રસન્ન થયો છું. કાંઈક વરદાન માંગ.' લક્ષ્મણે ભોળાભાવે કહ્યું, 'બ્રહ્મચારી ! અમારી પાસે મહાદેવજીની ઉપાસનાથી ધન કે પુત્ર તો મળે છે.' એ સાંભળી શ્રીહરિએ કહ્યું, 'જા, હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ એટલું જ નહીં સાત પેઢી સુધી તારા કુળમાં મુક્ત જીવ જન્મ લેશે.'

શ્રીહરિએ ભુજમાં આ.સં. ૧૮૬૦માં રામનવમીનો ઉત્સવ કર્યો. આ પ્રસંગે જગજીવનનાં પત્ની પણ સુંદરજીનાં પત્નીના પ્રસંગથી મહારાજનાં દર્શને આવ્યાં હતાં. તે હાથ જોડી દૂર ઊભાં હતાં. શ્રીહરિએ તેમને બોલાવ્યાં. શ્રીહરિએ કહ્યું,

'તમે અમારો આશ્રય કર્યો છે, તો મૂંઝાશો નહિ. તમારો પતિ આસુરી બુદ્ધિવાળો છે તેનું પણ શ્રેય કરીએ. પણ તે વછનાગ જેવા છે.' પતિના આવા સંસ્કારથી તેમણે તેમના સંબંધને અવગણીને શ્રીજીમહારાજની સાધના કરવાનો નિશ્ચય કર્યો.

આવા શ્રીહરિના અનન્ય ભક્ત લાલજી સુથાર હતા. શ્રીહરિને કચ્છમાં જવાનો વિચાર હતો. લાલજી સુથારને કહ્યું, 'ભોમિયા જોઈએ છે.'

ત્યારે તેઓ પોતે જ તૈયાર થઈ ગયા. કચ્છની વાટમાં સાથે લાલજી ભક્તે શ્રીહરિને જમાડવા ભાથું, પાણીની બતક, જરૂર પડે તે માટે દસબાર કોરી લઈ લીધી હતી.

રસ્તામાં એક ભિક્ષુક મળ્યો. શ્રીહરિએ બધું જ જમવાનું તેમને અપાવી દીધું. પછી આગળ રસ્તે ચાલતા બોકાનીદાર લૂંટારું મળ્યા. લાલજીને તપાસ્યા. કાંઈ મળ્યું નહિ. શ્રીહરિએ જાતે લાલજી ભક્ત પાસે કોરીઓ હતી તે બતાવી દીધી અને તે ચોરોએ લૂંટી લીધી. આગળ જતા રસ્તામાં એક પુરુષ મળ્યો તેને પાણીની તરસ લાગી હતી. શ્રીહરિએ પાણી પણ તેમને અપાવી દીધું. પછી આગળ ચાલતા લાલજીનું ગળું સુકાવા લાગ્યું. શ્રીહરિએ રણમાં વીરડી ખોદાવી. જેમાંથી મીઠું પાણી નીકળ્યું. પાણી પીને પછી બતકમાં ભર્યું તે પાણી ખારું થઈ ગયું. શ્રીહરિને પોતાના સિવાય કોઈનો આશરો રહેવા નહોતો દેવો.

આગળ ચાલતાં શ્રીહરિ લાલજીના સાસરાના ગામ(આધોઈ)માં પધાર્યા. શ્રીહરિએ કહ્યું, ભિક્ષા માંગી લાવો. સાસરાનું ગામ તેથી સંકોચ થયો. તો મહારાજે તેમના દાઢી-મૂંછ મૂંડી નાખીને તેમને સાધુ બનાવી દીધા અને ભિક્ષા માંગવા જવા કહ્યું. આવી રીતે લાલજીને શ્રીહરિએ નિષ્કુળાનંદ કર્યા અને તે જ ગામમાં રહી યમદંડ રચવા કહ્યું.

આ કચ્છ પ્રદેશના સુંદરજી સુથાર પણ એવા જ શ્રીહરિના ભક્ત હતા.

ભગવાનજી સુથારના ડેલામાં સદાવ્રત ચાલતું. ત્યાં બે બાવાઓ આવ્યા અને મહારાજના દર્શન સમાગમથી પ્રભાવિત થઈ સાધુ થયા. વિરભદ્રાનંદ અને કૃપાનંદ.

આવી રીતે ખારા રણમાં મીઠી વીરડી સમા હરિભક્તો શ્રીહરિએ કચ્છમાં બનાવ્યા હતા.

**પ્રશ્ન.૩(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

**(૧) રામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણી વચ્ચેનો ગુરુશિષ્ય સંબંધ**

વર્ણીને ગુરુની રાહ જોતાં જોતાં સાત માસ વીતી ગયા છતાં દર્શન ન થયા. અતિ તીવ્ર ઝંખનાથી સરજુદાસ ખૂબ જ વ્યાકુળ થઈ ગયા. એટલે ફરી ૧૮૫૬ ફાગણ વદ પાંચમે મુક્તાનંદ સ્વામીએ પત્ર લખ્યો. સાથે વર્ણીએ પણ પત્ર લખ્યો. જેમાં તેમની દર્શનની તાલાવેલીના દર્શન થાય છે.

અંતે આ.સં. ૧૮૫૬ના જેઠ માસની કૃષ્ણપક્ષની દ્વાદશીનો માંગલિક દિવસ આવી ગયો. આજે મિલનનો મંગલમય દિવસ હતો. રામાનંદ સ્વામીએ જેઠ વદ ૧૦મીના કુરજી દવેને સંદેશો લઈ મોકલ્યા. સમાચાર સાંભળતાં સરજુદાસે કહ્યું, 'ચાલો આપણે હમણાં જ નીકળી જઈએ.' અને સંતો-હરિભક્તો સાથે નીકળી ગયા. ગુરુદર્શનની અત્યંત તાલાવેલી હતી. જેને કોઈ રોકી ન શક્યા ને રાત્રે જ નીકળી પડ્યા. આખો સંઘ પીપલાણા આવ્યા. રામાનંદ સ્વામી નરસિંહ મહેતાને ઘેર રાહ જોતા બેઠા હતા. એવામાં સમાચાર આવ્યા કે સંઘ આવી ગયો છે. સાંભળતાં જ રામાનંદ સ્વામી ઉતાવળા થઈ ગયા અને ગાદી પરથી ઊભા થઈ ગયા ત્યાં સંઘ આવ્યો. વર્ણી આગળ હતા. એમણે દૂરથી જ રામાનંદ સ્વામીને જોયા ને દંડવત્ કરવા લાગ્યા. સ્વામી એકદમ દોડીને તેમની પાસે આવ્યા. અને તેમને ઉઠાડીને છાતી સરસા દાબીને અત્યંત પ્રેમથી ભેટ્યા. બધાને આશ્ચર્ય થયું, કેમ કે રામાનંદ સ્વામી ક્યારેય કોઈને ભેટતા નહિ. પછી વર્ણીને પોતાની સન્મુખ બેસાર્યા. બધાને કુશળ પૂછતા જાય ને વારે વારે નીલકંઠવર્ણી તરફ જોતા જાય. જાણે માથી વિખૂટો પડેલો દીકરો વર્ષો પછી ભેગો થયો હોય તેવો સ્નેહ અત્યારે રામાનંદ સ્વામી વર્ણી ઉપર વરસાવી રહ્યા હતા.

સાંજે ચાર વાગે બધા ઓઝતમાં સ્નાન માટે તૈયાર થયા. રામાનંદ સ્વામીએ કહ્યું, 'આજે મંગળ દિવસ છે માટે વાજા લાવો.' અને સંકીર્તન સાથે વર્ણી નીચી દૃષ્ટિ રાખી ચાલ્યા જતા હતા. રામાનંદ સ્વામીએ એક હાથ પકડ્યો હતો. ઓઝતમાં પૂર્વ તરફના વહેણમાં સ્નાન કરવા લાગ્યા અને બોલ્યા 'જેમ યજ્ઞ પછી સૌ અવભૃથ સ્નાન કરે છે, તેમ આજે આપણે આ નીલકંઠનો યોગ થયો એટલે યોગવ્રત પૂરો થયો. તેથી આપણું આ અવભૃથ સ્નાન છે.'

સં. ૧૮૫૭ કાર્તિક શુક્લની પ્રબોધિની એકાદશીએ રામાનંદ સ્વામી થકી ભાગવતી દીક્ષા લેવાનું નક્કી કર્યું. સ્વામીએ દીક્ષા આપી વર્ણીરાજનો નામ સંસ્કરણ વિધિ કર્યો. 'સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ' એમ બે નામ આપ્યા. વર્ણીરાજ રામાનંદ સ્વામીને દંડવત્ કરી પગે લાગ્યા. સર્વે સંતોને પગે લાગ્યા.

રામાનંદ સ્વામી સંઘ સાથે ફરતાં ફરતાં કાલવાણી આવ્યા. અહીં ધર્મશાળા કરાવી હતી. તેમાં ઊતર્યા. અહીં બેત્રણ માસ રહેવાનો વિચાર કર્યો. પણ વર્ણીનું શરીર જોતા ત્યારે તેમની આંખમાં આંસુ આવતાં અને વિચારતા કે આ શરીરે

સત્સંગનો ભીડો કેમ ખમશે ? શરીરે પરસેવો વળતો નથી. ત્વચા રુક્ષ થઈ ગઈ છે. તેમણે આ માટે ઉપાયો શરૂ કર્યા. ત્વચા પર મીણનું તેલ ચોપડવાનું શરૂ કર્યું. ઉચ્ચ ગુણવત્તાની કાતૂરી ખવરાવાનું પણ શરૂ કર્યું. છતાં ગરમી આવતી નહીં તેથી શરીરે આવળના પાટા બાંધવાનો પ્રયોગ શરૂ કર્યો. પરંતુ શરીરમાં લોહીનું નામ નહીં, ગરમી શી રીતે હોય. છેવટે મરચાના ગોળા જમાડવાની શરૂઆત કરી. તેમના તપની ભીષણતા જોઈ રામાનંદ સ્વામીનું અંતર દ્રવી ઊઠ્યું. બે માસ સુધી વર્ણીની સેવા કરી. બીમાર પુત્રને જોઈને માતા જેમ વિહ્વળ થાય તેમ રામાનંદ સ્વામી વર્ણીનું શરીર જોઈને વિહ્વળ થઈ જતા.

હવે આપણે ગુરુ-શિષ્ય વચ્ચે મહિમાનો સંબંધ જોઈશું.

સ્વામી ફરતાં ફરતાં લોજમાં આવ્યા. અહીં પણ આવળ કપાવી તેની લોપટી વર્ણીને શરીરે બાંધતા હતા. આ જોઈને ઈર્ષ્યાથી રઘુનાથદાસ લોકોને કહેતા કે, સ્વામીએ અયોધ્યાના એક છોકરા માટે આવળ ખોદાવી ગામ ઉજ્જડ કરી દીધું. લીલોતરી કાપી જીવની હિંસા કરે છે. આ સાંભળી સ્વામી કહેતા : 'બ્રહ્માંડના સમગ્ર જીવોને વાટીને તેનો પાટો આ વર્ણીને બાંધીએ તોપણ ઓછું છે, એવા આ વર્ણી મોટા છે.'

લોજથી સ્વામી મેઘપુર પધાર્યા. રંગપંચમીનો ઉત્સવ કર્યો. તે વખતે સભાને સંબોધતાં રામાનંદ સ્વામીએ કહ્યું : 'ભક્તો ! સૌ ધ્યાનથી સાંભળો. આ સહજાનંદ સ્વામી જે અહીં બેઠા છે તેમને ઓળખી લેજો. દેહે નાના છે પણ સ્વરૂપે સૌથી મોટા છે. અતિ મહાન છે. પરમાત્મા છે.'

પંચાળામાં પણ મનુભા દરબારને ત્યાં પધાર્યા. ત્યારે રામાનંદ સ્વામીએ મનુભાને કહ્યું, 'મેં તમને નોતું કહ્યું કે સર્વોપરી પ્રભુ પધારશે, તે આ વર્ણી જ છે.' આમ, સ્વામી અવારનવાર વર્ણીનો મહિમા કહેતા. ત્યાંથી માણાવદર થઈ સ્વામી જેતપુર પધાર્યા. ત્યાં કણબી ભાણા કાપડિયાને ત્યાં ઉતારો કર્યો. બીજે દિવસે શરદપૂનમ આવતી હતી એટલે પ્રથમ જ વાર શરદોત્સવ ઉજવાયો.

આજે રામાનંદ સ્વામીએ પર્વતભાઈ, રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામીને એકાંતે બોલાવી વાત કરી. હવે મારો દેહ જીર્ણ થયો છે. કાંઈ નિર્ધાર નહીં. માટે કોને ગાદી સોંપશું ? ત્યારે સર્વે કહે કે આપ જેને આપો તે અમને સ્વીકાર્ય છે. ત્યારે સ્વામીએ વર્ણીને યાદ કર્યા ને પૂછ્યું કે એ ક્યાં ગયા છે ? એક સાધુએ કહ્યું : 'ઉન્નડ ખાચર સાથે ભાદરગંગામાં નાહવા ગયા છે.' બધાને લાગ્યું કે સ્વામીના અંતરમાં વર્ણી સિવાય બીજું કોણ યોગ્ય હોઈ શકે ?

વર્ણી સ્નાન કરી પધાર્યા. પછી સભામાં પધાર્યા. સભામાં રામાનંદ સ્વામીએ



નારાયણમુનિના ગુણોની ખૂબ જ પ્રશંસા કરી. સૌને કહ્યું, 'મેં તમોને અગાઉથી કહી રાખ્યું હતું કે હું તો ડુગડુગીનો વગાડનાર છું. ખરા ખેલના ભજવનાર તો હજુ હવે આવશે. મેં તો ડુગડુગી વગાડી તમને સૌને ભેગા કર્યા. હવે આ નારાયણમુનિ તમને સૌને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવશે.'

સાંજે રામાનંદ સ્વામીના ઉતારે બધાને બોલાવી ફરી વાત કરી, 'મેં સવારે વાત કરી છે. હવે શરીર જીર્ણ થાય છે. મારો ભરોસો નથી. ગાદી કોને સોંપવી ?' ત્યારે બધાએ સ્વામીની વાતમાં સૂર પુરાવીને કહ્યું કે આ વર્ણીને આપ ધર્મધુરા સોંપો. વર્ણીને મહામહેનતે મનાવ્યા અને લવજી જોષીએ આ.સં. ૧૮૫૮ કાર્તિક સુદી ૧૧નું મુહૂર્ત કાઢી આપ્યું. બધી તૈયારીઓ થવા લાગી. ૧૧ના દિવસે સવારે વિધિપૂર્વક રામાનંદ સ્વામીએ શરીર ચોળી સ્નાન કરાવ્યું. વસ્ત્રો પરિધાન કરાવ્યા. અને પોતાની ગાદી પર પધરાવ્યા. જયઘોષ થયા બાદ સભા સંબોધતાં રામાનંદ સ્વામીએ કહ્યું, 'જેની આજ્ઞાથી હું ગુરુપદની આ ગાદી પર બેઠો હતો, તે સ્વયં પુરુષોત્તમ નારાયણ અક્ષરધામના અધિપતિ છે. મેં વારંવાર કહ્યું હતું કે હું તો ડુગડુગી વગાડનારો છું અને વેશના ભજવનારા આવશે. તે જ આ સ્વામી સહજાનંદ રૂપે પ્રત્યક્ષ છે. તેમને તત્ત્વે સહિત ઓળખી તેમના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરશો તો તમારું સૌનું કલ્યાણ થશે.'

પછી આ સાંભળી વર્ણીએ ગુરુને દંડવત્ કર્યા અને બે વર માંગવાની વાત કરી. રામાનંદ સ્વામીએ વર્ણીને બે વરદાન આપ્યા. આમ, રામાનંદ સ્વામી અને વર્ણી પરસ્પર સ્નેહ અને મહિમાના સંબંધથી સંકળાયેલા હતા.

### (૨) તપ, ત્યાગ અને યોગનો આદર્શ નીલકંઠવર્ણી

ભગવાનમાં અનંત ગુણો અને કળાઓ રહેલી છે. એમને કોઈ સાધના કરવાની હોતી નથી પણ ભક્તજનોના હિતાર્થે એમની સાધના હોય છે. મહાપ્રભુ નીલકંઠવર્ણીમાં પણ ઉત્કૃષ્ટ તપ, ત્યાગ અને યોગનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. તેમાં ક્રમશઃ જોતાં પ્રથમ તપ વિશે જોઈશું.

ઘનશ્યામ પ્રભુમાં બાળપણથી જ તપનો ગુણ જોવા મળે છે. જગતથી અનાસક્ત ઘનશ્યામમાં ત્યાગવૃત્તિ, તપની રુચિ જોવા મળતી. ભાભી દેવદર્શન પહેલાં જમવાનું કહે તો ના પાડી દેતા અને દેવદર્શન કરી, સ્નાન કરી, પછી ઠાકોરજીને જાતે જ પ્રેમથી થાળ બોલી જમાડતા. પછી થાળમાંથી અલ્પ પ્રસાદી જુદા પાત્રમાં લઈ, બધું મેળવી, અંદર પાણી નાખી, ભગવાનની સ્મૃતિ કરીને પછી જ જમતા. ભાભી ઘણી વખત આગ્રહ કરતી કે 'ભૈયા ! આ બરફી લ્યો ને આ જાંબુ જમો !' પણ કાંઈ જ ન લેતા. ઠાકોરજીને ધરાવી ન હોય તે વસ્તુ તેમને

ન ખપતી.

એકવાર જન્માષ્ટમીના દિવસે ઘનશ્યામે માતાને કહ્યું, 'કૃષ્ણ જન્મોત્સવ કરી ઘેર આવશું.' ત્યારે માતાએ હસતાં હસતાં કહ્યું : 'પણ આખો દિવસ દર્શનમાં ફરશો ત્યારે જમશો ક્યારે ? આજે તો ઉપવાસ-નિર્જળા ! જન્મ પછી જ પ્રસાદ લેવાય !' રાત્રે દર્શન કરી આવ્યા ત્યારે પણ માતા-પિતાની ઇચ્છા હોવા છતાં ન જમ્યા ને સૂઈ જ ગયા. સવારે જ પારણા કર્યા.

નીલકંઠ ગૃહત્યાગ કરી ચોથા દિવસે સહેજાપુરમાં પધાર્યા. ત્યારે ગામલોકો મહાપુરુષ જાણી મીઠાઈ, સીધા સામગ્રી, ફળો લાવ્યા. નીલકંઠ ઘઉંની બાટી બનાવી ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી એક પાત્રમાં બધું ચોળી અંદર પાણી નાખી જમી ગયા. બાકીનું બધું જ પ્રસાદીનું કરીને પાછું આપી દીધું.

વર્ણી ફરતાં ફરતાં બદરિકાશ્રમથી આગળ ચાલ્યા. જ્યાં નરનારાયણ ઋષિનો આશ્રમ છે ત્યાં મહાપ્રભુને આ સ્થાનમાં રહેવાની રુચિ થઈ. તપ માટે ઉત્તમ સ્થાન જાણી ત્રણ માસ બદરિવનની તપોભૂમિમાં રહ્યા. કઠિન તપ કર્યું. અન્નગ્રહણ ન કર્યું. તેમનું તપ મુમુક્ષુના કલ્યાણ માટે હતું. પોતે સાક્ષાત્ પ્રભુ છે. પૂર્ણકામ છે છતાં તપ તેમને પ્રિય છે. તેમનું તપ જનહિતાર્થે હોય છે.

નીલકંઠ મુક્તનાથ પધાર્યા. જ્યાં પ્રકૃતિ ઉગ્રસ્વરૂપ ધારણ કરતી. વાવાઝોડું ને પવન હોય ત્યારે બરફની પાટો ઘસી આવતી. ભલભલાને આ પ્રદેશમાં જવું તે મૃત્યુના મુખમાં પડવા જેવું હતું. પુલહાશ્રમમાં એવા ભરતકુંડ પાસે વર્ણીએ ઉગ્ર તપ કરવાનો આદર કર્યો. બ્રાહ્મમુહૂર્તમાં ગંડકી નદીમાં સ્નાન કરે, મુક્તનાથના દર્શન કરે અને ત્યારબાદ ભરત આશ્રમમાં આવી ધ્યાનમગ્ન બની એક પગે ઊભા રહે છે. પોતાના બે આજાનબાહુ ઊંચા રાખે છે. નાસિકાગ્ર દૃષ્ટિ રાખે છે. શરીર પર ફક્ત કૌપિન છે, તે ઉપર મુંજની મેખલા બાંધી છે. દૃઢ વૈરાગ્ય અને દેહના અનાદરથી શરીર કૃશ થઈ ગયું છે. નિરાહાર રહે છે. કોઈ વખત ઝાડ ઉપરથી ફળ નીચે પડે તો જમે છે. તો કોઈ વખત કેવળ જળ પીને જ રહે છે. આવું આદર્શ તપ વર્ણીએ કર્યું.

દક્ષિણમાં ભૂતપુરી જતાં રસ્તામાં વિકટ વન આવ્યું જેમાં ચાલતા ચાર દિવસ સુધી કાંઈ અન્ન કે પાણી ન મળ્યું છતાં દેહની પરવા કર્યા વગર વર્ણીએ વિકટ વનમાં ચાલ્યા જ કર્યું. પાંચમે દિવસે સાંજે શરીર અચેતન થઈ ગયું. ભૂમિ ઉપર પડી ગયા. જાગ્રત થયા ત્યારે પાસે જ કૂવો જોયો. એમાંથી કઠારી ભરી પાણી ખેંચ્યું. સ્નાન કર્યું અને શાલિગ્રામની પૂજા કરી પાણી ધરાવ્યું તો શાલિગ્રામ ત્રણચાર કઠારી પાણી પી ગયા. નૈવેદ્યની ચિંતા કરતા હતા ત્યાં જ કાપડી વેશે



શંકર આવ્યા ને સાથવો જમાડ્યો.

વર્ણી મૂર્તિમાન તપનો આદર્શ હતા તેમજ તેમનામાં ત્યાગની ખુમારી પણ એવી જ હતી. બાળપણથી જ સારા પદાર્થો પ્રત્યે ત્યાગની ભાવના હતી. ઘનશ્યામને જનોઈ આપતી વખતે બટુક બ્રહ્મચારીને સ્નાન બાદ સુંદર ધોતિયું પહેરાવ્યું, રેશમી કેડિયું પહેરાવ્યું. માથે પાઘ પહેરાવી પછી હેમના શણગાર લાવ્યા ત્યારે ઘનશ્યામ તરત જ દૂર ખસી ગયા : 'મારે નથી પહેરવા.' બધાને હોંશ હતી પણ ધર્મદેવે કહ્યું : 'ઘનશ્યામને રાજી કરો.'

ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો ત્યારે સાથે વસ્ત્રમાં કેવળ કૌપીન અને તે ઉપર મુંજમેખલા જ ધારણ કરી છે. હાથમાં તુંબીપાત્ર અને જળગળણું લીધા છે. શાસ્ત્રના સારરૂપ ગુટકો લીધો છે. લાંબી વાટની મજલ છે. છતાં પરિગ્રહનો કોઈ સંકલ્પ નથી. આમ, ઘનશ્યામ બૃહદ વૈરાગ્યના મૂર્તસ્વરૂપ હતા.

ગૃહત્યાગની પ્રથમ રાત્રિરોકાણ દરમ્યાન અમરપુર ગામના ભક્તોએ ફળો અને મીઠાઈનો ઢગલો કરી દીધો. નીલકંઠે તે શાલિગ્રામને ધરાવીને બાકીનું બધું જ ગામ લોકોને પાછું આપી દીધું. અપરિગ્રહ વ્રતધારીને બધું જ ત્યાગ કરતા જોઈને લોકોએ કહ્યું : 'બ્રહ્મચારી ! સાંજના માટે કંઈક રાખો.' નીલકંઠ હસ્યા : 'સાંજ કે સવારનો જો વિચાર કરવાનો હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જ જોઈએ.'

વર્ણી ફરતાં ફરતાં શ્રીપુરમાં આવ્યા. ત્યાં મઠ બહાર રાતવાસો કર્યો. મઠના મહંતે તો બીકના માર્યા દરવાજા બંધ કરી દીધા. રાત્રે કેસરી સિંહ આવ્યો. બધા ફફડી ગયા પણ સિંહે તો નીલકંઠની પ્રદક્ષિણા કરી અને સવારે જંગલમાં જતો રહ્યો. આવો અલૌકિક પ્રભાવ જોઈ મઠના મહંત વર્ણી પાસે આવ્યા. સ્તુતિ કરી હાથ જોડી કહ્યું : 'બ્રહ્મચારી ! આપ બહુ પ્રતાપી પુરુષ છો. સિદ્ધ છો. આપ જો અમારા મઠમાં રહો, તો તમને મઠાધિપતિ બનાવી દઉં. વર્ષે લાખ રૂપિયાની અમારી આવક છે.' મહંત બોલ્યે જતો હતો. વર્ણીએ અટકાવીને વચ્ચે જ કહ્યું : 'જુઓ મહંતજી ! મઠની, આશ્રમની કે મિલકતની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં ફરી જીવોનું કલ્યાણ કરવું છે. સાચો સત્સંગ શું છે ? તે જગતને બતાવવું છે.' અને વર્ણી ત્યાંથી ઝાડીમાં પ્રવેશ કરી અદશ્ય થઈ ગયા.

ત્યાંથી બદરિનાથથી જ્યોતિર્મઠમાં આવ્યા. ત્યાં પૂજારીએ સુંદર બંગલામાં પધરાવ્યા. આજુબાજુ બગીચા છે. ત્યાં વર્ણીનું સ્વાગત કર્યું. પછી હાથ જોડી કહ્યું : 'પ્રભુ ! આ બંગલો આપને હું અર્પણ કરું છું. આપ હવે સદા અહીં જ

રહો.' પણ વર્ણીને ક્યાં આ લોકની સંપત્તિ ખપતી હતી ? તેમણે તરત જ કહ્યું : 'તમારો ભાવ હતો તે અમે પૂરો કર્યો. હવે હિમગિરિમાં જ્યાં નારાયણઋષિ તપ કરે છે ત્યાં જશું.'

ત્યાંથી વર્ણી ગંગોત્રી તીર્થ કરી હરિદ્વાર પધાર્યા. ત્યાં પંજાબના રાણા રણજિતસિંહને ફરી નીલકંઠનો યોગ થઈ ગયો. પગમાં પડી ગયા. સ્પર્શથી જ શાંતિ થઈ ગઈ. તાવ ઊતરી ગયો. બે દિવસ સાથે રહ્યા. મનમાં ભાવ હતો કે વર્ણીને રાજ્ય સોંપી દેવું. નિવૃત્ત થઈ જવું અને તેમના સાન્નિધ્યમાં રહીને ભક્તિ કરવી પણ નીલકંઠનું કાર્ય જુદું હતું. એમને રાજ્યસત્તા ખપતી ન હતી. રાજાને આશીર્વાદ આપી તેઓ આગળ ચાલ્યા.

તીર્થયાત્રા કરતા નીલકંઠ જગન્નાથપુરી આવ્યા. ત્યાંના રાજા નીલકંઠનો પ્રભાવ જોઈ તેમના શિષ્ય થઈ ગયા. અહીં નીલકંઠે અસુરોનો પૃથ્વી ઉપરનો ભાર યુક્તિપૂર્વક ઓછો કર્યો. આ પ્રસંગ પછી ત્યાંના રાજા નીલકંઠ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : 'પ્રભુ ! આપનું હવે અહીં નગરની બહાર રહેવું ઉચિત નથી. આપ મારા રાજમહેલમાં ચાલો.'

નીલકંઠે કહ્યું : 'અમારે ત્યાગીને વળી મહેલ શાનો ? દેહ અને ઇન્દ્રિયોનું દમન કરવા માટે જ અમે ત્યાગ ગ્રહણ કર્યો છે. તે મૂકીને રાજમહેલના ભોગ અમને કેમ ખપે ? આમ, સામેથી ઉત્તમ વિષયો મળતા તોપણ તેનો ત્યાગ કરી દેતા ક્યારેય અચકાતા નથી. તેમનો ત્યાગ ઉત્તમ પ્રકારનો હતો. અને વિશેષ બાબત તો એ કે તેમનો ત્યાગ સાહજિક અને અનાદિનો હતો પણ કોઈના ઉપદેશની અસર ન હતી.'

**યોગ** : નીલકંઠે યોગની ઉચ્ચ સ્થિત સિદ્ધ કરી હતી. તે સમયે બુટોલપત્તનથી ઉત્તર પોખરાનો માર્ગ વિકટ વનથી છવાયેલો હતો. તે ઝાડીમાં માનવીનું પગેરું કાઢવું મુશ્કેલ હતું. એવા વનમાં આગળ વધતા ઘેઘૂર વડની છાયા નીચે નીલકંઠે એક જોગી જોયા. પાસે ફક્ત કૌપિન અને મૃગચર્મ જ હતા. ગીતાનો પાઠ કરતા હતા ને ત્યાં જ દૂરથી તેમણે નીલકંઠને આવતા જોયા. લાગ્યું કે અંતરમાં જે મૂર્તિ છે તે જ આ છે અને જોગી દોડ્યા. વર્ણી પણ સામે દોડ્યા. અને એકબીજાના બાહુપાશમાં સમાઈ ગયા. આ.સં. ૧૮૫૧ના કાર્તિક માસની આસપાસનો આ સમય હતો. આ જોગી એટલે કે યોગકળાની સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગોપાળયોગી.

વર્ણીએ કહ્યું કે મારે આપની પાસે યોગ શીખવાની ઇચ્છા છે. ગોપાળયોગીને તો તેમના સ્વરૂપનું જ્ઞાન હતું. તેથી પ્રથમ યોગના ગ્રંથનો અભ્યાસ કરાવ્યો. પછી હઠયોગની ક્રિયાઓ, જુદાં જુદાં આઠ અંગ શીખવાડ્યા. થોડા જ સમયમાં નીલકંઠે



અષ્ટાંગયોગ સિદ્ધ કરી લીધો. ગોપાળયોગીને કહ્યું કે હવે મને મારા આત્માનું દર્શન થાય છે. ગોપાળયોગી આ સાંભળીને હસ્યા. જે સૌના આત્મામાં રહ્યા છે તે આ વાત કહે છે. છતાં સહજભાવે પૂછ્યું : 'તો હવે તમારો યોગ સંપૂર્ણ થયો ને ?'

વર્ણી કહે : 'હા, અષ્ટાંગયોગનું ફળ નિર્વિકલ્પ સમાધિ છે, તે સિદ્ધ થયું.'

આમ, વર્ણીમાં તપ, ત્યાગ અને યોગનો ત્રિવેણી સંગમ સુપેરે જોવા મળે છે.

### (૩) માણાવદર અને ભાડેરની ધર્મસભાઓ

શ્રીહરિ મેઘપુરમાં વિરાજમાન હતા. ત્યારે માણાવદરના માયારામ વિપ્રે શ્રીહરિને માણાવદર પધારવાનું આમંત્રણ આપ્યું. અને કહ્યું : 'હે મહારાજ ! આપે ગયે વર્ષે માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો તેવો જ અહીં કરો.' મહારાજે તેના ભાવ પોસવા આમંત્રણ સ્વીકાર્યું. મહારાજ પણ આ.સં. ૧૮૬૦માં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા પધાર્યા અને કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

બીજે દિવસે મધ્યાહ્ને જમ્યા પછી આ પ્રસંગે જાહેરસભા યોજેલી. જેમાં મહારાજ પધાર્યા. આ પ્રસંગે પણ શ્રીહરિએ ધર્મ અને અધર્મ સમજાવતાં કહ્યું : 'ધર્મમાં નારાયણનો અંશ છે. એટલે ધર્મને સેવનારાઓને નારાયણ સુલભ છે. સાચો ધર્મ એ છે કે જેનાથી અંતરમાં નારાયણ પ્રગટે. જે તત્ત્વોથી અંતરમાં ધર્મનો ભાવ નાશ પામે તે અધર્મ. લોભ, કામ, સ્નેહ, રસાસ્વાદ અને માન એ પાંચ અધર્મના આધારસ્તંભો છે. વશિષ્ઠ અને સહસ્રાર્જુનનો પરાભવ લોભથી થયો. બ્રહ્મા, ઈન્દ્ર, સૌભરી તેમજ નહુષ અને બીજા અનેક દેવો અને ઋષિઓ કામથી ભ્રષ્ટ થયા. ભરતજી સ્નેહના ભાવથી મૃગબાળમાં આસક્ત થયા અને તપમાંથી ચ્યુત થયા. ઋષિ એકલશૃંગી તથા અન્ય એવા મોટા રસાસ્વાદની આસક્તિથી પોતાની પદવીમાંથી ભ્રષ્ટ થયા. દક્ષ પ્રજાપતિનો માનમાંથી પરાભવ થયો. આવા મોટા કહેવાતા મહાનુભાવોનો એ પંચવિષયોઓએ પરાભવ કર્યો. તે સમયના દેશકાળ શુભ હતા, છતાં અંતરમાં પંચવિષયની આસક્તિથી અંતે ભ્રષ્ટ થયા. ત્યારે આજે તો અધર્મસર્ગ જ પ્રવર્ત્યો છે. માટે સાવધાન રહી પોતપોતાના વર્ણ અને આશ્રમના ધર્મનું પાલન નહિ કરો તો અંતે આ જ દશા આવશે. હું ધર્મનો પુત્ર છું. તેથી ધર્મ મને પ્રિય છે. તમે સૌ ધર્મ પાળશો તો અંતરમાં ભક્તિ પ્રગટશે.

શ્રીહરિનો લાભ લેવા આ જન્માષ્ટમી ઉત્સવમાં ભાડેર ગામના ભૂપતિ વાઘજીભાઈ આવ્યા હતા. તેમણે લાભ લીધો પણ પોતાની પ્રજાને પણ આ લાભ મળે તે માટે શ્રીહરિને પ્રાર્થના કરી : 'મહારાજ ! જળઝીલણીનો ઉત્સવ ભાડેરમાં કરો.' સાથે પિતા તઘાભાઈ હતા અને પુત્ર દેસાજી, એ બધાએ પણ આમંત્રણમાં

પોતાનો સૂર પુરાવ્યો. શ્રીહરિએ તેમનું આમંત્રણ સ્વીકાર્યું અને ભાડેર પધાર્યા. ભાડેરમાં જળઝીલણીનો ઉત્સવ કર્યો. શ્રાદ્ધપક્ષ પણ અહીં જ કર્યું. ભાદરવા અમાસે પોતે ધર્મપિતાનું શ્રાદ્ધ કર્યું. બીજા દિવસથી જ નવરાત્રિ ઉત્સવ શરૂ થવાની હતી. જેમાં દેવીને નૈવેદ્યમાં સુરા અને માંસ ધરાવવામાં આવતું. બ્રાહ્મણો શાસ્ત્રના અર્થનું રહસ્ય સમજ્યા સિવાય કેવળ પોતાની આજીવિકા માટે આ ઉત્સવોમાં સુરા અને માંસ ધરાવતા. જેને લીધે યજ્ઞોમાં પશુહિંસા થતી. આવા હિંસામય ઉત્સવો બંધ કરાવવાનો શ્રીહરિએ નિશ્ચય કર્યો. તેથી સભાને સંબોધીને શ્રીહરિએ કહ્યું : 'આવતીકાલથી નવરાત્ર પર્વ શરૂ થાય છે. દરેક પર્વ પાછળ આધ્યાત્મિક રહસ્ય રહેલું છે. પરંતુ તે રહસ્ય ન સમજાય તેથી ઉત્સવો એટલે પંચવિષયોનો ભોગ, એવું માની આવા પવિત્ર પર્વ પાછળ શાસ્ત્રકારોએ જે રહસ્યો મૂક્યા છે તેનો અનાદર થાય છે અને કેવળ ભોગવૃત્તિ જ પ્રવર્તે છે. ગૃહસ્થોને પંચવિષયનો યોગ છે. એટલે તેમણે સાવધાન રહેવું જોઈએ. ત્યાગીઓ પણ અમે જિતેન્દ્રિય છીએ એમ સમજી જો ઇન્દ્રિયોના વ્યવહારમાં સાવધાન ન રહે તો બળવાન ઇન્દ્રિયો તેમને પણ પંચવિષય તરફ ઘસડી જાય છે.'

શ્રીહરિની વાતનું રહસ્ય યથાર્થ ન સમજી શકવાથી એક બ્રાહ્મણે પૂછયું : 'અમારે આવતીકાલે શરૂ થતા નવરાત્રિવ્રતનો ઉત્સવ કેવી રીતે ઉજવવો ? અમારી આજીવિકા પણ સચવાય અને ધર્મ પણ સચવાય એવો ઉપાય છે ?' બ્રાહ્મણોની ધર્મભાવના સાચવવાની ઇચ્છા જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : 'નવરાત્ર ઉત્સવ એ વેદમાતા સાવિત્રી, લક્ષ્મીજી તથા પાર્વતી આદિક દેવીઓને પ્રસન્ન કરવાનો ઉત્સવ છે. આ દેવીઓ તો ધર્મ, વૈરાગ્ય અને ભક્તિપ્રધાન છે તો તેમને સુરા અને માંસનું નૈવેદ્ય કેમ ધરાવાય ? તેમની સમક્ષ હિંસા કેમ થાય ? તામસી દેવ-દેવીઓ જ મદ્યમાંસનું ભક્ષણ કરે છે. તેમની પ્રસન્નતાથી કોઈ પ્રાપ્તિ થતી નથી ઊલટો અધર્મ થાય છે અને ભ્રષ્ટ થવાય છે. એટલે તેમનું પૂજન છોડી સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતીની આરાધના કરી, ઉત્સવના દિવસોમાં તપ કરી, તેમને ભક્તિભાવ અર્પણ કરવો. મનથી પણ કોઈની હિંસાનો સંકલ્પ કરે તો શાસ્ત્રો તેને હિંસાનું પાપ ગણે છે. તો પછી પશુહિંસા કરવી તેમાં કેટલું અધિક પાપ હોય.'

બ્રાહ્મણો કહે, 'પાપ અને પુણ્યનો વિચાર કરીએ તો અમારી આજીવિકા ટળી જાય. અત્યારે યજમાનો બહુધા કૌલ પંથના હોય છે. ચંડી કે કાલિકા આદિ દેવીઓનું પૂજન તેમને પ્રિય છે. સુરાપાન, માંસભક્ષણ અને વ્યભિચારની પ્રવૃત્તિને તેઓ દેવીઓને પ્રસન્ન કરવાના શુભ કર્મો માને છે. અમે અત્યાર સુધી તેમને



પોષ્યા, આ સત્ય છે એવું સમજાવ્યું છે. હવે તે જૂઠું છે, પાપ છે તેમ અમારે જ કઈ રીતે કહેવું ?'

કૌલમતવાદી બ્રાહ્મણોએ જે પ્રવર્તાવેલી આ અધર્મ પ્રવૃત્તિ જોઈ શ્રીહરિ ખિન્ન થઈ ગયા. તેમણે કહ્યું : 'તમારે યજમાનોને કહેવું. અમને જ્ઞાન લાધ્યું, પ્રકાશ થયો, આ દેવીઓએ જ સ્વપ્નમાં આવી કહ્યું કે આ પાપ છે, હવે બંધ કરો. તમારી શુભ ભાવના હશે તો ભગવાન તમને સહાય કરશે. ભગવાનની પણ ઇચ્છા આ અધર્મ અટકાવવાની છે. તેથી તમારી અંતરની ભાવના અને ભક્તિથી ભગવાન તમારા યોગક્ષેમનું જરૂર વહન કરશે, તેવો વિશ્વાસ રાખજો.'

દ્રવ્યનું આલંબન છોડી ભગવાનનું આલંબન રાખવું બ્રાહ્મણોને જરા કઠણ પડ્યું. પરંતુ શ્રીહરિના શબ્દોમાં ચેતન હતું તે શબ્દો બ્રાહ્મણોના અંતરતર સુધી પહોંચી ગયા હતા. તેમને વિચાર કરતા જોઈ વાઘજીભાઈએ ઊઠીને તેમને કહ્યું : 'ભૂદેવો ! શું વિચાર કરો છો ? આ તમને ઉપદેશ આપે છે. તે પોતે જ ભગવાન છે. તેમનો દૃઢ વિશ્વાસ હશે તો આભ ફાડીને પણ આ ભગવાન તમારું પૂરું કરશે. પાપનાં પોટલાં ભેગાં કરીને બ્રાહ્મણપણું તો ખોયું છે પણ હવે સાચું બ્રાહ્મણપણું મેળવવાનો આજે અવસર આવ્યો છે માટે માટી થાઓ માટી !'

બ્રાહ્મણોના જીવમાં જીવ આવ્યો. ધર્મ અને આજીવિકા બંને સચવાય, શ્રીહરિ પણ પ્રસન્ન થાય. શ્રીહરિની વાત તેમને ગળે ઊતરી ગઈ. નિષ્ઠા અને દૃઢ આશ્રયનું બળ અંતરમાં પ્રગટ થયું. તેમની સુષુપ્ત સાત્ત્વિકતા બહાર આવી ગઈ. નવરાત્રનો ઉત્સવ નવી રીતથી ઊજવવાનું તેમણે નક્કી કર્યું.

**(૪) રઘુનાથદાસની ઉપાધિ**

સૂર્ય જ્યારે ઊગે છે ત્યારે ચોમેર આનંદ આનંદ છવાઈ જાય છે. અંધકારના ઓળા દૂર થાય છે અને જીવપ્રાણી માત્ર આનંદમાં આવી કિલ્લોલ કરે છે. ત્યારે એક માત્ર અભાગિયો ઘુવડ આંખો બંધ કરી દે છે પણ એનાથી સૂર્યની પ્રતિષ્ઠાને સહેજ પણ ઝાંખપ લાગતી નથી.

સહજાનંદરૂપી સૂર્ય પ્રગટ થઈ ચૂક્યો હતો. તેમને રામાનંદ સ્વામીએ દીક્ષા આપી ત્યારે રામાનંદ સ્વામીના બધા જ સંતો-ભક્તો આનંદ-કિલ્લોલ કરતા હતા ત્યારે પણ ઘુવડ જેવો અભાગિયો રઘુનાથદાસ મહારાજની આ કીર્તિને જોઈ શકતો ન હતો.

રઘુનાથદાસ રામાનંદ સ્વામીનો શિષ્ય હતો, પણ તેના અંતરમાં આસુરી ભાવોની પ્રબળતાને લીધે માન, મોટ્યપ, ગાદી વગેરે મેળવવાની ઝંખના વધારે હતી. નીલકંઠવર્ણી સત્સંગમાં આવ્યા અને તેની ખ્યાતિ વધતી હતી. અને વર્ણીનો

મહિમા રામાનંદ સ્વામી મુક્તકંઠે ગાતા ત્યારે રઘુનાથદાસ અંતરમાં બળતો.

કાલવાણીમાં રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીના શરીરમાં પરસેવો વળે તે માટે ઉપાયો કરતા, કારણ કે નીલકંઠવર્ણીનું શરીર તપને લીધે અતિશય કૃશ થઈ ગયું હતું. આથી શરીરે પરસેવો નીકળતો નહિ. આથી મીણનું તેલ ચોપડતા, ઊંચામાં ઊંચી ભસ્મ ખવડાવતા અને આવળનાં પાન વાટીને ચોપડતા. આથી રઘુનાથદાસ ઈર્ષ્યાના ભાવમાં બોલતો કે 'રામાનંદ સ્વામીએ અયોધ્યાના એક છોકરા માટે આવળ ખોદાવી ગામ ઉજ્જડ કરી નાખ્યું છે.'

રામાનંદ સ્વામીએ અંતર્ધાન થવાનો સંકલ્પ થયો ત્યારે તેમને ગાદી કોને સોંપવી તે માટે સભા ભરી હતી. તે સભામાં રામાનંદ સ્વામીએ વર્ણીના ગુણો ગાયા અને સંતો-ભક્તોએ પણ વર્ણીના ગુણોની પ્રશંસા કરી ત્યારે રઘુનાથ મનમાં મૂંઝાયો ને તેના અંતરના આસુરીભાવો સભામાં પણ પ્રદર્શિત થયા કે 'શું વર્ણી, વર્ણી, વર્ણી કરો છો ? વર્ણી સિવાય બીજો કોઈ આશ્રમમાં ચેલો જ નથી.' ત્યારે રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કીધું કે 'આ રઘુનાથને બરાબર ઓળખી લેજો. ભવિષ્યમાં તે સત્સંગમાં વિક્ષેપ ઊભો કરશે.'

જ્યારે રામાનંદ સ્વામી અંતર્ધાન થયા ત્યારે બધાનાં અંતરમાં શોક હતો પણ રઘુનાથ એકલો સ્વસ્થ હતો. કારણ, તેને ગાદી પચાવવાની લાલચ હતી અને રઘુનાથના મનમાં હતું કે વર્ણી તો હજુ બાળક છે અને મુક્તાનંદ તો સાધુ છે એટલે એમને વ્યવહારની કશી ગમ નહિ પડે અને મારું કાર્ય સરળ થઈ જશે.

સંતમંડળ સાથે શ્રીહરિ જ્યારે માણાવદર આવ્યા ત્યારે રઘુનાથ પણ સાથે હતો પણ શ્રીહરિ પ્રત્યે તેને કશો જ ભાવ નહોતો. અને રામાનંદ સ્વામીની ક્રિયાનું અનુકરણ કરી રામાનંદ સ્વામીના તમામ ગુણો તેમનામાં પ્રકાશ થયા છે એવા ભાવ તે બતાવતો. રામાનંદ સ્વામીની ગાદીનો અધિકારી પોતે જ છે ને રામાનંદ સ્વામીએ પોતાને ઐશ્વર્ય આપ્યું છે એવી રીતે યુક્તિપૂર્વક વાતો કરતો અને સાથે શ્રીહરિનું પણ યુક્તિપૂર્વક ખંડન કરતો.

થોડા દિવસ બાદ શ્રીહરિએ રઘુનાથને સમજાવીને અમદાવાદ મોકલ્યો. અમદાવાદમાં પણ રઘુનાથે શ્રીહરિ વિરુદ્ધ પ્રચાર શરૂ કર્યો ને કહેવા લાગ્યો કે 'રામાનંદ સ્વામીની ગાદીનો વારસદાર હું જ છું.' અમદાવાદના હરિભક્તો માંગરોળ આવ્યા ત્યારે શ્રીહરિને સઘળી વાત કરી આથી રઘુનાથની ઉપાધિ શમાવવા માટે શ્રીહરિએ રામદાસ સ્વામીને અમદાવાદ મોકલ્યા.

થોડા સમય બાદ રામદાસ સ્વામીએ ગણપતરામને કાગળ લઈને શ્રીહરિ પાસે મોકલ્યા ને કાગળમાં જણાવ્યું કે રઘુનાથની ઉપાધિ વધતી ગઈ છે ને ભોળા



મુમુક્ષુઓને ભરમાવે છે ને કહે છે કે 'તમારો ગુરુ કે ઈષ્ટદેવ જે ગણો તે હું જ છું ને વર્ણી તો આજકાલના આવેલા છે. આવું કહે છે. માટે તમે વહેલા અમદાવાદ પધારો.' આ સાંભળી સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામીના અંતરમાં દુઃખ થયું અને મહારાજને કહ્યું કે 'આપ હવે જલ્દી પધારો ને રઘુનાથદાસની ઉપાધિ શમાવો.' પણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિના મનમાં તેની ચિંતા હતી નહિ. આથી મુક્તાનંદ સ્વામીને કીધું કે 'સ્વામી ! રઘુનાથદાસ તો મચ્છર જેવો કહેવાય, તેની સાથે ભળેલા ફૂટેલ વાસણ જેવા સત્સંગમાં નહિ રહે તેથી સત્સંગ કાંઈ પડી ભાંગવાનો નથી.' આથી મુક્તાનંદ સ્વામીના મનની ચિંતા હળવી થઈ.

શ્રીહરિ સંઘની સાથે વિચરણ કરતાં કરતાં જેતલપુર આવે છે. ત્યાં હરિભક્તોના ઉદ્વેગ પામેલા મનને શાંત કરી અમદાવાદ પધારે છે.

અમદાવાદમાં મહારાજ સભા ભરીને ભક્તોને પ્રેમથી વાતો કરતા. આથી રઘુનાથ પાસે હરિભક્તો આવતા ઓછા થયા. આથી અકળાયેલો રઘુનાથ તેના શિષ્યો સાથે શ્રીહરિ જ્યાં બેઠા હોય છે ત્યાં આવે છે ત્યારે શ્રીહરિ પ્રેમથી બોલાવે છે ને કુશળ પૂછે છે પણ રઘુનાથ તો અહંકારના આવેશમાં મૌન જ સેવે છે ને આકળાની જેમ માનથી અંટટ ઊભો રહે છે ને પછી સીધો જ ગાદી પર ચડી બેસે છે. શ્રીહરિએ તેને વાત કરતાં કહ્યું કે 'તમે તો રામાનંદ સ્વામીના જૂના શિષ્ય છો માટે સત્સંગના હિત માટે વિરોધ મૂકો અને તમારે અમદાવાદની મહંતાઈ જોઈએ તો આપીએ. પણ આમ, ગુરુની આજ્ઞા વિરુદ્ધ જશો અને સત્સંગમાં આડા પડશો તેમાં તમારું શ્રેય નથી.'

આથી ઉશ્કેરાયેલા રઘુનાથે કહ્યું કે 'તમે કેવા જ્ઞાની છો, સમજુ છો તે હું જાણું છું. ગાદી લેવા માટે ગુરુને ભરમાવ્યા. ત્યાગીની રીત મેલી ગૃહસ્થની રીત લીધી, પ્રભુ થઈને પૂજાવા માંડ્યા અને સામો મને ઉપદેશ દ્યો છો ! તમે તમારું શ્રેય ઈચ્છતા હો તો મારી આજ્ઞામાં રહો.'

શ્રીહરિએ કહ્યું, 'રઘુનાથદાસ ! તમે ઉંધે રસ્તે ચડી ગયા છો. તમારો અંતે હું વિનાશ દેખું છું.' એટલું કહી શ્રીહરિ ભક્તો સાથે બહાર નીકળી જાય છે ને રઘુનાથ અને તેના છ-સાત શિષ્યો પોતાના ગુમાનમાં ત્યાં જ બેસી રહ્યા. તેવામાં રોષે ભરાયેલા બાવાઓ જીવન મુક્તાએ અમારો માર્ગ બંધ કર્યો છે એમ બોલતા મારવા માટે ધોકા, ચીપિયા વગેરે લઈને જીવનમુક્તા અંદર છે એમ જાણીને મારવા દોડી આવ્યા. ગાદી પર બેઠા છે તે જ જીવનમુક્તા છે એમ જાણીને બધા બાવાઓ રઘુનાથદાસ અને તેના શિષ્યો પર તૂટી પડ્યા અને રઘુનાથને લોહીલુહાણ કરી નાખ્યો.

બીજે દિવસે રામદાસ સ્વામીએ કહ્યું કે 'મહારાજ ! રઘુનાથદાસને તમે ગમે તેટલું સમજાવશો તોપણ તે સમજશે નહિ માટે તેને વિમુખ કરી સત્સંગની બહાર કાઢી મૂકો.' રામદાસ સ્વામી તથા અન્ય સંતો રઘુનાથદાસને વિમુખ કરવા કૃતનિશ્ચયી થયા.

શ્રીહરિને પણ લાગ્યું કે 'જે સત્સંગમાં રહીને સત્સંગની મર્યાદા પાળતા નથી ને ગાદીતકિયાના લાલચુ બની રહે છે એવા કદાચ સત્સંગમાં રહેશે તો સત્સંગને પણ સ્થૂળભાવ પમાડી દેશે.' આથી મહારાજ પણ આ બાબતમાં સંમત થયા ને શ્રીહરિની આજ્ઞાથી રામદાસ સ્વામીએ સમગ્ર સત્સંગમાં કાગળો લખ્યા, 'રઘુનાથદાસને વિમુખ કર્યો છે માટે તેનો કોઈએ સંગ કરવો નહિ અને જે તેનો સંગ કરશે તે ભ્રષ્ટ થઈને અંતે વિમુખ થઈ જશે.' કાગળો પર મહોર છાપો મારી અને દેશોદેશ કાગળો મોકલ્યા.

ભવિષ્યના સત્સંગને દૃષ્ટાંતરૂપ બની રહે તે માટે શ્રીહરિએ આ કાર્ય કર્યું અને સૂચવ્યું કે 'કોઈ સ્ત્રીપુરુષની મર્યાદા તોડશો નહિ અને મોટા બની મનાવા-પૂજાવાના કોડ સેવશો નહિ.'

શ્રીહરિના આ સિદ્ધાંત અનુસાર આવાં તત્ત્વો જ્યાં જ્યાં દેખાય તેમને વગર કર્યા વિમુખ જ સમજવા.





# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૨

સમય : ૩ કલાક — કુલ ગુણ : ૧૦૦

(નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.)

**('પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ'ને આધારે)**

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

(૧) **શ્રીજીસંમત સાધુતાની મૂર્તિ - પ્રમુખસ્વામી મહારાજ**
(પાન નં. ૩૫, 'પંચવર્તમાનની દૃઢતા' વિષયમાં જુઓ.)

(૨) **સ્વામીશ્રીના જીવનમાં ફલિત થતી પ્રમુખવરણી પ્રસંગે તેમણે લીધેલી પ્રતિજ્ઞા**
(પાન નં. ૪૨, 'સ્વામીશ્રીનું અવિરત કપરું વિચરણ' તથા
પાન નં. ૧૦૭, 'સ્વામીશ્રીનું સર્વસ્વ-હરિભક્તો' વિષયમાં જુઓ.)

(૩) **સૌના સુખ-દુઃખના સાથી સ્વામીશ્રી**
(પાન નં. ૩૭, 'કરુણામૂર્તિ સ્વામીશ્રી' તથા
પાન નં. ૧૦૭, 'સ્વામીશ્રીનું સર્વસ્વ-હરિભક્તો' વિષયમાં જુઓ.)

**પ્રશ્ન.૧(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

(૧) **ભાવિપેઢીના ઘડવૈયા-પ્રમુખસ્વામી મહારાજ**
(પાન નં. ૧૮૭, 'યુવાનોના સુહૃદ' તથા
પાન નં. ૧૧૦, 'બાળસ્નેહી સ્વામીશ્રી' વિષયમાં જુઓ.)

(૨) **શ્રીજી પ્રબોધિત નિષ્કામવ્રતના દૃઢ આગ્રહી સ્વામીશ્રી**
(પાન નં. ૩૫, 'પંચવર્તમાનની દૃઢતા' વિષયમાં જુઓ)

(૩) **વ્યસનીઓના જીવન ઉદ્ધારક સ્વામીશ્રી**
(પાન નં. ૪૫, 'સ્વામીશ્રીએ કરેલા જીવનપરિવર્તનો' વિષયમાં જુઓ.)

(૪) **યોગીજી મહારાજના આજ્ઞાપાલક શિષ્ય**
(પાન નં. ૧૧૬, 'યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ વચ્ચેનો અનન્ય સંબંધ' વિષયમાં જુઓ.)

## 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવન ચરિત્રના આધારે :

**ભાગ ૧ : પાના નં. ૧ થી ૫૩૨**

**ભાગ ૨ : પાના નં. ૮૩૨ થી ૯૬૦**

**પ્રશ્ન.૨(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અને સ્વામીશ્રીની પ્રીતિ**

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે અરસ-પરસ મહિમાએ સહિત પ્રીતિ હતી. ગુણાતીતાનંદ સ્વામી રઘુવીરજી મહારાજને મહારાજનું સ્વરૂપ માનતા જ્યારે આચાર્ય મહારાજ પણ ગુણાતીતાનંદ સ્વામીને શુદ્ધ ગુણાતીત સંત અને અક્ષરધામનો અવતાર માનતા.

એકવાર સ્વામીશ્રી આચાર્ય મહારાજ અને સંઘ સાથે ખંભાત પધાર્યા. ઉમરેઠના હરિભક્તે આચાર્ય મહારાજ અને સ્વામીશ્રીનું ધામધૂમથી સામૈયું કર્યું. આચાર્ય મહારાજ માટે ખાસ શણગારેલો હાથી લાવ્યા હતા. આચાર્ય મહારાજ હાથી પર બિરાજ્યા પછી તેમણે ગુણાતીતાનંદ સ્વામીને ઉપર સાથે બેસવા કહ્યું. પરંતુ સ્વામીશ્રીએ ના પાડી. છતાં પણ આચાર્ય મહારાજ અને હરિભક્તોના પ્રેમાગ્રહને વશ થઈ સ્વામીશ્રીએ આચાર્ય મહારાજની સાથે હાથી પર બેસવું પડ્યું. મહારાજની પ્રસાદીની ગોદડી ઓઢી, હાથમાં ચામર લઈને, સ્વામીશ્રી આચાર્ય મહારાજને ચામર ઢોળવા લાગ્યા. આચાર્ય મહારાજે ના પાડી કે 'સ્વામી ! આપ રહેવા દ્યો.'

આચાર્ય મહારાજની સ્વામીશ્રી પ્રત્યેની પ્રીતિ તો આપણને જણાય છે, પરંતુ સ્વામીશ્રીની પ્રીતિ પણ એમના વર્તન દ્વારા અને એમના મહિમા સભર વચનો દ્વારા વિશેષ જણાય છે.

સ્વામીશ્રી કહે, 'આજ ખરો લાગ આવ્યો છે. અમથા તો આપ સેવા કરવા દેતા નથી. માટે આજ તો કરવી જ છે. આપ તો સાક્ષાત્ શ્રીજીમહારાજના પુત્ર છો એટલે અમારે મન તો શ્રીજીમહારાજને ઠેકાણે આપ છો તેથી અમે સેવા કરીએ તેમાં કોઈ બાધ નથી.' આમ, ખંભાતના હરિભક્તોને પણ આ પરસ્પર પ્રીતિનાં દર્શન સતત ૭ દિવસ સુધી થયા. આચાર્યશ્રી અને સ્વામીશ્રી ૬-૭ દિવસ ખંભાત રહીને હરિભક્તોને કથાવાર્તાનું ખૂબ સુખ આપ્યું.

મહારાજના સ્વધામગમન બાદ સ્વામીશ્રી વરતાલમાં ચૈત્રી પૂનમ કરવા પધારેલા, પરંતુ મહારાજ ધામમાં પધાર્યા ત્યારથી સ્વામીશ્રીએ ઘી, દૂધ બંધ કરી દીધેલાં. તેથી કેવળ શુષ્ક ખોરાકથી ઉદરમાં પીડા થતી હતી. શરીર પણ ક્ષીણ થતું



હતું. પરંતુ સ્વામીશ્રી તેની કાંઈ પરવા કરતા નહિ. ઘણાંને લાગ્યું કે આમ ને આમ સ્વામીશ્રી પોતાને દેહને પૃથ્વી પર વધુ નહિ રહેવા દે. આટલી બધી ઉદાસીનતા સ્વામીશ્રીએ પોતાના દેહ પ્રત્યે કેળવી હતી.

સ્વામીશ્રીના દેહ પ્રત્યેની ઉદાસીનતાની વાતની જાણ આદિ આચાર્ય રઘુવીરજી મહારાજને થતાં એમને પણ ચિંતા થઈ કે સ્વામીશ્રી દેહ નહિ રાખે તો ? એમ વિચારી બીજે જ દિવસે રઘુવીરજી મહારાજે રામદાસ સ્વામીને કહ્યું કે 'સ્વામી ! આ ગુણાતીતાનંદ સ્વામીને ઉદરનો રોગ થયો છે તો તમે દવા કરો.' આચાર્ય મહારાજની આજ્ઞાથી અને સ્વામીશ્રી પ્રત્યેના પ્રેમથી વૈદુ જાણતા રામદાસ સ્વામીએ દવા આપી અને ઉદરનો વ્યાધિ મટ્યો.

સં. ૧૯૧૧ના વર્ષે સ્વામીશ્રી હરિનવમીના સમૈયા પર વરતાલ પધાર્યા ત્યારે આચાર્ય રઘુવીરજી મહારાજની ઈચ્છા હતી કે સાડા ચાર મહિનાની છાવણી થાય જેમાં સત્સંગિજીવનની કથા વંચાય અને સ્વામીશ્રી વાતો કરે. એ સંકલ્પ મુજબ સ્વામીશ્રી વડતાલ રોકાયા. પણ સ્વામીશ્રીની ધારદાર વાતો ઘણાંને પચી નહિ તેથી વિરોધ પણ થયો. ભોળાનાથ ભટ્ટ (પુરાણી) કહેતા કે સ્વામીની વાતોથી સમાસ થતો નથી અને સ્વામીશ્રી કથા પણ પૂરી વાંચવા દેતા નથી ? અધ્યાય વંચાય ને શ્રીપતિમ્... કરી વાતો કરવા માંડે છે માટે હવેથી શુકમુનિ વાતો કરશે. શુકમુનિએ પણ આચાર્ય મહારાજને પુછયા વગર બીજે દિવસથી કથા ચાલુ કરી દીધી પણ તેમનો સાદ ઝીણો ને શાસ્ત્રોની વાતો એટલે બધાને તેમાં બહુ રસ પડ્યો નહિ.

તે જ રાત્રે રઘુવીરજી મહારાજને સ્વપ્નમાં દર્શન દઈને મહારાજે કહ્યું કે 'ગુણાતીતાનંદ સ્વામીને શું કામ રાખ્યા છે ? વાતો ન સાંભળવી હોય તો જૂનાગઢ જવા દો.' રઘુવીરજી મહારાજ જાગી ગયા ને નાહીને પરવારીને ભંડારીને મળીને સઘળી હકીકત જાણી ને સભામાં પધાર્યા અને કહ્યું, 'આ સત્સંગિજીવનની કથા ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાત કરશે અને જે ત્યાગીને વાત ન સદે તે ગામડામાં ફરવા જતા રહેજો.' એમ કહી સ્વામીશ્રીને ખુરશીમાં બેસી વાતો કરવા વિનંતી કરી.

આમ, આચાર્ય મહારાજનો સ્વામીશ્રી પ્રત્યેનો પ્રેમ અને પક્ષ બંને જોવા મળે છે.

વરતાલની છાવણી બાદ સ્વામીશ્રી આણંદ પધાર્યા હતા. સાથે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ હતા. સ્વામી આણંદમાં આંબાવાડીયામાં મહારાજના પુરુષોત્તમપણાની અને એકાંતિક ધર્મની અદ્‌ભુત વાતો કરતા હતા. રઘુવીરજી

મહારાજ છાવણી બાદ ઘરભંગ થયેલા. તેમને લગ્નની ઇચ્છા નહોતી પણ હૃદયગ્રંથિ તો હતી જ. એ જ્યાં સુધી તૂટે નહિ ત્યાં સુધી સમાગમનું સુખ ન આવે એ વિચાર તેમને વારંવાર આવ્યા કરતો.

આણંદથી ચાલવાનું થયું ત્યારે આચાર્ય મહારાજે સ્વામીશ્રીને પોતાના સિગરામમાં બેસવા કહ્યું. સ્વામી બેઠા પછી પોતાના ડબ્બામાંથી ૧ પેંડો સ્વામીને આપ્યો. સ્વામીશ્રીએ પેંડો હાથમાં લીધો ને અંતરવૃત્તિ કરી ગયા પછી બોલ્યા : 'પાંચસો પરમહંસો મારું ગળું ઝાલે છે અને કહે છે ખાઈશમાં ખાઈશમાં ઝેર છે ઝેર છે.'

રઘુવીરજી મહારાજ કહે, 'સ્વામી ! આપ આમ વર્તો છો તો અમારા શા હાલ થશે ? અમારી તો એકેય ગ્રંથિઓ ગળી નથી.'

સ્વામીશ્રી કહે, 'જો તમે તીર્થવાસી થઈને જૂનાગઢ આવો ને જો હું તમારી ગ્રંથિ ન ગાળું તો હું ગુણાતીત નહિ.'

ત્યારે રઘુવીરજી મહારાજ કહે, 'જો હું તીર્થવાસી થઈને જૂનાગઢ ન આવું તો હું રઘુવીરજી નહિ.'

રઘુવીરજી મહારાજને સ્વામી પ્રત્યે અનન્ય પ્રીતિ હતી. જ્યારે જ્યારે ભેગા થાય ત્યારે સ્વામીશ્રી માટે સેવક પાસે થાળ મોકલતા. કોઈ વખત સેવક હાજર ન હોય તો પોતે જમતાં પહેલાં સ્વામીશ્રી માટે થાળ અલગ કાઢી પછી પોતે જમતા.

રઘુવીરજી મહારાજ તીર્થવાસી થઈને જૂનાગઢ જવા નીકળ્યા. રસ્તામાં ગઢડા રોકાયા. ત્યાંના મહાપુરુષદાસ તથા કોઠારી ભક્તિવલ્લભદાસે આચાર્ય મહારાજને ગઢડા રોકાઈ જવા ખૂબ વિનંતી કરી. પરંતુ મહારાજની આજ્ઞા અને સ્વામીશ્રી પ્રત્યેની તેમની પ્રીતિ તેમને જૂનાગઢ લઈ જવામાં સફળ નીવડી.

રઘુવીરજી મહારાજે જેમ વચન પાળ્યું તેમ સ્વામીશ્રીએ પણ તેમને ઉપાસનાની, નિષ્ઠાની વાતો કરી તેમની હૃદયગ્રંથિ ગાળીને એમણે પણ પોતાનું વચન નિભાવ્યું. આચાર્ય મહારાજ જૂનાગઢમાં આવી રઘુવીરજી મહારાજે સ્વાદ, નિદ્રા તમામનો ત્યાગ કરી સ્વામીની વાતો સાંભળી.

સ્વામી ઘણીવાર કહેતા, 'આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો.'

જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરી આચાર્ય મહારાજ છૂટા પડવાના હતા. લોધિકાથી રાજકોટ સાતેક દિવસ રહ્યા. અહીંથી રઘુવીરજી મહારાજ છૂટા પડવાના હતા. મહારાજ તેમની સાથેના સાધુ, પાળાને લઈને ચાલ્યા. ગામના હરિભક્તો સૌ આજી નદી સુધી વળાવવા ગયા. આજી નદીના સામે કાંઠે સૌ સ્વચ્છ



કરી જલપાન કરી બેઠા. તે વખતે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! મારે તમારી પાસે એક વચન માંગવું છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે જે ધાર્યું છે તે ન માગજો.' એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા : 'સ્વામી ! તમે જેની ના પાડો છો તે જ માંગવું છે. તમારે મારો દેહ પડ્યા પછી પાંચ વર્ષ સત્સંગમાં રહેવું.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજ ! બીજું માંગો. તમે સત્સંગમાં છો એટલે બહુ જ સમાસ છે અને દેશકાળ પણ સારા છે.'

પછી રઘુવીરજી મહારાજે કહ્યું : 'સ્વામી ! આપ રહેશો એટલે પછી કાંઈ ફિકર રહેવાની નથી.'

સ્વામીશ્રી : 'ઠીક, રહેશું.'

આમ, સ્વામીશ્રી અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની પરસ્પર પ્રીતિના દર્શન થાય છે.

**(૨) ગુણાતીતાનંદ સ્વામીનો દેહનો અનાદર**

હરિલીલામૃતમાં કહ્યું છે :

'વૈરાગ્ય સાચો ઉર હોય જેને, કદી રજોગુણ ગમે ન તેને<br>જો કામના અંતરમાં વસે છે, દેહે રજોગુણ સદા દીસે છે.'

જે સાચા વૈરાગી હોય એના દેહમાં રજોગુણના ભાવ જણાતા નથી. દેહનું લાલનપાલન એના જીવનમાં જોવા ન મળે. પણ જો અંતરમાં કામના હોય અર્થાત્ વાસના હોય, તો એના જીવનમાં રજોગુણ આવે જ અને સાથે દેહનો આદર કરવાની વૃત્તિ પણ જાગે પણ ગુણાતીતાનંદ સ્વામી તો દૃષ્ટિ દ્વારા અન્યની વાસના દૂર કરવા સમર્થ હતા તો એમનામાં તો વાસના ક્યાંથી હોય ? તો પછી દેહમાં રજોગુણ પણ ક્યાંથી હોય ? દેહનો આદર પણ ક્યાંથી હોય ? આથી જ સ્વામીના જીવનમાં ડગલે ને પગલે દેહનો અનાદર આપણને જોવા મળે છે.

ગુણાતીતાનંદ સ્વામીને દેહનો દૃઢ અનાદર હતો. પોતે સદા અર્ધી ભૂખ વેઠતા અને સ્વામી કેડ ઉપર એક દોરો બાંધી રાખતા અને શરીર માપી લેતા. કદાચ શરીર સહેજ પુષ્ટ થયેલું જણાય તો ઉપવાસ કરી નાંખતા.

ગુણાતીતાનંદ સ્વામી રામદાસ સ્વામીના મંડળમાં વિચરણ કરતાં કરતાં એક દિવસ એક ગામમાં ગયા. અહીં બે-ત્રણ સંતોને તાવ આવી જવાથી તેઓ અન્ન ખાઈ શકતા નહોતા. તેથી હરિભક્તો મઠ શેકી રામદામ સ્વામી પાસે લાવ્યા. ફરસા મઠ જરા સ્વાદુ લાગે અને ખવાય તેથી રામદાસ સ્વામીએ માંદા સંતોને આપ્યા. પરંતુ મઠ ઘણા વધ્યા હતા. તેથી બધા સંતોને ફરીથી મૂઠી-મૂઠી આપ્યા

છતાં મઠ વધ્યા. રામદાસ સ્વામી વિચારમાં પડી ગયા કે આ મઠનું શું કરવું ? કારણ અપરિગ્રહ વ્રતને લીધે ઝોળીમાં રાખી શકાય એવું નહોતું અને આવી વસ્તુનો બગાડ પણ ન થાય. ગુણાતીતાનંદ સ્વામી વિચારમગ્ન રામદાસ સ્વામીને જોઈને બોલ્યા, 'સ્વામી ! આપની આજ્ઞા હોય તો લાવો હું મઠ જમી લઉં.'

રામદાસ સ્વામી તો આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમને લાગ્યું કે આ સાધુ રોજ શેરની ભૂખ વેઠતા લાગે છે. અને સ્વામીનો મહિમા સમજાયો કે ખરેખર દેહના અનાદરવાળા એ તપસ્વી પુરુષ છે.

બીજા એક પ્રસંગે સ્વામી મહારાજ સાથે વિચરણ કરતા ઉમરેઠ આવ્યા. ત્યાંના હરિભક્ત નંદરામભાઈ ઠાકર મહારાજ પ્રત્યે ભક્તિભાવવાળા છતાં થોડા લોભી સ્વભાવના હતા. તેમને સંતોને રસ-રોટલી જમાડવાની ઇચ્છા હતી. રસ ખૂબ જ ખાટો હતો છતાં નંદલાલે તેના લોભી સ્વભાવને વશ થઈ ખાંડ ન આપી. મહારાજે પણ સંતોને ખૂબ જ રસ જમાડ્યો, પછી મહારાજ જમવા બેઠા. મહારાજ જમી રહ્યા ને તરત જ ગામની બહાર આંબાના વૃક્ષ નીચે ઉતારો હતો ત્યાં ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા.

મહારાજે સંતોને કહ્યું, 'સંતો ! તમે લોભીયાનું જમ્યા છો માટે ઊભા ઊભા ઝીલણીયા કીર્તનો બોલો.' સંતો તો બીચારા લોભી ભક્તનો ભાવ જમી અકળાતા હતા. એમાં પાછું કેરીના ખાટા રસનું ઘેન ચઢતું હતું. આટલું ઓછું હોય તેમાં ચૈત્રની બપોરનો સૂર્ય પણ આગ વરસાવતો હતો. ખૂબ જ ગરમી હતી. આવી પરિસ્થિતિમાં બેસવું પણ કઠણ પડે એવું હતું. તો ઊભા ઊભા કીર્તનો બોલવાની મહારાજની આજ્ઞા ઝીલે કોણ ? પરંતુ દેહના અનાદરવાળા એ ગુણાતીત ઊભા થયા સાથે તદ્રુપાનંદ સ્વામી પણ ઊભા થયા ને સ્વામીએ બુલંદ અવાજે ઝીલણીયા કીર્તનો ઉપાડ્યા ને ઘણીવાર સુધી કીર્તનો બોલ્યા.

સ્વામીના જીવનમાં શરૂઆતથી જ દેહનો અનાદર દેખાય છે. ગુણાતીતાનંદ સ્વામી શરૂઆતમાં મુક્તાનંદ સ્વામી સાથે ફરતા હતા. એકવાર જેતલપુરના મહોલમાં સ્વામી ઊતર્યા હતા. મુક્તાનંદ સ્વામી ધાબા પર પાથર્યા વગર સૂઈ ગયા. ગુણાતીતાનંદ સ્વામી પણ પાથર્યા વગર સૂઈ ગયા. તેથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે સાધુરામ કાંકરાવાળી જમીન છે તેથી કાંકરા વાગશે માટે કાંઈક પાથરો. પરંતુ દેહના અનાદરવાળા અને કલ્યાણના ખપવાળા અને મહારાજની આજ્ઞામાં જ અખંડ રત રહેનારા ગુણાતીત એ વચનો કેમ માની શકે ? અને સ્વામી પણ કાંકરા પર જ સૂતા.

અરે, સ્વામીના દેહનો અનાદર કેવો હતો કે રસ્તામાં ચાલતા જો બાવળના



કાંટા આવે તો તે પણ કડ કડ બોલીને ભાંગી જતા એવા બરછટ પગ સ્વામીના થઈ ગયેલા. એનું કારણ પણ એ જ કે પોતે ક્યારેય દેહનો આદર કરીને જોડા પહેરતા નહોતા.

મુક્તાનંદ સ્વામી સાથે સુરતમાં વિચરણ કરતા ત્યારે મુક્તાનંદ સ્વામીની લખેલી સતીગીતા તેમજ અથાણા ને બરફીની માટલીઓ ગઢડા મહારાજ પાસે પહોંચાડવાની હતી. સુરતથી ગઢડાનું લાંબું અંતર, વિકટ રસ્તાઓ, વચ્ચે કોઈ સુવિધા નહિ છતાં દેહના અનાદરવાળા સ્વામી આ સેવા કરવા તૈયાર થઈ ગયા.

અરે, સ્વામીના દેહના અનાદરનું પ્રમાણ તો ખુદ મહારાજે જ તેમને બરછટ જાડો ધાબળો ઓઢાડીને, 'લ્યો, આ અમારા જડભરત.' એમ કહીને આપેલું.

આમ, સ્વામીના જીવનની અંદર ક્યારેય પણ દેહનો આદર જોવા નથી મળતો, પરંતુ પળે પળે દેહના અનાદરના જ દર્શન થાય છે.

**(૩) સ્પષ્ટ વક્તા**

શ્રીજીમહારાજે વચનામૃત ગ.અં. ૨૫માં કહ્યું છે 'પોતાના મનમાં જેવું હોય તેવું બીજાથી દબાઈને કહેવાય નહીં. એ તો અતિશય ભૂંડું છે.'

મહારાજે વાત કરી છે તે પ્રમાણે બીજાથી માણસ ક્યારે ન દબાય ? તો જ્યારે વ્યક્તિના જીવનમાં કોઈની અપેક્ષા ન હોય અને પોતાનું વર્તન જ્યારે અણિશુદ્ધ હોય ત્યારે તે કોઈથી દબાય નહીં.

માટે સ્પષ્ટ વક્તા થવા માટે અપેક્ષા રહિત જીવન અને અણિશુદ્ધ વર્તન ખૂબ જ જરૂરી સાધન છે. જો કોઈની પાસે અપેક્ષા હોય તો તે અપેક્ષાને લીધે અને આપણા વર્તનમાં જ ગરબડ હોય તો તેને લીધે પણ સ્પષ્ટ વક્તા થઈ શકાતું નથી.

પરંતુ ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં આ બે વાત દૃઢપણે જોવા મળે છે. એમને કોઈની અપેક્ષા નહોતી અને વર્તન પણ એવું અણિશુદ્ધ હતું. જેથી તેઓ સાચા અર્થમાં સ્પષ્ટ વક્તા થઈ શક્યા.

નવ લાખના આસામી એવા શિવલાલ શેઠ જ્યારે જૂનાગઢ સમાગમ કરવા આવ્યા ત્યારે એક બપોરે બજારમાં એક વ્યક્તિને સોનું લઈને વેચ્યું. વચ્ચે જે દલાલી થઈ તે લઈ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ કહ્યું, 'કોઈ દિ કરોડ મણ ઢૂંસાની કમાણી કરીએ એવો સંકલ્પ થાય છે ? આ સાધુના દર્શન મૂક્યા તે શી કમાણી કરી ?' એમ સ્પષ્ટપણે કહી દીધું.

એક વખત શિવલાલને સ્થૂળભાવ આવી ગયો હતો ત્યારે સ્વામીએ તેમને કહ્યું, 'તારા મનમાં એમ જાણે છે જે મેં ગઢડામાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી ને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા તે બહુ મોટું કામ કર્યું

પણ તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.' એમ ચોખ્ખા શબ્દોમાં જણાવી દીધું.

આમ, ગમે તેવો મોટો હરિભક્ત હોય પણ તેના સત્સંગમાં ઘસારો આવ્યો હોય તો તેને સ્વામી સ્પષ્ટ કહી દેતા.

સં. ૧૯૦૫માં વરતાલમાં જ્યારે બધાએ મળીને અમદાવાદથી આચાર્ય મહારાજને બોલાવી અને દેશના મોટેરા એવા જે ગોપાળાનંદ સ્વામીનું અપમાન કરવાનું નક્કી કર્યું. સ્વામીને જૂનાગઢ ખબર પડી તો તરત વરતાલ આવ્યા અને સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને કહ્યું : 'ઓલ્યા દેશમાંથી બધાને બોલાવીને ગોપાળાનંદ સ્વામીના અપમાનનો ઠાઠ રચ્યો છે. તો જો સ્વામીનો કંઈક વાંક હોય તો આપણે ભેગા થઈને ઠપકો દઈએ. પરંતુ ઓલ્યા દેશ પાસે કહેવરાવવું રહેવા દો.'

પણ નિત્યાનંદ સ્વામીને આગ્રહ નથી પણ ભગવદાનંદ જે ભાગવતના ભણેલા છે તે બહુ જ ફફડ્યા છે. એવી જાણ થતા સ્વામી તો તેની પાસે ગયા અને ભગવદાનંદે પાથરેલી ગોદડીને પગની ઠોકર મારીને ફગાવી દીધી. અને કહ્યું, 'શા માટે આ ઠાઠ રચ્યો છે ?' તેણે કહ્યું કે 'ગોપાળાનંદ સ્વામીએ કોઈનો ભાર રહેવા દીધો નથી તે કહ્યા વિના નહીં ચાલે.' આવો ભગવદાનંદ તો આગ્રહ જોઈ સ્વામી બોલ્યા, 'ગોપાળાનંદ સ્વામી એકલા છે. એમ જાણશો નહીં. માટે બોલવું રહેવા દ્યો. ભલે અહીં તમે મોટેરા હોવ પણ અક્ષરધામમાં હું મોટેરો છું તે કાંઈ ઉન્મત્તાઈ કરશો તો તડકે ઊભા રાખીશું.'

ભગવદાનંદ કહે, 'અક્ષરધામમાં તડકો જ ક્યાં છે ?'

સ્વામી કહે, 'અન્યથાકર્તું શક્તિ વાપરી તારા માટે નવો તડકો ઊભો કરીશ.'

આમ, ગોપાળાનંદ સ્વામીનું અપમાન રોકવા ભગવદાનંદ સ્વામીને પણ સ્પષ્ટ કહી દીધું.

સ્વામી સંતોને સ્પષ્ટ શબ્દોમાં કહેવા યોગ્ય કહી દેતા એટલું જ નહિ જરૂર પડે તો આચાર્ય મહારાજને પણ નિર્ભયપણે સ્વામી સ્પષ્ટપણે કહી શકતા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદથી આવ્યા હતા તેમને પણ સ્પષ્ટપણે સ્વામીએ કહી દીધું કે, 'હજુ તો ધર્મામૃતના કરનારા ને કહેનારા બેઠા છે. છતાં પણ સાધુ વધારે પદાર્થ રાખી નિયમમાંથી ચોરી કરે છે. શ્રીજીના મૂકેલા હોવા છતાં આજ્ઞા લોપવા માંડી તે કેવું કહેવાય ? તમે તો આચાર્ય છો તે ત્યાગીને ધર્મામૃત પ્રમાણે ન વર્તાવો તો તમને ખોટ અને અમે એ પ્રમાણે ન વર્તીએ તો અમને ખોટ.'

પછી આચાર્ય કહે તમે ઉપાસનાની આકરી વાત કરો છો તેથી અવતારમાત્રને ઘસારો આવે છે. સાથે બધા સાધુઓ પણ બોલી ઊઠ્યા કે અવતારથી મહારાજ નોખા પાડો છો તે તમને કોણે કહ્યું ?

ત્યારે સ્વામી કહે, 'સ્વામિનારાયણે કહ્યું છે બીજો કોણ કહેશે. અને આ સાધુ તમને ધર્માદો લાવી આપે છે પણ ખજાનાની કૂંચી તમે કેશવપ્રસાદને સોંપી છે તેમ સહજાનંદ સ્વામીએ પુરુષોત્તમપણાની કૂંચી તો અમને સોંપી છે. તેજ અનાદિ પુરુષોત્તમ ભગવાન તે આ ભક્તિધર્મના પુત્ર સહજાનંદ સ્વામી છે. અને આ વાત અનંત જીવોને સમજાવી પ્રગટ પુરુષોત્તમનો નિશ્ચય કરાવવો તે જ પુરુષોત્તમપણાની કૂંચી છે. બાકી તમને તો મનાવા પૂજાવાની કૂંચી સોંપી છે. તેથી પૂજાઓ છો.

આવી રીતે ઉપાસનાની બાબતમાં તો આચાર્ય મહારાજને પણ સચોટ રીતે સ્પષ્ટતાથી નિ:સંકોચ કહી દેતા.

પોતાના સંતો-હરિભક્તો પણ સત્સંગમાંથી સહેજ ફંટાઈ જાય તો તેમને પણ હેત રાખ્યા વિના સહેજે ઠપકો આપી દેતા.

બાલમુકુંદ સ્વામીને રામદાસ સ્વામી સાથે હેત થઈ ગયું હતું તો સ્વામીએ કહ્યું, 'અમારી પાસે રહો. અમારી સેવા કરવા માંડો એટલે અમારામાં હેત થશે. અમારા માટે લાકડાની થાળીમાં ખીચડી ઠારજો એટલે અમારામાં હેત થશે.' બાલમુકુંદ સ્વામીને પણ એમ કરવાથી સ્વામીમાં હેત થઈ ગયું.

એક વખત વસોમાં વાઘજીભાઈના પિતા તુલસીભાઈએ સ્વામીશ્રીને કહ્યું, 'આપ વસો પધારો અને મને વાઘજી જેવું ઢાઢું કરો.' સ્વામી તેમનું આમંત્રણ સ્વીકારી વસો પધાર્યા. તુલસીભાઈએ તો સંતોને ઉતારો આપ્યો. જ્યારે સ્વામી કથાવાર્તા કરે ત્યારે પોતે ઘરેથી બધુ વસ્તુઓ લેવા જાય પણ કથામાં બેસે નહીં. અને કથા પછી સ્વામીને હાથ જોડી પ્રાર્થના કરે કે વાઘજી જેવું ટાઢું કરો.

એક દિવસ સ્વામીશ્રીએ કહ્યું, 'જેમ લાખ મણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક બે ઘડા પાણી ઢોળીએ તો તે ટાઢી થાય ? એ તો ગંગાધરામાં નાખીએ ત્યારે હવેલી જેટલી છોળ્યું ઊડે અને બે મહિને ટાઢી થાય. તેમ તમારું હૈયું ૭૨ વર્ષના તાપથી ધગી ગયું છે. ને બે છાંટા કથારૂપી વરસાદના પડે તો ઊલટું ઉકળાટ થાય માટે બધું મૂકીને બે મહિના અમારી સાથે ફરો તો આ ફેર ઊતરે.'

આમ, મોટા હરિભક્તોને પણ સ્વામી ચોખ્ખા શબ્દોમાં કહી શકતા. બીજા એક પ્રસંગે થાણાગલોલ ગામે સ્વામીશ્રી ગયા ત્યારે જસા ગોરે સ્વામીને કહ્યું, 'સ્વામી ! વ્યવહાર દૂબળો છે ને બહુ દુ:ખી છું.' તો સ્વામી સ્પષ્ટપણે કહે, તમે સમૈયામાં આવતા નથી. ધર્માદો આપતા નથી તેથી થયું છે.

એક વખત ખીમા ભગતનો દીકરો રામ આવ્યો અને સ્વામીશ્રીના પગ દબાવવા લાગ્યો તો સ્વામીશ્રીએ પગ ખેંચી લીધો અને ભ્રૂકુટિ ચડાવી કહ્યું, 'તું જમપુરીને ખોટી જાણી મહારાજની આજ્ઞા લોપે છે. તે શું અમે નથી જાણતા ? અહીં બેઠા બેઠા અનંતકોટિ બ્રહ્માંડના જીવ પ્રાણીમાત્રની ક્રિયા હથેળીમાં ટીપું જોઈએ તેમ સાક્ષાત્ દેખીએ છીએ' એમ કહી એણે પાપ કર્યા હતા તે સ્વામીશ્રીએ બધા જ જણાવી દીધા.

ચૂડવા ગામના ખવાસને એક દિવસ જમ દેખાયા અને મારવા લાગ્યા અને મારતાં મારતાં ચાર ગાઉ દૂર લઈ ગયા ત્યારે એણે સ્વામીશ્રીને સંભાર્યા. સ્વામીશ્રીને સંભારવાથી જમે મૂકી દીધા. આ વાત સ્વામીશ્રીને તેમણે કહી તો સ્વામી કહે : 'તે વર્તમાન ધરાવી નિયમ લીધા નથી – ત્યાં સુધી તું સત્સંગી કહેવાય નહીં એટલે જમ તને મારે જ ને.'

સ્વામીના સમાગમમાં મોટા મોટા દરબારો પણ આવતા. તેમની કાંઈક ભૂલ હોય તો પણ સ્વામી સ્પષ્ટપણે કહી દેતા.

લોધિકાના દરબાર અભેસિંહ પોતે ધ્યાનમાં બેઠા ને નોકર જોડે મોતૈયાની રસોઈ મોકલાવી. સ્વામીએ સ્પષ્ટપણે કહી દીધું, 'મોતિયા તો કૂતરાનું નામ પણ હોય છે. અમારે મોતિયાનું કામ નથી. દરબારને કહેજો કે તમારા ધ્યાન કરતાં અમારું જ્ઞાન કરોડ ગણું વધારે છે.'

એકવાર અભેસિંહ કથા સમયે ધ્યાન કરવા બેઠા ત્યારે સ્વામીએ કહ્યું, 'અહીંયા રહ્યા થકા લોધિકાનું કામ નહિ થાય માટે કથામાં ધ્યાન રાખો.'

આવા મોટા દરબારોને પણ સ્વામી સ્પષ્ટ કહી દેતા. કોઈક હરિભક્તોના નિયમધર્મમાં લોપ હોય તોપણ સ્વામી ચલાવી ન લેતા અને સ્પષ્ટ કહી દેતા.

જામનગરના રેવા કડિયાને નિષ્કામધર્મમાં ભૂલ થઈ હતી તો સ્વામીએ એને ઘેર પધરામણી કરવાની ના પાડી દીધી. રસોઈ અને ધોતિયા લેવાની પણ ના પાડી દીધી.

ગોંડલમાં મિસ્ત્રી હરિભક્તના દીકરાને નિષ્કામ ધર્મમાં લોપ થયો ત્યારે સ્વામીએ એને મંદિરમાં આવવાની જ ના પાડી દીધી. પછી પ્રાયશ્ચિત્ત કરાવ્યું.

આવી રીતે સ્વામીશ્રી હરિભક્તોને સ્પષ્ટ વચનો કહી સત્સંગના માર્ગે વાળતા.

હરિભક્ત હોય કે નવ લાખના આસામી શિવલાલ શેઠ જેવા હોય. ભગવદાનંદ સ્વામી જેવા વિદ્વાન હોય કે જૂનાગઢના નવાબ હોય, આચાર્ય હોય અથવા ગમે તેવો સાધુ હોય તોપણ ગુણાતીતાનંદ સ્વામીએ કોઈની પણ શરમ કે સંકોચ રાખ્યા વગર બધાને નીડરતાથી સ્પષ્ટપણે કહી જ દીધું છે.

ત્યાગી માટે ૬/૧૫૧માં વાતમાં કહ્યું છે કે મેળે મંડળી ભેગી થઈ મલકની નિંદા કરે છે. ધર્મામૃત આપણી ઉપર જ લખ્યું છે તેને લોપીને જે ચોરીયું કરશે, લૂગડાં વધુ રાખશે તે ઠીક નથી. ટીટોડી પગ ઊંચા કરે તેણે કરીને આકાશ નહી ઝિલાય, કાંઈ અટક્યું નહીં રહે, કાઢી જ મૂકશું માટે જે રાખતો હોય તે આ ઘડીએ ચાલવા માંડો.

વળી, ૪/૩૩માં કહ્યું, 'અમે જે આ વાતું સાંભળે તેને જ સત્સંગી જાણીએ છીએ. નીકર તો ભગવા લૂગડા પહેર્યા હોય તેને પણ સત્સંગી ગણતા નથી.'

(૫/૩૯૭) સાધુતાના ગુણ હોય તેવો ગૃહસ્થ પણ સાધુ કહેવાય પણ રંગેલા લૂગડાએ કરીને સાધુ ન કહેવાય.

આમ, સ્વામીએ સંતોને પણ ત્યાગના માર્ગમાં વિઘ્ન ન આવે તે માટે સ્પષ્ટ શબ્દોમાં સાધુતાનાં લક્ષણો કહી દીધા.

આ બધી વાતો સ્વામીશ્રીના જીવનમાં વર્તનમાં હતી તો તો જ બધાને કહી શક્યા અને પોતાને કોઈની અપેક્ષા નહોતી તેથી પક્ષ રાખ્યા વગર બધાને સ્પષ્ટ ઉપદેશ આપી શક્યા.

માટે કહી શકાય કે ગુણાતીતાનંદ સ્વામી સ્પષ્ટ વક્તા હતા.

**પ્રશ્ન.૨(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર ટૂંકનોંધ લખો. (૨૦)**

**(૧) આજ્ઞાપાલક**

સુખકરણી છે દુઃખહરણી છે, આગન્યા શ્રીજીમહારાજની ! સદગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા સુખદાયી છે એ સમજાવ્યું. મહારાજ પણ વચ.ગ.પ્ર. ૨૫માં કહે છે ભગવાનની આજ્ઞા પાળે તો ભગવાન તેની ઉપર રાજી થાય. વળી, વચ.ગ.મ. ૫૧માં કહે છે કે આજ્ઞા પાળે તે આત્મસત્તારૂપે વર્તે છે.

આ આજ્ઞાનો મહિમા તો સાંભળ્યો પણ એવું આદર્શ આજ્ઞાપાલક કોણ ? તો એ છે મહારાજના અતિ ઉત્તમ ભક્ત મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી.

આજ્ઞાપાલનમાં ક્યારેય તેમને દેહની પરવા કરી નથી કે સમય પણ જોયો નથી.

એકવાર ઉમરેઠમાં નંદરામ ઠાકરના આમંત્રણથી મહારાજ અને સંતો જમવા પધાર્યા હતા. રસ રોટલીની રસોઈ હતી. મહારાજે બધા સંતોને ખૂબ જમાડ્યા.

ઊભા થવાય એવું પણ કોઈને રહ્યું નહિ. મહારાજ ત્યાંથી નીકળ્યા ને રસ્તામાં વાત કરી કે લોભીયાનું ખાધું છે તો ભજન-કીર્તન કરો. ગુણાતીતાનંદ સ્વામી કાંઈ પણ વિચાર કર્યા વગર ભર બપોરિયામાં આંબાના ઝાડ નીચે ઊભા રહીને કીર્તનો ગાવા લાગ્યા ને વરસાદ વરસ્યો.

આ તો મહારાજે પ્રત્યક્ષ આજ્ઞા કરી પણ કદાચ મહારાજે પોતાને આજ્ઞા ન કરી હોય પણ બીજાને આજ્ઞા કરી હોય તેને પણ પોતાને આજ્ઞા થઈ છે એમ માની વર્તનમાં મૂકતા.

ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા લીધા બાદ શરૂઆતના દિવસોમાં મુક્તાનંદ સ્વામીના મંડળમાં ફરતા હતા. એકવાર તેમની સાથે જેતલપુર જવાનું થયું ત્યાં મહોલમાં ઉતારો હતો. મુક્તાનંદ સ્વામી કાંકરાવાળી જમીન પર નીચે જ કાંઈ પણ પાથર્યા વગર સૂઈ ગયા. આ જોઈ ગુણાતીતાનંદ સ્વામી પણ નીચે સૂઈ ગયા. મુક્તાનંદ સ્વામી કહે, 'સાધુરામ ! તમે નવા છો એટલે કાંઈક પાથરો નહિ તો શરીર છોલાઈ જશે. અમને તો નીચે સૂવાની મહારાજની આજ્ઞા છે.'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે : 'મહારાજની આજ્ઞા તો બધા માટે છે.' આમ કહીને ગુણાતીતાનંદ સ્વામી નીચે કાંકરાવાળી જમીન ઉપર જ કાંઈ પણ પાથર્યા વગર સૂઈ ગયા.

ગુણાતીતાનંદ સ્વામી મહારાજની સર્વે આજ્ઞા સંપૂર્ણ વિશ્વાસ સાથે પાળતા.

મહેમદાવાદમાં વેદાંતી બ્રાહ્મણો અહં બ્રહ્માસ્મિના ખોટા કેફથી હરિભક્તોને હેરાન કરતા હતા. હરિભક્તો સહુ મહારાજને વરતાલ મળવા ગયા અને વેદાંતીઓની ઉપાધિની વાત કરી ને વિદ્વાન સાધુને સાથે મોકલવા વાત કરી. મહારાજે તરત જ ગુણાતીતાનંદ સ્વામીને બોલાવીને મહેમદાવાદ જવાની આજ્ઞા કરી. ગુણાતીતાનંદ સ્વામી તો શાસ્ત્રો કાંઈ ભણેલા નહિ તેથી જતા સંકોચ પામતા હતા પણ મહારાજની આજ્ઞામાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો કે મહારાજ જેને આજ્ઞા કરે છે તેને આજ્ઞાપાલનનું સામર્થ્ય પણ આપે છે એમ વિચારી મહારાજની આજ્ઞાને ઉર ધારીને સ્વામીએ મહેમદાવાદ જઈ વેદાંતીઓનો પરાજય કર્યો.

સ્વામીને ક્યારેય મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને મહારાજનો દર્શનાદિક લાભ લીધો નથી.

વરતાલ મંદિરનું કામ ચાલતું હતું. મહારાજની આજ્ઞાથી સહુ સંતો તેની સેવામાં જોડાયા હતા. ગુણાતીતાનંદ સ્વામી પણ તેમાં જોડાયા હતા. એક દિવસ મહારાજ કામકાજ કેમ ચાલે છે તે જોવા નીકળ્યા. સંતોના (ભક્તિપ્રિયાનંદ સ્વામી તથા સાથેના સંતોના) શરીર ગારાવાળા થઈ ગયા હતા. મહારાજ તેમની સેવાભાવનાથી ખૂબ પ્રસન્ન થયા ને કહ્યું કે આવો સ્વામી મળીએ. ભક્તિપ્રિયાનંદ સ્વામી કહે કે શરીર ગારાવાળું છે.

મહારાજે કહ્યું, 'આ ગારો નથી પણ ચંદન છે.' એમ કહી જે સંતોના શરીર ગારાવાળા હતા તેમને મહારાજ મળવા લાગ્યા. આ જોઈ સેવામાં નહોતા જોડાયા તેવા પણ કેટલાક સંતો મહારાજને ભેટવાનો લાભ લેવા શરીરે ગારો લગાડીને આવ્યા પણ મહારાજે તેમને પાછા કાઢ્યા. ગુણાતીતાનંદ સ્વામી તો દૂર ઊભા ઊભા દર્શન કરતા હતા. મહારાજ કહે આવો સ્વામી મળીએ.

ગુણાતીતાનંદ સ્વામી કહે, 'મારું શરીર ગારાવાળું નથી. આપે તો ગારાવાળાને મળવાનું કીધું હતું એટલે દૂર ઊભો છું.' ગુણાતીતાનંદ સ્વામીની આવી આજ્ઞાપાલનની વૃત્તિથી પ્રસન્ન થઈને મહારાજ તેમને સામેથી બોલાવીને ભેટ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ સમૈયાનો લાભ જતો કરીને પણ મહારાજનું વચન અધ્ધર ઝીલ્યું હતું.

એકવાર કારિયાણીમાં ૧૯ સાધુ બીમાર પડ્યા. મહારાજને હરિજયંતીનો સમૈયો કરવા વરતાલ જવું હતું પણ આ સંતોની સેવામાં કોણ રહે ? એ પ્રશ્ન હતો. મહારાજે કીધું કે જે સેવામાં રહે તેને સો સમૈયાનું ફળ હું આપું. છતાં કોઈ તૈયાર ન થયું. મહારાજનું વચન હેઠું પડતા જોઈ સ્વામી કહે, 'હું સેવામાં રોકાઈશ.' મહારાજ ખૂબ રાજી થઈ ગયા ને માથે બે હાથ મૂક્યા ને કહ્યું : 'રંગ છે સ્વામી ! તમે વચન હેઠું પડવા દીધું નહિ.'

ઘણીવાર આજ્ઞાપાલનમાં સ્વાર્થ સધાતો હોય એટલે એનું બળ રહે પણ સ્વામીનો તો એટલો જ સ્વાર્થ કે બસ મહારાજનો રાજીપો મળે ને રાજી થાય.

એકવાર કુશળકુંવરબાના આમંત્રણથી મહારાજ સંઘ સાથે ધરમપુર જતા હતા. રસ્તામાં સુરતમાં દેવાનંદ સ્વામી બીમાર થઈ ગયા. મહારાજ કહે : 'નિર્ગુણાનંદ ક્યાં છે ? બોલાવો.' સ્વામી હાજર થયા. મહારાજે દેવાનંદ સ્વામીની સેવામાં રોકાવાની આજ્ઞા કરી. ધરમપુર જેવા રાજ્યમાં મહારાજનું ભવ્ય સન્માન થવાનું હોય તે લાભ જતો કરી કેવળ એક મહારાજના રાજીપા સારુ રોકાઈ ગયા. દેવાનંદ સ્વામી સ્વામીશ્રીની સેવાથી સારા થઈ ગયા ને ખૂબ રાજી થઈ ગયા અને કહ્યું કે 'સ્વામી ! તમને હું મારી ગાનવિદ્યા શીખવાડું ને મહારાજની પ્રસાદીની ડગલી મારી પાસે છે તે તમને આપું.' સ્વામીએ વિનયપૂર્વક તેમને કહ્યું, 'મેં તમારી સેવા કેવળ મહારાજને રાજી કરવા સારુ જ કરી છે પણ બીજા કોઈ સ્વાર્થ માટે કરી નથી.'

આમ, મહારાજની આજ્ઞા તો સ્વામી પાળતા જ પણ તેમની આજ્ઞાથી જે મોટેરા સંતો પાસે પોતે રહેતા તેમની આજ્ઞા પણ મહારાજની આજ્ઞા જાણી પ્રેમથી પાળતા.

સં. ૧૮૭૬નું વર્ષ દુકાળનું હતું. મહારાજે મુક્તાનંદ સ્વામીને અને તેમના મંડળને સુરત જવા આજ્ઞા કરી. એકવાર સુરતના હરિભક્તો મુક્તાનંદ સ્વામી પાસે મેવા-બરફીની માટલીઓ અને અથાણાની બરણીઓ લઈને આવ્યા ને પૂછ્યું કે 'મહારાજ પાસે કોઈ જવાનું છે ?'

ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, 'મારો સતીગીતાનો ગ્રંથ પણ પૂરો થયો છે તે પણ મહારાજ પાસે મોકલવાનો છે.' એટલે સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને બોલાવીને કહ્યું, 'તમે જશો ?' સ્વામી તરત જ તૈયાર થઈ ગયા. ખૂબ જ લાંબું અંતર છતા તેનો વિચાર ન કર્યો ને જોડના સાધુ શાંતાનંદ ગોદડિયા સાથે પગપાળા ગઢડા પધાર્યા. મહારાજ સ્વામીની આવી આજ્ઞાપાલનવૃત્તિથી પ્રસન્ન થઈને ૨૨ વાર ભેટ્યા.

આજ્ઞા પાળતા જો માન મળે, કોઈ ગણતરીમાં લે તો આજ્ઞા પાળવાનું બળ મળે. પણ કોઈ અપમાન કરે, વિમુખ કરે તો આજ્ઞા ક્યાંય ઊડી જાય. પણ સ્વામીને મહારાજે બીજાના કહેવાથી વિમુખ કર્યા છતાં આજ્ઞા યથાર્થ પાળી.

મહારાજ વડતાલમાં બિરાજમાન હતા. સ્વામી કૃપાનંદ સ્વામી સાથે બુરાનપુરથી વડતાલ પાછા આવ્યા. ગોમતી તળાવે સ્નાન કરતા પગ લપસ્યો ને મચકોડ થઈ. એ સમયમાં મહારાજે સદ્‌ગુરુ સંતોને કોઈને બુરાનપુર મોકલવાની વાત કરી. સદ્‌ગુરુ સંતોએ સ્વામીને વાત કરી. સ્વામી કહે પગે મચકોડ થઈ છે માટે સારું થયા પછી જઈશ. સદ્‌ગુરુ સંતોએ મહારાજને કહ્યું કે 'સ્વામી જવાની ના પાડે છે.' મહારાજ ભાવમાં આવી ગયા ને કહ્યું, 'સ્વામી વિમુખ છે અને તેમને કોઈ અડે તો ઉપવાસ કરવો. જેમ સ્ત્રીને અડવાથી ઉપવાસ પડે, તેમ તેમને કોઈએ અડવું નહિ, તેમની સાથે બોલવું નહિ. સ્વામીએ તો જોબનપગીના ઘર આગળ થોરની વાડ હતી ત્યાં ઉતારો કર્યો ને મહારાજ વાસણ સુથારના ઘરની બારીએ બેસે ત્યારે મહારાજનાં દર્શન કરતા ને મહારાજની આજ્ઞાનું પાલન કરતા. પછી મહારાજને સાચી વાત જાણવા મળી ત્યારે સ્વામીને બોલાવ્યા ને અપાર રાજીપો દર્શાવ્યો.

આજ્ઞા પાળવામાં સ્વામી વિવેક રાખતા. ધર્મલોપ સંબંધી આજ્ઞા હોય તો મહારાજે કહ્યું છે કે ચિરકારી થવું. તેમ સ્વામી પણ વિવેકથી આજ્ઞા પાળતા. અને મહારાજની રુચિ જોઈ આજ્ઞામાં કૂદી પણ પડતા. મહારાજે એક દિવસ સ્વામીને



બુરાનપુર જઈ અને સ્ત્રીઓની સભામાં વાતો કરવાની આજ્ઞા કરી. સ્વામી તો મૂંઝાયા. મહારાજે તેમના બાળમિત્ર નિષ્કુળાનંદ સ્વામીને સમજાવવા મોકલ્યા. સ્વામી તેમની વાત સાંભળી રડી પડ્યા. મહારાજ તેમને બોલાવીને મુક્તાનંદ સ્વામીનું પદ બોલ્યા કે 'સદ્‌ગુરુ કી ભક્તિ કરે સોઈ, જાકે ધડ પર શીશ ના હોય.' આ કીર્તન બોલી સ્વામીને છાતી સરસા દાબીને મહારાજે આ વચનમાં ખૂબ રાજીપો છે એમ જણાવ્યું. સ્વામીએ આ આજ્ઞા પાળી મહારાજનો ખૂબ રાજીપો મેળવ્યો.

આમ, ગુણાતીતાનંદ સ્વામીના સમગ્ર જીવનમાં ડોકિયું કરતા તેમનો જીવનમંત્ર જ મહારાજની આજ્ઞા યથાર્થ પાળવી તેવો હોય એમ જણાય છે. આજ્ઞામાં ક્યારેય યુક્તિ-પ્રયુક્તિ કે માન-અપમાનનો વિચાર કર્યો જ નથી.

ઝોળિયા પારેવાની જેમ શ્રીજીની આજ્ઞામાં ઝંપલાવનારા આદર્શ આજ્ઞાપાલક ગુણાતીતાનંદ સ્વામીને કોટિ કોટિ વંદન.

### (૨) વડતાલની છાવણી

*'સત્સંગનો કૃષ્ણ કથા જ પાયો, કદાપિ જો તે નબળો જણાયો*
*સત્સંગરૂપી શુભ તો હવેલી, પડી જવાની ગણવી જ વહેલી.'*

આચાર્ય રઘુવીરજી મહારાજ આ વાતને સારી રીતે જાણતા હતા. વળી પોતે પણ કથાવાર્તાના અત્યંત ઈશકી હતા. આથી આચાર્ય મહારાજ જ્યારે કાનમ દેશમાં ફરીને વરતાલ હરિનવમીના સમૈયે આવ્યા, ત્યારે જ એમણે સ્વામીને વાત કરી કે 'સ્વામી ! આ વખતે પધરામણીની ભેટ સારી એવી આવી છે માટે સત્સંગિજીવનની કથા કરાવીએ ને સાડા ચાર મહિના સુધી સાધુ-હરિભક્ત તમામને ખાધાનું ખર્ચ મારે આપવું.' ગુણાતીતાનંદ સ્વામી આ સાંભળીને અતિશય રાજી થયા ને પોતે આવવા સંમત થયા.

ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ જઈ મંદિરના અગત્યનાં કામો પતાવી આશરે પંચોતેર હરિભકતોનો સંઘ લઈને વરતાલ આવવા નીકળ્યા. વરતાલથી બધા મહેળાવ સ્વાગત કરવા આવ્યા. સ્વામીને વરતાલ લઈ ગયા. આ ચાતુર્માસની કથાવાર્તાની છાવણીમાં લાભ લેવા ઘણા હરિભક્તો આવ્યા હતા પણ ગોમતીમાં પાણી ખૂટી ગયું હતું. આચાર્ય મહારાજે સ્વામીને પ્રાર્થના કરી. સ્વામીની ઈચ્છાથી વરસાદ વરસ્યો ને તળાવ ભરાયું.

આ છાવણીમાં કથાનો લાભ લેવા અમદાવાદ ગાદીના આચાર્ય મહારાજ તથા આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ગુરુચરણરતાનંદ સ્વામી વગેરે ઘણા સંતો આવ્યા. વરતાલ દેશના શાતાનંદ, હરિહર્યાનંદ, બાપુ રતનજી તથા

જૂનાગઢથી પ્રાગજી ભક્ત, જાગા ભક્ત, નથુ ભટ્ટ, સારંગપુરથી જેઠા ખાચર, વસોના વાઘજીભાઈ, સુરતના કરસનદાસ એમ ઘણા બધા સંતો-ભક્તો પધાર્યા હતા.

આમ, સંવત ૧૯૧૧ના ચાતુર્માસના પ્રારંભ દિને આ છાવણીની શરૂઆત થઈ. આચાર્ય મહારાજે ગોઠવણ કરી રાખી હતી કે બધાએ મંગળા સુધીમાં પરવારી કથાશ્રવણ માટે તૈયાર થઈ જવું. મંગળાથી શણગાર વચ્ચે દોઢ કલાક ગુણાતીતાનંદ સ્વામી વાત કરે. શણગારથી રાજભોગ ભોળાનાથ ભટ્ટ કથા વાંચે. ઠાકોરજીના ઉત્થાપનથી સંધ્યા સુધી શુકમુનિ કથા વાંચે અને સંધ્યાથી શયન સુધી શાસ્ત્રી બલરામદાસ કથા વાંચે. કથાની બે વખત સમાપ્તિ થયા પછી રાત્રે સભામાં ગુણાતીતાનંદ સ્વામી સાધુની ધર્મશાળાના વચલા પગથિયા આગળ ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, ચોસઠપદી અને શિક્ષાપત્રીની વાતો કરતા.

એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'ગુરુ જ ક્યાં કર્યા છે ? કર્યા હોય તો ગુડીયું શું કામ વાળે, ગુરુના ગુણ આવવા જોઈએ ને ?' આવી આકરી વાતો કરી. આથી ઘણા સંતો હરિભક્તો મૂંઝાયા ને ગોમતી કિનારે ભેગા થયા ને કાલથી શુકમુનિને કથા કરવા બેસાડવા એવું નક્કી કર્યું. તેથી શુકમુનિ સ્વામીએ બે દિવસ સુધી કથાવાર્તા કરી, પણ એમનો સાદ ઝીણો અને શાસ્ત્રોની વાતો કરે માટે કોઈને રસ પડે નહિ.

વળી, આચાર્ય મહારાજને શ્રીજીમહારાજે સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું : 'સ્વામી પાસે કથા કરાવો.' આચાર્ય મહારાજે પણ અમુક સંત હરિભક્તને બોલાવીને પૂછ્યું ત્યારે બધાએ સંમતિ દર્શાવી અને ભંડારીએ તો એવી વાત કરી કે 'ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળીને તો કેટલાકને ત્યાગ-વૈરાગ્યની ખુમારી ચઢી છે. એટલે લાડવા લેતા નથી, તેથી બે મણ ઘી બચે છે.'

આચાર્ય મહારાજે આથી સભામાં જાહેરાત કરી, 'જ્યાં સુધી આ છાવણી ચાલશે, ત્યાં સુધી સ્વામી જ વાતો કરશે.' ફરીથી ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તાની ઝડી વરસાવવા માંડી. તે સમયે ઘણા દેવતાઓ આકાશમાં આવી સ્વામી પર ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.

વળી, સ્વામીના કૃપાપાત્ર પ્રાગજી ભક્ત એમની અપૂર્વ સ્મરણશક્તિથી દરરોજ રાત્રે સ્વામીની બધી જ વાતો બાપુ રતનજી આગળ કરતા. ત્યારે પણ ઘણા બધા સંતો ને હરિભક્તો આવી જતા.

આમ, આ છાવણીથી સંપ્રદાયમાં શ્રીજીમહારાજના સર્વોપરીપણાનું નવું રહસ્ય ફેલાવવા લાગ્યું. વળી, સ્વામી રોજ બધાને હેતથી કેરીઓ જમાડતા.



આથી બધાને સ્વામીમાં હેત ને આત્મબુદ્ધિ થતા. સાધુઓની નોખી રસોઈઓ થતી તે બંધ થઈ ગઈ. અને બધા ભંડારમાં જમવા લાગ્યા. વળી, કેટલાકે તો ધારણાં-પારણાં પણ ચાલુ કરી દીધા.

જ્યારે છાવણી પૂરી થવાને થોડા દિવસ બાકી રહ્યા, ત્યારે સ્વામીએ પોતાના ગયા પછી કથા બંધ ન થાય તે માટે આચાર્ય મહારાજના મેડે કથા ચાલુ કરી. આથી બધા ત્યાં જવા લાગ્યા. આચાર્ય મહારાજના મેડે સ્વામીએ ગઢડા મધ્યનું ૯મું વચનામૃત વંચાવી શુકમુનિની અણસમજણ ટાળી દીધી. શુકમુનિ બોલી ઊઠ્યા, 'આ વચનામૃત તો મહારાજે મને જ ઉદ્દેશીને કહ્યું, મેં જ શોધ્યું પણ યથાર્થ આજે સમજાયું.' આમ, સ્વામીની વાતોથી મોટા મોટાને સમાસ થયો.

આ છાવણી દરમ્યાન સ્વામીએ અચિંન્ત્યાનંદ બ્રહ્મચારી પાસે હરિલીલાકલ્પતરુ ગ્રંથ લખાવવાનો શરૂ કરાવ્યો.

આમ, સંવત ૧૯૧૧ અષાઢની એકાદશી આરંભાયેલી. આ ચાતુર્માસની કથાની પૂર્ણાહુતિ કાર્તિક સુદિ એકાદશીએ થઈ. સમગ્ર સત્સંગમાં સ્વામીની વાતો છવાઈ ગઈ.

### (૩) શ્રીહરિ અને ગુણાતીતાનંદ સ્વામીની અવિચલ એકતા

'ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઊલટી પલટ્યું આપ સંત તે સ્વયં હરિ.'

'સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.'

નિષ્કુળાનંદ સ્વામીએ સાચા સંત અને ભગવાન વચ્ચેનો સંબંધ આ કાવ્યપંક્તિઓમાં આપણને બતાવ્યો છે. આમ તો ભગવાન સર્વ જીવ પ્રાણીમાત્રમાં અંતર્યામીરૂપે રહ્યા છે. પણ પોતાના અક્ષરબ્રહ્મરૂપ સંતમાં સાંગોપાંગ, સમ્યક રીતે રહે છે તેથી તે સંત સ્વયં હરિરૂપ થઈ જાય છે માટે તે સંતને હરિ કહેવાય છે. પણ તે બીજા ભગવાન બની જાય છે એવું નથી. પણ એ બેની એકતા એવી અવિચલ હોય છે કે તે સંતને પૂજવાથી શ્રીહરિ પૂજાય છે. એવા સંત હતા આપણા ગુણાતીતાનંદ સ્વામી.

મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની આવી અવિચળ એકતાના દર્શન સ્વયં શ્રીહરિએ પ્રસંગોપાત કરાવ્યા છે. વળી, ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની અને મહારાજની એકતાની વાતો કરી છે તે પણ આપણે જોઈએ.

આમ તો બાળપણથી જ સ્વામી પોતે મહારાજ સાથેની એકતાના દર્શન કરાવવા મંડ્યા હતા. આજે જનોઈનાં ગીત ગાવ, આજે મહારાજ વનમાં છે વગેરે વગેરે... જાણે બંને સાથે જ રહેતા હોય એટલી સહજતાથી સ્વામી વાત કરતા.

મહારાજે પણ ભાદરામાં સાકરબાને આવી જ વાત કરી હતી કે 'અમે તો

જન્મ્યા ત્યારથી જ મૂળજીને અખંડ સંભારીએ છીએ. તે અમારી સાથે બંધાયા છે ને અમો એમની સાથે બંધાયા છીએ. અમારું હેત બહુ જૂનું છું.' આમ, મહારાજ પણ બંને એક જ હોય એટલું હેત બતાવતા.

ઘણીવાર મહારાજે પોતે જ સ્વામી અને પોતામાં એકતા છે એવાં દર્શન કરાવ્યા છે. એકવાર ગુણાતીતાનંદ સ્વામી ઉન્મત્તગંગામાં નહાવા માટે ગયા હતા. પુરુષોત્તમ ઘાટે ખળખળિયામાં સ્નાન કરતાં કરતાં સ્વામીનો પગ ભેખડની બખોલમાં પેસી ગયો. પગ એવો તો પેસી ગયો કે કાઢવા જાય તો વધુ સજ્જડ થાય ને ભાંગી જાય એવી બીક લાગી. આથી સ્વામી મૂંઝાયા એટલે તરત જ મહારાજે દર્શન આપીને કહ્યું, 'ધીરા રહીને કાઢો, નહિ તો ભાંગી જશે.'

બીજી બાજુ અક્ષરઓરડીમાં મહારાજ સંતોને કહેવા લાગ્યા 'અમારો પગ કાઢો નહિ તો ભાંગી જશે.' મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું, 'તમે તો ઢોલિયા પર છો તમારો પગ કઈ રીતે ભાંગે ?'

ત્યારે મહારાજે કહ્યું, 'આ તો અમારા અક્ષરધામ એવા ગુણાતીતાનંદ સ્વામીનો પગ નદીમાં ભરાયો હતો તે માંડ નીકળ્યો.' આમ, ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા જણાવી.

એકવાર જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી સગડી વડે તાપતા હતા. શિયાળો વધુ હતો તેથી વધારે તાપ્યું. આ બાજુ ગઢડામાં મહારાજ ગરમીથી આકળા થઈ ગયા ને મોટીબા પાસે પાણી મંગાવ્યું. તેમને આશ્ચર્ય લાગ્યું ને પૂછ્યું તો મહારાજ કહે, 'અમારું ધામ તપી ગયું માટે ગરમી લાગી.'

મોટીબા કહે : 'ધામ તો શીતળ શાંત છે.'

મહારાજ કહે, 'ગુણાતીતાનંદ સ્વામી અમારું ધામ છે તે જૂનાગઢમાં તપી ગયા છે માટે ઠંડું પાણી લાવો. પછી મહારાજે ઠંડા પાણીથી સ્નાન કર્યું ત્યારે સુવાણ થઈ.'

એકવાર મહારાજ કારિયાણીમાં હતા ત્યારે અચાનક પલંગમાંથી ઝબકીને જાગ્યા ને 'હં' એમ બોલી એક હાથ અધ્ધર રાખી મૂક્યો. પાસે બેઠેલા સેવકો એકદમ જાગી ગયા ને પૂછ્યું તો મહારાજ કહે : 'અમારું અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી વંથળી જાય છે તેમને ઠેસ લાગી તેથી અમે જાગી ગયા ને એમને હાથ આપવા માટે હાથ ઊંચો રાખ્યો છે. આમ, ઘણી વખત મહારાજે પોતે પોતાની સ્વામી સાથેની એકતા બતાવી છે.'

ઘણીવાર ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની એકતાનાં દર્શન કરાવ્યા છે. એકવાર સંતો વાંસ કાપવા દાતારના ડુંગરની પાછળના જંગલમાં ગયા હતા.



એમને વાર લાગી એટલે સ્વામી પોતે શોધવા માટે ગયા ને કાળવા આગળ બેઠા. સંતો આવ્યા ને પાણી પીવા લાગ્યા. પણ શિવાનંદ સ્વામી નહોતા પીતા, કારણ કે એમને મહારાજની ચરણરજ વિનાનું પાણી ન પીવું એવો નિયમ હતો. સ્વામીએ આ જાણ્યું ને પોતે ધરામાં ઊભા રહ્યા ને શિવાનંદ સ્વામીને કહ્યું, 'લે આ મહારાજની ચરણરજ છે પાણી પી લે.' શિવાનંદે પાણી પી લીધું. આમ, ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની એકતાના દર્શન કરાવતા.

ઓઢાના સમઢિયાળાના લક્ષ્મણ ગુણાતીતાનંદ સ્વામી સાથે પ્રશ્નોત્તરી કરતા હતા. એટલામાં જ સ્વામીના દેહમાંથી એટલો બધો પ્રકાશ નીકળ્યો ને લક્ષ્મણ અહો, અહો કરવા લાગ્યો અને એને સ્વામીને બદલે મહારાજ દેખાવા લાગ્યા, તે તો ચરણારવિંદ લઈને છાતીએ અડાડવા લાગ્યો. બધા હરિભક્તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. પૂછ્યું ત્યારે ખબર પડી કે સ્વામીમાં એને મહારાજ દેખાતા હતા.

એકવાર ગુણાતીતાનંદ સ્વામી લોઢવા ગામમાં ગયા હતા. ત્યાં મહારાજની પ્રસાદીની જગ્યા પર બેઠા. ત્યાં જ સ્વામીની મૂર્તિમાંથી અચાનક તેજ નીકળવા લાગ્યું ને લોકોને સ્વામીની જગ્યાએ વર્ણીવેશે મહારાજ પધાર્યા હતા તે મૂર્તિ દેખાવા લાગી. સૌ આશ્ચર્યમુગ્ધ થઈને કહેવા લાગ્યા 'આ તો લખુ ચારણને ત્યાં આવેલા એ જ વર્ણી છે.' આમ, સ્વામીશ્રીની મૂર્તિમાં સૌને મહારાજ દેખાયા.

એકવાર જાગા સ્વામી ઉદાસીન થઈ ગયા ને સ્વામી પાસે આવી કહેવા લાગ્યા 'પાછોતરો દેહ આવ્યો તેથી મહારાજનો સંબંધ ને દર્શન ન થયા.' ત્યારે સ્વામીએ એમને વાત કરી. 'મહારાજની મૂર્તિના ચાર સુખ હતા : દર્શન, વાતું, પ્રસાદી ને મળવું. એ ચારેય સુખ આજથી મારે તને આપવા, બાકી મહારાજનો આકાર દેખાતો નથી પણ રોમનોય ફેર નથી એ વાત જાણજો.' આમ, મહારાજ પોતામાં અખંડ રહ્યા છે એ વાત જણાવી દીધી.

ઘણીવાર મહારાજ, સ્વામી સાથે વાતો કરતા હોય તેવા પણ દર્શન લોકોને થતા. સુરતમાં સ્વામી ઝોળી માંગતા હતા ત્યારે પણ આનંદ સ્વામીને આવાં દર્શન થયા હતા. વળી, જૂનાગઢમાં પણ માધવપ્રિય સ્વામી અને બાલમુકુંદ સ્વામીને એવાં દર્શન થયા હતા.

એકવાર જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી નાહીને ધોતિયું પહેરતા હતા ત્યાં બાલમુકુંદ સ્વામી તથા ત્રિકમદાસ દર્શન કરતા હતા ત્યારે સ્વામીએ કહ્યું, 'તમને પ્રગટ ભગવાન સાક્ષાત્ મળ્યા છે માટે કરવાનું કાંઈ બાકી નથી. જેમ તમારા દેહમાં જીવ રહ્યો છે તેમ અમારામાં સાક્ષાત્ મહારાજ રહ્યા છે એ જ તમને મળે છે, માથે હાથ મૂકે છે માટે આકાર સાધુનો દેખાય છે એટલો જ ફેર છે બાકી છે તો

સાક્ષાત્ મહારાજ.'

જૂનાગઢના નાગર હરિભક્ત માંદા થયા ત્યારે સ્વામીને સંભાર્યા. સ્વામીએ દર્શન દીધા. એટલામાં મહારાજે પણ દર્શન દીધા ને કહ્યું, 'માનશંકરભાઈ, જુઓ અમે ધામમાં નથી ગયા પણ સ્વામીમાં અખંડ રહ્યા છીએ.'

સ્વામીશ્રીએ જૂનાગઢથી છેલ્લી વિદાય લીધી ત્યારે વંથળી જતાં બોલ્યા, 'જ્યારે જ્યારે આ રસ્તે જઈએ ત્યારે મહારાજ સાંભરી આવે છે.' ત્યારે કાશીરામ નામના ભક્ત બોલ્યા, 'સ્વામી, જેણે દર્શન કર્યાં હોય એને સાંભરે અમારે શું ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'તમારે ક્યાં પરોક્ષ છે ? મહારાજ જ સંત દ્વારે દર્શન દે છે ને વાતું કરે છે.'

આમ, ઘણા પ્રસંગોએ મહારાજ અને સ્વામીની એકતા જણાય છે. મહારાજ જ્યારે દેહ મૂકવાના હતા, ત્યારે પણ આ વાતને પુષ્ટ કરી હતી. ગુણાતીતાનંદ સ્વામી મહારાજને મળવા ગયા ત્યારે મહારાજે અક્ષરઓરડીમાં સ્વામીને બોલાવીને કહ્યું હતું 'મીઠા વ્હાલા કેમ વીસરું, મારું તમથી બાંધેલ તન હો.'

મહારાજ ધામમાં પધારી ગયા પછી લક્ષ્મીવાડીમાં ગુણાતીતાનંદ સ્વામી બહિર્ભૂમિ જતા હતા ત્યારે લીલી ધ્રોને જોઈને વિચાર્યું કે 'ધ્રોનું જીવન જળ છે તે પ્રફુલ્લિત છે પણ આપણું જીવન તો મહારાજ હતા તે તો ગયા, આ યાદ આવતા તે મૂર્છિત થઈ ગયા ત્યારે પણ મહારાજે દર્શન દઈને કહ્યું હતું 'હું ક્યાં ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું.'

આમ, ઘણા બધા પ્રસંગે મહારાજે અને ગુણાતીતાનંદ સ્વામીએ બંનેની પરસ્પરની એકતાના દર્શન આપણને કરાવ્યા છે અને સંત દ્વારે ભગવાન પૃથ્વી પર અખંડ રહે છે એ વાત સિદ્ધ કરી બતાવી છે.

### (૪) સ્વામીશ્રીએ કરેલા જીવનપરિવર્તનો

સંત કવિ તુલસીદાસજી કહે છે,

*'એક ઘડી આધી ઘડી, તાકી પુની આધ;*
*તુલસી સંગત સંત કી, કટે કોટિ અપરાધ.'*

કરોડો અપરાધ કર્યા હોય, કોઈ પણ પાપ કરવાનું બાકી ન હોય આવું અધમ જીવન જીવનારને પણ જો સાચા સંતરુપી પારસમણિનો ભેટો થઈ જાય તો એનું કટાયેલા લોખંડ જેવું જીવન ઝળહળતા સુવર્ણમાં પરિણમે છે.

ગુણાતીતાનંદ સ્વામીના યોગે આવા કેટલાય માણસોના અંધકારભર્યા જીવનમાં સત્સંગનો સૂર્યોદય થયો હતો. તેમાંના કેટલાક ભક્તોને આપણે પ્રસ્તુત નિબંધમાં જોઈશું.



**(૧) મૂંજો સુરુ** - ગોંડલ પાસે લીલાખાના વતની મૂંજા સુરુ આમ તો શૂરવીર અને મુમુક્ષુ હતા. પણ દારૂ અને માંસની લતે એમની મુમુક્ષુતા ઢંકાઈ ગઈ હતી. રોજ ગમે તેના ઘેટા બકરા ઉપાડી લાવતા, એનું માંસ ખાવું, દારૂ પીવો આ બધું એમના રોજિંદા જીવનમાં વણાયેલું હતું.

એકવાર સ્વામીશ્રી ફરતાં ફરતાં લીલાખા પહોંચ્યા. એના જીવનની અંધારી રાત્રિની અંતિમ ઘડીઓ હવે આવી ગઈ હતી. સ્વામીશ્રીએ બોલાવ્યા. તેઓ દર્શને આવ્યા પણ સ્વામીની દૃષ્ટિ ઝીલી ન શક્યા. સ્વામીએ એને કહ્યું, 'અફીણથી એક કલ્પ, ભાંગથી ત્રણસો કલ્પ અને દારૂમાંસથી હજાર કલ્પ સુધી નરકમાં જવું પડશે.' આ બધી વાતો તો ભોળા માણસોને બિવડાવવા માટે છે એમ માનનારા મૂંજા સુરુએ સ્વામીને કહ્યું 'અમારો ક્ષત્રિયોનો તો આ ધર્મ કહેવાય અને આ પોથા તો અમે અધ્ધર લટકાવી રાખીએ છીએ.'

કેવળ વાતોથી નહિ માનવાવાળા મૂંજા સુરુને સ્વામીશ્રીએ સમાધિ કરાવી. કાળમુખા યમદૂતોનો ભયંકર માર ખાઈને ગભરાયેલા મૂંજા સુરુ સ્વામીશ્રીના ચરણોમાં પડી ગયા અને વર્તમાન ધરાવી સત્સંગી બની ગયા.

આ વાતથી ભરવાડો રાજી થઈ ગયા ને સ્વામીને મૂંજા સુરુના ગુરુ તરીકે ઓળખવા લાગ્યા.

**(૨) વાલેરો વરુ :** બાબરિયાવાડના માણસા ગામના દરબારના બે પુત્રમાંથી મોટા પુત્રે નાનાભાઈનો ગરાસ પચાવી પાડ્યો. વીફરેલો નાનો ભાઈ બહારવટિયે ચડ્યો. ખેડૂતોને મારી નાખવા, ગામોમાં લૂટ કરવી, જાસાચિઠ્ઠી મોકલવી. આ બધા કારસ્તાન તે ગરાસ માટે કરવા લાગ્યો. એ બહારવટિયો તે આ વાલેરો વરુ. જેનું નામ સાંભળતાં ધોળે દિવસે લોકોને તારા દેખાઈ જતા.

એકવાર સ્વામીશ્રી ઊના જતા સંઘ સાથે ભૂલા પડ્યા. ત્યાં જ વાલેરાના સાગરિતો બંદૂકના નાળચે બધાને વાલેરા પાસે લઈ ગયા. આ જોઈ સંઘના ભકતો ધ્રૂજવા લાગ્યા, માત્ર સ્વામીશ્રી સ્થિર હતા. વટેમાર્ગુને મારવા બંદૂક તાકીને ઊભેલા વાલેરાએ સ્વામીશ્રીને જોયા ને એની બંદૂક પડી ગઈ અને તે સ્વામીના ચરણોમાં પડી ગયો. સ્વામીની વાણી સાંભળી તેનું હૃદયપરિવર્તન થઈ ગયું. સ્વામીએ એને આશીર્વાદ આપ્યા કે સાત દિવસમાં તને ગરાસ મળી જશે. તું આ ખરાબ ધંધા છોડી દે. સાત દિવસ ગણવા માટે એક દોરીમાં સાત ગાંઠો બાંધી આપી અને કહ્યું કે રોજ એક છોડજે. વાલેરાએ દૂધપાકની રસોઈ કરી સંઘને જમાડ્યો.

સ્વામીના આશીર્વાદથી સાત દિવસ પછી એને ગરાસ મળી ગયો. વધારાના

રૂપિયા પણ મળ્યા. એમાંથી ૨૦૦૦/- રૂપિયા લઈ જૂનાગઢ સ્વામીને આપ્યા ને ચાર-પાંચ દિવસ સમાગમ કરી પાકા સત્સંગી થઈ ગયા. તેણે સ્વામીને ઘર બતાવવા કહ્યું. ત્યારે સ્વામીએ મંદિર, ધર્મશાળા બતાવી પણ વાલેરો કહે આ ઘર નહિ, અસલી ઘર બતાવો. વાલેરાની મુમુક્ષુતા જોઈને સ્વામીએ સમાધિ કરાવી તેને અક્ષરધામ બતાવ્યું. પછી તો તે સ્વામીને પોતાને ગામ તેડી ગયો. સ્વામીના આશીર્વાદથી સૂકું ગામ લીલું થયું ને વાલેરો પણ દૃઢ સત્સંગી થઈ ગયો.

(૩) **છત્રાસાના પ્રતાપસિંહ :** જૂનાગઢની બાજુમાં છત્રાસા ગામ. ત્યાંના ગરાસિયા દરબાર પ્રતાપસિંહ ખૂબ ફોસી હતા. વ્યસન પણ પુષ્કળ હતું.

એકવાર સ્વપ્નમાં જમ દેખાયા. એનાથી બચવા તેઓ દોડ્યા. જૂનાગઢના બધાં ધર્મસ્થાનોમાં ગયા પણ જમ કેડો મૂકતા નહોતા. છેક દત્તાત્રેય ઉપર ગયા પણ જમ પાછા વળતા નહોતા. આખરે ગામમાં એક વાંસનો ઝાંપો જોયો એમાં ગયા. જમ ત્યાંથી અટકી ગયા. અંદર જઈને જોયું તો એક સંત ફાટેલી ગોદડી પર બેઠા હતા. અચાનક સ્વપ્ન પૂરું થયું. જમની બીકથી ખાટલામાં જ ઝાડો પેશાબ થઈ ગયો. પછી બીજા દિવસથી તેણે આ સંતની શોધ આદરી. આખરે એ સંત મળ્યા અને તે હતા ગુણાતીતાનંદ સ્વામી. એમના હાથે વર્તમાન ધરાવી તેઓ શુદ્ધ આચારવાળા સત્સંગી બન્યા.

(૪) **ઉગા ખુમાણ :** કૃપાનંદ સ્વામીના મંડળમાં ફરતા હતા ત્યારે સ્વામી જૂના સાવરમાં પધાર્યા હતા. ગામના દરબાર ઉગા ખુમાણે નોકરો અને છોકરાઓ જોડે છાણ અને પથ્થર મારીને સંતોનું અપમાન કરાવી ગામમાંથી કાઢી મૂક્યા. જ્યારે સ્વામીએ જાણ્યું કે એને કોઈ સંતાન નથી તો અજાતશત્રુ સ્વામીએ એને ઘેર દીકરો જન્મે એવી ધૂન કરી. તેને ત્યાં ખૂબ જ સંસ્કારી દીકરાનો જન્મ થયો. એ દીકરો થોડો મોટો થયો ત્યારે એકવાર સ્વામીશ્રી અને સંતો જૂના સાવરમાં પધાર્યા હતા. દીકરો સંતોને પોતાને ઘેર લઈ ગયો. લાડકો દીકરો સંતોને લઈ આવ્યો તેથી ઉગો ખુમાણ કાંઈ કહી ન શક્યો. સ્વામીએ ઉગા ખુમાણને પૂર્વે બની ગયેલો પ્રસંગ યાદ કરાવ્યો અને સંતોએ એમના સંતાન માટે પ્રાર્થના કરી હતી એ વાત કરી. આ વાત સાંભળી એનું હૃદય પીગળી ગયું. સ્વામી પાસે માફી માંગી. સ્વામીએ રાજી થઈને વર્તમાન ધરાવી તેઓને સત્સંગી કર્યા.

(૫) **રામો હાટી :** માળિયાનો રામો હાટી બધા લક્ષણે પૂરો હતો. એ મદ્યમાંસ લેતો હતો.

એકવાર સ્વામીશ્રી માળિયા પધાર્યા. ચોકમાં લીંબડા પાસે રામો હાટી બેઠા હતા. સ્વામીશ્રીએ એને પૂછ્યું, 'રામા, મોતૈયાના લાડુ સાવજ ખાય ?' એણે કહ્યું, 'ન ખાય. એ એનું ખાણું નથી.'

સ્વામી કહે, 'જનાવર પણ માણસનું ખાણું ખાતા નથી ને માણસ જનાવરનું ખાય તે કેવું ?' રામો સમજી ગયો. એણે સ્વામીશ્રી પાસે પ્રતિજ્ઞા લીધી. હવે ક્યારેય મદ્ય-માંસ નહિ ખાઉં.

(૬) **બગસરાના દરબાર હરસુરવાળો :** ગુણાતીતાનંદ સ્વામીને બગસરામાં મંદિર કરવું હતું. પણ ત્યાંનો દરબાર હરસુરવાળો સ્વામિનારાયણનો વિરોધી હતો અને દારૂનો નશો કરી જુગારમાં ચકચૂર રહેતો. સ્વામીશ્રીની આજ્ઞાથી આલા ખુમાણે એને બે વખત મંદિરની વાત કરી હતી પણ તેણે દાદ ન આપી. ઊલટું સ્વામિનારાયણનું ભૂંડું બોલતો હતો આથી આલા ખુમાણે આ ગામનું પાણી હરામ કર્યું હતું.

ગુણાતીતાનંદ સ્વામી એની ડેલીએ ગયા. નશામાં લાલઘૂમ આંખોવાળો તે દાવ રમવામાં લીન હતો. સ્વામીને જોયા ને અચાનક એના અંતરમાં પરિવર્તન થઈ ગયું. જે મુખે સ્વામિનારાયણને ગાળો ભાંડતો હતો તેને બદલે સ્વામીના ચરણોમાં પડી દીનવચન બોલવા લાગ્યો. અને સ્વામીને જોઈએ એટલી જમીન મંદિર માટે આપી દીધી.

(૭) **કામરોળના દરબાર દાજીભાઈ :** સ્વામીએ જૂનાગઢ મંદિરમાં બિનસત્સંગીઓ માટે ઉતારાની જુદી વ્યવસ્થા રાખી હતી. આથી ઘણા લોકો સરકારી કામે જૂનાગઢ આવે ત્યારે મંદિરમાં ઊતરતા હતા.

એકવાર કામરોળના દરબાર દાજીભાઈ આવ્યા. એમને ઉતારો આપ્યો, ખાવાપીવાની વ્યવસ્થા કરી, પછી તે સ્વામીની સભામાં આવી બેઠા. સ્વામીએ પૂછ્યું, 'ગુરુ કર્યા છે ?'

તે કહે, 'જેને ગુરુ કરવા જઉં તે બે બકરા ને બે દારૂના શીશા માંગે છે. તેથી મન નથી માનતું.' પછી સ્વામીશ્રીએ એમને વર્તમાન લેવાની વાત કરીને કહ્યું, દારૂ, માટી, ચોરી, છીનાળી ને વટલવું-વટલાવવું નહીં આટલા વર્તમાન પાળજો.

સ્વામીનાં દર્શનથી જ એમને શાંતિ થઈ ગઈ હતી. આથી તેણે કહ્યું, 'ચોરી તો હું કરતો નથી ને દારૂ-માંસ ને વટલવું-વટલાવવું આજથી બંધ. પણ સ્વામી મેં યુવાવસ્થામાં ત્રાંબાની ભસ્મ બહુ ખાધી છે ને ચકલાની જીભો કાપીને ખાધી છે તેથી નિષ્કામ ધર્મ પળે તેમ નથી.'

આવો નિષ્કપટભાવ જોઈ સ્વામી રાજી થયા ને પોતા તરફ દૃષ્ટિ રાખી પાંચ માળા ફેરવવા કહ્યું. સ્વામી સામી દૃષ્ટિ રાખી પાંચ માળા ફેરવી અને એનો કામ ટળી ગયો.

આમ, મોટા મોટા પાપના પર્વતો સ્વામીશ્રીના સમાગમમાં ઓગળીને ભસ્મ થઈ જતા અને જીવનને કૃતાર્થ બનાવતા.

**(નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્રશ્ન.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૧૮)**

સૂચના: પૂર્વકસોટીમાં પુછાતા વિષયો પર નિબંધની તૈયારી કરવી જેમાંથી જ એક નિબંધ મુખ્ય પરીક્ષામાં પુછાશે.





## પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૧

સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૧૮)**

નોંધ : વિષય વસ્તુને પૂરતો ન્યાય આપવા માટે અભ્યાસક્રમ સિવાયના વચનામૃતની નોંધ પણ લઈ શકાય છે.

**(૧) 'મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.'**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં મોટા પુરુષની આજ્ઞા-વચનમાં જ સુખ સમાયેલું છે તે સમજાવે છે.

આજ્ઞાપાલનનો અપાર લાભ અને મહિમા જણાવતાં મહારાજ કહે છે, "જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે."

વળી, વચ.પ્ર.૨૫માં કહ્યું છે કે "ભગવાનની આજ્ઞા પાળે તો તેની ઉપર ભગવાન રાજી થાય છે."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

'આજ્ઞા પળે તેટલી વાસના બળે છે.' (૨/૯૯)

'આજ્ઞા ને વચન એ બેમાં જ સુખ છે ને તેમાં મોક્ષ પણ રહ્યો છે.' (૬/૧૭૮)

આ વાતને પુષ્ટ કરતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે:

*"અલ્પ સુખ સારુ આગન્યા, લોપે છે શ્રીહરિ તણી;*
*પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી."*

જે સાધક ભગવાન અને સંતની મર્યાદા કે આજ્ઞાનો લોપ કરે છે, તે અવશ્ય દુઃખ પામે છે.

શાંતાનંદ ગોદડિયા મુક્તાનંદ સ્વામીની આજ્ઞા વિના ગુણાતીતાનંદ સ્વામી સાથે સુરતથી ચાલીને, અથાણાની બરણી લઈને ગઢડા ગયા છતાં મહારાજના

રાજીપાને બદલે કુરાજીપો પ્રાપ્ત કર્યો.

કેરિયાના ભગુભાઈએ ગુણાતીતાનંદ સ્વામીનું વચન ન માન્યું તો કોઈ વાંકમાં આવતાં જેલમાં જવું પડ્યું અને મહાદુઃખ પામ્યા.

'સ્ત્રીની ચિત્રપ્રતિમા કાષ્ઠાદિકની હોય તોપણ ન જોવી'- એ મહારાજની બાંધેલી મર્યાદામાં વ્યાપકાનંદ સ્વામીને સંશય થયો અને થાનગઢમાં વાસુકિનાગના મંદિરે ઘુમ્મટમાં ગોઠવેલી પૂતળીઓ ઉપર દૃષ્ટિ પડી તો જડ એવી મૂર્તિઓ નૃત્ય કરવા લાગી અને આ મર્યાદાલોપને લીધે વ્યાપકાનંદ સ્વામીને અંતરમાં અશાંતિની અનુભૂતિ થઈ.

વાસણાના ચતુર ચૂથાને યોગીજી મહારાજે ગોંડલ આવવાની આજ્ઞા કરી છતાં ન ગયા તો દુશ્મનોએ મારી નાખ્યા.

આમ, ભગવાન અને સંતની સમીપે રહેવા છતાં પણ જો મર્યાદાનો ભંગ થાય તો મહાદુઃખ પમાય છે.

સીતાજીએ લક્ષ્મણરેખા ઓળંગી તો રાવણ ઉપાડી ગયો અને રામનો વિરહ થયો.

પાર્વતીજી શંકરની આજ્ઞા વિરુદ્ધ દક્ષના યજ્ઞમાં ગયા તો યજ્ઞમાં બળવું પડ્યું.

આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા આપણને સાક્ષાત્ મહારાજ મળ્યા છે. આવી અમુલ્ય પ્રાપ્તિ થઈ છે, પણ ટી.વી. ન જોવું, બજારુ ખાણી-પીણીનો ત્યાગ કરવો, ગરબા ગાવા ન જવું ઇત્યાદિક મોટાપુરુષની આજ્ઞાનો ભંગ કરવાથી અંતરમાં સુખને બદલે દુઃખની જ અનુભૂતિ થાય છે.

આથી, મોટાપુરુષની બાંધેલ મર્યાદામાં વર્તવું એ જ સુખનો રાજમાર્ગ છે.

**(૨) માંદા અને ઔષધના દૃષ્ટાંતે નિયમનો મહિમા**

**અથવા**

**વૈરાગ્ય હોય અથવા ન હોય પણ પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે ખબડદાર રહે તો પંચવિષય જિતાય છે.**

શ્રીજીમહારાજ વચ.ગ.મ. ૧૯માં વાત કરતા કહે છે :

"માટે વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલા નિયમ તે જ છે. તેમાં પણ મંદ વૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઉગર્યાનો ઉપાય છે, જેમ માંદો હોય તે કરી પાળીને ઔષધ ખાય તો જ નીરોગી થાય."

અહીં શ્રીજીમહારાજ મંદ વૈરાગ્યવાળાને માંદા વ્યક્તિ સાથે સરખાવે છે અને નિયમને ઔષધ સાથે. માંદો વ્યક્તિ જો દવા લે તો જ સાજો થાય. જો ન લે તો તબિયત વધારે બગડે. તેમ નિયમ ન પાળે તો વધારે દુઃખ થાય.



**નિયમનો મહિમા :**

શ્રીજીમહારાજ વચ.ગ.મ. ૧૯માં કહે છે : "વૈરાગ્ય હોય અથવા ન હોય પણ જો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે ખબડદાર રહે તો પંચવિષય જિતાય છે."

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'ઠેલી નિયમને કામ ન કરવું, મર હોય લાભ જો લાખનો.'

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'નિયમરૂપી બેડીમાં રહે તો જ ઊગરે.'

આમ, નિયમનો અતિ અપાર મહિમા છે. તેમાં પણ મંદ વૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઊગર્યાનો ઉપાય છે.

પણ જેમ માંદો માણસ અમુક દિવસ ઔષધ લે તો રોગ મટી જાય, તેમ મંદ શ્રદ્ધાવાળાને કેટલો સમય નિયમરૂપી ઔષધ લેવું ? એ પ્રશ્ન છે. તેના માટે શ્રીજીમહારાજ 'શ્રદ્ધાથી નિયમ પાળવા' એમ કહે છે.

આધ્યાત્મિક માર્ગમાં 'શ્રદ્ધા સર્વેષાં માતા'. માટે જ ગીતામાં કહ્યું છે, 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં...' એટલે કે શ્રદ્ધાવાન પુરુષ જ જ્ઞાન પામે છે.

બાઇબલમાં કહ્યું છે, "જેનામાં શ્રદ્ધા છે તેને માટે દરેક વસ્તુ શક્ય છે."

અને એટલે જ એડિસને હજારો પ્રયોગો સુધી શ્રદ્ધા રાખી પુરુષાર્થ કર્યો તો અશક્ય શક્ય બન્યું અને લાઇટની શોધ થઈ.

પણ ફક્ત શ્રદ્ધા રાખવાથી કંઈ સિદ્ધિ થતી નથી. શ્રદ્ધા સાથે નિયમ રાખી કાર્ય કરવું પડે છે. નહીં તો બાઇબલમાં કહ્યા પ્રમાણે 'કાર્ય વગરની શ્રદ્ધા મરેલી છે.' તેથી જો નિયમ રાખી રોજ ૨-૨ પગલાં ચાલે તોપણ એક દિવસ કાશી પહોંચી જ જવાય. પણ બેસી રહેવાથી સિદ્ધિ મળતી નથી.

વળી, વાલ્મીકિજી રામાયણમાં કહે છે, "શ્રદ્ધા વિના ભગવાનનાં દર્શન થતાં નથી."

એટલે જો શ્રદ્ધા રાખી નિયમ પ્રમાણે વર્તે, તો ચોક્કસ ભગવાનનાં દર્શન થાય છે.

ભગતજી મહારાજે જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ આપેલ નાનામાં નાના નિયમ-આજ્ઞા પાળી. ગિરનારને બોલાવવા જેવી આજ્ઞામાં પણ સંશય ન થયો તો એક દિવસ શ્રીજીમહારાજના દર્શન અને સાક્ષાત્કાર થયો.

ભલે નિયમ પાળવાથી શરૂઆતમાં લાભ જેવું જણાતું નથી પણ અંતે લાભ થાય છે.જેમ વિદ્યાર્થી જ્યારે શ્રદ્ધા રાખી ભણે છે, ત્યારે હંમેશાં પૈસા ગુમાવતો હોય એવું લાગે પણ જ્યારે ડૉક્ટર કે એન્જિનિયર થાય ત્યારે અતિ સુખ અને પૈસા

મળે છે. તે શ્રદ્ધા રાખી અભ્યાસ કર્યો તેનું ફળ છે.

તેમ અત્યારે આપણને પ્રમુખસ્વામી મહારાજે આપેલા નિયમ જેવા કે પૂજા કરવી, તિલક-ચાંદલો કરવો, ઘરસભા કરવી, ટી.વી. ન જોવું, બજારનું ન ખાવું વગેરે પાળવાથી કંઈ લાભ થતો હોય તેમ પ્રથમ દૃષ્ટિએ ન લાગે, પણ એ શ્રદ્ધાપૂર્વક પાળવાથી સત્પુરુષનો રાજીપો મળે છે અને અંતે અક્ષરધામની ભેટ મળે છે. એવો મોટો લાભ થાય છે.

ગમે તેવી વિકટ સ્થિતિમાં પણ હરિભક્તો નિયમ સાચવે છે.

અભેસિંહ દરબારે શિરસાટે દારૂ ન પીવાનો નિયમ સાચવ્યો.

ગુલઝારીલાલ નંદા ભારતના વડાપ્રધાનપદે હોવા છતાં માળા અને ચેષ્ટાનો નિયમ ક્યારેય ચૂક્યા નહોતા.

ઉપેન્દ્ર ઓઝા નામના હરિભક્ત કેનેડા ગયા ત્યારે શાકાહારી ભોજનની વ્યવસ્થા ન મળતા સખત ઠંડીમાં ત્રણ મહિના સુધી કેવળ બાફેલા ચણા ખાઈને રહ્યા, પણ નિયમ ન તોડ્યો.

આ રીતે આપણે પણ શિરસાટે મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે આપેલ નિયમો શ્રદ્ધાપૂર્વક પાળીશું તો તેમનો અત્યંત રાજીપો થશે.

### (૩) મનને સ્થિર થયાનું અને નિર્વિષયી થયાનું સાધન

વચ.કા.૧૨માં શ્રીજીમહારાજ કથાવાર્તાનો અદ્ભુત મહિમા સમજાવતાં કહે છે, "માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી."

કથાવાર્તાનો મહિમા જણાવતાં શ્રીજીમહારાજ વચ.ગ.અં.૨૪ માં કહે છે, "જેને ભગવાનની કથાવાર્તા સાંભળવામાં આળસ છે તેની કોરની એમ અટકળ કરવી જે એનામાં રૂડા ગુણ નહિ આવે."

વળી, વચ.કા.૧૨ માં મહારાજ કહે છે, "તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે તોપણ જેવું આવી ભગવદ્વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી."

ખરેખર તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રતે કરીને પણ મન નિર્વિકાર થતું નથી. કારણ કે વિશ્વામિત્રે ૧૦,૦૦૦ વર્ષ તપ કર્યું છતાં મેનકામાં ફસાયા. સૌભરી ઋષિએ ૬૦,૦૦૦ વર્ષ સુધી પાણીમાં તપ કર્યું છતાં માંધાતા રાજાની ૫૦ કન્યા સાથે પરણ્યા. ચ્યવન ઋષિ તપ કરી કરીને રાફડો થઈ ગયા છતાં લગ્ન કર્યાં.

જ્યારે શ્રીજીમહારાજની કથાવાર્તા સાંભળવાથી લોયાના સુરા ખાચરનું મન



એવું નિર્વિકાર થઈ ગયું કે જસદણમાં રાત્રે, એકાંતમાં સ્ત્રી સામેથી આવી, છતાં વિકાર પામ્યા વગર ત્યાંથી ભાગીને મહારાજ પાસે આવી પહોંચ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને સામેથી કહ્યું, 'તું ઘેર જા. તને ૬૦,૦૦૦ રૂપિયા મળશે. તેનાથી ઘર માંડજે ને હું તને અક્ષરધામમાં લઈ જઈશ.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીની વાતથી ભગતજી મહારાજનું મન અતિશય નિર્વિષયી થયું હોવાથી કહ્યું, 'સ્ત્રી અને પૈસામાં સુખ છે એવું તો મેં સાંભળ્યું જ નથી.'

ઉત્તર ગુજરાતની બાઈઓને ફગવા માંગવાનું કહ્યું ત્યારે મહારાજની વાતો સાંભળીને મન એવું નિર્વિષયી થયેલું કે સંસારી હોવા છતાં બોલ્યા, 'કેદી દેશો મા સંસારી સુખ.'

રઘુવીરજી મહારાજ તીર્થવાસી થઈ જૂનાગઢ ગયા અને ગુણાતીતાનંદ સ્વામીની કથાવાર્તા સાંભળી તો તેમની તમામ ગ્રંથિઓ ગળી ગઈ અને બીજાને પણ તેની અનુભૂતિ થઈ.

વિષયમાં આળોટતા વિષયી જીવ રામસંગ બાપુ પ્રમુખસ્વામીના સમાગમમાં કથાવાર્તા સાંભળીને નિર્વિષયી થયા. તેથી જે હાથમાં તલવાર રહેતી ત્યાં માળા આવી અને ઉત્તમ ભક્ત થયા. જેના દર્શન કરવાથી સામેની વ્યક્તિને શાંતિ થતી એવા શાંતચિત્તવાળા થયા હતા.

આમ, કથાવાર્તા સાંભળવાથી વિષયના વાવાઝોડા વચ્ચે નિર્વિષયી થઈ અડીખમ ઊભા રહેવાનું બળ મળે છે.

**કથાવાર્તાથી મન સ્થિર થાય છે :**

મન તો ધજાની પૂંછડી જેવું ચંચળ છે, અતિ સૂક્ષ્મ છે. તેને સ્થિર કરવું અતિશય દુષ્કર છે.

જેમ સમુદ્રમાં ઉછળતા પાણીનાં મોજાં બરફ બની જતાં સ્થિર બની જાય છે, તેમ કથાવાર્તાએ કરીને ચંચળ મન ભગવાનમાં ઠરે અને સંકલ્પ-વિકલ્પ થકી સ્થિર થાય છે.

મહાભારતના યુદ્ધમાં મત્સ્યવેધ કરનાર અતિશય એકાગ્ર મનવાળો અર્જુન જ્યારે 'ચંચલં હિ મનઃ કૃષ્ણ' કહે છે, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન ગીતાનો ઉપદેશ આપે છે. આ કથાવાર્તા સાંભળવાથી અર્જુન અંતે કહે છે,

'स्थितोस्मि करिष्ये वचनं तव'

આમ, ચંચળ મનવાળો અર્જુન શ્રીકૃષ્ણ પરમાત્માની વાણી સાંભળીને સ્થિર મનવાળો થઈ જાય છે.

પવિત્રાનંદ સ્વામીનું આણંદમાં અપમાન થયું. તેથી તાવ આવ્યો. અશાંતિ અશાંતિ થઈ ગઈ ને વરતાલ પાછા આવ્યા. જ્યારે ભગતજી મહારાજે વચનામૃત લઈ કથાવાર્તા કરી, ત્યારે પાછી સ્થિરતા આવી અને શાંતિ થઈ ગઈ.

તેથી ગુણાતીત સત્પુરુષના જીવનમાં કથાવાર્તાનો આગ્રહ અતિશય જોવા મળે છે.

ગુણાતીતાનંદ સ્વામી આઠ-આઠ પુરાણી રાખી કથાવાર્તા સાંભળતા.

યોગીજી મહારાજના નાડીના ધબકારા તો કથાવાર્તાના તાલે-તાલ ચાલતા.

પ્રમુખસ્વામી મહારાજ એકવાર બોલેલા, 'કથાવાર્તા ન સાંભળીએ તો આત્મા નબળો પડી જાય.'

માટે જીવનમાં સ્થિરતા મેળવવા અને સુખી થવા સૌથી શ્રેષ્ઠતમ ઉપાય એ ભગવાનની કથાવાર્તા સાંભળવી તે જ છે.

**(૪) જે નિષ્કામી વર્તમાન રાખે છે તે જ અમને વહાલો છે**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં નિષ્કામી વર્તમાનની મહત્તા સમજાવે છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ એવા વર્તમાનનો મહિમા જણાવતાં કહે છે, 'મહારાજે અનેક પ્રકારનાં સાધન, નિયમ બતાવ્યાં છે, તેમાં મુખ્ય બ્રહ્મચર્ય છે.'

શ્રીજીમહારાજને નિષ્કામી ભક્ત વહાલા હતા. કારણ કે મહારાજના પોતાના જીવનમાં પણ નિષ્કામી વર્તમાનની અતિશય દૃઢતા હતી. તે જણાવતાં કહે છે, 'જે દિવસથી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજપર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે.'

આ વાતની પ્રતીતિ મહારાજનું જીવન જોતાં સહેજે જ થાય છે.

રામપ્રતાપભાઈએ જ્યારે બાળ ઘનશ્યામને ચંદ્રકળા સાથે વિવાહ કરવાની વાત કરી, ત્યારે ઘનશ્યામે કહ્યું હતું : 'મારે લગ્ન નથી કરવા.આ હું નાદાની કે અણસમજણમાં નથી બોલતો. હું તો અનંતને એ માર્ગેથી પાછા વાળવા આવ્યો છું.'

વનવિચરણ દરમ્યાન વંશીપુરનાં રાજા-રાણી પોતાની બંને પુત્રી અને પોતાનું સઘળું રાજ્ય જ્યારે વર્ણીને અર્પણ કરવા તૈયાર થયાં ત્યારે તેમણે કહ્યું : 'મને જંગલમાં સિંહ-વાઘની જેટલી બીક નથી લાગતી તેટલી સ્ત્રીની બીક લાગે છે.' આમ, સ્ત્રી અને ધનમાં લોભાયા વિના તેઓ રાત્રે જ ત્યાંથી ભાગી ગયા.

શ્રીજીમહારાજના જીવનમાં આ વર્તમાન દૃઢ હતું. તેથી પોતાના આશ્રિત પાસે પણ આ વર્તમાનની દૃઢતા રખાવતા.

નિષ્કામીવ્રતમાં સુદૃઢ એવા નીલકંઠે લોજમાં પ્રવેશતાં જ દેવતાની આપ-લે માટે રખાયેલો ગોખલો પુરાવ્યો અને બાઈ-ભાઈની સભા જુદી કરાવી.



મહારાજે કળિકાળમાં પણ અષ્ટપ્રકારે સ્ત્રીના ત્યાગથી યુક્ત કંચનસમા સંતો કર્યા. આ પરથી મહારાજને નિષ્કામી વર્તમાન કેટલું વહાલું છે તે ખ્યાલ આવે છે.

શ્રીજીમહારાજ વચ.મ.૪૫ માં કહે છે, 'જે જે મારા કહેવાયા છો તે તમારામાં મારે એક તલમાત્ર કસર રાખવી નથી.' તેથી જ જ્યારે કોઈને આ વર્તમાનમાં કસર જણાય તો તરત જ ટોકતા અથવા પ્રાયશ્ચિત્ત આપતા.

પ્રેમાનંદ સ્વામી સુરતમાં ગણિકાની ગાયકીમાં લોભાયા તો એક મહિનાનું ચાંદ્રાયણ વ્રત કરવાની આજ્ઞા કરી.

બોદા કમાનગરને નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો તો મહારાજે તેને નગ્ન થઈ ભરબજારમાં જઈને પાછા આવવાનું પ્રાયશ્ચિત્ત આપ્યું.

હરબાઈ અને વાલબાઈ પુરુષોની સભામાં જઈને વાતો કરતી હતી અને મનાઈ કરવા છતાં ન માની તો વિમુખ કરી.

આ પરથી ખ્યાલ આવે છે કે શ્રીજીમહારાજને નિષ્કામી વર્તમાન કેટલું પ્રિય હશે. અને આ વર્તમાનનો લોપ થાય તો તરત પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરતા.

વળી, જો કોઈના જીવનમાં નિષ્કામી વર્તમાન દૃઢ હોય, તો મહારાજ ખૂબ જ રાજી થતા.

નિષ્કામવ્રત પાળનારા જેઠા મેર સત્સંગી નહોતા, છતાં મહારાજ તેમને દર્શન દેવા તેમના ઘેર પધાર્યા હતા.

સુરા ખાચર સ્ત્રીમાં લોભાયા વગર જસદણથી પાછા ફર્યા ત્યારે મહારાજે રાજી થઈ કહ્યું : 'આ અમારા સિંહ આવ્યા.'

આ પરથી શ્રીજીમહારાજની નિષ્કામ વર્તમાન પાળવામાં કેટલી બધી રુચિ છે તેનો ખ્યાલ આવે છે. આ વર્તમાન પાળનાર તેમને કેટલા વહાલા છે તે જણાવતાં વચ.ગ.મ.૩૩ માં કહે છે :

'અમારે તો તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થતું નથી. તે થકી અમે હજાર ગાઉ છેટે હોઈએ, તોપણ પાસે જ છીએ. તેના હાથની કરી જ સેવા ગમે છે. આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે. તે ભક્ત જ અમને વહાલો છે.'

શ્રીજીમહારાજને વહાલા થવા આપણે અનંત પ્રકારના પ્રયત્ન કરીએ છીએ. પણ જેમને વહાલા થવાનું છે એ શ્રીજીમહારાજ જ એનો ઉપાય બતાવે છે કે જેના જીવનમાં નિષ્કામી વર્તમાન દૃઢ છે તે જ અમને વહાલો છે.

**પ્રશ્ન.૧(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો. (૧૫)**

૧. અને જેને પૂર્વજન્મમાં........ડગમગાટ થાય નહિ.
૨. અને તે સ્વરૂપને તો........સહેજે જિતાઈ જશે.
૩. જેમ રાજા હોય ને........સાધુનો પણ પ્રતાપ છે.
૪. તે ભક્ત ભગવાનની........છેટે રહેતા નથી.
૫. તેમ ઈન્દ્રિયો છે........અવગુણ લેવો નહિ.

**પ્રશ્ન.૧(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક શોધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો (૪)**

૧. મહારાજની સ્વાભાવિક પ્રકૃતિ- અવતરણ નં. ૨૧, ૨૨, ૨૭
૨. નિયમ - અવતરણ નં. ૧૭, ૩૩

**('સ્વામીની વાતો'ને આધારે)**

**પ્રશ્ન.૨(અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો. (૬)**

૧. સત્પુરુષનો સંગ મને કરીને કેવી રીતે થાય ?
- મને કરીને મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ, તે મને કરીને સત્પુરુષનો સંગ થયો કહેવાય.

૨. નરકમાં પડ્યા જેવું દુઃખ ક્યારે લાગવું જોઈએ ?
- ગુ.સ્વામી કહે છે, 'આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું દુઃખ થવું જોઈએ.'

૩. સૂર્યના રથનું દૃષ્ટાંત આપી સ્વામીએ જ્ઞાનીની દૃષ્ટિને શી રીતે વર્ણવી ?
- સૂર્યના રથમાં બેઠા છે તેની દૃષ્ટિમાં તો ઝાંઝવાના પાણી નથી તેમ જે જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી.

૪. આંબા જેવા કોણ છે ?
- જેને આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે.

૫. હું અક્ષરધામમાંથી કેવો આવ્યો છું ? (શ્રીજીમહારાજ કહે છે)
- શ્રીજીમહારાજ કહે છે, 'હું અક્ષરધામમાંથી સુગાળવો આવ્યો છું.'

૬. ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કેવી રીતે સમજવું ?
- નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે સમજવું.



**કોર્સની સ્વામીની વાતોના આધારે અન્ય પ્રશ્નો :**

૧. સાધુમાં જોડાયો હોય તે કેમ જણાય ?
- આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં ગયા જેવું દુઃખ થાય અને લોક, ભોગ ને દેહ તે રૂપ ન થઈ જવાય ત્યારે સાધુમાં જોડાયો છે એમ જણાય.

૨. સાધુથી નોખા પડીએ ત્યારે શું થવું જોઈએ ?
- સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું દુઃખ થવું જોઈએ.

૩. ખીજડા જેવા કોને કહેવાય ?
- ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત, તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવા છે.

૪. સ્વામીના મતે શાનો દુકાળ છે ?
- 'જાકું દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.'
  નિરંજનાનંદ સ્વામીને દર્શને કરીને સમાધિ જેવું સુખ વર્ત્યા કરે, એવાના દુકાળ છે.

૫. મોટાની સમજણ કેવી હોય ?
- 'મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર છે' એવી મોટાની સમજણ છે.

૬. સ્થૂળ દેહ જિતાણું ક્યારે કહેવાય ?
- ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવજંતુ કરડે તોપણ સ્થૂળ દેહને હલવા દેવું નહિ એટલે સ્થૂળ દેહ જિતાણું જાણવું.

૭. પ્રથમના એકોતેરના વચનામૃતમાં કઈ વાત કહી છે ?
- મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહીં દેહ ધરીને આવ્યા છે. એ બે વાત પ્રથમના એકોતેરના વચનામૃતમાં કહી છે.

**પ્રશ્ન.૨(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો. (૭)**

૧. અમે તો વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ અને ભગવાનના .............રૂપી દારૂ ભરીએ છીએ.
(મહિમા, નિશ્ચય, જ્ઞાન)

૨. એકાંતિકના જન્મ છે તે અનંત જીવને ........... કરવા થાય છે.
(નિર્દોષ, બ્રહ્મરૂપ, શુદ્ધ)

૩. તે દિવસથી મેં ......... કરવા માંડી તે સોપો પડતો નથી.
(સેવા, વાતું, હાકલ)
૪. આમને આમ સંપ રાખશો તો ..........પણ પરાભવ નહીં કરી શકે.
(કુસંપ, અંતઃશત્રુ, કુસંગ)
૫. રૂડા ગુણ ........... કરીને નાશ થઈ જાય છે.
(પક્ષપાતે, કુસંગ, દેહાભિમાને)
૬. તેમજ .......... કરીને જીવ સોરાઈ જાય છે.
(અવગુણે, વિષયે, દેહાભિમાન)
૭. મુમુક્ષુ હોય તે જો .......... કરીને આ સત્પુરુષનો મન-કર્મ-વચને સંગ કરે તો તે બ્રહ્મરૂપ થાય છે.
(વિશ્વાસે, શ્રદ્ધાએ, હેતે)

## કોર્સની સ્વામીની વાતોના આધારે અન્ય ખાલી જગ્યાઓ :

૧. મહારાજે કહ્યું જે ........... તે અધિક છે.
(આત્મારૂપે વર્તવું, વાતો કરવી, ધ્યાન કરવું)
૨. આ સાધુને વિષે ............તેથી બીજું કાંઈ ભૂંડું નથી.
(વેણ ઉપર વેણ લાવે, મનુષ્યભાવ આવે, આજ્ઞા ન પળાય)
૩. મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા ન દેવું તે ....... કરીને સમાગમ કર્યો કહેવાય.
(કર્મે, મને, વચને)
૪. જેમ જેમ ભગવાનનું જ્ઞાન થતું જાય છે, તેમ તેમ ........... વધુ ને વધુ જણાતો જાય છે.
(સત્સંગ, મહિમા, પ્રકાશ)
૫. જ્ઞાની છે તેની દૃષ્ટિમાં ........... કાર્ય કાંઈ આવતું નથી.
(કાળ કર્મનું, પ્રકૃતિનું, જગતનું)
૬. ......... સ્વામીને પ્રકૃતિપુરુષના કાર્યમાં વૃત્તિ જ રહી નહિ.
(સચ્ચિદાનંદ, સર્વનિવાસાનંદ, કૃપાનંદ)
૭. જેને પ્રત્યક્ષ ભગવાન કે સંતની ઓળખાણ નથી તે ........... જેવો છે.
(લીંબડા, ખીજડા, લંબકરણ)



**પ્રશ્ન.૨(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો. (૧૦)**

### (૧) સત્સંગનો મહિમા

'લાખ મણ લોઢાની લોઢી ધગી હોય' એ દૃષ્ટાંત દ્વારા ગુણાતીતાનંદ સ્વામીએ સત્સંગનો અપાર મહિમા વર્ણવ્યો છે. સ્વામી કહે છે :

*'તીન તાપકી ઝાલ ઝર્યો પ્રાની કોઈ આવે,*
*તાકું શીતલ કરત તુરત દિલ દાહ મિટાવે;*
*કહી કહી સુંદર બેન રેન-અજ્ઞાન નિકાસે,*
*પ્રગટ હોત પહિછાન જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે;*
*વૈરાગ્ય ત્યાગ રાજત વિમળ ભવદુઃખ કાટત જંતકો.*
*કહે બ્રહ્મમુનિ આ જક્તમેં સંગ અનુપમ સંતકો.'*

એવો સત્સંગ મળ્યો છે.(૩/૪૮)

આ સત્સંગથી 'લાખ મણ લોઢાની લોઢી ધગી હોય ને તેને જેમ ગંગાના ધરામાં નાંખીએ ને શાંત થઈ જાય, તેમ ગમે તેવો વ્યવહારે કરીને જીવ સોરાઈ ગયો હોય તે પણ આ ગંગાના ધરા જેવા સત્સંગે કરીને ટાઢો થઈ જાય છે.'

ગુણાતીતાનંદ સ્વામી વંથળીના કલ્યાણભાઈ આગળ આ સત્સંગના મહિમાની વાત કરે છે. સ્વામી કહે છે : 'આ મહિમા મુખ થકી કહેવાય નહિ ને કહીએ તો માન્યામાં આવે નહિ.' સ્વામી આ વાતમાં કહે છે, 'પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે તે કરતાં તો આ સત્સંગીનાં છોકરાં સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે, તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ?' સ્વામી આગળ વાત કરે છે : 'આજ તો સત્સંગમાં ડોશીયું હશે તે પણ હજારો જીવનું કલ્યાણ કરશે, તો બીજાની તો શી વાત કહેવી ?' (૩/૭૨)

આવો સત્સંગ થવો એ કાંઈ સહેલો નથી. સ્વામી કહે છે, 'સત્સંગ ક્યારે થાય ? તો જ્યારે બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામી એવા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પપર્યંત આયુષ્ય હોય, ત્યાં સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ ત્યારે સત્સંગ થાય છે, પણ તે વિના સત્સંગ થાય નહિ.' (૩/૪૫)

આવો સત્સંગ જેને મળ્યો એ સર્વેની અલૌકિક સ્થિતિ થઈ ગઈ.

૧. શિવલાલ શેઠ - નવ લાખના આસામી અને વ્યવહારમાં કુશળ હતા. એમને ગુણાતીતાનંદ સ્વામીનો સત્સંગ મળ્યો તો કેવી સ્થિતિ થઈ ? ૬ મહિનાથી

સાળી એમને પીરસતી હતી, છતાંય ખબર ન પડી.

૨. વસોના વાઘજીભાઈને સ્વામીનો સમાગમ થયો ને અંતરમાં ટાઢું થઈ ગયું.

૩. રઘુવીરજી મહારાજને સ્વામીનો સમાગમ થયો તો અલૌકિક સ્થિતિ થઈ ગઈ.

૪. જૂનાગઢના નાગર, જેઓ ખૂબ સ્વાદિયા હતા. ઘરે રોજ ઝઘડો થાય. પણ સ્વામીનો સત્સંગ થયો તો સ્વાદ ટળી ગયો.

આમ, આવા સત્સંગથી સ્વભાવ-પ્રકૃતિ-વાસના ટળી જાય. અને ભગવાન રાજી થાય એવું જીવન બની જાય.

**(૨) પંચવિષયની તુચ્છતા**

ભગવાનના સુખની સરખામણીમાં પંચવિષયનું સુખ અતિ તુચ્છ છે, વામણું છે, નાશવંત છે.

વચ.લો.૧૮માં શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાન અતિશય સુખસ્વરૂપ છે અને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આ લોક પરલોક સંબંધી જે પંચવિષયના સુખ તે ભગવાનની મૂર્તિનાં સુખ આગળ તુચ્છ થઈ જાય છે.'

વર. ૧૯ : ભગવાનના ધામના સુખની આગળ પંચવિષયનું સુખ નરકતુલ્ય છે.

આવી જ વાત સ્વામીએ પણ વાતોમાં અનેક જગ્યાએ કરી છે.

સ્વામી કહે છે : 'જે સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, મેડી, હવેલી, રાજ્યસમૃદ્ધિ ને રાજ્યલક્ષ્મીને વિશે સુખ માને છે એ સર્વે કેવું છે ? તો જેમ છોકરાં ધૂળની ઘોલકિયું કરે છે ને ઠીકરાની ગાયું કરે છે ને ચયાના ને કાચલિયુંના ઘોડા કરે છે ને સુખ માને છે, તેમ એ પણ સુખ માને છે.' (૩/૪૪)

છોકરાંની ધૂળની રમતમાં આપણને જેવી તુચ્છતા લાગે છે એવી તુચ્છતા ગુણાતીતાનંદ સ્વામીને આપણે જે લૌકિક પદાર્થોમાં સુખ માન્યું છે તેમાં લાગે છે.

મોટાની સમજણ બતાવતાં સ્વામી કહે છે, 'જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાય.' (૩/૬૪)

'મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા' આવી પંચવિષયની તુચ્છતા સ્વામી વર્ણવે છે.

આવા તુચ્છ પંચવિષયોમાં જ્યાં સુધી પ્રીતિ છે, ગુડીયું વાળીએ છીએ ત્યાં



સુધી આપણે ગુરુ કર્યા જ નથી. જો ગુરુ કર્યા હોય તો પંચવિષયમાં ગુડીયું વળાય જ નહિ. (૩/૪૫)

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં આવી તુચ્છતા પળે પળે જોવા મળે.

- જૂનાગઢના મંદિરના મહંત હતા. છતાંય છાશ-રોટલો જમતા.

- સ્વામી કહે છે, 'અમારે તો કાંઈ વસ્ત્ર જ ન જોઈએ. એક ધાબળી પણ નથી.'

## કોર્સની સ્વામીની વાતોના આધારે અન્ય વિસ્તૃત નોંધ

**(૧) વિષયખંડન :**

સ્વામીની 'વાતું' પર દૃષ્ટિ ફેરવીએ તો લાગે છે કે તેઓ સ્પષ્ટવક્તા છે. નવલખા આસામી નગરશેઠ શિવલાલની વ્યાવહારિક મોટપ હોય કે ભાગવતના ભણેલા ભગવદાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુની વિદ્વત્તાની મોટપ હોય, પોતે જે રાજ્યમાં રહેતા હતા તે જૂનાગઢના નવાબની રાજકીય સત્તા હોય કે પોતે જે દેશ (વડતાલ)ના સાધુ હતા છતાં ત્યાંના આચાર્યની વહીવટી સત્તા હોય - સાચી વાત કરવામાં સ્વામીનો અવાજ ક્યારેય રૂંધાયો નથી.

સ્વામીએ વિષયખંડનની વાતો ખૂબ જ ધારદાર કરી છે.

સ્વામી કહે છે : 'રેતીથી બાવળિયો સોરાઈ જાય છે. પછી લાખ યોજનનો સમુદ્ર તેને લીલો પલ્લવ કરી શકતો નથી. એવી રીતે પંચવિષયથી જીવ સોરાઈ જાય છે. પછી સત્સંગરૂપી મીઠા જળના મહાસમુદ્રથી લીલો પલ્લવ થતો નથી.' (૩/૫૯)

ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં વિષયનું બળ બતાવે છે. સ્વામી આગળ કહે છે : 'વિષય તો મોટા મોટાને બાંધે એવા છે તે જુઓ. કેવા વૈરાગ્યવાનને બાંધ્યા ? ગોવિંદ સ્વામી ભગવાન ભજવા નીકળ્યા ત્યારે રાજાની બાની દશ હજાર રૂપિયાનું સોનું લઈને તેમને વરવા આવી. એને મૂકીને ચાલ્યા. એવા વૈરાગ્યવાન હતા. છતાં ગંગામાની દાળ, ભાત ને રોટલીયુંમાં બંધાણા.' (૩/૫૨)

વચ. ગ.મ. ૪માં શ્રીજીમહારાજ કહે છે, 'જ્યારે વિષયરૂપી ધૂડ્યનો યોગ થાય ત્યારે ભગવાન વિના ગમે તેવા મોટા હોય તોપણ વિષયમાં એકરસ થઈ જાય.'

શ્રીજીમહારાજ દૃષ્ટાંત આપતાં કહે છે, 'ગમે તે ધાતુ હોય તેને ધૂળમાં નાખીએ તો તે કાળે કરીને ધૂળ ભેગાં ધૂળ થઈ જાય. પરંતુ એક સોનું એવું છે જે ગમે તેટલાં વર્ષો સુધી દાટો તો તેને કાંઈ ન થાય ને દિવસે દિવસે સારું થાય. સોના જેવા તો ભગવાન ને ભગવાનના સંત જ છે. અને તે વિના તો બીજા મોટા મોટા

વિષયમાં લેવાઈ ગયા.' તેના અસંખ્ય દૃષ્ટાંતો છે.

- બ્રહ્મા સરસ્વતીમાં મોહ પામ્યા. (વચ. પ્ર. ૨૩)
- શિવજી મોહિનીમાં લેવાઈ ગયા.
- નારદજીને રાજાની કુંવરીનો હાથ જોઈને પરણ્યાનું મન થયું.
- પ્રેમાનંદ સ્વામી શબ્દમાં લેવાઈ ગયા.

આવા દુઃખરૂપ વિષયોના યોગમાં કોઈનું સમું રહ્યું નથી. આથી જ સ્વામી પોતાની વાતોમાં માયિક વિષયોનું અતિશય ખંડન કરે છે.

**(૨) વૈરાગ્ય**

ગુણાતીતાનંદ સ્વામી જેતલપુરના મોહોલ ઉપર સૂવા ગયા ત્યારે મુક્તાનંદ સ્વામી નીચે કાંઈ પાથર્યા વિના સૂતા હતા. ગુણાતીતાનંદ સ્વામી પણ નીચે જ સૂવાની તૈયારી કરતા હતા ત્યારે મુક્તાનંદ સ્વામીએ કંઈક આસન પાથરવા કહ્યું, ત્યારે સ્વામી કહે, 'તમારી જેમ અમારે પણ મહારાજની આજ્ઞા નહિ પાળવાની ?'

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં આવી જગત પ્રત્યેની અનાસક્તિ હતી. કાંટા પણ કરડ કરડ બોલીને તૂટી જાય તેવા ચરણ, કાળા દોરાથી શોભતું ઉદર, નાગરોના કાળજા તૂટી જાય તેવું બ્રહ્મચર્ય, જડભરત બ્રાન્ડ ધાબળો, લાકડાનું તિલકીયું ને થાંભલાનું આસન - આ બધા એમના અદ્વિતીય વૈરાગ્યનાં ચિહ્નો છે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'એક દિવસ મહારાજે મુને પૂર્વાશ્રમમાં હતો ત્યાં આવીને કહ્યું જે, 'શું કરો છો ને શું કરવા આવ્યા છીએ ? ને બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે !' એમ કહીને દેખાણા નહિ. તે દિવસથી જીવનું કલ્યાણ થાય તેમજ કરીએ છીએ.' (૩/૫૬)

આ પ્રસંગ બન્યો અને તરત જ સ્વામી (મૂળજી શર્મા) સીધા ગઢપુર મહારાજની પાસે પહોંચી ગયા. આવો વૈરાગ્ય તેઓમાં હતો.

મોટાની સમજણની વાત કરતાં સ્વામી કહે છે, 'એમના મતે તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર છે પછી મોહ શેમાં થાય ?' (૩/૬૪)

મહારાજની મૂર્તિ વિના તો ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એમ કહીને સ્વામી બતાવે છે કે ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય પ્રીતિ ન રહે એનું નામ વૈરાગ્ય.

જેમાં પ્રીતિ હોય તે વારંવાર સાંભરી આવે. ગુણાતીતાનંદ સ્વામીને મહારાજમાં એવી દૃઢ પ્રીતિ હતી.



સ્વામી પોતાની આ સ્થિતિ વર્ણવતાં લખે છે : 'અમારે તો હજારો ક્રિયા કરાવવી પડે પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વિસરાય તો તાળવું ફાટી જાય.' (૩/૬૫)

આવા પુરુષને જગતના પદાર્થોમાં સહજ વૈરાગ્ય રહે તેમાં શું આશ્ચર્ય !

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં તો આવી સમજણ હતી જ. પણ એમની દૃષ્ટિથી અનેકના જીવનમાં આવી સમજણ આવી હતી. એમની વાતોમાંથી અનેકને ત્યાગ-વૈરાગ્યની ખુમારી ચઢી જતી. સ્વામી કહે છે, 'સર્વનિવાસાનંદ સ્વામીને આવું થઈ ગયું.' (૩/૬૪)

આપણા જીવનમાં આવા વૈરાગ્યનો ઉદય કેવી રીતે થાય ? કારણ, પંચવિષય જબરા છે. ગમે તેવા બળિયાને પણ બાંધે એવા છે. સ્વામી કહે છે, 'ગોવિંદ સ્વામી કેવા વૈરાગ્યવાન ! સોનું ને રાજાની બાની મૂકીને આવેલા, તે પણ ગંગામાની દાળ, ભાત ને રોટલીયુંમાં બંધાણા. પરમહંસાનંદ સ્વામી ગાયુંમાં અને મહાપ્રભુ નામે સાધુ ઝોળીમાં બંધાણા.' (૩/૫૨)

વળી, સ્વામી કહે છે : 'ગમે તેવો સાંખ્યવાળો કે યોગવાળો હોય તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી બુડાડી દે છે.' (૩/૫૧) આવા પંચવિષય સામે કોણ લડી શકે છે ? એનો ઉપાય આ જ વાતમાં સ્વામી બતાવે છે : 'એ તો જેણે સાત્ત્વિક સેવ્યા હોય તેની બુદ્ધિ ભેદાતી નથી.'

આમ, જીવનમાં વૈરાગ્યનો ઉદય એવા સત્પુરુષના પ્રસંગ થકી જ થાય છે.

**(૩) અક્ષરધામની સર્વોપરીતા - અન્ય ધામોની અપેક્ષાએ :**

ગુણાતીતાનંદ સ્વામી સ્પષ્ટ વક્તા હતા. અન્ય અવતારોનાં ધામોની સરખામણીમાં અક્ષરધામ શ્રેષ્ઠ છે એવું એમની વાતોમાં અનેક જગ્યાએ જોવા મળે છે.

સ્વામીએ અક્ષરધામને 'અનિરદેશ' કહ્યું છે. (૩/૪૭) બીજા સર્વે ધામોનો નિર્દેશ છે, પણ અક્ષરધામ અનિર્દેશ છે કહેતાં સર્વથી પર છે.

વળી, 'ગોલોક અને વૈકુંઠલોકમાં કજિયા થાય છે' એમ સ્વામી કહે છે. (૩/૫૫) ગોલોકમાં રાધિકાજીએ શ્રીદામા સાથે અને વૈકુંઠલોકમાં જય-વિજયે સનકાદિક સાથે વઢવેડ કરી. આથી ત્યાં કારણ શરીર નહી ટળ્યું હોય એમ જણાય છે. જ્યારે મહારાજ તો કારણ શરીરને ટાળવા સારુ નિયમ ને સાધુ અક્ષરધામમાંથી લાવ્યા છે. તેના વડે કારણ શરીરનો નાશ થઈ જાય છે.

આમ, અક્ષરધામમાં કજિયો-કંકાસ થાય એમ નથી. કારણ કે, મૂળ નાશ પામી ગયા પછી જ અક્ષરધામમાં જવાય છે.

સ્વામી 'મોટા'ની સમજણની વાત કરે છે : 'મોટાના મતે મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર છે.' (૩/૬૪)

આમ, અક્ષરધામ વિના બીજે ક્યાંય માલ નથી. આમ કહી સ્વામી 'અન્ય ધામોની સરખામણીમાં અક્ષરધામ સર્વોપરી છે' એવું બતાવે છે.

**(૪) શ્રીજીમહારાજનું પ્રગટપણું**

શ્રીજીમહારાજ સત્સંગમાં સદાય પ્રગટ જ રહે છે એવી વાત ગુણાતીતાનંદ સ્વામીએ સ્પષ્ટપણે કરી છે.

સ્વામી કહે છે : 'હમણાં મુમુક્ષુએ દેહ ધર્યા છે, તે મહારાજને આવવું પડે, તે સારુ આવરદા વિના મહારાજે મુને રાખ્યો છે, તે અમારે પણ મહારાજનું સુખ એ મુમુક્ષુને દેવું પડે છે. ....પોતાનું સુખ દેવાણું નહિ, (સોરઠના હરિભક્તને) તેને પોતાનું સુખ દેવા સારુ પોતાનું સર્વસ્વ હતું તે સાધુ-સત્સંગીને અર્થે કૃષ્ણાર્પણ કરી રાખ્યું છે !' (૩/૫૩)

આમ વાત કરીને સાચા સંતના મહિમાનો સવૈયો બોલ્યા ને પછી કહે, 'ભગવાન એવા સાધુમાં રહીને પોતાનું દર્શન દે છે, વાતું કરે છે, મળે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે.'

'શ્રીજીમહારાજ આજે સત્સંગમાં પ્રગટ છે' એવો સ્વામી આ વાતમાં નિર્દેશ કરે છે.

વણથળી જતાં સ્વામી વાત કરે છે, 'જ્યારે જ્યારે આ માર્ગે ચાલીએ છીએ, ત્યારે ત્યારે ભગવાન સાંભરી આવે છે.' ત્યારે કાશીરામ નામના હરિભક્ત પૂછે છે : 'જેને મહારાજનાં દર્શન થયાં હોય તેને સાંભરે પણ જેને દર્શન ન થયાં હોય તેને શું સાંભરે ?'

ત્યારે સ્વામી વાત કરે છે, 'આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો પ્રત્યક્ષ છે; તે દર્શન દે છે, વાતું કરે છે, એવી રીતે બહુ સુખ આપે છે; પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહિ. એ સિદ્ધાંત છે.' (૩/૭૦)

આમ, અહીં પણ ગુણાતીતાનંદ સ્વામી 'શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રગટ જ છે' એવું સ્પષ્ટપણે કહે છે.

શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા પછી ગુણાતીતાનંદ સ્વામીને લક્ષ્મીવાડીમાં લીલી ધ્રોને જોઈને મૂર્ચ્છા આવી ગઈ, ત્યારે મહારાજે દિવ્યદર્શન આપીને કહ્યું : 'સ્વામી ! શું હું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.' એમ ત્રણવાર બોલ્યા.

સં. ૧૯૨૩માં ડભોઈના કરુણાશંકર જૂનાગઢ ગયા. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમ માટે ૨૨ દિવસ રોકાયા. બ્રહ્મના સુખનો અનુભવ અને પ્રૌઢ પ્રતાપ જોઈ કહ્યું, 'સ્વામી ! હું સર્વ ઠેકાણે જોતો આવું છું. પણ બધે સત્સંગ ઘરડો થઈ ગયો છે અને અહીં સત્સંગ જુવાન દેખાય છે. તેનું શું કારણ ?'

સ્વામી કહે, 'અહી તો સાક્ષાત્ શ્રીજીમહારાજ પ્રગટ વિરાજમાન છે એટલે સત્સંગની ભરજુવાની છે.'

ગુણાતીતાનંદ સ્વામી ત્રિકમદાસ કોઠારીને કહે, 'તમને તો પ્રગટ ભગવાન સાક્ષાત્ મળ્યા છે. માટે હવે તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. જેમ તમારા દેહમાં જીવ રહ્યો છે, તેમ અમારામાં મહારાજ સાક્ષાત્ રહ્યા છે. તે તમારી તરફ દૃષ્ટિ માંડીને જુએ છે, તમારે માથે હાથ મૂકે છે, તમને મળે છે. માટે હે ત્રિકમદાસ ! એટલું સમજજો કે આ આકાર સાધુનો દેખાય છે એટલો જ ફેર છે પણ છે તો સાક્ષાત્ મહારાજ જ.'

**(૫) પુરુષોત્તમનું સ્વરૂપ**

ભગવાનનું સ્વરૂપ કેવું છે ? એ વાત કરતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું.' (૩/૩૮)

જે આમ સમજે તે ઉપર વર્તમાનકાળે ભગવાનનો રાજીપો છે. તેની ઉપર મહારાજ રાજી, રાજી ને રાજી જ છે.

આ જ વાતમાં સ્વામી કહે છે, 'બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા...'

વરતાલમાં ચાર પાટીદાર શ્રીજીમહારાજના દર્શન કરવા આવ્યા. તેમણે મહારાજનાં ચરણારવિંદમાં ૧૬ ચિહ્ન જોયાં. તેથી તેઓ બોલ્યા, 'મહારાજ, તમારાં ચરણારવિંદ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો ને તમારા શરીર સામું જોઈએ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો.'

ત્યારે મહારાજે વાત કરી, 'વૈરાટ બ્રહ્માએ તેનાં પચાસ વરસ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી આ ચરણારવિંદની સ્તુતિ કરી ત્યારે આ બે ચરણારવિંદ પૃથ્વી પર આવ્યાં છે.' આવું પુરુષોત્તમનું સ્વરૂપ છે. મનુષ્યનો દેહ જણાય પણ સાક્ષાત્ ભગવાન પોતે જ આવીને મળ્યા છે. (૩/૪૬)

આવા પ્રત્યક્ષ ભગવાનની ઓળખાણ થઈ તે આંબા જેવા છે, ભલે બહુ વિદ્યા ન ભણ્યો હોય, અવસ્થા પણ થોડી હોય, કુળ ઊંચું ન હોય તોપણ એને સંગે કરીને જ ટાઢું થાય છે, જીવ સુખિયો થઈ જાય છે. આવી વાત કરતાં સ્વામી તો ત્યાં સુધી કહે છે કે 'બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે

ઓળખાણ ન હોય તો તે કરતાં ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે.' (૩/૬૮)

સ્વામી 'મહારાજ સર્વોપરી' એ શબ્દો બોલે છે. (૩/૭૦) આમ, આપણને મળ્યું જે ભગ.નું સ્વરૂપ તે સર્વોપરી છે.

વળી, આ જ વાતમાં 'આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો પ્રત્યક્ષ છે.' આ શબ્દો કહીને આપણને મળ્યું જે પુરુષોત્તમનું સ્વરૂપ એ પ્રત્યક્ષ છે એવી દૃઢતા સ્વામી કરાવે છે. આ સ્વરૂપની ઓળખાણ જેને જેને થઈ છે એ સર્વેના ભાગ્ય ખૂબ જ મોટા છે.

આ સંબંધ થયો છે તેથી કાંઈ સારું નથી ને તેથી સારું કાંઈ સમજવાનું નથી. એમના વિષે મનુષ્યભાવ આવે એથી બીજું કાંઈ ભૂંડું નથી. આવી વાત પણ ગુણાતીતાનંદ સ્વામી કરે છે.(૩/૩૬)

શ્રીજીમહારાજના બધાં પરમહંસોમાં ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં પુરુષોત્તમના સ્વરૂપની યથાર્થ સમજણ જોવા મળે છે.

**'ભગવાન સ્વામિનારાયણ'ના આધારે :**

**<u>નવી આવૃત્તિ</u>**

**ભાગ ૧ : ઉદ્‌ગીથ ૧ થી ૨૨**

**ભાગ ૨ : ઉદ્‌ગીથ ૧ થી ૬**

**પ્રશ્ન.૩(અ) નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) સમાધિ દ્વારા શ્રીજીમહારાજે દર્શાવેલું ઐશ્વર્ય**

શ્રીજીમહારાજના પૃથ્વી પરના પ્રાગટ્યના છ હેતુઓ હતા. એમાંનો એક સંકલ્પ એ હતો કે અનંત જીવને પોતાની મૂર્તિનો સંબંધ કરાવી આત્યંતિક મુક્તિ અપાવવી, અક્ષરધામના અધિકારી બનાવવા. એ માટે પોતાના સંબંધમાં લાવવા માટે મહારાજે ઐશ્વર્યપણું બતાવી હજારોને સમાધિ કરાવી.

અષ્ટાંગયોગની વર્ષો સુધી સાધના કર્યા છતાં પણ જે સિદ્ધિ શક્ય નથી, તે વિદ્યા તેઓ સહજમાં સિદ્ધ કરાવતા, તો કોઈને બંને આંખોમાં ભગવાનનું ધ્યાન સિદ્ધ કરાવતા. ઇડા, પિંગલા, સુષુમ્ણા નાડીમાં કેવી રીતે ગતિ કરવી તે શિખવાડતા. સૂર્ય અને ચંદ્રના લોકમાં પણ ગતિ કરાવતા, સ્થૂળ દેહને સૂક્ષ્મ કરવાની રીત શીખવાડતા અને પરકાયા પ્રવેશ પણ કરાવતા. આમ, વિવિધ રીતે સમાધિઓ કરાવતા.

શ્રીહરિએ કાલવાણી, માંગરોળ વગેરે ગામોમાં સમાધિ દ્વારા પોતાનો પ્રૌઢ



પ્રતાપ જણાવ્યો. તેમનો પ્રતાપ જોઈ ગામોગામથી લોકો માંગરોળ આવવા લાગ્યા. તેમને દરેકને તેમના ભાવ પ્રમાણે, ઉપાસના પ્રમાણે, તેમની ઇચ્છા પ્રમાણે પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન શ્રીહરિના સ્વરૂપમાં થવા લાગ્યા. કેટલાકને સમાધિ થતી અને ત્રણ-ચાર દિવસ દિવસ સુધી શબવત્ પડ્યા રહેતા. કેટલાક પંદર દિવસ સુધી, કેટલાક મહિના સુધી. આમ, સમાધિ અવસ્થામાં દેહ ભૂલી પડ્યા રહેતા. ઘણી વખત તેમના સગા સંબંધી તેડવા આવતા તો ત્યારે તેમને સૌને ઉપરા છાપરી ખડકી રાખ્યા હોય ત્યાં શોધવા મોકલતા અને પેલા શોધી લાવે પછી શ્રીહરિને કહે ત્યારે શ્રીહરિ ત્યાં આવીને સોટી અડાડતા ત્યારે ભક્ત ઊભા થઈ જતા.

આવો શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ જોઈ જે સદ્‌ભાવવાળા હતા તેમને શ્રીહરિના સ્વરૂપમાં પરમાત્માનો નિશ્ચય થયો. મહારાજે અલૌકિક સમાધિ પ્રકરણ ચલાવ્યું. જેમાં મહારાજના કરના લટકે ને ચાખડીના ચટકે સમાધિ થતી તો કેટલાકને સોટીથી કે દૃષ્ટિથી સમાધિ કરાવતા.

એક વખત મહારાજ માંગરોળમાં ગણેશભાઈને ત્યાં જમવા માટે જતા હતા. આગળ-પાછળ સંતો-ભક્તો હતા. મહારાજ ગામના દરવાજા પાસેથી નીકળ્યા, ત્યાં દુકાનો હતી. તેમાં એક દુકાનમાં બાપ-દીકરો નામાના કામમાં પડી ગયા હતા. તેવામાં શ્રીહરિ નીકળ્યા. તેમાં ઝટપટ ચોપડા બંધ કરી બંને અંદર દોડ્યા. પણ દીકરાને મહારાજની ચાખડીનો ચરચર અવાજ સંભળાઈ ગયો અને તરત જ સમાધિ થઈ ! એ અવસ્થામાં પણ બીકના માર્યા બોલાઈ ગયું : 'ઓ મારા બાપ રે...' મહારાજ આ સાંભળી હસવા લાગ્યા અને ગણેશ ભક્તને કહ્યું : 'અષ્ટાંગયોગના ફળરૂપ આવી સમાધિ થાય છે. તે આજે સહેજે અમારી ઇચ્છાથી થાય છે. તેની આટલી બધી બીક !' છતાં શ્રીહરિએ પ્રકરણ ચાલુ રાખ્યું.

રામાનંદ સ્વામીના ધામગમન બાદ ઝરણાપરણા(મધ્ય ભારત)નો શીતળદાસ રામાનંદ સ્વામીની ખ્યાતિ સાંભળીને આવેલ. એને મહારાજે સમાધિ કરાવી. અને ભગવાનના દિવ્ય અક્ષરધામમાં શ્રીહરિને દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા જોયા. રામાનંદ સ્વામી સહિત ચોવીસ અવતારો શ્રીહરિની સ્મૃતિ કરતા જોયા. તેમણે મહારાજની પૂજા કર્યા પછી બધાની પૂજાનો સંકલ્પ થયો. મહારાજે મૂંઝવણ પારખી કહ્યું. રામાનંદ સ્વામી પુરુષોત્તમ હોય તો અનંત સ્વરૂપ થાય પણ ન થયા. એ રીતે ચોવીસ અવતારોના સંકલ્પથી પણ ન થયા. પછી જો શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ હોય તો અનેકરૂપ થાય. અને સંકલ્પ સાથે મહારાજની કૃપાથી અનેકરૂપ થયા ને એક સાથે જ સર્વે મુક્તોની એક કાળાવચ્છિન્ન પૂજા કરી. મહારાજે શીતળદાસને અલૌકિક અને અકલ્પ્ય દર્શન સમાધિ દ્વારા કરાવ્યું અને

શીતળદાસ જાગ્રત થતા દીક્ષા લઈ વ્યાપકાનંદ થયા.

શ્રીજીમહારાજ ગઢડાથી નીકળી સીધા માંગરોળ પધાર્યા. ત્યાં નજીકમાં ડોસાવાવ ઉપર આસન કરી બેઠા. એવામાં એક વણિક ગોવર્ધનભાઈ પોતાનાં ફોઈના કારજ માટે સુખડી અને ગાંઠિયા બનાવેલા. તે વર્ણીને જોઈ જમાડવા માટે પૂછવા આવ્યા, 'મહારાજ ! કાંઈ જમશો.'

મહારાજે કહ્યું, 'તૈયાર હોય તે લાવો.' એટલે લાવ્યા. મહારાજ નૈવેદ્ય ધરાવી જમ્યા. પછી પૂછતાં વાત કરી, 'આજે મારી પૂતળી ફોઈનું કારજ હતું.'

મહારાજ કહે, 'તારી ફોઈ તો નરકમાં ગઈ છે.' ગોવર્ધનને સાંભળી આઘાત લાગ્યો.

તેણે કહ્યું, 'તે તો રામાનંદ સ્વામીની શિષ્યા હતી. એ નરકમાં કેમ જાય ?' મહારાજ કહે, 'તો જો.' અને દૃષ્ટિ પડતા તેને સમાધિ થઈ. યમદ્વાર દેખાયું. તેમની ફોઈને જોઈ. પૂતળીએ બૂમ મારી, 'એ ગોવર્ધન, મને છોડાવ.' એને આશ્ચર્ય થયું. જાગ્રત થયો અને બોલ્યો, 'પ્રભુ, શા પાપે એ નરકમાં ગઈ ?'

મહારાજે કહ્યું, 'એણે રામાનંદ સ્વામીનું સોનું ઓળવ્યું હતું, જૂઠું બોલી હતી.' પછી મહારાજની કૃપાથી પૂતળીને જમદ્વારમાંથી છોડાવી.

મહારાજની આ કૃપાસમાધિના અધિકારી જળચર ખેચરથી માંડીને ભૂચર સુધીના બધા જ બન્યા હતા. વર્ણી જ્યારે પુલહાશ્રમની વાટે ગયા ત્યાં માર્ગ અતિ વિકટ હતો. ત્યારે હિમાલયે મૂર્તિમાન દર્શન દઈ કહ્યું, 'આ રસ્તે ન જશો, ત્યાં ઝેરી સર્પો, કરચલા, કાચબા, મગરો અને માછલીઓ છે.'

ત્યારે વર્ણીએ કહ્યું, 'જીવજંતુ, પશુપક્ષીઓની અમને બીક નથી લાગતી. અમે તો જીવોનાં કલ્યાણ માટે ફરીએ છીએ.' પછી તરત જ વર્ણીએ એક ઊંડા ઝરણામાં ઝંપલાવ્યું અને નીલકંઠના જળના સ્પર્શમાત્રથી જળચરો સમાધિસ્થ થઈ ગયા.

નીલકંઠ વનવિચરણ દરમ્યાન શ્રીપુરમાં સંધ્યા વખતે પધાર્યા. વસ્તીમાં ન જતાં ગામબહાર એક મઠ હતો ત્યાં જઈ ઓટલા ઉપર નિવાસ કર્યો. મઠના મહંતે વર્ણીને જોઈ મઠમાં નિવાસ કરવા કહ્યું પણ વર્ણીએ ના પાડી. મહંતે જણાવ્યું કે અહીં ભયંકર સિંહ રાત્રે આવે છે. છતાં એ તરફ લક્ષ્ય આપ્યા વગર ધ્યાનમાં બેસી ગયા. રાત્રે ત્રાડ પાડતો વિકરાળ સિંહ આવ્યો. બધા બારીઓમાંથી જોઈ રહ્યા પણ સિંહ વર્ણી પાસે આવી ઊભો રહ્યો. વર્ણીએ હાથ ફેરવ્યો ને સમાધિ થઈ ગઈ. સવારે જાગ્રત થતાં વર્ણીની પ્રદક્ષિણા ફરી આનંદમાં ગેલતો ચાલ્યો ગયો.

મહારાજ કાલવાણીમાં બિરાજમાન હતા. તે વખતે શ્રીહરિએ વ્યાપકાનંદ સ્વામીને કહ્યું, 'તમે ઇન્દ્રના લોકમાં જાવ.' એમ કહી તેના સામે દૃષ્ટિ કરી. અને સ્વામી ઇન્દ્રના લોકમાં પહોંચી ગયા. પછી જાગ્રત થયા. અનુભવની વાત કરી. પછી શ્રીહરિએ સમાધિમાં બ્રહ્મલોકમાં, ગોલોકમાં અને ભૂમાપુરુષના લોકમાં મોકલ્યા. ત્યાં પૂર્ણ પુરુષોત્તમનો મહિમા પ્રવર્તાવી ત્યાંના વાસીઓને શ્રીહરિના આશ્રિત બનાવી વ્યાપકાનંદ સ્વામી પુનઃ દેહમાં આવ્યા.

સમાધિ દ્વારા રોજ આવાં આશ્ચર્યોની પરંપરા સર્જાતી. કાલવાણીમાં તો ભીમભાઈએ વાત કરી, 'હે મહારાજ ! રાજા ગાદીએ બેસે ત્યારે મોજમાં બંદીવાનોને છોડી દે છે. તો આપ પુરુષોત્તમનારાયણ સ્વયં પધાર્યા. જેતપુરમાં પટ્ટાભિષેક થયો. માટે મોજમાં નરકના કુંડમાંથી જીવોને છોડાવવા જોઈએ.'

સાંભળી મહારાજે કહ્યું, 'આજે ખાલી કરાવી નાખીએ.' શ્રીહરિએ સ્વરૂપાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી, 'તમે જાવ અને ધર્મરાજાને આજ્ઞા કરો કે સર્વ જીવોને છોડી મૂકે. તમારા ભજનના પ્રતાપે છૂટી ભૂમાપુરુષના લોકમાં જશે.' પછી સ્વામીને સમાધિ થઈ. ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ ધૂન બોલવા લાગ્યા. યમરાજ પણ સ્વામીના દર્શનથી સ્થિર થઈ ગયા. પૂછ્યું, 'કયા લોકમાંથી પધાર્યા ?'

સ્વામીએ વાત કરી, 'મૃત્યુલોકમાં પુરુષોત્તમનારાયણ પધાર્યા છે. એમની આજ્ઞાથી આ નરકના કુંડના જીવોને મુક્ત કરવાના છે.' અને જીવો ચતુર્ભુજરૂપ ધારણ કરી ભૂમાપુરુષના લોકમાં ગયા.

અહીં શ્રીહરિએ સમાધિ પ્રકરણ ખૂબ વિસ્તાર્યું. આથી માંગરોળના નગરજનોને સમાધિ દ્વારા પોતપોતાના ઇષ્ટદેવના દર્શન કરવાની જિજ્ઞાસા જાગી. શ્રીહરિએ એમની વિનંતી સાંભળી બધાને પોતપોતાના ઇષ્ટદેવના દર્શન પોતાની કૃપા સમાધિમાં કરાવ્યા.

આ રીતે શ્રીહરિએ અનેકને સમાધિ કરાવી પોતાના સ્વરૂપનો સંબંધ કરાવ્યો. બધાએ જાણ્યું આ તમામ સ્વરૂપોના કારણ આ પ્રત્યક્ષ શ્રીહરિ છે. તેની તેમને પ્રતીતિ થઈ અને શ્રીહરિનો પ્રતાપ સર્વત્ર પ્રસરવા લાગ્યો.

### (૨) શ્રીહરિએ કરેલો અસુરોનો પરાભવ

શ્રીહરિના જન્મથી છપૈયાપુર આનંદવિભોર બની ગયું. સરવાર દેશમાં આનંદ મંગળ વર્તવા લાગ્યા. પરંતુ ભગવાનનું જ્ઞાન જગતમાં ન પ્રસરે અને આસુરી સંપત્તિનો નાશ ન થાય તેવું વિચારનારા કેટલાક અસુરો બાળપ્રભુનો નાશ કરવા તૈયાર થયા. આસુરભાવના કાલિદત્તે આ બીડું ઝડપ્યું. પોતે સાધેલી મલિન વિદ્યાના બળે તેણે કોટરા આદિ કૃત્યાઓ ઉત્પન્ન કરી અને તેને વિપ્ર હરિપ્રસાદને

ત્યાં જન્મેલા બાળપ્રભુનો નાશ કરવાની આજ્ઞા કરી.

બાળપ્રભુ પારણામાં પોઢ્યા હતા ત્યાં કોટરા પહોંચી પણ બાળપ્રભુએ જ્યાં કરડી દૃષ્ટિ કરી ત્યાં તો તે બળવા લાગી અને મૃત્યુ પામી. કાલિદત્તે બીજી કૃત્યાઓને મોકલી ત્યારે બાળપ્રભુ માતાના ખોળામાં સૂતા હતા. ત્યાંથી બાળપ્રભુને લઈને કૃત્યાઓ ભાગી. માતા આ જોઈને રુદન કરવા લાગ્યાં અને ત્યાં તો માતાનું રુદન સાંભળી હનુમાનજી ત્યાં આવ્યા. કૃત્યાઓની પાછળ જઈ તેમને મેથીપાક ચખાડ્યો અને બાળપ્રભુને પાછા લાવ્યા. કાલિદત્તની મનની મનમાં જ રહી ગઈ.

ઘનશ્યામને ત્રીજું વર્ષ બેઠું. બાળ-મોવાળા ઊતરાવી ચૌલ-સંસ્કારનો વિધિ કર્યો. બધાને પગે લગાડ્યા. પછી બાળપ્રભુ બાળકો સાથે રમવા ગયા. આ જ વખતે કાલિદત્તને પૂર્વનું વેર સાંભરી આવ્યું. એણે મોકલેલી પાંચ કૃત્યાઓ નિષ્ફળ ગઈ હતી, માટે આ વખતે પ્રપંચ રચ્યો. બાળકો દૂર દૂર એક વાડીમાં ફળ ખાવા ગયા. ઘનશ્યામને નાના હોવાથી ત્યાં ઝાડ નીચે બેસાર્યા. આ સમયે કાલિદત્ત ત્યાં આવ્યો. ઘનશ્યામને ઉપાડીને ભોંય પર પછાડવાનો તેનો વિચાર હતો. પરંતુ બાળ ઘનશ્યામની આંખોમાંથી નીકળતા તેજથી તે ડરી ગયો. તેના શરીરમાં બળતરા ઊપડી. તેને થયું કે હમણાં તે પડી જશે, એટલે તમોમય માયા પ્રસારી. વાવાઝોડું, મૂશળધાર વૃષ્ટિ થવા લાગી. પણ પ્રભુ સ્વસ્થ હતા. કાલિદત્તે હવે પેંતરો બદલ્યો. જે વૃક્ષ નીચે ઘનશ્યામ બેઠા હતા તે જ વૃક્ષને તેણે વાવાઝોડું લાવીને મૂળ સહિત ઉખાડી દીધું. પણ આશ્ચર્ય ! ઘનશ્યામ પર એ વૃક્ષ છત્રની જેમ ગોઠવાઈ ગયું અને ઘનશ્યામ સુરક્ષિત રહ્યા.

આથી કાલિદત્ત વધુ ઉશ્કેરાયો. ઘનશ્યામને પકડવા બે હાથ લાંબા કર્યા. ત્યાં તો બાળપ્રભુએ ક્રોધભરી દૃષ્ટિ કરી ને કાલિદત્ત ગાંડાની પેઠે ઝાડને અથડાતો અથડાતો મરણને શરણ થયો.

ઘનશ્યામ આ.સં. ૧૮૪૮ના અષાઢ સુદ દશમીના વહેલી સવારે ગૃહત્યાગ કરીને નીકળ્યા. નીલકંઠ સરયૂતટે પહોંચ્યા. ત્યાં પાછળ ભીમકાય માણસ આવતો હતો. એ પુરુષે નીલકંઠને પૂછ્યું : 'તારે સરયૂ નદી પાર કરવી છે ?'

નીલકંઠે ફક્ત ડોકું હલાવ્યું. પેલો કહે, 'તું મારી આગળ ચાલ.'

નીલકંઠે કહ્યું, 'તમે આગળ ચાલો. મારે મદદની જરૂર નથી.' આથી પેલો ચિડાયો. એક નાનકડા બાળકે પોતાની વિડંબના કરી ! આજે તેનું ફળ ચખાડું છું. રામઘાટ સુધી તે નીલકંઠને પકડી દોડ્યો. પછી જોરથી સરયૂના પ્રવાહમાં ફેંક્યા અને અટ્ટહાસ્ય કર્યું ! એ જ વખતે વાવાઝોડું શરૂ થયું. તે પુરુષ ઉન્માદમાં



આમતેમ દોડતો એક ઝાડ સાથે અથડાયો અને તે જ વખતે વાવાઝોડાના વેગથી પ્રચંડ કડાકો કરી વૃક્ષ તૂટ્યું અને ત્યાં જ તેનો છેલ્લો શ્વાસ ઘૂંટાયો.

નીલકંઠ ફરતાં ફરતાં હિમાલય તરફ પૂર્વ-ઉત્તર સીમના પર્વતની તળેટીમાં સં. ૧૮૫૩ના કાર્તિકમાં આવ્યા. અહીં કામાક્ષી દેવીનું મંદિર પર્વતની ઉપર હતું. પરંતુ નીલકંઠે અને તેના સાથીઓએ બ્રહ્મપુત્રા નદીના કિનારે ફૂલવાડીમાં ઉતારો કર્યો. ત્યાં લોહીના પ્રતીકરૂપ કંકુની આડ કરીને રંગેલા કપાળવાળા, લોહી નીતરતી આંખોવાળા, કેટલાક નાગા, દારૂમાંસ ભક્ષણથી ગંધાતા મુખવાળા આ બાવાઓના ઝુંડ આવ્યે જતા હતા. જેના દર્શનથી ત્રાસ ઉત્પન્ન થાય એવા બાવાઓની નાગચૂડમાં અજ્ઞાન પ્રજા ફસાયેલી હતી. અંધશ્રદ્ધાના પાશમાં ફસાયેલ આ ભોળી પ્રજાની દુર્ગતિ જોઈ નીલકંઠનું અંતર દ્રવી ગયું. કામાક્ષી ઉપરનું તેમનું આગમન આ ભોળી પ્રજાની મુક્તિ માટે હતું.

કામાક્ષીના દર્શને આવતા ભાવિકો નીલકંઠમાં આકર્ષાયા. ધીરે ધીરે પ્રાંગણમાં સૌ જમા થવા લાગ્યા. આથી બાવાઓને અપમાન લાગ્યું. અમે સિદ્ધ છીએ છતાં આ લોકો અમારી ઉપેક્ષા કરી આ છોકરા પાસે જમા થયા છે. આથી પાસેના ગામમાં રહેતા કાલી ભક્ત પિબૈકને ઉશ્કેર્યો. આ પિબૈક પોતાને અજેય માનતો. મલિન મંત્રોની સાધનાથી દેવીઓને વશ કરી હતી. આથી બધા ત્રાસ પામી તેના શિષ્ય બની જતા. એને આ નીલકંઠને મહાત કરવાના કોડ જાગ્યા. દેવીના દર્શન કરી ફૂલવાડીમાં આવી નીલકંઠ સિદ્ધોને ઉપદેશ કરતા હતા તે સમયે પિબૈક તેના શિષ્યો સાથે ત્યાં આવ્યો. તેનો ભયંકર વેશ હતો અને સાથે અર્ધ નગ્ન સ્ત્રી અને પુરુષો નિર્લજ્જ બની નાચતાં હતાં.

નીલકંઠની આજુબાજુમાં બેઠેલી બાવાની જમાત પણ પિબૈકના ટોળાને જોઈ ડરી ગઈ. નીલકંઠને જોઈ તેણે અટ્ટહાસ્ય કર્યું. નીલકંઠે સિદ્ધોને કહ્યું, 'તમે જરાય ડરશો નહિ.' નીલકંઠના આ શાંત વલણથી પિબૈક ઉશ્કેરાયો. આકાશમાં વીજળીનો ગડગડાટ થયો. બધા ધ્રૂજી ગયા. ઊઠીને ચાલવાની તૈયાર કરતા હતા ત્યાં નીલકંઠે કહ્યું : 'આવા તામસી મલિન દેવદેવીઓના ઉપાસકથી કેમ બીઓ છો ?'

પિબૈક બોલ્યો, 'છોકરા ! તું બાળક છે. તેં મારો પ્રતાપ જોયો નથી.'

નીલકંઠે તરત કહ્યું, 'પરમાત્મા સિવાય કોઈ કાળને આજ્ઞા કરી શકતું નથી. તારો પ્રયોગ અજમાવ.' એટલામાં અડદના દાણા નાખી પિબૈકે ઝાડ બાળી નાખ્યું. ધુમાડાના ગોટા નીકળવા માંડ્યા. સિદ્ધો ગભરાયા અને ઊભા થવા લાગ્યા. નીલકંઠને દયા આવી ને કહ્યું : 'તમે કેમ બીઓ છો. એ પહેલાં મારા પર પ્રયોગ

કરે. મને કાંઈ થાય પછી તમે ઊઠીને જજો.' આ સાંભળી પિબૈક વધુ ઉગ્ર બન્યો. મંત્રેલા દાણા નાખવા લાગ્યો પણ કાંઈ ન થયું. એટલે કાળભૈરવ ને બટુકભૈરવને બોલાવ્યા. તેઓ પણ વર્ણી પાસે જઈ ન શક્યા. ત્યાં જ સ્થિર થઈ ગયા અને પિબૈકને જ વળગ્યા અને જમીન પર પછાડ્યો. મોઢામાંથી લોહી નીકળવા માંડ્યું. ફરી ફરી ઉગ્ર બની હનુમાનની આરાધના કરી. હનુમાનજી આવ્યા. વર્ણીને નમસ્કાર કરી પિબૈકને લાત મારી મુષ્ટિ પ્રહાર કર્યો ને મૂર્છાવશ થઈને તે ત્યાં જ ઢળી પડ્યો. એટલે સંબંધીઓએ નીલકંઠની સ્તુતિ કરી. વર્ણીએ પિબૈકના કાનમાં કૃષ્ણ મંત્ર કહ્યો. આથી સ્વસ્થ થઈ તે નીલકંઠના ચરણમાં નમી પડ્યો. તે રાત્રે ફરી સાધના કરી કાળભૈરવને આરાધ્યા. ભૈરવ આવ્યા. સઘળી હકીકત જણાવીને કહ્યું કે હવે મારી લાજ રાખો. કાળભૈરવ બોલ્યા : 'જે કાળના પણ કાળ છે. તે આ સાક્ષાત્ શ્રીહરિને મારવાના કોડ જાગ્યા. અને તે પણ અમારા જેવા શૂદ્ર સેવકો દ્વારા. તારું કલ્યાણ ઇચ્છતો હો તો એમનું શરણું લઈ લે.' આ સાંભળી પિબૈકની સાન ઠેકાણે આવી. સવારે સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો પહેરી વર્ણી પાસે આવ્યો. સાષ્ટાંગ દંડવત્ કર્યા. તેમના ચરણ પકડી લીધા. નીલકંઠના ચરણ તેના અશ્રુથી ભીંજાયા. તે ચરણની ભીની રજ લઈ પિબૈકે માથે ચડાવી અને શરણું ગ્રહણ કર્યું.

નીલકંઠ કામાક્ષીથી ફરતાં ફરતાં જગન્નાથપુરીમાં આવ્યા. પુરી મંદિરથી અર્ધો ગાઉ દૂર જનકપુર પાસે ઇન્દ્રદ્યુમ્ન સરોવર પર મહાપ્રભુએ નિવાસ કર્યો. રોજ જગન્નાથજીના દર્શને જતા. તેમની ભક્તિ અને અદ્ભુત સ્થિતિ જોઈ લોકો તેમની પ્રત્યે ખેંચાતા. ત્યાંના રાજાને ખબર પડી. એ પણ પોતે વર્ણીના દર્શને પગે ચાલીને આવ્યો. દંડવત્ કર્યા. તેને દર્શનથી શાંતિ શાંતિ થઈ ગઈ. ધીરે ધીરે વર્ણીરાજ પ્રત્યે પુરીમાં આવતા ભાવિક ભક્તો આકર્ષાવા લાગ્યા અને વર્ણીરાજ સૌના પ્રિયપાત્ર બની ગયા. રાજાએ પણ વર્ણીને ગુરુ તરીકે સ્વીકારી લીધા. આથી ઇન્દ્રદ્યુમ્ન સરોવર ઉપર અડ્ડો જમાવીને રહેતા નાગા બાવાઓ રોષે ભરાયા. વામ અને શક્તિપંથીઓ, કૌલમતવાદીઓ અને તાંત્રિકો ભેખને નામે લોકોને ભરમાવતા. ભક્તિનો મહિમા ગાઈ સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા. ખાનપાન અને સ્ત્રીઓના વ્યવહાર માટે લડતા. એટલે રાજા અને લોકોની નીલકંઠ પ્રત્યેની ભક્તિ જોઈ તેમણે વિચાર કર્યો કે આ છોકરાને પાઠ ભણાવવો જોઈએ.

નીલકંઠને પણ આ જમાતનો નાશ કરવો હતો, પૃથ્વી ઉપરનો ભાર ઉતારવો હતો. એટલે જ્યાં આ બાવાઓનો મુકામ હતો ત્યાં જનકપુરીમાં જ રહેવા લાગ્યા. આ અરસામાં જ ત્યાં આ.સ. ૧૮૫૪ અષાઢ સુદ બીજ, રથયાત્રાનો ઉત્સવ આવ્યો. જગન્નાથજીની સાથે રાજાએ નીલકંઠને પણ રથમાં બેસાડીને જાતે રથ



ખેંચ્યો. આથી બાવાઓનો રોષ ઈર્ષ્યાને લીધે ભભૂકી ઊઠ્યો.

એક વખત વર્ણી ધ્યાનમાં બેઠા હતા ત્યાં એક બાવો આવ્યો ને કહ્યું, 'ઇધર ક્યું ઐસે બૈઠે રહે હો ? વો ભાજી તોડકે લાવ.'

નીલકંઠે કહ્યું, 'ભાજી હમ નહિ તોડેંગે. ઇસમેં હિંસા હોતી હૈ.' નીલકંઠને ડરાવી રહેલા બાવાને જોઈ બીજા એક બાવાએ નીલકંઠને હેરાન કરવાનું કારણ પૂછ્યું. તેથી ક્રોધે ભરાયેલ બાવો એકદમ હાથમાં તલવાર લઈને મારવા દોડ્યો. બુમરાણ થઈ ગઈ. આ જોઈ બીજા બાવાઓ તલવાર લઈને આવ્યા. અને ડારો દેતા બાવાને એક જ ઝાટકે પૂરો કરી નાખ્યો. આથી જે પક્ષનો બાવો મરાયો તે બધાએ આયુધો લીધા. રણશિંગા ફૂંકાયા. ઢોલ વાગ્યા અને યુદ્ધ શરૂ થયું. કોઈને ખબર ન હતી કે કોણ કોને મારે છે અને શા માટે મારે છે. અંદરો અંદર યુદ્ધ શરૂ થઈ ગયું. ભયંકર રમખાણ જામ્યું. નીલકંઠ સ્થિર બેસી આ દૃશ્ય જોતા હતા. નીલકંઠ સાથે ફરતા જયરામદાસે આ વાત રાજાને કરી તેથી તે લશ્કર લઈને ત્યાં પહોંચ્યો. બંદૂકોના બાર કર્યા તેથી બાવાઓ નાઠા. લશ્કર પાછળ પડ્યું અને જેટલા પકડાયા એટલાને ઠાર કર્યા. આ દૃશ્ય જોઈ રાજાને હાશ થઈ. નીલકંઠ યાદ આવતા ઇન્દ્રદ્યુમ્ન સરોવર પાસે આવ્યો. વર્ણીરાજને સ્થિર જોઈ રાજા વિસ્મય પામ્યો. તેને લાગ્યું વર્ણીએ આ અસુરોનો - આતતાયીઓનો પૃથ્વી પરનો ભાર ઉતાર્યો. આમ, અધર્મના દળરૂપી આ વૈરાગી બાવાઓ પોતાની જાતે જ નાશ પામ્યા. હથિયાર હાથમાં લીધા વિના જ નીલકંઠે યુક્તિપૂર્વક પૃથ્વીનો ભાર હળવો કર્યો.

**(૩) ભક્તિમાતા અને સુવાસિની ભાભીની ઘનશ્યામ પ્રત્યેની ભક્તિ**

ભગવાનનું આ પૃથ્વી પરનું પ્રાગટ્ય ભક્તોનો ભકિતભાવ અંગીકાર કરવા અને તેમના સંકલ્પો પૂરા કરવા માટે જ હોય છે. આ જ હેતુથી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પ્રગટ થયા. માતા અને ભાભીને બાળ ઘનશ્યામે ખૂબ સુખ આપ્યું તેમજ તેમની ભક્તિને સ્વીકારી તે પ્રસંગે પ્રસંગે આ જણાઈ આવે છે. ભક્તિમાતાને અનેક આપત્તિઓનો અનુભવ કરાવી તેમની પ્રાર્થનાથી પોતે પ્રાદુર્ભાવ પામ્યા હતા તેથી છેવટે તો તેઓ માતાની-ભક્તિની ગોદમાં જ સમાયા.

આ.સં. ૧૮૩૮ની શરદપૂર્ણિમાએ બાળપ્રભુનો કર્ણવેધનો સંસ્કાર નક્કી કર્યો. ભક્તોની અત્યંત કસોટી કરવામાં ભાન ભૂલેલા ભગવાનને ભાનમાં લાવવા તેમના કાન પકડવાનો અધિકાર ભક્તોનો છે. બાળપ્રભુએ સ્મૃતિ રહે તે માટે વિધિ કરવા દીધો. માતા પ્રભુનો કાન પકડી આ વિધિ હોંશે હોંશે જોઈ રહ્યાં. ભક્તિમાતા કહેતાં હતાં, 'જો જો તમારો કાન મારા હાથમાં છે માટે ભક્તોથી

ડરજો.'

હવે એક વર્ષ પૂરું થયું હતું. ઘૂંટણીએ ચાલતા હતા. માતા રસોઈ કરતાં હોય ત્યારે ઘણી વાર પાછળથી જઈ વાંસા ઉપર ચડી જતા અને બે હાથ માતાને ગળે ભરાવી વાંસામાં હિલોળા લેતા. ત્યારે માતા પ્રેમભર્યો કંટાળો બતાવતાં. ગળા ઉપર વીંટળાયેલા હાથ ધીરેથી છોડાવતાં. પણ બાળપ્રભુ તે વધુ ને વધુ મજબૂત કરતા. ભગવાનને ભક્તિ વહાલી છે. ભક્તિને ભગવાન વહાલા છે.

સુવાસિનીભાભી આવ્યા પછી ભક્તિમાતાને બાળપ્રભુની ચિંતા જરા ઓછી રહેવા લાગી. સુવાસિની ભાભી બાળપ્રભુની અત્યંત સંભાળ રાખતાં. મિસરી, માખણ, દૂધ, પેંડા, પતાસાં ઘનશ્યામને રુચે તે પ્રમાણે જમાડતાં. ઘનશ્યામ ક્યારેક જમતા, ક્યારેક પાત્ર ઠેલી પણ દેતા. ત્યારે સુવાસિની ભાભી લાડ કરી ઘનશ્યામને મનાવતાં, 'ભૈયા ! થોડું જમો !!' ત્યારે ઘનશ્યામ તે બધું ભાભીના મોંમાં મૂકી દેતા.

ઘનશ્યામ રોજ સરયૂ સ્નાન કરવા જતા ત્યારે માતા કહેતાં, 'બેટા ! ઘેર જલ્દી આવજો. રાત્રે મોડું કરશો તો બારણું નહીં ઉઘાડું !'

ઘનશ્યામે કહ્યું : 'કથામાં મોડું થાય તો !' ત્યારે દીદી હસવા લાગ્યાં. અને એક ટપલી મારી કહ્યું, 'હવે જોયા મોટા કથા સાંભળવાવાળા !' અને ઘનશ્યામ તો સ્નાન કરવા ઉપડ્યા. તે જ રાત્રે ઘણું મોડું થયું. ઘરે સહુ ચિંતા કરતા હતા. એટલામાં ઘનશ્યામ આવ્યા.

માતાએ ગમ્મતમાં પૂછ્યું, 'કોણ એ ? મોડી રાત્રે...'

ઘનશ્યામે કહ્યું : 'મા હું તારો લાડલો. ઓ મા !' એમ કહી તરત દીદીએ કમાડ ખોલી દીધાં અને ઘનશ્યામને તેડી તેના ગાલ ઉપર પ્રેમથી ચૂમી લીધી. પોતાની ગોદમાં દબાવી કહ્યું : 'બેટા, આટલું મોડું અવાય ? બહાર કેટલા અસુરો ભમે છે.' આવા પ્રસંગે ભક્તિમાતાએ ઘનશ્યામ પર વરસાવેલી હેતલવર્ષાનાં દર્શન થતાં.

એક પ્રસંગે રામપ્રતાપભાઈ તથા સુવાસિની ભાભી સાથે ઘનશ્યામ તરગામ ગયેલા. ત્યાં ઘનશ્યામ બધાનું આકર્ષણ બનેલા. બધા પોતાને ઘેર લઈ જવા તત્પર રહેતા. પણ સુવાસિની ભાભી ઘનશ્યામને એક પળ માટે પણ છૂટા પડવા દેતાં નહિ. ઘનશ્યામને જોઈ તેમની આંખોમાંથી તેમના સમગ્ર અંગમાંથી માતાનું વાત્સલ્ય ઝરતું. ઘણીવાર સંબંધીઓ ઘનશ્યામને પોતાને ગામ મોકલવા આગ્રહ કરતા ત્યારે ભાભી કહેતાં : 'ના હો, એ ભક્તિનો લાલ છે. તેને રેઢો ન મુકાય.' ત્યારે ઘનશ્યામ તેનો પાલવ ખેંચીને કહેતા : 'ભાભી ! હું તારો લાલ નહિ ? ઓ



મા !' કહી સુવાસિની ભાભી તેમને તેડી લેતાં અને ગાલે ચૂમીઓનો વરસાદ વરસાવતાં.

તરગામમાં જ બળદેવ દૂબેની વાડીમાં ઉજાણી માટે ગયેલા. ત્યાં બધાએ આનંદમાં ઉજાણી કરી. ત્યાં સમાચાર આવ્યા કે ઘનશ્યામે ચીભડાના બધા જ વેલા ખેંચી કાઢ્યા છે. ત્યાં જ ઘનશ્યામ આવ્યા ને રામપ્રતાપના ગુસ્સાએ માઝા મૂકી. તેમને ખ્યાલ ન રહ્યો કે જમવામાં સૌ ઘનશ્યામને ભૂલી ગયા હતા. પણ ઘનશ્યામને ઉપાડી લીધા : 'કેમ ચીભડાના વેલા ખેંચી કાઢ્યા. આવી ધમાલ કરવાની.' અને આવેશમાં બે તમાચા મારી દીધા. ઘનશ્યામ રડવા લાગ્યા. ભાભી આ જોઈ દોડ્યાં અને ઘનશ્યામને તેડી લીધા.

પછી સૌ ઘેર આવ્યાં. ભાભીએ કહ્યું : 'ઘનશ્યામ ! ભૈયા ! તમે થોડું જમી લ્યો.' 'મારે નથી જમવું. મારે તો મા પાસે જવું છે !' ભાભીને ઘનશ્યામના આ શબ્દોથી લાગ્યું કે 'ઘનશ્યામે તેનામાં માનો પ્રેમ ન જોયો.' તે વિહ્વળ બની એકદમ ઘનશ્યામને ગોદમાં લઈ રડી પડ્યાં, 'ભૈયા ! હું મા નહિ ને ? પણ મેં તમને ક્યાં સાચવ્યા છે ?' એટલું બોલતાં સુવાસિની ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં. થોડી વારે ઘનશ્યામ ભાભીનાં આંસુ લુછવા લાગ્યા. પછી કહ્યું, 'ભાભી ! ભૂખ લાગી છે.' આ સાંભળી ભાભી એકદમ ઊભાં થઈ ગયાં. અને ઘનશ્યામને લઈ રસોડામાં ગયા, 'ભૈયા, શું આપું ?' 'મને તો મીઠાઈ જોઈએ.' તરત જ ભાભીએ મીઠાઈ આપીને પ્રેમથી જમાડ્યા. ઘનશ્યામ થોડી જમી હાથ ધોઈ ભાભી પાસે ગયા, 'ભાભી ! તું હવે રડતી નહીં હો.'

ઘનશ્યામને જ્યારે ઉપવીત સંસ્કાર વખતે મુંડન કરી ભાભી કેસરયુક્ત જળથી સ્નાન કરાવવા લાગ્યાં. ભાભી માથે હાથ ફેરવે અને ટકોરા પણ મારે ને હસે, એમ કરતાં માથામાં એક ટકોરો જોરથી વાગ્યો. એટલે ભાભીના બંને હાથ પકડી લીધા : 'હવે તો તને જ નવરાવી દઉં.' ભાભીએ હાથ ખેંચતા કહ્યું, 'અરે મૂકો મૂકો, હાથ છોડો. બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય !' અને તરત જ ઘનશ્યામે ભાભીનો હાથ છોડી દીધો. ઘનશ્યામ વિચારમગ્ન થઈ ગયા. ભાભીએ તરત જ કહ્યું : 'હવે ઊભા થાઓ. ડિલ લૂછી નાખું.' પણ ઘનશ્યામે ભાભી પાસેથી ડિલ લૂછવાનું વસ્ત્ર લઈ લીધું. ભાભીએ તરત જ ઘનશ્યામ પાસેથી તે આંચકી લીધું અને કહ્યું : 'હજુ ત્રણ તાગડા તો ગળામાં પડ્યા નથી ને બ્રહ્મચારી શાના ? અત્યારથી ઢોંગ કરવા લાગ્યા !' ઘનશ્યામ હસી પડ્યા. ભાભીને શરીર લૂછવાનું સુખ લેવા દીધું.

માતા ધામમાં ગયાં પણ ઘનશ્યામને માતાના સુખની ઉણપ ન આવે તેવો

ભાવ ભાભીના અંતરમાં રહેતો. ઘડી પણ અળગા થાય તે તેમને રુચતું નહિ. ઘનશ્યામ સ્નાન કરવા જાય ત્યારે રામપ્રતાપભાઈને સાથે મોકલતા. મિત્રોને પણ સાથે સ્નાન કરવાનું કહેતા. જ્યાં જાય ત્યાં સાથે રહેવું. પોતાનો પુત્ર નંદરામ ઘણી વખત ભૂખ્યો થઈને આવે ને ખાવાનું માંગે તો તેને કહેતા કે પહેલા ઘનશ્યામ ભૈયાને બોલાવી આવ પછી બંનેને સાથે જમવાનું આપીશ. પણ ઘનશ્યામને મૂકીને તેને જમવા દેતા જ નહિ.

ઘનશ્યામને દેખતા જ ભાભીના અંતરમાં અમી ઊભરાતું. ઘનશ્યામ તેમને ઘણી વખત ગમ્મતમાં કહેતા : 'ભાભી ! તમને મૂકીને હું દૂર દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ. પછી તમે મને ક્યાં ગોતવા આવશો ?' ભાભી ત્યારે તરત જ સ્થિર થઈ જતી ને કહેતી : 'ઘનશ્યામ ભૈયા ! એવું ન કરશો હોં, ભાભીનું અંતર તમે જ્યાં જશો ત્યાં તમને ઝંખતું તમારી પાછળ ને પાછળ જ હશે.' 'પણ હું મોટો રાજા બનીશ તો ?' ઘનશ્યામ કહેતા ત્યારે ભાભી જવાબ આપતાં, 'તો હું તમારી સાહ્યબી જોઈને રાચીશ. દૂરથી જોઈશ, તારી નજીક નહીં આવું પણ તમને મારી નજરની બહાર તો નહિ જ થવા દઉં.'

આમ, ઘનશ્યામ પ્રતિ સુવાસિની ભાભી અને ભક્તિમાતાની અપ્રતિમ ભક્તિનાં દર્શન થાય છે.

**પ્રશ્ન.૩(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

**(૧) બોચાસણમાં શ્રીહરિ**

મહારાજ મેમકામાં વિરાજમાન હતા. ત્યાંથી નીકળ્યા ત્યારે તેમને બોચાસણ યાદ આવ્યું. કાશીદાસનાં મા નાનીબાની પણ દર્શનની ભારે ઝંખના હતી. પહેલાં નીલકંઠવર્ણી અચાનક નીકળી ગયા હતા અને તેમનો દર્શનનો, જમાડવાનો, સેવાનો ભાવ અપૂર્ણ રહ્યો હતો. આકાશવાણીએ તેમને સાંત્વન આપ્યું હતું : 'હું ફરી આવીશ.' એ શબ્દોના આધારે નાનીબા જીવન જીવતાં હતાં. નીલકંઠની ચરણરજનાં રોજ દર્શન કરતાં. નીલકંઠ ગયાને ચાર વર્ષ વીતી ગયા હતા એટલે તેમની અકળામણ પણ વધી ગઈ હતી. એ અંતરનો સાદ શ્રીહરિએ સાંભળ્યો અને મેમકાથી સીધી ગુજરાત તરફ બોચાસણની વાટ તેમણે પકડી.

શ્રીહરિ બોચાસણમાં આવી કાશીદાસના ઘરના આંગણામાં જઈને ઊભા રહ્યા. કાશીદાસ તથા તેમનાં માતુશ્રી નાનીબા આ દિવ્ય વિભૂતિને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયાં ! વણનોતર્યા અતિથિ આંગણમાં આવીને ઊભા રહ્યા. ન કળાય અને ન સમજાય એવી આ વિભૂતિના અણસારની ઝાંખી કરતાં નાનીબા



શ્રીહરિની સહેજ નજીક આવ્યાં એટલે શ્રીહરિ બે ડગલાં પાછા ખસી ગયા. માથે ઝરિયાની ફેંટો, રેશમી અચકન, ઉપર જરિયાની સુરવાલ, કંઠમાં મોતીની માળા, દશે આંગળીમાં સોનાના વેઢ, પગમાં મોજડી, આ રજવાડી ઠાઠ જોઈ નાનીબા મૂંઝાયા. તેમને કોઈ અગમ્ય વિભૂતિના અણસારની પ્રતીતિ આ સ્વરૂપમાં થતી હતી. સ્મૃતિપટ પર નીલકંઠની મૂર્તિ આવી. પણ ક્યાં એ તપસ્વી અને ક્યાં આ રાજવી ! સ્વરૂપ જુદું દેખાતું હતું. પરંતુ મુખારવિંદ નીલકંઠનું હતું. તે મૂંઝવણમાં પડી ગયાં. કાશીદાસ પણ અવાચક બની ગયા.

એટલામાં શ્રીહરિએ કહ્યું : 'નાનીબા ! સાવ ભૂલી ગયા ? અમે અહીં આવ્યા હતા.' નાનીબાના સ્મૃતિ પટ પર નીલકંઠવર્ણીની મૂર્તિ આવી ગઈ. શ્રીહરિ બોલ્યે જતા હતા : 'નાનીબા ! તે સમયે અમે તપસ્વી વેશે હતા. માથે જટા હતી. શરીર પર કૌપીન સિવાય કોઈ વસ્ત્ર ન હતું.' નાનીબાના હૃદયમાં નીલકંઠની મૂર્તિ હવે સંપૂર્ણ કંડારાઈ ગઈ અને બોલ્યા : 'હા, હા, પ્રભુ ! તમે ચાલ્યા ગયા હતા, અમને સાવ નોધારાં મૂકીને.' શ્રીહરિ હસ્યા અને કહ્યું : 'નાનીબા ! અમે ભક્તને કદી નોંધારા મૂકતા નથી. જે અમારી વાટ જુએ છે તેની પાસે અમે જરૂર જઈએ છીએ. જે અમને સંભારે છે તેને માટે અમે પ્રત્યક્ષ થઈએ છીએ. અમે ભક્તોની પાછળ ફરીએ છીએ.' નાનીબા સાંભળતાં હતાં. આંખો બંધ હતી પણ અંતઃચક્ષુ ખુલી ગયાં હતાં. શ્રીહરિની દૃષ્ટિ કાશીદાસ ઉપર પડી. કાશીદાસ પાસે આવ્યા. શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રીહરિએ તેમનું કાંડું પકડ્યું. નાનીબાને કહ્યું : 'નાનીબા ! આ કાશીદાસ અમારા પરમ ભક્ત છે. તેમની ભક્તિથી આ ગામ પવિત્ર થઈ જશે, તીર્થ થશે. પરમધામ બની જશે.'

નાનીબાએ ઢોલિયો ઢાળ્યો. તે ઉપર ધડકી પાથરી. શ્રીહરિ તે ઉપર બિરાજ્યા. મોજડી કાઢીને ચરણ પ્રસાર્યા એટલે નાનીબાએ બંને ચરણમાં સોળ ચિહ્ન જોયાં. આ સ્વરૂપમાં તેમને ભગવાનનો ભાવ થયો. આકાશવાણીના શબ્દો સાચા પડ્યા. નાનીબા કૃતકૃત્ય થઈ ગયાં !

ગામમાં ખબર પડી કે કાશીદાસને ઘેર કોઈ મહાન વિભૂતિ આવી છે. એટલે લોકો ત્યાં ઉમટ્યા. નાનીબા તો બધાને કહેવાં લાગ્યાં : 'આ સાક્ષાત્ ભગવાન છે. દર્શન કરો. સેવા કરો. કલ્યાણ થઈ જશે.' ગામલોકોને સમજાયું નહિ. કારણ કે તેમની બુદ્ધિનો માપદંડ જુદો હતો. ભગવાન એટલે પ્રકાશમય, ચતુર્ભુજ સ્વરૂપ, ઘડીકમાં દર્શન દઈ અલોપ થઈ જાય, એવી તેમની ભગવાનની કલ્પના શ્રીહરિને ઓળખી શકી નહિ.

શ્રીહરિ પધાર્યાની વાત વાની પેઠે આજુબાજુનાં ગામોમાં પ્રસરી ગઈ. નહીં

તાર, નહિ ટપાલ કે નહિ સંદેશો પહોંચાડવાનાં બીજાં સાધનો. છતાં શ્રીહરિના પ્રતાપનો ઉદ્‌ઘોષ તેઓ જ્યાં જતા ત્યાં આજુબાજુ થઈ જ જતો.

વડતાલથી બાપુભાઈ તેમના પુત્ર રણછોડદાસ સાથે બોચાસણ આવ્યા. બાવા સંન્યાસીઓ ઘણા ફરતા હશે. પરંતુ તેમના પ્રતાપનો આવો પ્રભાવ ભાગ્યે જ અગાઉ કોઈએ જોયો હતો. શ્રીહરિ જ્યાં જતા ત્યાં કીડિયારાની જેમ ભક્તો ઉભરાતા. બાપુભાઈને જોઈ શ્રીહરિએ તેમને પૂછ્યું : 'તમે ક્યાંથી આવ્યા ?' આ સાંભળી કાશીદાસે કહ્યું : 'પ્રભુ ! એ તો વડતાલથી આપના દર્શન માટે જ આવ્યા છે.' શ્રીહરિ તેમને જોઈ હસ્યા. બંનેને માથે હાથ મૂક્યા. બાપુભાઈએ ચરણસ્પર્શ કરવા હાથ લાંબો કર્યો. એટલામાં સોળ ચિહ્‌નો જોયાં. તેમને પ્રતીતિ થઈ કે આ પ્રભુ છે. કાશીદાસના પિતા કાનદાસ આ જોઈ રહ્યા. પણ તેમને કાંઈ સમજાયું નહિ. પ્રભુનો નિશ્ચય તો પ્રભુ કરાવે તો જ થાય. તેમની કૃપા હોય ત્યારે જ પ્રભુ ઓળખાય.

થોડી વારે મુકુન્દ બ્રહ્મચારી શ્રીહરિ માટે થાળ લાવ્યા. શ્રીહરિ જમવા બેઠા. બાપુભાઈ તથા પુત્ર રણછોડભાઈને પણ બોલાવ્યા. પોતે થાળ જમતા જાય અને પ્રસાદી આ બંનેને આપતા જાય. શ્રીહરિની કૃપાદૃષ્ટિ તેમના ઉપર પડી. અને તરત જ સમાધિ થઈ ગઈ. તેમને તેજોમય અક્ષરધામનાં દર્શન થયા. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર તેમણે આ જ શ્રીહરિને બિરાજેલા જોયા. શ્રી પુરુષોત્તમનારાયણનાં દર્શન તેમને સહજમાં થયા. ધામની મૂર્તિ અને મનુષ્યની મૂર્તિની એકતા જોઈ તેઓ કૃતકૃત્ય થઈ ગયા. હર્ષના આંસુ નેત્રમાંથી વહેવા લાગ્યાં. થોડીવારે સમાધિમાંથી તેઓ જાગ્યા. શ્રીહરિની દિવ્યતા, પરપણું નિહાળી અવાચક બની ગયા ! આનંદથી ભાવિભોર તેઓ એક શબ્દ પણ ન બોલી શક્યા. પુત્ર રણછોડદાસે મહારાજને કહ્યું : 'મહારાજ ! બાપુ બોલી શકતા નથી પરંતુ આપને વડતાલ તેડાવવાનો તેમનો ભાવ છે.' શ્રીહરિએ કહ્યું : 'અમે જરૂર વડતાલ આવીશું.'

આ રીતે મહારાજે બોચાસણમાં અનેક લીલા કરીને ભક્તોના ભાવ પૂર્ણ કર્યા.

**(૨) શ્રીહરિએ ઉદ્‌બોધેલ ફણેણીમાં પ્રથમ ધર્મસભા**

વિક્રમ સંવત ૧૮૫૮ના માગશર સુદ ૧૩ના દિવસે રામાનંદ સ્વામી અંતર્ધાન થયા. વર્ણીએ સૌને ધીરજ આપતાં કહ્યું : 'મોટા પુરુષ કદી પૃથ્વી ઉપરથી જતા નથી. માટે સૌએ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેમના ગુણો વિચારવા. તો સ્વામી જરૂર અંતરમાં પ્રગટ થશે.'

ત્યારબાદ રામાનંદ સ્વામીની દ્વાદશા અને ત્રયોદશા વિધિ વર્ણીએ વિધિપૂર્વક કરી. ચૌદમાના દિવસે આ.સં. ૧૮૫૮ના માગશર વદ એકાદશીએ ગામમાં ભદ્રા નદી ઉપર સંતો-હરિભક્તોની સભા કરી.

આ સભામાં વર્ણીએ બ્રહ્મચારીઓ, સાધુઓ તથા સ્ત્રીપુરુષોના ધર્મો વિસ્તારથી સમજાવતાં કહ્યું : 'ધર્મના અનુશીલનથી જ પરમાત્માની પ્રાપ્તિ માટેની સાધનાની સિદ્ધિ થાય છે. આગળ મોટા મોટા દેવતાઓ શેષ, ચંદ્ર, સૂર્ય વગેરે પણ ધર્મના અનુશીલનથી જ સુખ અને મોટપ પામ્યા છે. શ્રુતિ અને સ્મૃતિનું આ રહસ્ય છે. પરંતુ ધર્મપાલનની પ્રેરણા તો મોટા પુરુષ મળે ત્યારે તેમના સંબંધથી અને આશીર્વાદથી જ થાય છે. દેહ અને ઇન્દ્રિયોની શુદ્ધિ ધર્મથી થાય છે. મન અને આત્માની શુદ્ધિ ભક્તિથી થાય છે.'

વર્ણીએ આ રહસ્ય સભામાં સ્પષ્ટ કર્યું, 'જ્યાં ધર્મ છે ત્યાં જ ભગવાન છે. મેં કહેલા આ ધર્મો પાળશે તો પ્રત્યક્ષ ભગવાન ઓળખાશે.' એટલું કહી તેમણે કહ્યું : 'હવે પ્રગટ ભગવાનનું 'સ્વામિનારાયણ' નામે ભજન કરજો.' વર્ણીના આ છેલ્લા શબ્દો સાંભળી સભામાંથી એક સંતે પૂછ્યું : 'આપ તો નારાયણમુનિ છો, સહજાનંદ છો તો સ્વામિનારાયણનું ભજન કેમ ? નારાયણ અને સહજાનંદ શબ્દમાં જ તમારો પ્રત્યક્ષ ભાવ નયનગોચર થાય છે માટે સ્વામિનારાયણ શાથી, એ સમજાવો.'

શ્રીહરિને લાગ્યું કે ભવિષ્યમાં પણ આ શબ્દાર્થ યથાર્થ સમજાવવો જ પડશે તો આજે તેની સ્પષ્ટતા કેમ ન કરવી ? તેઓએ કહ્યું : 'વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં જ્યાં ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે ત્યાં ઈશ્વરના પર, વ્યૂહ, અંતર્યામી, અર્ચા અને વિભવ આ પાંચે પ્રકારની અવસ્થાઓમાં લક્ષ્મીજી સહિત જ ભગવાન રહે છે. એમ સ્પષ્ટ સિદ્ધાંત દર્શાવ્યો છે. શ્રી દયાનું સ્વરૂપ છે અને ઈશ્વર એ કાયદાનું સ્વરૂપ બને છે. બંનેના સમન્વયથી જ જીવ ઉપર ભગવાનની કૃપા ઊતરે છે. અને જીવ મોક્ષભાગી બને છે.' આમ, શ્રીહરિએ સનાતન સિદ્ધાંત સમજાવ્યો.

'પરંતુ સ્વામિનારાયણમાં 'સ્વામી' શબ્દ નારાયણને અનુલક્ષીને છે કે 'સ્વામી' શબ્દ જુદો છે ?' એ સંતે શ્રીહરિના આ નવા શબ્દની ચકાસણી માટે ફરી પૂછ્યું.

'સ્વામી' શબ્દ સર્વના સ્વામી જે અક્ષરબ્રહ્મ તેને અનુલક્ષીને છે. પૃથ્વીથી લઈને પ્રકૃતિ અને મૂળપુરુષ સુધીનાં સર્વે તત્ત્વોના એ કારણ છે. કારણ કે તેમના દ્વારા ઉત્પત્તિસર્ગ શરૂ થાય છે. અક્ષરબ્રહ્મના પ્રકાશથી જ સર્વે પ્રકાશિત થાય છે. અક્ષરબ્રહ્મને સર્વાત્મા બ્રહ્મ પણ કહ્યા છે. આ અક્ષરબ્રહ્મ સર્વના કારણ અને નિયંતા છે. તેથી તેમને 'સ્વામી' શબ્દથી સંબોધ્યા છે.' વર્ણીએ ટૂંકમાં સમજાવતાં કહ્યું.

'પરંતુ એ અક્ષરબ્રહ્મ રામાનંદ સ્વામીના સમજાવ્યા પ્રમાણે ભાદરાના મૂળજી

શર્મા જ હોય તો તેઓ તમારા સ્વરૂપથી જુદા છે. તમારા જન્મ પછી ચાર વર્ષે ભાદરામાં જન્મ્યા છે. અત્યારે એક સામાન્ય ભક્તથી અધિક સ્થાન તેમનું આ સત્સંગમાં નથી, તે અક્ષરબ્રહ્મ અથવા મૂળજી શર્મા અને તમો બંને જુદાં સ્વરૂપે છો તો તે તમારી સાથે જ 'શ્રી'ની જેમ છે તે કેમ સમજાય ?'

શ્રીહરિએ કહ્યું : 'અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમની સાથે સર્વદા શરીર-શરીરી ભાવે જોડાયેલું જ છે. અને પુરુષોત્તમ પણ એ અક્ષરધામમાં રહ્યા થકા બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે. આ બ્રહ્માંડમાં જીવોના કલ્યાણને અર્થે જ્યારે ભગવાન પધારે છે, ત્યારે એ અક્ષરધામ સહિત જ પધારે છે, અને અક્ષરધામ સદાય ભગવાનની મૂર્તિ ભેળું જ હોય છે.' શ્રીહરિએ સ્પષ્ટતા કરી. પરંતુ જ્ઞાનના ઊંડા પાણીમાં ઊતરવાની એ સાધુની શક્તિ ન હતી. તેની સ્થૂળ દૃષ્ટિ હતી. પણ સભામાં ઘણાને આ વાતમાં રસ પડ્યો.

'શ્રી' સાથે નારાયણની એવી એકતા શી રીતે સમજી શકાય ? બંને સ્વરૂપો જુદાં છે છતાં એક છે તે કેમ મનાય ?' સભામાંથી પ્રશ્ન આવ્યો, 'સ્નેહના આધિક્યથી શ્રી એ નારાયણના સ્વરૂપમાં પોતાની અસ્મિતા ગુમાવે છે. તેથી બંને સ્વરૂપો સ્થૂળ દૃષ્ટિએ જુદાં હોવા છતાં એક છે.'

'પરંતુ મૂળજી એ અક્ષરબ્રહ્મનો અવતાર છે. એવી પ્રતીતિ શી રીતે થાય ?' પ્રશ્ન પૂછાયો. એ પ્રતીતિ તો તેમનામાં પ્રીતિથી, તેમના સ્વરૂપના અનુભવથી અને સાક્ષાત્કારથી થાય. તે સિવાય તો મનુષ્યભાવમાં મૂળજી એ ભાદરાના બ્રાહ્મણ જ દેખાશે. પરંતુ તેમના દિવ્યભાવને ઓળખ્યા સિવાય અક્ષરબ્રહ્મના ભાવને પમાશે નહિ, મુક્તિમાં વિઘ્ન આવશે.'

શ્રીહરિને લાગ્યું કે આ વાત ઘણી જ સૂક્ષ્મ છે, આજે જ્યાં મારા જ સ્વરૂપમાં પરમાત્મભાવની પ્રતીતિ આવવી ઘણાને કઠણ પડે છે તો પછી અક્ષર અને પુરુષોત્તમનાં આ સનાતન દિવ્ય સ્વરૂપો જીવોને આજે કેવી રીતે સમજાય ? માટે આ સનાતન દિવ્ય સાકાર સ્વરૂપોની વાત સૌને ઝટ ગળે ઊતરશે નહિ.' તેઓ જાણતા હતા કે પોતાના અને પોતાના અક્ષરબ્રહ્મનાં સનાતન સ્વરૂપોના દિવ્ય જ્ઞાનનો સ્રોત આજે પૃથ્વીના પેટાળમાં ભરેલો પડ્યો છે, પણ જ્યારે પૃથ્વી ફોડીને તે બહાર નીકળશે ત્યારે એ પ્રવાહ કોઈનો રોક્યો રોકાશે નહિ. અને તે પ્રવાહમાં જે કોઈ ભાવથી સ્નાન કરશે તે પાવન થશે.

### (૩) સુંદરજી સુથારની કસોટી

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે,

*'સખી ગર્વગંજન એનું નામ છે, એવી મોટપ છે એમાં*

*અતિ અપાર ભૂધર ભૂખ્યો છે ભાવનો.'*

ભગવાન ગર્વગંજન છે, એમાંય પોતાના ભક્તોમાં રહેલી માન આદિક કસરો તો એમને તલમાત્ર રહેવા દેવી નથી. એવી વાત વચ.મ. ૪૫માં પણ એમણે કરી છે.

કચ્છના રાજકારભારી સુંદરજી સુથાર, શૂરવીર ભક્ત હતા. એકવાર મહારાજના દર્શન માટે ભૂજથી બંધિયા આવ્યા હતા. મહારાજે કુશળ પૂછ્યું ત્યારે કહે, 'આપના પ્રતાપે સુખિયો છું. વધારે સુખી રહેવાય એવી દાસ ઉપર દયા રાખજો.'

મહારાજ કહે, 'એક પણ આજ્ઞા ન લોપાય ત્યારે ખરા દાસ કહેવાય.' સુંદરજી ઉત્સાહમાં આવી ગયા. 'મહારાજ ! આજ્ઞા કરો ને ન પળાય તો ધડથી આ મસ્તક છૂટું કરી નાખું.' મહારાજને પણ એમની કસોટી જ કરવી હતી. તેથી મહારાજ કહે, 'પડાવો આ મૂછો અને થોભિયા ને પહેરો ભગવા કપડા અને સાધુ થઈને જાવ કાશીએ.' સુંદરજી સુથાર તો તૈયાર થઈ ગયા. તરત દીક્ષા લઈને ઊપડ્યા. સાથે મહારાજે ડોસાભાઈને પણ મોકલ્યા.

મુક્તાનંદ સ્વામી આ ખેલ જોતા હતા. એમને થયું મહારાજે આ શું કર્યું ? આખા ગુજરાતમાં કોઈ શાંતિથી સંતોને રહેવા દેતું નથી. આ કચ્છમાં શાંતિ હતી. હવે આ સુંદરજી સાધુ થઈ જશે તો ત્યાં પણ વિરોધ થશે. મહારાજે તરત જ ઘોડેસવાર મોકલ્યા અને બંનેને પાછા બોલાવ્યા. મહારાજે રાજી થઈને કહ્યું : 'તમે સાચા ભક્ત છો. હવે પાછા જાવ. સુખેથી વ્યવહાર કરજો પણ સુંદરજી આ દાઢીમૂંછનું લોકો પૂછશે તો શું કહેશો ?'

સુંદરજી કહે, 'મહારાજ ! અમે તો જવાબ આપી દઈશું કે સૂતક હતું પણ હવે આવી કસોટી તમે બીજાની ન કરતા, એને આમાં પાર પડવું ભારે પડી જશે.' મહારાજ આ સાંભળીને મર્માળુ હસ્યા. એમને થયું, 'આટલું બધું કર્યું પણ આ અભિમાનનો સૂક્ષ્મભાવ હજુ ટળ્યો નહિ.'

ગર્વગંજક ભગવાન કે જેમને તલમાત્ર કસર નહોતી ગમતી એ આ કેમ ચલાવી લે. સુંદરજીનો ગર્વ ટાળવા માટે મહારાજે એક અદ્‌ભુત, અપૂર્વ પ્રસંગ યોજ્યો.

મહારાજે ભાદરાથી મોટેરા હરિભક્તો ઉપર એક પત્ર લખ્યો.

'માંચા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર, સૂરા ખાચર, માતરા ધાધલ, નાજા જોગિયા, હાથિયા પટગર, મામૈયા પટગર, વીરાભાઈ પટેલ, લાધો શેઠ, કલાભાઈ, અજા પટેલ, જીવરાજ પટેલ, કમળશીભાઈ, મૂળજીભાઈ, વેરાભાઈ,

ડોસાભાઈ તથા અમરા પટગર આદિ પત્ર મળે કે તરત ઘર છોડી જેતલપુર જજો ને રામદાસ સ્વામી પાસે દીક્ષા લઈને સૌ કાશી જજો.'

ખેપિયાએ આ પત્ર બધે પહોંચાડ્યો. સૌ હરિભક્તો મહારાજની આજ્ઞા વાંચી ઘરબાર છોડી નીકળી ગયા. ખેતરમાં હતા તે ઘેર કહેવા પણ ગયા નહિ, દુકાને હતા તે દુકાન બંધ કરવા પણ રોકાયા નહિ. મોટા મોટા ગામધણીઓ કુંભારને ઘેરથી ગેરુ મંગાવી ભગવા કપડા પહેરીને જ મહારાજને રાજી કરવા નીકળી ગયા. વળી, મેથાણના અજા પટેલ કે જેઓ ધ્રાંગધ્રા નરેશના માનીતા પટેલ હતા, તે પણ નીકળ્યા પણ સાથે સાથે લગ્નની ચોરીમાં મીંઢળ બાંધીને બેઠેલો એમનો ભાણો કલ્યાણદાસ પણ નીકળી ગયો.

બધા ફરતાં ફરતાં જેતલપુર ગયા. રામદાસ સ્વામી પાસે દીક્ષાવિધિ અને નામકરણ થયું. આ બધો પ્રસંગ મૂળ તો મહારાજે એક ભક્તનું માન ટાળવા માટે ઊભો કરેલો. તેથી મહારાજે રામદાસ સ્વામીને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું, 'તમે નવા પરમહંસોને લઈને ભૂજ આવજો. પણ કાશી ન જતા.' મહારાજની આજ્ઞા અનુસાર ભાઈ રામદાસ સ્વામી નવા પરમહંસોને લઈને ભૂજ જવા માટે તૈયાર થયા.

બીજી તરફ ભાદરાથી આ બધાને પત્ર લખ્યા બાદ શ્રીજીમહારાજ પણ આધોઈ થઈને ભૂજ પધાર્યા હતા. ત્યાં હરજીભાઈને ત્યાં ઊતર્યા હતા. મહારાજ નવા પરમહંસોને દીક્ષા આપવાના છે એ વાતની જાણ થતા મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી આદિક મોટેરા સદ્‌ગુરુ સંતો પણ આવી ગયા હતા.

મહારાજ એક વખત સુંદરજી સુથાર સાથે કથાવાર્તામાં પ્રશ્નોત્તરી કરતા હતા, ત્યાં જ સમાચાર આવ્યા કે ભાઈ રામદાસ સ્વામી નવા અઢાર પરમહંસોને લઈને આવે છે. આ સમાચાર મળતા જ મહારાજ ઊભા થઈ ગયા ને સામે જવા માટે તૈયાર થયા. જેટલા હરિભક્તો હતા તે બધાને સાથે લીધા. સુંદરજીને ખાસ યાદ કરીને સાથે જ રાખ્યા. મહારાજ ભીડના દરવાજાની બહાર મલ્લવાળો વંડો છે ત્યાં પધાર્યા. અહીં સભા કરી બિરાજ્યા ને એક પાર્ષદને સમાચાર જાણવા ઘોડો લઈ મોકલ્યો. થોડીવારમાં તો પાછો આવ્યો ને આનંદથી કહે, 'મંડળી ધૂન બોલતાં બોલતાં આવે છે અને માંચો, અલૈયો બધા સાધુમાં ખૂબ શોભે છે.' મહારાજ ઊભા થઈ ગયા, 'ચાલો આપણે સામા જઈએ.' સૌ કોઈને આનંદ સમાતો નહોતો પણ એક વ્યક્તિના પગ સજ્જડ થઈ ગયા હતા. એનું મન ચગડોળે ચઢ્યું હતું એ હતા સુંદરજી સુથાર.

સુંદરજીએ પાર્ષદની વાત સાંભળીને મહારાજને પૂછયું, 'શું માંચો ખાચર,



અલૈયો ખાચર બધા સાધુ થઈ ગયા ?'

મહારાજ કહે, 'હા, ગામ-ગરાસ, સંપત્તિ એ સર્વે એમણે કેવળ અમારા વચને જ ત્યાગ કરી દીધું છે.' સુંદરજી આ સાંભળી ઊંડા ઊતરી ગયા. મહારાજ એમને ઢંઢોળીને કહે, 'ચાલો ચાલો જે સાચા દાસ થયા છે એમના દર્શને જઈએ.' સુંદરજી મૂકવદને મહારાજ સાથે ચાલ્યા.

આ સંતો મહારાજની સામે આવ્યા ત્યારે મહારાજ બધાને દંડવત્ કરવા લાગ્યા. એક એક પરમહંસને ભેટ્યા. સુરા ખાચરને જોઈ સુંદરજી અચરજ પામી ગયા. તે મહારાજને કહે, 'આ સુરો ખાચર પણ પરમહંસ બની ગયા ?'

મહારાજ કહે, 'હા, જેને કલ્યાણની ગરજ હતી તે બધા સાધુ થઈ ગયા.' આ સાંભળી સુંદરજી ઊંડા ઊતરી ગયા એને અંતર્દૃષ્ટિ થઈ. એને બંધિયાનો પ્રસંગ યાદ આવી ગયો. એને વિચાર આવ્યો હું તો સામાન્ય કારભારી. આ તો ગામના ધણી સાધુ થઈ ગયા, મને મારી મોટપનું માન આવી ગયું જ્યારે આ બધા કેવા નિર્માની છે.

એટલામાં વળી મહારાજે કડુના મીંઢળબંધા યુવાન કલ્યાણદાસની વાત સાંભળી. આ બધું સાંભળતાં સુંદરજીનું મુખ શ્યામળું પડી ગયું. તેને થયું જેને ઘેર સદાવ્રતો ચાલે છે, જેની ડેલીથી કોઈ યાચક પાછો જતો નથી એવા આ દાનેશ્વરીઓ આજે સાધુ થઈ ગયા. હવે સુંદરજીનું હૃદય નિર્મળ આકાશ જેવું થઈ ગયું. એમના અહંકારનાં કાળાં વાદળો દૂર થઈ ગયાં. એ મહારાજના ચરણોમાં પડી ગયા, 'મહારાજ મને માફ કરો, મને આપના પ્રતાપની ખબર નહોતી. આપનો દાસ કહેવરાવી સાધુ થઈને પાછો ગૃહસ્થ થયો એમાં મને માન આવી ગયું હતું પણ આ રાજવીઓ અને મીંઢળ સોતા યુવાનને જોઈને મારો ગર્વ ગળી ગયો છે.'

મહારાજે એમને ઊભા કર્યા ને રાજીપો બતાવ્યો. આમ, એક ભક્તની કસર ટાળવા માટે શ્રીજીમહારાજે અઢાર ભક્તોને સંસાર મુકાવ્યો.

ખરેખર મહારાજે ગર્વગંજક બિરુદ સાર્થક કર્યું.

**(૪) મગનીરામનું પરિવર્તન**

દ્રાવિડ દેશનો બ્રાહ્મણ જેવા ઉચ્ચ કુળમાં જન્મેલો એક તાંત્રિક દેવી ભક્ત મગનીરામ પ્રભુની શોધમાં ફરતાં ફરતાં પોતાના શિષ્યો સાથે બંગાળ જઈ ચઢ્યો. અહીં એણે સાંભળ્યું કે ખીપા નામના રાજાએ શારદા દેવીને પ્રસન્ન કરી છે માટે આવા ગુરુની શોધમાં તે એક ગામમાં ગયો ત્યાં દ્રાવિડ દેશનો જ એક વિપ્ર મળી ગયો કે જેણે શારદા દેવીને સાધ્યા હતા. મગનીરામને જોઈ તે રાજી થયો ને મગનીરામે રજા માંગી ત્યારે તે બ્રાહ્મણે વિનંતી કરી કે તમે પણ દ્રાવિડ દેશના છો

ને અમે પણ ત્યાંના જ છીએ તો અને પાછા બ્રાહ્મણ છીએ તો મારી પુત્રી સાથે તમે વિવાહ કરો.

મગનીરામ આ સાંભળી ચમક્યો. તેણે કહ્યું, 'મેં આજીવન બ્રહ્મચર્ય પાલન કરવાનું નક્કી કર્યું છે અને ગુરુની પુત્રી તો મારા માટે ભગિની કહેવાય માટે આવો અનુચિત વહેવાર શક્ય નથી.' ગુરુ તો અવાચક્ થઈ ગયા.

મગનીરામ અહીંથી નીકળી જગન્નાથપુરીમાં આવ્યા. અહીં તેમણે બાવાઓના અડ્ડા જોયા. મગનીરામ એના કર્મના લેખ પ્રમાણે ભગવાનને ભુલાવે એવા બાવાના અડ્ડામાં આવી ચડ્યો. અહીં તેણે બાવાઓના વિલાસી જીવન જોયા, મંત્રવિદ્યાથી બીજાને ડારતા જોયા, ભોળા માણસો પાસેથી દબાણપૂર્વક નાણા પડાવતા જોયા. આવા અસાધુ બાવાઓના સંગથી એની બુદ્ધિ વિપરીત થઈ ગઈ. તેના પર દુષ્ટ વિચારોનું સામ્રાજ્ય સ્થપાતું ગયું ને બ્રહ્મચર્યપાલન તથા પ્રભુપ્રાપ્તિના વિચારો ઓસરતા ગયા અને જગતના, વિષયભોગના વિચાર આવવા લાગ્યા. તેણે મંત્રસિદ્ધિ હાંસલ કરી અને સિદ્ધિના જોરે શિષ્યોનો સમૂહ પણ જમા કર્યો.

મગનીરામ ત્યાંથી નીકળ્યો ને ગામોગામ ફરી લોકો પાસેથી પૈસા પડાવવા લાગ્યો. સ્ત્રીઓ પણ તેના સંઘમાં જોડાતી. સ્ત્રી-ધનથી પણ તે ખૂબ ભ્રષ્ટ થયો. તેના વિચારો વધુ ને વધુ નીચા ઊતરતા ગયા. પ્રભુપ્રાપ્તિની પ્રબળ ઇચ્છા ધરાવનાર, ગુરુપુત્રીઓને ભગિની માની બ્રહ્મચર્યની દૃઢતા કરનાર મગનીરામ પોતાના ધ્યેયથી ચ્યુત થઈ ગયો ને બાવાના યોગમાં સંસ્કારો ધોવાતા ગયા. તે ફરતો ફરતો સૌરાષ્ટ્રમાં આવ્યો.

અહીં રાજાઓ પાસે જઈ પૈસા પડાવવા લાગ્યો. તેની સાથે યમના દૂતોને યાદ કરાવે એવા બાવાઓની મોટી જમાત હતી. બાવાઓનો વરવો વેશ, મદ્યપાનથી ધગેલ ત્રાંબા જેવી આંખો, કોઈ નાગા, કોઈ હુડધંગા, કોઈ ત્રિશૂળધારી તો કોઈ ચીપિયા ને ખંજરવાળા, ઊંટ-નોબત, નિશાનડંકા બધું જ સાથે રાખતો. આવો ઠાઠ જોઈ લોકો તથા રાજા પણ નમતું જોખી આપતા.

ફરતો ફરતો તે પોરબંદર આવ્યો. અહીં ગોસાંઈજીનો મઠ જોઈ એની બુદ્ધિ બગડી. તેણે ગોસાંઈજીને મંત્રનો પ્રભાવ બતાવી મનમાની રકમ પડાવી. ગોસાંઈજી બોલ્યા : 'અમારા જેવા દેડકા તો તે ડાંભ્યા છે પણ મહિધર તને મળ્યો નથી. તારો ગર્વ તો જીવનમુક્તા ઉતારશે.' મગનીરામ જીવનમુક્તાનું નામ સાંભળી ચમક્યો પણ એ ભગવાન બની બેઠેલા જીવનમુક્તાને તો હું જીવનથી મુક્ત કરી દઈશ, એમ સંકલ્પ કરી તેણે સીધી જ માંગરોળની વાટ પકડી.



માંગરોળમાં જઈ શ્રીહરિના પ્રભાવની વાતો સાંભળી અને ત્યાંના નવાબ અને કાજી પણ તેમના શિષ્ય બની ગયા હતા એ જોઈ તેનું અંતર ક્રોધાગ્નિથી બળવા લાગ્યું. તે શિષ્યોના સમૂહ સાથે શ્રીહરિને મળવા ગયો.

મગનીરામને જોઈ શ્રીહરિને દયા આવી કે બીચારો મુમુક્ષુ છે પણ આ કુસંગના યોગે બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે. પરંતુ મગનીરામ તો તેના જુસ્સામાં જ હતો. અને મહારાજને કહેવા લાગ્યો કે 'અરે જીવનમુક્તા ! તમે ભગવાન થઈને ફરો છો. પાખંડ ચલાવો છો ? પરંતુ અમારા જેવા સિદ્ધોની બીક રાખો.' શ્રીહરિએ શાંતિથી વાત સાંભળી ને કહ્યું, 'પાખંડ ! પાખંડ તો તું ચલાવે છે અમે તો બધાને સદાચારની વાત કરીએ છીએ.' મગનીરામના પેટમાં કડકડતું ગરમ તેલ રેડાયું હોય તેમ વધુ ભભૂકી ઊઠ્યો. કારણ, તેની સિદ્ધાઈને હજુ સુધી કોઈએ પડકારી નહોતી.

મગનીરામ કહે કે તમે તો હજુ બાળક છો. મારી સિદ્ધિને જાણતા નથી. હું ધારું તો હમણાં આ શહેરને પાણીમાં ડુબાડી દઉં.

મહારાજ હસ્યા. એવું જ હોય તો અજમાવો તમારી શક્તિ. ભગવાન આગળ કોઈની સિદ્ધિ ચાલતી નથી. જેમ જેમ તેનું માન ખંડન થતું ગયું, તેમ તેમ તે વધુ ક્રોધી બન્યો. તેણે જીભાજોડી બંધ રાખી કહ્યું કે 'મને રૂપિયા દસ હજાર રોકડા આપો. નહિ તો મારણ મંત્રથી તમને બધાને જમદ્વારે પહોંચાડી દઈશ.' મગનીરામની વાતો પ્રત્યે દુર્લક્ષ સેવતા શ્રીહરિ સંતો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે ફક્ત એટલું જ કહ્યું, 'જોઈએ તો અન્ન આપીએ. રૂપિયા તો અમે ત્યાગી છીએ તેથી રાખતા નથી.' મગનીરામ આ ધીરવાણીના ટાઢા ડામ ઝીલતો અંદરથી ડરતો હોવા છતાં બહારથી હિંમત રાખી બોલ્યો : 'કાલે સવારે હું આવીશ, રૂપિયા તૈયાર રાખજો.'

શ્રીહરિએ કહ્યું : 'ભલે સવારે આવીને અન્ન લઈ જજો.'

મગનીરામ ધૂંધવાતો ઉતારે ગયો અને દેવી શારદાને આરાધી. દેવી પ્રત્યક્ષ થયાં ને પૂર્વેની સ્મૃતિ કરાવી કે તું શા માટે ઘરેથી નીકળ્યો હતો ?

ગુરુ પુત્રીઓનો ત્યાગ શા માટે કરેલો ? દેવીએ એના સંસ્કારો મુમુક્ષુતાને યાદ કરાવી. પશ્ચાત્તાપના અગ્નિથી એનું અંતઃકરણ શુદ્ધ થતું ગયું. દીનભાવે હાથ જોડી માની માફી માંગી કે હું મારગ ભૂલ્યો છું. બીજે રવાડે ચડી ગયો છું. આપે મને ઠેકાણે આણ્યો, 'મા ! મને સીધા રાહ પર મૂકો. ભગવાન ભેટાળો.'

શારદાએ કહ્યું કે તું જેની પાસે સિદ્ધાઈ દેખાડવા ગયો હતો એ જ પરમેશ્વર છે. એ જ અક્ષરેશ છે, એ જ તારું કલ્યાણ કરશે.'

મગ્નીરામ પ્રસન્ન થકો ઉતાવળે પગલે સવારે વહેલો સ્નાન પૂજાવિધિ પતાવી

ધોયેલાં સફેદ વસ્ત્રો ધારણ કરી શ્રીહરિ પાસે ગયો. ત્યાં પૂજા કરતા, સેવા કરતા સંતોને દંડવત્ કર્યા. એઠાં વાસણો ધોવા બેસી ગયો. શ્રીહરિ સભા કરીને બેઠા હતા ત્યાં બીતો બીતો ગયો ને ત્યાં દંડવત્ કર્યા. બધા તો બાવાના આ પરિવર્તનથી આશ્ચર્ય પામ્યા પણ શ્રીહરિએ કાંઈ પ્રતિસાદ ન આપ્યો.

મગનીરામે ચરણસ્પર્શ કરી ગુનાની માફી માંગી અને મને સ્વીકારો એમ કહ્યું.

મહારાજે કહ્યું : 'તમારું માન પાછું ક્યારે માથું કાઢે એ નક્કી નહિ, માટે જટાના વાળ ઉતરાવી સંતોના માર્ગમાં પાથરો.' મગનીરામે એવું જ કર્યું. હજુ વધુ કસોટી માટે સંતોના જોડાની ગાંસડી માથે ઉપડાવી સભાની પ્રદક્ષિણા કરાવી. પણ મુમુક્ષુ મગનીરામે હસતા મોંએ ધન્યતા અનુભવતા આ કસોટી પાસ કરી. આવા પશ્ચાતાપના પાણીથી શુદ્ધ અંતઃકરણવાળા થયેલા મગનીરામ પર મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને સ્નાન કરાવી શુદ્ધ કરી મહારાજે ભાગવતી દીક્ષા આપી અને અદ્વૈતાનંદ નામ આપ્યું.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# પ્રાજ્ઞ - દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર-૨

સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦

(નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.)

**('પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ'ને આધારે)**

**પ્રશ્ન.૧(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

(૧) **અમાની સ્વામીશ્રી**
(પાન નં. ૩૫, 'પંચવર્તમાનની દૃઢતા' વિષયમાં જુઓ.)

(૨) **મૂક પ્રાણી પર સ્વામીશ્રીની અનુકંપા**
(પાન નં. ૩૭, 'કરુણામૂર્તિ સ્વામીશ્રી' વિષયમાં જુઓ.)

(૩) **સ્વામીશ્રીની દિવ્યતા**
(પાન નં. ૧૮૫, 'સ્વામીશ્રીનું ઐશ્વર્યદર્શન' વિષયમાં જુઓ.)

**પ્રશ્ન.૧(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (૨૦)**

(૧) **આદર્શ ગુરુ-પ્રમુખસ્વામી મહારાજ**
(પાન નં. ૩૫, 'પંચવર્તમાનની દૃઢતા' તથા
પાન નં. ૪૨, 'સ્વામીશ્રીનું અવિરત કપરું વિચરણ' તથા
પાન નં. ૧૦૭, 'સ્વામીશ્રીનું સર્વસ્વ-હરિભક્તો' વિષયમાં જુઓ.)

(૨) **સ્વામીશ્રીનો ગમ્મતગુલાલ**
(પાન નં. ૧૮૦, 'રમૂજપ્રિય સ્વામીશ્રી' વિષયમાં જુઓ.)

(૩) **શાસ્ત્રીજી મહારાજના લાડીલા સ્વામીશ્રી**
(પાન નં. ૩૦, 'સ્વામીશ્રીનો ગૃહત્યાગ અને ભાગવતી દીક્ષા' તથા
પાન નં. ૪૦, 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રમુખસ્થાને' વિષયમાં જુઓ.)

(૪) **સ્વામીશ્રીની વાણી-આત્મામાંથી વહેતી સહજ સરવાણી**
(પાન નં. ૧૧૧, 'પ્ર.બ્ર.સ્વ.પ્રમુખસ્વામી મહારાજ' પુસ્તકમાં જુઓ.)

**'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવન ચરિત્રના આધારે :**

**ભાગ ૧ : પાના નં. ૧ થી ૫૩૨**

**ભાગ ૨ : પાના નં. ૮૩૨ થી ૯૬૦**

**પ્રશ્ન.૨(અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૨૦)**

**(૧) ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનો પરસ્પરનો અનુરાગ**

ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનો અનુરાગ કેવો હતો એ નીચેના પ્રસંગો ઉપરથી જાણવા મળે છે.

મહારાજે સંવત ૧૮૮૩ના ચૈત્રી પૂનમે ગઢપુરમાં સ્વામીને જૂનાગઢના મહંતાઈનો હાર પહેરાવ્યો. પણ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું. મહંતાઈ બીજાને આપો તો ઠીક. મને એ ઉપાધિ ફાવશે નહિ.'

પણ મહારાજે કહ્યું, 'બીજો જે મહંતાઈ લેવા તૈયાર હોય તેને આપો ને તમે આળસો.' ત્યારે સ્વામી કાંઈ ન બોલી શક્યા. પછી સ્વામીના પરમ સ્નેહી ગોપાળાનંદ સ્વામી સભામાંથી ઊઠીને સ્વામી પાસે આવ્યા અને સ્વામીને કહ્યું, 'મહારાજે રાજી થઈને હાર આપ્યો છે તો રાખો.'

મહારાજે પણ આ સ્નેહ સંબંધને પ્રમાણ કર્યો છે. જ્યારે મહારાજે બધાને આજ્ઞા કરી કે દર વર્ષે એક માસ આ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા માટે આવવું. એટલું કહીને પછી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી ! તમારે તો આ ગુણાતીતાનંદ સ્વામી સાથે હેત છે. અને તમો તો તેમને યથાર્થ ઓળખો છો. માટે તમારે પણ દર વરસે એક માસ અહીં આવીને રહેવું.' અને ગોપાળાનંદ પણ મહારાજની આજ્ઞા અનુસાર દર વર્ષે જૂનાગઢ પધારતા અને એક માસ રહેતા. કદાચ કોઈ માસ ન આવી શકાયું હોય તો બીજે વર્ષે આવી બે માસ રહેતા. ગોપાળાનંદ સ્વામી જ્યારે પધારતા ત્યારે સ્વામીશ્રી તેમને મંદિરનો તમામ વ્યવહાર સોંપીને અખંડ વાતો કરતા. અને ગોપાળાનંદ સ્વામી મંદિરનો તમામ વહીવટ પોતે કરતા અને અવકાશના સમયે ઓરડામાં બેસી ધ્યાન કરતા.

વળી, ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધારતા ત્યારે સભામાં ગોપાળ સ્વામી અને નિત્યાનંદ સ્વામી સ્વામીશ્રી પાસે જ વાતો કરાવતા. જે દિવસે સ્વામીશ્રી મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરતા, તે દિવસે ગોપાળ સ્વામી બહુ રાજી થતા અને કહેતા : 'અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર, એટલે



તેમને વેદની તંતી આડી આવે જ નહીં.' વળી જ્યારે ત્યાગ, વૈરાગ્ય, નિયમધર્મની આકરી વાતો કરતા, ત્યારે નિત્યાનંદ સ્વામી બહુ રાજી થતા અને કહેતા કે સ્વામી વાતો કરીને પંચવિષયના મૂળ કાપે છે.

એકવાર વરતાલમાં રાત્રે લઘુ કરવા ઊભા થયેલા ગોપાળાનંદ સ્વામીને પ્રાગજી ભક્તે હાથ જોડી પૂછ્યું : 'સ્વામી ! અક્ષરધામમાં મહારાજ તથા આપ જેવા સાધુ સાથે સદા ક્યારે રહેવાય ? ત્યાગી થઈએ તો કે પછી ગૃહસ્થ રહીએ તો ?' આવો મુદ્દાનો પ્રશ્ન સાંભળીને ગોપાળ સ્વામીએ રાજી થઈ કહ્યું : 'શ્રીજીમહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી જાણીને તથા આ સામે સૂતા છે તે ગુણાતીતાનંદ સ્વામી, શ્રીજીમહારાજને રહેવાનું અનાદિ અક્ષરધામ છે. એમ સમજી તેમનામાં જીવ જોડો તો ત્યાગી થાવ કે ગૃહસ્થ રહો તોપણ અમારી ભેગા અખંડ રહેવાશે.'

એક વખત ગોપાળ સ્વામી વરતાલથી ગઢડા પધાર્યા. અહીં સભામાં પ્રશ્ન પૂછ્યો, ''મહારાજે બધાં મંદિરોના મહંત નીમ્યા પણ ખરો વ્યવહાર કોને કરતાં આવડ્યો?'' પ્રશ્ન સાંભળી કોઈકે અક્ષરાનંદ સ્વામી કે કોઈકે પૂજાજીનું નામ કહ્યું. તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'એ બધાને શું ધૂળ વ્યવહાર કરતાં આવડ્યો ? ખરો વ્યવહાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો કહેવાય. કેમ જે એમણે નાગરોની આટલી ઉપાધિમાં પણ મંદિર પૂરું કર્યું. વ્યવહાર સુધાર્યો. આખા સોરઠમાં સત્સંગ ફેલાવ્યો. સાધુઓને નિયમોમાં વર્તાવ્યા. રઘુવીરજી મહારાજને રાજી કર્યા અને સાથે અખંડ કથાવાર્તા કરીને ક્ષણ પણ મહારાજની મૂર્તિને ભૂલ્યા નથી. માટે એવા સદ્‌ગુરુ તો આખા સત્સંગમાં નથી. તે તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે અને ધન્વંતર વૈદ્ય જેવા છે.' આ પ્રમાણે ગઢપુરમાં ગોપાળ સ્વામીએ સ્વામીનો અપાર મહિમા કહ્યો.

જૂનાગઢમાં જન્માષ્ટમીના ઉત્સવ ઉપર આવેલા સંતો-હરિભક્તોને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'તમો બધા ગુણાતીતાનંદ સ્વામી ભેગા રહો છો પણ તેમને જેવા છે તેવા ઓળખતા નથી. એ તો બહુ જ સમર્થ છે. અને શ્રીજીમહારાજે શ્રીમુખે તેમનો મહિમા ઘણીવાર કહ્યો છે. અમને પણ એકાંતમાં મહારાજે કહ્યું છે કે 'આ ગુણાતીતાનંદ સ્વામી મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. વળી, આજે જેટલા મનુષ્યો અમારી કેડે ફરે છે, તેટલા તેમની વાંસે ફરશે. માટે તમો સૌ આજથી આ પ્રમાણે સમજજો.' એ વખતે ભાદરાથી રત્નાભાઈ ડોસાભાઈની પાસે મહારાજ ભાદરા પધારેલા ત્યારે મહારાજે જે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહ્યો હતો તે સભામાં કહેરાવ્યો.

ગોપાળાનંદ સ્વામીએ સ્વામીના મહિમા ઉપરાંત કેટલાય ભક્તોને ગુણાતીતાનંદ સ્વામીમાં જોડ્યા હતા. ગોપાળ સ્વામી, વરતાલથી ગઢડા આવ્યા ત્યાં પીઠવડીના બે ભાઈઓ સભામાં દંડવત્ કરી બેઠા. એટલે સ્વામીએ તેમને પૂછ્યું : 'તમે કોણ છો અને કેમ આવ્યા છો.' ત્યારે બંનેએ કહ્યું : 'અમે કણબી છીએ અને સાધુ થવા આવ્યા છીએ.'

ગોપાળ સ્વામીએ મોં ઉપર વૈરાગ્યની રેખા જોઈ કહ્યું, 'તમે મારી ભેળા જૂનાગઢ આવો. ત્યાં એક મોટા જોગી રહે છે તેમની પાસે રહેજો. થોડા દિવસ બાદ જૂનાગઢ પધાર્યા અને બંને ભાઈને સ્વામીની સોંપણી કરતા કહ્યું, 'સ્વામી ! આ બંને ભાઈઓ ખરા મુમુક્ષુ છે. માટે આપની પાસે રાખો.'

ચૈત્રી પૂનમના સમૈયે સ્વામી વરતાલ પધાર્યા હતા. ત્યાં સભામાં ચોથી ગાદી ઉપર બેઠેલા સ્વામીને બધા સદ્‌ગુરુઓએ હાર પહેરાવ્યા એટલે ભોયકાના માલજી સોનીએ ગોપાળ સ્વામીને પૂછ્યું, 'આ સદ્‌ગુરુ કોણ છે ?' ગોપાળ સ્વામીએ કહ્યું, 'મેં તને એક દિવસ કહેલું કે હું તને અક્ષરધામ બતાવીશ. તે આ ગુણાતીતાનંદ સ્વામી છે. સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. મહારાજે ઘણીવાર તેમને ઓળખાવ્યા છે. માટે તું પણ ઓળખી લેજે.' આથી માલજી સોનીને સ્વામીશ્રીના અક્ષરપણાનો નિશ્ચય થઈ ગયો.

ગોપાળ સ્વામીએ જ્યારે ધામમાં જવાનો સંકલ્પ કર્યો, ત્યારે ઉપશમમાં ઊતરી ગયા. ત્યારે વડોદરાના હરિભક્તો આવ્યા ને કહ્યું કે અમે તમારા છીએ. આથી સ્વામી જાગ્યા. ત્યારે હરિભક્તોએ કહ્યું, 'વડોદરા સામી દૃષ્ટિ રાખજો.' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'હવે વડોદરા સામી દૃષ્ટિ ન હોય. હવે તો શ્રીજીમહારાજ સામે દૃષ્ટિ હોય કાં જૂનાગઢ જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વિરાજે છે, તેમના સામું દૃષ્ટિ હોય.' આ વખતે શિવલાલભાઈ ત્યાં બેઠા હતા. તેમને થયું. અહોહો ! સત્સંગમાં સર્વોપરી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે કેટલું હેત અને કેટલો મહિમા છે.

આ પછી ધામમાં જતી વખતે પણ પ્રાગજી ભક્તને કહ્યું, 'પ્રાગજી ! તું જૂનાગઢ જઈશ ? થોડાં વર્ષો પહેલા પણ એમ જ કહેલ. પ્રાગજી ! તું જૂનાગઢ જરૂર જજે મેં તને જે જે કોલ આપ્યા છે તે બધા જૂનાગઢના જોગી પૂરા કરશે.'

આ ઉપરાંત ગોપાળ સ્વામીએ જાગા ભક્ત, શામજીભાઈ, ગઢડાના મનજી ઠક્કર, કારિયાણીના નથુ પટેલ, વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠા ખાચર, ઝીંઝુવાડાના જીવરાજભાઈ શેઠ, દદુકાના દેવુરાજભાઈ, આણંદના જીભાઈ શેલત, સુરતના કરસનજી દેસાઈ વગેરે હરિભક્તો તથા સાધુઓમાં હરિહર્યાનંદ



સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, અમદાવાદના નિર્ગુણ સ્વામી, બાપુ રતનજી, બાપુ ભગત વગેરે અનેક ભક્તોને સ્વામીનો મહિમા સમજાવ્યો છે.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ પ્રસંગોપાત્ ગોપાળ સ્વામીનો મહિમા કહ્યો છે. સંવત ૧૯૦૨ના ચૈત્રી પૂનમનો સમૈયો કરી સ્વામીશ્રી ગઢડા પધાર્યા. એ વખતે મુકુન્દ બ્રહ્મચારી મંદિર છોવરાવતા હતા. આ જોઈ સ્વામી અત્યંત રાજી થયા. અને સભામાં મહિમા કહેવા લાગ્યા. આ મંદિરમાં એકે એક પાણો અને રજે રજ મહારાજની પ્રસાદીની છે. પછી વાત કરી કે 'આ મંદિર કરાવ્યું છે તે પુરુષોત્તમ નારાયણ નહીં મળે. વળી, રઘુવીરજી મહારાજ જેવા આચાર્ય નહીં મળે. ગોપાળાનંદ સ્વામી જેવા સાધુ નહીં મળે.' એમ મહિમા કહ્યો.

સંવત ૧૯૦૫માં જ્યારે ચૈત્રી પૂનમના સમયે ગોપાળ સ્વામીને ઠપકો આપવા અમદાવાદ દેશના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજને મોટેરા સંતોએ બોલવા નક્કી કર્યું. ગુણાતીતાનંદ સ્વામી જો કે દર વર્ષે વરતાલ નહોતા જતા. છતાં આ વાતની ખબર પડી ને તરત જ વરતાલ જવા નીકળ્યા. સ્વામી વરતાલ પહોંચ્યા કે તરત જ ઠાકોરજીનાં દર્શન કરી આચાર્ય મહારાજના મેડે પધાર્યા અને કહ્યું, 'આ વાતનું કેમ છે ?' ગોપાળ સ્વામીને મહારાજે બંને દેશના મોટેરા કર્યા છે અને આવા મોટા સદ્‌ગુરુ આ ઉપાધિથી જો ઉદાસ થઈ જશે તો રાંકના હાંડલા ફૂટી જશે અને મહારાજ સ્વામીને ધામમાં તેડી જશે.

રઘુવીરજી મહારાજે કહ્યું, 'મારું કાંઈ ચાલે તેમ નથી. નિત્યાનંદ સ્વામીને પૂછો.' પછી તો ભગવદાનંદ સ્વામી આદિકને કહેવા યોગ્ય આકરા વચન કહીને બધાને આ અપમાન કરતા અટકાવ્યા. અને ગોપાળાનંદ સ્વામી ઉપર આવેલી ઉપાધિ હળવી કરી. ગુણાતીતાનંદ સ્વામીએ ખુલ્લો પક્ષ રાખ્યો.

આવા પ્રસંગો પરથી ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી બંનેનો પરસ્પરનો અનુરાગ જણાઈ આવે છે.

### (૨) માન અપમાનમાં સ્વામીશ્રીની સ્થિતિ

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી સાધુની વ્યાખ્યા કરતાં સમજાવે છે, 'માન અપમાનમેં એકતા સુખદુઃખમેં સમભાવ'. અપમાનમાં બળે નહિ અને માન-સન્માનમાં ચળે નહિ એનું નામ સાધુ. ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં આ વાત આપણને જોવા મળે છે.

સ્વામીશ્રી જ્યારે કૃપાનંદ સ્વામી સાથે ફરતાં ફરતાં સૌરાષ્ટ્રમાં સાવર ગામે ગયા. નદીને કાંઠે ઉતારો કર્યો. પછી સાધુઓ ઝોળી માગવા ગયા. અહીંના

સત્સંગી નારણ સાકરિયા તથા લવજી ગોરે ભિક્ષા આપી. આ સાવર ગામનો ગરાસદાર ઊગો ખુમાણ ભેખના શબ્દોથી ભરમાઈને સત્સંગનો કટ્ટર દ્વેષી બન્યો હતો. તેણે જાણ્યું કે સ્વામિનારાયણના મુંડિયા ગામમાં પેઠા છે એટલે બાવા ગામ બગાડશે એ બીકે તેણે પોતાના નોકરોને હુકમ કર્યો કે 'આ બાવાઓને મારીને ગામ બહાર કાઢી મૂકો. છોકરા ભેગા કરી તેમની પાછળ વહેતા મૂકો. ધૂળ, છાણાં, પથરાનો વરસાદ તેમના ઉપર વરસાવો.' દરબારનો હુકમ થયો અને નોકરોએ છોકરાના ટોળાને ગામમાં ઝોળી માગતા સાધુઓ પાછળ દોડાવ્યુ. સાધુઓની ઝોળીઓ આંચકી લીધી. પથરા, છાણ અને ધૂળનો વરસાદ તેમના ઉપર કર્યો. હાથમાં આવ્યા તેમને નિર્દય રીતે માર્યા પણ ખરા. આ પ્રમાણે મોટું પરાક્રમ કરી જીત કર્યાનો આનંદ માણી, નોકરો દરબારગઢમાં આવ્યા. બાપુને કહેવરાવ્યું : 'સ્વામિનારાયણના મુંડિયાને કાઢી મૂક્યા છે.' આ સાંભળી દુષ્ટ અને નિર્દયી ઉગો ખુમાણ આ પરાક્રમથી રાજી થયો.

નિર્વેરી અને કીડી જેવા જીવને પણ કદી ન ડરાવતા એવા આ સંતો તો ભજન કરતાં કરતાં ગામ બહાર નદી કિનારે પાછા આવ્યા. વરસાદ વરસતો હતો. આથી વરસાદથી બચવા ઝાડની ઓથે બેઠા. કોઈ દુઃખથી સિસકારા કરતું હતું. આ દુઃખ જોઈ નદીએ ઢોર પાવા આવેલા ભરવાડો અને પાણી ભરતી સ્ત્રીઓ અંદર અંદર બોલવા લાગી : 'આ દરબાર કેવો નિર્દય છે ? બીચારા સાધુઓને મારીને કાઢી મૂક્યા. એવા ને ત્યાં દીકરો તે ક્યાંથી થાય ?' સાધુઓએ આ શબ્દો સાંભળ્યા. તેમને થયું કે દરબારનો દ્વેષ તો અણસમજણનો છે. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ વિચાર કર્યો કે આપણે તેને ત્યાં દીકરો થાય એવો સંકલ્પ કરીએ. તો તે દીકરાના પ્રસંગથી તે દરબારની ડેલીમાં આપણો ઉતારો થાય. આ પ્રમાણે આશીર્વાદ આપી સંતમંડળ બીજે ગામ ગયું.

સ્વામી વરતાલ પધારતા. સભામાં અદ્‌ભુત વાતો કરીને સૌના અંતર ઠારી દેતા. પરંતુ સ્વામીનો મહિમા જેમ જેમ વધતો જતો હતો, તેમ તેમ કેટલાક સદ્‌ગુરુઓમાં પણ તેમના પ્રત્યે દ્વેષ વૃદ્ધિ પામતો હતો. દ્વેષના બીજ તો વવાઈ ગયાં હતાં. હવે ઊગીને તેનાં ઝાડ થવાની સૌ રાહ જોતા હતા. સ્વામીશ્રીને પણ મનમાં હતું કે માયા સોળ આની પ્રગટ થાય ત્યારે જ સૌના રૂપ ઉઘાડા પડે.

સંવત ૧૯૨૧ના હુતાશનીના સમૈયા ઉપર આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ અને અન્ય સદ્‌ગુરુઓ સ્વામીને ઠપકો દેવા અને તેમના પ્રભાવને હળવો કરવા જૂનાગઢ પધાર્યા. પણ આચાર્ય મહારાજ પ્રથમવાર આવતા હોવાથી આખો સોરઠ જૂનાગઢમાં ઉમટેલ એટલે એમની હાજરીમાં કાંઈ કરી ન શક્યા અને



વરતાલ પાછા ચાલ્યા ગયા.

પછી નક્કી કર્યું કે સ્વામીને ઊનામાં બોલાવીને એકાંતમાં ઠપકો આપવો. પવિત્રાનંદ સ્વામીએ કૃષ્ણપ્રસાદજી મહારાજને સાથે રાખીને ઠપકો દેવાની હિંમત કરી. આ વખતે મંડળ વરતાલથી નીકળીને ધોલેરા આવ્યું ત્યાં કૃષ્ણપ્રસાદને તાવ આવ્યો આથી પાછા વરતાલ મોકલ્યા. અને સદ્‌ગુરુ સાથે મંડળ ગઢડા ગયું ત્યાં સમાચાર આવ્યા કે કૃષ્ણપ્રસાદ ધામમાં ગયા છે, એટલે મંડળ પાછું ફર્યું અને સૌની મનની મનમાં રહી ગઈ કેમ કે મહારાજને તો સ્વામીનું અપમાન થવા દેવું નોતું.

આ.સં. ૧૯૨૨ના ચૈત્રી સમૈયા ઉપર સ્વામીશ્રી વરતાલ જવા તૈયાર થયા. તે વખતે પ્રાગજી ભક્તને ખાનગીમાં બોલાવીને કહ્યું, 'આ વખતે વડતાલવાળાને ઘણો જ ઊભરો ભરાયો છે. તેથી તેઓ બોલ્યા વિના રહેશે નહીં. માટે તું અહીં જ રહે.' અને સ્વામી વરતાલ પધાર્યા.

પૂનમના સમૈયાની વહેલી સવારે મંગળા આરતી પછી ચોકમાં સભા થઈ. આ વખતે સૌએ અગાઉથી જ નક્કી કર્યું હતું કે સ્વામીશ્રીને ઠપકો આપવો. એટલે તે પ્રસંગની ભૂમિકા તૈયાર કરવા હાથીવાળા ગોવિંદ પાળાએ તલવાર રાખવાનો ચાંદીનો મોવટો કરાવ્યો હતો. આ ભૂલ માટે તેને ઊભો કર્યો અને તેને ઠપકાના બે શબ્દ સૌએ કહ્યા.

પછી શુકમુનિના સાધુ હરિસ્વરૂપદાસજી જેમને સ્વામીશ્રીએ સેંજળના માણસિયા ખુમાણનું આમંત્રણ ન સ્વીકારવા માટે જૂનાગઢમાં ઠપકો આપેલ એટલે એણે અસદ્‌ભાવથી ગઢડાવાળા કરુણાનંદ બ્રહ્મચારીને અગાઉથી ચઢાવી રાખેલ. તે એકાએક ઊભા થઈને બોલવા માંડ્યા. "એ પાળાને સૌ વઢો છો પણ આ ગુણાતીતાનંદ સ્વામી પણ પ્રભુ થયા છે અને ભગવાનની જેમ લોકો તેમની પૂજા કરે છે તેમના નખ કેશ વગેરે પૂજે છે. તેમને કેમ કોઈ કાંઈ કહેતું નથી ?"

તે સાંભળી શુક સ્વામીએ કહ્યું : 'સ્વામી ! તમે કાંઈ કેમ તજવીજ રાખતા નથી ? તેમાં શું તમારી મરજી છે ?' પછી સભાને સંબોધતાં કહે, 'કોઈ મને શુકજી કહેશો નહિ.' પછી સ્વામી તરફ ફરીને તેમણે કહ્યું : 'અને સ્વામી, તમને બધા અક્ષર માને છે તે તમે અક્ષર મનાવશો નહીં.'

શુકમુનિના આ વચન સાંભળીને શાંત ચિત્તે સ્થિતપ્રજ્ઞતાથી બેસી રહેલા સ્વામીશ્રી ઊભા થઈને ધીર ગંભીર સ્વરે બોલ્યા : 'પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે અને બીજાથી પ્રભુ થવાશે નહીં. આપણે તો સાધુ છીએ. એટલે જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય પણ હોય. જેવો ભગવાનનો પ્રતાપ તેવો સાધુનો પણ પ્રતાપ કહેવાય.'

આ પ્રમાણે સ્વામીએ કહ્યું તે સાંભળી કોઈ કાંઈ બોલી શક્યા નહીં. ત્યાં બલરામદાસજીએ આચાર્ય મહારાજને સમાચાર આપ્યા એટલે એ પણ આવી ગયા. અને આરતીનો ડંકો થયો એટલે સભા વિસર્જન થઈ.

સ્વામીશ્રી આચાર્ય સાથે દર્શન કરી પગથિયાં ઊતરતા હતા. ત્યાં માળી હાર લઈને ઊભો હતો. મહારાજે જોઈને કહ્યું, 'આ હાર સ્વામીને પહેરાવ.' હાર અંગીકાર કરી સ્વામીશ્રી ધમર્શાળા તરફ જતા હતા. સ્વામી આગળ જતા હતા ત્યાં શુકમુનિના સાધુ હસ્વિરરૂપદાસ આવતા હતા તે સ્વામીને પગે લાગ્યા. એટલે સ્વામીશ્રીએ પોતાનો હાર તેમને પહેરાવ્યો અને બોલ્યા :

*'હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ;*
*ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.'*

ત્યાંથી આગળ ગયા ત્યાં અદ્‌ભુતાનંદ સ્વામી, શુક સ્વામી, પવિત્રાનંદ સ્વામી વગેરે સંતોએ સ્વામીનું પૂજન કર્યું, ધોતિયાં ઓઢાડ્યાં, સાકરનો પડિયો ભેટ મૂક્યો. પછી સર્વે સદ્‌ગુરુઓએ હાથ જોડી પ્રાર્થના કરી, 'સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો.'

સ્વામીશ્રીએ ફક્ત મંદ મંદ હાસ્ય કર્યું. જાણે કંઈ જ બન્યું નથી. આવી સ્વામીની સ્થિતિ હતી. સ્વામી જ્યારે વરતાલથી કુંકાવાવ પધાર્યા ત્યારે માધવચરણદાસને કહેલું, 'સ્વામી ! આ ફેરે વરતાલમાં બહુ અપમાન થયું.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હા' એમ કહી નિશ્વાસ મૂકી સ્વામીશ્રી બોલ્યા : 'માધવ ! જેમ છોંતેરાનો મે વરસે, તેમ શબ્દના કરા પડ્યા. પણ કોઈ મારા તરફ બોલ્યું નહીં !'

છેલ્લે છેલ્લે પણ સ્વામીનું અપમાન કરવામાં બાકી રાખ્યું નહિ. સં. ૧૯૨૩ની ચૈત્રી પૂનમે તો પવિત્રાનંદ સ્વામીએ પ્રબંધ કર્યો. કોઈએ સ્વામીને સામે લેવા ન જવું. પણ ખબર પડી કે સ્વામી આવ્યા છે તો આખી સભા ઊઠીને દોડી ગઈ. ચાર જણા જ બેઠા રહ્યા અને સ્વામી સભામાં આવ્યા ત્યાં ધક્કામુક્કી જોઈ ગોપાળદાદા જેને મોર્યથી કહી મૂકેલ. તેણે કહ્યું, 'કોઈ નિયમ રાખતા નથી અને પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો. વળી, સ્વામીને પણ ભગવાન થવું છે એટલે કોઈને કાંઈ કહેતા નથી.'

આ સાંભળી સ્વામીશ્રી ઊભા થઈ ગયા ને ઊંચે સાદે બોલ્યા, 'કોઈ અમને ભગવાન કહેશે તે ગધેડો લખાશે. માટે કોઈ ભગવાન કહેશો નહીં. ભગવાન તો પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામી છે, અને શાસ્ત્રમાં જેને અક્ષરબ્રહ્મ કહ્યા છે તે આજે તમારી સભામાં વાતો કરે છે. માટે ઓળખી રાખજો.' આમ કહીને સ્વામી બેસી ગયા. બંને સ્વરૂપો ઓળખવાની અદ્‌ભુત વાતો સ્વામીએ કહી અને આ



અપમાન સંબંધી એક શબ્દ પણ પોતાની વાતમાં આવવા દીધો નહીં.

સંવત ૧૯૧૩ના કાર્તિક સુદ પૂનમનો સમૈયો વરતાલ કરી સ્વામીશ્રી ખંભાત પધાર્યા. હરિભક્તોએ ભાવપૂર્વક સમૈયાની ભવ્ય તૈયારી કરી. હરિભક્તો સ્વામીશ્રીને શોભાયાત્રામાં બેસાડવા માટે જ ખાસ નવાબ સાહેબનો ચાંદીનો મ્યાનો લાવ્યા. પણ સ્વામીશ્રીએ કહ્યું : 'સાધુથી ચાંદીના મ્યાનામાં ન બેસાય.' ત્યારે હરિભક્તોએ કહ્યું, 'સ્વામી, આપ નહીં બેસો તો નવાબને ખોટું લાગશે. માટે તેને સારું લાગે તે માટે બેસો.'

ત્યારે સ્વામી કહે, 'નવાબને ગુણ કે અવગુણ આવવો એ કાંઈ તેના હાથમાં નથી. ધાર્યું તો મહારાજનું થાય છે. આ તો નિષ્કુળાનંદ મુનિનો દેશ કહેવાય. અત્યારે તે સાંભરી આવ્યા. એવા વૈરાગ્યમૂર્તિ સાંભરે પછી આવો ઠાઠ કેમ થાય ?'

સંવત ૧૯૧૮માં બોચાસણમાં દેસાભાઈએ શણગારેલા હાથી ઉપર રઘુવીરજી મહારાજ સાથે આગ્રહપૂર્વક બેસાર્યા. સ્વામી પોતાની ગોદડી ઓઢી બેઠેલા. આથી લોકો કહેતા : 'બાવો તો ઘણો શોભે છે. તેજસ્વી છે. પણ આ ગોદડી શોભતી નથી.' ત્યારે સ્વામી કહેતા, ''આ તો ચીંથરે વીંટેલ રતન છે.''

આમ, માન અને અપમાનમાં સોનાના દોરાની જેમ એક સ્થિતિમાં વર્તનારા સ્વામીશ્રીના જીવનમાં પૂર્ણ સ્થિતપ્રજ્ઞતાનાં દર્શન થાય છે.

**(૩) સ્વામીશ્રીની વ્યવહાર કુશળતા**

સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીએ ધામગમન સમયે બોટાદના શિવલાલ શેઠને કહ્યું હતું કે જો તારે વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢના જોગી પાસે જજે. પોતાના પ્રસંગે કરીને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રીજીમહારાજનું યથાર્થ સ્વરૂપ ઓળખાવી મોક્ષ માર્ગે પ્રેરનારા ગુણાતીતાનંદ સ્વામી મોક્ષના દાતા તો હતા જ પણ સાથે સાથે એટલા જ વ્યવહારદક્ષ પણ હતા. પોતાના આશ્રિતોના વ્યવહારમાં અંગત રસ લઈને સ્વામીશ્રી તેમને યોગ્ય માર્ગદર્શન પણ આપતા.

માળિયાના ઠક્કર અમરશી મેઘાણી જે સ્વામીશ્રીના અનન્ય ભક્ત હતા, તેમને વેપારમાં ખોટ આવી. એણે ૧૬ ખાંડી રૂ ખરીદેલું પણ એકાએક રૂના ભાવ બેસી ગયા અને ૧૬૦૦૦ કોરીનું નુકસાન જતું હતું. આ જોઈ કેટલાક અધીરિયા લેણદારો તેમની મુશ્કેલીમાં વધારો કરવા નાણાંની ઉઘરાણી કરવા લાગ્યા. આથી અમરશી ઠક્કર મૂંઝાયા. પોતાની મૂંઝવણનો ઉકેલ સ્વામી પાસે છે, એમ સમજી જૂનાગઢ આવ્યા. સ્વામીને બધી વાત કરી કહ્યું, 'બહુ ખરાબ વખત આવ્યો છે. અને આબરૂ રહે તેવું નથી. લેણિયાતો ઉઘરાણી કર્યા કરે છે.' તે સાંભળી સ્વામીએ કહ્યું, બધું સારું થશે.

પછી સ્વામી કોઠારમાં પધાર્યા. ત્રિકમદાસને બોલાવી કહ્યું, 'આવા ભક્તની લાજ જવા દેવાય ? એમ કહી ૧૦૦૦ કોરીની સોળ કોથળી તૈયાર કરાવી. અને કહ્યું, 'કોઠારી ! મૂંઝાશો નહિ. કદાચ રકમ પાછી ન આપે તો આવા ભક્ત પર કુરબાન કરી દેવી.' પછી જોરાભાઈને ઠેઠ ઘેર મૂકી આવવા કહ્યું. શેઠ આવી સહાનુભૂતિથી કૃતકૃત્ય થઈ ગયા. આવી રીતે સ્વામીશ્રીએ તેમના વ્યવહારમાં ખરે ટાણે મદદ કરી.

સ્વામી જૂનાગઢ પધાર્યા તે ખબર પડી એટલે ગામ લીલયાના માવજીભાઈ, ડોસાભાઈ તથા પૂંજાભાઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! હવે અમે શું કરીએ ? પોર અમારું ગામ સળગ્યું, વળી ઘરમાં પણ માણસો હજુ માંદગીથી આળસ્યા નથી. વળી મંદવાડના વાયરામાં બે મહિના પણ ગયા. શીળીના રોગમાં બળદ પણ બધા મરી ગયા. હવે તમે કહો તેમ કરીએ. કહો તો કુંકાવાવ જઈને રહીએ.' એટલે સ્વામીશ્રીએ તેમને ધીરેથી કહ્યું, 'જ્યાં જશો ત્યાં સુખ અને દુઃખ બંને ભેળા છે. ક્યાંય દુઃખ વિનાનું સુખ નથી. માટે જ્યાં છો ત્યાં જ રહો અને હવે સુખી થાશો.'

ફાગણ સુદ પૂનમનો સમૈયો આવતો હોવાથી વણથળીના લક્ષ્મીદાસ પટેલ અગાઉથી આવી ગયેલા. તે સભામાં બેઠા હતા. તેમને સ્વામીશ્રીએ કહ્યું : 'આ માવજીભાઈને બળદ લઈ દેજો. એ બહુ સારા હરિભક્ત છે. માટે તમે વચ્ચે રહીને તેમને રૂપિયા અપાવો. પછી તમને તે રૂપિયા ભરી દેશે.' સ્વામીના વચને તરત જ તેમને બત્રીસ બળદ અપાવ્યા. સ્વામીની આજ્ઞાથી ઘેર ગયા. ખેતી શરૂ કરી. તલ વાવ્યા. સાઠથી સિત્તેર ખાંડી તલનો પાક ઊતર્યો. તેથી વ્યવહારે સુખી થઈ ગયા. લક્ષ્મીદાસ પટેલની રકમ પણ ભરી દીધી.

જાળિયાના અરજણભાઈ જૂનાગઢ આવેલા. દર્શન સમાગમ કરી પાછા જવાની તૈયાર કરતા હતા. ત્યારે સ્વામીએ અરજણભાઈને કહ્યું, 'અરજણભાઈ ! મંદિરમાં રોકાવ અને સેવા કરો.' અરજણભાઈને વ્યવહારમાં દેવું ખૂબ વધી ગયેલા તે કહ્યું, 'સ્વામી વ્યવહાર કેમ સુધરે ?'

ત્યારે સ્વામીએ કહ્યું, 'ખેતી કોણ કરે છે ?' ત્યારે અરજણભાઈ કહે, 'અમે કરીએ છીએ.'

ત્યારે સ્વામી બોલ્યા કે 'બે સાથી રાખીને ખેતી કરાવો અને ચાર બળદ રાખો. અને તમારે કામ નહીં કરવાનું પણ કરાવવાનું.' અને સ્વામીના માર્ગદર્શન પ્રમાણે કર્યું ને અરજણભાઈનો વ્યવહાર સુધરી ગયો.

ગોપાળાનંદ સ્વામી વરતાલથી ગઢપુર પધાર્યા. સ્વામી અહીં સભામાં હંમેશાં



સવાર સાંજ વાતો કરતા. એક દિવસ બપોરની સભામાં સ્વામીએ વાતો કરતાં કહ્યું, 'શ્રીજીમહારાજે વરતાલના મહંત અક્ષરાનંદ સ્વામીને કર્યા. ધોલેરાના મહંત અદ્ભુતાનંદ સ્વામી, જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામી આદિ કર્યા. પણ એ સૌમાં મંદિરનો ખરો વ્યવહાર કરતા કોને આવડ્યો ?'

ગોપાળાનંદ સ્વામીનો આ પ્રશ્ન સાંભળી કોઈકે અક્ષરાનંદ સ્વામીનું નામ કહ્યું અને કોઈકે પૂંજાજીનું નામ કહ્યું. સૌએ પોતપોતાની સમજણ પ્રમાણે કહ્યું.

તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'એ બધાને શું ધૂળ વહેવાર કરતાં આવડ્યો ? ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો, કેમ જે એમણે નાગરોની આટલી ઉપાધિમાં પણ મંદિર પૂરું કર્યું. મંદિરનો વહેવાર સુધાર્યો. આખા સોરઠ દેશમાં સત્સંગ ફેલાવ્યો. સાધુઓને ધર્મનિયમમાં વર્તાવ્યા. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને રાજી કર્યા અને સાથે સાથે અખંડ કથાવાર્તા કરીને એક ક્ષણ પણ મહારાજની મૂર્તિને ભૂલ્યા નથી. માટે એવા સદ્ગુરુ તો આખા સત્સંગમાં નથી. તે તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે અને ધન્વંતર વૈદ્ય જેવા છે.' સ્વામી જ એક એવા વ્યવહાર કુશળ હતા.

**પ્રશ્ન.૨(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર ટૂંકનોંધ લખો. (૨૦)**

**(૧) સ્વામીશ્રીના તપ, ત્યાગ અને વૈરાગ્ય**

શ્રીજીમહારાજે વચ. કા.૩ માં કહ્યું છે, 'સારો હોય તે તો બાળકપણામાંથી જ જણાય. તે જીહ્વાનો સ્વાદિયો હોય નહિ ને શરીરને દમ્યા કરે...' અધ્યાત્મ માર્ગે ચાલનારા પ્રત્યેક સાધકના આદર્શ એવા ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં ત્યાગ, વૈરાગ્ય ને તપની ખુમારી બાળપણથી જ જોવા મળે છે. સ્વામી પૂર્વાશ્રમમાં હતા ત્યારે વસ્તા પટેલને ત્યાં જમવાનું આમંત્રણ હતું. ભોળાનાથે વહેલા જઈને લાડુ, કઢી, રોટલા-ખીચડી વગેરે રસોઈ બનાવી. જમવા સમયે ઠાકોરજીને થાળ જમાડી સૌને પીરસ્યું. બધા જમવા લાગ્યા. પરંતુ મૂળજી તો આંખો મીંચી ધ્યાનસ્થ દશામાં બેસી રહ્યા. ત્યારે ભોળાનાથે તેમને જગાડીને કહ્યું, 'મૂળજી ! હવે જમો.' ત્યારે મૂળજી પોતાના ભાણામાંથી લાડુ કાઢી નાખી ફક્ત રોટલો અને કઢી રહેવા દીધા અને બોલ્યા : 'હું તો રોટલો અને કઢી જ જમીશ. અમે કાંઈ લાડુ જમવા આવ્યા નથી.' પછી બહુ રીતે સમજાવ્યા. પણ તેમણે ના જ કહી અને ફક્ત કઢી ને રોટલો જ જમ્યા. આમ, મિષ્ટ ભોજનની અરુચિ દશાર્વનારા સ્વામીશ્રીના જીવનમાં બાળપણથી જ વૈરાગ્યની રુચિ જણાઈ આવે છે.

સ્વામી જ્યારે ડભાણમાં દીક્ષા લઈ મુક્તાનંદ સ્વામીના મંડળમાં ફરતા હતા.

તે મંડળ જેતલપુર આવ્યું. ત્યાં એક દિવસ મહોલ ઉપર ધાબામાં મુક્તાનંદ સ્વામી સૂવા માટે ગયા ત્યાં પાછળથી સ્વામી આવ્યા. મુક્તાનંદ સ્વામીને કાંઈ પણ પાથર્યા વિના નીચે સૂતેલા જોઈ પોતે પણ તે પ્રમાણે તૈયારી કરી. તેથી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : 'સ્વામી ! કાંઈક નીચે પાથરીને સૂવો. કાંકરાવાળી ભો છે તે તમને ખૂંપશે.'

ત્યારે સ્વામીએ કહ્યું : 'તમે કેમ કાંઈ પાથર્યું નથી ?'

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજની આજ્ઞા નથી. પણ તમે હજુ નવા છો તેથી ધીરે ધીરે ટેવ પાડજો.'

ત્યારે મુક્તાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું, 'સ્વામી ! મહારાજની આજ્ઞા તો બધાને માટે છે ને ? હું પણ કલ્યાણનો ખપ રાખીને જ આવ્યો છું. માટે મને પણ આજ્ઞા પાળવા દ્યો.'

મુક્તાનંદ સ્વામી તો આ નવદીક્ષિત સાધુની ત્યાગની છટા, કલ્યાણનો ખપ અને મહારાજની આજ્ઞા પાળવાની દઢતા જોઈ સ્તબ્ધ બની ગયા. તેમના ત્યાગ, વૈરાગ્ય ને ભક્તિની મુક્તાનંદ સ્વામીના અંતરમાં અમીટ છાપ પડી ગઈ.

ગઢડામાં સંવત ૧૮૭૦ની સાલમાં એભલ ખાચર ધામમાં ગયા. તેમના કારજ પ્રસંગે મહારાજે બધા સાધુ તથા બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. સ્વામી તો મહારાજની મૂર્તિ સામું જોઈ જેટલું પીરસતા તે જમી જતા. રોજ સાટા જલેબીની રસોઈ તે પુષ્કળ ખાંડ ખાવાથી શરીર પીળું પડી ગયું. તેથી ખાધેલ અન્ન પચે નહીં આથી મહારાજે ફક્ત દૂધ જ પીવાની આજ્ઞા કરી. પછી નાઘેર પ્રદેશમાં ફરતાં ત્યાં હરિભક્તોએ આગ્રહપૂર્વક દૂધ ને ટોપરા જમાડ્યા. દેહનો અનાદર કરનારા સ્વામી પોતાના દેહની દરકાર કરતા નહિ આથી શરીર વધુ પીળું થઈ ગયું. પછી બાબરીયાવાડમાં કોવૈયાને પાદર મહારાજે બાળા જોગીને વેશે દર્શન દીધા અને કહ્યું, 'આ તમારું પેટ સર્પના પેટાળા જેવું ઝગમગે છે. સેવકોએ ટોપરા ને દૂધ બહુ જમાડ્યા લાગે છે. તમારે તો દેહ નથી સાચવવું પણ અમારે તમારું દેહ સાચવવું છે' એટલું કહી અદૃશ્ય થઈ ગયા.

સ્વામીએ જાણ્યું કે દૂધ પીવા દેવાની મહારાજની મરજી નથી. તેથી આ પ્રસંગથી સ્વામીએ તત્કાળ જીવનપર્યંત દૂધનો ત્યાગ કરી દીધો. સ્વામીશ્રી તો ગળ્યું, ચીકણું, દૂધ કે ઘી જમતા જ નહીં. ભંડારમાં ગમે તેવી રસોઈ બનાવી હોય પરંતુ પોતે તો બાજરાનો રોટલો અને છાશ જ જમતા.

સ્વામી જૂનાગઢમાં જમવા બેઠા એ વખતે એક નાગર દર્શન કરવા આવ્યો. તે પોતે ખૂબ જ સ્વાદિયા હતા. એણે વિચાર્યું કે આવા મોટા મંદિરના મહંત સારી



સારી વાનગી જ જમતા હશે. તે સ્વામી જમવા બેઠા ત્યારે દૂરથી ઊભા રહી દર્શન કરતા હતા. પત્તરમાં ખુરમો ને છાશ પીરસાયા. નાગર હરિભક્તને લાગ્યું કે દૂધપાક ને ચૂરમું હશે. ત્યાં તો સ્વામીશ્રીએ તેમની શંકા ટાળવા જીરૂ ને મીઠું મંગાવ્યું. પછી પાણી નાખ્યું. એટલે તે નાગરે પાસે આવીને સ્વામીને ખૂરમો ને છાશ જમતા જોયા અને તેને ખૂબ જ ગુણ આવ્યો ને એનો સ્વાદ ટળી ગયો.

આ.સં. ૧૯૧૯ જન્માષ્ટમી પછી સોરઠમાં રઘુવીરજી મહારાજ સાથે સ્વામી ફરવા નીકળેલા. ત્યાં વણથળી જતા રસ્તામાં મહારાજશ્રીએ પેંડાની કોથળી કાઢી એક પેંડો સ્વામીને આપતા કહ્યું, 'આપણે મુકામે પહોંચતા મોડું થશે માટે આ પેંડો જમો.' એટલે સ્વામીશ્રીએ પેંડો પાછો આપીને કહ્યું : 'આપ આમ કરશો તો અમારે ને તમારે ભાઈબંધાઈ નભશે નહીં.' પરંતુ મહારાજે બહુ આગ્રહ કરીને કહ્યું : 'અડધો તો જમો.'

એટલે સ્વામીશ્રીએ અડધાના બે ભાગ કર્યા. તેમાંનો અર્ધો ભાગ ગાડીની સાથે ચાલતા જાગા ભક્તને આપ્યો અને અડધો મોઢામાં મૂકીને બોલ્યા, 'એકલશૃંગી કે જેને સ્ત્રી-પુરુષનું ભાન પણ ન હતું તે સ્ત્રીમાં ભ્રષ્ટ થઈ ગયા તે આવા પેંડા ખાઈને ભ્રષ્ટ થયા હશે.' આમ, સ્વામીશ્રીએ પોતાની ત્યાગ-વૈરાગ્યની રુચિ જણાવી. એટલામાં તે સિગરામને જડેલા રેશમી ફૂમતાંમાનું એક ફૂમતું હલ્યું અને રઘુવીરજી મહારાજના ગાલે અડ્યું. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું, 'આ ફૂમતાં બકીયો લે છે તેમાંથી વૃત્તિઓ ક્યારે તૂટશે ? ને વૈરાગ્ય ક્યારે થશે ?'

સ્વામીશ્રી જામનગરમાં વિરાજમાન હતા. તે વખતે કાળો ધમોતર મિસ્ત્રી જેને મુંબઈમાં મોટી દુકાન હતી અને વ્યવહારે સુખી હતો. એણે કહ્યું, 'મારે કાલે દૂધપાક અને માલપૂડાની રસોઈ કરાવવી છે.'

ત્યારે સ્વામીએ ના પાડી અને કહ્યું : 'કાચી રસોઈ કરાવો.'

આથી રામચરણદાસે કહ્યું : 'સ્વામી ! પાકી રસોઈ કરવા દ્યો. નહિ તો તે નવો સત્સંગી થયો છે તે કુસંગી થઈ જશે.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'ભલે પાકી રસોઈ કરી તેને સત્સંગી રાખો અને તમે કુસંગી થાઓ.' એટલે રામચરણદાસ કંઈ બોલ્યા નહીં પણ પછી દૂધપાક અને રોટલીની રસોઈ કરાવી. જ્યારે સ્વામી જમવા પધાર્યા, ત્યારે પત્તરમાં એક ડંકો દૂધપાક રેડ્યો તે જોઈ સ્વામીશ્રી તો ઊંડા ઊતરી ગયા. અને પત્તરમાં નાખેલ દૂધપાકમાં રોટલીનો કકડો બોળીને ઝાલી રહ્યા પરંતુ જમ્યા નહિ. એટલે રામચરણદાસે કહ્યું : 'સ્વામી ! જમો સૌ જમી રહેવા આવ્યા. અને આપ બેસી રહ્યા છો તે કેમ પૂરું થશે ?'

ત્યારે સ્વામીએ કહ્યું : 'તારે પૂરું કરવું છે ને આ પાંચસો પરમહંસોએ અને શ્રીજીમહારાજે મારું ગળું ઝાલ્યું છે ને કહે છે એ ઝેર છે તે ખાઈશ નહીં, ખાઈશ નહીં. તે હવે તારા વચને ચાલવાનું છે ?' પછી પત્તર બાજુમાં બેઠેલા રૂગનાથચરણદાસના પત્તરમાં ઠાલવી દીધું અને પત્તર ધોઈ રોટલી ને તુરિયાનું થોડું શાક જમ્યા.

સ્વામીશ્રીનો ઉત્કૃષ્ટ ત્યાગ-વૈરાગ્ય હતો. સ્વામી જ્યારે ખંભાત પધાર્યા ત્યારે સર્વે હરિભક્તોનો આગ્રહ હોવા છતાં ચાંદીના મ્યાનામાં ન બેઠા. પણ સિગરામમાં બેઠા ને પોતાની ગોદડી ઓઢી હતી. ત્યાંના નગરજનો સ્વામીના દર્શન કરી કહેતા, 'અહો! મોટા જોગી દેખાય છે. મોટા સિદ્ધ છે પણ ફાટેલ ગોદડી તેમને શોભવા દેતી નથી.' સ્વામીશ્રી આ સાંભળી મંદ મંદ હસતાં અને કહેતા : 'ભાઈ ! આ તો ચીથરે વીંટેલ રત્ન છે.'

મહારાજને ગઢડામાં કોઈએ જાડો બરછટ ધાબળો આપેલ જે પહેરવાથી લોહીના ટશિયા ફૂટે તેવો હતો. પણ મહારાજ કોઈને ન આપતા. આથી મુક્તાનંદ સ્વામીએ નિર્ગુણાનંદ સ્વામીને મોકલ્યા અને કહ્યું તમે માગો તો મહારાજ આપી દેશે. સ્વામીશ્રીએ માગ્યો પણ ન આપ્યો. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, 'મહારાજ ! આ તો જડભરત જેવા છે એમને પસંદ છે. માટે આપો.' એટલે મહારાજે રાજી થઈને બોલ્યા : 'લ્યો અમારા જડભરત !' એમ કહી સ્વામીને ધાબળો ઓઢાડ્યો. એવી જડભરત સ્થિતિ સ્વામીશ્રીની હતી.

સ્વામીને દેહનો દૃઢ અનાદર હતો. દેહને કષ્ટ આપવામાં ટેવાઈ ગયા હતા. પોતે સદા અર્ધી ભૂખ તો વેઠતા જ. સ્વામી કેડ ઉપર એક દોરો બાંધી રાખતા અને શરીર માપી લેતા અને સહેજ પુષ્ટ જણાય તો ઉપવાસ કરી નાખતા.

સ્વામી રામદાસ સ્વામીના મંડળમાં ફરતા. ત્યારે બે ત્રણ સંતોને તાવ આવેલ. એટલે એમના માટે હરિભક્ત મઠ શેકીને લાવેલ. ફરસા મઠ જરા સ્વાદુ લાગે અને ખવાય એટલે સંતોને આપ્યા. પરંતુ મઠ તો ઘણાં વધ્યા તેથી સૌ સંતોને આપ્યા. સૌ સંતો તરત ખાઈ ગયા. એટલે રામદાસ સ્વામીએ કહ્યું, 'કોઈ સાધુને આપી દો ને ખાઈ જાય. ઝોળીમાં તો મઠ સંઘરાય તેવું ન હતું.' તેથી સ્વામી ઊઠ્યા અને કહ્યું, 'આપની આજ્ઞા હોય તો લાવો હું મઠ જમી જાઉં.'

રામદાસ સ્વામી તો આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમને લાગ્યું કે આ સાધુ રોજ શેર એકની ભૂખ વેઠતા લાગે છે. સ્વામીનો તેમને મહિમા સમજાયો કે ખરા તપસ્વી પુરુષ છે ! સ્વામીને તો તપ બહુ પ્રિય હતું. તપથી જ દેહ કૃશ કરી બ્રહ્મસ્થિતિની સાધનામાં અનિવાર્ય એવા બ્રહ્મચર્યની સિદ્ધિ છે તેવું તેઓ સદા માનતા.



**(૨) અમદાવાદમાં સ્વામીશ્રીનું ભવ્ય સન્માન**

આ.સં. ૧૮૨૩ના વર્ષમાં ચૈત્રી પૂર્ણિમાનો સમૈયો કરવા સ્વામીશ્રી વરતાલ જવા નીકળ્યા, સાથે જૂનાગઢ દેશના કેટલાક હરિભક્તો પણ હતા. સ્વામી ચાલતાં ચાલતાં અડવાળથી ધોળકે પધાર્યા. ત્યાં હરિભક્તોએ સારું સન્માન કર્યું. બીજે દિવસે સાણંદ ઠાકોર સાહેબના આગ્રહથી સાણંદ પધાર્યા. અહીં આવ્યા ત્યારે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની માંદગીના સમાચાર મળ્યા તેથી અહીં એક દિવસ રોકાઈને સ્વામીશ્રી અમદાવાદ જવા નીકળ્યા.

આ બાજુ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને મંદવાડ હતો અને તેર ઉપવાસ થયા હતા. વળી, હૃદયમાં પણ ઘણી જ અશાંતિ હતી. જેથી સ્વામીશ્રીને તેમણે ખાસ તેડાવ્યા હતા. સ્વામીશ્રી સાણંદથી નીકળી સાબરમતી આવ્યા અને ત્યાં નદીમાં સ્નાન કર્યું. અયોધ્યાપ્રસાદજી મહારાજને ખબર મળ્યા કે સ્વામીશ્રી સાબરમતી પહોંચી ગયા છે. એટલે તેમણે એક મોટો હાથી, હાથીવાન ગાડીઓ અને સાતસો સાધુ, પાળા, બ્રહ્મચારી તથા કેશવપ્રસાદજી મહારાજ વગેરેને સામા મોકલ્યા. સ્વામીશ્રી હાથી ઉપર ન બેઠા અને ગાડીમાં બેઠા. અમદાવાદ શહેરમાં સ્વામીશ્રીએ પ્રવેશ કર્યો. ત્યારે અમદાવાદના હજારો હરિભક્તોએ તેમની દેદીપ્યમાન દિવ્ય મૂર્તિનાં દર્શન કર્યાં. અને સ્વામીશ્રીને ગુલાબ અને મોગરાના હાર પહેરાવ્યા. સ્વામીશ્રીના દિવ્ય સ્વરૂપમાં સૌની વૃત્તિ ખેંચાઈ ગઈ. તેથી સૌ કહેવા લાગ્યા : 'આ તો ઈશ્વરમૂર્તિ કોઈ અલૌકિક પુરુષ છે.'

સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા એટલે ઠાકોરજીના દેરા આગળ પગથિયા પાસે ઊતરી પ્રથમ શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરીને સભામંડપમાં ચોકમાં, જ્યાં ભરચક સભા ભરાઈ હતી ત્યાં પધાર્યા. સ્વામીશ્રી સભામાં પધાર્યા એટલે સૌ સંતો, હરિભક્તો ઊભા થયા. સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજ્યા. અહીં સભામાં થોડી મુદ્દાની વાતો કરી, સ્વામીશ્રી તરત જ આચાર્ય મહારાજને મેડે તેમને મળવા પધાર્યા.

સ્વામીશ્રીને જોઈને જ મહારાજશ્રી હાથ જોડી પગે લાગ્યા. તેમનાં નેત્રમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. પછી ગદ્‌ગદ કંઠે સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! આપે બહુ દયા કરી અને પધાર્યા તેથી મને શાંતિ થઈ ગઈ !'

સ્વામીશ્રીએ તેમને ધીરજ આપી પથારીમાં સુવાર્યા. પછી કહ્યું, 'આપની તબિયત નરમ સાંભળી મને પણ આપનાં દર્શનની ખેંચ હતી. આપણે તો શ્રીજીમહારાજના આશરે બેઠા છીએ અને બધું એમની મરજી અનુસાર થાય છે.' એમ કહીને કહ્યું : 'આપે તેર દિવસથી અન્ન લીધું નથી તો હવે કાંઈક જમો. કોઈ

વાતની ઉદાસીનતા રાખશો નહીં. મહારાજ બધું સારું કરશે.'

સ્વામીશ્રીની આજ્ઞા પાળીને આચાર્ય મહારાજ જમ્યા. પછી તેમણે સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : 'સ્વામી ! આપની આજ્ઞા મેં પાળી હવે મારી એક પ્રાર્થના આપ સ્વીકારશો.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'આપ તો મહારાજનું સ્વરૂપ છો. માટે આપે તો આજ્ઞા કરીને કહેવું જોઈએ.' એટલે આચાર્ય મહારાજે તરત જ કહ્યું : 'સ્વામી ! રામનવમીનો સમૈયો આપ અહીં કરો.'

તે સાંભળી સ્વામીશ્રી વિચારમાં પડી ગયા. પછી બોલ્યા : 'ભગવત્પ્રસાદજી મહારાજને દુઃખ થશે.'

ત્યારે મહારાજે કહ્યું : 'સ્વામી ! આપે ઘણા સમૈયા વરતાલ કર્યા છે. માટે આ ફેરે અહીં રામનવમી કરો અને સર્વોપરી ઉપાસનાની વાતો કરો.'

આચાર્ય મહારાજનો અત્યંત આગ્રહ અને ભાવ જોઈ સ્વામીશ્રીએ હરિજયંતીનો સમૈયો અમદાવાદ કરવાનું કબૂલ કર્યું.

**(૩) ગુણાતીતાનંદ સ્વામીના સંતો**

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના ત્યાગી સંતો ઘણા બધા હતા. તેઓ કેવા હતા ? તેમની સ્થિતિ કેવી હતી ? તેનો પરિચય પ્રસ્તુત લેખમાં કરીશું.

સ્વામીશ્રીના આ સંતો વિદ્વત્તામાં વિશારદ હતા. સ્વામીશ્રી આ સંતમંડળ સાથે તળાજા પધારેલા. ત્યાં બપોરે ત્રણ વાગે તળાજાના જગજીવન ભટ્ટ, મહુવાના શિવશંકર ભટ્ટ આદિ દસ જણા પ્રશ્નો પૂછવા આવ્યા. પરંતુ અચિંત્યાનંદ બ્રહ્મચારીની વિદ્વત્તા અને મધુરવાણી સાંભળી બોલ્યા : 'અમે પ્રશ્ન પૂછવા નથી આવ્યા. તમો તો વ્યાસજી જેવા છો. માટે તમારા રચેલા ગ્રંથના શ્લોક સાંભળવા આવ્યા છીએ.' અચિંત્યાનંદ બ્રહ્મચારી પોતાની બુદ્ધિની વિલક્ષણ ચતુરાઈથી સૌના મદ ઉતારી નાખતા. વિદ્વાન પંડિતો પણ જીતી શકતા નહીં. એવા અજેય અચિંત્યાનંદ બ્રહ્મચારી હતા.

સં. ૧૯૧૬માં ભાવનગર રાજસભામાં રઘુવીરજી મહારાજની પધરામણી કરાવેલી. એ વખતે પંડિતો સાથે શાસ્ત્રાર્થ થયો. એમાં પ્રશ્નોત્તરીમાં સંતોએ પંડિતોને પાછા પાડી દીધા. આ જોઈ ભાવનગરના મહારાજ બોલ્યા, 'ભાવેણાના પંડિતોની વિદ્યા ખાડામાં ગઈ લાગે છે. તેથી પરાજય પામ્યા.' આવા એ વિદ્વાન સંતો હતા.

આ સંતોની વિશેષ વિદ્વત્તાની ઝાંખી તો ત્યારે થઈ જ્યારે સંવત ૧૯૧૭ના કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ વરતાલમાં કરી સ્વામી અમદાવાદ પધાર્યા હતા.



અમદાવાદના સંતો એવું માનતા કે જૂનાગઢમાં તો ગુણાતીત ગપ્પા મારે છે. બધી અભણ ટોળી ભેગી થઈ છે. વાતોના ચોપડા ઝૂડે છે.

બીજે દિવસે સંતો ભંડારમાં પંક્તિમાં જમવા બેઠા. એક બાજુ શ્રીનગરના વિદ્વાન સંતો અને સામે ગુણાતીત સંતો બેઠા. સ્વામીશ્રીએ અંતર્યામી પણે આ અહંભાવ જાણી લીધો. તેથી તેમણે જૂનાગઢના સંતોને કહ્યું કે આજે જમતાં જમતાં શ્લોક બોલતાં થાકવાનું નથી અને સમય પણ જોવાનો નથી. પછી શ્રીનગરના સંતોએ શ્લોકની ઝડી વરસાવી. પછી કહ્યું, 'હવે જૂનાગઢી સંતો ! તમારી વિદ્યા અમને બતાવો.'

પણ એને ક્યાં ખબર હતી કે જૂનાગઢી બ્રહ્મવિદ્યામાં આપણી સંસ્કૃત વિદ્યા સમાઈ જાય છે. સ્વામીશ્રીની બાજુમાં બેઠેલા રઘુવીરચરણદાસ તો વેદાંતાચાર્ય ઉપરાંત સાહિત્યના પણ આચાર્ય હતા. ૧૦૦૦ શ્લોક તેમને કંઠે હતા. ધર્મપ્રસાદદાસ પણ એવા જ વિદ્વાન હતા. નીલકંઠદાસજી તો વિદ્વત્તાનો પાર પામેલા હતા તો સાથે જેની વિદ્વત્તામાં જોડ ન જડે એવા અજોડ અચિંત્યાનંદ બ્રહ્મચારી હતા. વારાફરતી તેમણે ઝડી વરસાવી શરૂ કરી. આ જોઈ શ્રીનગરના સંતો અવાક્ બની ગયા. બે વાગી ગયા પણ પૂરું ન થયું. ત્યાં અચિંત્યાનંદ બ્રહ્મચારી તથા વાસુદેવાનંદ બ્રહ્મચારી આવ્યા ને સામ સામે બેઠા. એમ કરતાં ચાર વાગી ગયા. અમદાવાદના સંતોના શ્લોકના જ્ઞાનનો અવધિ આવ્યો. તો વાસુદેવાનંદ બ્રહ્મચારી નવા શ્લોક બનાવી બોલવા લાગ્યા. ત્યારે અચિંત્યાનંદ બ્રહ્મચારી પણ સામે શ્લોકો રચીને બોલે. કવિ સમ્રાટ બ્રહ્મચારી અચિંત્યાનંદની વિદ્વત્તા આગળ ગુરુવર્ય વાસુદેવાનંદની વિદ્વત્તા ઓસરવા લાગી ને સામેથી કહી દીધું, 'પુત્રાત્ શિષ્યાદ્ ઇચ્છેત્ પરાજયઃ ।' એમ પોતાનો પરાજય સ્વીકાર્યો. એ વખતે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા : 'મને તો લાગે છે કે આરતી ટાણું થશે તો પણ અચિંત્યાનંદ વર્ણીની વિદ્યા ખૂટે તેવી નથી.'

આ સંતોમાં વિદત્તા તો હતી પણ સાથે ત્યાગ-વૈરાગ્યની અજોડ ખુમારી હતી. સ્વામી બાલમુકુંદદાસનું મંડળ ત્યાગ-વૈરાગ્યમાં સર્વોપરી ગણાતું. ક્યારેય પાકી રસોઈ લેતા નહીં. સ્વામીશ્રીના ધામમાં પધાર્યા પછી ક્યારેય ખાંડ, સાકર કે દૂધ જમતા જ નહીં.

રામદાસ સ્વામી દીક્ષા લઈ જૂનાગઢ રહેતા. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તતા. આ સંતની ત્યાગ અને તપની રુચિને લીધે તેમના શરીરમાં લોહી સુકાઈ ગયું હતું. એક જ વખત ફળાહાર જમતા. પગરખા પણ પહેરતા નહીં. એક વખત આજ્ઞાથી જામનગર જવાનું થયું. અહીં ફળાહાર ન મળે. દૂધ-દહીં લેવાય નહીં.

તેથી ફક્ત છાશ પીને જ રહેતા.

સ્વામી ભગવાનદાસજીની જડભરત જેવી સ્થિતિ હતી. તેઓ માળિયા રહેતા પણ રસોઈમાં અડદની દાળ મૂકતા અને ઢાંકણ ઉપર બાજરાની બાટી મૂકતા. બંને સાથે ચડી જાય એટલે થાળ ધરાવી પોતે પાણી નાખી ચોળીને જમી લેતા. જમવા માટે પણ તુંબડીનો વાડકો જ રાખતા. પરંતુ સુંદર ચકચકિત રંગીન પાત્ર રાખતા નહીં.

પાર્ષદ કાનાભગતમાં પણ સ્વામીશ્રીના પ્રતાપે ત્યાગ, વૈરાગ્ય, ઉપાસના ભક્તિ વગેરે ગુણો વિકસ્યા હતા. સ્વામી ધામમાં પધાર્યા પછી પાંત્રીસ વર્ષ સુધી પોતે રહ્યા. પરંતુ ભક્તિમય જીવન જ જીવ્યા. ગળ્યું, ચીકણું ન ખાવાનો નિયમ હતો. તેમજ બાર વર્ષ સુધી લાંબા પગ કરીને પોતે સૂતા ન હતા. આવા બૃહદ વૈરાગ્યવાળા ભક્ત હતા.

પાર્ષદ કેશવભગતમાં તીવ્ર વૈરાગ્ય હતો. સંસાર પ્રત્યે અનાસક્તિ હતી. ઘેર હતા ત્યારે તેમની માતાને તેમના ઉપર અતિ હેત હતું. તેથી જ્યારે ભાત દેવા આવે ત્યારે રોટલામાં ઘી-ગોળ નાખીને લાવે. પણ કેશવ ભગત આ મિષ્ટ ભોજનમાં તાંદળજાની તથા ભોપાથરીની ભાજીનો રસ નાખતા પછી ચોળીને ખાઈ જતા ને પછી ઊલટી કરી નાખતા. માને લાગતું દીકરાને પચતું નથી એટલે ઊલટી થઈ જાય છે તેથી ઔષધનું વિચાર્યું પરંતુ આ ભક્ત તે શી રીતે લે ?

સ્વામી કેશવચરણદાસ પણ અત્યંત ત્યાગ-વૈરાગ્ય ને સાધુતાના ગુણે ભરપૂર હતા. સ્વામી કૃષ્ણસેવાદાસને તો મહાનુભાવાનંદ સ્વામીએ તીવ્ર વૈરાગ્ય અને સેવાની ભાવના જોઈને જ દીક્ષા અપાવેલી એવા ઉત્કૃષ્ટ ત્યાગ-વૈરાગ્ય વાળા સંતો હતા.આમાંના ઘણા સંતો તો સ્ત્રીનો ત્યાગ કરીને આવ્યા હતા.

કૃષ્ણસેવા સ્વામીનું નાનપણથી જ લગ્ન થયું હતું. તેથી તેઓ સાધુ થઈ ગયા છે તે સાંભળી તેમનાં પત્નીએ માથે બળતી સગડી લઈ રાજકોટ પોલિટિકલ એજન્ટ લાંકસાહેબની પાસે જઈ ફરિયાદ કરી. લાંકના હુકમથી ડાહ્યાભાઈને અમદાવાદથી પાછા લાવવા તેડું ગયું. સાધુની દીક્ષા ઉતારી રાજકોટ આવ્યા. પણ આવીને બધાને સમજાવી સમાધાન કરી જૂનાગઢ સ્વામી પાસે આવ્યા ને રહ્યા.

સ્વામી યોગેશ્વરદાસજી સાધુ થવા જૂનાગઢ ગયા તો ત્યાંથી પાછા ઘેર લઈ ગયા. વિચાર કર્યો કે આને હવે પરણાવી દઈએ ને તે પ્રમાણે લગ્ન કરી દીધાં. પછી રોજ રાત્રે ઓરડામાં તેને તેની સ્ત્રી સાથે પૂરી રાખે. અહીં પ્રેમજી ભક્ત તો ખાટલા ઉપરથી ઊઠીને નીચે બેસી પલાંઠીવાળી આખી રાત માળા ફેરવે. આમ, એક મહિનો ચાલ્યું. પરંતુ પોતાની સ્ત્રીનો સ્પર્શ તેમણે કર્યો નહિ. સ્ત્રીને તેમણે કહી દીધું, 'હું મારા ભગવાનનું ભજન કરું છું તેમાં જો તું આડી આવીશ તો તને



પાપ લાગશે.' તેથી તેની સ્ત્રીએ પણ તેમનો સ્પર્શ ન કર્યો. પછી તે બાઈએ પોતાની સાસુને કહી દીધું, 'આ કોઈ માણસ નથી પણ દેવ છે. માટે જ્યાં જવું હોય ત્યાં જવા દ્યો.' પછી રજા લઈને જૂનાગઢ જઈ સાધુ થયા.

આવા જ બીજા હતા પાર્ષદ કેશવભગત. માતાપિતાએ પુત્રનાં લગ્ન કરી દીધાં. પરંતુ આ બંધન જ જેને સ્વીકાર્ય ન હતું તે વૈરાગી પુત્રને આ સ્નેહના ફાંસલાની કાંઈ અસર ન થઈ. છ માસ સુધી સ્ત્રીની સાથે ઓરડામાં રહ્યા, પરંતુ એક ખૂણામાં ઊભા રહી આખી રાત માળા જ ફેરવ્યા કરી. તેથી તેની સ્ત્રીએ સાસુને કહ્યું : 'આ તમારા પુત્રને જગતની કોરનો કાંઈ સંકલ્પ જ થતો નથી. જો થાંભલાને સંકલ્પ થાય તો તેમને થાય. માટે ભગવાન ભજવા હોય તો ખુશ થઈને જવા દ્યો.' પણ કુટુંબીઓએ મમત્વને લીધે રજા ન આપી એટલે ભાગીને જૂનાગઢ આવ્યા ને સ્વામીની આજ્ઞાથી ધોળે લૂગડે રહ્યા.

પીપલગના ભગવાનદાસ તો લગ્નની ચોરીમાંથી જ ભાગ્યા. જ્યારે તે ભક્તને જેમ તેમ સમજાવી પરણાવવા લઈ ગયા અને પરાણે લગ્નમંડપમાં લઈ આવ્યા. જ્યાં વિધિ શરૂ થયો અને ચોરીમાં ત્રણ ફેરા ફર્યા ત્યાં તો આ ભક્તને થયું કે હવે તો હું ખરેખરો ફસાયો. એમ વિચાર આવતાંની સાથે જ તેમણે પરણાવનાર ગોર મહારાજને કહ્યું : 'હવે મારા વતી ચોથો ફેરો તમે ફરી લેજો' એમ કહી ત્યાંથી તરત જ દોડી નીકળ્યા. વરતાલ ગયા અને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામી પાસે જૂનાગઢમાં રહ્યા.

આ સંતોમાં જેવી વિદ્વત્તા હતી, જેવો વૈરાગ્ય હતો તેવી જ આધ્યાત્મિક ઊંચાઈને પામ્યા હતા એટલે કે ઉત્તમ સ્થિતિવાળા હતા.

રામદાસ સ્વામીને સ્વામીશ્રીએ કલ્યાણભાઈને વંથળી જઈ કાગળ આપી આવવા કહ્યું. જતાં આવતાં ભજન કરવા કહ્યું. તેઓ ભજન કરતાં કરતાં વંથળી પહોંચ્યા ત્યારે ગઢને કાંગરે કાંગરે તેમને મહારાજનાં દર્શન થયાં. અને પાછા આવતા પણ મૂર્તિ દેખાતી. ધામમાં જતાં સુધી તેમને મહારાજની મૂર્તિ અખંડ દેખાતી. રાતદિવસ મૂર્તિનું ચિંતવન કર્યા જ કરતા.

એક વખત કૃષ્ણસેવાદાસે તેમને કહ્યું : 'સ્વામી ! તમારી પાસે આવીએ છીએ ત્યારે ગુલાબ અને મોગરાની સુગંધ આવે છે.' આથી રામદાસ સ્વામીએ કહ્યું, 'એ તો મહારાજ પધાર્યા હોય એટલે તે સુગંધ આવે.' આમ, સ્વામીને મહારાજનો અખંડ સાક્ષાત્કાર હતો.

ભગવાનદાસ માળિયા હાટીનામાં રહેતા. ત્યાં ઝૂંપડી નજીક એક રાફડો હતો. તેમાંથી કોઈ કોઈ વખત એક સર્પ ભગવાનદાસ ધ્યાનમાં બેસતા ત્યારે તેમના

શરીર ઉપર ચઢી જતો અને યોગીની સ્થિરતાની કસોટી કરતો. ગુણાતીતાનંદ સ્વામીના દર્શને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આવ્યા હતા તે આ ભગવાનદાસે નજરો નજર નિહાળ્યું હતું.

પાર્ષદ કાનાભગત જ્યારે ધ્યાન કરવા બેસતા ત્યારે મચ્છર કે કાંઈ પણ કરડે તો પણ તે હલતા નહીં, શરીરમાંથી લોહી નીકળે તો પણ મહારાજના સ્વરૂપમાંથી તેમની વૃત્તિ બહાર નીકળતી નહિ.

આ ઉપરાંત આ સંતોમાં સેવા, ભક્તિ, નિષ્ઠા, વ્યવહાર-કુશળતા વગેરે અનંત ગુણો યુક્ત હતા.

**(૪) ગુણાતીતાનંદ સ્વામીની સેવા પરાયણતા**

જેને કોઈ પણ પ્રકારનું માન કે મોટપ ખપતા નહીં, જેણે સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીને પોતાના અંતરમાં અખંડ રાખ્યા છે. જેણે કેવળ એ જ સ્વરૂપની મોટપ વધારવી, તેને જ ભક્તિ માની છે. જેની વાણી મુમુક્ષુઓનાં હૈયાં વીંધી, પ્રકાશપુંજ પાથરી, તેમાં મહારાજના દિવ્ય સ્વરૂપને પધરાવી દેતી, એવા મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી હતા. જેના રુંવાડે રુંવાડે અનંતકોટિ બ્રહ્માંડ ઊડતા ફરે છે, જેના દર્શનને સાક્ષાત્ મહારાજ પણ ઇચ્છે છે એવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પરમ સેવક સ્વામીશ્રીના જીવનમાં સેવાપરાયણતાનાં અલૌકિક દર્શન થાય છે.

શ્રીજીમહારાજ કારિયાણીમાં હતા ને હરિજયંતીનો ઉત્સવ કરવા વરતાલ જવું હતું પરંતુ અહીં ઓગણીસ સંતો માંદા પડ્યા હતા. તેમની સેવામાં રહેવા કોઈ તૈયાર ન હતું. બધાને મહારાજની સાથે વરતાલ સમૈયે જવું હતું. તેથી મહારાજે સંતોને કહ્યું : 'આ માંદા સાધુની સેવામાં જે રહેશે તેને સો સમૈયાનું ફળ હું આપીશ.' તોપણ કોઈ સંતે હા પાડી નહીં. પછી સ્વામીએ કહ્યું, 'મહારાજ ! હું સેવામાં રહીશ.' તે સાંભળી મહારાજ અત્યંત રાજી થયા. સ્વામીને માથે બે હાથ મૂક્યા અને કહ્યું, 'રંગ છે સ્વામી ! તમે વચન હેઠું પડવા દીધું નહિ.'

મહારાજ સંતમંડળ સાથે વરતાલ ગયા. કારિયાણીમાં સ્વામી માંદા સાધુની સેવામાં ખડેપગે મંડી પડ્યા. સૌની અત્યંત મહિમાપૂર્વક સેવા કરી તેથી થોડા દિવસમાં સંતો સારા થઈ ગયા. સમૈયાને હજુ પાંચ દિવસ બાકી હતા તેથી સ્વામીએ કહ્યું, 'તમે સૌ રજા આપો તો હું વરતાલ જાઉં'. સંતોએ રાજી થઈને રજા આપી અને કહ્યું : 'અમારા વતી મહારાજને ભેટજો.' સ્વામી વરતાલ ગયા. મહારાજ તેમને જોઈ બહુ જ રાજી થયા અને ઓગણીસ વાર ભેટ્યા.

એકવાર આત્માનંદ સ્વામીને શરીરે ખસના ફોડલા થયા હતા ત્યારે સ્વામીશ્રી



તેમની સેવામાં રહ્યા હતા. એક પ્રસંગે આત્માનંદ સ્વામી ગઢડાથી બીજે ગામ જવા બપોર પછી નીકળ્યા. ગાડાની મુસાફરી ન ફાવી આથી ચાલતાં ચાલતાં સંધ્યા ટાણે નદી કાંઠે એક ગામ આવ્યું ત્યાં પહોંચ્યા. સાધુ બધા ચાલીને થાકી ગયા હતા. તેથી સૌ ઝાડ નીચે સૂઈ ગયા. સ્વામી એક સાધુની જોડ લઈ ગામમાંથી કુંભારને ત્યાંથી માટીના વાસણ લઈ આવ્યા અને ઈંધણ ગોતી, ચૂલો સળગાવી, પાણી ગરમ કરવા મૂક્યું. પછી આત્માનંદ સ્વામીને ગરમ પાણીથી નવરાવ્યા. પછી પોતે ગામમાં જઈ ભિક્ષા માગી આવ્યા. ભિક્ષા પણ સારી પ્રાપ્ત થઈ. તેથી સૌ સાધુઓને જગાડ્યા અને હાથ પગ ધોવરાવી સૌને જમાડ્યા. પછી રાતની સભામાં સ્વામીએ કીર્તન ગાયા. સ્વામીની આ સેવાથી અને દેહના સંપૂર્ણ અનાદરથી આત્માનંદ સ્વામી બહુ રાજી થયા અને પોતાના શિષ્યોને આવો સેવાધર્મ શીખવા અનુરોધ કર્યો.

સ્વામીશ્રીને મહારાજની સેવા કરવાનો પણ જ્યારે જ્યારે લાભ મળતો ત્યારે તક ઝડપી લેતા. એક વખત મહારાજ ગઢડાથી વરતાલ જતા હતા, સાથે ગુણાતીતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બીજા સાધુઓ તથા કાઠી ભક્તો હતા. એક ગામની નજીક વાડી પાસે પહોંચ્યા ત્યાં વરસાદ વરસવા માંડ્યો. ત્યારે સ્વામીશ્રી પાસે મહારાજનો આપેલ ધાબડો હતો. તેના બે છેડા સ્વામીશ્રીએ પકડ્યા અને બીજા બે છેડા નિષ્કુળાનંદ સ્વામીએ ઝાલ્યા. એમ મહારાજ ઉપર ધાબડો ધરી દીધો. તે જોઈ મહારાજ બોલ્યા : 'અહો ! અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં જ છે. અને ધામમાં પણ અખંડ અમને ધારી રહ્યા છે.'

પરમ ચૈતન્યાનંદ સ્વામીની વાતો સાંભળવાથી ધરમપુરનાં રાણી કુશળકુંવરબાઈને મહારાજનો નિશ્ચય થયો હતો. એના આમંત્રણથી મહારાજ સંતો અને હરિભક્તોના સંઘ સાથે ધરમપુર જતા હતા, ત્યાં રસ્તામાં સુરત પાસે ઉધના ગામ આવ્યા. અહીં દેવાનંદ સ્વામી અચાનક માંદા પડી ગયા. તેમને અતિસાર થયો હતો. તેથી તેમને સુરત મૂકીને ધરમપુર જવાનું હતું, પરંતુ તેમની સેવામાં કોને મૂકવા ? મહારાજનો લાભ મૂકી દેવાનંદ સ્વામીની સેવામાં રહેવા કોઈ તૈયાર થયું નહિ. મહારાજે છેવટે કહ્યું : 'અમારા નિર્ગુણાનંદ સ્વામી ક્યાં છે ? એમને બોલાવો, એ અમારાં વચન માને એવા છે.' પછી સ્વામીને બોલાવ્યા. સ્વામી તો મહારાજની આજ્ઞા પ્રમાણે દેવાનંદ સ્વામીની સેવામાં રોકાઈ ગયા. મહારાજ ધરમપુર જવા સંઘ સાથે નીકળ્યા. સ્વામીશ્રી સેવામાં રોકાયા, સારી રીતે સેવા કરી. થોડા દિવસોમાં જ દેવાનંદ સ્વામી સાજા થઈ ગયા. સ્વામીની શ્રદ્ધા અને પ્રેમપૂર્વકની સેવાથી દેવાનંદ સ્વામી રાજી થઈ ગયા. પછી ત્યાંથી નીકળી બે સંત

ધરમપુર પહોંચી ગયા.

સંવત ૧૮૭૭માં મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા. આ અરસામાં વિશ્વરૂપાનંદ સાધુ અચાનક માંદા થઈ ગયા. ઉત્તર હિન્દુસ્તાનના આ સાધુ મહારાજ પાસે આવ્યા અને મહારાજની મૂર્તિ જોઈને જ રડી પડ્યા. સ્વભાવે બહુ આકરા પરંતુ ક્રિયાશીલ જબરા. તેમની આવી આકરી પ્રકૃતિને લઈને કોઈ સાધુ તેમની સેવામાં એક-બે દિવસથી વધુ ટકી શકતો નહીં. છેવટે મહારાજે સ્વામીને બોલાવીને કહ્યું : 'વિશ્વરૂપાનંદની આકરી પ્રકૃતિને લઈને તેમની સેવામાં કોઈ ટકી શકતું નથી. માટે હવે તો તમે સેવામાં રહો. એમની સેવા પણ થશે અને વળી મહિમા સમજી ભગવાનમાં જોડાશે. તેથી તેનું કલ્યાણ થશે.'

સ્વામી તો વિશ્વરૂપાનંદ સ્વામીની સેવામાં તન્મય બની ગયા. મહારાજની આજ્ઞા એ જ તેમનું નિશાન હતું. એ આજ્ઞામાં તેમને મહારાજની મૂર્તિના અખંડ સંબંધનું અનુસંધાન દેખાતું. તેથી સમગ્ર ક્રિયા પછી તે સેવાની હોય કે ભક્તિની હોય પરંતુ મહારાજને અનુલક્ષીને જ કરતા. સ્વામીશ્રીની અત્યંત પ્રેમપૂર્વકની સેવા છતાં પણ તે સાધુની માંદગી વધવા લાગી. ધીરે ધીરે તેમને દેહની વિસ્મૃતિ થઈ ગઈ. પરંતુ અક્ષરબ્રહ્મ સ્વામીને સંબંધે પોતાના આત્માનું જ્ઞાન થયું. અને મહારાજની મૂર્તિ ધારી અંતર્વૃત્તિ કરી. તરત જ દેહ છોડી મહારાજના ધામને પામ્યા.

મહારાજ વરતાલમાં બિરાજતા હતા. બુરાનપુરથી કૃપાનંદ સ્વામી સ્વામીશ્રી સાથે વરતાલ આવ્યા. થોડા દિવસો પછી રોગચાળો ફેલાયો. જેનાથી અઢાર સાધુ માંદા થયા. તેમની ચાકરી કરવા કોઈ તૈયાર થયું નહીં. પછી મહારાજે કહ્યું : 'પેલા ભાદરાવાળા સાધુને બોલાવો. તો એ સાધુઓની ચાકરી કરશે.'

પછી મહારાજે બે હરિભક્તોને બોલાવવા મોકલ્યા. મહારાજના આ આજ્ઞાવચન સાંભળી સ્વામીશ્રી મહારાજ પાસે ગયા. અને દંડવત્ કરી પાસે ઊભા રહ્યા. પછી મહારાજે તેમને પૂછ્યું : 'આ માંદા સાધુઓની સેવામાં રહેશો ?'

ત્યારે સ્વામીએ કહ્યું : 'હા મહારાજ ! સેવા તો કરીશ.' પછી સ્વામી તો તરત જ માંદા સાધુની સેવામાં જોડાઈ ગયા. સ્વામી આ અઢાર માંદા સાધુની સેવા હંમેશાં કરતા. જેને જે જોઈએ તે જમવાનું કરી આપે, વળી તેને નવરાવે, તેમની ગોદડીઓ ધૂએ. એમ અનેક પ્રકારે સેવા કરે. મહારાજની આજ્ઞાથી ભાવથી સેવા કરતા, જેનાથી સર્વે સાધુઓ સાજા થઈ ગયા.

સ્વામીશ્રીને આવી સેવા કરતા જોઈને એક વખત કૃપાનંદ સ્વામીએ સ્વામીશ્રીને એકાંતમાં કહ્યું, 'તમે તો ગુરુ કરવા જેવા છો.' તે સાંભળી સ્વામીશ્રી એકદમ સંકોચ પામી ગયા અને બોલ્યા, 'એવો મારો શો વાંક છે ?' પરંતુ કૃપાનંદ



સ્વામીએ એટલું જ કહ્યું : 'આટલી સેવા કરે, આટલો ઉપદેશ કરે તેને તો ગુરુ જ કરવા જોઈએ.' સ્વામીશ્રી કૃપાનંદ સ્વામી સાથે જયાં જયાં જતા ત્યાં પ્રથમ પોતે ઝોળી માગવા જતા. ભિક્ષામાં જે કાંઈ અન્ન આવે તેમાંથી સૌ સાધુઓને પહેલા પોતે જમાડતા. છેલ્લે જે કાંઈ બાકી રહેતું તે પોતે જમતા.

આ રીતે સ્વામીના જીવનમાં પળે પળે સેવાપરાયણતા જોવા મળે છે. અને એ સેવાથી સર્વની પ્રસન્નતા પણ પ્રાપ્ત કરી હતી.

## 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવન ચરિત્રના આધારે અન્ય નિબંધ :

### ગુણાતીતાનંદ સ્વામીની ઉપદેશની શૈલી અને વિશેષતા

'યદુક્તાં સદ્‌વાર્તાં ભવભયહરાં શ્રોતુમનિશં
સમાપન્ સદ્‌વાર્તા બહુજનપદેભ્યો હરિજનાઃ'

અચિંત્યાનંદ વર્ણી કહે છે કે 'જેમ હંસોના ટોળેટોળા માનસરોવર ઉપર ઊતરી આવે છે તેવી રીતે અનેક દેશોમાંથી હરિજનોના ટોળા ગુણાતીતાનંદ સ્વામીની સંસારનો ભય ટાળનારી વાતો સાંભળવા આવી પહોંચતા. આવું અપાર આકર્ષણ ગુણાતીતાનંદ સ્વામીના ઉપદેશનું રહેતું.' આજે આપણે ગુણાતીતાનંદ સ્વામીની ઉપદેશની શૈલી તેમજ વિશેષતા જોઈશું.

**ગુણાતીતાનંદ સ્વામીના ઉપદેશની શૈલી**

**૧.** માણસને નજર સામે દેખાતી વસ્તુના દૃષ્ટાંતે ઉપદેશ આપવાની શૈલી :

માણસને નજર સામે જે વસ્તુ દેખાતી હોય તેમાંથી જો બોધ આપવામાં આવે તો એને તરત જ સમજાઈ જતો હોય છે. સ્વામીની આ બાબતમાં ખૂબ જ ફાવટ હતી. સ્વામી નાના હતા ત્યારથી જ આ રીતે ઉપદેશ આપતા.

એકવાર ઘરેથી ખેતર જતાં રસ્તામાં કૂવો હતો. ત્યાં મૂળજી બાળકોને લઈ ગયા. કૂવાના પાણીમાં લીલ જામી ગઈ હતી. મૂળજીએ કાંકરી કૂવામાં નાખી તેથી લીલ ખસી ગઈ. આ દૃષ્ટાંત મિત્રોને બતાવીને મૂળજીએ ઉપદેશ આપ્યો કે જેમ પાણી પર લીલ હતી તેમ આપણા જીવાત્મા પર માયાનું આવરણ છે તેથી તે દેખાતો નથી ને ભગવાનનો સંબંધ થતો નથી. પણ જેમ લીલ દૂર થઈ ને પાણી દેખાયું, તેમ માયાનું આવરણ દૂર થાય તો ભગવાન દેખાય.

વળી, એકવાર મિત્રો એરંડાનો થંભ પોલો કરી, એની બંદૂક બનાવી રમતા હતા. તેમાં એરંડાના પાનની ગોળી બનાવીને નાખે. પછી બીજી ગોળી નાખી સળિયાથી ઠેલે એટલે આગલી ગોળી નીકળી જાય. મૂળજીએ મિત્રોને આ રમત ઉપરથી ઉપદેશ આપ્યો, 'આ બંદૂકની જેમ જ આપણો દેહ છે તેમાં હેતરૂપી

માયાની ગોળી પેસી ગઈ છે, તે નીકળતી નથી. તેમાં જો વાતરૂપી ગોળી નાખીએ ને સંતસમાગમ રૂપી સળિયાથી ઠેલશો તો માયાની ગોળી નીકળી જશે.'

આમ, સરળ દૃષ્ટાંતોમાંથી બોધ કાઢી આપવાની ઉત્તમ રીત સ્વામીશ્રીની હતી. જૂનાગઢમાં સમાગમ કરવા સોરઠના અભણ હરિભક્તો પણ આવતા. તેમને પણ સ્વામી આવા સરળ દૃષ્ટાંતો આપતા. સત્સંગનો મહિમા સમજાવવા સ્વામી હરિભક્તોને દૃષ્ટાંત આપતા કે આ ગિરનારનાં જેટલાં ઝાડ છે તેટલાં કલ્પવૃક્ષ હોય તો એ બાળીને પણ સત્સંગ કરવો. નજર સામે જ હરિભક્તોને ગિરનાર દેખાતો તેથી તરત જ આ વાત સમજાઈ જતી.

એકવાર કેટલાક દરબારો સ્વામીને વાડીમાં દંડવત્ કરતા હતા ત્યાં કાંટા હતા. તેથી એક સંતે સ્વામીને દરબારોને વારવા કહ્યું. ત્યારે સ્વામીએ કાંટાના દૃષ્ટાંતે પંચવિષયની સુંદર વાત કરી કે 'આ કાંટા તો નરેણીથી કાઢી નાંખીશું, પણ ઓલ્યા બજારના કાંટા બહુ ભૂંડા.' આમ પંચવિષયને નજર સામે પડેલા કાંટા જોડે સરખાવીને સ્વામીએ વાત કરી તે બધાને શીરાની જેમ ઉતરી ગઈ.

કોઈકવાર કોઈક પ્રસંગ બન્યો હોય તેમાંથી બોધ કાઢી લેવાની પણ ઉત્તમ રીત સ્વામીમાં જોવા મળતી. એકવાર બે ભક્તો આલેસના નેસમાંથી એક હરિભક્તે દાનમાં આપેલી બે ગાય લેવા ગયા. ત્યારે તેની પત્ની ગાયોને પગે લાગીને શિખામણ આપી કે 'ટાણે કટાણે દોવા દેજે, ઝોકની લાજ રાખજે.' આ પ્રસંગ પાર્ષદોએ સ્વામીને કહ્યો. ત્યારે તરત જ સ્વામીએ આ પ્રસંગ પરથી બોધ કાઢી સભામાં વાત કરી કે આપણે પણ સ્વામિનારાયણના ઝોકની લાજ રાખવી.

આમ, નજર સામે દેખાતાં દૃષ્ટાંતો અને પ્રસંગોમાંથી ઉપદેશ આપવાની અદ્‌ભુત શૈલી સ્વામીની હતી.

૨. સરળ વાર્તાઓ કહી એમાંથી સાર સમજાવવાની શૈલી :

સ્વામી ઘણીવાર વાર્તાઓ કહીને સુંદર ઉપદેશ આપતા. એકવાર એક કઠિયારો લાકડા કાપીને લાવ્યો. ત્યારે હેમગોપાળની ઝાડીમાંથી બાવના ચંદનનું લાકડું આવી ગયું. એને ખબર નહિ તેથી ચૂલામાં સળગાવ્યું. એની સુગંધ એક શાહુકારને આવી. એ ત્યાંથી લઈ આવ્યો ને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું. તેથી અંતકાળે વિષ્ણુના લોકમાં ગયો. આ વાર્તા કરીને સ્વામી કહેતા, 'હેમગોપાળના ઠેકાણે આ ભરતખંડ છે, ને બાવના ચંદનને ઠેકાણે આ મનુષ્યદેહ છે. તે ખબર વિના સંસારમાં બાળી દે છે તેમ બાળવું નહિ.' આવો અદ્‌ભુત સિદ્ધાંત આપી વાર્તાઓમાંથી સ્વામી બોધ આપી દેતા.

એકવાર સભામાં કામાદિકનું જોર કેમ ઓછું થાય એ સમજાવવા સુંદર વાર્તા



કહી. 'એકવાર ઉંદરિયું વરસ આવ્યું, તે છાજના કૂબામાં બહુ ઉંદર પડ્યા. તે કૂબામાં સાપ રહેતો હતો તે મોઢું નાખે ત્યાં ઉંદર મળી જાય. ધીમે ધીમે ઉંદર ખૂટ્યા પછી સાપ ભૂખ્યો ડાંસ થઈ ગયો. પછી કૂબામાં કોઈથી પેસાય ?' એમ કહી સ્વામી કહે, 'ઇન્દ્રિયોને ખોરાક મળે ત્યાં સુધી કામાદિકનું જોર ઓછું ન થાય. પછી આહાર બંધ થાય પછી ઇન્દ્રિયો વિફરે. માટે જો માથું જ કાપી નાખ્યું હોય, તો તરફડીને મરી જાય.'

આમ, આવી સરળ વાર્તાઓ દ્વારા ઉપદેશ આપવાની વિશિષ્ટ શૈલી સ્વામીશ્રીની હતી.

૩. સદ્‌ગ્રંથોના શ્લોકો તેમજ સાખીઓ અને કીર્તનની કડીઓ ગૂંથી લઈ ઉપદેશ આપવાની શૈલી :-

આમ તો ગુણાતીતાનંદ સ્વામીને શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ નહોતો છતાં કથાવાર્તામાં શ્લોકો ને સાખીઓ ખૂબ જ સુંદર રીતે સ્વામી વણી લેતા.

એકવાર લીલાખામાં મનુષ્યદેહની દુર્લભતાની વાત કરતા હતા. ત્યારે સ્વામીએ ભાગવતના શ્લોકનું પ્રમાણ આપી વાત કરી.

દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભઙ્ગુરઃ ।
તત્રાપિ દુલર્ભં મન્યે વૈકુણ્ઠ પ્રિયદર્શનમ્ ॥

સ્વામીની સાથે જૂનાગઢમાં રહેનારા સ્વામીનો મહિમા સમજતા નહિ ત્યારે સ્વામી ઉપદેશ આપવા માટે ઘણીવાર કહેતા

દુર્ભગો બત લોકોયં યદવો નિતરામપિ ॥

જ્યારે જ્યારે આત્મનિષ્ઠાની વાત નીકળતી ત્યારે સ્વામી અવશ્ય શિક્ષાપત્રીનો ૧૧૬મો શ્લોક બોલતા.

નિજાત્માનં બ્રહ્મરુપં દેહત્રય વિલક્ષણમ્ ।
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥

આમ શાસ્ત્રના શ્લોકોના પ્રમાણથી વાત કરતા તેથી સૌને સમાસ થતો. વળી, ઘણીવાર ગુજરાતી ને હિંદી સાખીઓ ને સવૈયા પણ સ્વામી બોલતા.

પ્રગટની વાત કરવી હોય તો સ્વામી કહેતા,

કોઈ કહે હરિ હો ગયે, કોઈ કહે હોવનહાર
પ્રગટ પ્રભુ કી પ્રીછ બિન, ભટકત સબ સંસાર.

સાંખ્યની વાત કરવાની હોય ત્યારે સ્વામી અવશ્ય ટાંકતા કે,

મરનારાને શીદ રડો છો ? રડનારા નથી રહેવાના,
આ તો તોપને મુઢે તુંબડા, તે સર્વે ઉડી જવાના.

આમ શ્લોક, સાખીથી સુંદર શણગારી સ્વામી ઉપદેશ આપતા તેથી લોકોને તે તરત જ ગમી જતો.

આમ, સ્વામીની ઉપદેશ આપવાની અદ્‌ભુત શૈલી આપણે જોઈ. હવે સ્વામીના ઉપદેશની વિશેષતા આપણે જોઈશું.

**૧. વિષયખંડનની વાતો :** મોટે ભાગે કથા કરનારા, લોકોને રાજી રાખવા માટે લીલાચરિત્રોની જ વાતો કરે પણ સ્વામીના ઉપદેશમાં તો મોટે ભાગે પંચવિષયના મૂળિયા ઉખેડવાની જ વાતો આવતી.

ગુણાતીતાનંદ સ્વામી પોતે જ પોતાની વાતો માટે કહેતા કે,

અમારી વાતો તો અંગ્રેજના લોઢા જેવી છે,
અડતામાં અળગું કરે તાજી તીક્ષ્ણ ધાર
વજ્ર લાગ્યા કોઈ વીરના લેશ ન રહે સંસાર.

વળી સ્વામી કહેતા કે અમારી વાતો તો ખમિયાળાના તીર જેવી છે. તે આંતરડા લઈને જ નીકળે. તેમજ અમારી વાતો જેને વાગે તેના વિષયના મૂળિયા કપાઈ જાય.

**૨. સ્પષ્ટવક્તા :-** સ્વામીના ઉપદેશની બીજી વિશેષતા એ હતી કે સ્વામી સ્પષ્ટવક્તા હતા, કોઈથી દબાતા નહીં.

હરિભક્તો નિયમધર્મમાં ભૂલ કરે તોપણ સ્વામી કહી દેતા ને સંતો ભૂલ કરે તો પણ સ્વામી સ્પષ્ટપણે કહી દેતા.

ઘણા હરિભક્તોને પંચવર્તમાનની ભૂલને કારણે સ્વામી તેની રસોઈ કે ધોતિયાની સેવા પણ લેવાની ના પાડી દેતા.

ઘણા સંતો કથામાં આવતા નહિ ત્યારે સ્વામી એમને પણ સ્પષ્ટ કહી દેતા, 'મેડે બેસી મલકની નિંદા કરે છે પણ કાઢી મૂકશું.' આમ સ્વામી કહી દેતા.

મોટા મોટા દરબારોને પણ સ્વામી સ્પષ્ટ કહી દેતા. લોધિકાના દરબાર અભેસિંહ જ્યારે કથા સમયે ધ્યાનમાં બેસી જતા ત્યારે સ્વામી સ્પષ્ટપણે કહી દેતા કે તમારા ધ્યાન કરતા અમારું જ્ઞાન કરોડગણું અધિક છે.

એટલું જ નહિ ધર્મધુરંધર આચાર્ય મહારાજને પણ સ્વામી સ્પષ્ટપણે જે કહેવું હોય તે કહી દેતા. અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીને અવતારોથી મહારાજને નોખા ન પાડવા કહ્યું ત્યારે સ્વામીએ કહી દીધું, 'તમારા બાપે અમને આ વાત કહી છે. તમે ખજાનાની કૂંચી કેશવપ્રસાદને આપી તેમ સ્વામિનારાયણે અક્ષરધામની કૂંચી અમને આપી છે.' કેશવપ્રસાદજી મહારાજ રજોગુણી વેશ રાખતા તેથી સ્વામીએ એમને પણ કડક શબ્દોમાં ઉપદેશ આપેલો.

આમ, સ્વામી સ્પષ્ટવક્તા હતા.



**૩. વર્તન સહિત વાતો :-** ઘણા વાતો મોટી મોટી કરે પણ પોતાના જીવનમાં એનો અંશ પણ ન હોય. સ્વામીનું જીવન એવું નહોતું. જેવું પોતે વર્તતા તેવી જ વાતો કરતા.

નિત્યાનંદ સ્વામીએ જ આ વાતની સાખ પૂરી છે. એકવાર જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી સવારમાં નિષ્કુળાનંદ સ્વામીના કીર્તનના આધારે વાતો કરતા હતા. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલી ઊઠ્યા, 'ઠીક મંડ્યા છે, કેટલા બળથી ઉપદેશ કરે છે. પંડનું વર્તન સારું ન હોય તેનાથી શું બોલાય ? બોલે તો પણ ભાર ન પડે. સ્વામીશ્રીનું તો જેવું વર્તન તેવી જ વાણી. વાણીમાં કદાચ સંકોચ રાખે પણ વર્તનમાં તો રંચ માત્ર ફેર પડવા દીધો નથી.'

આમ, સ્વામીશ્રીના ઉપદેશની આ પણ એક આગવી વિશેષતા હતી.

**૪. શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો ઉપદેશ :-** ગુણાતીતાનંદ સ્વામીની વાતોની સૌથી મોટી વિશેષતા હોય તો એ છે કે એમણે મહારાજનું સ્વરૂપ લોકો આગળ છતું કર્યું. બીજા બધા જ નંદ પરમહંસો કરતા અનંતગણી વધારે વાતો સ્વામીના ઉપદેશમાં જોવા મળે છે. આત્માનંદ સ્વામી ને આનંદસ્વામી જેવા સત્સંગના મોવડી કહી શકાય તેવા પરમહંસોને પણ ગુણાતીતાનંદ સ્વામીએ ઉપદેશ આપી મહારાજનું સર્વોપરીપણું સમજાવેલું.

**૫. સર્વગ્રાહી ઉપદેશ :**

- સ્વામીના ઉપદેશની આ પણ એક આગવી વિશેષતા હતી. પર્વતભાઈ, કલ્યાણભાઈ જેવા અભણ હરિભક્તો હોય કે પછી નિત્યાનંદ સ્વામી જેવા પ્રકાંડ પંડિતો હોય. વાલેરા વરુ ને મુંજા સુરુ કે રામોહાટી જેવા પશુવત્ જીવન જીવનારા હોય કે બોટાદના શિવલાલ શેઠ કે વસોના વાઘજીભાઈ જેવા સજ્જન સદ્‌ગૃહસ્થો હોય, ધોલેરાના જૈનધર્મી બેચરભાઈ હોય કે સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મધુરંધર આચાર્ય રઘુવીરજી મહારાજ હોય, સર્વેને સ્વામીના ઉપદેશની ગાઢ અસર થતી. અને તેથી જ મહારાજની સાથે જ રહેલા એવા શુકમુનિ પણ એકવાર બોલી ઊઠ્યા કે 'જેવો મહારાજની વાતોથી સમાસ થતો, તેવો જ આજે સ્વામીની વાતોથી સમાસ થાય છે.'

## (નિબંધ : સામાન્ય જ્ઞાન)

**પ્રશ્ન.3 નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૧૮)**

સૂચના: પૂર્વકસોટીમાં પુછાતા વિષયો પર નિબંધની તૈયારી કરવી જેમાંથી જ એક નિબંધ મુખ્ય પરીક્ષામાં પુછાશે.